Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

SANSKRITI

1956 G.K.U.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

080568

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

080568

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃતિ

080568

વર્ષ ૧૦ : અંક ૧

તંત્રી
ઉમાશંકર જોશી

જાન્યુઆરી ૧૯૫

Acc No.
RT-0497

080568

અવલોકિતેશ્વર

રેખાંકન : રસિકલાલ પરીખ

સળંગ અંક ૧૦૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri 1.

સંસ્કૃતિ

વર્ષ દસમું   સળંગ અંક ૧૦૯   અંક પહેલો

અનુક્રમણિકા : જાન્યુઆરી ૧૯૫૬

પ્રધાન-ગૌણ પ્રશ્ન	ઉમાશંકર જોશી	૧
સમયરંગ	તંત્રી	૨
અંજલિ	જ્યોતીન્દ્ર દવે	૪
બે અર્થશાસ્ત્ર-અધિવેશનો	હૃષીકેશ નાનુભાઈ પાઠક	૬
મચ્છુકાંઠાનું ગ્રામગીત	...	૮
ગોવર્ધનરામના ચિન્તનનું સ્વરૂપ	રતિલાલ મોહનલાલ ત્રિવેદી	૯
દેવદ્વારે	પન્નાલાલ પટેલ	૧૨
સરસ્વતીચન્દ્ર—એક સકલકથા	ડોલરરાય રંગીલદાસ માંકડ	૧૭
નરસિંહરાવની આપકહીનું પાનું	સંપાદક : ગો.	૧૯
જોડકણાં—રવીન્દ્રનાથ ઠાકુરના વિચારો	રમણલાલ સોની	૨૪
એટલાંટિકનું ઉલ્લંઘન (૪)	ચુનીલાલ મડિયા	૨૮
એપોલો પર ચન્દ્રોદય	નિરંજન ભગત	૩૨
મિત્ર મડિયાને	,,	,,
હાઇડ્રોજન બૉમ્બ અને હવામાન	નરસિંહ મૂ. શાહ	૩૩
સ્વાધ્યાય અને સમીક્ષા	વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી	૩૫
પત્રમ્ પુષ્પમ્	,,	૩૬
અર્ઘ્ય	તંત્રી	૩૮

☆

સંસ્કૃતિ કાર્યાલયે વતી મુદ્રક-પ્રકાશક : કિશનસિંહ ચાવડા, ચેતના પ્રેસ લિ., નવા બજાર, વડોદરા

સૂચનાઓ :

* દર માસની સાતમી તારીખે અંક પ્રસિદ્ધ થાય છે.
* દશમી સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
* પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર લખવાથી સગવડ થશે.
* આ માસિકમાં પ્રસિદ્ધ થતા લેખોમાંના અભિપ્રાય માટેની જવાબદારી તે તે લેખકની છે.
* પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે.

ગ્રાહકો નોંધવાનાં સ્થળો :

એન. એમ. ત્રિપાઠી, લિ. મુંબઈ.
પ્રવર્તક પુસ્તકાલય, મુંબઈ ૭
જીવનસાહિત્યમંદિર, અમદાવાદ.
ભારતીસાહિત્યસંઘ, અમદાવાદ.
ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, ,,
ગાંડીવ સાહિત્યમંદિર, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ—૨
ગાંડીવ સાહિત્યમંદિર, લાલગેટ, સુરત
એલ. કે. મેઘાણી : અમરતોલા સ્ટ્રીટ, કલકત્તા ૧.
પ્રભાકર બ્રધર્સ, પો. બો. ૬૨, નૈરોબી, ઇસ્ટ આફ્રિકા.

લવાજમ :

દેશમાં રૂપિયા સાત. પરદેશમાં રૂ. નવ અથવા શિલિંગ ૧૪. છૂટક નકલના બાર આના.

જાહેરખબરના દર

આખું પાનું	રૂ. ૬૦
અર્ધું પાનું	રૂ. ૩૫
પા પાનું	રૂ. ૨૦
છેલ્લું પૂઠું	રૂ. ૧૨૫
પૂઠું ૩	રૂ. ૧૦૦

તંત્રી અને વ્યવસ્થા અંગેના સઘળા પત્રવ્યવહારનું સરનામું :

સંસ્કૃતિ કાર્યાલય,
એલિસ-બ્રિજ, અમદાવાદ—૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃતિ

सत्यं परं धीमहि ।

જાન્યુઆરી ૧૯૫૬

प्रधान-गौण विवेक

આ વસ્તુઓ પ્રધાન અને આ ગૌણ એવો વિવેક વ્યક્તિના જીવનમાં ઘડીભર વીસર્યો ન પાલવે, તો આખા સમાજના જીવનમાં તો કેમ જ પોસાય? આજે આપણે નિર્વાસિતોના પ્રશ્નમાંથી અને અન્નસંકટના પ્રશ્નમાંથી માંડ બહાર આવ્યા છીએ ત્યાં ભારે પામર કુંડાળામાં ફસાઈ ગયા છીએ. આચાર્યશ્રી કૃપાલાનીના બળબળતા હૃદયના ઉદ્ગારો ગમે તેવાના કાન ખોલી દે એવા છે, સહેજ પણ વ્યાપક હિતની દૃષ્ટિએ જોવા મથનારાને માટે તો હૃદયવેધક નીવડશે. મોટા નેતાઓનાં નામો દૂરદૂરના ગ્રામવાસીઓએ ભલે ન સાંભળ્યાં હોય (ભાલના એક ગામડામાં ગાંધીજીના નામથી અજાણ કિશોર મળ્યો હતો, નૉર્મન કઝીન્સને મદ્રાસપ્રદેશમાં એવા માણસો મળ્યા હતા), એ સરમુખત્યારશાહી અને લોકશાહી-નો તફાવત પણ દાખવે છે. પણ બદલાયેલી પરિસ્થિતિ અંગેની અજ્ઞાનતા નિવારવી એ કેળવણી સાથે જેને લાગેવળગે છે તે સૌ કોઈ—શિક્ષકો-અધ્યાપકો, પત્રકારો, લેખકો અને સામાજિક કાર્યકરો—ની ફરજ બની રહે છે.

"ભૂદાન-આંદોલન અંગે હમણાં હું બિહારના ઝઘડે ચઢેલા માનભૂમ અને સિંઘભૂમ ભાગમાં હતો. આમ જનતાની લોકબોલી બિહારીઓ હિંદીમાંથી અને બંગાળીઓ બંગાળીમાંથી ઊતરી આવેલી હોવાનો દાવો કરતા હતા, એ ભૂલી જઈને કે બંનેય ભાષાઓનું મૂળ તો સંસ્કૃત છે. અને તેમાં ગરીબ અબુધ જનતા તો પોતે શ્રી શ્રીકૃષ્ણ સિંહાના કે ડૉ. બી. સી. રૉયના શાસનપ્રદેશમાં છે એ જાણતી જ ન હતી. તેમને મન તો સરકાર એટલે હવાલદાર અથવા પટવારી. મત એટલે શું અથવા તો શા માટે તેમને મત આપવાનો હોય છે તે એ જાણતા ન હતા. કેટલેક ઠેકાણે મેં એમને પૂછ્યું કે કમભાગ્યે જો તેમનો કોઈ પ્રધાન ગુજરી જાય તો એની જગાએ કોણ આવે, ત્યારે તેમણે કહ્યું કે તેનો દીકરો અથવા ભાઈ. પોતે લોકશાહીમાં જીવી રહ્યા છે અને પોતાના ઘરના માલિક છે એ તેઓ જાણતા ન હતા. તમારા રાજકર્તાઓ કોણ છે એમ જ્યારે પૂછ્યું ત્યારે તેમણે કહ્યું: 'આપ સરકાર હૈં.' માનો યા ન માનો પણ બિહારમાં અજ્ઞાન ગ્રામવાસીઓએ બાબુ રાજેન્દ્રપ્રસાદનું નામ કદી સાંભળ્યું ન હતું એ હકીકત છે અને મારી સાથે જે અગત્યના ભૂદાન-કાર્યકરો હતા તે એની સાક્ષી પૂરશે. પોતાના દેશની જગપ્રસિદ્ધ વ્યક્તિ, શ્રી જવાહરલાલ, તે કોણ છે અથવા દેશમાં એમનું શું સ્થાન છે તે પણ તેઓ જાણતા ન હતા. માત્ર એક ઠેકાણે એક ગ્રામવાસીએ કહ્યું કે તેણે એમનું નામ સાંભળ્યું હતું અને તેઓ દિલ્હીના રાજા છે. આવી છે આપણી જનતાની અજ્ઞાનતા. એમની ગરીબી,—એ તો હૃદય ચીરી નાખે એવી છે.

"જ્યાં સુધી હિંદમાં સો જુદા જુદા અને સામસામે ટકરાતા સવાલો હોય, ત્યાં સુધી આ કમભાગી દેશમાં કોઈ એકતા સંભવી ન શકે. માત્ર એક જ પરમ પ્રશ્ન હોય, જેનો કાં તો આપણે ઉકેલ લાવવો જોઈએ અગર આપણે નાશ પામવું જોઈએ,—ત્યારે જ આપણે એક બનીશું. રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય તે, એ હાંસલ થયું તે પૂર્વે, આવો પરમ પ્રશ્ન હતો. આજે પણ આપણે માટે પરમ પ્રશ્ન છે, જો આપણે એનો સ્વીકાર કરવા માગતા હોઈએ તો. તે છે આપણી જનતાની અજ્ઞાનતા અને ગરીબીનો પ્રશ્ન. ...આજે જો આ હિતને શિક્ષિતોના અને રાજકીય પુરુષોના જીવનમાં પરમોચ્ચ સ્થાન મળે તો કોમના, નાતના કે પ્રાદેશિક મતભેદો રહેવા પામશે નહિ. પછી સામસામે સંઘર્ષમાં આવતાં હિતો ન રહેતાં, એક જ અખિલ-ભારતીય પરમ હિત રહેશે, જેને માટે આપણે બધાએ જ મચી પડવું રહેશે. આ પરમોચ્ચ હિતને પિછાણવાની અને આપણા દેશના ભલા માટે અને ગૌરવ માટે તે હિત અંગે પ્રયત્નશીલ થવાની તાકાત અને ડહાપણ આપણને સાંપડો!"

ઉમાશંકર જોશી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમયરંગ

તંત્રી

સદ્‌ગત આચાર્યશ્રી શંકર દ. જાવડેકર

ગયા માસમાં ‘આધુનિક ભારત’, ‘લોકશાહી’ આદિના કર્તા અને સાને ગુરુજી સ્થાપિત ‘સાધના’ના એક સંપાદક આચાર્યશ્રી જાવડેકરનું અવસાન થતાં આપણા દેશે એક પ્રૌઢ રાજ્યશાસ્ત્ર-વિશારદ અને સંસ્કૃતિચિંતક ખોયો છે. ‘આધુનિક ભારત’માં ગયાં સો વરસમાં ભારતીય નવોત્થાનની પ્રક્રિયા મહારાષ્ટ્રમાં જેવી પ્રતીત થઈ તેની તલસ્પર્શી આલોચના છે અને છેલ્લા દસકાઓમાં દેશમાં સત્યાગ્રહનો પ્રવર્તક વિચાર અમલી બન્યો તેમાં ભારતીય સંસ્કૃતિનું અમૃતતત્ત્વ કેવું ઊછળી આવ્યું તેનું અપૂર્વ બયાન છે. આચાર્યશ્રી સત્યાગ્રહવિચારના એક માર્મિક પુરસ્કર્તા હોવા ઉપરાંત પાછળથી સમાજવાદના વિચાર તરફ આકર્ષાયા હતા અને લોકશાહી સત્યાગ્રહી સમાજવાદની સમન્વયદૃષ્ટિ આવકારતા હતા. પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પો !

શોકાંજલિ

ગયા માસની ૧૯મી તારીખે અમદાવાદમાં સ્થાનિક લેખક-મિલન અને આંતરભારતીના ઉપક્રમે સદ્‌ગત યશવંત પંડ્યા, મસ્તફકીર, આચાર્ય જાવડેકર, ફાધર હેરાસ અને અનંત ઠક્કરને અંજલિ આપવા સભા મળી હતી. એ જ દિવસે શ્રી સાકરલાલ દવેનું અવસાન થતાં તેમને પણ અંજલિ અપાઈ હતી. પ્રમુખસ્થાનેથી શ્રી જ્યોતીન્દ્ર દવેએ કરેલું વકતવ્ય આ અંકમાં અન્યત્ર આપ્યું છે. શ્રી ઝીણાભાઈ દેસાઈ, શ્રી યશવંત શુક્લ અને શ્રી જયંતી દલાલે સદ્‌ગત યશવંત પંડ્યાનાં હૃદયસ્પર્શી સંસ્મરણો રજૂ કર્યાં હતાં.

શ્રી મસ્તફકીર અંગે શ્રી જ્યોતીન્દ્ર દવેના વકતવ્યમાં ભાગ્યે જ કાંઈ ઉમેરવાનું રહે. ફાધર હેરાસે પ્રાચીન ભારતના ઇતિહાસ અંગે કીમતી સેવાઓ આપેલી છે, ખાસ કરીને હડપ્પા-લિપિ ઉકેલવાના એમના પ્રયત્નો નોંધપાત્ર છે.

શ્રી અનંત ઠક્કર ભાવનગરના એક વિદ્યાર્થીપ્રિય શિક્ષક અને લેખક હતા. એમની ગઝલોમાં એક વિશિષ્ટ જોમ હતું. ‘શાહબાઝ’ ઉપનામથી એ લખતા. યુવાનીમાં એમનું અવસાન થતાં એક આશાસ્પદ સંસ્કારસેવીની ખોટ પડી છે. પ્રભુ એ સર્વના આત્માને શાંતિ આપો !

પાઠ્યપુસ્તકો

ગઈ સાલ મુંબઈ રાજ્યના કેળવણીખાતાએ નવેસરથી પાઠ્યપુસ્તકો યોજ્યાં. એ યોજનામાં અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકની ગુણવત્તાની દૃષ્ટિએ સુધારો હતો એથી પ્રજાકીય શિક્ષણની દૃષ્ટિએ એ આવકાર્ય હતાં. એના દોષો મુખ્યત્વે વ્યાવહારિક હતા. એક તો એ કે નમૂના દાખલ એક જ ધોરણમાં અને એકાદ-બે વિષયમાં એ યોજના પ્રથમ અમલમાં મુકાઈ હોત તો લખનારાઓ અને પ્રકાશકોને એમાંથી ધોરણો વગેરે અંગે યોગ્ય માર્ગદર્શન મળ્યું હોત, પછીથી શિક્ષણખાતાના ખ્યાલો સ્પષ્ટ સમજાયા બાદ બીજાં બધાં ધોરણોનાં બીજા વિષયોનાં પાઠ્યપુસ્તકો સાવચેતી અને ચીવટપૂર્વક તેઓ તૈયાર કરત. એને બદલે બન્યું એ કે દરેક વિષય માટે અનેક લોકોએ પુસ્તકો લખ્યાં–પ્રગટ કર્યાં અને સ્વીકારાયાં તો ઓછાં જ અને એ રીતે એ આખા વરસના પાઠ્યપુસ્તક-યજ્ઞમાં ભારે રાષ્ટ્રીય બગાડ થયો. બીજું, આવી ઉતાવળમાં અશુદ્ધિઓ વગેરે પણ વધુ હોય એ બનવાજોગ છે. ત્રીજું, પુસ્તકોનું કદ ક્રાઉનને બદલે ડેમી પસંદ થયું હોઈ પડતરકિંમત વધવા પામી. પણ વ્યાવહારિક પ્રકારના દોષો ઉપરાંત વધારે મૂંઝવનારો સવાલ પુસ્તકો કાં તો સ્વીકારાય અને અમુક જિલ્લો એમને મળે અથવા બિલકુલ ન સ્વીકારાય અને એને અંગેનો આખો જ પરિશ્રમ રદ જાય એવી પરિસ્થિતિ પ્રવર્તી તે અંગેનો હતો. આ મૂંઝવણભરી પરિસ્થિતિથી અકળાઈને કેટલાકોએ સરકારી તંત્રને અને પાઠ્યપુસ્તકો તપાસી નિર્ણય આપનાર સમિતિઓને દોષ દીધો અને આળ ચઢાવ્યાં એ બરોબર ન હતું. દોષ પદ્ધતિમાં હતો. હમણાં રાજ્યના હેડમાસ્તરોના સંમેલનના પ્રમુખપદેથી શ્રી ચન્દ્રવદન ચુ. શાહે સૂચવ્યું તેમ પાઠ્યપુસ્તકોને સદંતર રદ કરવા કરતાં જેમાં નાની નાની ભૂલો–ઊણપો હોય તે નિરીક્ષા-સમિતિએ તે તે સંપાદકોને સમજાવી સુધરાવવી જોઈએ. પણ એમ કરે તો પસંદ થયેલાં થોડાંક પુસ્તકોને જિલ્લા વહેંચી દીધા એનું શું થાય ? આ મુશ્કેલી હવે સરકારે પોતાના શિર ઉપરથી ટાળી છે અને તે તે જિલ્લાની લોકલબોર્ડો અને સ્કૂલબોર્ડો પોતાને ત્યાં પાઠ્યપુસ્તકોની પસંદગી અંગે શા ફેરફાર કરવા માગે છે તે એણે પુછાવ્યું છે, અને એ રીતે મેળવેલાં સૂચનોને એ બહાલી આપશે એમ માનવું જોઈએ. રાજ્ય–સરકાર કરતાં તે તે પ્રજાકીય લોકશાહી મંડળો પુસ્તકો-

[સંસ્કૃતિ, જાન્યુ. ’૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ની પસંદગી કરે એ જરૂર સાચી દિશાનું પગલું છે. પણ આમાં પણ જિલ્લાવાર પસંદગી તો રહે જ છે, જ્યારે સાચું જોતાં ભણાવનારાઓએ એ પસંદગી કરવી જોઈએ. અભ્યાસક્રમ નક્કી કરવામાં આવે અને તે પ્રમાણે પુસ્તકો તૈયાર થયાં હોય તેને નિરીક્ષા-સમિતિ મંજૂર કરે. એટલેથી રાજ્ય-સરકારનું, અને સ્કૂલ-બોર્ડોનું પણ, કામ પૂરું થયું ગણાવું જોઈએ. સરકાર અથવા બોર્ડો શાળાઓને આર્થિક મદદ કરે છે માટે અમુક પુસ્તક ચલાવવું એમ ફરજ પાડે તો એ ઠીક નથી. સરકાર એમ કરે એ બોર્ડોને ગમતું ન હોય, તેમ બોર્ડો એ કરે એ જાગ્રત શાળાઓને પણ ન જ ગમે. અત્યારની પદ્ધતિ(બોર્ડો પસંદ કરે તે) દ્વારા ઉત્તમ પુસ્તકો જ બધે વપરાશમાં લેવાશે એવું ન કહી શકાય. લોકશાહીની રસમો યોગ્ય રીતે શરૂ થાય એ અત્યારના સમયે ખાસ જોવાવું જોઈએ.

ગઈ સાલ સરકારે મોટો ઊથલપાથલ મચાવનારો ફેરફાર કર્યો ત્યારે ત્રણ વરસ આ નવાં પાઠ્યપુસ્તકો ચાલશે એવી જાહેરાત થઈ હતી. એક જ વરસમાં પાછી પસંદગીની સત્તા લોકલબોર્ડો અને સ્કૂલબોર્ડોને અપાઈ. ‘ટાઇમ્સ ’નો ખબરપત્રી કહે છે તેમ મોટા ભાગની લોકલબોર્ડો-સ્કૂલબોર્ડોએ પુસ્તકો બદલ્યાં છે. આથી, માબાપોને વળી નાહક ખરચમાં ઊતરવાનું થશે. સરકારની યોજનામાં તો જે ઉત્તમ પુસ્તકો ગણાયાં તેમને લગભગ સરખા પ્રમાણમાં જિલ્લા વહેંચી આપવામાં આવ્યા હતા. લોકલબોર્ડો-સ્કૂલબોર્ડો ઉપર પસંદગી છોડવાથી તો તેમાંથી નબળામાં નબળા પુસ્તકને અનેક જિલ્લાઓ મળે અને વધુ સારાં પુસ્તકોનો, શૈક્ષણિક સિવાયનાં જ કારણે, બિલકુલ ઉપયોગ ન થાય એવુંય બને. સરકાર કે બોર્ડો અભ્યાસક્રમ ઘડવાના અને મંજૂરી આપવાના પોતાના યોગ્ય હકથી આગળ વધીને વહેંચણી કરવા બેસે એમાં સૌથી મોટી શૈક્ષણિક હાનિ તો એ છે કે કોઈ નવા શિક્ષણ-પ્રયોગકારને નવી શ્રેણી તૈયાર કરવા માટે કશું પ્રોત્સાહન ન રહે. લોકશાહીની ભાવનાને આ વિઘાતક છે. લાગતાવળગતા સૌ આ પ્રશ્ન વધુ કથળે તે પહેલાં પૂરો વિચાર કરશે એવી જરૂર આશા રાખીએ.

તરુણ ચિત્રકારો

વડોદરા યુનિવર્સિટીની સૅનેટની એક બેઠક વખતે નવા નવા લલિતકલા વિભાગમાં (જૂના ‘પુષ્પબાગ’માં) એક પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. એમાં વિદ્યાર્થી શ્રી જ્યોતિની કૃતિઓ રંગ-સાહસ અને વિષય-રજૂઆતથી તરત ધ્યાન ખેંચતી હતી. આ વરસે હિંદની લલિતકલા અકાદેમી તરફથી જે દસ ચિત્રકારોને રૂ. હજાર-હજારનાં ઇનામો મળે છે તેમાં ભાઈ શ્રી જ્યોતિ ભટનો સમાવેશ થાય છે એટલું જ નહિ એ દસેમાં એમનું કામ ઉત્તમ હોઈ એમને સુવર્ણચંદ્રક પણ મળ્યો છે. ત્યાંના બીજા એક વિદ્યાર્થી અમદાવાદના શ્રી શાંતિ દવેને અને શિલ્પશિક્ષકને પણ ઉપરનાં દસમાંનું એક એક ઇનામ મળે છે. વડોદરા યુનિ.ના લલિતકલાવિભાગને ખરે જ અભિનંદન ઘટે છે.

ફેબ્રુઆરી અંક

જાન્યુઆરી અંક જાન્યુઆરીના ત્રીજા અઠવાડિયામાં પ્રગટ થયો તેમ ફેબ્રુઆરીનો પણ થશે.

સદ્ગત સાકરલાલ દવે

દિવાળીની રજાઓમાં હું અમદાવાદ આવેલો હતો ત્યારે મારા મિત્ર શ્રી ચિનુભાઈ પટવા મને પંડોશના એક સજ્જનને મળવા લઈ ગયા. એમને જોઈને મેં કહ્યું : આપને તો મેં જોયેલા છે. સિડનહામ કૉલેજમાં ગુજરાતી શરૂ થયું તે વખતે આસી. લૅક્ચરરની જગા માટે મુલાકાત લેનારામાં આપ હતા. આપને મેં દક્ષિણી ગૃહસ્થ ધારેલા. એમણે કહ્યું : હું એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલનો હેડમાસ્તર હતો એટલે કેળવણી-અધિકારીએ એ કામ માટે બોલાવેલો. મેં એ લોકોને કહ્યું કે આ ભાઈને હું ઓળખતો નથી, માત્ર એની ચોપડી(ગંગોત્રી)થી ઓળખું છું, તમે એને લઈ શકો. (હું બી. એ. અર્થશાસ્ત્ર સાથે થયેલો અને એમ. એ.નું પરિણામ આવવાની વાર હતી એટલે ગુજરાતી માટે શી રીતે લઈ શકે ?)... મુલાકાત વખતે એ ‘દક્ષિણી’ સજ્જને ગમ્મત કરેલી. સવાલો વખતે મને પૂછ્યું : નવા કવિઓમાં સૌથી સારો કોણ –સુંદરમ્ કે ઉમાશંકર ? મેં જવાબ આપ્યો : અલબત્ત સુંદરમ્. બધા હસી પડ્યા. એકબે જણા બોલ્યા : તમારી જાતને બાદ કરતાં. મેં કહ્યું : ના, ના. સુંદરમ્ મારા મિત્ર છે અને એમને હું ઉત્તમ સદ્ભાગ્ય ઇચ્છું છું. (એ લોકોના હસવાનો ભેદ પછીથી સમજાયો. મારી અગાઉના મુલાકાતીને એ જ સવાલ પૂછવામાં આવેલો અને એ મિત્રે મારાથી તદ્દન ઊલટો જવાબ આપેલો.)

ઘણાં વરસો પછીની વાત. એલિસ-બ્રિજ પાસે એક ઝાડ નીચે બસ માટે હું ઊભો હતો. વરસાદનું એક મજાનું ઝાપટું શરૂ થયું. ત્યાં શ્રી સાકરલાલભાઈ ઝાડ નીચે આવી પહોંચ્યા. ‘ઓહ ! તમે છો ?’–કરતા વાતે વળગ્યા. સદ્ભાગ્યે ઝાપટું ઠીકઠીક લાંબુ ચાલ્યું. એટલી વારમાં મને એમણે એમના અભ્યાસકાળના ગુરુઓની સંગતમાં ફેરવ્યો. કહે : કમળાશંકરભાઈની શી શીખવવાની રીત. વ્યાકરણ, સંસ્કૃત ઉપરાંત બીજા વિષયો પણ પૂરી ચીવટથી શીખવે. એકએક કલાકના સમયો હતા. અસ્ખલિત વાક્પ્રવાહ ચાલે. અને નિયમિતતા ? અગિયાર વાગે કૉલેજમાં દાખલ થતા હોય. નિવૃત્ત થયા તે દિવસે પણ એ રીતે જ. ‘મારા અભ્યાસસમયના શિક્ષકો’—એ વિષય ઉપર લેખમાળા આપવા એમને પછીથી હું વારંવાર વીનવતો. એમણે હા પણ પાડી હતી, પણ એનો અમલ થવો રહી ગયો !

પ્રોવિડન્ટ ફંડની રકમ પોતે યુરોપના પ્રવાસ માટે રાખેલી,

(અનુસંધાન પૃ. ૪૦ ઉપર)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંજલિ

જ્યોતીન્દ્ર દવે

સદ્‌ગત યશવંત પંડ્યા

નડિયાદની પ્રથમ સાહિત્ય પરિષદ વખતે એક જુવાન વિદ્યાર્થી મારી પાસે આવીને ઊભો રહ્યો. 'મને ઓળખ્યો ?' એણે પૂછ્યું. 'ના', મેં કહ્યું. 'મારું નામ યશવંત પંડ્યા,' જુવાન વિદ્યાર્થીએ કહ્યું. 'ઓળખ્યા,' મેં જવાબ દીધો.

એ પછી થોડાંક વર્ષો વહી ગયાં. સુરત કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે હું કામ કરતો હતો, ત્યારે મારે ત્યાં કૉલેજના એક વિદ્યાર્થી સાથે બહારગામથી એક તરુણ મને મળવા આવ્યો. નમસ્કારવિધિ પતયા પછી એણે પૂછ્યું : 'મને ઓળખ્યો ને ?' 'ના,' મેં કહ્યું. 'હું યશવંત પંડ્યા,' એણે કહ્યું. 'ઓળખ્યા,' મેં જવાબ દીધો.

નડિયાદની પરિષદ વખતે એ મને પ્રથમ મળ્યા ત્યારે કૉલેજમાં ભણતા હતા. સુરત આવ્યા ત્યારે ગ્રેજ્યુએટ થઈને એમ. એ. માટે સત્ર ભરવા આવ્યા હતા. પણ એ દરમ્યાન વિવિધ સામયિકોમાં એમના બુદ્ધિના તેજથી ચમકતા જે કટાક્ષભર્યા લેખો પ્રસિદ્ધ થઈ ચૂકયા હતા તેથી સૌ સાહિત્યરસિકોમાં એમનું નામ જાણીતું થઇ ગયું હતું.

એમ. એ. થઈને એમને ગુજરાતીના પ્રાધ્યાપક થવું હતું અને નવી જ શૈલીનાં નાટકો ને વાર્તાઓ દ્વારા ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરવાના એમને કોડ હતા. પણ ધંધાને અંગે એમને દિલ્હી જઈને રહેવું પડ્યું. નાટકો તો એમણે લખ્યાં, એ ઇચ્છતા હતા તેવાં નવી જ શૈલીનાં, લોકોને ઘડીભર ચમકાવી મૂકે તેવાં. પણ પછી તો ધંધાને કારણે સાહિત્યસર્જન માટે એમને અવકાશ બહુ ઓછો મળવા લાગ્યો. સર્જનપ્રવૃત્તિ એમની મંદ પડી ગઈ, છતાં સાહિત્ય માટેની ભક્તિ ને સાહિત્યકારો પ્રત્યેનો પ્રેમ કદી ઓછાં થયાં નહિ. દિલ્હીમાં જઈને ગુજરાતને કે ગુજરાતી સાહિત્યને એ ભૂલ્યા નહિ, બલ્કે ત્યાં પણ એમણે નાનકડું ગુજરાત વસાવ્યું. દિલ્હીના ગુજરાતી મંડળના એ પ્રાણરૂપ બની રહ્યા. ત્યાંના મંડળને એમણે પગભર ને સમૃદ્ધ બનાવ્યું એટલું જ નહિ, ગુજરાતનાં સાહિત્ય ને સંસ્કારની સુવાસ એમણે ત્યાં પણ ફેલાવી.

જીવનના અંત સુધી એ સાહિત્યકારમિત્રોને ભૂલ્યા નહોતા એનો મોટામાં મોટો પુરાવો તો એ છે કે એમના મૃત્યુના સમાચાર સાથે જ નૂતન વર્ષનો અભિનંદનપત્ર એમના તરફથી એમના કેટલાય મિત્રોને મળ્યો હતો.

દિલ્હીના ગુજરાતી મંડળ સમક્ષ વ્યાખ્યાન આપવા માટે એમણે મને થોડાંક વર્ષો પૂર્વે બોલાવ્યો હતો. ઘણે વર્ષે મળવાનું થતાં મોડી રાત સુધી અમે વાતો કર્યા કરી. છેવટે 'મંડળ સમક્ષ તમારો આ રીતે પરિચય આપીશ' એમ કહી એમણે પોતે શું કહેવાના છે તે વિષે થોડુંક મને કહ્યું. એમાં મારી કંઈક વધારે પડતી પ્રશસ્તિ હતી એમ મને લાગ્યું એટલે મેં કહ્યું : "આવું બધું નહિ કહો તો નહિ ચાલે ?" "પણ એમાં ખોટું શું છે ? મને જે લાગે તે શા માટે ન કહું ?" એમણે જવાબ દીધો. "ભલે કહેજો, પણ હું મરી જાઉં પછી મારી પાછળ કહેજો," મેં કહ્યું. "એ તો કોને કોની પાછળ બોલવાનું આવશે તે કેમ કહેવાય ? એમ પણ કેમ ન બને કે કદાચ તમારે મારી પાછળ બોલવું પડે ?" કહીને એ હસી પડ્યા—લાપરવાઈથી, મજાક કરતા હોય તેમ !

ત્યારે ખબર નહોતી કે આ મજાકની વાત નથી, કાળની વાણી છે. અને આજે એમની પાછળ મારે બોલવાનું આવ્યું છે. જેને અંજલિ એમણે આપવાની હતી તેવા અનેકને પોતાની પાછળ મૂકી એમની અંજલિ લેવા એ ચાલ્યા ગયા છે અને અંજલિના અધિકારનો આ કરુણ વિપર્યાસ આપણે કેવળ મૂક ભાવે સહન કર્યા સિવાય બીજું કશું કરી શકીએ એમ નથી.

[સંસ્કૃતિ, જાન્યુ. '૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સદ્‌ગત મસ્તફકીર

'વીસમી સદી' દ્વારા સ્વ. હાજી મહમદે અત્યારે ખૂબ પ્રસિદ્ધ થઈ ચૂકેલા એવા કેટલાય લેખકોને કલમ પકડતા કર્યા, એમ કહીએ તો ચાલે. એ માસિક દ્વારા શ્રી મુનશીને ('ઘનશ્યામ' નામે) નવલકથાકાર તરીકે અપૂર્વ લોકપ્રિયતા પ્રાપ્ત થઈ, તે જ રીતે સ્વ. મસ્તફકીર પણ હાસ્યકાર તરીકે સૌથી વધુ લોકપ્રિય બન્યા. 'વીસમી સદી'માં આવતા એમના લેખો વાંચવા માટે લોકોમાં કુતૂહલ રહેતું. 'વીસમી સદી' પછી 'ગુજરાત'નું આગમન થયું અને તેમાં પણ મસ્તફકીરની કલમ પહેલાં જેટલી જ સફળતાથી પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખી શકી.

'મસ્તફકીરની મસ્તી' એ એમનો પહેલો ગ્રંથ છે. એ કાલાનુક્રમે પહેલો છે તેમ જ ગુણદૃષ્ટિએ પણ પહેલો છે. 'ખોડકું માથું,' 'સૌભાગ્ય સુંદરી,' 'મારા કાકાનો કાકાકૌઆ,' 'પાપાનગરના પોચા,' ઇત્યાદિ એમાં પ્રસિદ્ધ થયેલા લેખો એમની ઉત્તમોત્તમ કૃતિઓ છે. ત્યાર પછી એમના બીજા ઘણા ગ્રંથો પ્રસિદ્ધ થયા છે, પરંતુ સમગ્ર દૃષ્ટિએ જોતાં એમાંનો એકે ગ્રંથ આ પુસ્તકને ઝાંખો પાડે એવો બન્યો નથી એ નોંધપાત્ર છે.

શરૂઆતમાં આવું તેજ દર્શાવી મસ્તફકીર પાછળથી ઝાંખા કેમ પડી ગયા એ એક કોયડો છે. લેખકોને સામાન્ય રીતે વેઠવો પડે છે તેથીયે ઘણા વધારે પ્રમાણમાં જીવનનો ભાર એમને વેઠવો પડ્યો હતો, એ એમના પરિચયમાં આવનાર જાણે છે. એ પણ કદાચ એનું એક કારણ હોઈ શકે. પાછલી વયમાં શરીર ને મન બંને એમનાં થાકી ગયાં હતાં. આર્થિક સ્થિતિ પણ કોઈ રીતે એમને નિશ્ચિંત થવા દે એવી નહોતી. અને આમ છતાં, જીવનને ભારરૂપ ન ગણતાં, એમાંથી લૂંટાય તેટલો આનંદ લૂંટવા અને બીજાઓને એ આનંદના સહભાગી બનાવવા એ સદાય તત્પર રહેતા. આરામ, શરીર ને મન બંને માટે અત્યંત જરૂરનો, છતાં એમના ભાગ્યે લખાયો નહોતો. કેટલીય વાર જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતા એ હૉસ્પિટલમાં રહ્યા હતા...છતાં જરા ઠીક થતાં કલમ હાથમાં લઈ ને 'મુંબાઈ સમાચાર'ની ઑફિસમાં એ હાજર રહી જતા ને દિવસે પણ શ્રમ ન વેઠી શકે એવા શરીરે રાતના ઉજાગરાઓ ખેંચતા. આ બધું છતાં એમણે પોતાની હાસ્યવૃત્તિને, ગમે તેવી પરિસ્થિતિમાં પણ મોજ માણવાની વૃત્તિને કરમાવા દીધી નહોતી. ફકીરીમાં પણ મનની મસ્તીને સાચવી રાખીને એમણે પોતાનું ઉપનામ સાર્થક કર્યું હતું.

શરૂઆતની એમની કૃતિઓ જોઈને ઘણાઓએ ઘણી આશા એમની પાસે રાખી હશે. તે એ સર્વાંશે પૂરી શક્યા ન હોય, તો પણ આપણી હાસ્યવૃત્તિ સંતોષવા જીવનભર પ્રવૃત્ત રહી, દુઃખભરી દુનિયાને ઘડીભર વીસરી આનંદની સૃષ્ટિમાં વિહાર કરવાની તક સામાન્ય માણસને પણ આપીને આપણા અલ્પધન હાસ્યસાહિત્યની એમણે જે સેવા કરી છે, ખાસ કરીને તન, મન ને ધન, ત્રણેની પ્રતિકૂળ સ્થિતિમાં, તે ભૂલવા જેવી નથી.*

* તા. ૧૯-૧૨-૧૯૫૫ના રોજ અમદાવાદમાં લેખકમિલન અને આંતરભારતીના આશ્રયે મળેલી શોકસભામાં પ્રમુખસ્થાનેથી.

સાભાર સ્વીકાર

એન. એમ. ત્રિપાઠી લિ.નાં

અરણ્યકાંડ : અનુ. હંસા મહેતા. પૃ. ૧૭૦. રૂ. ૪ **સ્મરણમંજરી** : રઘુનાથ બ્રહ્મભટ. પૃ. ૩૮૪. રૂ. ૫.

સોના વાટકડી : ચંદ્રવદન મહેતા. ગાંડીવ સાહિત્ય મંદિર, પૃ. ૯૪. રૂ. ૧-૮-૦. **ત્રિવેણી તીર્થ** : દર્શક. પ્ર. સર્વોદય સહકારી પ્રકાશન સંઘ લિ. સણોસરા. પૃ. ૧૮૭ રૂ. ૨-૮-૦. **કાંટાનાં ફૂલ** : બળદેવ મોલિયા. પ્ર. એ જ. પૃ. ૬૪. રૂ. ૧. **દક્ષિણ ભારતના સૌરાષ્ટ્રીઓ** : ઈશ્વરલાલ દવે. પ્ર. સૌરાષ્ટ્ર સંશોધન મંડળ. પૃ. ૨૧૨. રૂ. ૨-૧૨-૦. **આત્મકથા** : ભા. ૨જો. લે. ઇન્દુલાલ યાજ્ઞિક. પ્ર. ઇન્દુલાલ યાજ્ઞિક, પૃ. ૩૮૪. રૂ. ૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે અર્થશાસ્ત્ર-અધિવેશનો

હૃષીકેશ નાનુભાઈ પાઠક

પૂના ખાતે ડિસેમ્બરની ૨૬થી ૩૧ સુધીમાં બે અધિવેશનો મળ્યાં. ૩૮મું અખિલ હિંદ અર્થશાસ્ત્ર-અધિવેશન અને બીજું, ૧૬મું અખિલ હિંદ કૃષિ-અર્થશાસ્ત્ર-અધિવેશન. આ બંને અધિવેશનો આ વર્ષે પૂના ખાતે બોલાવવા પાછળ ખાસ પ્રયોજન હતું. ૧૯૫૫ના જૂનમાં પૂનાની ગોખલે સંશોધન સંસ્થાને (ગોખલે સ્કૂલ ઑફ પોલિટીક્સ ઍન્ડ ઇકોનોમિક્સ) પચ્ચીસ વર્ષ પૂરાં થયાં. આ સુવર્ણ મહોત્સવ ઊજવવાની સૌથી ઉત્તમ રીત આ બે અધિવેશનો પૂનામાં ભરવાની છે એમ એ સંસ્થાના કાર્યકરોને લાગ્યું હતું અને એટલે ૧૯૫૪ના ડિસેમ્બરમાં આગ્રા ખાતેના અધિવેશનમાં ૧૯૫૫નું આમંત્રણ આપવામાં આવ્યું હતું. અર્થશાસ્ત્ર-અધિવેશનના પ્રમુખ દિલ્હી સ્કૂલ ઑફ ઇકોનોમિક્સના આંતરરાષ્ટ્રીય વ્યાપારના અધ્યાપક ડૉ. ગાંગુલી હતા જ્યારે કૃષિવિષયક અધિવેશનના પ્રમુખ નાણાંપ્રધાન શ્રી સી. ડી. દેશમુખના સલાહકાર અને આયોજન-પંચના મુખ્ય અર્થશાસ્ત્રી શ્રી જ. જ. અંજારિયા હતા. બંને પ્રમુખો તેમના ક્ષેત્રના નિષ્ણાતો હોવાથી અધિવેશનોની સફળતા વિશે બે મત નહોતા.

અધિવેશનની શરૂઆત પૂના યુનિવર્સિટીના ઉપકુલપતિ ડૉ. જયકરના સ્વાગત-પ્રવચન અને મુંબઈ રાજ્યના રાજ્યપાલ ડૉ. હરેકૃષ્ણ મહેતાબના ઉદ્ઘાટન-પ્રવચનથી થઈ. ત્યાર પછી અર્થશાસ્ત્ર-અધિવેશનના પ્રમુખ ડૉ. ગાંગુલીનું પ્રવચન થયું. ડૉ. ગાંગુલીના ભાષણનો મુખ્ય સાર એ હતો કે વિકસતા અર્થકારણનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં થતા ફેરફારોને પરિણામે ભારતીય અર્થકારણના પ્રશ્નો પુનર્વિચારણા માગી લે છે. આ માટે આંતરરાષ્ટ્રીય વ્યાપારના કેટલાક સિદ્ધાન્તોનો વિવેકપુરઃસર ઉપયોગ કરી શકાય. બે દેશો વચ્ચે જેમ અમુક દરે ચીજવસ્તુઓની આપ-લે થાય છે તે જ પ્રમાણે અર્થકારણના ખેતી અને ઔદ્યોગિક ક્ષેત્ર વચ્ચે એક-બીજાની પેદાશની આપ-લે થાય છે. આ બે ક્ષેત્રો વચ્ચેના આર્થિક સંબંધો અને સમતુલાનો ઘણો મોટો આધાર આપ-લે કયે દરે થાય છે તેની ઉપર રહે છે. આ દરમાં ફેર થતાં કોઈ એક ક્ષેત્રને ફાયદો થાય છે અને બીજાને ગેરફાયદો થાય છે. એક દૃષ્ટિએ જોતાં હિંદની ખેતીની ચર્ચામાં આ દલીલ હમેશાં વણાઈ ગયેલી રહી છે અને એથી આગળ વધીને એમ કહી શકાય કે ગામડાં અને શહેરો વચ્ચેના આર્થિક સંબંધોમાં પણ આ દલીલનો અંશ રહેલો છે. આ બંને વિસ્તારોની આર્થિક પ્રવૃત્તિ સંપૂર્ણ રીતે સંકળાયેલી નથી હોતી અને આને લીધે મુખ્યત્વે કરીને ઔદ્યોગિક ક્ષેત્રમાં થતા ફેરફારોની અસર ખેતીના ક્ષેત્રમાં સર્વથા ફાયદાકારક નથી થતી. આ આખા પ્રશ્નનું સ્પષ્ટ વિવેચન ડૉ. ગાંગુલીના પ્રવચનમાં મળ્યું. આખા પ્રવચનમાં શાસ્ત્ર અને વ્યવહારના મુદ્દાઓ આપણા આર્થિક ઇતિહાસમાંથી ટાંકવામાં આવ્યા હતા. એમ કહી શકાય કે સામાન્યતઃ ગર્ભિત અવસ્થામાં રહેતી એક અગત્યની દલીલને એમણે પ્રાધાન્ય આપીને હિંદના આર્થિક પ્રશ્નોની પુનર્વિચારણા માટે માર્ગદર્શન આપ્યું.

અધિવેશનની ચર્ચા માટે ત્રણ વિષયો નક્કી કરવામાં આવ્યા હતા:

(૧) વિકાસનું અર્થશાસ્ત્ર.

(૨) હિંદનું આંતરરાષ્ટ્રીય વ્યાપારી તારણ.

(૩) ગામડાંની પુનર્વ્યવસ્થા.

પહેલા વિષય ઉપર આવેલા નિબંધોની સંખ્યા સૌથી વધારે હતી, જ્યારે ત્રીજો વિષય બંને અધિવેશનો માટે રાખવામાં આવ્યો હતો. પહેલા વિષયના નિબંધો વિષે એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભિપ્રાય આપી શકાય કે વિકાસના અર્થશાસ્ત્રને એની શાસ્ત્રીય કક્ષાએ ન ચર્ચતાં ઘણા લેખકોએ પંચવર્ષીય યોજનાના પ્રશ્નોની ચર્ચા કરી હતી. શાસ્ત્રીય દૃષ્ટિએ વિકાસનો પ્રશ્ન અમુક સૂક્ષ્મ મુદ્દાઓ સ્પષ્ટ કરવામાં રહેલો છે. ખાસ કરીને ગરીબ દેશોના આર્થિક વિકાસ માટે મૂળભૂત આર્થિક ફેરફારો સાથે સામાજિક અને સાંસ્કારિક મૂલ્ય-પરિવર્તનની જરૂર પણ સ્પષ્ટ કરવી જોઈએ. જો કે શુદ્ધ શાસ્ત્રીય પૃથક્કરણ પૂરતા આવાં સામાજિક પરિબળોનું આર્થિક વિકાસની પ્રક્રિયામાં સ્થાન એક નોખો જ પ્રશ્ન છે. પરંતુ હિંદ જેવા દેશ માટે તો એક દેશવ્યાપી વિકાસ-માનસની જરૂર છે, જેમાં સામાજિક અને સાંસ્કારિક પરિબળોનું સ્થાન નિર્વિવાદ છે. બીજો મહત્ત્વનો પ્રશ્ન વિકાસનો ક્રમ અને વિકાસની પ્રવૃત્તિના વેગનો છે. કોઈ પણ આર્થિક પ્રવૃત્તિ અમુક હદ વટાવ્યા પછી વેગ પકડે છે અને આ વેગ કાંઈ બહારની અસરનું પરિણામ ન હોતાં અર્થકારણનાં અંતર્ગત પરિબળોને આભારી હોય છે. આ મહત્ત્વના પ્રશ્ન ઉપર પ્રમાણમાં ઓછો ભાર આપવામાં આવ્યો હતો. વિકાસનો ત્રીજો પ્રશ્ન અર્થશાસ્ત્રની આજકાલની ચર્ચામાં ખૂબ આગળનું સ્થાન ધરાવે છે. વિકાસ એ ગતિશીલ અર્થકારણની પ્રક્રિયા છે. એની ગતિશીલતાની સાથે અર્થકારણની સ્થિરતાનો સવાલ પ્રત્યેક તબક્કે ઊભો જ હોય છે. આ ચર્ચામાંથી વિકાસ અને સ્થિરતાનું આદર્શ મિશ્રણ કયું એ દરેક અર્થકારણ માટે નક્કી કરવાનું રહે છે જે આયોજનની અગત્ય બતાવે છે.

બીજા વિષય ઉપરના નિબંધોની સંખ્યા સૌથી ઓછી હતી. પરંતુ એમાંના એક લેખકે એક મુદ્દો સ્પષ્ટ કર્યો હતો. આયોજનની શરૂઆત થયા પછી વ્યાપારી તારણના ફેરફારો—એની અનુકૂળતા કે પ્રતિકૂળતા—આયોજનના અંગ તરીકે તપાસવાં જોઈએ. પ્રથમ પંચવર્ષીય યોજનામાં વ્યાપારી તારણની પુરાંત વિશેની ચોક્કસ યોજના ખાસ નહોતી જણાઈ અને બીજું અમુક સમયે આવી પુરાંતનો યોગ્ય ઉપયોગ પણ નહોતો થયો.

અર્થશાસ્ત્ર-અધિવેશનમાં પ્રત્યેક વર્ષે નિબંધ-વાચન ઉપરાંત ચર્ચાનો એક વિષય જાહેર કરવામાં આવે છે અને સામાન્ય રીતે દેશનો કોઈ અગત્યનો પ્રશ્ન પસંદ કરવામાં આવે છે. આ વર્ષે આ માટે "બીજી પંચવર્ષીય યોજનામાં રોજગારીની શક્યતાઓ" વિષય નક્કી કરવામાં આવ્યો હતો. પ્રથમ પંચવર્ષીય યોજનામાં રોજગારીનો પ્રશ્ન મહત્ત્વનું સ્થાન નહોતો પામ્યો; ઊલટું એ પાંચ વર્ષોમાં બેકારીનું પ્રમાણ વધતું જણાયું હતું. બીજી યોજનામાં તો રોજગારીનો વધારો—બેકારીનિવારણ—મહત્ત્વનું સ્થાન પામ્યો છે. આ સાથે બેત્રણ પ્રશ્નો વણાઈ ગયેલા છે. પ્રથમ તો આર્થિક વિકાસ સાથે આપણે રોજગારીનું પ્રમાણ વધારવું છે. આ હેતુઓમાં હિંદની વિશિષ્ટ પરિસ્થિતિમાં થોડી અસંગતતા રહેલી છે. આર્થિક વિકાસ મુખ્યત્વે કરીને ઉદ્યોગીકરણ અને મૂડીના રોકાણનું પરિણામ છે; જ્યારે આ જાતના કોઈ કાર્યક્રમ ઉપર સદંતર આધાર રાખવામાં રોજગારીનું પ્રમાણ બહુ વધે તેવી શક્યતા નથી રહી. પરિણામે બીજી પંચવર્ષીય યોજનામાં આ વિષયમાં થોડી બાંધછોડ કરવામાં આવી છે. એક બાજુ મૂળભૂત ઉદ્યોગોમાં મૂડીનું રોકાણ કરવામાં આવશે જેનો મુખ્ય હેતુ આર્થિક-વિકાસ સાધવાનો છે, જ્યારે બીજી બાજુ નાના અને ગૃહ-ઉદ્યોગોનો વધારો થવાનો છે જેનો હેતુ રોજગારી વધારવાનો છે. આ રીતે બીજી યોજનામાં પરસ્પર વિરોધી એવાં આર્થિક ધ્યેયોનો સુમેળ સાધવાનો પ્રયાસ થયો છે. પરંતુ વાસ્તવમાં કેટલે અંશે રોજગારીનું ધોરણ વધે છે તે એક સવાલ છે.

ગામડાંની ધીરધારની પુનર્વ્યવસ્થા ઉપરના નિબંધો મોટે ભાગે એ માટે નિમાયેલી સમિતિના અહેવાલ ઉપરથી લખાયા હતા. પરંતુ નિબંધ-વાચન પછીની ચર્ચા રસપ્રદ હતી. સમિતિના એક સભ્ય અને સહકારી પ્રવૃત્તિના અગ્રણી કાર્યકર શ્રી વૈકુંઠભાઈ મહેતા પ્રથમ બોલ્યા. એમના કહેવામાં એક મુદ્દો મુખ્ય હતો. સહકારી ધીરધાર આજ સુધી બહુ વિસ્તાર નથી પામી. બીજી બાજુથી એમ કહેવામાં આવે છે કે સરકારે સહકારી પ્રવૃત્તિને વેગ આપવો જોઈએ. એ જાતની દલીલ સહકારી પ્રવૃત્તિના આત્માની વિરુદ્ધ છે. સહકારી પ્રવૃત્તિ ઐચ્છિક સહકાર હોય તો જ નભે. જો સરકાર આ પ્રવૃત્તિ હાથમાં લે તો સહકાર ઐચ્છિક શી રીતે રહે? આનાથી વિરુદ્ધનું મંતવ્ય શ્રી કર્વેએ રજૂ કર્યું. ગરીબ દેશોમાં સમગ્ર આર્થિક અને સામાજિક પરિસ્થિતિ એવી હોય છે કે શુદ્ધ અનિયંત્રણવાદની દૃષ્ટિએ જ સરકારની પ્રવૃત્તિને સમજવી એ ભૂલભરેલું પગલું છે. આ બીજું દૃષ્ટિબિંદુ આજની પરિસ્થિતિ જોતાં વધુ સ્વીકાર્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણાય છે.

બીજા અધિવેશનના પ્રમુખ શ્રી અંજારિયાનું પ્રવચન ડૉ. ગાંગુલીના પ્રવચન જેટલું જ રસમય હતું. શ્રી અંજારિયા એક અભ્યાસી ઉપરાંત હવે તો આર્થિક નીતિના અનુભવી છે. એટલે બંને દૃષ્ટિબિંદુનો સમન્વય સાધવાનો પ્રયાસ એમનાં લખાણોમાં હોય છે. વિકાસ પામતા અર્થકારણમાં ખેતીનું સ્થાન એ વિષય ઉપર એમનું ભાષણ લખાયું હતું. ખેતીપ્રધાન દેશોને માટે આર્થિક વિકાસ સાધવાનો રસ્તો ઉદ્યોગીકરણ છે. આ અનુભવે શીખવેલું સત્ય છે. પરંતુ હિંદ જેવા દેશમાં ઉદ્યોગીકરણની પ્રગતિમાં કેટલાક અંતરાયો રહેલા છે. બીજી પંચવર્ષીય યોજનામાં ઉદ્યોગીકરણ ભણી યોજનાનો ઝોક રહેલો છે કારણ વધતી વસ્તીને ખેતી ઉપર ભીડ કરતી અટકાવવી એ પણ વિકાસનું એક મહત્ત્વનું કાર્ય છે. વળી ખેતીમાં છૂપી બેકારીનું તત્ત્વ રહેલું છે, જે એક દૃષ્ટિએ નવાં આર્થિક ક્ષેત્રો પૂરતો માનવસમૂદાય તો પૂરો પાડશે જ. પરિણામે મૂડીના રોકાણના જુદાં જુદાં સ્વરૂપો આપણે ઊભાં કરવાં પડશે. કેટલાંકમાં યંત્રો મહત્ત્વનો ભાગ ભજવશે. કેટલાંકમાં માનવસમૂદાય મોખરે હશે. આ માટે એમણે ઇટાલી, ચીન અને જાપાનના આયોજનના દાખલાઓ ટાંકી બતાવ્યા. આપણા દેશ માટે તો ખેતીની અગત્ય આવતાં ઘણાં વર્ષો સુધી ચાલુ રહેવાની છે. વસ્તીનો વધારો, ઉદ્યોગીકરણ, ઉદ્યોગીકરણનો પ્રકાર અને ખેતી આ બધાં એકમેક સાથે સંકળાયેલાં છે. આ બધા માટે એમણે લોકશાહી પાસે મોટી અપેક્ષા રાખી છે કારણ ગરીબ દેશોની લોકશાહી સામે મહાન ભગીરથ કાર્ય આવી પડ્યું છે.

બીજા અધિવેશનમાં ખેતીની પેદાશના ભાવતાલની ચર્ચા સારી થઈ. ખેતીની પેદાશ વધે છે, પાક સારા ઊતરે છે અને ભાવ નીચા જાય છે. તો શું વધારે પેદા કરવા માટે ભાવ નીચા જવા દઈને ખેડૂતને દંડવો? આ એક દૃષ્ટિબિંદુ હતું. બીજું દૃષ્ટિબિંદુ એવું છે કે ખેતીનું ઉત્પાદન વધે એ કયાં કારણોને લઈને એ સમજવું જરૂરી છે. આર્થિક દૃષ્ટિએ વધુ લાભદાયી રીતો અજમાવવાથી જો પાક સારો ઊતરતો હોય તો ભાવ નીચા જાય એ આર્થિક-વિકાસનું પરિણામ કહેવાય. પરંતુ ૭૦ ટકા માણસો જ્યારે ખેતી ઉપર નભતા હોય ત્યારે ભાવ નીચા જાય તે સામાજિક દૃષ્ટિએ ન પોસાય. ચર્ચાને અંતે શ્રી અંજારિયાએ ભાવ બાંધવાની નીતિની ભૂમિકા સ્પષ્ટ કરી અને જણાવ્યું કે સરકાર પાસે આજે જે વ્યવસ્થા અને તંત્ર છે એ આર્થિક પ્રશ્નોની સરખામણીમાં સબળ નથી અને જે કાંઈ કરવાનું હોય છે તે પરિસ્થિતિ વધુ વણસતી અટકાવવા પૂરતું હોય તેવું થઇ પડે છે. તંત્રની કાર્યક્ષમતા કરતાં પણ અટપટી પરિસ્થિતિ કોઈ વાર વધુ જવાબદાર જણાય છે. તો પછી લોકશાહી આવા મહાકાય પ્રશ્નોનું નિરાકરણ લાવી શકશે એવો સવાલ કોઈ પણ પૂછશે.

અધિવેશન દરમિયાન પોલાન્ડના અર્થશાસ્ત્રી શ્રી ઑસ્કાર લાન્ગનું એક પ્રવચન યોજાયું. પ્રો. લાન્ગ એક પ્રથમ કોટિના અર્થશાસ્ત્રી છે અને એમણે ખૂબ વિશદતાપૂર્વક આયોજનની ભૂમિકા સ્પષ્ટ કરી ગરીબ દેશો માટે સમાજવાદી આયોજનના પાયા—ઉદ્યોગીકરણ, ખેતીની પુનર્વ્યવસ્થા અને આવકની સમાન વહેંચણી માટેના યોગ્ય સામાજિક ફેરફારો—એમણે ભાર દઈને રજૂ કર્યા. મને પોતાને આ પ્રવચન ખૂબ ગમ્યું. એમાં એમણે ખાસ નવું કાંઈ નહોતું કહ્યું. પરંતુ મુદ્દાની સ્પષ્ટતા અને વિચારોની સાંકળ સાંભળનારને મુગ્ધ કરે તેવી હતી.

બંને અધિવેશનોમાં હાજરી સારી હતી અને બધી દૃષ્ટિએ અધિવેશનો સફળ થયાં ગણાય.

મચ્છુકાંઠાનું ગ્રામગીત

એક ત્રીસ વરસનો ટીટોડો,
ટીટોડી નાની બાળ, બોલે ટીટોડો.
એક ત્રીસ વરસનો ટીટોડો,
એના મોંમાં દૂધિયા દાંત, બોલે ટીટોડો.

એક છોડી તે છાણાં વીણતી'તી,
એને ભરવાડને છોકરે દીઠી'તી,
એને તાણીને માર્યાં તીર,
મીંડલાં લેતી'તી.

એક ભરવાડના છોકરે પૂછિયું,
છોડી, મારગડો દેખાડ, બોલે ટીડોડો.
આ ડાબો તે મારગ હળવદનો,
જમણો ધ્રાંગધ્રા જાય, બોલે ટીટોડો.

હળવદને મારગે હાલ્યો જા,
આ વાંસે આવે મારો બાપ, બોલે ટીટોડો.

[અલીઆ-બાડામાં દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલયના વાર્ષિકોત્સવમાં વિદ્યાર્થીઓએ અભિનય સાથે રજૂ કર્યું, તા. ૨૪-૧૨-૧૯૫૫.—તંત્રી]

[સંસ્કૃતિ, જાન્યુ. '૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોવર્ધનરામના ચિન્તનનું સ્વરૂપ

રતિલાલ મોહનલાલ ત્રિવેદી

ગોવર્ધનરામ મનુષ્યજીવનના મહાન દ્રષ્ટા હતા. એમની જીવન જોવાની દૃષ્ટિ દીર્ઘ, વિશાલ અને વિશિષ્ટતાવાળી હતી. એઓ વસ્તુચિન્તક હતા; સિદ્ધાન્તચિન્તક ન હતા. મનુષ્યના ચિરંજીવી ગણાતા સિદ્ધાન્તોને પોતે પરમ કે ચરમ સત્ય તરીકે જોતા નહિ પરંતુ ઉદય અને અસ્તનો નિયમ સિદ્ધાન્તમાત્રને બલ્કે સિદ્ધાન્તરાજને પણ લાગુ પડે છે એમ એઓ સમજતા. કાલ મહાસાગરના નિરંતર વહેતા પ્રવાહમાં વ્યક્તિ કે મનુષ્યજાતિના જીવનમાં વૃદ્ધિ અને હ્રાસ, ઉન્નતિ અને અવનતિ, ઉદય અને અસ્ત એક સાથે નહિ પણ ભિન્નભિન્ન સમયે થયા કરે છે અને તેથી મનુષ્યજીવનના સઘળા આચારવિચાર એક જ મણકામાં પરોવી શકાતા નથી, એ એમની જીવન ઉપર દૃષ્ટિ નાંખી એનું રહસ્ય સમજવાનું દૃષ્ટિબિન્દુ હતું. આ વિચારપદ્ધતિ પ્રમાણે, ધર્મ, ગૃહ, રાજ્ય, સમાજ આદિ આપણા જીવનના સઘળા વિષયોને અને જીવનની સર્વ ભાવનાઓને ગોવર્ધનરામ કોઈ પૂર્વકલ્પિત સિદ્ધાન્તની કસોટીએ તપાસતા નહિ તેમ જ એને અંગે ઉત્પન્ન થતા વિવિધ વિચાર અને આચારને એઓ કોઈ વિશિષ્ટ જીવનસૂત્રમાં પરોવતા નહિ. સિદ્ધાન્તો સર્વથા સંશયમુક્ત નથી કે ભ્રાન્તિરહિત નથી એટલે કોઈ પણ મનુષ્ય અનેક મનોરાજ્યોમાં મહાલવા છતાં નિશ્ચિત ભવિષ્ય જોઈ શકતો નથી કે કહી શકતો નથી. અલબત્ત, સત્ય વસ્તુના પાયા ઉપર જે કલ્પના બંધાઈ હોય તો આજ જે સંભાવના લાગે છે તે આવતી કાલે સફળતા પણ બને છે.

આ વિચારસરણિ અનુસાર, ગોવર્ધનરામ કોઈ કલ્પિત સિદ્ધાન્તના રંગથી વસ્તુને રંગતા નહિ પરંતુ જીવનની વસ્તુસ્થિતિને જુદાં જુદાં દૃષ્ટિબિન્દુઓથી અવલોકી પોતે સત્ય કલ્પના કરતા. કેટલીક વાર, સત્યાન્વેષણ કરવામાં વસ્તુના યથાર્થ સ્વરૂપને અનુસરીને નહિ પરંતુ હૃદયની અભિરુચિને વશ રહીને એમની બુદ્ધિ પ્રવર્તતી અને કલ્પના બંધાતી; તથાપિ સામાન્ય રીતે એમ કહી શકાય કે કોઈ એક જ સિદ્ધાન્તને વશ પોતે થતા નહિ.

ગોવર્ધનરામભાઈના ચિત્તમાં અતિપ્રાચીનકાલથી ચાલી આવેલો ભારતના સંસ્કારી જીવનનો પ્રવાહ સતત વહ્યા કરતો હતો. આ પ્રાચીન સંસ્કૃતિના પ્રવાહની સાથે અર્વાચીનપૂર્વની સંસ્કૃતિ અને અર્વાચીન પશ્ચિમની સંસ્કૃતિના ધસમસતા પ્રવાહો પૂર જોશથી એમના પ્રચંડ ઘટનાશાલી માનસમાં ભળ્યા હતા. આ ત્રિવેણીની ભમરીએ એમના ક્રાન્તદર્શનમાં સંક્રાન્ત થઈ કોઈ એકતાસાધક શક્તિ માટે—કોઈ સમન્વય માટે—અપાર મન્થન કરતી હતી. આ ત્રણ સંસ્કૃતિઓના સંઘટ્ટનથી આપણાં ધાર્મિક, કૌટુમ્બિક, રાજકીય અને સામાજિક જીવનમાં જે પરિવર્તો થવા માંડ્યા હતા અને જેની અસર આપણા જીવનના અનેક ભાગો ઉપર થઈ હતી તે એમણે 'સરસ્વતીચન્દ્ર' દ્વારા આલેખી. 'સરસ્વતીચન્દ્ર'ના કર્તાએ સરસ્વતીનું મનોરાજ્ય સર્જી પોતાના સ્વદેશ–બન્ધુઓને અન્ધકારમાંથી પ્રકાશમાં લઈ જવા અને શાન્તિની અધિત્યકાએ પહોંચાડવા શાન્તિયુગની સ્થાપનામાં સંદેશવાહક તરીકે કાર્ય કર્યું. પ્રાચીનપૂર્વ, અર્વાચીનપૂર્વ અને અર્વાચીન પશ્ચિમ, આ ત્રણે સંસ્કૃતિઓના સમન્વય રૂપ સંસ્કૃતિમાં જ એમણે ભારતના પરમ ઉજ્જવલ ભાવિનાં દર્શન કર્યાં. આ સમન્વિત સંસ્કૃતિની સિદ્ધિ માટે એમણે વ્યષ્ટિવાદ અને સમષ્ટિવાદને બને તેટલા નજીક લાવી બંનેને એકબીજા સાથે મેળવી બંનેમાંથી એક સૂર રચવા માટે ભગીરથ પ્રયત્ન કર્યો. ગોવર્ધનભાઈનું સત્યનિષ્ઠ મન વસ્તુનિષ્ઠ હોઈ હમેશાં આન્તર સમન્વય ઉપર ચોંટેલું હતું. સંસ્કૃતિઓના સમન્વયની ક્રિયાનું રચનાત્મક કાર્ય આપણા દેશમાં હજી હમણાં જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આરંભાયું છે અને 'સરસ્વતીચન્દ્ર'ના કર્તાનું ભવિષ્યદર્શન કેટલેક અંશે સાચું પડતું જાય છે. આજ અર્વાચીન ભારતનો બલ્કે સમસ્ત એશિયાનો પ્રાણ જાગ્રત થયો છે અને સર્વત્ર નવું જીવન ઊછળી રહ્યું છે. આજ ભારત આદિ એશિયાના અનેક દેશોએ રાજકીય સ્વાતંત્ર્યની ભાવના સિદ્ધ કરી છે અને પરિણામે એમનું પ્રજાજીવન અવિકારી ન રહેતાં એના ઘણા ભાગોમાં પુષ્કળ વિકારો-ફેરફારો-થવા માંડ્યા છે. અર્વાચીન પશ્ચિમમાં ઔદ્યોગિક અને યાન્ત્રિક યુગના આરંભ પછી જે પરિસ્થિતિ ઉત્પન્ન થઈ છે તેવી જ પરિસ્થિતિ અને તેવા જ વિકારો અર્વાચીન પાશ્ચાત્ય સંસ્કૃતિના સંઘર્ષથી આપણે ત્યાં પણ થવા માંડ્યા છે. પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિઓનો આ સંઘર્ષ હવે કેટલેક અંશે સંઘર્ષ મટી બંનેના શુભ અંશોના પરસ્પર સ્વીકારમાં પરિણામ પામતો જાય છે. અલબત્ત, કોઈ એકતાસાધક શક્તિ-કોઈ મૌલિક ધર્મબળના અભાવે આ સમન્વય વેગ પ્રાપ્ત કરી શકતો નથી અને યોગ્ય પ્રમાણમાં આગળ વધતો નથી.

ગોવર્ધનરામ જગતને, મનુષ્યજીવનને અને સમાજને કવિની દૃષ્ટિએ જુએ છે. કવિની દૃષ્ટિ સદૈવ સૌન્દર્યને ઝંખે છે અને સર્વત્ર એનું દર્શન કરવા તત્પર રહે છે. મનુષ્ય-જીવનના મહાપ્રશ્નોનું તત્ત્વચિન્તન એમની કવિપ્રતિભામાં મૂર્તિમન્ત થાય છે. એમની વાણી બહુધા કલાની વાણી છે. આ વાણીમાં રૂપકો, પ્રતીકો અને દૃષ્ટાન્તકથાઓ વારંવાર દૃષ્ટિગોચર થાય છે. જેમ મહાભારત સર્વજ્ઞાનનો સંગ્રહ છે તેમ 'સરસ્વતીચન્દ્ર' પણ સર્વસંગ્રહસારનો અમૂલ્ય ગ્રન્થ છે. જેમ મહાભારતના વસ્તુમાં દૃષ્ટાન્તકથાઓ અનુસ્યૂત છે તેમ 'સરસ્વતીચંદ્ર'માં પણ છે. આમ કરવામાં અર્વાચીન કલાના કેટલાક સિદ્ધાન્તોનો પોતાને ત્યાગ કરવો પડ્યો છે એ ગ્રન્થકર્તાના કબુલાત છે. એથી કેટલીક અસંગતિ પણ આવી છે, પરંતુ લેખકને એ યુગધર્મ જણાયો છે અને એમ કરવું આવશ્યક પણ લાગ્યું છે.

ગોવર્ધનરામભાઈની ઊંડી સમજણ પ્રમાણે, પ્રાચીન ભારતની સંસ્કૃતિમાં એવાં કેટલાંક તત્ત્વો છે જે અર્વાચીન પશ્ચિમના વિચાર અને જીવનભાવના સાથે સુસંગત થઈ શકે છે. આ રીતે એમને ભારતીય સંસ્કૃતિ અને પાશ્ચાત્ય સંસ્કૃતિ વચ્ચે ઘણી બાબતોમાં બહુ મોટો તાત્ત્વિક ભેદ દેખાતો નથી. ભારતની પ્રાચીન સંસ્કૃતિમાં નિવૃત્તિની ભાવના સાથે પ્રવૃત્તિની ભાવના પણ પ્રવર્તતી હતી. એમાં અલૌકિક જીવનની ભાવના સાથે ઐહિક જીવનની ભાવના પણ ભરપૂર ભરી હતી.

સામાન્ય મનુષ્ય આ ત્રણે સંસ્કૃતિઓની ક્રિયા પ્રત્યે કેવી રીતે જુવે છે અને શિક્ષિતજન શી રીતે જુવે છે એ પ્રશ્ન ગોવર્ધનરામે 'સરસ્વતીચન્દ્ર'ના ચોથા ભાગમાં ઉપસ્થિત કર્યો છે. પહેલા ત્રણ ભાગમાં કર્તાએ સામાન્ય જનની દૃષ્ટિને વિશેષ લક્ષ્યમાં રાખી છે; ચોથામાં શિક્ષિત મનનશીલ મનુષ્યની દૃષ્ટિને આગળ કરી છે.

ગોવર્ધનરામના કથન પ્રમાણે આપણો કાળ સંક્રાન્તિ કાળ હોવાથી, એમાં કેટલાક માનવસમૂહો એક અથવા બીજી સંસ્કૃતિની અસર નીચે હોય છે. જ્યારે એક સંસ્કૃતિ બીજી સંસ્કૃતિના સંપર્કમાં આવે છે ત્યારે એ એની વિરોધી સંસ્કૃતિને કુતૂહલવૃત્તિ, શંકા અને અવિશ્વાસથી મળે છે. આ અવસ્થામાં સામાન્ય ભારતીય માનસ કેવો ભાગ ભજવે છે એ પ્રથમ ત્રણ ગ્રન્થોમાં કર્તાએ દર્શાવ્યું છે અને શિક્ષિત માનસ શો ભાગ ભજવે છે એ એમણે ચોથા ગ્રન્થમાં જણાવ્યું છે. વળી, દંતકથા, દૃષ્ટાન્તકથા અને શાસ્ત્રીય ભાષાની ભૂમિકામાં, જે ધાર્મિક, કૌટુમ્બિક, સામાજિક અને રાજકીય અશાન્તિ વર્તમાન સમયમાં પ્રવર્તે છે તેમાંથી સમન્વય અને સંવાદ પ્રકટાવવા માટે કર્તાએ એક આછી પણ દેખાય એવી વિચારરેખા દોરી બતાવી છે. આ વિરોધી જણાતાં બળોમાંથી, શાન્તિ, સહકાર અને સંવાદી પ્રગતિની કલ્પના કરવી એ આજ ભલે એક કલ્પિત કથા જણાતી હોય પરંતુ એ થોડાક સમયમાં સત્ય હકીકત બનશે એવી કર્તાને શ્રદ્ધા છે.

ગોવર્ધનરામભાઈ વર્તમાનયુગમાં શિક્ષિતજનોને માથે રાજા અને પ્રજા વચ્ચે અને વર્ગ અને વર્ગ વચ્ચે સંવાહક તરીકેનું કાર્ય આવી પડ્યું છે એમ ભારપૂર્વક જણાવે છે: એઓ કહે છે: "આવા પરસ્પર-વિરોધી માનવસમૂહોને એકત્ર કરવાનું કર્તવ્ય આપણા શિક્ષિત જનોનું છે. પ્રત્યેક માનવસમૂહમાં ચૈતન્યશક્તિનો સ્ફુલિંગ વિરાજે છે. આ સ્ફુલિંગ સેંકડો વર્ષો થયા મનુષ્યમાત્રમાં જીવનશક્તિ રૂપે સંસ્કૃતિની દીર્ઘ અને સતત ક્રિયા વડે સંગૃહીત થયો છે. આપણા શિક્ષિતજનોએ અનેકવિધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવસમૂહો વચ્ચે સેતુ બનવું પડશે, જેના ઉપરથી એક બીજા વિરોધી વિચારસરણિ ધરાવનાર જનો પણ શાન્તિ અને આસાનીથી આવ-જા કરી શકે અને એક બીજાને સમજી શકે. અલબત્ત, આ કાર્ય મુશ્કેલ છે પરંતુ આપણા શિક્ષિતોનો આ યુગધર્મ છે. એમણે મહાન પરિશ્રમ કરીને, શક્તિનો અવિશ્રાન્ત ઉપયોગ કરીને, આ કર્તવ્ય બજાવ્યે જ છૂટકો છે."

શિક્ષિતજનોની આ વિકાસકારક અને વિશાળ દૃષ્ટિની પ્રવૃત્તિમાં અને એને સફળ બનાવવામાં બની શકે તેટલા સહકારની જરૂર છે. આમાં અંગ્રેજ રાજ્યકર્તાઓનો પણ સમાવેશ થાય છે. આ વિકાસક્રિયામાં દીર્ઘદર્શિતા, સહાનુભૂતિ અને ત્યાગવૃત્તિ જરૂરનાં છે. આ ગ્રન્થમાં શાન્તિની સ્થાપના જે એક સતત કલ્પના રૂપે રહેલ છે, જે એક નવલકથાકારની સ્વપ્નસૃષ્ટિ છે, જે મનોરાજ્યનો વિલાસ છે, તે સત્ય હકીકત-રૂપે પણ ભવિષ્યમાં ફળીભૂત થાય એવી આશા કર્તાને રહે છે.

આપણા શિક્ષિત દેશબન્ધુઓ ઉપર ગોવર્ધનરામભાઈનો ઘણો વિશ્વાસ છે. તેઓ ધીરીધીરજ, બન્ધુત્વની લાગણી, હિંમત, ખંત અને ડહાપણથી આ સમન્વય અને શાન્તિની ભાવનાને વાસ્તવિક કરી શકશે. આ શાન્તિ અને સંવાદ સ્થાપવાની ભાવનામાં આપણા ભૂતકાળ અને ભાવિનું દર્શન વિવિધ પાત્રો સર્જીને કવિ ગોવર્ધનરામ આપણને કરાવે છે.

'સરસ્વતીચન્દ્ર'ના કર્તાનો ઉદ્દેશ વ્યક્તિરસ ઉત્પન્ન કરવા કરતાં સમષ્ટિરસ ઉત્પન્ન કરવાનો વિશેષ છે. એનાં પાત્રોની યોજના દેશોદ્ધારની, શાન્તિની અને સંસ્કૃતિઓના સંવાદની ભાવના પ્રકટ કરવા અર્થે થયેલી છે. ગ્રન્થમાંનાં વિવિધ પાત્રોના વ્યક્તિત્વનું કર્તાએ સુરેખ આલેખન કર્યું છે પરંતુ એકબીજાથી એને છૂટાં આલેખ્યાં નથી. આ સર્વ પાત્રો સાથે મળીને જે સમષ્ટિનું જીવન પ્રકટ કરે છે તેમાં ગ્રન્થનું ખરું મહત્ત્વ રહેલું છે. 'સરસ્વતીચન્દ્ર'નાં ભિન્ન-ભિન્ન પાત્રો મનુષ્યજીવનના પ્રધાન પ્રશ્નોની ચર્ચા કરે છે અને એના ઉપર પ્રકાશનાં નવાં નવાં કિરણો વેરે છે. ગ્રન્થ-માંના મહાન, ધાર્મિક, રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક વિચારો દ્વારા ગોવર્ધનરામની સૂક્ષ્મ અને વિશાળ કલ્પના-શક્તિ પ્રચંડ રૂપમાં પ્રકટ થાય છે. એમનાં મુખ્ય પાત્રો જીવનના સર્વ ખંડોમાં નવજીવનનું નિર્માણ કરવાનો દૃઢ સંકલ્પ કરે છે અને દેશમાં સાંસ્કારિક અને આર્થિક પરિવર્તન સર્જે એવી આધ્યાત્મિક સ્થિતિ ઉત્પન્ન કરવા માગે છે કે જેમાં ગરીબ અને તવંગર, ઉચ્ચ અને નીચ, શિક્ષિત અને અશિક્ષિત એવા ભેદ ન રહે. દેશમાંથી દારિદ્ર્ય અને અજ્ઞાન દૂર કરી દુખિયાના દુઃખનું નિવારણ કરવા માટે નવલકથાના નાયકે ભેખ લીધો હતો. પ્રજાનાં સુખ, સ્વાસ્થ્ય અને શ્રેયને અર્થે ભગવાન બુદ્ધને પગલે એણે સર્વસ્વનું બલિદાન આપ્યું હતું. સરસ્વતીચન્દ્રનો સર્વજન-કલ્યાણનો જીવનભાવનાનો ઉદ્‌ઘોષ ગ્રન્થના આરંભમાં જ નીચે પ્રમાણે સંભળાય છે :

"સુખ વસો ત્યાં જ જ્યાં
ભૂલે રંક નિજ દુઃખો,"

સમસ્ત ગ્રન્થની પણ આ જ વ્યાપક ભાવના છે. *

*ગોવર્ધનરામ શતાબ્દી પ્રસંગે નડિયાદમાં યોજેલી વ્યાખ્યાન-માળામાં આપેલું વ્યાખ્યાન—થોડા ફેરફાર સાથે.

[અનુસંધાન પૃ. ૧૯થી]

માથું લટકતું રહે એમ ખભે કરી, એ જ જમણી બાજુના દ્વાર બહાર ઊંચકી લઈ જાય છે. દૂર જતી ઠાકોરની ચીસો ને આર્તનાદ આસ્તે આસ્તે શમી જાય છે.]

કાળી (ઠાકોરના જીવતા શબને અદૃશ્ય થતું જોઈ): ખલાસ! પુણ્ય પરવારી ગયું!

મોંઘો (ખુશ થતાં): હા...શ! પણ એને લઈ ક્યાં ગયા? સરગ તો તું કે' છે આમ આવ્યું.

કાળી: ક્યાં તે નરકમાં સીધો. લે ચાલ, આપણે હવે ફરીએ ને મઝા કરીએ.

[વળી પાછી મધુરી સૂરાવલી આછીઆછી શરૂ થાય છે. પીઠ ફેરવે છે ત્યાં જ કોર્ટના સરખો અવાજ આવે છે.]

અવાજ: મોંઘા ધના ને કાળીના જીવ ન્યાયમંદિરે હાજર હો!

મોંઘો (મોં બગાડતાં, નિઃશ્વાસ નાખતાં ને ડાબી બાજુએ પાછા ફરતાં ફરતાં): જોયું ને? માંડુ બે ઘડી જોટાજોટ જરા હરીએફરીએ! પણ ત્યાં તો—અરે ભૂંડા! ઘેર નઈ પછી બા'ર ક્યાંથી? ધરતી પર ભેગા જીવવાની તો મા મરી ગઈ પણ બે ઘડી નીરાંતે હળવા નથી મલ્યું પછી હાઝીલા આ દેવોને દ્વારે તો વળી મળે જ ક્યાંથી?

(બેઉ ડાબી બાજુએ વળે છે.)

[પડદો પડે છે.]*

* આ નાટિકા લેખકની લેખિત મંજૂરી સિવાય કોઈએ ભજવવી નહિ...આના સંધાનમાં (૧) વેતરણીને કાંઠે તથા (૨) ચિત્ર-ગુપ્તને ચોપડે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવદ્વારે

પન્નાલાલ પટેલ

પાત્રો

મોંઘા ધના : પૃથ્વીનો ખેડૂત જીવ
કાળી : મોંઘા ધનાની પ્રેયસી
જમ પહેલો
જમ બીજો
જમ ત્રીજો
જમ ચોથો
ઠાકોર, પરીઓ, રક્ષક

[પડદો ઊઘડે છે. સ્થળ અને કાળની રેખા બહાર આવેલી ધર્મરાજ તથા ચિત્રગુપ્તની કચેરીનો અલૌકિક દરવાજો નજરે પડે છે. આસપાસ ઉદ્યાન તથા લતામંડપો દેખાઈ રહ્યાં છે. જમણી બાજુએથી મોંઘા ધના હાર્યો-થાકયો લથડિયાં ખાતો દાખલ થાય છે. દરવાજામાં પેસતાં જ ભાંગી પડે છે.]

મોંઘા ધના (પછાડ ખાતો) : હે રામ! સ્વર્ગની સીડીનાં આ સાત પગથિયાં તો મનેખ-ખાઉ અમારા ઘાતકી ઠાકોરને ય ન ચઢવાં પડો!

(ત્રણ જમ ખડખડાટ હસે છે.)

ચોથો જમ : હવે તો ગઢ જીતી ગયો જીવ. આનંદ કર.

પહેલો જમ : ગઢ તો આ એક પગરખાએ જીતાડ્યો, નહિ તો ગોખરુનો એ કારમો પંથ—

બીજો જમ (પહેલાને) : પણ બંધુ, એને પૂછો તો ખરા આ એક પગરખાનો ભેદ શો છે?

ચોથો જમ (હસતાં હસતાં સ્વગતની જેમ) : પૃથ્વી ઉપર દાનમાં આપેલી વસ્તુ અહીં સહાયરૂપે આવી મળે છે એ હકીકતથી તમે અજાણ કેવા બંધુ ? !

ત્રીજો જમ (ચોથાને) : અજાણ તો એમ બન્ધુ કે—હું તમને જ પૂછું : ભલા એક પગરખું દાનમાં આપ્યું હોય એવું તમે કોઈ પ્રસંગમાં કોઈ કાળે ય દેખ્યું છે ખરું ?

ચોથો જમ (વિચારમાં પડી જાય છે) : આ પ્રશ્ન તમારો વ્યાજબી છે. (મોંઘાને) કહે જીવ, ગોખરુ-પંથે તારો આર્તનાદ સાંભળીને ખરે ટાણે આ પગરખું મળ્યું એ તો બધું ઠીક પણ એક કેમ ?

પહેલો જમ : જરૂર કંઈક ભેદ છે. એની અમને વાત તો કર હવે ?

બીજો-ત્રીજો જમ : હાં, હા! (વાત સાંભળવાની તૈયારી-રૂપે બેસે છે. બીડી સળગાવે છે.)

મોંઘો (બેઠો થાય છે) : શું કામ એ બધા પોપડા ઉખેડાવો છો! (એક ભારે શ્વાસ લઈ ડોકું હલાવતો ઊભો થાય છે. ક્ષિતિજ તરફ જોતાં સ્વગતની જેમ) ઓળિયું ગયું, ધરતી છૂટી ગઈ ને ધરતી ઉપર જીવવા સરખું કરી ગયેલી હેતની પેલી કરનારી ય (એકદમ ચમકે છે. ચલમ પીવા માટે બેસવા જતા પહેલાં ચોથો જમ પણ એ તરફ તાકી રહે છે. મોંઘો હાથની છાજલી કરે છે. આઘાપાછા થતાં) ના ના, હોય નહિ! કાળી ક્યાંથી ? અરે! એને મૂવે ય આજકાલ કરતાં દસ વરસ થયાં!... પણ ના. એ જ! એ જ!! એ જ એની ચમકતી ચાલ ને એ જ એનો લચકાતો કેડો! મોરના જેવી એ જ એની ડોક ને આભલા-થી તાળીઓ લેતી એ જ એ આંખડી ય! ના! ના! એના વગર જીવ મારો આમ આકળવિકળ થાય જ નહિ ને! (બૂમ મારે છે) કાળી! ઓ કાળી...!

કાળી (ચણિયા-ઓઢણીમાં મસ્તીભરી અદાથી પ્રવેશ કરે છે. મોંઘા તરફ તાકતાં) : કોણ, ભિયા તમે! ઓ... આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો મારો—અરે ! ભૂંડા તારી તો વાટ જોઈ જોઈ ને હું થાકી ગઈ ! (હાથ પહોળા કરીને ભેટવા જાય છે.)

મોંઘો (આજુબાજુ જોઈ વળતાં) : અરે ! અરે ! ગાંડી થઈ કે શું ? આ પેલા જમ બેઠા છે તે—

કાળી (ખડખડાટ હસે છે) : અરે ભિયા ! ધરતી મેલી ને ધરતીની સીમે ય તે પડતી રહી. તો ય હજુ એની એ બીક ? જરા જો તો ખરો ! આ તો દેવનાં દ્વાર. અહીં તો બધા મુક્ત વિહાર !

મોંઘો : અરે ! આવું તું લવે તે દૈ'ના ભાને ગમ પડે ? (તાકી રહે છે) તું તો આ દસ વરસમાં સાવ બદલાઈ ગઈ છે કાળી... ને રૂપાળી ય કેટલી બધી થઈ ગઈ છે !

કાળી (એને ગળે હાથ નાખે છે) : લે ચાલ ભિયા, ત્યાં ઉપવનમાં આપણે નીરાંતે બેસીએ.

પહેલો જમ (એ તરફ જોઈ ઓળખીને) : અરે હાં ! આ તો પેલી જ અણુખ છોકરી, બંધુ યાદ છે ? દસ વર્ષ ઉપર કમોતે મરી હતી ને ન્યાયાધિકારીએ એનો, સહયાત્રી આવે ત્યાં સુધી, ન્યાય કરવો બંધ રાખ્યો હતો એ ?

ત્રીજો જમ : બરાબર ! (મોંઘા તરફ જોઈ જાણે અદેખાઈ આવતી હોય તેમ) આમ તો ત્યારે આ દુઃખી જીવ ભાગ્યશાળી લાગે છે.

ચોથો જમ (નિઃશ્વાસ નાખતાં) : પણ અહીં બિચારાં હવે કેટલી વાર ? ન્યાયમંદિરે આપણ આ મોંઘાના આવ્યાનો સંદેશો આપીશું ને એ જ સમયે એમનો ન્યાય કરીને વળી પાછાં પેલી દુઃખમયી ધરા ઉપર રવાના !

બીજો જમ : અરે ! આનંદમયી કહો આનંદમયી, બંધુ ! જુઓને ધરતીના આ બે જીવ કેવા—

પહેલો જમ (એનું ધ્યાને ય પેલા બે ચાલ્યા જતા જીવ તરફ છે) : અરે ! પરંતુ અરે ! ઓ જી...વ (મોંઘો પાછું જુએ છે) અમને ભલા તારા પેલા એક પગરખાની વાત તો—

મોંઘો (હસે છે) : ઓ મારા જમ સાહેબ, તમારો જીવ ! પણ એ એક 'પગરખું'ની વાત કરતાં મૂળ કે'વા જેવી વાત તો આ 'દિલરખુ'ની છે. પણ ના ના ! હૈયા વગરના તમને તો—ખાસડાની વાત જ ઠીક છે. (કાળી તરફ જોઈ ને) યાદ છે ને પેલી બપોર ! (જમને) ધરતી ઉપરની ને અમારા ગામડાગામની વાત છે. ધખતા ઉનાળાની એક સવાર હતી. ગામના ખાજ સંગાથ સાથે ધીખતી જેતનાઈ જેવાં હું ને કાળી ઢોરને માટે પાલો લેવા વગડે ગયાં'તાં. પડે છે ને સમજણ જમ સાહેબ?...ને ત્રણેક ગાઉ પરના વગડાની એ વનરાઈ આવતાં અમે બધાં બબ્બે ત્રણત્રણની ટોળીમાં મનફાવે તેમ ફેંદાઈ ગયાં. નિતની પેઠે હું ય અલબેલી આ કાળી સાથે એક પા'નો ફંટાઈ ગયો.

આમ જુઓ તો—કાળી ને હું એક જ ફળીમાં રે'તાં 'તાં. એક જ અમારી હેડી હતી ને વાતો ય અમારી એક બીજાને ઘણી ભાવતી, જમ સાહેબ.

પણ ! કરમની કથની એવી કે એ હતી ઊંચ વરણની ને મારી વરણ એક પગથિયું ઊતરતી હતી. (કાળીને કંઈક અકળાતો જોઈને) કેમ, ખરી વાત ને ?

કાળી : ખરી વાત. પણ તું આ ભેંસો આગળ ભાગવત કર્યા વગર મૂળ ખાસડાની વાત જ—

મોંઘો (વચ્ચે જમોને) : એ ભાઈ ! હું તો હતો તે ફટ ફટ કરતો એક ખખડધજ વડ ઉપર ચઢી ગયો. હું ડાળિયો પાડું છું, કાળી નીચે વીણે છે ને એમ ગપાટાં મારતાં મારતાં વેળા હતી તે વહી જાય છે.

ને બબ્બે મણના ભારા માથે ચઢાવી જ્યારે અમે ગામ તરફ રવાના થયાં ત્યારે તો સૂરજદાદાએ ય બપોરા ગાળવા રથ એમનો આભની પોળે છોડી લીધો હતો. (કાળી તરફ જોઈને) કાળી...! છે ને એ બપોર યાદ ? શું તમને વાત કહું મારા જમ સાહેબ ! અમે તો ખેડૂત ને આ (કાળી) ય ગામડાનો જીવ, એટલે આ પે'લાં અમને બપોરની કાંઈ નવાઈ નો'તી. પણ એ બપોર તો !—આજે ય યાદ કરું છું તો એક પા લાકડાં કરડી ખાવા સરખી ભૂખ લાગી'તી તો બીજી પા માથા ઉપર ધખતો ઘામ રવ રવ કરતો વરસી'ર્યો'તો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને ભોંય જુઓ તો—ભઠ્ઠી પર ચડાવેલી ભાડભૂંજાની રેતીભરી તાવડીમાં જ જાણે આ રઢિયાળી કાળીના પગ ચપ ચપ કરતા પડતા હતા. ને મારા જમ સાહેબ! જેવા એના પગને તળિયે જરાળા ઊઠતા'તા એવા જ મારા દિલમાં ય ફફોળા જાણે થઈ જતા'તા.

ને મેં એને, કેમ કાળી? મારા પંડના સોગન દઈ ને પરાણે, મારાં ખાસડાં પે'રાવ્યાં.

પણ એથી કાંઈ ઝાઝો ફેર ન પડચો. કાળીની દશા જેવી મારી દશા થઈ ને મારા જેવી-કમીરા હૈયાની ય થઈ જ હશે ને? એટલે જ તો રાશવા જતાંમાં જ એણે એ ખાસડાં કાઢી આપ્યાં ને?

ને એનાં ય મન માને એવો મેં નીકાલ કર્યો: એક મેં પે'ર્યું ને એક આ (પગમાં પહેરેલું ખાસડું દેખાડે છે) કાળીને આપ્યું, જે આ ઘડી પહેલાંની દોહ્યલી વેળાએ ધાઈ આવી એક ભેરુબંધની જેમ મારી વહારે ચઢ્યું.— અરે! મથામણોથી ભરેલી ને પરણવા ય ન મલતાં ખાલી ફેરા જેવી થઈ રહેલી એ ધરતી ઉપર સરંગનો પરચો કરાવનાર મારી આ એકની એક દોસ્તનો ય અત્યારે આ (ખાસડું હાથમાં લઈ ને દેખાડે છે) પગરખાને પરતાપે જ અહીં ભેટો થયો એમ કહું તો ય કંઈ ખોટું નથી મારા જમસાહેબ. માટે (કાળી એને ખેંચે છે) લો રામ રામ. (જતાં જતાં હસે છે) હા...હા... આ ભવ તો મલ્યા એ મલ્યા પણ આવતે ભવ ના મલજો. (ને બેઉ જણ બાજુના લતામંડપ તરફ જાય છે. વાજિંત્રોના આછા આછા સરોદ કાને પડે છે. જમ પણ સામી બાજુ તરફ ચાલવા માંડે છે.)

પહેલો જમ (જતાં જતાં): મલ્યા વગર તો જ્યાં સુધી ધરા પર તું જન્મ ધરતો રહીશ ત્યાં સુધી તારો કે અમારો છૂટકો જ નથી જીવ.

(ચારે ય જમ હસતા બબડતા અદૃશ્ય થાય છે. કાળી પથ્થરના એક આસન ઉપર બેસે છે.)

મોંઘો (બેસતાં બેસતાં સરોદ તરફ ધ્યાન જતાં અટકી જાય છે): આહ! આહ!... કાળી! મને સમજાવ તો ખરી, ધરતી પર ક્યારે ય નંઈ સાંભળેલું ને જાણે અમીને નખલે મીઠાં મીઠાં કાળજાં કોતરતું આ સંભળાય છે શું?

કાળી (એની પછેડીનો છેડો ખેંચતાં હસીને): અરે ભિયા! અહીં તો જોવાનું ને સાંભળવાનું ને એ બધું ય આવું જ મઝાનું. દસ વરસથી હું અહીં તારી વાટ જોતી બેઠી છું તે જો આવું આવું ના હોત તો—

મોંઘો (વચ્ચે): તું ય મને એક ઘડી નથી વીસરી, હાં કાળી! મનને તો ઘણી વાર થતું કે લાવ ને ઝેર ખાતાકને કાળીની પેઠે આપણે ય નાતજાતના ભેદથી ભરેલી ધરતી છોડીને હેંડતા થઈએ. પણ તે તો ગાંડી હું ય જીવતરનો ધરમ ચૂકચો ગણાઉં ને? ને એટલે—

કાળી (કંઈક ચોંકી ઊઠતાં): અરે! તો તો આપણને બેય ને પાછો ઢોરનો અવતાર લેવો પડત. ને મારા અકાળે મોતમાં મને આટલી રાહત મળી તે ય ન મળત. કારણ કે તને ખબર છે? ધરતીના એ કપરા જીવતર સામે આટલાં વરસ તું મને યાદ કરતો કરતો જે હિંમતથી ઝૂઝતો'તો એને જ પરતાપે એટલા દન મને ય આ સ્વર્ગને દરવાજે છૂટથી હરવાફરવા મળતું હતું.

[વાજિંત્રોના સરોદ સાથે હવે તો સંગીતના સૂર પણ સંભળાવા લાગે છે.]

મોંઘો (એ તરફ કાન માંડતાં ને નજર દોડાવતાં): આહ! આહ! આહ! આપણને તો અહીંથી હવે ધકેલીને કાઢે તો ય નથી જવું. જો તો ખરી આ પેલા કો'ક સુખિયા જીવની આગળ, રંગની છોળો ઉડાડતી કો'ક રંડીઓ—

કાળી (જીભ કાઢતાં એને આગળ બોલતો અટકાવી દે છે): અરે ભિયા! એ તો પરીઓ છે પરીઓ! ને આ એ સુખિયો જીવે ય—ઓળખે છે એને? (સંગીત તથા સૂર ઓછા થતા જાય છે.)

મોંઘો: અરે આ તો આપણો પેલો ગોજારો ઠાકોર! મનફાવતું કળતર કરીને પાકતું એટલું બધું ય લઈ લેતા'તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ રાક્ષસ આ તો ! એ જ આ ઘાતકી ઠાકોર કે કે'ડ ઉપર મણુમણુના પાણા ચઢાવીને ને બળદ વેચાવીને વેરો વસૂલ કરતો 'તો ! ને એ જ આ ગાય-મારો જે ઉનાળો ને શિયાળો અડધો આપણી ગાંઠને રોટલે વેઠ કરાવ્યા કરતો 'તો. (ઉગ્ર થતો જાય છે) ને એવા આ રાક્ષસના ભગવાનના આ ન્યાય-દરબારમાં ય માન ને પાન ને મઝાઓ આવડી !...ઊઠ કાળી, આવા દેવો પાસે આપણે હવે ન્યાય જ નથી કરાવવો. ધરતીના એ રાજા, શેઠિયા ને નાતજાતના પેલા આગેવાનો સુધ્ધાં બધા ય આ દેવોના જ કાંધિયા છે. નકર વળી ધરતી ઉપર એટએટલી કાળી મજરી કરવાં છતાં ય, અરે ! પેટભર પૂરું ધાન તો પામતા નો'તા ને કે' છે : (ચાળા પાડતાં) તેં કંઈ ધરમદાન નથી કર્યાં જીવ ? એમ કરીને સ્વર્ગનાં, અરે ! આ નરકનાં સાત પગથિયાં ચઢતાં એક વીત્યું છે ને ઉપરથી પેલા જમડાના હાથનો એક માર પડ્યો છે કે (રુદનથી એનું ગળું રૂંધાઈ જાય છે, સાફ કરતાં) માટે ઊઠને હેંડ ! આપણે તો—આના કરતાં તો ધરતી જ સારી. ને હવે તો કાળી, હું તને કે'વું ય ભૂલી ગયો : ધરતી પર તો—પેલી છતરી કળા-વાળો ગોરો ગયો ને ગોરાના પેલા ગોલા જેવા ગોદિયા હતા એ રાજદરબારોનાં રાજે ય ઊઠી ગયાં છે ને ઠીક કહું છું આ સરગના કરતાં તો—

કાળી : અરે ! પણ તું તો નકામો દુખી થઈને આ લવારો કરે છે, ભિયા ! મારી વાત તો સાંભળ પૂરી ? આ ઠાકોરનું કો'કે ખૂન કર્યું 'તું એ તો તું જાણે છે ને ?

મોંઘો : અરે ! એ ખૂનીને ય હું તો જાણું છું. પણ એ તો એવા જ લાગનો હતો. તને તો ખબર નથી પણ એક દન વગડામાં ઢોર ચારતાં ચારતાં મેં પરોણો કરવા આ આંગળી જેવી વાંસની એક ડાળખી ભાગી 'તી એટલામાં મારો સાઠ રૂપિયાનો દંડ કર્યો ને તે તો કેટકેટલો માર મારીને, કેવી કેવી તો ગાળો ભાંડ્યા પછી !... બાપ ! બાપ ! (છાતીએ મુક્કા મારે છે) આવા ઘાતકી ઠાકોરને ઊભી વાટે પરીઓ નાચે ? ને તે ય પાછી દેવદ્વારે ?

કાળી (કંટાળાભર્યા રુદનભીના અવાજે) : તું તો ભિયા ! મારી પૂરી વાત સાંભળતો નથી ને નકામો કંટાળો કરે છે.

મોંઘો (હેંઠો પડે છે) : આ નજરે જોઉં છું પછી, શી તું વાત, લે કે' હેંડ. (બેસે છે.)

કાળી : વાત તો બીજી કાંઈ નથી પણ એનું પેલું ખૂન થવાથી એ એના આયખા કરતાં ચાર વરસ વે'લો મર્યો—

મોંઘો : હા, ને નઈ મર્યો હોત તો ય ધરતી ઉપર તો હવે ગાંધીનું રાજ થયું છે એટલે પેલા બીજા ય જીવતા જ મરેલા છે. પણ આ તો સરગમાં આવીને ઊલટાનો ફાવ્યો !

કાળી : ફાવ્યો, પણ ટૂંકામાં હવે કાં તો આજકાલમાં જ એ દન એના પૂરા—

મોંઘો : અરે ! ભલેને પૂરા થાય પણ આટલો વૈભવ તો એ ધરતી ઉપરે ય ન'તો માણતો ! (વળી સૂર સંભળાય છે.) જો પાછો આ બાજુએ ફંટાયો—અહીં તો આ રાક્ષસ નકરા સુખમાં જ મા'લે છે ! બીજો કશો ધંધો જ નંઈ ને બસ બૈરાંમાં જ મકલાયા કરે છે !

કાળી : હા, પણ જ્યાં લગી પરભવનાં પુન્ય નથી પરવાર્યો ત્યાં લગી રતો !

મોંઘો : અરે ભોળી ! એમ જ તો પેલા શેઠ, બાવા, નાતના આગેવાન ને આ દેવ સુધ્ધાં બધી ઠગોની ટોળકી આપણને છેતરી રહી છે ને ?... જો આ અહીં આવ્યો.

[ઠાકોર પ્રવેશે છે. આગળ પરીઓ બસ નાચ્યાં જ કરે છે. એકના હાથમાં સુરાની બાટલી છે, બીજીના હાથમાં સુંદર એવો પ્યાલો છે ને ત્રીજી આહ્લાદક સંગીત સાથે પ્રેમભીના અભિનયથી ને પેલો પ્યાલો લઈને ઠાકોરને પાવા જતાં ગાય છે.]

ત્રીજી : સૃષ્ટિકાળે સર્જનહારે ત્રણ ભાગે મદને વહેંચેલો:

. સાખી .

સુરામાં નાખ્યો એકને (કાંઈ) પીતાં ઊઠે આગ,
પ્રકૃતિ પૂર બા'રમાં–
પતંગ જાણે નભે ચગેલો–ત્રણ ભાગે૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુજો નાખ્યો ઠામમાં જે સ્પર્શે ભડકા થાય,
સારાસાર ભૂલી રહે–
દીસે દશે દિશ પોતે અકેલો–ત્રણ ભાગે૦

ત્રીજો સંત્તામાં વસ્યો (ને) લક્ષ્મીમાં એનો વાસ,
ધરતીથી અધ્ધર ચાલવાં–
મંડૂક જીવનકૂપે વસેલો–ત્રણ ભાગે૦

(ઠાકોર અહીં ચગે છે, અધ્ધર ચાલવાનો પ્રયત્ન–અભિનય કરે છે.)

મોંઘો (ગીતના ઘેનમાં ભાન ભૂલી તાકી રહેલો, છેલ્લી પરી જ્યારે ઠાકોરના મોં આગળ પ્યાલો ધરે છે ત્યારે એકદમ ગુસ્સે થઈ જાય છે. સામે જઈ હાથનો અભિનય કરતાં): અરે મારી બાઈ! (પરીઓ ડઘાઈ ને થંભી જાય છે) તું તો પરી છે કે—મારા મોંમાંથી કાંક નીકળી પડશે! પણ જરા એટલો તો વિચાર કર કે હલકી વરતી(વૃત્તિ)ને પાનો ચઢાવનાર આ દારૂને અમે ધરતીનાં લોકોએ દેશવટો દેવા માંડ્યો છે તો તમે તો સ્વર્ગનાં લોક છો?

ઠાકોર (નશાને લીધે આંખો તરી જતી હોય છે, પગ પણ થોડાક અસ્થિર છે. મોંઘા તરફ નજર માંડવાનો પ્રયત્ન કરતાં): કોણ અલ્યા? મોંઘલો તો નઈ?

મોંઘો (ખડખડાટ હસે છે): અરે મારા ઠાકોર! તમારું ખૂન સાંભળીને આ મોંઘલો જેટલો રાજી થયો 'તો એટલો જ આજે દુઃખી થઈ રહ્યો છે (ઠાકોર નશામાં જ હુંકારો ભણ્યે જાય છે, 'હાં?') કારણ કે તમે જીવતા હોત તો આ આપણી ધરતી ઉપર આવેલા લોકરાજને હિસાબે તમારે મને શ્રી મોંઘાભાઈ ધનાભાઈ એમ જ કે'વું પડત, ને આ દારૂ પીવા બદલ તો આપને એ ગાંધીરાજમાં લોઢાની બંગડીઓ પે'રી જેલની પેલી સાસરીએ જ સધાવવું પડત!

ઠાકોર : એમ? આપણા ત્યાંનું ખાતું એટલું બધું બગડી ગયું છે એમ?

મોંઘો (હસે છે): અરે! બગડી તો આ તમારી બુદ્ધિ ગઈ છે. (પ્યાલો ધરતી પરીને) એ બાઈ, તું તો જરા સમજ? ફેંકી દે એ પ્યાલાને. લાવ નકર હું જ...

(ધસે છે)

રક્ષક (પ્રવેશ કરીને): અરે ઓ અબુધ જીવ! કોણ છે તું અહીં દેવદ્વારે દખલ કરનાર?

મોંઘો (થંભી જાય છે): ડખલ નથી કરતો પણ, પોલીસ સાહેબ, હું તો ઊલટો તમને મદદ કરી રહ્યો છું. આ લોક દારૂ—

રક્ષક (હસીને): હું સમજી ગયો. તું તારા પેલા કલ્યાણરાજના હિસાબે વર્તે છે તે, પરંતુ—

કાળી (ખુશ થતી થતી): હાશ! હાશ! લે હવે! (કહેતી દોડી આવે છે. રક્ષકને) ક્યારની ય હું એને સમજાવું છુ દેવ, પણ (મોંઘાને બાવડે ઝાલી લઈ જવા કરતાં) આ ભિયા માને તો ને?

રક્ષક (મોંઘાને ખભે હાથ દઈ): હે ભલા જીવ! તારી મૂંઝવણ હું કળી ગયો છું. પરંતુ બાબત એમ છે કે... પરંતુ તું નજરે જુએ એ જ વધુ ઉચિત છે. જો પુત્રી, તું એને સામેના પેલા લતામંડપમાં લઈ જઈને બેસ, એક થોડાક સમય માટે. (ઠાકોરની મંડળીને) હવે કોઈ તમારા આનંદમાં વિક્ષેપ નહિ કરે— આનંદો.

[મોંઘો-કાળી વળી પેલા એક બાજુ પર આવેલા સ્થાને જઈ બેસે છે, જ્યારે ઠાકોર સામેના એક ઊંચા આસને બેસી પરીઓને આદેશ આપે છે.]

ઠાકોર : ચાલો ત્રણે મળીને નાચ કરો. એવી નાચો, એવી નાચો કે તમારો એ નાચ જોઈને બ્રહ્માંડ આખું ય નાચવા મંડે.

[પરીઓ મધુરી સૂરાવલી વચ્ચે મદભર નાચ કરે છે. કાળી તથા મોંઘો પણ મંત્રમુગ્ધ થઈને જોઈ રહે છે.

બરાબર રંગ જામે છે. આફરીન પોકારતો ઠાકોર ડોલી ઊઠે છે. આસન પણ ડોલવા લાગે છે.

ને ત્યાં જ વધી રહેલા પેલા મેઘગર્જન સરખા ગડગડાટ વચ્ચે એક કારમા કડાકા સાથે આસન જઈ પડે છે. એક દયામણા ચિત્કાર સાથે ઠાકોર ધૂળ ભેગો થઈ જાય છે. કાળી–મોંઘો ઊભાં થઈ જાય છે. પરીઓ ખિલખિલાટ હસતી ડાબી બાજુએ સરી અદૃશ્ય થઈ જાય છે. જમણી બાજુએથી ચાર જમ ધસી આવે છે ને આર્તનાદ કરતા ઠાકોરને ઝડપભેર હાથપગ બાંધી, વચ્ચે દંડો નાખી, પાછળ

(અનુસંધાન પૃ. ૨૨ ઉપર)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરસ્વતીચંદ્ર—એક સકલકથા

ડોલરરાય રંગીલદાસ માંકડ

ગોવર્ધનરામ પંડિત હતા. એમના જમાનામાં સંસ્કૃત અને અંગ્રેજી સાહિત્યનું ઉચ્ચતમ જ્ઞાન ગણાય તે એમણે મેળવ્યું હતું. નવી થયેલી યુનિવર્સિટીના એ ગ્રેજ્યુએટ હતા. એલએલ.બી. થયેલા એ સફળ વકીલ હતા. સંસ્કૃતના કાવ્યસાહિત્ય તેમ જ વેદાન્તાદિ વિષયોનું એમનું જ્ઞાન તલસ્પર્શી હતું. પણ ગોવર્ધનરામ માત્ર પંડિત નહોતા. એમને મળેલું જ્ઞાન એમણે પચાવ્યું હતું, આત્મસાત્ કર્યું હતું. એ પંડિત હતા તેના કરતાં વધુ તો સમર્થ તત્ત્વચિંતક અને વિચારક હતા. પૂર્વ અને પશ્ચિમના જ્ઞાનના ઓઘ એક બીજા સાથે સામસામે આવીને અથડાતા હતા, ત્યારે એ બન્નેનાં પરિબળોને સમજવામાં, એ બન્નેની અન્તર્ગત શક્તિ સાચવીને એ બન્નેનો સમન્વય કરીને પ્રજા પાસે મૂકવામાં, સ્પષ્ટ વિચાર અને દર્શન આવશ્યક હતું. ગોવર્ધનરામમાં આવો વિચાર અને આવું દર્શન હતું. બહુ નાના હતા ત્યારથી જ એમણે Practical Asceticism વિશેની પોતાની વિચારસરણિ બાંધી લીધી હતી, અને એમણે પોતાનું જીવન તથા સરસ્વતીચંદ્રનું જીવન આ સિદ્ધાન્ત ઉપર રચ્યાં હતાં. એટલે ગોવર્ધનરામ સમર્થ પંડિત હતા, સમર્થ વિચારક હતા, પણ સાથે જ પોતે બાંધેલા વિચારને આચારમાં મૂર્ત કરનાર સમર્થ કર્મનિષ્ઠ વ્યક્તિ પણ હતા. આથી એમના જીવનમાં અને એમની કૃતિમાં વિચાર અને આચારનો મેળ સાધવા એમણે હમેશ પ્રયત્ન કર્યો છે. આ વિચારને અને આ આચારને એમણે પોતાની કૃતિઓ દ્વારા પ્રજા પાસે મૂક્યા છે.

એમણે 'સરસ્વતીચંદ્ર' ઉપરાંત, 'લીલાવતી જીવનકલા', 'સ્નેહમુદ્રા', 'સાક્ષરજીવન', 'દયારામનો અક્ષરદેહ', 'Classical Poets of Gujarat'—વગેરે ગ્રન્થો પણ લખ્યા છે. આ બધામાં લેખકની પંડિતાઈ સ્પષ્ટ દેખાય છે. અને આ ગ્રન્થો સમાજના ભણેલા વિચારકો જ સમજી શકે તેવા છે. પરંતુ 'સરસ્વતીચંદ્ર'નું સાવ તેવું નથી. હું તો એક વિશિષ્ટ અર્થમાં સરસ્વતીચંદ્રને લોકભોગ્ય ગ્રન્થ ગણું છું. ગોવર્ધનરામે પોતે આ ગ્રન્થ લખતી વેળાએ સમસ્ત લોકને એટલે સમસ્ત સમાજને લક્ષમાં રાખ્યો છે. સમસ્ત સમાજના અર્થમાં લોક શબ્દ વાપરીએ, અને માત્ર અભણ વર્ગ એટલે લોક એ અર્થ ન લઈએ તો સરસ્વતીચંદ્ર લોકભોગ્ય ગ્રન્થ છે. લોક અથવા સમાજમાં જુદી જુદી કક્ષાઓ હોય છે. ગોવર્ધનરામે પોતે આ કક્ષાઓ પહેલા ભાગની પ્રસ્તાવનામાં આમ ગણાવી છે:

"૧. સત્યશોધક વર્ગ માનસશાસ્ત્રના અભ્યાસને અર્થે જ નવલકથાઓ વાંચે છે.

૨. સારશોધક વર્ગ નવલકથામાંથી સુંદરતા આદિ પોતાને રુચતાં તત્ત્વ શોધે છે. અને શેષ ભાગ પડતો મૂકે છે.

આ ઉભય વર્ગની સાથે વ્યવહાર રાખવામાં ગ્રન્થકારોને નવલકથા એ જ એક સાધન છે એમ નથી. અનેક આકારમાં તેમની સાથે સંબંધ કરાય છે; પરંતુ નવલકથાના લહાણામાં એ વર્ગ પણ ભાગ માગશે તે ભૂલવા જેવું નથી. કારણ, વાંચનાર વર્ગમાં એ મુકુટમણિને સ્થાને છે. તેમની સંખ્યા ઘણી ઓછી હોય છે, પરંતુ તેમની પૂજનીયતા—તેમનું બ્રહ્મવર્ચસ્—સર્વમાન્ય છે.

૩. ત્રીજા વર્ગની સંખ્યા અગણ્ય છે. નવલકથા વાંચવાની વૃત્તિમાં નીચલાં કારણોમાંથી એક અથવા અનેક તેમને પ્રેરનાર હોય છે:

(ક) વાર્તાની રચનાનો જિજ્ઞાસારસ. આ રસ સર્વ બાળકોમાં હોય છે, સ્ત્રીઓનું તો એ લક્ષણ ગણાય છે, અને ચડતી અવસ્થામાં વણિકમાંથી તે જતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ખ) મદન અને સ્ત્રીની વાર્તાઓને વશ થયેલાં ચિત્ત. આવાં ચિત્ત નવલકથાઓ જોઈ વિહ્વલ બની જાય છે અને એવી કથાઓના અતિ સંભોગથી અંતે નિર્વીર્ય થાય છે.

(ગ) કથાઓ વાંચવાનું વ્યસન—અફીણ, દારૂ વગેરેના વ્યસન જેવું જ, તે છોડયું છૂટતું નથી.

(ઘ) શાસ્ત્રીય અને કઠિન ગ્રંથો વાંચતાં પડતો શ્રમ. ઘણાક ભણેલાઓ આળસુ હોય છે અને શ્રમ લેવાની તેમની અનિચ્છાને, વિદ્યાર્થી અવસ્થા છૂટતાં, પ્રેરનાર કોઈ હોતું નથી.

(ઙ) શાસ્ત્રીય વિષયનું અસંસ્કારી રસેન્દ્રિય.

(ચ) નિરક્ષરતા અને નવરાશ.

ભણેલા તેમ જ અભણ વર્ગનો મોટો ભાગ આ છેલ્લા વર્ગમાં આવી જાય છે અને તેથી જ નવલકથાઓ આજ-કાલ દિગ્વિજય પામી દેખાય છે. આ સર્વ વિચારી ભિન્ન ભિન્ન સર્વ આવા વાંચનારને જમે-ઉધાર કરતાં સરવાળે હાનિ ન થાય અને લાભ થાય એવી રચના કરવી એ એકેએક કથાકારનો ઉદ્દેશ હોવો જોઈએ, અને વાંચનારની રુચિ શોધી તેને અનુકૂળ પોતે થવું તેના કરતાં તેની સદ્દરુચિને અનુકૂળ થવાનું રાખી, બાજી રીતે પોતાની અભીષ્ટ સદ્દરુચિ વાંચનારમાં ઉત્પન્ન કરવામાં વીર્યવાન ગ્રંથકારનું પુરુષત્વ સફળ થાય છે.”

આ ત્રણે કક્ષાના વાંચનાર માટે એટલે કે લોકસમસ્ત માટે ગોવર્ધનરામે આ કથા રચી છે એમ એ પોતે કહે છે. જો કે પહેલાબીજા વર્ગને એમણે જરાક વધુ ધ્યાનમાં રાખ્યા લાગે છે, છતાં એમની ઇચ્છા બધાને એમાંથી અનુકૂળ વસ્તુ મળી રહે એવી કથા રચવાની હતી તે પણ સ્પષ્ટ છે અને લોકનો અર્થ ઉપરના ત્રણે કક્ષાના લોકો એવો લઈને હું એમ કહું છું, સરસ્વતીચંદ્ર લોકભોગ્ય કથા છે. વિદ્વાનો અને પંડિતોને ભોગ્ય તો એ છે જ, પણ ત્રીજા વર્ગના અગણ્ય લોકને પણ એ ભોગ્ય છે તેનું એક દૃષ્ટાંત હું આપું. સરસ્વતીચંદ્રનો બીજો ભાગ કૉલેજમાં ભણાવતાં મેં એક વખત કહ્યું કે આપણે જેમ સામાન્ય જનસમાજ પાસે પ્રેમાનંદાદિનાં આખ્યાનો વાંચીએ છીએ તેમ જ ગુણસુંદરીની આ કથા પણ વાંચી શકાય અને સામાન્ય જન એને માણી શકે. એકેક મહિના પર એક વિદ્યાર્થીએ મને કહ્યું કે હું એક હજારેક માણસની વસ્તી-વાળા ગામમાં રહું છું અને ત્યાં છેલ્લા એક અઠવાડિયાથી ગુણસુંદરીની આ કથા રોજ રાતે વાંચું છું. બૈરાંઓ અને પુરુષો એને રસથી સાંભળે છે અને હજી વધુ વાંચો એમ કહે છે. આમ સરસ્વતીચંદ્રમાં ઉપરના ત્રીજા વર્ગના લોકથી ભોગવી શકાય એવું વસ્તુ પણ ઠીક પ્રમાણમાં છે.

ઘણી ખરી કથાના લેખકો ઉપરના ત્રણ વર્ગમાંથી એકાદ વર્ગને જ ધ્યાનમાં રાખે છે, જ્યારે ગોવર્ધનરામે ત્રણે વર્ગને ધ્યાનમાં રાખ્યા છે એટલે એ લોકસમસ્ત માટેની કથા છે. આ વાતને બરાબર સમજાય તો એ પણ સમજાય કે ગોવર્ધનરામની કથાની આ સિદ્ધિ ઘણી મોટી છે.

સરસ્વતીચંદ્રને મેં અહીં કથા કહી છે, નવલકથા કહી નથી તેનું કારણ છે. આવી જાતની કથા લખવાનું આપણને પશ્ચિમના સંપર્ક પછી આવડયું અને માટે આવી કથાને આપણે પશ્ચિમી વિવેચનની પારિભાષામાં નવલકથા કહીએ છીએ: છતાં બધા વિવેચકોને લાગ્યું છે કે સરસ્વતીચંદ્ર સામાન્ય અર્થમાં નવલકથા નથી. કોઈ એને મહાનવલ પણ કહે છે.

સરસ્વતીચંદ્ર લખવામાં, એના વસ્તુમાં તેમ જ એની આકૃતિમાં, જેટલી પ્રેરણા ગોવર્ધનરામને પશ્ચિમની કૃતિઓ-માંથી મળી છે, તેટલી જ કે તેથી વધુ પ્રેરણા એમને ભારતીય કૃતિઓમાંથી મળી છે. અને ખરી રીતે એનું આંતરિક ઘડતર તો ભારતીય જ છે એ વાતને ધ્યાનમાં રાખીને આપણે એના વિવેચનમાં માત્ર પશ્ચિમના સિદ્ધાન્તો-ને જ ગણત્રીમાં ન લેવા જોઈએ પણ ભારતીય વિવેચનના સિદ્ધાન્તોને પણ ધ્યાનમાં લેવા જોઈએ.

ભારતીય વિવેચનમાં રુદ્રટ, અભિનવ, વગેરે કથાના બે પ્રકાર ગણે છે. તેમાંથી એક પ્રકારને ખંડકથા અને બીજાને સકલકથા કહે છે. કથાના આ બે પ્રકારો જેવા જ કાવ્યના બે પ્રકારો પણ ગણાય છે. ખંડકથા જેવો પ્રકાર તે ખંડ-કાવ્ય કે લઘુકાવ્ય અને સકલકથા જેવો પ્રકાર તે મહાકાવ્ય. અને મહાકાવ્ય કે સકલકથા અને ખંડકાવ્ય કે ખંડકથા વચ્ચે ભારતીય કાવ્યશાસ્ત્ર આમ ભેદ કરે છે: ભારતીય કાવ્ય-શાસ્ત્ર મુજબ મહાકાવ્ય અને સકલકથામાં માનવજીવનના ચારે પુરુષાર્થોનું એટલે કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેનું નિરૂપણ હોવું જોઈએ. અને ખંડકાવ્ય કે ખંડકથા

(અનુસંધાન પૃ. ૨૩ ઉપર)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નરસિંહરાવની આપકહીનું પાનું

સંપાદક : ગો.

[સ્વ. સાક્ષરવર્ય નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાની સળંગ જીવનકથા લખાઈ નથી. તેમની સાહિત્યકૃતિઓ અને તેનાં ટિપ્પણો, તેમની બહુમૂલ્ય પ્રકટ-અપ્રકટ "રોજનીશી", "સ્મરણમુકુર" જેવા ગ્રંથો એમના જીવનને કેટલેક અંશે રજૂ કરે છે. એમના સંસર્ગમાં આવનારાંઓ અને મુખ્યત્વે એમનો ગાઢ સંપર્ક સેવનારાં એમને અંગેની ખાસ માહિતી આપશે ત્યારે ગુજરાતને વિશેષ જાણવા મળશે.

એમના સંપર્કનો લાભ મને યે મળ્યો છે; કેટલાંક અમ્લમધુરાં સ્મરણો શબ્દાંકિત કરવાનો વિચાર કરું છું પણ અવસર મળે ત્યારે ખરો.

એમનાં પાંડિત્ય તથા કવિત્વ સુવિદિત જ છે. પરિચિતોની મમત્વભરી સંભાળ, નાનામાં નાની બાબતોની ચોકસાઈ, સ્વજનોના દેહવિલય સમયનું એમનું ધૈર્ય તથા પ્રભુ પ્રત્યેની તેમની અચલ શ્રદ્ધા એમના સંતહૃદયનાં દ્યોતક હતાં અને આવો કવિ જ "મૃત્યુ મરી ગયું રે લોલ" ગાઈ શક્યો તથા પાર્થિવ ફલક ભેદીને દૂરનું દર્શન કરી શક્યો.

ગુર્જરગિરાના આ પૂજારીએ ગુજરાતના ઘડતરમાં ઠીક ઠીક ભાગ ભજવ્યો છે. એમને પોતા વિષે કહેવાની, કહેવડાવવાની, લખવાની કે સાંભળવાની અરુચિ હતી—કહીએ તો ઘૃણા હતી. ૭૫મા વર્ષનો ઉત્સવ ઊજવવા કેટલાંયે જણ ઠેકઠેકાણે ગુજરાતમાં ઉત્સુક હતાં છતાંયે એમની નામરજી આગળ કોઈનું ચાલે એમ ન હતું.

એક દિવસ મેં હિંમત કરી. તે તા. ૩૦-૭-'૩૪ની રાત હતી. નવ વાગ્યે. એમણે પોતાનીરોજનીશી (અપ્રકટ)માં નોંધ્યું છે: "ગોકુળભાઈ આવ્યા. પુષ્કળ વાતો થઈ (૧) મ્હારી જીવનનોંધ લખી લેવા......"

મારી વિનંતિ એમણે સ્વીકારી. ત્યાર પછી મુકરર કરેલ સમયે, તા. ૧૮-૮-૧૯૩૪થી પોતાની કથાના પ્રસંગો લખાવવા શરૂ કર્યાં. અત્રે જે આપું છું તે તથા એલ્ફિન્સ્ટન કૉલેજમાં પોતાની ૭૫મી વર્ષગાંઠે આપેલ ભાષણ—આટલું જ મેળવી શક્યો હતો. કૉલેજનું ભાષણ પ્રકટ થયું છે "રોજનીશી"માં, એટલે એ અહીં ઉતારતો નથી.

અત્રે જે ઉતારું છું તેમાં જોડણીનો દોષ હોય તે મારો છે. —ગો.]

જન્મતિથિ : ભાદરવા સુદિ ૭, ૧૯૧૫;
તા. ૩ સપ્ટેંબર, ૧૮૫૯.

જન્મસ્થળ : અમદાવાદ.

હું સાત વર્ષની ઉંમરનો હતો ત્હારે મ્હારી માતા ગુજરી ગઈ; તેથી માતા તરફથી જે કેળવણીનો લાભ મળે તેથી હું વંચિત રહ્યો. પરંતુ એ માતાના પ્રેમના સંસ્કાર અને એની તરફથી ગૂઢ રીતે મળેલા કેટલાક લાભ મેં "સ્મરણમુકુર"માં ચિત્રિત કર્યાં છે:

"હવે જરાક ખૂણો બદલીને મુકુર ધરું છું; તો કોણ પ્રગટ થાય છે? મા! મ્હારી મા! મ્હારી જનની! મ્હને છ વર્ષનો મૂકીને જે પ્રભુના દરબારમાં હાજર થઈ તે મ્હારી જનની! હેની સ્મરણમુકુરમાં છબી ઝાંખી તો નહિ પડે; પરંતુ પ્રસંગો અલ્પસંખ્ય હોઈ એ ચિત્રમાં વિવિધતા નહિ પ્રગટે હેમાં મ્હારો દોષ નથી, તેમ મ્હારી માતાનો પણ દોષ નથી. 'નમેરા કાળ'ને જ દોષ દઉં?

છ વર્ષની મ્હારી ઉંમર હતી તે વખતે હું નમાયો થયો, એટલે મુખ્ય ચિત્રરેખાઓ ગણીગાંઠી આવશે. માનવપ્રાણીનાં સ્મરણઘટના વિલક્ષણ છે: બાલ્યકાળ પછીના પ્રસંગો સ્મૃતિપટમાંથી લુપ્ત થાય અને શૈશવાવસ્થાના, ને ત્હેના પણ આરમ્ભના પ્રસંગોની છાપ દૃઢ પડે-હેવું બહુ વાર બને છે. આ રીતે મ્હારી દોઢએ વર્ષની, બહુ તો ત્રણ વર્ષની, ઉંમરનું ચિત્ર સ્પષ્ટરેખ હું જોઉં છું. હમારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરના ચોકમાં હમે બાળકો રમતાં હોઈયે, સન્ધ્યાકાળનો અર્ધાન્ધકાર પ્રબળ થવા માંડ્યો હોય, ઘરની ખડકીમાં પગલાં સંભળાય, તરત હું દોડતો ખડકી અને ચોકની પડાળી વચ્ચેના બારણામાં જઈને ઊભો રહું, મ્હારી '**મંમા**'-ની પ્રિય, રમ્ય મૂર્તિ ખડકીના અન્ધકારમાં પણ સુદૃશ્ય ઊભી થાય, અને વત્સલતાભર્યા સ્મિતમય વદનથી નિહાળતી '**મંમા**'ની કોટે હુ ઉલ્લાસભેર વળગી પડું! આ પ્રકારનો પ્રસંગ નિત્યનો બનાવ હતો; છતાં એ અનુપમ સુખ પ્રસંગમાં નિત્ય નવીનતા જ વિકસતી શાથી? પ્રભુ જાણે! પ્રભુ એકલા શું કામ જાણે? **માતાના** પુત્રો સર્વ કોઈ જાણી સકે. ના જાણી સકે તે ભાગ્યહીન!

મ્હારી માતા શરીરના બાંધામાં કાંઈક નાજૂક હતી, ઊંચાઈમાં વચલા વડની, મુખશોભામાં માધુર્ય, સૌન્દર્ય, અને સસંયમ ઉલ્લાસ વિલક્ષણ આકર્ષણ પૂરતાં હતાં. આ ચિત્ર મ્હારી કલ્પનાનું નથી, પ્રેમના પક્ષપાતનું નથી, પણ સ્નેહાળ પુત્રના સાચા સ્મરણમુકુરમાં સ્થપાયલા પ્રતિબિમ્બરૂપે પ્રગટ થયેલું છે. કાને મોતીના કાંટા, નાકે કીમતી, પાણીદાર મોતીનો કાંટો (હાલ તો નવી ફેશનની જડ પ્હેરનારીઓ જાણતી પણ નહિ હોય, હેવો કાંટો), કાંઈક ન્હાના કપાળ ઉપર નીચલા હોળેલા વાળથી દેખાવમાં વિનીતતા દીપાવનારી રચના, ગળામાં મોતીની સેર, હાથમાં મોતીની તેમ જ સૂનાની ચીપોથી મઢેલી ચૂડીઓ, ઘેરા કાથિયા રંગનું કસબી કોરનું લૂગડું;—આ સર્વ અંશોથી સજ્જ થયેલી મધુરમૂર્તિ સ્મરણમુકુરમાં પ્રગટ થાય છે તે સાથે જ ત્રણ વર્ષનો બાળક બની જાઉં છું, અને '**મંમા**' કહીને હેને કંઠ લટકી પડું છું! ચિત્રકાર! તું કુશલ હોય તો રેખાચિત્ર દોરી લે; રંગ પછી પૂરજે; મ્હારી માના મુખની દીપ્તિ અને મ્હારા મુખ ઉપરનો બાલોલ્લાસ ત્હારી પીંછી વડે ઉમેરીને સજીવ ચિત્ર રચજે. હું તો મ્હારી અસમર્થ લેખની નીચે મૂકી દઉં છું.

મુકુરમાં એકએક અલ્પ પ્રતિબિમ્બો ધસી આવે છે.

મ્હારી મ્હોટી બ્હેન અને એક હમારી એવડી જ ફોઈ-ની દીકરી, મ્હને આગળ કરીને **મંમા** કને મોકલે છે; '**મંમા! ઉંહ!**' '**મંમા! ઉંહ!**' એટલું જ હું ઠણુકતો બોલું છું, **મંમા** સમજે છે; ત્રીજા પ્હોરનો વખત થવાથી ડબ્બો ઉઘાડીને બધાંને ખાવાનો મગજનો લાડુ આપે છે; હું દરેક હાથમાં એકેકો લાડુડી લઈ વારાફરતી એક આખી ને આખી મ્હોંમાં, એમ બંને સ્વાહા કરી જાઉં છું!—આ ચિત્ર ખસી જાય છે. વળી એક દિવસ અમદાવાદ-માં નગરશેઠનો બંગલો સગાંવ્હાલાંને બતાવવા ગયાં ત્ય્હાં મ્હારી મ્હોટી બ્હેનનો બાળકપુત્ર એકાએક અન્તકાળની સમીપ આવ્યો, અને ઉતાવળાં પાછાં ઘેર આવિયે છિયે; મેનામાં **મંમા** જોડે હું એકલો બેઠો છું;—બીજાં બધાં ગાડીઓમાં બેઠેલાં; **મંમા**ના મુખમાંથી 'શ્રી રણછોડરાય!' 'શ્રી ડાકોરનાથ!' એટલું જ નામોચ્ચારણ નિશ્વાસો સાથે થયા કરે છે. હું ત્રણચાર વર્ષનો બાળક કશું સમજતો નથી. હવે સમજું છું; પ્રભુ! મ્હને શા માટે સમઝણો થવા દીધો?

વળી ચિત્ર બદલાય છે. એક કુટુમ્બનો નોકર દૂર રહી મ્હને રમાડવાના હેતુથી પણ અનિષ્ટ ચર્ચા કરે છે; **મંમા** શાન્ત રીતે મ્હારું ધ્યાન અન્યત્ર ખેંચે છે: કુમાર્ગ તરફ વિમુખ કરી સન્માર્ગ તરફ સંમુખ કરનારી—

'ઈશ્વરકરુણા ખરે! મ્હને આ માડીસ્વરૂપે
સ્મિત કરી પ્રીતિ ભરે ભરે આલિંગન શું એ!'

અને, ખરે, મ્હારાથી અજાણ્યા રહીને જ, મ્હારા અખંડ જીવનમાં **મંમા**નો આત્મા મ્હને સદા વીંટી લેતો, અલૌકિક વાતાવરણમાં દોર્યે જતો આજ જણાય છે. હું મ્હારું વ્યક્ત સ્વરૂપ ભૂલી જાઉં છું; કલોરોફોર્મ જેવી, પણ આધ્યાત્મિક કોઈ શક્તિને બળે ચોતરફ વીંટાઈ વળતા કોઈ અવર્ણ્ય સાગરજળમાં ડૂબી જાઉં છું. **મંમા** દિવ્ય લોકમાં રહેલી મ્હને ઉત્સંગમાં લઈને બાથમાં પકડી રાખે છે; અને અવ્યક્ત દશામાં વ્યક્ત સ્વરૂપો પ્રગટ થાય છે. એકાએક મ્હારી **જનની** મટી જઈ અદ્‌ભુત પરિવર્તન-દિવ્ય પરિવર્તન-ને બળે સહસા **જગજ્જનની** પ્રગટ થઈને મ્હને સંકેલી લે છે; અમૃતસ્વરૂપને આત્માના ઊંડાણમાં અનુભવું છું. '**જગજ્જનની!**' એમ પુકારું છું, ને પાછી **મંમા** પ્રગટ થાય છે. **મંમા!** મ્હને ત્હારા ઉછંગમાં સદા રાખ્ય! આવું! જ્ય્હારે '**જગજ્જનની** આજ્ઞા કરે ત્ય્હારે!'—અરે! હું શું કામ જાગ્યો? ('સ્મરણમુકુર': પૃ. ૫થી ૭ પ્રસ્તાવના)

મ્હને તથા મ્હારા ન્હાના બંધુ કૃષ્ણરાવને મ્હારી મ્હોટી બ્હેન જિથુબાએ મ્હોટા કર્યા; તેથી કાંઈક ઊનતા પુરાઈ. માતાનું મ્હારા બાલ્યકાળમાં મરણ થવાથી એક લાભ એ થયો કે મ્હારા પિતાનો સંસર્ગ ઘણો જ ગાઢ

[સંસ્કૃતિ, જાન્યુ. '૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને નિકટ રહ્યો. જેથી કરીને મ્હારાં મન તથા હૃદયને સારા સંસ્કારો સારી રીતે મળ્યા. નોકરીને સંબંધે મ્હારા પિતા જે જે સ્થલે રહેલા ત્યહાં હું પણ રહેલો. મારા પિતા હંમેશાં પ્રાતઃકાળમાં જલ્દી ઊઠતા અને મ્હને તથા મ્હારાથી દોઢ વર્ષે મ્હોટી બાળાને વહેલાં ઉઠાડીને પગે ચાલવાની કસરતની ટેવ પાડતા. ખુલ્લી હવામાં આ પ્રકારનો વ્યાયામ અને પ્રાતઃકાલમાં વહેલા ઉઠવાની ટેવ આગળ ઉપર કેટલાંક વર્ષે સરકારી નોકરીમાં હું દાખલ થયો ત્યહારે પુનરપિ જાગ્રત થઈ. જેથી કરીને પાછલી રાત્રે ચારપાંચ વાગે ઊઠીને ગામડાં તપાસવાને હું જતો ત્યહારે વીશેક માઈલ ઘોડા ઉપરની સવારીનો લાભ મળતો.

અભ્યાસકાલમાં મ્હારી આંખ્યની નબળાઈને પરિણામે હાઈસ્કૂલમાં હતો ત્યાં સુધી તો હું કદી રાત્રે વાંચતો નહિં. માત્ર શનિવારની સવારની સ્કૂલ માટે શુક્રવારની રાત્રે વાક્યપૃથક્કરણનું લખવાનું કામ કરવું પડતું. મુંબઈ મૅટ્રિક્યુલેશનની પરીક્ષા આપવા હું ગયો ત્યહારે બેત્રણ સહાધ્યાયીઓની સાથે શરમાશરમી રાત્રે વાંચવા બેસતો. પરંતુ હું કશું લક્ષ દેતો નહિં. કૉલેજમાં દાખલ થયા પછી રાત્રે અભ્યાસ કરવાનો પ્રયોગ શરૂ કરવો પડ્યો. પરંતુ વિશેષ નહિં. વર્ષનો મ્હોટો ભાગ આળસમાં ગાળવાને લીધે પરીક્ષાના બેત્રણ મહિના બાકી રહે ત્યહારે રાત્રે બારબાર વાગ્યા સુધી અને તેથી પણ આગળ જોશભેર વાંચવાનું ચાલતું. આ ક્રમ મ્હારી સાથે સંભાળ રાખવાને મૂકેલા એક કુટુંબના જુના સેવકે ફેરવાવ્યો. પહેલી રાત્રે વહેલા ઊંઘવું અને પાછલી રાત્રે વહેલા ઉઠાવવાનું હેણે માથે લીધું; અને ખરેખર તેથી મ્હારા મન તથા શરીરને ખાસ ફાયદો થયો. એ સેવક ન હતા, કુટુંબના માણસ જેવા હતા; હેનું નામ ધનેશ્વર મા'રાજ. પગાર રૂપિયા ચારનો, જન્મપર્યંત નોકરી કરી અને પેનશન પણ ભોગવ્યું. કૉલેજના અભ્યાસ પછી નોકરી પ્રસંગે જુદા જુદા જીલ્લામાં મ્હારે જવું પડેલું ત્યહાં પણ ધનેશ્વર મા'રાજ ખરા. હેમને અક્ષરજ્ઞાન ઓછું જ હતું પરંતુ શ્રવણથી જ્ઞાનનો ભંડાર હેમણે સારો પ્રાપ્ત કર્યો હતો. વેદાંતની કથા કહેનાર જયકૃષ્ણ મહારાજ (વિશ્વનાથ પ્રભુરામ વૈદ્યના કાકા) કથા કરતા હતા તે સાંભળવાને મુંબઈમાં ધનેશ્વર મા'રાજ રોજ સાંજે જતા અને જે જે નવું સાંભળી આવે, કેટલાક નવા શબ્દો જાણી આવે તે મ્હને કહીને અર્થ પણ પૂછતા. વ્રજભાષાના અનેક કવિતો સાહિત્યગુણવાળાં તેમ જ લૌકિક રસવાળાં હેમને કંઠસ્થ હતાં. એ કવિતોમાંથી એક રમૂજી કવિત અંહી ઊતારું છું:

'દેશપતિ જબ રીઝત હૈ તબ દેવત કામ બડો સુખકારિ,
ગામપતિ જબ રીઝત હૈ તબ દેવત ખેત બડો નિરધારિ,
ખેતપતિ જબ રીઝત હૈ તબ દેવત અન્નકી પાલિ દો પાલિ,
પર રીઝત નહીં બનિયા કછુ અંદર કાઢત દાંત અરૂ લેવત તારી.'

ખીચડીનું સ્તુતિ કરનારું એક કવિત હેમણે કહેલું મ્હને પુરું યાદ નથી પણ એની છેલ્લી પંક્તિ કંઈક આમ હતી:

'ખાવણમાં સુધિ, પચાવનમેં સુધિ,
મુસાફિર કી મૈયા કુરઆન જાવો ખીચડી.'

વેદાંત સંબંધી કેટલાંક પદો વગેરે પણ હેમણે મ્હને સંભળાવેલાં. દા. ત.:

'દાસોહમ્ દાસોહમ્ કરતાં દદો વિસરી જઈએ રે'

આટલી જ પંક્તિ યાદ રહી છે. બીજો એક પદ્યભાગ નીચે પ્રમાણે સાંભરે છે:

'તેજ વાયુ ને પૃથ્વી અંબર ને અંબુ,
પાંચ શૂન્ય સમાવતાં શેષ રહે તે શંભુ.'

શૃંગારરસનાં કવિતો પણ હેમને કેટલાંક કંઠસ્થ હતાં. આવા અણકેળવાયલા છતાં કેળવાયલા કુટુંબજનવત્ સેવકના સંસર્ગથી પણ મ્હને અનેક લાભ થયા હતા. મુંબઈમાં હું ભણવા રહેતો ત્યહારે એ પોતે જ રાત્રે મ્હને કેટલેક ઠેકાણે ઊંચા માળ પર નૃત્યગીત ચાલતું તે સંભળાવવાને રસ્તામાં ઊભો રાખતા. એવી રીતે આ અપૂર્વ આનંદ હું મેળવતો હતો તે વખતે રસ્તે જનાર એક પથિક પણ સંગીતની નકલ કરીને હાથપગના ચાળા કરીને પોતે જ નાચવા લાગ્યો અને એ ચેષ્ટાથી અને હેના અવાજથી જણાઈ આવ્યું કે એ આનંદનું મૂળ મધુપાનમાં હતું. ધનેશ્વર મા'રાજના ગુણજોગો એકાદ દોષ પણ હતો—કંજુસાઈ. મ્હારી જોડે કેટલાક મિત્રો અભ્યાસ માટે રહેતા; તેમને રાત્રે જમવામાં દૂધ ઓછું આપે અને મ્હારા વાડકામાં વધારે પૂરે, તેથી મ્હને અણગમો થતો હતો તે વાણીથી નહિં પણ અદલબદલ ઠામે બેસીને પ્રગટ કરતો હતો. હવે વિષયાંતરતા વધારે નહિં કરું. કહેવાની મતલબ એટલી જ કે મ્હારા ચારિત્ર્ય, સ્વભાવ ઇત્યાદિના ઘડતરમાં જે જે જ્ઞાત અને અજ્ઞાત બળોનો પ્રવેશ થયો તેમાંથી થોડકનો ઈશારો કરવો.

અભ્યાસકાળના અનુભવોમાંથી એક રમૂજી અનુભવ નોંધું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એલ્ફિન્સ્ટન કોલેજના મ્હારા એક સહાધ્યાયી કને એક ' Instatue quo ' chess board વિલાયતી દીઠું. તેની કીમત રૂપિયા દશ કે વધારે હતી તે ખરચવાની મ્હારી હિંમત ના ચાલી તેથી તે ચેસબોર્ડ નમૂના માટે હું લઈ ગયો અને પાયધૂણીની પેલી મેર કેટલાક સુથારોની દુકાન હતી ત્યહાં બતાવ્યું; અને એ નમૂનાનું બનાવી આપવાની માંગણી કરી. સુથારે મ્હને પૂછયું : તમે શેતરંજ રમી જાણો છો? મ્હેં હા કહી અને હેની ઉત્સાહભરી માંગણીથી હેની જોડે રમવાને બેસી ગયો. નજોરી બાજી તેવામાં આવડતી ન્હોતી તેથી આ બાજી બહુ લાંબો કાલ ચાલી. સાંજનો પ્હોર થઈ ગયો, અંધારું થઈ ગયું અને છેક મોડો ઘેર આવ્યો. મ્હારી સાથે રહેનારા એક મિત્રને આ વાત મ્હેં કહી ત્યહારે હેણે હસીને કહ્યું કે નરસિંહ મહેતા ભજન કરવા બેઠા હતા તેવું કર્યું.

એક બીજો રમૂજી પ્રસંગ.

વાંદરામાં બ્લ્યૂ બંગલામાં પેનશન લીધા પછી હું રહેતો હતો તે વખતે વાંદરા પૉઈન્ટ ઉપર હું ફરવા જતો હતો. સડક ઉપર ઇજનેરખાતાનું મરામતી કામ ચાલતું હતું. સાંજને પહોરે કામથી પરવારેલો એક રખેવાળ મજૂર બાજુ ઉપરની ખાલી જમીનમાં બેઠો બેઠો કેરોસીનનો ખાલી ડબો ધૂમધૂમ વગાડ્યા કરતો હતો. અને એ મ્હારી વિચારમાળામાં વિક્ષેપ લાગવા છતાં એ જુદી જ રીતે વારવાનું કર્યું. ચાલતે ચાલતે મેં ગાયું :

'હરિ ભજના વિણ કાળ ઘાલવું નકો રે,
અંતરીચા જ્ઞાનદીવા માલવું નકો રે'

અને વધારાની પંક્તિ ઉમેરી

ઘાસલેટચા ખાલી ડબા વાજવું નકો રે

મજૂર ખડખડ હસ્યો અને તરત વાદ્ય બંધ કરી દીધું.

અમદાવાદમાં હાઈસ્કૂલમાં હું ભણતો હતો તેવામાં સ્કૂલમાંથી છૂટીને સાંજે સાબરમતી નદીની રેતીમાં આટાપાટાની રમત સહાધ્યાયીઓ જોડે રમીને હું અંધારું થતે ઘેર પહોંચતો. આ પ્રકારથી મ્હારા પિતા મ્હારા ઉપર નાખૂશી બતાવતા હતા. છતાં મ્હારાથી મિત્રોને કહેવાતું નહિં કે મ્હને વહેલો જવા દ્યો, મ્હારા પિતા ગુસ્સે થાય છે. આખર બહુ થયું એટલે દેળાસર એકએ મિત્રોને લઈ ને અમદાવાદની પૂર્વ દિશામાં ગોમતીપુરના રસ્તામાં રમીને ઘેર વહેલો આવતો. ત્યહાં ગામડાનાં છોકરાં જોવા ઊભાં રહેતાં ને એ લોકોના કુતૂહલભર્યા પ્રશ્નોના ઉત્તરમાં એ ગામનો જ એક છોકરો હમારી જ કલાસમાં ભણતો હતો તેનું નામ દઈ ને ઓળખાણ આપી. એટલે એ છોકરાએ તિરસ્કારયુક્ત વાણીમાં એ છોકરાનો ઉપહાસ કર્યો અને મ્હોટો ભણેલો થઈ ગયો છે એમ કહ્યું.

ઉપર જણાવેલી મ્હારી હિંમતની ખામીનું એક બીજું ઉદાહરણ જુદા જ રૂપમાં જણાવું છું :

સ્થલ : મુંબઈમાં મારબાવડી પાસે, ભીમાશેઠની વાડી અંદરનું બાજુ ઉપરનું એક માળનું મકાન; સમય : સવારના ૯–૧૦ કલાક.

બનારસનો એક નાગર બ્રાહ્મણગોર મળવા આવ્યો. હેનું ઓળખાણ તે પૂર્વે પ્રસંગવશાત કાવસજી પટેલ પાસેના તળાવ પાસેના ધીરજલાલના માળામાં થયું હતું. માણસ ઘણો ધૃષ્ટ, બહુ વાર તડાકા માર્યા પછી મને કહે કે આ વાડીના શેઠ જોડે ઓળખાણ કરાવો. મ્હને એ શેઠના કુટુંબ જોડે ખાસ પરિચય ન્હોતો; છતાં એ ગોરને ના કહી સકાઈ નહિં. વાડીના મધ્ય ભાગમાંના બંગલામાં હેને હું લઈ ગયો. શેઠ જોડે ઓળખાણ કરાવ્યું. એ ગોરે લાંબી લાંબી બડાઈની વાતો કરવા માંડી. બહુ વાર થઈ, એ ઉઠે જ નહિં, પછી મ્હને કહે, જાઓ, મારે માટે તમારા ઘરમાં ચા તૈયાર કરાવો. પછીથી ધનેશ્વર મા'રાજના કહેવાથી જાણ્યું કે શેઠ કને હેણે પાંચ કે દશ રૂપિયા મોંએ ચઢીને માંગીને લીધા ને પરભાર્યો ચાલ્યો ગયો.

આ મારી શરમાળ ટેવ હવે તો ચાલી ગઈ છે.

૨

એક પ્રસંગ

(તા. ૭-૯-૩૪ શુક્રવારને દિને લખાવ્યો)

હું બ્લ્યૂ બંગલામાં રહેતો હતો તેવામાં એક મહેતાજી વર્ગનો માણસ રા. અંજારિયાએ મોકલેલો મળવા આવ્યો. મુંબાઈની એક પારસીની કન્યાશાળામાં શિક્ષક તરીકે સ્થાન લેવાને એ ઉમેદવાર હતો. પરંતુ એ ખાનગી ખબર આપ્યાથી એના ચારિત્ર્ય વિષે શક હતો એ જગ્યા માટે હું સિફારશ કરી શક્યો નહિં. ફરદુનજી દસ્તુર કાર્યકર્તા હતા તેમને મ્હારે સ્પષ્ટ કહેવું પડયું. એ માણસ હોંશિયાર હતો પણ એને નિરાશ કરવો પડયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક દિવસ પાછલી રાત્રે ચાર વાગ્યે બ્યૂ બંગલાની નીચે સ્હામે પથ્થરની બેઠક ઉપરથી એક મધુર ગીતધ્વનિ આવ્યો. હું જાગ્યો, બાકી આગળ જઈને સાંભળ્યું તો "મંગલ મંદિર ખોલો, દયામય!" એ પ્રાર્થના મ્હેં ભૈરવીમાં યોજેલી તે ભજન આશાવરી સૂરમાં અપૂર્વ માધુર્યથી બેસાડેલ ગવાતું હતું. સુશીલાને પૂછ્યું: ભૈયાઓને તો આ ભજન લભ્ય હોય? નહિં. કોણ હશે? કતૂહલથી અને મધુર ધ્વનિના આકર્ષણથી હું નીચે ઊતર્યો. બેઠક પાસે એક ટેક્ષી ઊભી હતી. હું નજીક ગયો. તો અંદરથી ઊતરી એક માણસે મને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. "તમે કોણ?" મ્હેં પૂછ્યું. હજી પૂરું અજવાળું થયું ન્હોતું. ઉત્તર મળ્યો:—"હું—આપના દર્શન માટે જ આવ્યો છું."

મેં ઓળખ્યો. અક્ષમાનો ભાવ આર્દ્રતામાં પીગળી ગયો છતાં બીજી ક્ષણે બોલવું પડ્યું: "મ્હને માફ કરો, હું મળી શકું એમ નથી." હેણે કહ્યું: "હું મુંબઈથી ઘણી વાર ટેક્ષી કરીને નીકળું છું."

આટલું કહી પ્રણામ કરીને એ ચાલ્યો ગયો.

તે વખતની મારા હૃદયની લાગણીઓ તે દિવસની મારી ડાયરીમાં નોંધેલી છે.

વાંદરા તા. ૧૧-૧૧-૧૯ મંગળવાર

સ્હવારે પાંચ વાગ્યે હું તૈયારી કરતો હતો. એટલામાં કોઈ બુલંદ અવાજે ગાતું સંભળાયું. મધુર અવાજથી સારું ગાતો કોક હતો. આસાવરીના સૂર થતા હતા. શબ્દો સમઝાવા લાગ્યા. મં-ગ-લ-મં-દિ-ર-ખો-લો-દ-યા-મ-ય નક્કી એ જ ગીત!

એક મોટર પથ્થરની બેઠક આગળ ઊભી હતી. મ્હારા ધીરજ રહી નહિં, ને નીચે ઊતર્યો—હું જાણું છું તે ગાનારને ખબર ના હોય તેમ-જીવનવન અતિ વેગે વટાવ્યું એ શબ્દો નીકળ્યા મોટરમાંથી જ, "કોણ છે એ?" મ્હેં પૂછ્યું "એ તો હું છોટાલીલ!" "પણ અહિં શા માટે?" "કાંઈ જ નહિં, ફક્ત આપને આશીર્વાદ દેવાને."

હું ઘરમાં ચઢું છું તેટલામાં તો ટેક્ષીમાં બેસીને પાછો એ ગયો,—ગૂમ થઈ ગયો.

આ શી Dramatic, Romantic રચના હેણે કરી? તે ૧૦-૧૫ રૂપિયા ટેક્ષીના ખરચીને! માત્ર પેલી નોકરી મેળવવાને?

મ્હારું હૃદય વીંધાયું; અંદર જઈને ખુરશી ઉપર બેશી જઈને હું રોઈ પડ્યો. હૃદયે હૃદયનું કામ કર્યું-અને મને સમતોલ રાખ્યો. હેની યુક્તિને વશ હું ના જ થયો-તો પણ પ્રભુ! હેના આ અચિન્તિત કોમળ કૃત્ય માટે હેને સુખી કરો!

[અનુસંધાન પૃ. ૧૮થી]

માં આ ચારમાંથી એકાદનું નિરૂપણ હોવું જોઈએ. આ પરિભાષાને નજર આગળ રાખીને હું સરસ્વતીચંદ્રને નવલકથા નથી કહેતો પણ સકલકથા કહું છું.

આપણા સાહિત્યમાં રામાયણ અને મહાભારત આ દૃષ્ટિએ સકલકથા છે. માનવજીવનના ચારે પુરુષાર્થનું નિરૂપણ એમાં છે. એવી જ રીતે સરસ્વતીચંદ્રમાં પણ માનવજીવનના ચારે પુરુષાર્થનું નિરૂપણ છે. પહેલા બે ભાગમાં અર્થ અને કામનું નિરૂપણ છે. લક્ષ્મીનન્દન અને મુંબઈ, સુવર્ણપુર અને રત્નનગરી — એ અર્થનાં પ્રતીકો છે. અને બુદ્ધિધન, શઠરાય અને ભૂપસિંહની કથા કામના, ધર્મવિમુખ કામના નિરૂપણની કથા છે. બીજા ભાગમાં પણ અર્થ અને કામ છે, પણ એ બન્ને ત્યાં ધર્માભિમુખ બનતા જાય છે. ત્રીજો ભાગ ધર્મપ્રધાન છે અને ચોથામાં મોક્ષને પ્રધાનપદ આપી અર્થ, કામ અને ધર્મની સૂક્ષ્મ મીમાંસા કરવામાં આવી છે. આમ સરસ્વતીચંદ્ર સકલકથા છે. માનવજીવનનું સમગ્રતયા એમાં નિરૂપણ થયું છે. એમાં ચારે પુરુષાર્થનું, સત્ત્વાદિ ત્રણે ગુણોનું, શૃંગારાદિ બધા રસોનું, ચારે વર્ણ અને ચારે આશ્રમના ધર્મોનું — એમ સમગ્ર માનવજીવનનું અદ્ભુત નિરૂપણ છે. આ ભારતીય દૃષ્ટિને ધ્યાનમાં રાખીને આપણે એને નવલકથાને બદલે સકલકથા કહીએ તે જ યોગ્ય છે.

અને એ સમગ્ર માનવજીવનની કથા છે તેથી જ આગળ કહેલા સમસ્ત લોકને માટે એ ઉપભોગ્ય બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોડકણાં—રવીન્દ્રનાથ ઠાકુરના વિચારો

રમણલાલ સોની

જોડકણાંનું ઐતિહાસિક મૂલ્ય હોઈ શકે, પણ તેનો સહજ સ્વાભાવિક કાવ્યરસ વધુ કીમતી છે. સમાલોચનનાં કાટલાં મારી પાસે નથી, હું તો અનુરાગ-વિરાગ ઉપર નિર્ભર રહું. સારું ખોટું ન કહું, પણ ગમ્યું ન ગમ્યું કહી શકું.

સમાલોચનમાં અહમિકા છે, આત્મરક્ષાનો અંશ છે; કારણ કે મારી બાલસ્મૃતિથી વિચ્છિન્ન કરીને એનો રસાસ્વાદ હું નથી ભોગવી શકતો.

જોડકણાંમાં એક ચિરત્વ છે—લખનારનું નામ નથી કે તિથિવાર નથી. આજે લખાયું હોય તોયે પુરાતન છે ને હજાર વરસ પહેલાંનું હોય તોયે નૂતન છે.

શિશુના જેવું પુરાતન કોઈ નથી. માણસ દેશકાલની અસરથી બદલાયો છે, શિશુ શતસહસ્ર વરસ પહેલાં હતો તેવો ને તેવો છે—તેવો જ નવીન, સુકુમાર, મૂઢ ને મધુર. કારણ કે તે પ્રકૃતિનું સર્જન છે. પણ વયસ્ક માણસ મોટે ભાગે માણસની પોતાની રચના છે. જોડકણાં પણ માનવમનમાં સ્વયં જન્મેલાં છે.

જોડકણાંની સાથે જે સ્નેહસંગીત ને સંધ્યાદીપનું સૌન્દર્ય હમેશ માટે એકાકાર થયેલું છે, તે મોહમંત્રની પેઠે વાચકની આગળ જાગી આવે છે.

વ્યાકરણની પાળોમાં બાંધેલી રીતસરની સાફ ભાષામાં લખાતા નિબંધમાં આ ઘરઘરની, વેશભૂષા વગરની, અસંસ્કૃત ભાષાનાં જોડકણાંને ખડાં કરવાં તે તેના પર અત્યાચાર કરવા જેવું છે—અદાલતના સાક્ષીના પાંજરામાં ઘરની વહુને ઊભી કરી ઊલટ તપાસ કરવા જેવું આ લાગે છે.

'અડી કડી સોનાની કડી, બાવો બેઠો મેડી પડી'—વગેરેમાં અતિ સામાન્ય પ્રસંગસૂત્ર પર કેટલાંક અસંલગ્ન ચિત્રો છે- વિવેક દેખાતો નથી—જાણે કવિત્વના સિંહદ્વાર આગળ શાંત શારદની બપોરના મીઠા તડકામાં બેઠો દ્વારપાળ લાંબા ટાંટિયા કરી ઊંઘતો પડ્યો છે. શબ્દો ને ભાવ કોઈ પણ જાતનો પરિચય આપવાની તકલીફ લીધા વગર, કોઈ પણ બહાનું કાઢ્યા વગર જ, દ્વારપાળના પગ કૂદીને, તો વચમાં વચમાં નાનકડા હાથ વડે તેના કાન આમળીને, કલ્પનાના ગગનભેદી માયામહેલમાં લહેરથી આવ-જા કરે છે. દ્વારપાળ જો ઝોકાં ખાતો ખાતો ઓચિંતાનો ચમકીને જાગી પડે તો પલકમાં બધાં ક્યાંનાં ક્યાં ભાગી જાય!

જોડકણાંનું રાજ્ય સાધારણ રાજ્ય નથી. ત્યાં બનાવો એવા અનાયાસે બની શકે છે, ને અનાયાસે નથી પણ બનતા કે કોઈને પણ કશાને માટે, જરા પણ ચિંતા કરવી પડતી નથી. એટલે, આમ કેમ, આમ કેમ નહિ, આની પછી આ કેમ, એનું કોઈ કારણ હું બતાવી શકતો નથી.

આમાં કૌશલથી પ્લૉટ બાંધવાની કોઈને પડી નથી.

બાળકને મનનું બંધન પીડા કરનારું છે. તેના સ્વભાવમાં મનનો પ્રતાપ ક્ષીણ છે. સુસંલગ્ન કાર્યકારણ સૂત્ર પકડીને વસ્તુને છેક સુધી અનુસરવાનું તેને માટે અશક્ય છે. તે સાગરકાંઠે રેતીનાં ઘર કરે, તેમ માનસજગતના સિંધુતટે પણ આનંદથી તેવાં ઘર બનાવે છે. એમાં યોજના નથી, સ્થાયિત્વ નથી, તેથી જ બાલ્યસ્થાપત્ય તરીકે તે સર્વોત્કૃષ્ટ બને છે—ઘડીકમાં મહેલ બનાવી લેવાય, સુધારાય ને ન ગમે તો ભાંગી નખાય ને લહેરથી ઘેર જવાય.

બાળક નિયમને માની શકતો નથી. નિયમહીન ઇચ્છાનંદમય સ્વર્ગમાંથી તે હમણાં આવ્યો છે. તેથી જોડકણાંનાં ચિત્રો મનમાં પેદા કરીને તે મર્ત્યલોકમાં દેવતાની જગત

[સંસ્કૃતિ, જાન્યુ. '૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીલાનું અનુકરણ કરે છે. માટે શાસ્ત્રમાં બાળકની લીલાને ઈશ્વરની લીલા સાથે સરખાવી છે.

જોડકણાંમાં ઘટનાઓ અદ્ભુત, પણ **સ્વપ્ન જેવી** સત્યવત્ હોય છે. દાર્શનિકો જગતને સ્વપ્ન કહી ઉડાવી દે, પણ સ્વપ્નને નહિ ઉડાવી શકે. જગત સત્ય નથી તો શું છે?–સ્વપ્ન છે. જાગ્રત દશામાં સત્યને પણ નહિ માને, પણ તે જ માણસ સ્વપ્નાવસ્થામાં બિલકુલ અસંભવિતને પણ વિના શંકાએ સ્વીકારી લે છે. આમ વિશ્વાસજનકતાનો ગુણ સ્વપ્નમાં છે તેવો બીજી કશામાં નથી.

આમ પ્રત્યક્ષ જગત આપણને સત્ય નથી એટલું જોડકણાં-જગત બાળકને સત્ય છે. આપણે સત્યને અસંભવ કહી જવા દઈએ ને બાળક અસંભવને સત્ય ગણી સ્વીકારે.

બાળપણમાં ચરિત્રવિશ્લેષણ તરફ નહિ પણ ચિત્ર-વિરચન તરફ મનની ગતિ હોય છે.

કહે છે કે મંગલ અને બૃહસ્પતિના ઘરમાં કેટલાક ટુકડા થયેલા ગ્રહો છે—કોઈ કોઈ કહે છે કે એક મોટો ગ્રહ હતો તે ભાંગીને ટુકડા થઈ પડ્યો છે. આ જોડકણાં મને એવા ટુકડા-ગ્રહો જેવાં લાગે છે. આમાં કંઈ કંઈ પ્રાચીન ઈતિહાસ ને સ્મૃતિના અંશો છે. કોઈ પુરાતત્ત્વવિદ્ એને નહિ જોડી શકે પણ આપણી કલ્પના એ અવશેષોમાં એ વિસ્મૃત પ્રાચીન જગતનો દૂરનો છતાં નિકટનો પરિચય આપવા પ્રયાસ કરે છે.

પણ બાળકની કલ્પના આ ઐતિહાસિક ઐક્યરચના માટે ઉત્સુક નથી. તેને મન બધું વર્તમાન છે, ને વર્તમાનનું જ ગૌરવ તે ગણે છે. તેને પ્રત્યક્ષ ચિત્ર જોઈએ છે, તે ચિત્રને તે ભાવના ધુમ્મસમાં ઝાંખું કરવા નહિ ઇચ્છે.

કોઈ જોડકણામાં ચિત્રો, પંખીઓની સ્વતંત્ર ઊડની પેઠે ઝડપથી બાળકને નવા નવા આઘાત આપી જાય છે. દરેક ચિત્ર સ્વતંત્ર. કોઈ આપણને પકડી રાખે નહિ, આપણે એકેને પકડી રાખી શકીએ નહિ.

સ્વપ્ન રચવું બહુ અઘરું છે. મનમાં થાય કે ગમે તેમ ખવાથી જોડકણું બની જશે. પણ એ 'ગમે તેમ'નો ભાવ આણવો સહેલો નથી. દુનિયાના દરેક કામમાં આપણને એવી ટેવો પડી ગઈ છે કે સહજ ભાવ કરતાં સચેષ્ટ ભાવ આપણને સહેલો લાગે છે. અજાણ્યે ચેષ્ટા આવી જવાની, ને તે વખતે ભાવ લઘુ મેઘાકારનો ત્યાગ કરી પાંખોવાળો બને છે, પવનમાં ઊડવાની એની તાકાત મટી જાય છે. આથી જોડકણાં લખી શકે તે સહજ ભાવે લખી શકે, પણ જેને તે જરા પણ અઘરું લાગે તેને તે અસાધ્ય જ હોય છે. સહજનું મુખ્ય લક્ષણ જ એ છે કે જે સૌથી સરલ છે તે સૌથી કઠિન છે.

જેમ વાદળાં ને સ્વપ્નાં એકબીજામાં મળી જાય તેમ જોડકણાં પણ એકબીજામાં મળી જાય છે. આને કોઈ ચોરી કે ભાવવિપર્યય નથી કહેતું. કારણ કે જોડકણાં માનસિક મેઘરાજ્યની લીલા છે. ત્યાં સીમા, આકાર કે અધિકારનો પ્રશ્ન ઊભો થતો નથી. ત્યાં પોલીસ નથી કે કાનૂન નથી.

જોડકણાંમાં ઘટનાઓનું અનુસંધાન નથી. મોટો ભાગ બનાવટી હોય છે. પણ પ્રમાણો દ્વારા બનાવટને સત્ય કરતાં-યે વધારે વિશ્વસનીય બનાવવાની આમાં કોઈને કલ્પના પણ નથી. આ ઘટના નથી સત્ય, નથી મિથ્યા,—એથી પર છે. એક વાત કહેવાતામાં બીજી કહેવાઇ જાય છે. સ્વપ્નમાં પણ એવું જ બને છે. શબ્દ સાદૃશ્ય કે બીજા કોઈ જૂઠા, તુચ્છ સંબંધ-સૂત્રે એકમાંથી બીજી વાત રચાય છે. પળ પહેલાં તેના સંભવતું લેશ પણ કારણ નહોતું. પળ પછી સંભવિતતાના રાજ્યમાંથી તે આપોઆપ સરી જાય છે. પણ છંદના તાલે તાલે સુમિષ્ટ કંઠ દ્વારા જેની આગળ આ અસંલગ્ન અસંભવિત ઘટનાઓ રજૂ થાય છે તે, તે વિષે નથી અવિશ્વાસ કરતો કે નથી શંકા કરતો.

બાળકો ચિત્ર પણ જરાક જ શ્રમે જોઈ શકે છે. કારણ દેવતાના જેવી ઇચ્છાશક્તિ. લૂગડાના ગાભાને માથાવાળો મનુષ્ય સમજી તેને પોતાના સંતાનરૂપે લાડ કરવાં એ સાધારણ વાત નથી. મૂર્તિમાં જરા પણ ત્રુટિ હોય તો આપણી કલ્પનાને આઘાત પહોંચે છે.—આપણે બાહ્યજગતના જડ શાસનથી નિયંત્રિત છીએ. આંખે દેખાય તેવું જ માનીએ. પણ બાળક આંખથી દેખાય તેને સાધન ગણી, મનમાં, મનગમતું સ્વરૂપ ઘડી લઈ શકે છે.

પણ કોઈ કોઈ વાર જોડકણાંમાં ચિત્રની રેખા અતિ સ્પષ્ટ હોય છે. બાળમનમાં એક લીટીના ઘસરકાથી આખું ચિત્ર ઊભું થઈ જાય છે.—દીવાસળી એક ઘસરકાથી ભક દઈને સળગી ઊઠે તેમ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ વાર એક તુચ્છ વિષયના ઉલ્લેખથી આખો સમાજ સજીવ બની આપણને દેખાય છે. એ તુચ્છ વિષય આવી સહેલાઈથી, આવી હિંમતથી મોટા મોટા સાહિત્યમાં નહિ પ્રવેશી શકે, અને પ્રવેશે તો આપોઆપ તેનું રૂપાન્તર કે ભાવાન્તર થઈ જાય.

આમાં દેશનું દર્શન, ગામનું સંગીત અને ઘરનો આસ્વાદ મળે છે.

ચિત્ર અદ્ભુત પ્રકારનું હોય તો ઊલટું સારું. કારણ કે નૂતનત્વ ચિત્રને વધારે અસર કરે છે. બાળકને મન કશું અદ્ભુત નથી, કારણ તેને કશું અસંભવિત નથી. સંભવિતતાની છેલ્લી ભીંતે માથું પટકીને તે હજી પાછો ફર્યો નથી. તે કહે છે કે જો કંઈ પણ સંભવિત હોય તો બધું સંભવિત છે. એક ચીજ અદ્ભુત ન હોય તો બીજી કેવી રીતે અદ્ભુત હોઈ શકે? બે માથાવાળો કે માથા વિનાનો માનવી પણ મારે મન એક માથાવાળા માનવી જેટલો જ સત્ય છે, તે મારા અનુભવમાં ગમ્ય છે.

એક વાત છે. એક માણસે સભામાં આવી કહ્યું: આજે રસ્તામાં મેં એક નવાઈની વાત જોઈ. લડતાં લડતાં એક માણસનું માથું કપાઈ ગયું, તોયે તે દસ ડગલાં ચાલી ગયો! બધાએ નવાઈ પામી કહ્યું: શું કહો છો? દસ ડગલાં ચાલી ગયો? તેમાં એક સ્ત્રી હતી. તેણે કહ્યું: 'દસ ડગલાં ચાલ્યો એમાં કશી નવાઈ નથી. નવાઈ તો એ પહેલું ડગલું ચાલ્યો એમાં છે!' આ રીતે સૃષ્ટિનું પણ પહેલું પગલું મહાશ્ચર્ય છે—કંઈક પણ બન્યું, થયું, એ જ પરમ વિસ્મય છે, અને પરમ વિસ્મયનું વિસ્મય છે, પછી પણ કંઈ બને છે તેમાં વિસ્મય નથી. બાળક એ પ્રથમ આશ્ચર્ય તરફ પ્રથમ દૃષ્ટિપાત કરે છે, આંખ ઉઘાડતાં જ તે દેખે છે કે ઓહો! ઘણું ઘણું છે, એટલે બીજું પણ ઘણું ઘણું હોવા વિષે તેને જરાયે અસંભવિતતા નથી લાગતી. આથી જોડકણાંના દેશમાં સંભવ-અસંભવની વચમાં સિમાડાની તકરાર નથી.

બાળકે કે તેના બાપે પણ કદાચ સાગરમાં નૌકા ન જોઈ હોય, પણ એ અપૂર્વતામાં જ એનું ખરું કૌતુક છે.

મધુર છંદ સાંભળી જેમ એને ગાનમાં બાંધવા મન થાય છે તેમ આ બધાને રેખાચિત્રમાં ઉતારવા મન થાય છે. પણ હાય, આ બધાં ચિત્રોનો રસ નષ્ટ ન થાય અને એની બાલ્યસરળતા, ઉજ્જ્વળ નવીનતા, અસંશયતા, **અસંભવિતની સ્વાભાવિક સંભવિતતા** સાચવીને ચીતરી શકે એવો ચિત્રકાર આપણા દેશમાં ક્યાં છે? ખરેખર, એ સર્વત્ર દુર્લભ છે.

ખગોળવેત્તાઓ નિહારિકાનું નિરીક્ષણ કરતાં કરતાં એ જ્યોતિર્મય બાષ્પરાશિમાં કોઈ કોઈ જગાએ બાષ્પને નક્ષત્રરૂપે પરિણમતું જુએ છે. તેવી રીતે જોડકણાંની નિહારિકામાં કોઈ કોઈ જગાએ અર્ધસંહત આકારબદ્ધ કવિત્વની મૂર્તિ દેખા દે છે. એમાં જટિલતા નામે નથી —બાળપૃથ્વીની પેઠે હજી તેની તરલાવસ્થા ચાલે છે, હજી કઠિનતા આવી નથી.

હવે એક જોડકણું જોઈએ:

'જાદુ, આ તો મોટા રંગ, જાદુ, આ તો મોટા રંગ!
ચાર કાળા બતાવે તો આવું તારી સંગ!'
'કાગડો કાળો, કોયલ કાળી, ભમરો કાળે વેશ,
એથી ચડતા કાળા, કન્યા, તારા શિરના કેશ!'.

'જાદુ, આ તો મોટા રંગ, જાદુ, આ તો મોટા રંગ!
ચાર ધોળા બતાવે તો આવું તારી સંગ!'
'બગલો ધોળો, લૂગડું ધોળું, ધોળો રાજહંસ,
એથી ચડતા ધોળા, કન્યા, તારા મુખના દંત!'

'જાદુ, આ તો મોટા રંગ, જાદુ, આ તો મોટા રંગ!
ચાર રાતા બતાવે તો આવું તારી સંગ!'
'ચુંદડી રાતી, કેસૂડું રાતું, રાતું કમળફૂલ,
એથી રાતું, કન્યા, તારા સેંથાનું સિંદૂર!

'જાદુ, આ તો મોટા રંગ, જાદુ, આ તો મોટા રંગ!
ચાર કડવા બતાવે તો આવું તારી સંગ!'
'લીમડો કડવો, તુંબડી કડવી, કડવું ઇંદર-ફળ,
એથી ચડતું કડવું, કન્યા, શોકચરાણીનું ઘર!'

'જાદુ, આ તો મોટા રંગ, જાદુ, આ તો મોટા રંગ!
ચાર શીતળ બતાવે તો હું આવું તારી સંગ!'
'જળ શીતળ, સ્થળ શીતળ, શીતળ વનની માટી,
એથી ચડતી શીતળ, કન્યા, તારા ઉરની છાતી!
એથીયે ચડિયાતી શીતળ, કન્યા, તારી છાતી!'

કવિઓ, પહેલી કવિતા રચાઈ ત્યારથી, વિવિધ ભાષામાં વિવિધ છંદમાં, નારીજાતિનું સ્તુતિગાન કરતા આવ્યા છે.

[સંસ્કૃતિ, જાન્યુ. '૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ ઉપર લખેલા સ્તુતિગાનમાં જેવો સરળસહજ ભાવ છે, અને જેવું સરળસહજ ચિત્ર છે એવું ભૂજ કાવ્યોમાં જોવામાં આવે છે. આમાં ખબર પણ ન પડે તેવું સરળ કૌતુક છે. સીતાનું ધનુષ ભાંગવાનું પણ અને દ્રૌપદીનું લક્ષ્યવેધનું પણ ઘણું કઠિન પણ હતું એ વિષે શંકા નથી. પરંતુ આ ભોળી છોકરી જે પણ કરી બેઠી છે એ પણ એવું કઠિન માલમ પડતું નથી ? દુનિયામાંએટલી બધી ચીજો કાળી, ધોળી ને રાતી છે કે તેમાંથી માત્ર ચારનાં જ નામ દઈ ને આવી કન્યા મેળવવી એ નસીબદારનું કામ છે. આજકાલ કળિકાળમાં બધા પુરુષોનાં નસીબ ફરી ગયાં છે. ધનુર્ભંગ, લક્ષ્યવેધ કે ચર્ચામાં વિજય — આમાંથી કશાની જરૂર પડતી નથી. ઊલટા એ પુરુષો જ સામેથી સરકારી નોટોનું પણ લઈને બેસે છે, અને કાપુરુષોચિત એવી નીચતા બતાવતાં લેશમાત્રે તેમને શરમ આવતી નથી. આના કરતાં, આપણા આ જોડકણાના નાયક મહાશયને કન્યા મેળવવા માટે જે સામાન્ય સરળ પરીક્ષામાં પાસ થવું પડ્યું તે વધારે સારું લાગે છે.

જો કે પરીક્ષાનું અંતિમ પરિણામ આ જોડકણામાં લખેલું નથી, તો પણ અનુમાનથી હું કહી શકું છું કે એને એ પૂરેપૂરું મળ્યું હતું. કારણ કે દરેક શ્લોકના ચાર જવાબની અંદર ચોથો ઉત્તર એકદમ સંતોષકારક માલમ પડે છે.

પરંતુ પરીક્ષા કરનારી પોતે જ સ-શરીરે સામી બેઠી હોય ત્યારે તેવો ઉત્તર દેવો આપણા નાયકને માટે બહુ અઘરો હોય એવું આપણને લાગતું નથી. આ તો ચોપડીમાં જોઈ ને જવાબ આપવા જેવું છે. પરંતુ એના નસીબની ખાલી ઈર્ષ્યા કરવાની જરૂર નથી. પરીક્ષકને પોતાને જ જો સંતોષ થાય તો આપણે શું કહેવાનું હોઈ શકે ?

પહેલી જ લીટીમાં કન્યા કહે છે :

. જાદુ, આ તો મોટો રંગ, જાદુ, આ તો મોટો રંગ !

આ પરથી જણાય છે કે પરીક્ષા ક્યારનીયે શરૂ થઈ ગયેલી છે, અને પરીક્ષાર્થીએ એવા મનધાર્યા આનંદજનક જવાબો દેતો આવ્યો છે કે કન્યાની સવાલો પૂછવાની ઇચ્છા ઉત્તરોત્તર વધતી ચાલી છે. ખરેખર, આવો રંગ બીજો કોઈ નથી.

ગમે તેમ હો, આપણી ઉપર આ જોડકણું લખવાનો ભાર નખાયો હોય તો આપણે રીતસર એની ભૂમિકા ઘડવા બેસી જઈએ, આમ અચાનક અડધેથી શરૂ કરીએ નહિ. શરૂઆતમાં પરીક્ષાશાળાનું વર્ણન કરીએ; એ વર્ણન બરાબર સેનેટ-હોલ જેવું ન થાય તો ઈડનગાર્ડનને તો ઘણું મળતું આવે. અને તેની સાથે ચાંદની, દખણાદો વાયરો અને કોયલનાં ટહુકાર મેળવીને, આખાયે પ્રસંગને આપણે જરા જાજરમાન બનાવી નાખીએ.— ધામધૂમમાં કંઈ બાકી ન રાખીએ, પણ આ સુન્દર કન્યા — જેના માથાના વાળ ભમરા કરતાં કાળા છે, જેના મુખના દંત રાજહંસ કરતાં ધોળા છે, જેના સેંથાનું સિંદૂર કમળફૂલના કરતાં રાતું છે, જેનો ખોળો છોકરાની કાલી બોલી કરતાં મીઠડો છે અને છાતી શીતળ જળ કરતાં સ્નિગ્ધ છે એને — જે છોકરી થોડાંક સાધારણ સ્તુતિવચનો સાંભળીને સરળ શ્રદ્ધા અને સરળ આનંદપૂર્વક આત્મવિસર્જન કરવા તૈયાર થઈ ગઈ છે, તેને આપણા એ વર્ણસગાઈવાળા ચોખલિયા છંદોના બંધનમાં આવી રીતે ચિરકાલને માટે બાંધી રાખી શકીએ નહિ.

ઘીમાં ઝબોળેલી પોળી બનવાનું ચાંદાને માટે અશક્ય છે એવું જોડકણાંની દુનિયામાં મનાતું નથી. એ લોકો એવા ઘોર, વહેમી કે નાસ્તિક નથી એટલે તિજોરીમાં જે મોજૂદ હોય તેની જ તેઓ વાત કરે છે !

જોડકણાં સાચા જગતના ખંડિત ટુકડા જેવાં છે. એમાં વિચિત્ર વિસ્મૃત સુખદુઃખ શતધા થઈ ને રહેલાં છે. પુરાતન પૃથ્વીના પ્રાચીન સમુદ્રતીરે કાદવમાં તે જમાનાનાં વિલુપ્તવંશ પંખીઓના પગલાં પડ્યાં, અને છેવટે કાળક્રમે ભયંકર દબાણથી તે કાદવ, પગલાં સમેત, પથ્થર બની ગયો. પગલાં જાતે પડ્યાં, ને જાતે જ ટક્યાં—કોઈએ ટાંકણું લઈ ખોદ્યાં નથી કે જતન કરી જાળવ્યાં નથી — તેવી રીતે જોડકણાંમાં અનેક હૃદયવેદના રહેલી છે. કંઈ કંઈ જમાનાના માણસના મનનો એક ટુકડો કાળસમુદ્રમાં વહેતો વહેતો વર્તમાનના તીરે આવી ઊભો છે – આપણાં મનની સાથે ભેટો થતાં જ તેની વેદના, જીવનની હૂંફ પામી, ફરી અશ્રુજળે સજીવ બની જાય છે.

આવાં જોડકણાંમાં એક લીટીમાં, એક શબ્દમાં, સુખદુઃખનો મોટો અધ્યાય લખાયેલો છે. આદિકાળથી અદ્યકાળ સુધીનું માતાનું પુત્રી માટેનું દુઃખ, ભાઈનું બહેન માટેનું દુઃખ એમાં પ્રગટ થયેલું હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઍટલાંટિકનું ઉલ્લંઘન (૪)

ચુનીલાલ મડિયા

બ્રોડવેની બહુરૂપી દુનિયા

વૉશિંગ્ટન છોડીને ન્યુ યૉર્ક આવતાં જુદો જ અનુભવ થયો. મુંબઈવાસીઓ માટે આ શહેર માદરવતન જેવું છે. ન્યુ યૉર્કનું પચરંગી વાતાવરણ, એનો કોલાહલ, ઘોંઘાટ, મિજાજ, બધું જ મુંબઈને મળતું આવે છે. આ બન્ને આંતરરાષ્ટ્રીય શહેરો વચ્ચે બીજું પણ ઘણું સામ્ય છે. મુંબઈની જેમ મનહૅટન પણ ટાપુ છે. ડચ ઇસ્ટ ઇન્ડીઆ કંપની વતી સફરે નીકળેલા હેન્રી હડ્સને ૧૬૦૯માં આ ટાપુની શોધ કરેલી. આપણા માછીમારોનો ટાપુ ઇસ્ટ ઇન્ડીઆ કંપનીએ વાર્ષિક સો પૌંડને પટે ભાડે લીધેલો, એમ મનહૅટન ટાપુ પણ ડચ લોકોએ ત્યાંના મૂળ રહેવાસી ઇન્ડીઅન લોકોને ૨૪ પૌંડ જેટલી રકમ ચૂકવીને ખંડી લીધેલો. આજે ઍંસી લાખની વસ્તી વડે મધપૂડાની જેમ ગુંજી રહેલા આ ગામમાં જ્યારે રોકડા બસો માણસો જ વસતાં હતાં ત્યારે એને ન્યુ ઍમ્સ્ટર્ડૅમ નામ આપવામાં આવ્યું હતુ. ૧૬૬૪માં બ્રિટિશ દળોએ ડચ લોકો પાસેથી આ ટાપુ જીતી લીધો અને રાજા ચાર્લ્સ બીજાએ પોતાના ભાઈ ડ્યુક ઑફ યૉર્ક ઉપરથી એનું ન્યુ યૉર્ક નામકરણ કરેલું. પેલું મનહૅટન નામ હવે માત્ર વર્મૌથ અને વ્હિસ્કીના એક મિશ્ર પીણા પૂરતું જ પ્રચારમાં રહ્યું છે.

અમેરિકામાં ડચ શબ્દ એક વિશિષ્ટ અર્થમાં વપરાય છે. પાંચસાત મિત્રો રેસ્ટોરાંમાં ખાવાપીવા ગયા હોય અને એ સહુ કોઈ એક જ વ્યક્તિનાં આમંત્રિતો ન હોય, બિલ આવે ત્યારે સહુ પોતપોતાનો હિસ્સો ચૂકવી આપે એને 'ડચ સ્ટાઈલ' કહે છે. આ શબ્દપ્રયોગ ન્યુ યૉર્કના આરંભિક ડચ વસાહતીઓની કોઈ જીવનશૈલીમાંથી પ્રચલિત થયો છે કે કેમ, એ જાણવાનું કુતૂહલ થતાં ઘણા મિત્રોને—એક-બે લેખકોને પણ—પૂછી જોયું, પણ એ રૂઢિપ્રયોગનો ઇતિહાસ કોઈ જાણતું નથી.

મુંબઈની જેમ ન્યુ યૉર્ક પણ 'ચોરાસી બંદરનો વાવટો' ગણાય છે. કોઈક લેખકે એને સાગરકાંઠાનું અર્વાચીન બગદાદ કહ્યું છે, (કદાચ એના મનમાં કેવળ અરબી દુનિયાની હુરી, હુસ્ન કે જાદુઈ શતરંજ જેવી આરબની ખ્યાલાત હશે!) અહીં દર વીસ મિનિટે એક સ્ટીમરની અવરજવર થાય છે. બંદરના અસંખ્ય ધક્કાઓ અને કુરજાઓમાં એકી સાથે ૪૦૦ આગબોટો નાંગરી શકે એમ છે. પણ મુંબઈમાં આખી જિંદગી ગુજારનારાઓ પણ આખા શહેરને પગ તળે કાઢી શકતાં નથી, એવું જ ન્યુ યૉર્કની બાબતમાં કહી શકાય. તેથી, આ ટાપુના જબરજસ્ત પથારાનો આછોપાતળો નકશો મગજમાં ઉતારવાના ઉદ્દેશથી, દેવાલયના ગભારામાં પેસતાં પહેલાં પ્રદક્ષિણા કરવાની ઢબે એક ખુલ્લી આગબોટમાં બેસીને આખા મનહૅટનને ફરતું ચક્કર લગાવ્યું. ત્રણ કલાકની આ સફરમાં એક અણધાર્યો અદકો લાભ પણ થયો. મુંબઈમાં જોયેલા એલિયા કઝાન દિગ્દર્શિત ચલચિત્ર 'ઑન ધ વૉટરફ્રન્ટ'નાં કેટલાંક દશ્યો મગજમાં અંકાઈ ગયેલાં, એ અહીં પડછાયા મટીને પ્રત્યક્ષ થયાં. માર્લોન બ્રાન્ડોની મુખ્ય ભૂમિકાવાળા એ ચિત્રમાં ગોદી-કામદારોનાં જીવનની વાસ્તવિક્તા લાવવા માટે બંધિયાર સ્ટુડિયોને બદલે અહીં 'વૉટરફ્રન્ટ' પર એનું આઉટડોર સર્જન થયેલું. ચિત્રમાં 'સાઉન્ડ ઇફેક્ટ' તરીકે વારંવાર સંભળાતાં આવતી-જતી સ્ટીમરોનાં ભૂંગળાં તે અહીં સાચે સાચ વાગતાં હતાં. દશ્યો તો બધાં પરિચિત હતાં જ. માત્ર આ જીવનતખ્તાના અભિનેતાની ગેરહાજરી હતી!

આવું જ બીજું રોમાંચક દશ્ય જોયું સ્ટૅચ્યુ ઑફ લિબર્ટીનું. એનું આખું નામ તો છે, 'સ્ટૅચ્યુ ઑફ લિબર્ટી એનલાઇટનીંગ ધ વર્લ્ડ.' તેથી, સ્વાતંત્ર્યદેવીની આ પ્રતિમા દીપશિખાધારિણી છે. એ દીપશિખા રાતને સમયે પેટવવામાં આવે છે. ફ્રેન્ચ પ્રજા તરફથી મૈત્રીના પ્રતીક તરીકે મળે

[સંસ્કૃતિ, જાન્યુ. '૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫૧ ફૂટ ઊંચી આ પ્રતિમાનું સર્જન ફ્રેન્ચ શિલ્પી બાર્થોલ્ડીએ કરેલું અને એમાં એણે પોતાની માતાની મુખરેખાઓ ઉપસાવી હોવાનું કહેવાય છે. આ ઉપરથી ‘મોના લિઝા’ યાદ આવે છે. એ વિશ્વખ્યાત ચિત્રમાં લિયોનાર્દો દા વિન્ચીએ પોતાની માતાના જ મોઢાનો અણસાર ઉતાર્યો હોવાનું ફ્રોઈડે લગભગ સાબિત કરી આપ્યું છે. બાર્થોલ્ડીનું આ સર્જન ૧૮૮૪માં તૈયાર થયેલું અને ૧૮૮૬માં ન્યુ યૉર્કના આ બારામાં ખુલ્લું મુકાયેલું. એની પીઠિકા પર કોતરેલી એમા લેઝરસકૃત એક કવિતામાં આ સ્વાતંત્ર્યપ્રતીકનું અર્થગૌરવ આલેખાયું છે:

Not like the brazen giant of Greek fame,
With conquering limbs astride from land to land,
Here at our sea-washed, sunset gates shall stand
A mighty woman with a torch whose flame
Is the imprisioned lightning, and her name
Mother of exiles, from her beacon-hand
Glows worldwide welcome; her mild eyes command
The air-bridged harbour that twin cities frame.
"Keep ancient lands, your storied pomp !" cries she
With silent lips. "Give me your tired, your poor,
Your huddled masses yearning to breathe free.
The wretched refuse of your teeming shore.
Send these, the homeless, the tempest-tost to me,
I lift my lamp beside the golden door !"

કાંઠેકાંઠે પ્રદક્ષિણા કરવાથી આ મહાકાય નગરના નકશાનો સારો અંદાજ આવી ગયો. એની ભૂગોળ તો ખુદ ન્યુ યૉર્કવાસીઓ પણ યાદ રાખી શકતાં નથી. પણ એની મુખ્ય મુખ્ય ઇમારતોની ટોચ ઓળખાઈ ગઈ. આ સફર પૂરી થઈ કે તુરત શ્રી પૉલ ગ્રાઇમ્સ દુનિયાની ઊંચામાં ઊંચી ઇમારત ઍમ્પાયર સ્ટેઈટ બિલ્ડીંગ પર લઈ ગયા. આ બાંધકામની ઊંચાઈ તો ૧૪૭૫ ફૂટ છે, પણ એની ટોચ ઉપર શહેરનાં સાત ટેલિવિઝન સ્ટેશનોના ૨૨૨ ફૂટ ઊંચા ટ્રાન્સમીટર ટાવર ચડાવવાને પરિણામે ઊંટ ઉકરડે ચડયા જેવો ઘાટ થયો છે, પણ એના પ્રાંગણમાં ઊભતી વેળા, કોણ જાણે કેમ, એની ઊંચાઈ બહુ જણાતી નથી. આનું કારણ કદાચ એ પણ હોય કે આજુબાજુનાં બધાં જ બાંધકામો ઊંચાં છે. આસપાસ સ્કાયસ્ક્રેપરને બદલે એકઢાળિયાં મકાનો ઊભાં હોત તો એમ્પાયર બિલ્ડીંગ ખરેખર ઉત્તુંગ લાગત. જ્યૉર્જ વૉશિંગ્ટન સ્મારકની ઊંચાઈ તો આના કરતાં ત્રીજા ભાગની જ છે. છતાં એની ચારેય તરફ ખુલ્લાં મેદાનો હોવાથી એની ઊંચાઈ ઊપસી આવે છે, ત્યારે આ ઇમારત આસપાસના વાતાવરણમાં દબાઈ જાય છે.

કુત્બ મિનારની જેમ આ ઇમારતની ટોચેથી પણ આજ સુધીમાં પંદરેક માણસોએ આપઘાત કર્યા છે. તેથી જ, હવે એની અગાસીની આજુબાજુ કાંટાળા તાર બાંધી લીધા છે. પૅન્ટેગોનની જેમ આ મકાન વિશે પણ ઘણી મજાકો પ્રચલિત થઈ છે. એક માણસે ૧૦૨ મજલા ચડીને અગાસી પરથી આપઘાત કરવા માટે પડતું મૂક્યું એ જ ક્ષણે પચાસમે મજલેથી એના કોઈક પરિચિત માણસે બારીમાંથી બહાર ડોકિયું કર્યું. પોતાના પતનશીલ મિત્રને બરોબર સન્મુખ જોઈને, આદતને જોરે એનાથી પુછાઈ ગયું: ‘હલ્લો, હાવ ડુ યુ ડુ?’ (કેમ છે તબિયત?) થોડી ક્ષણોમાં જ જેનો જાન જવાનો હતો એ માણસે આના જવાબમાં પૂરેપૂરી સ્વસ્થતા અને પ્રામાણિકતાથી કહ્યું: Pretty good, till now. (હજી સુધી તો સાજો-સારો છું.)

આકાશ સ્વચ્છ હોય તો આ અગાસી પરનાં દૂરબીનોમાં-થી લગભગ આખા શહેરનું વિહંગદર્શન થઈ શકે છે. હાથમાં નકશો હોય તો ન્યુ યૉર્કના મુખ્ય મુખ્ય રાજમાર્ગો તથા વિખ્યાત બાંધકામોની ભૂગોળ પણ મગજમાં આંકી શકાય છે. આ વિહંગદર્શન જરા કઢંગું લાગવાનો પણ સંભવ છે. રસ્તા પર ચાલતી વેળા રળિયામણી લાગતી ઇમારતોની અહીંથી તો ટોચ અને છાપરાં જ દેખાતાં હોવાથી એ જરા બદસૂરત લાગે છે. એક વિશાળ છાપરા પર સો-બસો જેટલી સામટી મોટરો જોઈને જરા નવાઈ લાગી. શ્રી ગ્રાઇમ્સે સમજાવ્યું કે એ તો મોટરગાડીઓને થોભવા માટેનું પાર્કિંગ સ્ટેશન છે. અમેરિકામાં ગાડીઓનાં ‘પાર્કિંગ’નો પ્રશ્ન, જગ્યાની કારમી તંગીને કારણે રાષ્ટ્રનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાણપ્રશ્ન છે. એ વિશે તો ઘણું સાંભળેલું, પણ ગાડીઓને આમ વીસવીસ મજલાં સુધી ઉપરાઉપર ચડાવી રાખવી પડે છે એ તો પહેલી જ વાર જાણવા મળ્યું. મોટાં કદનાં એલેવેટર તથા કન્વેયર બેલ્ટ વડે આ ગાડીઓ ગણતરીની મિનિટમાં જ ગમે તેટલે ઊંચે ચડઊતર કરી શકે છે. અને છતાં હજી આ પ્રશ્ન ઊકલ્યો નથી. ભવિષ્યમાં કદાચ પાર્કિંગ માટે પણ આ એમ્પાયર બિલ્ડીંગ જેટલાં ઊંચાં સ્કાય-સ્ક્રેપર બાંધવાં પડે તો નવાઈ નહિ. પૃથ્વીથી ઊંચે અવકાશ-માં આખેઆખું શહેર વસાવવાની એક યોજના તાજેતરમાં જ અમેરિકન રૉકેટ સોસાયટી સમક્ષ રજૂ થઈ છે. બૃહદ અવકાશમાં પૃથ્વીની આસપાસ ઘૂમતા બે રૉકેટને સામસામાં જોડી, એ બન્નેને અતિ-વિશાળ ભૂંગળામાં પરોવી દઈ ને આ અધરપધર નવી દુનિયા વસાવવાની અત્યંત મૌલિક યોજના ડેરેલ રૉમિક નામના એરોફિઝિસિસ્ટના ભેજામાં સ્ફુરી છે. રૉકેટના સંભવિત ઉપયોગો અને જોખમો વિશે R. U. R. નામનું પારગામી નાટક લખનાર બિચારા કારેલ ચાપેકને આ નવસૃષ્ટિનિર્માણના અખતરાનો ખતરો તો સૂઝ્યો પણ શાનો હોય ?

ન્યુ યૉર્કમાં બીજું કશું નહિ તો બ્રૉડવેની રોશની જોવા માટે પણ એમ્પાયર બિલ્ડીંગની અગાસી પર જવું જોઈએ. બ્રૉડવે એટલે દુનિયાભરની રંગભૂમિની રાજધાની. એને 'વ્હાઈટ વે' પણ કહેવાય છે. અને એ નામ એના વાચ્યાર્થમાં પણ સાચું છે. અહીં રાત કદી પડતી જ નથી. બલકે દિવસના ભાગમાં જરા સુસ્તી જેવું લાગે છે અને રાતે જ રંગમેળો જામે છે. એનાં ચાલીસેક થિયેટરો, નાઈટ કલબો, હોટેલો, સંખ્યાબંધ રેસ્ટોરાં તથા દુકાનોની રંગબેરંગી નિયૉન-લાઈટની જાહેરાતમાં કોઈ નાનાસરખા દેશને પૂરો પડી શકે એટલો વિદ્યુત-પુરવઠો વપરાઈ જતો હશે. આ ઝાકઝમાળ રોશની, ઊંચી અગાસીએથી જોતાં કોઈ ભયાનક આતશબાજી ફૂટતી હોવાનો ખ્યાલ આપે છે. અને એનો કોલાહલ? એ માટે તો કાનને કેળવવા જ પડ્યા.

સાંભળ્યું છે કે અમદાવાદના માણેકચોક લત્તાની જમીનના ભાવ દુનિયાભરમાં ઊંચામાં ઊંચા છે—એક ચોરસ ઇંચ જેટલી જમીન સોનાના ટુકડા કરતાંય મોંઘી છે. બ્રૉડવેના ટાઈમ્સ સ્ક્વેરની જમીનના ભાવ તો જાણી શકાયા નથી, પણ એ લત્તામાં દર ચોરસ ઇંચ દીઠ રાહદારીઓની ગિરદીનું પ્રમાણ કદાચ દુનિયાભરમાં વધુમાં વધુ હશે. તેથી જ તો, રૉકેટ, ગૅજેટ અને 'પુશ બટન' પર જ આધાર રાખનાર અમેરિકન પ્રજાને, આ માનવ-મહેરામણ સમી ગિરદીની વ્યવસ્થા જાળવવા માટે, આપણને તો રજપૂતયુગી શૂરવીરોનો ખ્યાલ આપે એવી ઘોડેસવાર પોલીસ બ્રૉડવેના નાકે નાકે નિભાવવી પડે છે. પૅરિસ તો હજી જોયું નથી, પણ લંડનનો વેસ્ટ એન્ડ કે વિખ્યાત પિકડિલી સર્કસ બ્રૉડવે સમક્ષ કશી વિસાતમાં નથી.

બ્રૉડવેનું વાતાવરણ જ નાટકની હવાથી ભરપૂર છે. નાટકની ટિકિટો વેચનારી થિયેટર ટિકિટ-એજન્સીઓની દુકાનો નાકે નાકે જોવા મળે છે. રંગમંચની દુનિયા સાથે સંકળાયેલી સામગ્રીઓ—નાટકનાં પુસ્તકોથી માંડીને અભિ-નેતાઓનાં રેખાંકનોવાળી ઍશ ટ્રે, અને ટ્રેજેડીઅન-કૉમેડી-અનનાં ગ્રીક મહોરાંથી માંડીને એ મહોરાંનાં કોતરકામવાળાં કફલિંક અને ટાઈકિલપ વેચનારા સ્ટોર અહીં સારી કમાણી કરી શકે છે. સંખ્યાબંધ રેસ્ટોરાં તો કેવળ નાટ્ય-રસિકોની ઘરાકી ઉપર જ નભે છે. અહીંના લોકો નાટક જોવા આવે તે સાંજે ઘરને ચૂલે શીતળા સાતમ જેવું રાખીને બહાર જ જમે છે. કુડીબંધ થિયેટરોમાં નિયમિત નાટકો ભજવનાર સેંકડો અભિનેતાઓ, દિગ્દર્શકો વગેરેનાં જીવનમાં આ ભોજનગૃહો ઓતપ્રોત થઈ ગયાં છે. પરિણામે, કેટલાંક વિખ્યાત થિયેટરોની જેમ અહીં 'સારડી' જેવાં ઘણાં રેસ્ટોરાં પણ દાયકાઓથી રંગભૂમિની દુનિયામાં ઐતિહાસિક સ્થાન પામી ચૂક્યાં છે.

બ્રૉડવે એટલે શું ?—ડઝનબંધ થિયેટરો, રેસ્ટોરાં અને ટિકિટ-એજન્સીઓ? ના. બ્રૉડવે માટે કહેવાય છે કે 'ઇટ ઇઝ એ સ્ટેઈટ ઑફ માઈન્ડ' વિવેચક એરિક બેન્ટલીએ એને માટે 'બ્રૉડવેઈઝમ' શબ્દ પણ યોજ્યો છે. ઇંગ્લૅંડનાં બ્લુમ્સબરી બુદ્ધિધનોની જેમ બ્રૉડવે ઇન્ટેલિજન્શીઆ નામનો એક વર્ગ પણ અસ્તિત્વ ધરાવે છે. અને એમના મોવડી છે, નાટ્યકાર મૅકસવેલ ઍન્ડર્સન. ડૅમન રન્યને આ સ્ત્રી-પુરુષોને 'ગાઈઝ ઍન્ડ ડૉલ્સ' નામના પુસ્તકમાં (અને હવે, એ જ નામના ચલચિત્રમાં) અમર કર્યાં છે. unshaven immortals તરીકે ઓળખાતા આ અલગારી કલાકારોએ બ્રૉડવે ઉપર પણ એક બોહીમીઅન દુનિયા

[સંસ્કૃતિ, જાન્યુ.'૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊભી કરી છે. એમાં ઉદ્દીયમાન, સોળે કળાએ પ્રકાશતા, તથા 'અસ્તાયમાન' સહુનો સમાવેશ થાય છે. આ લોકો બ્રોડવેના બંધાણી જેવા છે. આ લત્તા સિવાય બીજા કોઈ સ્થળનો પ્રાણવાયુ એમને જચતો નથી. વૃદ્ધ સેનાપતિઓની જેમ આ વર્ગ માટે પણ પેલી અંગ્રેજી ઉક્તિ વાપરી શકાય : They do not die; they fade away. બ્રોડવેની ૪૪ અને ૪૫ સ્ટ્રીટ વચ્ચેની શુબર્ટ એલી નામની સાંકડી શેરી આ બધાં જ 'ભૂતો'ના પીપળા જેવું સ્થળ છે. ન્યુ યોર્કનાં ઘણાં ખરાં ખ્યાતનામ થિયેટરો આ લત્તામાં છે. અહીં અભિનેતાઓ, દિગ્દર્શકો, નિર્માતાઓ, ટિકિટ એજન્ટો, પ્રેસ એજન્ટો, ઈમ્પ્રેસારિયો, કોરિયોગ્રાફરો, ગાયકો, વાદકો, વિવેચકો, સહુના અડ્ડાઓ છે. ખેલ શરૂ થયા પહેલાંનાં તથા એ પછીનાં ખાસ ભોજન પીરસનાર 'સારડી' જેવાં સંખ્યાબંધ ભોજનગૃહો છે. એની નજીકમાં જ, એલિયા કઝાન, જૉન ક્રૌફર્ડ અને લી સ્ટ્રૅસબર્ગ સંચાલિત 'ઍક્ટર્સ સ્ટુડિયો' છે. અહીં વિવિયન લે બનવાનાં સ્વપ્નસેવીઓને તથા પૉલ-મ્યુનિ-પદવાંચ્છુઓને અભિનય-કલાની તાલીમ આપવામાં આવે છે. પશ્ચિમની રંગભૂમિનું આ 'રિયાલ્ટો' એક પ્રકારની અદૃષ્ટ છતાં અસાધારણ રોનક ધરાવે છે.

અહીંનો તખ્તો આખા અમેરિકાની અને અમુકાંશે આખી અંગ્રેજીભાષી રંગભૂમિ માટે પારાશીશી જેવું કામ કરે છે. બ્રોડવેના થિયેટરમાં કોઈ નાટકને પ્રવેશ મળે એ જ એક મોટી લાયકાત ગણાય છે. ન્યુ યોર્કનું જીવન-નિર્વાહખર્ચ બેહદ ઊંચું છે અને બ્રોડવે એમાં અપવાદ નથી. જે નાટક સતત છ-સાત મહિના સુધી એકધારું ટકી ન શકે એવી કૃતિ અહીં રજૂ કરવાનું પોસાય એમ જ નથી. પરિણામે, નિર્માતાઓ ઘણું ખરું તો ચલણી સિક્કા જેવી નાટ્યકારોની જ કૃતિઓ પસંદ કરે છે. (જો કે, એમાં અપવાદો છે જ.) લખલૂંટ ખર્ચે તૈયાર થયેલાં નાટકોના નિર્માતાઓ બિચારા અખબારનવેશોના ઓશિયાળા છે. નાટકની રજૂઆતને પહેલે જ દિવસે ન્યુ યોર્કનાં દૈનિકોના નાટ્યવિવેચકો ધારે તો એને જિવાડી શકે અથવા 'દૂધ પીતાં' કરી શકે. બ્રોડવે પરનાં નાટકોમાં બાળ-મરણનું પ્રમાણ બહુ મોટું નથી. 'ન્યુ યોર્ક ટાઇમ્સ'માં બ્રુક્સ ઍટ્કિન્સન ટીકા કરે કે પ્રશંસા કરે એની ઉપર નાટકની જીવનદોરી અવલંબે છે. પ્રતિષ્ઠિત દૈનિકોમાં પ્રશંસાનું એકાદું વાક્ય પણ છપાય તો નિર્માતાઓ ધન્યતા અનુભવે છે. ઍટ્કિન્સને કરેલા વિવેચનમાંથી આવું અરધું પરધું વાક્ય, શબ્દાવલિ કે એકાદું વિશેષણ પણ સાંપડે તો એ અખબારી કાપલીને મોટામસ કદમાં ઍન્લાર્જ કરીને થિયેટરનાં પ્રાંગણમાં એનાં પોસ્ટરો ટાંગવામાં આવે છે.

બ્રોડવે પર વિવેચનો જેટલું જ મહત્ત્વ પારિતોષિકોનું છે. અમેરિકામાં નાટ્યલેખન માટે બે પારિતોષિકોની પ્રતિષ્ઠા ઊંચી છે. પુલિટ્ઝર પારિતોષિક અને ક્રિટિક્સ સર્કલ ઍવૉર્ડ. ટેનેસી વિલિયમ્સકૃત 'કૅટ ઑન એ હૉટ ટિન રૂફ'ને આ બન્ને ઇનામો મળ્યાં છે, તેથી મોરોસ્કો થિયેટરના પ્રવેશદ્વાર પર એની મોટી જાહેરાત મૂકવામાં આવી છે અને નીચે ઉમેરવામાં આવ્યું છે : Best play of the year. વિલિયમ ઇંગેકૃત 'બસ સ્ટૉપ' ભજવાતું હતું ત્યારે કૉરોનેટ થિયેટર પણ પુલિટ્ઝર ઇનામનો ઉલ્લેખ કરતું હતું.

આમાંનું કોઈ નાટક 'પૉપ્યુલર હિટ' જેવું લોકપ્રિય પુરવાર થાય તો એના લેખકને ટંકશાળ જ પડવા માંડે છે. હૉલિવૂડવાળાઓ એનું ચલચિત્ર ઉતારવા માટે મૂવી રાઇટ્સ ખરીદે છે અને પછી તો, ચલતી-કા-નામ-ગાડીની રાહે રેડિયો, ટેલિવિઝન અને રોડ શો સુધીના એના હક્કો ખરીદાઈ જાય છે. બ્રોડવેની બહાર અન્ય શહેરોમાં એ ભજવાવા માંડે છે અને ઍટલાંટિકની આપણી બાજુએ પણ એની આયાત થાય છે. ન્યુ યોર્કમાં મહિનાઓથી ધૂમ મચાવી રહેલાં ત્રણ નાટકો હાલ લંડનનાં થિયેટરોમાં ભજવાય છે: 'ધ કિંગ ઍન્ડ આઈ,' 'ધ પજામા ગેઈમ' અને 'ધ ટીહાઉસ ઑફ ધ ઑગસ્ટ મૂન' (જહોન પેટ્રિકકૃત). ચોથું નાટક 'પ્લેઈન ઍન્ડ ફેન્સી' ૨૫મી જાન્યુઆરીથી શરૂ થવાનું છે અને પાંચમું 'મોર્નિંગ્ઝ ઍટ સેવન' (પૉલ ઑસ્બોર્નકૃત) હજી હમણાં સુધી ન્યુ યોર્કના ગ્રેનીચ વિલેજમાં ચાલતું હતું.

લગભગ બધાં જ થિયેટરો જૂની બાંધણીનાં છે. નવાં બંધાતાં છબીઘરોની સરખામણીમાં આ નાટ્યગૃહો જરા ઝાંખાં લાગે છે. એના દરવાજા, કમાનો, બાલ્કની અને બૉક્સની બાંધણી, એનાં કોતરકામ, છતમાંનું સુશોભન અને શૅન્ડેલિયર સુધ્ધાં એલિઝાબેથન યુગની યાદ આપે છે. અસંખ્ય વીજળી-ગોળાઓ વડે ઝળહળતાં સિનેમાગૃહો સમક્ષ આ નાટ્યગૃહો એવાં તો સંયમિત અને સાદાં લાગે છે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણી વાર તો બ્રૉડવેની ગલી-કૂંચીઓમાંથી એમને શોધવાં પણ મુશ્કેલ બની જાય છે. અને છતાં નાટ્યરસિકો ગમે ત્યાંથી આ થિયેટરોને શોધતાં આવે છે. ચલચિત્રને ક્ષેત્રે વિસ્ટાવિઝન, સિનેમેસ્કોપ અને સિનેરામા સુધી પ્રગતિ થઈ હોવા છતાં—અને હવે તો, મોટરગાડીમાં બેઠેબેઠે જ મૂવી જોવા માટે 'ડ્રાઇવ ઇન થિયેટર' યોજાયાં હોવા છતાં—તખ્તાનું આકર્ષણ લગીરેય ઓસર્યું નથી. કોઈ નવા નાટકની જાહેરાત થાય કે તુરત, એનો આરંભ થયા પહેલાં જ, મહિનાઓ સુધીની ટિકિટો ખપી જાય છે અને એમાંય ઑપેરાની ટિકિટ તો મળવી જ મુશ્કેલ. ન્યુ યૉર્કમાં અનેક થિયેટર-કલબો ચાલે છે અને એ કલબો પોતાના સભ્યો માટે લગભગ આખેઆખા શો રિઝર્વ કરાવી લે છે. ઘણાં કુટુંબો તો મેટ્રોપોલિટન ઑપેરાની આખેઆખી મોસમ માટે પોતાનાં બૉક્સ રિઝર્વ કરાવી રાખે છે.

ભદ્રવર્ગી લોકો માટે આ નાટક કે ઑપેરા આર્થિક સમૃદ્ધિના પ્રદર્શનની તક પૂરી પાડે છે. પશ્ચિમના દેશોમાં અમીરાતના પ્રદર્શન માટે આપણી જેમ લગન-વરઘોડા કે ફૂલેકાં જેવા સામાજિક પ્રસંગો બહુ ઓછા છે, તેથી નાટક અને ઑપેરાનાં સ્થળોએ એ ગરજ સારવી પડે છે. તેથી જ, અહીં 'પ્રિમિયર શો'ની ટિકિટો મેળવવા માટે પડાપડી થાય છે. તે દિવસે સ્ત્રીવર્ગ તો પોતાનાં ઉત્તમોત્તમ અને અદ્યતન ફર, કશ્મીર, હીરામોતી ને મિન્ક વડે વિભૂષિત થઈને આવે જ, પણ પુરુષો સુધ્ધાં છેલ્લામાં છેલ્લી પૅરિસ ફૅશનની સ્પર્ધામાં ઊતરતા હોય એવું લાગે.

બ્રૉડવે પરનો આવો પ્રિમિયર શો અહીંના સમાજ-જીવનની એક યાદગાર ઘટના સમો બની રહે છે. એ પ્રસંગે સાહિત્ય, સંગીત, રંગભૂમિ, વગેરે ઉપરાંત અન્ય ક્ષેત્રોની અગ્રણી વ્યક્તિઓ ઉપસ્થિત થાય છે. દેશવિદેશના નામાંકિત મોવડીઓ, રાજપુરુષો વગેરેનો મેળો જામે છે. અખબારોમાં 'સોશિયલ કૉલમ' લખનારાઓ એના ઝીણવટભર્યા અહેવાલો લે છે. પ્રેસ ફોટોગ્રાફરોના કૅમેરા આ પ્રસંગે સતત ચાલુ રહે છે.

આવી છે, બ્રૉડવેની બહુરંગી ને બહુરૂપી દુનિયા.

લંડન, ડિસેમ્બર ૨૦, ૧૯૫૫

ઍપોલો પર ચન્દ્રોદય

[સપ્ટેમ્બર, ૧૯૫૫ના 'સંસ્કૃતિ'માં પૃ. ૪૧૨ ઉપરના સૉનેટ 'કોલાબા પર સૂર્યાસ્ત'ના અનુસંધાનમાં]

ઍપોલોતટ રાત્રિના તિમિરમાં એકાકિલો ટ્હેલતો,
જો કે હ્યાં પથદીપ પાસ ભભકે ને ભીડ કૈં લોકની,
એથી મુક્ત અલિપ્ત, ઊર્મિ ઉરમાં ના હર્ષ કે શોકની;
સામેની ક્ષિતિજે છૂપ્યા ખડક સૌ જાણે ન ધકકેલતો
એવો પૂંઠળથી લહું પ્રગટતો ત્યાં ચન્દ્ર, કેવો લચે,
સર્જે શૂન્ય થકી શું સૃષ્ટિ નવલી, ને વાયુ ત્યાં ગેલતો
કેવાં ચંચલ સૌ તરંગદલ, ને હ્યાં ચન્દ્ર જે રેલતો
તે આંદોલિત બિંબ પાય લગ શું સોપાનમાલા રચે,
જેને આશ્રય દૂર દૂર સરતો, ધીરે હું આરોહતો,
જોઉં પાછળ તાજ તેજટપકું ના નેત્રને આંજતો,
જાણે અંતિમ શ્વાસ મૃત્યુસમયે ત્યાં ગ્રીન્સનું જાઝ તો,
લાગે ચિત્રવિચિત્ર આજ લગ જે સૌની પરે મોહતો,
એનું વાસ્તવ સ્વપ્નલોક સરખું લાગે અને વિસ્મરું,
પાછો દેશવટા પછી નિજ ગૃહે આ ચન્દ્રલોકે ફરું.

નિરંજન ભગત

મિત્ર મડિયાને

અમેરિકાથી પાછા ફરતાં

વિમાનમથકે ન મિત્ર મડિયાતણું સ્વાગત!
પરંતુ અવ વિશ્વમાનવતણું છ સેવ્યું જગે
મહાસ્વપન, આછું આછું મુજ નેત્ર સામે ઝગે,
અધીર ઉર હે! વધાવ અણજાણ અભ્યાગત!
નસેનસ પ્રચંડ ઊર્મિ ઊછળંત ઍટ્લેન્ટિક,
છતાંય નિજ ચિત્ત તો સરલ સ્વસ્થ, આધીન ના,
ઈફેલ સમ, સેન્ટ પૉલ સમ, ટેમ્સ ને સીનના
પ્રવાહ સમ શાંત; છો રુધિર હોય રોમૅન્ટિક;
સ્વદેશ સ્વજનો બધું નીરખશે નવી દૃષ્ટિથી,
પુરાતનતણું કર્યું અવનવીનથી સ્પર્શન,
અને નિકટનું કર્યું અવ સુદૂરથી દર્શન,
નવી સમજ, સૂઝ પ્રાસ અવ થૈ નવી સૃષ્ટિથી;
વિમાનમથકે શું માત્ર મડિયા જ મૂર્તિ નવી?
નવી જ નહિ એહને નયન હોય મારી છવિ?

નિરંજન ભગત

[સંસ્કૃતિ, જાન્યુ. '૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાઇડ્રોજન બૉમ્બ અને હવામાન

નરસિંહ મૂ. શાહ

છેલ્લા વિશ્વયુદ્ધની અનેક નાની મોટી વૈજ્ઞાનિક શોધોમાં સૌથી વિશેષ મહત્ત્વપૂર્ણ અને આકર્ષક બે શોધો તરી આવે છે: એક અણુબૉમ્બની અને બીજી રેડારની. અણુબૉમ્બ એટલે નરદમ સંહારનું ભીષણ શસ્ત્ર. એથી ઊલટું, રેડાર માત્ર સંહારનું સીધું શસ્ત્ર નથી—અણુબૉમ્બની જેમ. એક જ અણુબૉમ્બે જાપાનનો ઘાણ કાઢી નાખ્યો: તો રેડારે જર્મનીના હવાઈમારામાંથી ઈંગ્લેંડના લોકોને બચાવ્યા. રેડાર સંહારાત્મક કરતાં રક્ષણાત્મક વિશેષ છે. અણુશક્તિનો શાંતિના કાળમાં રચનાત્મક ઉપયોગ પૂરેપૂરો શોધાય ત્યારે ખરો; રેડારના આવા ઉપયોગ તો થવા લાગ્યા છે.

જાપાનમાં નાગાસાકી અને હિરોશીમા પર અમેરિકાએ ફોડેલા બૉમ્બ કરતાં વિશેષ પ્રબળ શક્તિવાળા બૉમ્બ બનાવાયા છે અને એમાંય સૌથી વિશેષ ભીષણ હાઇડ્રોજન બૉમ્બ યોજાયો છે. આ બધા બૉમ્બની સંહારક શક્તિ એમાં વપરાયેલા પદાર્થોના અણુ તોડવાથી વછૂટતી અણુશક્તિને આભારી છે. આ બધા બૉમ્બની શક્તિ તપાસવા અખતરા કરવામાં આવે છે. એને લીધે હવામાનમાં ફેરફાર થાય છે અને વાતાવરણ પર એની અસર થાય છે એવી સામાન્ય માન્યતા પ્રવર્તે છે. આ અસરને લીધે આપણી ઋતુઓની સામાન્ય વ્યવસ્થામાં ઊથલપાથલ થાય છે, એવી માન્યતા જનતાનો મોટો વર્ગ ધરાવતો થયો છે. દાખલા તરીકે, ગયે વર્ષે પુષ્કળ વરસાદ આપણા દેશના ઘણા ભાગોમાં પડ્યો એનું કારણ હાઇડ્રોજન બૉમ્બ ફોડવાના અખતરાને આભારી હતું એમ કહેવાતું હતું. એવી રીતે બ્રિટનમાં ગઈ સાલનો ઉનાળો ટૂંકા વખત માટે રહ્યો અને ગરમી ખૂબ ન પડી એમાં પણ હાઇડ્રોજન બૉમ્બનો ધડાકો નિમિત્તરૂપ હતો એમ ત્યાંનાં લોકો માને છે. આવા ઋતુઓના ફેરફાર એટમ બૉમ્બ ફોડવાથી થતા લાગે છે એમ હવે દુનિયાના ઘણા દેશોનાં લોકો માનવા લાગ્યાં છે. આ માન્યતા ખોટી છે અને તેને લગતો સંતોષકારક પુરાવો નથી એમ વૈજ્ઞાનિકોએ જાહેરાત કરી છે. પરંતુ લોકોની માન્યતામાં એથી કાંઈ ફેર પડ્યો નથી.

હવે બ્રિટનના હવામાન-ખાતાના નિયામક સર ગ્રેહામ સટ્ટને આ અંગે માહિતી એકઠી કરી એનું અન્વેષણ કરી પોતાનાં પરિણામો સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક પત્ર 'નેચર'(ફેબ્રુ. ૧૯, ૧૯૫૫, પાન ૩૧૯–૨૧)માં લેખરૂપે પ્રગટ કર્યાં છે. આથી જે ખોટા ખ્યાલો ઊભા થયા છે એ અસરકારક રીતે દૂર થવા જોઈએ એમ લાગે છે.

બ્રિટનમાં ગયો ઉનાળો ખૂબ ખરાબ હતો એ માન્યતા ધરાવનારાઓને સર ગ્રેહામે આહ્વાન આપ્યું છે. આ સદીની શરૂઆતથી બ્રિટનના હવામાનનું વલણ કેવું છે એનો અભ્યાસ ત્યાંનું હવામાન-ખાતું કરતું આવ્યું છે, આ પરિણામોને આધારે, ૧૯૨૨–૧૯૩૧ અને ૧૯૨૯–૩૮ના વર્ષોના ગાળામાં ઉનાળો ૧૯૦૧–'૫૩ના ગાળાના ઉનાળા કરતાં સરેરાશ વધારે સખત હતો—ગરમી વધારે હતી. હવે ઉનાળાની સખતાઈ ઓછી હોય એવા ગાળામાં બ્રિટનનું વાતાવરણ આવતું જાય છે. ઉનાળાનો વરસાદ વધવાનો અને ગરમીનું પ્રમાણ ઓછું થવાનું. એટલે ૧૯૫૪નો ઉનાળો છેલ્લાં કેટલાંક વર્ષો થયાં હવામાનનું જે સામાન્ય વલણ રહ્યું છે તે અનુસાર હતો. ૧૯૫૫નો ઉનાળો વિશેષ ગરમ અને સૂકો નીવડે તો હવામાનનું **સામાન્ય** વલણ ઉપરનાં પરિણામો અનુસાર જ હશે. આ આગાહી સાચી નીવડી છે. તા. ૧૩–૭–૧૯૫૫ના ટાઇમ્સ ઑફ ઇન્ડિયામાં સમાચાર છે કે ઇંગ્લેંડમાં ખૂબ ગરમી પડી છે અને આખા યુરોપમાં ગરમીનું મોજું ફરી વળવાથી લગભગ ૧૫૦ માનવીઓનું મૃત્યુ થયું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૫૪નું હવામાન બ્રિટનના, છેલ્લાં કેટલાય વર્ષોથી ચાલી આવતી હવામાનની સામાન્ય પરિપાટી અનુસાર છે એમ પુરવાર કરીને સર ગ્રેહામે હાઇડ્રોજન બૉમ્બના ધડાકાને લીધે થતા ફેરફાર તપાસ્યા છે.

હાઇડ્રોજન બૉમ્બની સ્ફોટકશક્તિ વિષે ખૂબ ગુપ્તતા રાખવામાં આવી છે. પરંતુ એક અમુક હાઇડ્રોજન બૉમ્બ નાગાસાકી પર ફેંકેલા બૉમ્બ કરતાં ૬૦૦ ગણો પ્રબળ હતો. એવા અમેરિકાના એક નિવેદનનો આધાર સર ગ્રેહામે લીધો છે, અને સામાન્ય ચક્રવંટોળને લીધે જે ક્રિયાત્મક શક્તિ(kinetic energy) પેદા થાય છે તેને હાઇડ્રોજન બૉમ્બના ધડાકાને લીધે વછૂટતી એ શક્તિ સાથે સરખાવી છે. આ મુદ્દાનો વિગતવાર અભ્યાસ કરી એઓ નિર્ણય પર આવ્યા છે કે એ હાઇડ્રોજન બૉમ્બના ધડાકામાં ૧૦ ઉપર ૧૬ મીંડાં ચડાવો એટલી ગ્રામ–કેલોરી શક્તિ હોય છે; તો ચક્રવંટોળમાં ૩.૫ × ૧૦ ઉપર ૧૬ મીંડાં ચડાવો એટલી ગ્રામ-કેલોરી હોય છે. એટલે હવામાન પર અણુબૉમ્બના ધડાકાની અસર થાય છે એ સામાન્ય માન્યતા બરાબર લાગતી નથી. ઇમ્પીરિયલ કૉલેજ ઑફ સાયન્સ અને ટેકનોલોજીના હવામાન-શાસ્ત્રી પ્રૉફે. બી. જે. મેસને પણ આ પ્રશ્ન તપાસી જોયો છે. તેઓ 'ધિ ટાઇમ્સ'માં લખે છે કે: "એક સામાન્ય ગાજવીજ તોફાનને લીધે દશ એટમિક બૉમ્બના જેટલી શક્તિ વછૂટે છે; અને ઝંઝાવાતમાં રહેલી શક્તિ સેંકડો એચ. બૉમ્બના ધડાકાની શક્તિ કરતાં પણ વધી જાય."

હવે અણુબૉમ્બના ધડાકાને લીધે ઊડતાં રજકણો વાતાવરણ પર મોટી અસર લાંબા સમય સુધી કરી શકે એ વિચારવાનું રહે છે. જ્વાળામુખી ફાટવાથી જે રજકણો ઊડે છે તેની અસર શું થાય છે એ પ્રશ્ન સર ગ્રેહામે તપાસ્યો છે અને અણુબૉમ્બના ધડાકાની સાથે સરખાવ્યો છે.

મોટામાં મોટા જ્વાળામુખી ફાટવાથી જે રજકણો ફેંકાય છે તેની વાતાવરણ પર કાંઈ અસર નથી; તો એચ. બૉમ્બના ધડાકાથી છૂટેલાં રજકણોની ઓછી સંખ્યા હવામાન પર અસર કરે એ ઓછું સંભવિત છે. પરંતુ કદાચ, હાઇડ્રોજન બૉમ્બમાંથી રેડિયો-ઍક્ટીવ કણો નીકળે છે એને લીધે મોટો તફાવત પડ્યો હોય. આ મુદ્દો પણ એમણે તપાસ્યો છે અને "બૉમ્બ યા એટમિક પાઈલમાંથી રેડિયો-ઍક્ટીવ પદાર્થના કણો મોટા વિસ્તારમાં વરસાદમાં વધારો કરે એ અત્યંત અસંભવિત લાગે છે," એ અનુમાન પર એ આવ્યા છે. અણુધડાકા અને હવામાન પર એની અસરને લગતી વિશેષ હકીકત એકઠી કરવા તેમણે દુનિયાની મેટીરીઓલૉજીકલ સંસ્થાને અને તેના સભ્યોને વિનંતિ કરી છે.

અત્યારે તો એ ચોક્કસ છે કે: "૧૯૫૪માં આખી દુનિયામાં જે હવામાનના ફેરફારો થયા તે અણુબૉમ્બના ધડાકાને લીધે હતા એમ કહી ન શકાય."

[અનુસંધાન પૃ. ૩૭થી]

થઈ શકે. મનુષ્ય જાતે અલ્પ પણ વિરાટના કરણની બુદ્ધિથી અનલ્પ છે :

I am the voice within the Voice,
The song within the Song,
The life within the Life.
The light breaking through the heart of Darkness.*

આવો ભાવ જાગ્રત કરવો એ ધાર્મિકતાનું પ્રથમ સોપાન છે. એવું અલ્પસ્વલ્પ પણ સ્ફુરણ વાચકને થાય, એવા કવિ-સ્ફુરણનું એને અનુભાવન થાય, એવી કલ્પના આ સંચયમાં રાખી છે.

તા. ૫-૧૨-૧૯૫૫ **વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી**

* ટાગોરનું "બલાકા"માંનું કાવ્ય :
તાઈ તો આમિ જાનિ,
આમિ બાણીર સાથે બાની;
આમિ ગાનેર સાથે ગાન,
આમિ પ્રાણેર સાથે પ્રાન;
આમિ અન્ધકારેર હૃદયફાટા
આલોક જ્વલ જ્વલ.

[સંસ્કૃતિ, જાન્યુ. '૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

76351

સ્વાધ્યાય અને સમીક્ષા

વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી

ઉત્થાનશ્રી*

રચનાનું ચિત્રખચિત સૌન્દર્ય, ભાષાની વિચારભરચક પ્રૌઢિ, ભાવની ઘેરી ઉત્કટતા, કલ્પનાની વિધાયક પ્રગલ્ભતા અને દૃષ્ટિની દૂરગામિતા કવિતાને ચિરંજીવિતાનાં તત્ત્વો અર્પી શકે તેમ હોય તો ઉશનસ્‌ની કવિતામાં તે છે. આદર્શોની સત્યતા અને સુન્દરતામાં તેમને શ્રદ્ધા છે. મનુષ્યના ભાવિ વિશે તેમને ઉમળકો ને આશા છે, કેમ કે તે જ વર્તમાનના વાસ્તવને પૂર્ણતા તરફ લઈ જનારું રસાયન છે. વર્તમાનનું વાસ્તવ કવિ બરાબર પ્રીછે છે, એની પકડ એમની નજર છોડતી નથી. કોઈ વખત વર્તમાનની અણધારી સ્મૃતિ એમની કવિતાનો ચમત્કાર થઈ જાય છે: કાશ્મીરની સૌન્દર્યલક્ષ્મી ધરાઈ ધરાઈને જોતાં કવિ અસ્તિત્વને ગર્વે માણી રહે છે,

"ત્યાં ભિખારીનો સાદ
તોડે સ્વપ્ન; ઓરે, મારા પૃથ્વીપંકે પાદ!"

હીણા વાસ્તવથી કવિને આઘાત થાય છે, પણ વ્યક્તિ અને માનવનું ભવિષ્ય તેના અવિકસિત પ્રાણમાં રહેલું છે, તેનાં અજ્ઞાત અર્ધજ્ઞાત સંવેદનોમાં રહેલું છે, તેની અભીપ્સામાં અને લક્ષ્ય તરફ પ્રાણવાન ગતિમાં રહેલું છે.

"હું માનવી ઢેકું વસુન્ધરાનું,
વહું છૂપી દુર્દમદિવ્યગંધ
અણુ અણુ કો અણજાત ફૂલની"

"ક્યાં અયોમય નિર્દય
કઠણ વિગતો જીવ્યાની રે? તથાપિ શિશુ નવ
હજી ય ઊછરે માબાપોથી અવસ્તુતણે દ્રવ!"

કવિને ત્રણ વસ્તુમાં શ્રદ્ધા છે, આનંદ છે: આ સંસારની મહેન્દ્રધનુ જેવી લીલામાં; સંસારને સુધારવા મથતા અસહિષ્ણુ મરજીવામાં; અને શ્રી અરવિંદ જેવામાં, જે

"જુએ સપનમાં પૃથાનું પલટાયલું દર્શન,
અશેષ અવતારવા અમરતા, ધિકાવે ધૂણી."

મેધાશ્રમજીવી કવિને એમની યાત્રામાં ટકાવી રાખનાર તત્ત્વ નિજ પુરુષાર્થની સપ્રયોજનતા છે. એ સાર્થકતા એને ગતિ આપ્યા કરે છે. એમાં એને ધન્યતા સમજાય છે:

"પંકપ્રકૃતિમાં સૂઝે સંસ્કૃતિનું પદ્મ,
પદ્મ વિષે અવતારે સુન્દરનું સદ્મ."

ઉશનસ્‌ની કવિતાની એક ખૂબી એમની કલ્પનાની લીલામાં જણાય છે. જે પ્રતીકો આસપાસ પંરપરાએ લાગણીઓ ગૂંથી દીધી છે અને જે, બહુધા, ચમત્કારથી એ લાગણીઓ જાગ્રત કરે છે તેનો અભિનવ પ્રયોગ તેઓ કરે છે. નવીન કવિતાનું એ સુભગ લક્ષણ છે જ, પણ ઉશનસ્‌ની કવિતામાં વિરલ ચારુતાથી એ દૃષ્ટિગોચર થાય છે. તેમના ભાવનો ઉછળાટ ને ઉમળકો બહુ હૃદયંગમ નીવડે છે. પ્રાચીન સંસ્કારને પ્રબોધી નવીન વાસ્તવિક દૃષ્ટિને ભાવમય, તેજોમય તેઓ કરી શકે છે. કવિને મન પ્રથમ શિશુમાત્ર કૃષ્ણ છે અને બધી જ માતાઓ પ્રથમ શિશુના મુખમાં બ્રહ્માંડ અવલોકે છે. નવા જીવનને યોગ્ય સર્વસમર્પણ પણ વૈષ્ણવી ભાષામાં ને પૂર્ણ ભાવોદ્રેકથી કવિ વર્ણવે છે: "ત્યાગ કરીને ભોગવ"શું, ત્યાગ એ જ સાચો ભોગ છે. બચિયું એટલું એળે ગયું ને લૂંટાવી દીધું તે લહાણ થઈ!

જીવનપ્રવાહનું યથાર્થ દર્શન, અનાકુલ જોમ અને અવિહ્વલ આતુરતા જે સુન્દરમ્ અને ઉમાશંકરના ઉદયકાળે જ વરતાઈ તેમને પ્રતિષ્ઠા આપી ગયાં તે ઉશનસ્‌માં જોવા મળે છે અને તે જ નવીન કવિઓના અગ્રણી કવિમાં તેમને બેસાડે છે. માનવસમષ્ટિના જીવનપ્રવાહમાં છેલ્લી અરધી

* શ્રી ઉશનસ્‌ના પ્રગટ થનાર કાવ્યસંગ્રહ 'પ્રસૂન'ની પ્રસ્તાવના.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સદીનું મૂલ્ય તારવતાં, સૉનેટ-ત્રયીને અંતે કવિ ઉજ્જવલ ભાવિની આસ્થા સહિત ઉચ્ચારે છે:

"જોયું તારું સ્વરૂપ, હે અર્ધનારીશ્વર!
આ પા ગાંધીસ્વરૂપ, આ બાજુનું હિટ્લર."

લોકક્ષયરૂપ કાલ પણ પ્રભુ છે, લોકજીવનરૂપ બ્રહ્મા પણ એ જ છે. યાતના અને મૃત્યુ જીવનતત્ત્વને–સ્વતંત્રતા, સમાનતા, એકતાને વ્યાપક કરે છે. જીવનપ્રવાહની, અભ્યુદય-ની ગતિ તેમને દેખાય છે તેથી તો એ શ્રમનું ગાન ગાય છે; એથી તો એ ભૂમિદાનને કવિતાના રસાયનથી સત્કારે છે; એથી તો કવિ પુરુષાર્થના સર્વ ક્રમને, આરંભથી અંત સુધીનાં સર્વ પગલાંને સ્વતંત્ર રીતે રમણીય અને મૂલ્યવંતાં ગણે છે. કેટલા જોમથી કવિ ઉત્થાનવાણી ઉચ્ચારે છે!—

"છે કોઈ આ પૃથ્વીની પ્રકૃતિથી,
અતિ પરિચિત લઘુ ક્ષિતિજથી
કંટાળિયું હું સમ? તો ચલો ઊંડો."

સર્વ સાચી કવિતા પ્રગતિશીલ છે: કેમકે પ્રગતિશીલ અને સંસ્કારી જીવનને આવશ્યક માનસિક પરિસ્થિતિ તે સર્જે છે. પરંતુ વિશિષ્ટ રીતે આપણે એવી કવિતાને 'પ્રગતિશીલ' કહી શકીએ જે વ્યક્તિ અને સમાજને, પરિસ્થિતિની ઊણપો ને મલિનતાઓ તરફ આંખ મીંચ્યા વિના, ઊર્ધ્વતાનો નિર્દેશ કરે અને તે સારુ ઉત્સાહ પ્રેરે. શ્રી ઉશનસ્‌ની કવિતા આ વિશિષ્ટ અર્થમાં 'પ્રગતિશીલ' છે અને તેથી તો તેને ઉત્થાનશ્રી કહેવા લલચાઉં છું.

સુરત, ૨૯-૧૧-૫૫ વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી

'પત્રમ્ પુષ્પમ્'*

આ ભક્તિકાવ્યોનો વાચક સંપાદકોએ કેવો કલ્પ્યો છે? કેવલ સહૃદય. તેથી વિશેષની તેની પાસેથી કશી અપેક્ષા રાખી નથી. ધર્મ, સંપ્રદાય કે સ્વરૂપસિદ્ધિવિષયક કોઈ વિશિષ્ટ પ્રણાલીને વરેલો અમારી કલ્પનામાં નથી. એવો ભક્ત અનુયાયી કે અભ્યાસી હોય તેને પણ આવું વાચન ઇષ્ટ જ હશે એવી, અલબત્ત, ધારણા છે. સચેતન ધર્મવૃત્તિ એની વિકસેલી હશે તો તો એને વિશેષ રસ પડશે, એનું હૃદય વિશેષ પુલકિત થશે, એને આશ્વાસન, આશા કે શાન્તિ મળશે. પણ આ સંચયના આસ્વાદ ને અનુભાવન માટે પ્રાથમિક સહૃદયતાવાળો વાચક હશે તો પણ બસ છે. સંપાદકો પોતે જ એથી ઉત્તર કક્ષાનો દાવો કરી શકતા નથી.

લાગણીના આલેખનથી લાગણી અનુભવવી, ઉદાર લાગણીના આલેખનમાં ચિત્તની પ્રસન્નતા કે વિકસિતતા અનુભવવી, એ સહૃદય વાચકનું સહજ કાર્ય છે; અને ધર્મતત્ત્વ સાથે સંલગ્ન એવી ઊર્મિઓના સ્ફુરણને જીવનમાં અનહદ અવકાશ છે. મૂંઝવણો, નબળાઈઓ અને પાપ સુધ્ધાંતનું ભાન પણ ચિત્તને વિચિકિત્સાથી ભરી દે છે. આમ કેમ? આ ખોટું કામ કરવાની ઇચ્છા નહોતી છતાં કેમ થઈ ગયું? આ કામ કરવાની ખૂબ ઇચ્છા છે છતાં નથી થતું, તેને માટે શકિત નથી, સ્વાતંત્ર્ય નથી, આ જરા વહેલું સૂઝયું હોત તો ઠીક થાત. મર્યાદાઓ અને નબળાઈઓનું આવું ભાન મર્યાદા વિનાના, સ્વતંત્ર અને શકિતસંપન્ન જીવનની કલ્પના ઉપજાવે છે. આ માર્ગ આસ્તિકતાનો જ માર્ગ છે. કોઈ સ્પષ્ટ શ્રદ્ધાનો ઉદય ના થયો હોય છતાં માણસ અહીં, અબઘડી અને આ જ જીવન છે તેમ સ્વીકારવાની વાતને ઓળંગી ગયો છે. કેવળ શરીરયાત્રાની આસપાસ ફરતાં જ હિતો કરતાં જે ઉચ્ચતર જીવનમૂલ્યો સ્વીકારે છે તેને આસ્તિક ગણવામાં બાધ નથી. તેનું સ્વર્ગ તેની કલ્પનામાં છે; તેનો ઈશ્વર જીવનનિયમ છે; તેનો આત્મા માત્ર મનુષ્યજાતિનું સાતત્ય છે; એમ છતાં પણ તેની વૃત્તિઓ, લાગણીઓ અને વ્યવહારમાં ધાર્મિકતા પ્રવેશી શકે, કેમ કે તે પ્રાપ્ત જીવનરસને કેવળ ચૂસ ચૂસ કરવામાં જ પુરુષાર્થની પર્યાપ્તિ નથી ગણતો.

અને મનુષ્ય જરાક ઊંડો ઊતરે કે જરાક વિશ્વ તરફ નજર કરે તો તો તેના આશ્ચર્યનો પાર ના રહે. केनेषितं पतति प्रेषितं मनः। કોની ઇચ્છાથી મન તેના વિષયને ગ્રહે છે? કયા પ્રધાન બળથી આંખ પોતાનું કામ આપે છે? આપણામાં એવી તે કઈ શક્તિ પડી છે જેથી આપણે આપણા વિશે વિચાર કરીએ છીએ? આપણા જ ચિત્તના વ્યાપારોનું તટસ્થ દૃષ્ટિએ પૃથક્કરણ કરીએ છીએ? આપણે

[સંસ્કૃતિ, જાન્યુ. '૫૬

---

* શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અને શ્રી શારદાપ્રસાદ વર્મા સંપાદિત (પ્ર. યુગાન્તર કાર્યાલય, સુરત, કિં. દસ આના.) ભક્તિકાવ્યોના એક સંચય "પત્રમ્ પુષ્પમ્"ની પ્રસ્તાવના.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યક્તિઓ, આ વિશ્વમાં કાંઈ બાહ્ય પદાર્થો તરીકે, અજાણ્યા અતિથિઓ તરીકે નથી આવ્યા. કશોક ક્યાંક ગૂઢ સંકેત છે; અવ્યક્ત કાંઈક રહસ્ય છે; નહિ તો અઢળક ઢળતી નદી, કે અડીખમ પહાડ, કે અનહદ વિસ્તરતો સમુદ્ર, કે વનો-પવનના મંજુલ નિનાદ, કે રૂપવિધાયી આકાશ જોઈને મન રમણે ચઢે છે? Behold the lilies in the field... ત્યાં કશુંક છે જે ચેતનાને સ્પર્શે છે? રમણીયતાનો સ્પર્શ કેવો ઉદ્બોધક ને માદક છે! એક માણસ આલાપ છેડે અને બીજો આર્દ્ર થાય, એમાં સમષ્ટિનું કોઈ વ્યાપક સત્ય છે. બાળક માટે વાત્સલ્યના સ્પન્દનમાં કોઈ વિશ્વનું અતીન્દ્રિય રહસ્ય છે. રતિ અને મૈત્રીના કોઈ કોઈ અનુભવમાં સ્વાર્થ માત્ર ઓગળી જતાં કોઈ અદ્ભુત શાતા અનુભવાય છે. આ બધું વિશ્વમાં પ્રવર્તતા કોઈ સત્ત્વની લીલા છે. એ બધું માનવની ઊર્ધ્વ ગતિની શક્યતાનું સૂચક છે, આધ્યાત્મિક ઋતનો એ અણુસાર છે. આ નિયમ જડતાનો નિયમ નથી કેમ કે તેમાં પદે પદે ચેતનાનો સ્પર્શ, ચેતનાનો આવિષ્કાર, ચેતનાનો પ્રબોધ સંકલ્પ ને નિશ્ચય, ચેતનાની સર્જકતા દેખાય છે. આવી આવી અતીન્દ્રિય ભાવનાલીલાના સ્વીકારમાં ધાર્મિકતાનું પ્રથમ સોપાન જણાય છે. એવી સમજણના ઉલ્લાસમાં જ નરસિંહ ગાઈ ઊઠે છે:

નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો,
તે જ હું તે જ હું શબ્દ બોલે.

*

પવન તું, પાણી તું, ભૂમિ તું ભૂધરા,
વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે.

મીરાંનો ઉમળકો તો અનેરો છે:

ઊડત ગુલાલ લાલ ભયો અંબર બરસત રંગ અપાર રે.

અને અર્વાચીન કવિ એવા જ ઊછળતા ભાવથી ઉચ્ચારે છે:

રહ્યું અનાલંબન જે પ્રતાપે, બ્રહ્માંડ આ ને મહિં જેહ વ્યાપે;
વ્યાપી દિશા સર્વ વિષે વિરાજે, તથાપિ રે'તો અવશેષ ગાજે.

આ વિશ્વમાં વ્યાપી રહેલા નિયામક તત્ત્વનું, સત્યનું, ઋતનું, ઈશ્વરનું ચિત્તને વાળીને અનુસંધાન કર્યા કરવું એનું જ નામ ભક્તિ. વળી વળીને સ્થિરમતિ થતાં સુધી, નિદિધ્યાસન થતાં સુધી અનુસંધાન કરવું એનું જ નામ ભક્તિ. એ બૌદ્ધિક સ્વીકાર અને ચૈતસિક અનુસંધાનનાં સર્વ ફલિતો અને પરિણામો સ્વીકારી લેવાં એ મોક્ષમાર્ગ. વનસ્પતિના રસમાંથી પત્ર, પુષ્પ અને ફલ પ્રગટે એમ આ ઈશવિષયક અભિમુખતામાંથી જીવનક્રમ પ્રગટે. ઈશ્વરની ભાવના સ્પષ્ટ, સ્પષ્ટતર સમજતા જવું; એ ભાવના સાચી હોય તો આપણે કોઈ એકલ કે એકલવાયા પદાર્થ તરીકે વ્યવહરવાનું નથી પણ જોયેલા સત્યને અનુરૂપ, તેના પ્રકાશમાં વ્યવહરવાનું છે; કેમ કે આપણામાં, આપણી મારફત પણ કોઈ સત્ય પ્રગટ થવા મથી રહ્યું છે અને એ ગતિને મદદ કરવી એ જ ધર્મ છે. એ વ્યવહાર પાછો આ સત્યદર્શનની કસોટી થતો જાય, એને વધુ પ્રકાશિત કરતો જાય; વૃત્તિઓ અને વાસનાંઓનો એની સાથે મેળ રાખવામાં તેમને સંયમમાં રાખવી પડે, અને સંયમમાં રાખતા જઈએ તેમ તેમ દર્શન ઊજળું થતું જાય. જે ભાવાત્મક શક્તિથી આપણે સ્વરૂપસિદ્ધિ કરી શકીએ તેને ખીલવવા માટે, દૃઢ કરવા માટે ખાલી, વ્યવહારશૂન્ય જીવન કામ નહિ આવે. જીવન કર્મથી ભરેલું હોય તો જ ચિત્તની પૂર્ણ શુદ્ધિની, ચિત્તની પૂર્ણ શક્તિની સિદ્ધિની શક્યતા છે, કેમ કે ચિત્તને ઇન્દ્રિયગ્રામથી કે શરીરથી અલગ વિચારવાનું નથી. ચિત્ત જેમ ઇન્દ્રિયગ્રામનો કબજો લઈ લે છે, તેમ પ્રયત્નપૂર્વક ઇન્દ્રિયગ્રામ અને શરીરનાં કર્મોથી ચિત્તને સંસ્કારી શકાય છે. સમૃદ્ધ કરી શકાય છે.

પદાર્થમાત્ર, પ્રવૃત્તિમાત્ર, ચેતનાનું પ્રત્યેક સ્ફુરણ જીવનનો પ્રત્યેક અંશ ઈશાવાસ્ય હોય, તો પરમ સત્યને સમર્પણ અને એ તરફ ગતિ મનુષ્યનો પરમ પુરુષાર્થ બને છે. વૃત્તિઓની ખેંચતાણ, સંકલ્પવિકલ્પ, ધર્મસંકટો, મોહ, શોક અને મૃત્યુ તરી જવાવાનાં હોય તો સાધનાની એ જ દિશા છે. આત્માની સ્વાભાવિક સ્થિતિ પ્રાપ્ત થવાની હશે તો એ જ માર્ગે થશે. નિર્વાણ કે કૈવલ્યતાની સ્થિતિ પ્રાપ્ત થવાની હશે તો એ રીતે જ થશે. ઈશનું આત્યન્તિક સાંમુખ્ય અને પ્રસાદ પ્રાપ્ત થવાનાં હશે તો માનવની યાત્રા એવી જ રહેશે. ઈશના અમિત ને અનન્ત ઉદધિમાં બિન્દુ જેમ ભળી જવાનું હશે તો એ જ માર્ગ થશે. વ્યક્તિત્વના ઉત્તમ ધર્મો, અહિંસા, મૈત્રી, કરુણા, ક્ષમા, ઉદાત્તતા, ત્યાગ, ધૈર્ય, સમતા, આદિ આ બૃહદ્‌ની બુદ્ધિથી બૃહત્ થતાં થતાં જ પમાય. લોકકલ્યાણની પ્રવૃત્તિઓમાંથી અભિમાન, મોહ, એષણા ટાળવાં હોય તો અલ્પતા અને વિરાટપણાના એકી સાથે ગ્રહણથી

(અનુસંધાન પૃ. ૩૪ ઉપર)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તંત્રી

વિદ્યાસંસ્થાનું રખોપું

ફ્રેન્ચ એકેડેમીએ પોતાના અમર-ગણમાં પ્રસિદ્ધ લેખક ઝયાં કૉક્તોને ૧૯૫૫ના ઑક્ટોબરની ૨૦મીએ વિધિપૂર્વક દાખલ કર્યા. સમારંભ વખતે જાહેર પ્રજા માટેની ૮૦૦ બેઠકો માટે ૧૨,૦૦૦ અરજીઓ આવી હતી અને નિમંત્રણપત્રની કાળાબજારની કિંમત ૧૫,૦૦૦ ફ્રૅન્ક સુધી પહોંચી હતી. હાજર રહેનારાંઓમાં બેલ્જિયમની રાણી, કૅનેડાના રાજદૂત આદિ અનેક હતાં.

કૉક્તોએ કહ્યું કે પોતાની સ્થિતિની સરખામણી "ખુરશીઓની ઉતરડ ઉપર સમતોલ રહેવા મથતા નટ સાથે થઈ શકે. કૃત્રિમ આસાનીની કઢંગી સ્થિતિ પૂરા એક કલાક સુધી ટકાવી રાખવા અંગેની મારી ભયભીતતા તમે કલ્પી શકશો,—કેમ કે દેખાઈ આવે એવો દરેક પ્રયત્ન તે શૈલીનો અભાવ દાખવે છે, અને આપણી કૃતિએ કૃતિનું ચિહ્ન રહેવા દેવું ન જોઈએ અને એ કૃતિ માટે આપણે જે જહેમત ઉઠાવવી પડી છે તેનો ઇશારો સરખો પ્રગટ કરવો જોઈએ નહિ.

"જેને કોઈ પશ્ચાદ્‌ભૂમિકા નથી, ઓળખાણપત્ર નથી કે નથી નિશ્ચિત રહેઠાણ, એવા માણસને તમે તમારી વચ્ચે નિમંત્રણ આપ્યું છે. રાજ્ય-હીન માણસને તમે પાસપોર્ટ (પ્રવાસ-પત્ર) આપ્યો છે, રખડુને આરામનું ઠામ આપ્યું છે, ભૂતને રૂપરેખા અર્પી છે, થાકેલાને પગ દીધા છે અને નિઃશસ્ત્ર બનેલા હાથને તલવાર પકડાવી છે."

પોતે એકેડેમીમાં ચૂંટાવા તૈયારી બતાવી એની પાછળનો આશય શો હતો? (૧૯૫૫ માર્ચમાં એ ચૂંટાયા હતા.) "કાંઈક તો જીવતાઓના રાજ્યમાં ભાગ લેવાની ભૂત(પ્રેત)ની ઇચ્છા, કાંઈક ઊભા રહેલા મુસાફરની બેઠક માટેની ઝંખના અને કારવાઁમાં ખપતા જિપ્સીની ઠરી ઠામ થવાની તૃષા. ... તમને એ પ્રહસન યાદ આવે છે, જેમાં ચાર્લી ચૅપ્લીન પોતાના માથા ઉપર દીવા-ઢાંકણ મૂકે છે અને પોલીસથી છટકવા માટે દીવો બને છે? ૪૦ વરસથી વાંકેચૂંકે રસ્તે હું મારો પીછો પકડી રહેલા કશાકથી ભાગી રહ્યો છું, તેમાંથી તમારા આ અનુગ્રહને પ્રતાપે મને એક ઊભણી ઉપર સ્થિર આસન મળે છે, એક શિલ્પકૃતિની પ્રતિષ્ઠા મને મળે છે — જેને લીધે શિકારીઓ અને શિકારી શ્વાનો ભોળવાઈ જવાના."

પહેલાં "જુવાનીના વિચિત્ર ઢાંચાવિરોધી વલણ"ને લીધે પોતે એકેડેમીના વિરોધી હતા. "હકીકતમાં તૈયાર મળેલા ખ્યાલથી પોતે એક વાર ભોળવાઈ ગયો એની શરમને લઈને જ ઉમેદવારીનો મેં નિશ્ચય કર્યો. ...સદ્‌ગૃહસ્થો, આજે હું જો સત્તાવાર સ્થિતિ ધારણ કરું છું તો તે એટલા માટે કે છેલ્લામાં છેલ્લી ફૅશનમાં ન હોવાના લોકોના ભયની સરખામણીમાં મને એ ક્રાન્તિકારક લાગે છે." એમણે ઉમેર્યું કે પોતે, ખરે જ, યુલીસીસની જેમ કાનમાં (પૂમડાં તરીકે) મીણ ભરી દીધું છે, પણ તે લોભાવનારી સાયરેનનાં ગીતોને દૂર રાખવા માટે નહિ, બલકે ગીતોને અંદર રાખવા માટે જેથી પોતે પછીથી તેમને દુનિયામાં ચોગરદમ ફેલાવી શકે.

"હું આશા બાંધું છું કે જેઓની ઉપર વ્યક્તિત્વવાદનો શક છે તેવા બધાઓનું એકેડેમી રક્ષણ કરશે. મારું સ્વપ્ન છે કે અનેક જેનો પીછો પકડે છે તેવા એકને માટે આપણાં બારણાં હમેશાં ખુલ્લાં હોય. મધ્યકાલનાં ગિરજાઘરોની જેમ આ સંસ્થાનું એવું રખોપું હો કે નિર્દોષતાના ગુના માટે જેઓ તકસીરવાર હોય તેવા તમામ અહીં આશ્રય લઈ શકે.

"સદ્‌ગૃહસ્થો, મને ખાતરી છે કે બાલ્ઝાકને ઇન્કારવાના દોષને નાબૂદ કરવા તમે અધીરા છો. એ દોષને આપણે શી રીતે નાબૂદ કરીશું, સિવાય કે જેઓ એકલવાયા અને દેવાં નીચે, કેટલાક આત્મહત્યાથી અને કેટલાક (જેઓ તો દેવદૂતો સાથે લડી શકે એવા કલાકારો હતા પણ જૅકોબની જેમ ત્યાં જ અટકી ગયા હતા) અપંગ દશામાં અનાથગૃહોમાં ગુજરી ગયા તે તમામ નરસાં પાત્રો જેમની વડે ફ્રાન્સે દુનિયાને ચકિત કરી છે તેમની ઉપર આપણે ધ્યાન રાખીએ?"

[મૅન્ચેસ્ટર ગાર્ડિયન અને લંડન ટાઇમ્સ ઉપરથી સંકલિત]

સાબરમાં ઘોડાપૂર જોઈને

આજે હે રૌદ્રરમ્યા! અભિનવ ભરતી ડોલતી મત્ત ઘેલી,
ઊંડી ઘેરી છટાએ વમળઘૂમરતાં વારિ આ વેગવંતાં
ફંગોળી ફીણ ઊંચે, ધસમસ ધસતાં ચંડ મોજાં ચગાવે,
જાગી તારી જવાની કવણ સ્પરશથી સાભ્ર હે ક્ષીણસ્રોતા!

[સંસ્કૃતિ, જાન્યુ. '૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાલે તો તું કિશોરી! અબુધ તરલશી ગેલતી ખેલતી'તી,
બિલોરી ચૂંદડીમાં અણગણ ધવલાં શંખલાંછીપલાંઓ
છુપાવી ગીત ગાતી, કલકલ કરતી ગામને વીંટળાતી,
આજે ગંભીર ગાજે, તવ ઉર-પખવાજે પડી થાપ કોની?

જાણે કો ગ્રામબાલા પિયરઘર તજી, માતની ગોદ મૂકી,
દાદાની ડેલીએથી ડગ દઈ ચડતી વેલ માંહે રૂપાળી,
ધોરીડા જોતરેલી, રજતવરણના ધૂળગોટા ઉરાડી,
સીમાડો જે ગજાવે ઘમઘમ ઘૂઘરે દૂર ને દૂર જાતી...;

લંબાવી ડોક બાંકી હરિણનયનથી ખેરતી આંસુડાંઓ,
ઝાંખાં ઝાંખાં થતાં સૌ નિજ મહિયરનાં ઝાડવાં જોઈ રે'તી,
દેરાટોચે ચડેલી પ્રિય સહિયરની ટાંળકી દૂર ડૂબે,
દીસે ધીરે વિલાતી ફકત ધ્વજ તણી કોર કંપી રહેતીઃ

—ને બાલા બાવરીશી પરવશ પડતી, આપમેળે તણાતી,
નેનાં ઝંખે પછાડી પલપલ પળવા, હૈયું ઝંખે અગાડી—
મીઠી, ઉદ્વેગઘેરી, ગડમથલ મચે, તેમ આ નીર ડોલે,
ઊંડાં, ઘેરાં, અધીરાં, પ્રિયમિલન તણા ચિત્તસંક્ષોભ ઝોલે!

[પ્રગટ થયેલા કાવ્યસંગ્રહ 'પરિક્રમા'માંથી]

બાલમુકુન્દ દવે

વાદળ વિખરાયાં

નિરભ્ર, નિર્મળ ગગન બન્યું ને
    અવનિજલ આછરિયાં;
ઢંકાયેલા સૂરજચાંદનાં
    તેજ ફરી રેલાયાં... ...વાદળ વિખરાયાં૦

હરિયાળીમાં ધરતી કેરી
    નભની નીલિમા માંહીં;
તૃપ્તિ તૃપ્તિ અનુભવતા જગમાં
    શરદલક્ષ્મી સોહાયાં... ...વાદળ વિખરાયાં૦

સાૈમ્ય તેજના સુરભિત દીવડા
    સરમાં કુમુદ પ્રગટિયાં;
ભક્તિ કેરાં ગીત સમાં આ
    પારિજાત પમરિયાં... ...વાદળ વિખરાયાં૦

મહેકે પવન, સરોવર ડહેકે,
    નાચત મન અનુપમ કો ઠેકે;
હરખ તણા હૈયાના દીવા
    ગોખેગોખ પ્રગટિયા... ...વાદળ વિખરાયાં૦

સફળ થયો માનવનો શ્રમ ને
    ધાન નવાં સરજાયાં;
આનંદે એ અમાસ કેરાં
    અંધારાં અજવાળ્યાં... ...વાદળ વિખરાયાં૦

['કોડિયું' જાન્યુ.'૫૬માંથી]

—પ્રહ્લાદ પારેખ

લઘુ આશા

ત્યાં શે'ર મધ્યે ધૂમધામ ચાલે
અસંખ્ય મિલો દિનરાત પેલી,
કો લાખ ત્રાકે, દશ લાખથી કો,
કાંતી રહી છે સૂત-કોકડાં એ.

તૂટે તડાતડ જકડેલ રૂની
ત્યાં ગાંસડી નિત્ય પચી'પચાસ,
પિંજાઈ પળમાં પોલ પૂણી થઈને,
કંતાઈ જાતું ઢગબંધ ત્યાં તો.

ચાલી રહ્યા છે ફટકા ગતિથી,
દેતા વણી સૂત બીજી પળે ત્યાં,
ત્યાં ગંજ મોટા ખડકાઈ ચાલ્યા,
જો ડુંગરા કાપડના બન્યા છે.

ત્યાં દૂર ધીમો લઘુ ઝૂંપડીમાં
મથી રહ્યો પાગલ એક ધૂની,
એ રેંટિયો કાષ્ઠ તણો લઈને
કાંતી રહ્યો સૂતર-તાંતણા ત્યાં.

ભાળી હસી બોલતી મિલ પેલીઃ
શાને મથે મૂરખ માનવી તું?
શેં જિંદગી આમ એળે ગુમાવે,
તારો વળે દી' ચકલાં ચૂંથ્યે શું?

પ્રચંડ કાયા દિનરાત મારી
મથી રહી છે છલકાવી દેવા,
નાગાં રહેશે નહિ કોઈ વિશ્વે
ઢંકાઈ વસ્ત્રે ધરતી જશે આ.

'અટ્ટહાસ્ય પડ્યું કાને, હાંફતી મિલનું ત્યહીં',
ધીમો ત્યાં ગુંજતો બોલ્યો, ચરખો અલ્પ કાષ્ઠનોઃ
વિરાટ તું, ભલે ઢાંકે, વિશ્વ આખુંય દે ભરી,
મારે હૈયે લઘુ આશા, ઢાંકવા અલ્પ માનવી.

[નવલભાઈ શાહ : 'નવાં માનવી' માંથી]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[અનુસંધાન પૃ. ૩થી]

પણ નિવૃત્ત થયા ત્યારે વિશ્વયુદ્ધ ચાલતું હતું અને હિંદ પણ પૂરું જોયેલું નહિ એટલે તક મળતાં, ૧૯૫૧માં, પોતે દેશના પ્રવાસે ગયેલા. તેનું વર્ણન 'સંસ્કૃતિ'માં પ્રગટ કરવા આપેલું. ૧૯૫૧ના જૂન અંકમાં (પૃ. ૨૨૬–૨૩૨) લેખ પ્રગટ થયા પછી એક વાર આવીને (સવારે નિયમિત ફરવા નીકળતા અને વચ્ચે મિત્રોની ખબર કરતા) લેખમાં રહેલી ભૂલોની યાદી ઘેર મૂકી ગયા. નીચે પ્રમાણેની એ કાપલી મેં સાચવી રાખી છે:

૨૨૬	પ્રૉવિડન્ટ	
૨૨૮	મ્યુઝીઅમ	મ્યુઝિયમ ×
૨૨૭	દુખે છે	
૨૨૭	વાગ્યે	
૨૨૯	સ્વાદિષ્ઠ	
૨૩૦	સરયૂ	
	સુખ્ખાં	ખાં ×
	Musē'um	ચોખ્ખાં
	Mu-sē'-um	

આ રીતે જો દરેક વખતે દૈનિકો, સાપ્તાહિકો, માસિકો, ત્રૈમાસિકો ઉપર ભૂલોની યાદીઓ મોકલવામાં આવે તો ભાષાદોષો ધીમેધીમે જરૂર ઓછા થાય.

એક મહિના ઉપર સવારે ફરતા ફરતા આવ્યા. 'સમય હોય તો આટલું એક જોઈ જાઓ' એમ કહી સંસ્કૃતનો અભ્યાસ સરળ કેમ બનાવી શકાય તે માટે એમણે એમની સંસ્કૃત-પોથીમાં કરેલા પ્રયત્નો બતાવ્યા. નડિયાદમાં ગુજરાતીના અધ્યાપકોના સંમેલનમાં આ પ્રશ્ન એ જ રીતે ચર્ચાયો હતો એ મેં કહ્યું ત્યારે રાજી થયા.

આવા એક સ્પષ્ટભાષી ઉત્તમ શિક્ષકના જવાથી ગુજરાતના સંસ્કારક્ષેત્રને ખોટ પડી છે. (ગુજરાત યુનિવર્સિટીની સેનેટમાં એ ચૂંટાયા હતા.) પ્રભુ એમના આત્માને શાંતિ અર્પો!

દેશને ૮૧થી વધુ વરસોની સેવા

૮૧થી વધુ વરસો પહેલાં, અમારી પહેલી પૉલિસી આપી તે પ્રસંગે અમે અમારા મુદ્રાલેખ તરીકે 'સ્વર્ગીય પ્રકાશ અમારો ભોમિયો છે' એ સુવચન સ્વીકાર્યું હતું અને એ રીતે નિર્ભેળ પ્રામાણિકતા, ઉચ્ચ ચારિત્ર્ય અને અડગ સલામતીપૂર્વક રાષ્ટ્રની સેવામાં અમે પ્રતિજ્ઞાબદ્ધ થયા હતા. આ મુદ્રાલેખને ૮૧ કરતાં વધુ વરસોથી અમે સધ્ધર રાખ્યો છે અને અમારી પ્રતિજ્ઞાને અમલમાં ઉતારી છે. અને આજે 'ઓરિયેન્ટલ'નું નામ હિંદના વીમાઉદ્યોગમાં મોખરે સ્થિર બન્યું છે અને દેશની પ્રગતિ માટે પ્રાણરૂપ એવાં બધાં કાર્યક્ષેત્રોમાં વીમાનું રક્ષણ પૂરું પાડે છે.

ચાલુ બોનસ

રૂ. ૨૨–૮–૦
દર વાર્ષિક રૂ. ૧૦૦૦ની
આખી લાઈફ પૉલિસી ઉપર

રૂ. ૧૦
દર વાર્ષિક રૂ. ૧૦૦૦ના
એન્ડાઉમેન્ટ ઍશ્યોરન્સ ઉપર

ઓરિયેન્ટલ
ગવર્નમેન્ટ સિક્યુરિટી લાઈફ ઍશ્યોરન્સ કં. લિ.,
ઓરિયેન્ટલ
ફાયર ઍન્ડ જનરલ ઇન્શ્યુરન્સ કં. લિ.,

હેડ ઑફિસ : ઓરિયેન્ટલ બિલ્ડીંગ્ઝ, મુંબઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Reg. No. B. 4946

આજે હિંદમાં હાથશાળો ઉપરાંત એક વરસમાં આશરે ૪૫૦ કરોડ વાર કાપડ ઉત્પન્ન કરતી ૪૨૧ મિલો છે. આમાંનું આશરે ૬ કરોડ વાર કાપડ અમદાવાદમાં **"જહાંગીર વકીલ મિલ ગ્રૂપ"**ની ત્રણ મિલો વણે છે. માથા દીઠ કાપડની વપરાશ પંદર વાર ગણીએ તો આ ગ્રૂપ આશરે ચાલીસ લાખ માણસોની કાપડની જરૂરિયાત પૂરી પાડે છે.

જહાંગીર વકીલ મિલ્સ
અમદાવાદ

☆

નવજીવન મિલ
કલોલ

ન્યુ જહાંગીર વકીલ મિલ
ભાવનગર

☆

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃતિ

વર્ષ ૧૦ : અંક ૨

તંત્રી
ઉમાશંકર જોશી

ફેબ્રુઆરી ૧૯૫૬

સળંગ અંક
૧૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃતિ

વર્ષ દસમું   સળંગ અંક ૧૧૦   અંક બીજો

અનુક્રમણિકા : ફેબ્રુઆરી ૧૯૫૬

પામરતાનું વિરાટ પ્રદર્શન	ઉમાશંકર જોશી	૪૧
સમયરંગ	તંત્રી	૪૨
ગાયત્રી : પ્રાતઃ	નિરંજન ભગત	૪૪
નિ. ભ.ને ચુ. મ.નો જવાબ	ચુનીલાલ મડિયા	૪૫
સાચા શબ્દ	સરોદ	૪૫
શું શું સાથે લઈ જઈશ હું ?	ઉમાશંકર જોશી	૪૫
ધનુનું મનન	કાકા કાલેલકર	૪૬
દશાંશ પદ્ધતિના સિક્કા	એચ. એમ. પટેલ	૪૮
એપ્રિલસ્ય પ્રથમ દિવસે	વિનોદિની નીલકંઠ	૫૨
પત્રમ્ પુષ્પમ્	જયંતિ દલાલ	૫૫
વર્તમાન ગુજરાતી સાહિત્યના પ્રવાહો	કાન્તિલાલ બ. વ્યાસ	૫૭
બૌદ્ધધર્મનું "છઠ્ઠું સંગાયન" : છઠ્ઠી સંસદ	સુમન્ત મહેતા	૬૨
નોત્રદામમાં નાતાલ—પૅરિસનો પત્ર	ચુનીલાલ મડિયા	૬૬
આપણો ખાંડ ઉદ્યોગ	નરસિંહ મૂ. શાહ	૭૩
તળીની પરિભાષા	દલસુખભાઈ કા. શાહ	૭૬
અર્ઘ્ય	તંત્રી	૭૯

☆

સંસ્કૃતિ કાર્યાલય વતી મુદ્રક-પ્રકાશક: દિશનસિંહ ચાવડા, ચેતના પ્રેસ લિ., નવા બજાર, વડોદરા

સૂચનાઓ :

* દર માસની સાતમી તારીખે અંક પ્રસિદ્ધ થાય છે.
* દશમી સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
* પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર લખવાથી સગવડ થશે.
* આ માસિકમાં પ્રસિદ્ધ થતા લેખોમાંના અભિપ્રાય માટેની જવાબદારી તે તે લેખકની છે.
* પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે.

ગ્રાહકો નોંધવાનાં સ્થળો :

એન. એમ. ત્રિપાઠી, લિ. મુંબઈ.
પ્રવર્તક પુસ્તકાલય, મુંબઈ ૭
જીવનસાહિત્યમંદિર, અમદાવાદ.
ભારતીસાહિત્યસંઘ, અમદાવાદ.
ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, ,,
ગાંડીવ સાહિત્યમંદિર, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨
ગાંડીવ સાહિત્યમંદિર, લાલગેટ, સુરત
એલ. કે. મેઘાણી : અગરતોલા સ્ટ્રીટ, કલકત્તા ૧.
પ્રભાકર બ્રધર્સ, પો. બો. ૬૨, નૈરોબી, ઇસ્ટ આફ્રિકા.

લવાજમ :

દેશમાં રૂપિયા સાત. પરદેશમાં રૂ. નવ અથવા શિલિંગ ૧૪. છૂટક નકલના બાર આના.

જાહેરખબરના દર

આખું પાનું	રૂ. ૬૦
અધું પાનું	રૂ. ૩૫
પા પાનું	રૂ. ૨૦
છેલ્લું પૂઠું	રૂ. ૧૨૫
પૂઠું ૩	રૂ. ૧૦૦

તંત્રી અને વ્યવસ્થા અંગેના સઘળા પત્રવ્યવહારનું સરનામું :

સંસ્કૃતિ કાર્યાલય,
એલિસ-બ્રિજ, અમદાવાદ–૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃતિ

सत्यं परं धीमहि ।

ફેબ્રુઆરી ૧૯૫૬

पामरतानुं विराट प्रदर्शन

દૂરના નાના અજાણ્યા ગામડામાં માણસ નાનકડા વાસણમાં પાણી લઈને નાહવા બેઠો હોય, પણ એની ભાવના તો એ ક્ષણે 'ગંગે ચ યમુને ચૈવ...' એ મંત્ર દ્વારા ઉછાળો મારતી. એ ખોબા જેટલા પાત્રમાં ગંગા, યમુના, ગોદાવરી, સરસ્વતી, નર્મદા, સિંધુ, કાવેરી આદિનાં પુણ્યસલિલ આવીને ઊભરાતાં હોય એવી ખુમારી એનું મન અનુભવતું. અગણ્ય પેઢીઓથી આ દેશમાં એક ઊંડી એકતાના ભાવ ઘૂંટાયાં કર્યાં છે.

આ ભૂમિને એક વ્યક્તિ તરીકે અનેકે વર્ણવી છે. શંકરાચાર્યે ચાર પીઠની સ્થાપના કરી. જનતાએ ચાર દિશામાંનાં ચાર તીર્થોની યાત્રા દ્વારા દેશની સાંસ્કૃતિક એકતાને જમાનાઓથી સાક્ષાત્ અનુભવી છે.

પણ રાજકીય એકતા? પાશ્ચાત્ય ઇતિહાસકારો જ્યારે એમ કહેતા કે અંગ્રેજના છત્ર તળે હિંદને રાજકીય એકતા પહેલી વાર સાંપડી, રાજકીય એકતાનો અહીં અભાવ હતો, ત્યારે આપણું સ્વમાન ઘવાતું. પણ કદાચ એ અપ્રિય સત્યનો ઘૂંટડો હવે તો આપણે ગળે ઉતાર્યા વિના છૂટકો નથી, છેલ્લા મહિનાના બનાવો પછી.

સાંસ્કૃતિક એકતા ઘણી મોંઘી ચીજ છે, રાજકીય એકતા કરતાં પણ વધુ મોંઘી. પણ તેથી રાજકીય એકતાની ઊણપ નભાવી લઈ શકાય એમ ભાગ્યે જ કોઈ કહેશે. સાંસ્કૃતિક એકતા પણ આપણા આ વિશાળ ઉપ-ખંડમાં સ્થાપિત થઈ એ મોટું ભાગ્ય. હવે રાજકીય એકતાની ઊણપ દૂર કરવા પ્રત્યે સાવચેત થઈએ તો બસ. એ ઊણપને લીધે સાંસ્કૃતિક એકતા પણ આપણી કેવી પોકળ હતી એનો પણ કડુ સાક્ષાત્કાર આપણને હવે થઈ ગયો ગણાય.

દુનિયા સાંકડી બની રહી છે. દેશોનાં ભાગ્ય એક બીજા સાથે વધુ ને વધુ ગૂંથાતાં જાય છે. એ જ ક્ષણે હિંદદેશના જુદાજુદા અંશો એકમેકથી ગૂંથાવાને બદલે દૂર જવા કરે એ ઇતિહાસક્રમથી પણ વિરુદ્ધનું છે. નાના નાના અહમ્ મોટા મોટા સ્વાંગ સજી દેશની એકતાને શતખંડ કરી શકે એ જ નવાઈની અને ખેદની વાત ગણાય. વધારે ખેદજનક તો એ છે કે જ્યારે દુનિયામાં આ દેશની પ્રતિષ્ઠા સર્વોચ્ચ હતી—અને તે પણ શાંતિ સ્થાપવામાં મદદરૂપ થવાને લીધે—ત્યારે, બરાબર ત્યારે જ, એણે હિંસા-આચરણ દ્વારા જાણે કે નાક કાપીને પોતાની જાતને વિરૂપ કરી.

આવા આચરણને પરિણામે, દેશ-શરીરમાં રહેલાં વિષો પ્રત્યે સભાન થવાય, એક જાતની સલુકાઈભરી પોકળ આત્મ-સંતુષ્ટતાની લાગણી પ્રવર્તતી લાગતી હતી તેમાંથી બહાર નીકળાય, અને લોકશાહી પ્રજાતંત્ર દ્વારા કલ્યાણ-રાજ્યની સ્થાપનાનો મહત્ત્વાકાંક્ષી સમારંભ આદર્યો છે તેને માંટે સાચી રીતે સજ્જ થવા તરફ ધ્યાન જાય, તો પણ એમાંથી યોગ્ય બોધપાઠ લીધો ગણાશે. આ કાર્યમાં સંસ્કારસેવકો પાસેથી સૌથી વધુ આશા રહે. રાજકારણી માણસો કદાચ તોડે, પણ સંસ્કારસેવકો તો હમેશાં જોડે.

બીજું બધું તો ઠીક, હવે આપણામાં કાંઈ પણ લાજશરમ હોય તો આપણા આધ્યાત્મિક વારસાની ને આપણી ભવ્ય સંસ્કૃતિની ગુલબાંગો પુકારવામાંથી આપણે ઊંચા આવવું જોઈએ. આપણી પામરતાનું વિરાટ પ્રદર્શન આપણે પોતે થઈને કરાવ્યું છે. એ પામરતાને પિછાણીશું તો ક્યારેક પણ ખરેખરી ઉદાત્તતા તરફ ગતિ કરી શકીશું.

ઉમાશંકર જોશી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમયરંગ

તંત્રી

સદ્દગત ડૉ. એરચ તારાપોરવાળા

ડૉ. તારાપોરવાળાનું ૭૨ વરસની ઉમરે અવસાન થતાં ભાષાશાસ્ત્રના ક્ષેત્રમાં એક અનુભવી વિદ્વાનની ખોટ પડી છે. તેઓશ્રીએ બનારસ સેન્ટ્રલ હિંદુ કૉલેજના પ્રિન્સિપાલ તરીકે (૧૯૧૩–૧૭), કલકત્તા યુનિ.ના તુલનાત્મક ભાષાશાસ્ત્રના અધ્યાપક તરીકે (૧૯૨૭-૩૦) અને ડેક્કન કૉલેજ રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટના અધ્યક્ષ તરીકે: (૧૯૪૧–૪૫) કામ કર્યું હતું. તુલનાત્મક ભાષાશાસ્ત્ર ઉપર એમણે એક પુસ્તક લખેલું છે અને ગુજરાતી કવિતાસંગ્રહનું સંપાદન કરેલું છે. અવસ્તામાં લખાયેલ ગાથા ગુજરાતી વાચકોને શુદ્ધ અને સરળ રૂપે આપવાનો એમણે સ્તુત્ય પ્રયત્ન કરેલ છે. થોડા મહિનાઓ ઉપર તેઓ ઇરાન યુનિવર્સિટીમાં સંસ્કૃતના અધ્યાપક તરીકે ગયેલા. તબિયત બગડતાં મુંબઈ આવ્યા અને જાન્યુ. ૧૫મીએ હૃદય બંધ પડવાથી એમનું અવસાન થયું. પ્રભુ એમના આત્માને શાંતિ અર્પો!

માર્થા ગ્રેહામનાં નૃત્યો

પોતાની વિશિષ્ટ નૃત્યશૈલી ખિલવનાર પ્રસિદ્ધ અમરિકી નૃત્યકાર શ્રી માર્થા ગ્રેહામ હિંદ આવેલ છે. શાન્ત, ગૂઢ, સઘન વાતાવરણ જમાવવાની કળા એમને સહજ છે. ભાવોનું વહેણ ઊંડું હોય છે. એમાં શારીરિક નગ્નતા વગેરે જાણે કે કાંઈક ડૂબી જાય છે–એકદમ આગળ તરી આવતાં નથી. દેશદેશની ઘણી નૃત્યશૈલીઓમાં નૃત્ય અને નટખેલ (ઍક્રોબેટિક્સ) વચ્ચે–ખાસ કરીને પુરુષ નૃત્યકારોની બાબતમાં–ક્યારેક ફેર રહેતો નથી, તેવું અહીં પણ દેખાતું હતું. પણ એકંદરે સંવાદની છાપ પડતી. શરૂઆતના અમરિકી વસાહતીઓનાં જીવનને લગતા પ્રયોગમાં હૅટ સાથે પાદરી નૃત્ય કરે છે તેમાં હૅટ વગેરે દૃશ્યમાં સંવાદી રીતે ભળી જતાં હતાં. (ઉદયશંકરના યંત્ર અંગેના પ્રયોગમાં મજૂરોને જોતરતો લાંબા કોટ અને ટોપીવાળો માણસ બરોબર ભળી જતો નહિ.) શ્રી માર્થા ગ્રેહામ અત્યારે ૫૫ ઉપરનાં છે. એમના કામમાં શાન્ત મધુર સ્ફૂર્તિ અને સ્વસ્થ કલામયતા પ્રતીત થતાં.

હિંદમાં રૂસી લેખક ઇલ્યા એહરન્બર્ગ

ગયા મહિનામાં દિલ્હીમાં સાહિત્ય અકાદેમીની ઑફિસમાં પ્રસિદ્ધ રૂસી લેખક ઇલ્યા એહરન્બર્ગને ચાપાણી માટે નિમંત્રવામાં આવ્યા હતા. કેટલીક રસિક વાતચીત થઈ. 'પહેલાંના સાહિત્ય સાથે ક્રાન્તિ પછીનું સાહિત્ય સરખામણીમાં કેવું ઊતરે છે?' 'અલબત્ત, અમારી પાસે ટોલ્સ્ટૉય નથી.' આ જવાબ ઉપરથી ડોસ્ટોયેવ્સ્કી પર વાત ચાલી. ડોસ્ટોયેવ્સ્કી એના તત્ત્વજ્ઞાનને કારણે અત્યારે એટલા ગમતા નથી એમ અતિથિએ કહ્યું. કોઈએ ઉંકારો કર્યો: સામાજિક લેખનમાં તત્ત્વજ્ઞાનને તો સ્થાન હોવું ઘટે. પછી એક જણાએ સહેજ વિવાદાસ્પદ પ્રશ્ન છેડ્યો: રશિયામાં ગાંધીજીને વિશે લખાણો છે તેમાં એમને દ્રોહી (ટ્રેઈટર) તરીકે કેમ ઓળખાવવામાં આવે છે? શ્રી ઇલ્યા એહરન્બર્ગે કહ્યું: અમારે ત્યાંથી મૂડીદારોને અમે નાબૂદ કરી શક્યા છીએ, પણ બધા મૂર્ખોને અમે નાબૂદ કરી શક્યા નથી. પેલા ભાઈએ ફરી પૂછ્યું: પણ રાષ્ટ્રીય વિશ્વકોશમાં આ રીતે ઓળખ અપાય છે તેનું શું? શ્રી એહરન્બર્ગે કહ્યું: હું સર્જક લેખક છું, વિશ્વકોશો વાંચતો નથી. પણ હવે શ્રી નેહરુની આત્મકથાના પ્રકાશન પછી ગાંધીને સૌ યોગ્ય રૂપમાં ઓળખી શકે એવું છે જ, આપણા દેશો નજીક આવ્યા છે. એમણે એક જાણવા જેવી વાત ઉમેરી કે શ્રી નેહરુની આત્મકથાની એટલી બધી માગ છે કે તેનાં કાળાં બજાર થાય છે. મને પણ ઘણી મહેનતે નકલ મળી. કોઈએ પૂછ્યું: તમારે ત્યાં કાળાં બજાર થાય છે? 'હા, ચોપડીઓનાં અને સારાં નાટક-ઑપેરાની ટિકિટોનાં.'

પછીથી મૉસ્કોથી સમાચાર છે કે રૂસી વિશ્વકોશના એ સંપાદકે ગાંધી વિશેના બેહૂદા લખાણને ઠીક કરવાનો સમય પાકી ગયો છે એ તરફ જોરશોરથી ધ્યાન ખેંચ્યું છે. હિંદ સાથે રશિયા મૈત્રી ચાહે છે તેનું કદાચ આ પરિણામ ગણાય. તાત્ત્વિક મૂલ્યાંકન કરતાં રાજકારણી વલણ ત્યાં આવી બાબતોમાં વધારે ભાગ ભજવે છે એનો આ એક વધુ દાખલો લેખી શકાય.

શ્રી ઇલ્યા એહરન્બર્ગે હિંદનાં લોકોના ચહેરા બહુ અર્થ સમૃદ્ધ હોવાનું કહ્યું. તેઓ પોતે પૅરિસમાં રહેલા છે અને ફ્રેન્ચ જાણે છે. એમની આકૃતિ ઉપરથી સંસ્કારી વ્યક્તિની તરત છાપ પડે છે.

હિંદમાં શ્રી ઇલ્યા એહરન્બર્ગ થોડુંક રહ્યા તેમાં વિશે

[સંસ્કૃતિ, ફેબ્રુ. '૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમની પાસેથી પંચશીલ અંગે અને અમેરિકા-લક્ષી નિવેદનો મળ્યાં. સામ્યવાદી લેખકો અને કળાકારોની મુશ્કેલી એ છે કે એમનો, ઑડેન જેને જાહેર ચહેરો (પબ્લીક ફેઈસ) કહે છે એ જ જોવા મળે છે, એમના અંતરંગનો ને આપણા અંતરંગનો સંબંધ બંધાવો જાણે કે અશક્ય છે.

પ્રજાસત્તાક દિનની આગલી રાતનું રાષ્ટ્રીય કવિસંમેલન

પ્રજાસત્તાક દિનની આગલી રાતે દિલ્હી રેડિયો ઉપરથી રાષ્ટ્રની બંધારણમાન્ય ચૌદે ભાષાઓના પ્રતિનિધિ કવિઓની એકએક કૃતિ અને તેનો હિંદી અનુવાદ રજૂ કરવામાં આવ્યાં. સૂચના એવી હતી કે નવું કાવ્ય લખવાની જરૂર નથી, કોઈ લાંબી કૃતિમાંથી ખંડ અથવા સ્વતંત્ર લઘુ કૃતિ હોય તો બસ. આપણું પ્રજાસત્તાક રાજ્ય જે આદર્શો સેવે છે તેની સાથે એનો સંબંધ હોય એ જોવાનું સૂચવ્યું હતું, અને સાથે ઉમેર્યું હતું કે રજૂ કરવાની કૃતિ એ તે કવિની એક ઉત્તમ રચના હોવી જોઈએ. આવી સુરેખ સૂચનાઓ હોવા છતાં હકીકતમાં તે તે કવિ પોતાની ઉત્તમ **કવિતા** લાવ્યા હોય એવી છાપ ન પડી અને ચૌદ ભાષાઓની ઉત્તમ કાવ્યસંપત્તિની રજૂઆતને બદલે ઢોલપીટુ રચનાઓ રજૂ કરવાનો આશય હોય એવો કાંઈક દેખાવ થયો.

અનુવાદો હિંદીના અગ્રગણ્ય કવિઓએ કરવાનું માથે લીધું હતું. પણ કેટલાક દાખલાઓમાં અનુવાદો તે તે ભાષાના સીધા જ્ઞાનથી નહિ પણ અંગ્રેજી અનુવાદની મદદથી થયા હતા. એકંદરે શ્રી બચ્ચનના અનુવાદ સારા જણાયા.

કાવ્યની રજૂઆતમાં આપણા દેશમાં અંગ્રેજી કવિતા કરતાં અને એકમેકથી પણ જુદી જુદી રીત હોય એ સમજી શકાય. પણ મોટે ભાગે આક્રોશક (ડેકલેમેટરી) ઢબની રજૂઆત થતાં મુશાયરા જેવું થઈ ગયું. કાશ્મીરી કવિની રજૂઆત ગૌરવવાળી હતી. શ્રી બુદ્ધદેવ બોઝે તો કહ્યું પણ ખરું કે પોતાની ભાષામાં કાવ્યપાઠ ગાઈને કરવામાં આવતો નથી.

નવીન પ્રયોગ તરીકે આ સમારંભ સ્તુત્ય હતો. દર વરસે કાલિદાસજયંતી જેવા દિવસે અને બીજા એકાદ દિવસે આવો કાર્યક્રમ જરૂર આપવા જેવો છે. પણ કાવ્યગુણ ઉત્તમ હોય એવું જ આવા સમારંભમાં રજૂ થવું જોઈએ. બોદલેર કહે છે તેમ કવિતામાં પ્રથમ કક્ષા કરતાં નીચેનું કશું ચાલી ન શકે અને આ તો રાષ્ટ્રીય વાઙ્મયસાધનાની પારાશીશી ગણાય એવો કાર્યક્રમ, એટલે સવિશેષ સાવધાનીની જરૂર.

સૂચના મળેલી તેમાં ત્રણ મિનિટની રચના રજૂ કરવાનું કહેવામાં આવ્યું હતું. એ સૂચના કમભાગ્યે બરોબર પળાઈ નહિ. અનેક ભાષાનો કાર્યક્રમ હોઈ સાંભળનારા થાકી જાય. ૧૪×૩ એટલે કે બેતાલીસ મિનિટ, પોણોક કલાક, આવો કાર્યક્રમ ચાલે, તો સૌ કોઈ સહન કરી શકે. અનુવાદ આપવા કરતાં અર્ધી મિનિટમાં સાર અથવા દિક્સૂચન હોય અને અઢી મિનિટની રચના હોય તો બસ. ભવિષ્યમાં મુંબઈ, સિકંદરાબાદ, નાગપુર, એવાં સ્થળોએ પણ કાર્યક્રમ રાખી શકાય.

લલિતકલા અકાદેમીનું કલાપ્રદર્શન

દિલ્હીમાં લલિતકલા અકાદેમી તરફથી કલાપ્રદર્શન ભરાયું હતું. અકાદેમીને જયપુર હાઉસ મળ્યું છે એટલે જગા મોકળાશવાળી અને સુંદર છે, પણ કદાચ ઘણી દૂર હોવાને કારણે પ્રદર્શનનો બહુ લાભ લેવાતો હોય એવું ન લાગ્યું. અકાદેમીનો વાર્ષિક સુવર્ણચંદ્રક મેળવનાર શ્રી જ્યોતિભાઈ ભટ્ટનું ચિત્ર ખરે જ આકર્ષક શૈલીનું હતું. દેવકી-વસુદેવની જેલ આગળ રાઈફલવાળા સિપાઈઓ, બીજે ઠેકાણે સાઇકલ-એમ આધુનિક અંશો પ્રાચીન વિષયના નિરૂપણમાં લોકચિત્રકલાની શૈલીએ મેળપૂર્વક ભળી જતા હતા. પ્રદર્શનમાં અત્યારની આપણા શિલ્પની હાલત જોઈ બેચેની થાય એવું હતું.

નૅશનલ આર્ટ ગેલેરી

જયપુર હાઉસમાં રાષ્ટ્રીય ચિત્રસંગ્રહમાં ડોકિયું કરવાની તક લેતાં અમૃત શેરગિલ, રવીન્દ્રનાથ આદિની કેટલીક કૃતિઓ જોવા મળી. શ્રી નંદલાલ બસુની કૃતિઓ છે, પણ ઉત્તમમાંની નહિ.

રાષ્ટ્રીય ચિત્રસંગ્રહમાં ચિત્ર નીચેનાં વર્ણનો અત્યંત અશુદ્ધ હોય એ આઘાતજનક છે. still lifeનું હિંદી 'પ્રાકૃતિ ચિત્ર' આપ્યું છે. Girl in red and blackનું 'લાલ ઔર કાલે મે યુવતી' આપ્યું છે. બીજા નમૂના: Sitting–નગ્ન યુવતી; Female torso–નગ્ન સ્ત્રી; Back pose–નગ્ન યુવતી પીઠ; Posing–આકૃતિમય; Portrait–પ્રૌઢ યુવતી; Portrait–ચિત્ર. ઠેરઠેર અંગ્રેજી-હિંદી જોડણીની અક્ષમ્ય ભૂલો છે. Kurikshetra કુરુક્ષેત્ર, પૈરસ દશ્ય (પૅરીસ દશ્ય), શૃંગારમેજ, STILLIFE (એક L ઓછો), વગેરે. કાંઈ નહિ તો આ વર્ણનની પટ્ટીઓ દૂર તો હટાવી જ લેવી જોઈએ.

પથેર પાંચાલી

'પથેર પાંચાલી' પરદા ઉપર જોયું ?

આવતો અંક

માર્ચની ૭મીએ આવતો અંક રવાના થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાયત્રી : પ્રાતઃ

સિન્ધુશય્યા પરે સૂતી સ્વપ્ને નીંદરમાં સરી,
આછેરાં અંચલો ધારી નગરદ્વીપસુન્દરી;
મુખે છે મૃત્યુનો લેપ, ગીતનો સુરમો દગે,
ધીરેથી ઊછળે છાતી, હૈયે શા હીરલા ઝગે;
મંદ શ્વાસ સમો વાયુ જેની સંગે રહ્યો રમી,
વેણીથી વીખરી છુટ્ટી છવાયેલી લટો સમી
રાત્રિના ભેજથી ભીની સ્નિગ્ધ ને શ્યામ શાંતિને
ટ્રેન ને ટ્રામના ચક્રે ચગદી—મારીય ભ્રાંતિને
કે હું તો નીંદમાં, સ્વપ્ને જોતો શાશ્વત તે બધું—
ઘેરા ઘર્ઘર નાદથી કંપે એથીય તે વધુ
દિશાઓ કંપવા લાગી આ અકસ્માત જોઈ ને.
પડેલું માર્ગની વચ્ચે શાંતિનું શબ, કોઈને
એની ના જાણ, ના ગંધ; કંપારી છૂટતાં ધ્રૂજે
માત્ર સૌ પથના દીવા, નેત્રો મીંચી જતાં બૂઝે;
ક્ષિતિજે ડોકતો સૂર્ય, પ્રેર્યો માત્ર કુતૂહલે,
(એક વાર ફરી કોઈ બ્હાને ઊગ્યો જ, તો ભલે!)
તાળવું ફાટતાં વેંત લોહી કેવુંક રેલતું,
આખાયે આભમાં રાતા રંગનું તેજ ફેલતું;
સીધા સૌ ધાતુના માર્ગે, સમુદ્રે જે તરંગિત
સૂર્યનાં કિરણો કેવાં પ્રકાશે પ્રતિબિંબિત;
ભોંયપે પાથર્યો ભેજ સૂર્યને શોષવો ઝટ,
હવામાં ઝૂલતું આછું ઝીણું ઝાકળનું પટ
છરીની ધાર શા તીણા કિરણે શક્ય છેદવું;
આત્માનો ભેજ ને નેત્રે નિદ્રાનું ઘેન ભેદવું
કિન્તુ ના સ્હેલ, તે રાતો વધુ ને વધુ રોષમાં
તપ્ત તામ્ર સમો થાતો પાવકે પરિતોષમાં.
નિદ્રાનો આખરે ભંગ, વિહંગો સમ સૌ સ્મૃતિ
ટોળેટોળાં વળી બેઠી ચિત્તને વૃક્ષ, જાગૃતિ
ઉંદરે ફૂદકો માર્યો ઊંઘતી દગના દરે,
ભીતરે ભાગતો જ્યાં ત્યાં ચીસાચીસ કરે ડરે;
ભાગે બિલ્લીપગે છાનાં સ્વપ્નનાં પ્રેત (ક્યાં જતાં?),
અણુયે અણુમાં ધીરે પ્રવેશે છે સભાનતા.

આજુબાજુ હજુ ભીંતો છે એની એ જ કાલની,
ગતિ છે પાયમાં બન્ને હજુયે એ જ ચાલની;
અરીસે આકૃતિ જોતાં જીવતો જાગતો રહ્યો
આત્માને એમ આશ્ચર્ય આપતો નિજને લહ્યો,
એનો એ જ સ્વયં, એનું એ જ છે નામ, ના નવું;
હસીને પૂછવું એ જ પોતાને: આજ ક્યાં જવું!
નવી તારીખ તો માત્ર છાપામાં છાપવી, છતાં
ફાડયું કેલેન્ડરે પાનું કાલનું જીર્ણ થૈ જતાં;
વ્હીસલો રેડિયો વા તો ટકોરા ટાવરે સુણી
(નિયમિત વ્યવસ્થામાં અહીં સૌ એમનાં ઋણી)
આઘીપાછી મિનિટોને મેળવી, ક્યાંય કાળની
કમાનો ના રખે છટ્કે, કાંડાની ઘડિયાળની
જાળવી જાળવી ચાવી દીધી એમ નવી ફરી,
બીજીથી બારણે તાળું દીધું ને ગજવે ધરી;
નીચે જૈ ઊતરી શોધે દિશા—જે નકશે જડી?—
ગમે તે પંથની પ્હેરી જાણે પવનપાવડી,
જવું ક્યાં? કેમ? ને ક્યાંથી? નક્કી ના લક્ષ્યનું સ્થ
નરકે સ્વર્ગની યાત્રા, સોનેરી સ્વપ્નનું છલ;
ધૂંધળી ચીમનીઓથી ધૂમ્રલેખા નભે ચડે
નિઃશ્વાસોં એમ અંકાતા લોપાતા ક્ષણ આથડે,
રાત્રિના સૌ પ્રલાપોના પ્રતિધ્વનિ પડ્યા કરે
ચ્હાના પ્યાલા રકાબી જે હોટલે ખખડ્યા કરે.
બગાસું ખાઈને ખાસ્સું, સુસ્તીથી જે ભરીભરી
આંખો બે હાથથી ચોળી, અંગે આળસ જે નરી
ખંખેરી, ત્યાગતી શય્યા નગરદ્વીપસુન્દરી;
સ્વર્ગની અપ્સરા વા તો સ્વપ્નના લોકની પરી
એનું શું પળમાં જાણે પશુમાં પરિવર્તન,
શિકારે નિત્યની જેમ આરંભે રુદ્ર નર્તન;
મુખે છે ગીતનો રાગ, મૃત્યુનો સુરમો દગે,
સૈકાથી સૌ સવારે આ કર્મનો ચરખો ચગે;
પામે સંસાર આ સારો સ્ફૂર્તિ ને તાજગી નવી,
નિવૃત્તિ માણતા ત્યારે માત્ર વેશ્યા અને કવિ.

નિરંજન ભગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિ. ભ.ને ચુ. મ.નો જવાબ

અહો ! બહુ ગણાવિયા તીરથધામ સારસ્વતો,
અમેરિકન શહેર, ગામ, કસ્બા મહીં જે વસ્યા.
પરંતુ
ન્યુ યૉર્ક-મનહેટ્ટને લઘુક 'ગામ' ભૂલી ગયા—
—પુરાતનપ્રણાલીમાં નવીન નામ ચૂકી ગયા ?
વિલેજ ગ્રિનિચે વસ્યો ડિલન 'ફાંકડો બાયરન'
બૂઝયો જીવનદીપ હ્યાં વતન છો રહ્યું વેલ્સમાં.
શરાબ-ચકચૂર થૈ લથડતો રહ્યો બ્હાવરો,
અજંપ મદહોશ થૈ તડપતો રહ્યો બાપડો.
ગ્રિનીચ ગલીએ લતે જલવતો રહ્યો જિંદગી,
સદૈવ રમઝાનને ઊજવતો રહ્યો ઈદ શી.
હશે જીવનલક્ષ્ય શું પરમ પ્રાપ્તિ-નિર્વાણમાં ?
દુર્દૈવ ! ગબડી પડયો ગરલ જામ આલ્કોહૉલમાં
હતી ભીતર આગ કો—કવન શેં શકે બૂઝવી ?—
મથ્યો વિફળ, આખરે અગન બૂઝવી અગ્નિથી.

જાન્યુ. ૧૫, ૧૯૫૬,
બૈરૂતથી દમાસ્કસ જતાં

ચુનીલાલ મડિયા

[ડિલન ટોમસનું આલ્કોહોલ-પોઈઝનિંગને પરિણામે ન્યુ યૉર્કમાં મૃત્યુ થયેલું.]

સાચા શબ્દ

આપ કરી લે ઓળખાણ
એ સાચા શબ્દનાં પરમાણ.

સાકર કહે નહિ હું છું મીઠી,
વીજ ન પૂછે, સુજને દીઠી ?
મોત બતાવે ન યમની ચિઠ્ઠી,
પેખ્યામાં જ પિછાણ-
એ સાચા શબ્દનાં પરમાણ.

કોયલ ટહુકે આંબાડાળે,
અંગ ન તોડે, કંઠ ન વાળે,
ગંગા વહતી સમથળ ઢાળે,
ખેંચ નહિ, નહિ તાણ-
એ સાચા શબ્દનાં પરમાણ.

ફૂલ ખીલે નિત નવ જેમ ક્યારે,
શ્વાસ લિયે ને સૌરભ સારે,
અંતરથી એમ ઊઠે ત્યારે
વહે સ્વયંભૂ વાણ-
એ સાચા શબ્દનાં પરમાણ.

[તરતમાં પ્રગટ થનાર "રામરસ"માંથી]

સ્નેહરશ્મિ

શું શું સાથે લઈ જઈશ હું ?

શું શું સાથે લઈ જઈશ હું ?
કહું ?
લઈ જઈશ હું સાથે
ખુલ્લા ખાલી હાથે
પૃથ્વી પરની રિદ્ધિ હૃદયભર
વસન્તની મ્હેકી ઊઠેલી ઉજ્જ્વલ મુખશોભા જે નવતર,
મેઘલ સાંજે વૃક્ષડાળીઓ મહીં ઝિલાયો તડકો,
વિમળ ઊમટયો જીવનભર કો અઢળક હૃદય-ઉમળકો,
માનવજાતિ તણા પગમાં તરવરતી ક્રાન્તિ
અને મસ્તકે હિમાદ્રિશ્વેત ઝબકતી શાન્તિ,
પશુની ધીરજ, વિહંગનાં કલનૃત્ય, શિલાનું મૌન ચિરંતન
વિરહ-ધડકતું મિલન, સદા-મિલને રત સંતન
તણી શાન્ત શીળી સ્મિતશોભા,
અંધકારના હૃદયનિચોડ સમી
મૃદુ કંપિત સૌમ્ય તારકિત આભા,
પ્રિય હૃદયોનો ચાહ
અને પડઘો પડતો જે 'આહ !'
મિત્રગોઠડી મસ્ત, અજાણ્યા માનવબંધુ
તણું કદી એકાદ લૂછેલું અશ્રુબિન્દુ,
નિદ્રાની લ્હેરખડી નાની—કહો, એક નાનકડો
સ્વપ્ન-દાબડો,
(સ્વપ્ન થજો ના સફળ બધાં અહીંયાં જ)
–અહો એ વસુધાનો રસરિદ્ધિભર્યો બસ સ્વપ્ન-સાજ !–
વધુ લોભ મને ના,
બાળકનાં કંઈ અનંત આશ-ચમકતાં નેનાં
લઈ જઈશ હું સાથે
ખુલ્લા બે ખાલી હાથે.
ખુલ્લા બે 'ખાલી' હાથે ?

૨૩-૧૨-૧૯૫૫

ઉમાશંકર જોશી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધનુનું મનન

કાકા કાલેલકર

મંત્રીથી ન રહેવાયું. ખરેખર, ન રહેવાય એવું જ એ દૃશ્ય હતું. આટલો બધો આનંદ એકના પેટમાં કેમ માય? એમણે આવીને કહ્યું: "પશ્ચિમમાં ઇન્દ્રધનુષ્ય સુંદર તણાયું છે. જોવા લાયક છે."

અમે સવારની પ્રાર્થના પછી સાધનાક્રમ વિષે કંઈક લખતા હતા. વચમાં જ મંત્રીએ આમંત્રણ આપ્યું એટલે હું સમજી ગયો કે કંઈક અસાધારણ છે. એમણે પશ્ચિમ તરફનું બારણું ખોલ્યું અને પ્રકૃતિનું નાટ્ય એકદમ નજર આગળ ફેલાયું. બન્ને છેડા ક્ષિતિજને અડકતા હતા અને આખું ઇન્દ્રધનુષ્ય લગભગ અર્ધવર્તુળ જેટલું, ભીની રાખોડી જેવા વાદળા ઉપર, ઉઠાવદાર ઊભું હતું.

સૌથી પ્રથમ મારું લક્ષ ગયું ઉપરના ભાગમાં—નીચે લટકતી જાંબુડા રંગની આડી પટી તરફ. આટલી રેખીવ પટી સહેજે જોવાને મળતી નથી.

આખું ઇન્દ્રધનુષ્ય જોવાને મળે છે ત્યારે પણ તે આખું સરખી રીતે ઉઠાવદાર નથી હોતું. આજના ઇન્દ્રધનુષ્યના ભાગ્યમાં વાદળની પૃષ્ઠભૂમિ સારી હતી. એટલે આખું એકધારું ઉઠાવદાર થયું હતું. નીચલે છેડે લાલ અને પીળો રંગ વધારે ઉઠાવદાર હતો. જરા ઉપર ચઢ્યા એટલે લીલો રંગ પોતાની તરફ ધ્યાન ખેંચતો હતો. વખતે એનું કારણ એ હોય કે દક્ષિણ તરફના છેડાની આસપાસ ઝાડોનો લીલો રંગ પથરાયેલો હોઈ, તે ઇન્દ્રધનુષ્યના લીલાને ખાઈ જતો હશે અને તેથી જ એનો પ્રતિયોગી લાલ અને એનો પાડોસી પીળો વધારે ઉઠાવદાર થયા હશે. ઉપરને છેડે એ ત્રણે રંગ કંઈક સૌમ્ય થયા અને જાંબુડાનો ભાર વધ્યો.

રામ સાથે જેમ લક્ષ્મણની અપેક્ષા હોય જ છે, ભગવાન બુદ્ધ સાથે ભિક્ષુ આનંદની અપેક્ષા હોય જ છે, તેમ જ ઇન્દ્રધનુષ્ય સાથે એનું પ્રતિધનુષ્ય શોધવા નજર દોડે જ છે. આજે ધનુષ્ય બહાર બન્ને છેડે પ્રતિધનુષ્યના અવળા રંગો દેખાતા હતા. જેટલો ભાગ દેખાતો હતો એટલો સ્પષ્ટ હતો. પણ મૂળ ધનુષ્યના આકર્ષણને મોળું પાડવાની એની શક્તિ ન હતી.

જૂનાં લોકોએ લખી રાખ્યું છે કે ધનુષ્ય દેખાય તો એ જોવા બીજા કોઈને નોતરવા નહીં. આ શિખામણ પાછળ હેતુ શો હશે તે આપણે જાણતા નથી. સંભવ એવો છે કે આપણે કોઈને ધનુષ્યદર્શન માટે બોલાવીએ અને એ આવે એટલામાં ધનુ અલોપ થાય તો બન્નેનો વિરસ થવાનો અને જો સામા માણસનો સ્વભાવ વહેમી હોય તો એને થવાનું કે ધનુષ્ય જેવું કાંઈ હતું જ નહીં. આપણને નાહક બોલાવીને બનાવ્યા છે.

આજના ધનુષ્યને અલોપ થવાની ઉતાવળ ન હતી. અમે જોતા જ રહ્યા. એનો કેફ ચડતો જ ચાલ્યો. ઘણો વખત ગયો. એટલે સ્વાભાવિક રીતે આના પહેલા જોયેલાં અનેક સુંદર ધનુષ્યોનું સ્મરણ થયું. સ્મરણ સાથે વર્ણન ચાલ્યું. જેટલા પ્રસંગો યાદ આવ્યા તે બધાનું વર્ણન થોડું જ થઈ શકવાનું હતું!

પ્રકૃતિના સ્વામીએ આવી રંગીન કમાન શા માટે ઊભી કરી હશે? સ્વર્ગ સુધી ચઢવા માટે આ દાદરો કર્યો હશે એ કલ્પના અભણ માણસને પણ ઊઠે છે અને એ જાતનું વર્ણન દેશદેશાન્તરના નવાજૂના અસંખ્ય કવિઓએ કરેલું છે. ઇન્દ્રધનુષ્યને રસ્તે માણસ સ્વર્ગ સુધી ચઢી શકે કે નહિ! કોણ જાણે, પણ આપણી નજર એ દાદરા ઉપર બન્ને બાજુએ અસંખ્ય વાર ચઢઊતર કરે જ છે અને આપણે એ પાવન યાત્રા કરીએ છીએ એ જાતની ધન્યતા દૃષ્ટિ અનુભવે જ છે.

[સંસ્કૃતિ, ફેબ્રુ. '૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડો વખત ગયો અને ધીમે ધીમે, ઝટ ન વરતાય એટલે ધીમે ઇન્દ્રધનુષ્ય સહેજ ઉત્તર તરફ ખસતું જણાયું. એનું કારણ શું હશે? કારણ એટલું જ કે સૂર્ય પૂર્વ તરફ ઉપર ચઢતા, સહેજ દક્ષિણ તરફ ઢળતો હતો. પરિણામે ઇન્દ્રધનુષ્ય પોતાનું આસન ઉત્તર તરફ ખેંચતું હતું. એ જ પ્રમાણમાં ધનુષ્યની કમાન નીચે દબાઈ જતી હશે, કેમ કે પૂર્વ તરફ સૂરજ ઉપર ચઢતો હતો. પણ એવો ફેરફાર અમારી નજરે ચઢ્યો નહીં.

લાંબા વખત સુધી ધનુષ્યની એ અદ્‌ભુત શોભા જોયાં જ કરી. પછી થયું કે હવે તો એ ધનુષ્ય દેખાય છે ત્યાં સુધી અહીંથી ખસવું જ નથી. આટલો નિશ્ચય કર્યો અને ધનુષ્યના રંગ ફીકા પડવા લાગ્યા. જોતજોતામાં ધનુષ્ય અલોપ થયું. સાવ અલોપ તો નહીં થયું—રંગો ઓછા થતા ગયા અને એ પૂરા અલોપ થયા પછી પણ કલ્પના તસ્મિન્ એવ આકાશે એ ધનુષ્ય અને એના રંગો જોયા જ કરતી હતી. મૂળ ધનુષ્ય પછી એને ઠેકાણે આમ જે કાલ્પનિક ધનુષ્ય દેખાય છે એના રંગો એને એ જ હોય છે કે પ્રતિયોગી રંગો દેખાય છે એ શંકા તે વખતે આવી હોત તો સારું થાત.

ઇન્દ્રધનુષ્ય ગયું પણ એની ખુશબો મનમાં કાયમ રહી. એના ભણકારા આખો દિવસ ચાલ્યા જ કરતા હતા. એનો સ્પર્શ દીર્ઘકાળ સુધી આહ્લાદ આપતો હતો. એનું સંગીત ભેજામાં ગૂંજતું હતું અને માધુર્ય દરેક સ્મરણને રસમય બનાવતું હતું.

ગમે તે ઇન્દ્રિય દ્વારા અનુભવેલો આનંદ જેમ એક જ આનંદનો અવતાર હોય છે તેમ જ જો હૃદયની ઉત્કટતાથી એકાદ આનંદ અનુભવ્યો હોય તો એના અનેક અવતારો એક પછી એક ભિન્નભિન્ન ઇન્દ્રિયોને જાગ્રત કરે છે અને તૃપ્ત કરે છે અને એ રીતે સિદ્ધ કરે છે કે આપણી બધી જ ઇન્દ્રિયો એક જ આનંદના જુદા જુદા પાસા છે.

ઇન્દ્રધનુષ્ય બાળકથી માંડીને વૃદ્ધ સુધી દરેકને આનંદ આપે છે. માણસની જેવી અને જેટલી ઉંમર તે પ્રકારનો એને આનંદ મળવાનો. પાકટ ઉંમરે આનંદ પણ પાકટ હોય છે. પણ પાકટ એટલે વાસી અથવા ચીવડ નહીં. પણ ઊંડો; ઉત્કટ અને બહુવિધ.

આપણે માનીએ છીએ કે પૃથક્કરણ વિશ્લેષણ(analysis) એ બુદ્ધિનો વૈજ્ઞાનિક વ્યાપાર હોઈ એમાં સમાધાન વધારે પણ આનંદ ઓછો—અને સંગઠન સંશ્લેષણ અથવા synthesis સર્જનાત્મક હોઈ આનંદદાયક હોય છે. પણ સૂર્યકિરણોનું એથી ઊલટું જ છે. ઇન્દ્રધનુષ્યનો પરમ આહ્લાદ એની કોમળતા, એની તાજગી અને એને લીધે હૈયામાં ઉત્પન્ન થતાં ગદ્‌ગદિયાં, ખરું જોતાં સૂર્યકિરણના વિશ્લેષણમાંથી જ પેદા થાય છે.

અને જ્યારે આપણે જાણીએ છીએ કે આકાશના અસંખ્ય તારાઓનાં સૂક્ષ્મ કિરણોનું પૃથક્કરણ કરવાથી દરેકનું ઇન્દ્રધનુષ્ય નોખા નોખા રંગનું અને નોખા નોખા પ્રમાણનું હોય છે—અને જ્યારે આપણને કહેવામાં આવે છે કે એ જાતજાતના રંગો તે તે તારામાં બળતા ચાંદી, ત્રાંબુ, લોઢું, સોનું—વગેરે ધાતુને કારણે પેદા થાય છે ત્યારે તો આપણી કલ્પનાશક્તિ દંગ થઈ જાય છે. વિજ્ઞાન કાવ્યને મારી નાંખે છે એમ કહેનારા જાણતા નથી કે વિજ્ઞાન પાસે પોતાનું કેટલું અદ્‌ભુત કાવ્ય છે.

આજે ઇન્દ્રધનુષ્ય જોતાં મનમાં વિચાર આવ્યો કે ઇન્દ્રધનુષ્ય જોઈને મને જે આનંદ મળે છે તે જ, તેવો જ, અથવા બીજી કોઈ જાતનો આનંદ એ ઇન્દ્રધનુષ્યને થતો હશે? મનમાં જરાક વિચાર ચાલ્યો અને તરત જવાબ ફૂટી નીકળ્યો : "કેમ નહીં?" હું સમજી ગયો કે એ જવાબ આસ્તિકતા તરફથી મળ્યો હતો અને એને પ્રશ્નરૂપ આપીને આસ્તિકતા વધારે મજબૂત થઈ હતી.

સાભાર સ્વીકાર

ગુજરાત વિદ્યાસભાનાં

ફોરમ : વિદ્યાબહેન નીલકંઠ. પૃ. ૨૦૩. રૂ. ૧-૮-૦. **ગાંધીજીનું ગીતાશિક્ષણ** : સં. નરહરિ દ્વા. પરીખ. પૃ. ૩૭૩. રૂ. ૩. **મૈત્રકકાલીન ગુજરાત ૧-૨** : હરિપ્રસાદ ગં. શાસ્ત્રી. પૃ. ૬૮૮+૩૯+૧૬+૧૨૨. આર્ટપ્લેઈટો ૫૨ અને નકશા. રૂ. ૪+૫. **ગુજરાતી પર અરબીફારસીની અસર**, ભાગ. ૨ : છોટુભાઈ ર. નાયક. પૃ. ૪૪૧થી ૬૪૯. રૂ. ૨-૮-૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દશાંશ પદ્ધતિના સિક્કા

એચ. એમ. પટેલ, (આઇ. સી. એસ.)

સંસદે અંદાજ-પત્રક અંગેના ગયા અધિવેશનમાં દશાંશ પદ્ધતિના સિક્કા દેશમાં દાખલ કરવાનો કાયદો પસાર કર્યો. નવા સિક્કા ચોક્કસ કઈ તારીખથી ચલણમાં મૂકવા એ નક્કી કરવાનું સરકાર પર છોડવામાં આવ્યું છે. આ એકમાત્ર વ્યવહારુ માર્ગ હતો, કારણ કે નવા સિક્કાઓ પૂરતા પ્રમાણમાં પડાય નહિ અને દેશભરમાં ચારે કોર પહોંચતા કરાય નહિ ત્યાં સુધી એ રીતસર દાખલ કરવાનું બની શકે નહિ. નવા સિક્કા દાખલ થાય તે પછી પણ લગભગ ત્રણ વર્ષ સુધી જૂના અને નવા બંને જાતના સિક્કાઓ એકી સાથે ચલણમાં રાખવા પડશે, જેથી કરીને દેશને તદ્દન છેવાડે રહેતાં લોકોને પણ ઓછામાં ઓછી અગવડ પડે અને આ ફેરફાર સંપૂર્ણપણે થઈ શકે. નવા સિક્કા બને એટલા જલદી દાખલ કરવાનો હરેક પ્રયાસ કરવામાં આવશે. પરંતુ સાથે સાથે પહેલેથી પૂરતી તૈયારી વગર એ દાખલ કરવામાં ન આવે એની પણ કાળજી રાખવી પડશે. વિવિધ કારણોસર નવા સિક્કા નાણાંકીય વર્ષની શરૂઆતથી જ દાખલ કરવાનું સૌથી વધુ અનુકૂળ થઈ પડે એટલે એનો અર્થ એ થયો કે વહેલામાં વહેલું ૧૯૫૭ના એપ્રિલની પહેલીએ નવું ચલણ દાખલ કરવાનું બની શકે. શક્ય હશે તો આ તારીખથી આ નવી પદ્ધતિના સિક્કા દાખલ કરવાની સરકારે નેમ રાખી છે.

આપણા દેશમાં દશાંશ પદ્ધતિ દાખલ કરવાની દરખાસ્તો અવારનવાર રજૂ થયેલી. પરંતુ એક યા બીજા કારણસર એમાં ઝાઝી પ્રગતિ થયેલી નહિ. આ દિશામાં સૌથી પહેલો તાત્ત્વિક પ્રયાસ ઠેઠ સને ૧૮૬૭માં થયેલો. આ વિષયની અશેષ સમીક્ષા બાદ સરકારે તે વખતે મેટ્રિક પદ્ધતિ તબક્કાવાર અપનાવવાનો નિર્ણય કર્યો હતો. ૧૮૭૧માં એ અંગે કાયદો પસાર થયો. પરંતુ અનેક કારણોસર એનો અમલ થયો નહિ. સિક્કાઓ કરતાં પણ વધારે તો તોલમાપનાં ધોરણ નક્કી કરવાનું ઇષ્ટ હતું. ૧૯૫૧માં નેશનલ સેમ્પલ સર્વે—નમૂના પદ્ધતિથી રાષ્ટ્રવ્યાપી તપાસ થયેલી. એમાં અગિયારસો ગામડાંમાં થયેલી તપાસમાં જુદી જુદી એકસો-તેતાળીસ તોલમાપ પદ્ધતિઓ માલૂમ પડી હતી. ઘનમાપ (volume) અને જમીનનું ક્ષેત્રફળ માપવાની બાબતમાં તો પરિસ્થિતિ એથી પણ ઘણી ખરાબ જણાયેલી. આવી ભાતભાતની ને જાતજાતની પદ્ધતિઓને કારણે ઊભી થતી અવ્યવસ્થામાં કંઈક વ્યવસ્થા ઉપજાવવા સરકારને પગલાં લેવાની ફરજ પડી. ૧૯૩૯ના તોલનાં ધોરણો અંગેના કાયદાથી આ દિશામાં એક મોટું ડગ ભરાયેલું. પરંતુ પરિસ્થિતિનો એનાથી પૂરતો હિમ્મતભર્યો મુકાબલો થયો નહોતો, મેટ્રિક પદ્ધતિ અપનાવાઈ નહોતી. હવે આખરે આપણી સંસદે દેશમાં મેટ્રિક પદ્ધતિ દાખલ કરવાનો સિદ્ધાંત સ્વીકાર્યો છે અને મેં આગળ કહ્યું તે પ્રમાણે સિક્કાઓ સંબંધમાં કાયદો પસાર કરવામાં આવ્યો છે. આવા ખૂબ અગત્યના અને સંકુલ ફેરફાર અંગે જાહેર જનતામાં મતભેદ હોય એ તદ્દન સમજી શકાય એમ છે. પરંતુ સમગ્રપણે જોતાં એમ વાજબી રીતે કહી શકાય કે લોકો દશાંશ પદ્ધતિના સિક્કા દાખલ કરવાની તરફેણમાં છે. તોલમાપની મેટ્રિક પદ્ધતિ દાખલ કરતાં ઠીક ઠીક સમય લાગશે ધારો થયા પછી પણ એનો સંપૂર્ણ અમલ થતાં વાર લાગશે. સિક્કાની બાબતમાં વધુ ઝડપી પ્રગતિ થઈ શકશે એમ લાગતું હતું અને તેથી જરૂરી ધારો કરીને સિદ્ધાંતની દૃષ્ટિએ એનો સ્વીકાર કરવામાં વાર લાગી નહિ. એવી દૃઢ આશા રખાય છે કે આ કાયદાનો વેળાસર અમલ થશે. ૧૯૫૭ના એપ્રિલની પહેલીથી આ ધારો અમલમાં આવી શકશે, એવી ધારણા રાખી શકાય.

મેટ્રિક પદ્ધતિ અને સિક્કાઓની દશાંત પદ્ધતિ વિશ્વભર

[સંસ્કૃતિ, ફેબ્રુ. '૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માં કેમ પગભર થતી જાય છે એવો પ્રશ્ન આપણને કુદરતી રીતે જ થાય. એનો જવાબ દીવા જેવો છે. આ પદ્ધતિ સરળમાં સરળ છે. એનાથી સરવાળા-બાદબાકી, ગુણાકાર-ભાગાકાર સુગમતાથી અને ત્વરાથી થાય છે. અત્યારની પરિસ્થિતિમાં, વેપાર-વાણિજ્યમાં સવિશેષ, ઝટ અને સહેલાઈથી આંકડા ગણી શકાય એવી પદ્ધતિઓની જરૂર છે અને એને માટે દશાંશ પદ્ધતિની જોટે બીજી કોઈ પદ્ધતિ આવી શકે એમ નથી. કેવળ વિદ્યાર્થીને જ આ નવી પદ્ધતિ રાહતરૂપ નહિ નીવડે. એના શિક્ષક તો હજુ પણ એવો આગ્રહ રાખશે કે પાઉંડ, શિલિંગ, પેન્સ જેવી પ્રકીર્ણ પદ્ધતિઓ અને તોલમાપની સંખ્યાબંધ જુદીજુદી પદ્ધતિઓ વિશે વિદ્યાર્થીને જ્ઞાન હોવું જરૂરી છે.

નવી પદ્ધતિ હેઠળ રૂપિયાના, અર્ધા રૂપિયા અને પા રૂપિયાના સિક્કાઓની કિંમત અત્યારના જેટલી જ રહેશે. રૂપિયાને સો ભાગ(Units)માં વહેંચી નાખવામાં આવશે. દરેક ભાગને "નયા પૈસા" એવું નામ આપવામાં આવશે. આમ અડધા રૂપિયાની કિંમત ૫૦ "નયા પૈસા" અને પા રૂપિયાની કિંમત ૨૫ "નયા પૈસા" હશે. આમ તો આ યુનિટને સેન્ટ(Cent) અથવા તો એના પર્યાયવાચક હિન્દી અથવા સંસ્કૃત નામથી ઓળખવામાં આવત. પરંતુ પ્રબળ લોકમતને માન આપીને નવી પદ્ધતિના સિક્કાઓનાં નવાં નામોમાં પૈસા શબ્દ કાયમ રાખવામાં આવ્યો છે. આમ કરવાથી બહુ ઝાઝું નહિ ભણેલાં લોકોનાં મનમાં અમુક પ્રમાણમાં અવશ્ય ગૂંચવાડો ઊભો થશે. નવા સિક્કાનાં આકાર અને કદ જુદાં હશે એટલે એનો કોઈ ગંભીર દુરુપયોગ થવાની શક્યતા ઓછામાં ઓછી રહેશે. બે આની, એક આની, અડધો આનો અને એક પૈસાના જૂના સિક્કાઓને બદલે નવી પદ્ધતિમાં કોઈ નવા સિક્કા નહિ હોય. એમનું સ્થાન દસ, પાંચ, બે અને એક "નયા પૈસા"ના સિક્કાઓ લેશે. અહીં એક બીજી વાત પણ કરી લઈએ. એવું સૂચન પણ થયું છે કે નવા સિક્કાઓની ભાત-તરેહ (design) એવી રાખવી કે તોલ અને પરિણામ (dimension) બંનેની બાબતમાં એ મેટ્રિક પદ્ધતિના તોલમાપનાં યોગ્ય એકમોને મળતા આવે.

નવા સિક્કાઓમાં "આનો" એવું નામ નહિ રહે. આમ કર્યા વગર ચાલે એમ નહોતું. લગભગ એના જેટલી જ કિંમત હોય એવો કોઈ નવો સિક્કો નથી અને તેથી એ નામ કાયમ રાખવાથી ગૂંચવાડો જ ઊભો થાત અને એનો દુરુપયોગ થાત. સંક્રાંતિકાળ પૂરો થયા પછી, આ આનો 'પાંચ નયા પૈસા'ના સિક્કાના નામથી પ્રચલિત બને તો ના ન કહેવાય. અમેરિકામાં એમ બન્યું છે. ત્યાં દસ સેન્ટ અને પાંચ સેન્ટના સિક્કાઓનાં કોઈ નામ નથી. પરંતુ લોકોએ એમનાં "ડાઈમ"(dimes) અને "નીકલ" (nickels) એવાં નામ પાડ્યાં છે અને એ નામથી એમને ઓળખે છે.

અત્યારે જે સિક્કાઓ ચલણમાં છે, એની જગાએ જુદી કિંમતના અને જુદી પદ્ધતિના નવા સિક્કાઓ દાખલ કરવા એ સીધીસાદી વાત નથી. નવા સિક્કાઓ લાખોની સંખ્યામાં પાડવા પડશે અને એનો બહોળો ઉપયોગ થતો હોય એવાં મુખ્ય કેન્દ્રોએ—તિજોરીઓએ, પોસ્ટ ઑફિસો, રેલવે સ્ટેશનો, બેન્કો અને અન્ય સ્થળોએ—એમ દેશમાં ચારે કોર પહોંચતા કરવા પડશે. સાથે સાથે જૂના સિક્કાઓને ધીમે ધીમે ચલણમાંથી પાછા ખેંચી લેવાની ગોઠવણ કરવી પડશે. આમાં પણ સંસ્થાઓએ ખૂબ પ્રયાસ કરવો રહેશે. કારણ કે કોઈ પણ સ્થળે કે સમયે નવા સિક્કાઓ જેટલા આવે એના કરતાં જૂના સિક્કાઓ વધારે પ્રમાણમાં પાછા ખેંચી લેવાય એમ ન જ બનવું જોઈએ અથવા તો નાના સિક્કાની તાત્કાલિક તંગી પણ ન જ ઊભી થવી જોઈએ. એટલે જૂના સિક્કાઓ એક ધારી રીતે પરંતુ શરૂઆતમાં ધીમે ધીમે પાછા ખેંચી લેવા રહેશે. દરેક સ્થળે નવા સિક્કાઓનો ઠીક ઠીક મોટા પ્રમાણમાં સંગ્રહ થઈ જાય ત્યારે જ જૂના સિક્કા વધારે ઝડપથી પાછા ખેંચી લઈ શકાશે. એક ગૌણ પરન્તુ અગત્યના પ્રશ્નનો ઉકેલ કોઈ રીતે લાવવો પડશે. એ છે બધાં સ્થળોએ જૂના અને નવા સિક્કાઓ રાખવાની જગાની સગવડ કરવાનો. કંઈ નહિ તો થોડા સમય સુધી તો જૂના સિક્કાઓનો સંગ્રહ (stocks) અત્યારની જેમ ચાલુ રાખવો જ પડશે અને સાથે સાથે, નવા સિક્કાઓના મોટા જથ્થા માટે પણ જગા રાખવી પડશે.

એવી જ રીતે તારટપાલખાતા સમક્ષ સંખ્યાબંધ પ્રશ્નો ઊભા થશે. એ પ્રશ્નો કયા અને કેટલા ગૂંચવણભર્યા છે તે તો સહેજે સમજી શકાય તેમ છે. પરંતુ તેનો ઉકેલ કેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીત લાવવો તે ઉપર તો બહુ વિચાર કરવાથી જ કાંઈ સમજ પડશે. ખોટો બગાડ થતો અટકાવવા હાલ ચાલતી ટિકિટો વધુ છાપવાનું વહેલામાં વહેલી તકે બંધ કરવું પડશે અને બીજી બાજુ, નવી કિંમતની ટિકિટો પૂરતા પ્રમાણમાં છાપવાની ગોઠવણ કરવી પડશે. પોસ્ટ ઑફિસોમાં નવી ટિકિટોનો સંગ્રહ કરવા અંગે જૂની ટિકિટો પાછી ખેંચી લેવા તથા એનું વિસર્જન કરવા અંગે કાળજીપૂર્વક વિગતવાર કાર્યક્રમ ઘડવો પડશે. અલબત્ત, અત્યારે જે ટિકિટો ચાલે છે એને રદ થયેલી જાહેર કરતાં પહેલાં જનતાને પૂરતી ચેતવણી આપવામાં આવશે. રેલવે સમક્ષ પણ એના આગવા પ્રશ્નો ઊભા થશે. એણે ગાડીભાડાંના અને માલના નૂરના દર નવા સિક્કાઓ ધ્યાનમાં રાખીને ફેરવવા પડશે. આ ફેરફારથી કેટલાક કિસ્સામાં દર વધશે, કેટલાકમાં ઘટશે. રેલવેએ આમાં ગણિતબુદ્ધિ કસવી પડશે એટલું જ નહિ, વિવેક પણ વાપરવો પડશે. નવી પદ્ધતિના વિગતવાર અમલમાં જનતાને કે રાજ્યને એકંદરે ખોટ ન જાય એની કાળજી અવશ્ય રાખવી રહેશે. પરંતુ આ ફેરફારથી જે મુસીબતો વેઠવાની છે એ વધારેમાં વધારે તો ખમતીધર આસામીઓ ઉપર પડવી જોઈએ. જેઓ આ ભાર ઓછામાં ઓછો વહી શકે એમ છે એમને શિર તો એ ઓછામાં ઓછો જ પડવો જોઈએ. ખાનગી અને રાજ્યસંચાલિત વાહનવ્યવહાર સંસ્થાઓએ પણ આવી જ અડચણોનો વિચાર કરવો પડશે. એમની આગળ ખાસ ગૂંચવણભર્યા પ્રશ્નો ખડા નહિ થાય અને એ ઉકેલતાં એમને ખર્ચ પણ ભારે નહિ થાય. બૅન્કોને પણ અમુક પ્રશ્નો ઊભા થશે. તેઓએ નવા સિક્કાઓ દાખલ થાય એની ઠીક ઠીક આગમચ એનો વિચાર કરવો પડશે. દા. ત. ખાતાવહીઓ(account-books)માં નાનામોટા આંકડા સમાવવા જુદાજુદા માપનાં ખાનાં રાખવાં પડશે. છાપખાનાંને મહિનાઓ સુધી ધમધોકાર કામ મળી રહેશે એવું ભવિષ્ય ભાખી શકાય. તેઓ નફાખોરી નહિ કરે એવી આપણે આશા રાખીએ. પરંતુ જેઓ અગમચેતી ન વાપરે, ન જાગે અને છેક છેલ્લી ઘડી સુધી છાપકામની વરદી આપ્યા વગર બેસી રહે, તેમની પાસેથી છાપખાનાં દાબીને પૈસા લે તો એને માટે તે લોકો પોતાને જ જવાબદાર ગણે.

આ ફેરફાર સીધોસાદો નથી એ હવે સ્પષ્ટ થયું હશે. નવા સિક્કાઓ દાખલ થાય તેની ઠીક ઠીક પહેલાં આપણે સૌ આપણાં પોતપોતાનાં ક્ષેત્રોમાં આપણી મુસીબતો અને આપણા પ્રશ્નો હાથ ધરીએ તો આ ફેરફાર ખૂબ સુગમતાથી અને કાર્યદક્ષતાથી થશે એમાં જરાય શંકા નથી. કોઈ વ્યક્તિને અથવા તો કોઈ વ્યક્તિગત સંસ્થાને નહિ, પરંતુ સમગ્રપણે જનતાને આ ફેરફારનો ઠીકઠીક ભારે ખર્ચ લાગશે, પરંતુ જેમણે આ ફેરફારની તરફેણ કરી છે તેમની સૌની દૃઢ શ્રદ્ધા છે કે દશાંશ પદ્ધતિના સિક્કાઓના સ્થૂલ સૂક્ષ્મ બન્ને પ્રકારના લાભ બહુ વેળાસર મળવા માંડશે.

આ વાર્તાલાપ પૂરો કરતા પહેલાં તોલમાપની મૅટ્રિક પદ્ધતિ અપનાવવા વિશે હું બે શબ્દ કહેવા માગું છું. આ ફેરફાર ઘણો વધારે મુશ્કેલ છે, પરંતુ એટલો જ જરૂરી છે. આ પદ્ધતિથી જનતાને અસંખ્ય લાભ થશે અને તેથી એ ફેરફાર વેળાસર કરવાનું હિતાવહ છે. જેમ સિક્કાઓમાં તેમ તોલમાપમાં પણ જૂનાં નવાં સાધનો થોડા વખત સુધી એકી સાથે ચાલુ રાખવાં પડે. પરંતુ આ વચગાળામાં જે અગવડો પડે એ વેઠવાની તૈયારી હશે તો જ માપની મૅટ્રિક પદ્ધતિ વેળાસર દાખલ કરવાનું બની શકશે. આપણે ભૂલીએ કે એક વાર પહેલાં પણ આવો ફેરફાર કરવાનું નક્કી થયું હતું અને સરકારના આ નિર્ણયને અમલમાં મૂકવા સને ૧૮૭૧માં ધારો પણ પસાર કરવામાં આવ્યો હતો તો છતાં થયું કશું નહિ; વધારે અગત્યના અને તાકીદના બીજા પ્રશ્નો આડે આવ્યા. કેટલીક વાર સમય આપણી મુશ્કેલીઓ ઉકેલવામાં નિઃશંક મદદરૂપ થાય છે, આપણે કશો પ્રયાસ કરવો પડ્યો નથી. પરંતુ સાધારણ રીતે તો, સમય જતાં આપણી મુશ્કેલીઓ આપણને કોઠે જ પડી જાય છે અથવા ઊલટી વધુ વિકટ બની જાય છે. આ એક એવો સુધારો છે જે બહુ વહેલો થવો જોઈતો હતો. આ નવી પદ્ધતિ દાખલ કરવાના સરકારના પ્રયાસોને જનતાનો ટેકો મળશે એમ આશા રાખીએ. પરંતુ સાથેસાથે એ પણ જરૂરી છે કે જનતા સતત માગણી કરતી જ રહે કે નિયમિત કાર્યક્રમ ઘડી કાઢી આ સુધારો વહેલામાં વહેલી તકે દાખલ થવો જોઈએ તો જ તે પ્રયાસોને તાકીદનું સ્વરૂપ અપાવશે. આ સુધારો જુદાં જુદાં ક્ષેત્રોમાં દાખલ કરવો પડશે, પણ એ બધામાં એકીસાથે એ દાખલ થાય એની જો આપણે વાટ જોઈએ તો તો આપણે ઘણી લાંબી રાહ જોવી પડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્યાં સુધી એ પણ કહેવાય નહિ. અત્યારે સૌ કરતાં વધારે જાતના મણ ચાલતા જણાયા છે. સ્ટેન્ડર્ડ તોલામાં એનો તોલ બસોને એંશીથી માંડીને આઠ હજાર ત્રણસોને વીસ થવા જાય છે. જ્યારે સ્ટેન્ડર્ડ મણ ત્રણ હજારને બસો તોલાનો છે. આ પરિસ્થિતિ નભાવ્યા કરવી એ કંઈ ડહાપણભર્યું લાગતું નથી. ન છૂટકે અમુક ફેરફાર માટે આપણે રાહ જોવી પડે એ સમજી શકાય એવી વસ્તુ છે. પરંતુ એ સિવાય, આપણે નિષ્ક્રિય બેસી રહીએ અને "ચાલે છે એમ ચાલવા દો" એવી વૃત્તિ રાખીએ એ ઠીક થતું નથી. અમુક ચોક્કસ ધોરણને અભાવે કેવા ખોટા લાભ ઉઠાવાતા હશે એની કલ્પના કરવી સહેલી છે. મેટ્રિક પદ્ધતિ બીજી બધી પદ્ધતિઓ કરતાં ચડિયાતી છે એમાં લવલેશ શંકા નથી. જો તોલમાપ એકસરખાં કરવાં હોય તો આ મેટ્રિક પદ્ધતિ અપનાવીને કાયમને માટે અને શાસ્ત્રીય ઢબે એ કરવાં જોઈએ એ સ્પષ્ટ છે.

દશાંશ પદ્ધતિના સિક્કા દાખલ થયા પછી એનો અમલ કેવો થાય છે એ આપણને માર્ગદર્શક નીવડશે. શી મુશ્કેલીઓ પાર કરવી પડશે એનો ઓછો વિચાર કરીએ અને તો જ ફાયદો છે. કહેવાની મતલબ એ નથી કે આપણે અડચણો તરફ ધ્યાન ન આપવું જોઈએ. પરંતુ એક વાર આપણે આપણા લક્ષ્ય ઉપર અને એ સિદ્ધ કરવાના આપણા દૃઢ નિશ્ચય ઉપર જ આપણું ધ્યાન કેન્દ્રિત કરીએ તો આ મુશ્કેલીઓ પ્રમાણમાં તદ્દન સીધીસાદી, સહેલાઈથી પાર કરી જવાય એવી લાગવા માંડશે.

[અનુસંધાન પૃ. ૭૮થી ચાલુ]

Rehabilitation સ્વાસ્થ્યનું પુનઃ પ્રસ્થાપન
Behaviour (school) વર્તન (મિમાંસા)
Instincts (school) કુદરતી આવેગોની (મિમાંસા)
Neurosis ચિત્તક્ષોભ
Psychic Conflict વૈચારિક વિરોધજન્ય ક્લેશ
માનસિક સંતાપ, માનસ ક્લેશ
Libido કામવાસના
Damming up નિરોધ
Group psychotherapy જૂથ માનસરોગ ચિકિત્સા
Alcoholic anonymous દારૂની લતવાળા
Drug-addict anonymous કેફી પદાર્થોના બંધાણીઓ.
Rivalries હરિફાઈઓ
Hostilities શત્રુવટની સંકલના
Schizophsenies બહુ વ્યક્તિત્વ સંભ્રમવાળા દર્દીઓ
Objective વસ્તુલક્ષી, પરલક્ષી, વાસ્તવિક
Cosmos વિશ્વ
Ego અહમ્; Total and Partial Ego પૂર્ણ અને અંશી અહમ્; I હું; Self પોતે; Ideal Self આદર્શ પોતે; Ego Ideal આદર્શ અહમ્; Idealized image of the self પોતાનું આદર્શ પ્રતિબિંબ; Self system સ્વતંત્રીય સંસ્થાન; Super Ego અતિ અહમ્.
Chaos અવ્યવસ્થા
Dysgenic સ્વાસ્થ્ય અને જીવનને અવરોધતાં
હીન પ્રજજન તરફ લઈ જતાં
Phases ભૂમિકાઓ
Logistics નિષ્ણાતો, તદ્વિદો
Developmental cycle વિકાસની ઘટમાળ,
વિકાસ ચક્ર
Shock માનસિક આઘાત
Adjustment સમાયોજન
Arteriosclerosis નાડી જડતા
Thrombosis રક્તનું ઘટ્ટીભવન
Amputations હાથપગનું વહેરવું
Nucleus કોષગર્ભ
Growth–Propensity કોષવૃદ્ધિ ઉત્તેજના
—stimulus —વલણ
Antagonists પ્રતિયોગીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એપ્રિલસ્ય પ્રથમ દિવસે

વિનોદિની નીલકંઠ

આષાઢના પ્રથમ દિવસને તો કવિકુલગુરુ કાલિદાસે મેઘદૂતની પ્રથમ પંક્તિમાં જકડી લઈને અમર બનાવ્યો છે. મારા માનસપટ ઉપર પણ એક પ્રથમ દિવસ એવી તો ઉંડી રેખાઓ વડે અંકિત બની ગયો છે કે તે ચિરસ્મરણીય બની રહ્યો છે. પરન્તુ તે આષાઢનો નહિ પરન્તુ એપ્રિલ માસનો પ્રથમ દિવસ હતો.

એપ્રિલ માસના પ્રથમ દિવસને પશ્ચિમના દેશોમાં ‘ એપ્રિલ ફૂલ ’ દિવસ અગર ‘ ઑલ ફૂલ્સ ’ દિવસ કહેવાય છે. તેવા જ એક દિવસનું આ સ્મરણ છે. તે બનાવ બન્યાને બે દાયકા ઉપર બે વર્ષ વીતવા આવ્યાં, છતાં હજી તેની ઝીણામાં ઝીણી વિગત પણ વીસરાઈ નથી. એપ્રિલ મહિનાની પહેલી તારીખે, સવારના પહોરમાં નાનકડી જાપાનીઝ સ્ટીમર ગીન્યોમારુ જાપાનને કિનારે નાગાસાકી બંદરે લાંગરી—તે જ નાગાસાકીનો ઍટમબૉમ્બે થોડાં વર્ષો ઉપર વિનાશ કરીને તેને અમર બનાવ્યું—મારા મનથી તો તે પહેલેથી યાદગાર બનેલું જ હતું.

વસન્તઋતુનો ફૂલઉત્સવ જોવા માટે હું જાપાન ગઈ હતી. અંગ્રેજો અને અમેરિકનો તેને જાપાનીઝ ચેરી બ્લૉસમની ઋતુ કહે છે. ચેરીનાં ફૂલને જાપાની લોકો સાકુરા કહે છે. સાકુરાની પાછળ જાપાનીઝ લોકો ખરે જ ગાંડાં હોય છે. ગોરાં ગોરાં ચેરીનાં ફૂલ ઉપર કોઈ ફૂલ-ગુલાબી પરીએ પોતાની આછીહળવી ગુલાબી રંગની જાદુઈ લાકડી ફેરવી તે ફૂલ ઉપર ગુલાબી રંગનો આભાસ માત્ર પડે એટલો જ ઢોળ ચઢાવ્યો હોય, એવાં સાકુરાનાં ફૂલના ઝૂમખાંથી છવાઈ ગયેલાં જાપાનના તમામ ઉદ્યાનો અને ઉપવનો જેણે એક વખત પણ નજરે નીરખ્યાં છે, તેનું જીવન ખરે જ ધન્ય બન્યું ગણાય.

સ્ટીમરની મારી ટિકિટ છેક યોકોહામા સુધીની હતી, પરન્તુ સૌથી પ્રથમ આવતા જાપાનીઝ બંદરે ઊતરી જઈ, યોકોહામા સુધી રેલ્વેની મુસાફરી પણ તે જ ટિકિટે કરી શકાય એવો વિકલ્પ મુસાફરોને મળેલો, તેનો મેં લાભ લીધો હતો. દિવસોના દિવસો સુધી સ્ટીમરની જળચર અને ડોલતી દુનિયા ઉપર રહ્યા પછી કઠણ ધરતી ઉપર પગ મૂકવાની કેવી પ્રબળ ઇચ્છા થઈ આવે છે તે તો લાંબી દરિયાઈ સફર કરનારાં જ સમજી શકે. આગબોટ ઉપરથી ધરતી ઉપર ઊતરતાં જ ડગમગતો પગ સ્થિર બને છે અને એક પ્રકારની સહીસલામતીની લાગણી દિલમાં ઉદ્ભવે છે. ગીન્યોમારુના ઉતારુઓમાંથી અમે ચાર જણ નાગાસાકી બંદરે ઊતરી પડયાં. બે કિશોર વયની મારી સખીઓ ઝરીન અને નલિની તો સાથે હતી જ, ઉપરાંત વધારામાં ઢોડીસાહેબ નામના નિવૃત્ત થયેલા એક વયોવૃદ્ધ પંજાબી ઇજનેર પણ અમારી મંડળીમાં ભળ્યા. ઘણા દિવસો સુધી સાથે દરિયાઈ સફર કરી તે અમારી સાથે સારી પેઠે પરિચિત બની ગયા હોઈ, તમણે અમારો સથવારો કર્યો હતો.

સૌથી પહેલાં અમે અમારો તમામ સરસામાન લઈ નાગાસાકીને રેલવે સ્ટેશને ગયાં. સાંજની ગાડીએ કોબે જવાનાં હતાં, તેથી સામાન સાચવી રાખવા સ્ટેશન માસ્તરને વિનંતિ કરી. આગબોટની લાંબી મુસાફરી દરમિયાન ગીન્યોમારુના પર્સર નામે મી. મિયાજીસાન પાસે હું દરરોજ રીતસર જાપાનીઝ ભાષાનો અભ્યાસ કરતી હતી, એટલે ભાંગીતૂટી જાપાનીઝ ભાષા બોલતાં આવડી હતી, તેનો ઉપયોગ કરી બાકીનું અંગ્રેજી અને પૂરક તરીકે હાથના હાવભાવથી અમારા ઇરાદાની સ્ટેશન માસ્તરને સમજણ પાડી હતી. પછી હાથમાં માત્ર નાની બૅગ પકડી, નિરાંત જીવે નાગાસાકીના વિખ્યાત ગણાતા સુવા-પાર્ક નામના બગીચાની મુલાકાતે અમે ઊપડયાં. દરિયા ઉપર ઝૂકી રહેલી અગાસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે આગબોટના તુતક જેવો બગીચો ખરેખર બહુ રળિયામણો હતો. પરંતુ સાકુરા (ચેરીનાં ફૂલ) જેનાં દર્શન માટે હું અધીરી બની રહી હતી, તે જોવા ન મળ્યાં. હજી તેની મોસમ શરૂ થવાને થોડા દિવસની વાર હતી.

સવારના પહોરમાં પણ ઉપવનપ્રિય જાપાની સ્ત્રી-પુરુષ અને બાળકો, રંગરંગિત વસ્ત્રો પહેરીને હસતે ચહેરે તે સુવા-પાર્કમાં ફરતાં હતાં. બાગને છેડે ઘેરાં ભૂરાં પાણી ઉછાળતો પાસિફિક મહાસાગર બહુ શોભાભર્યો જણાતો હતો. બગીચાને એક ખૂણે વજન લેવાનો કાંટો હતો. ગમ્મત ખાતર અમે ચારે જણ એક પછી એક તે કાંટે ચઢયાં. વજનના આંકડાની સાથે, આવાં યંત્રોમાં ઘણી વાર કાંઈક ગમ્મતભરેલા શબ્દો છપાયલા નીકળે છે, તેવું અહીં પણ હતું. હું સૌથી પ્રથમ તોળાઈ. મારી વજનટિકિટ ઉપર લખેલું વંચાયું—નજીક ધસી આવતા બૂરા સમય માટે સજ્જ બનજો. તે પછી ઝરીનનું વજન લીધું. તેની ટિકિટ ઉપર લખ્યું હતું—ભવિષ્યમાં કદાચ અંધારું હોય, માટે આ ક્ષણ માણી લેજો. તે પછી નલિનીનો વારો આવ્યો. તેને લખાણ મળ્યું—આગળ પ્રકાશ નથી. અને છેલ્લે ચઢયા બુઢ્ઢા ઢોડીસાહેબ. વજનકાંટાએ તેમને સંદેશો આપ્યો, "ચેતજો." અમે સૌએ એકબીજાની ટિકિટો વાંચી, વંચાવી અને બધાં ખૂબ હસતાં એપ્રિલ ફૂલનો દિવસ, અને સૌને કેવી બૂરી આગાહીઓના સંદેશા મળ્યા એમ અમે કહેવા લાગ્યાં. તે પછી નલિનીએ પોતાના કેમેરા વડે થોડી તસ્વીરો ખેંચી, તે વખતે જાપાની સ્ત્રી-પુરુષો કુતૂહલપૂર્વક ટોળે વળ્યાં હતાં અને હસતાં હતાં. પરંતુ અમે કશું સમજ્યાં નહિ. સુવા-પાર્કનું ચક્કર લગાવી, અમે હળવે દિલે આરામથી ટહેલતાં બગીચાની બહાર નીકળતાં હતાં, ત્યાં એક જાપાનીઝ પોલીસ આવી પહોંચ્યો. લાલગુલાબી અને હસતો તેનો ચહેરો હતો. એકબે સોનેરી દાંત દેખાતા હતા. તે અમને પકડવા આવ્યો હતો! અમે કશાક ગુનામાં આવી ગયાં હતાં! અમે ચારે સ્તબ્ધ બની ગયાં. એની ભાષા અમે ન સમજીએ, અમારી ભાષા એ તો શેનો જ સમજે! પણ તે પોલીસ રહી રહીને નલિનીના કેમેરા તરફ આંગળી ચીંધતો, એટલે છબી પાડીને અમે ગુનો કર્યો હતો, એટલું સમજાયું. પછી અમને સુવા-પાર્કની અંદર લગાડેલા એક પાટિયા પાસે તે લઈ ગયો. ત્યાં જાપાનીઝ તેમ જ અંગ્રેજી ભાષામાં લખેલું હતું કે: "આ Fortified zone (યુદ્ધ માટે રક્ષિત સ્થળ) હોઈ, છબી પાડવાની મનાઈ છે." અલબત્ત અમે કોઈએ તે પાટિયું પહેલાં વાંચેલું નહિ! બગીચામાં ફરતાં જાપાનીઝ માનવીઓમાંથી કોઈએ અમને ચેતવ્યાં પણ નહિ! પરદેશીઓનો થયેલો રકાસ જોઈ કેટલાંક દયા ખાતાં હતાં અને બાકીનાં ટીખળ અનુભવી હસતાં હતાં!

અમે તે પોલીસને સમજાવવા પ્રયત્નો કર્યા કે અમને કાયદાની ખબર ન હતી, અમે પરદેશી છીએ, એકબે છબીઓ પાડી છે, જોઈએ તો ફિલ્મનું આખું પીંડું કાઢી લ્યો. પરન્તુ તે હતો કાયદા અને વ્યવસ્થાનો પ્રતિનિધિ! તે અમારું કહેવું સમજ્યો, પણ તેણે અમારી વાત કાને ન ધરી. તેણે અમને ચારેને એક ટ્રામમાં બેસાડયાં અને તે અમને પોલીસ-ચોકીએ લઈ ગયો! તે દિવસે અમારું નસીબ બે ડગલાં આગળનું આગળ હોઈ, ચોકી ઉપર પહોંચ્યાં તો રવિવાર હોવાથી, કોઈ જવાબદાર અમલદાર હાજર ન હતો, ટેલિફોનથી વાતચીત કર્યા પછી ચોકી ઉપરના પોલીસોએ અમને જણાવ્યું: "આવતી કાલે તમારો કેસ ચાલશે." આજે રવિવાર હોવાથી અદાલત બંધ હતી. વળતા દિવસની મુદત અમને આપવામાં આવી. અદાલત, કેસની મુદત વગેરે શબ્દો સાંભળી હસવું કે અકળાવું, તેની સમજણ ન પડે. હવે વિચાર આવ્યો કે રાત નાગાસાકીમાં જ ગાળવાની હોય તો સામાન વગર ન ચાલે, એટલે અમે અમારા રખેવાળ પોલીસને તેની જાણ કરી. તે અમને નાગાસાકીના રેલ્વે સ્ટેશન ઉપર લઈ ગયો. ત્યાં વળી નવો ધડાકો સાંભળ્યો. ખરેખર, પહેલી એપ્રિલે અમને પૂરેપૂરાં મૂરખ બનાવવા ધાર્યાં હતાં! સ્ટેશન માસ્તર ઢોડીસાહેબ તરફ આંગળી ચીંધીને બોલ્યા: "આપણે કહ્યું હતું કે 'અમે કોબે જવાનાં છીએ,' એટલે મેં તો છેલ્લી કોબે જતી ગાડીમાં તમારો સામાન ચઢાવી દીધો છે! થયું! અમે પહેર્યે લૂગડે નાગાસાકીમાં રહી ગયાં! જ્યારે બહુ મુંઝાઈ ગયાં હોઈએ, અગર અત્યન્ત ગભરાઈ ગયાં હોઈએ, ત્યારે તે વિષમ પરિસ્થિતિ માટે કોઈ ત્રીજા માણસને જવાબદાર ગણી તેની ઉપર તમામ વાંક ઢોળી પાડવાનો માનવસ્વભાવ છે, એ ન્યાયે, અમે બિચારા ઢોડીસાહેબ ઉપર તૂટી પડયાં કે: 'તમે શા માટે સ્ટેશન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માસ્તરને કોબે જવા વિષે કહ્યું ? અહીં કોણ જાણે ક્યાં સુધી રહેવું પડશે ? સામાન વગર શું કરીશું ? વળી કોબેમાં સામાન રખેદખે થઈ જશે ! વચમાં તે અમારાં ત્રણેની ઉમ્મરનો સરવાળો કરીએ તેવડા હોઈ ઢોડીસાહેબ વધુ સ્વસ્થ અને શાન્ત રહી શક્યા હતા. તે સંભારતાં આજે બે દશકા પછી તેમને માટે આદરભાવ જાગે છે !

પોલીસે પસંદ કરી આપેલી, એક સ્વચ્છ હોટલમાં અમે રાતવાસો કર્યો. બિચારી નલિની તો ખૂબ રડે ! "મારે લીધે તમે બધાં હેરાન થયાં. હવે મારું શું થશે ?" એમ તે કહ્યા કરતી હતી. અલબત્ત અમે એકે ગુનેગાર હતાં જ નહિ અને હોઈએ તો ચારેનો ગુનો સરખો જ હતો. છતાં નલિનીને ચીઢવવા અમે કહ્યું: "તું શું કામ ફિકર કરે છે ? અમે જાપાન ફરી, ચીનનો પ્રવાસ પૂરો કરી, સ્વદેશ પાછાં ફરીશું એટલામાં તું જેલમાંથી છૂટી જઈશ." આ તો થઈ હળવી અને હસવાની વાત. પરંતુ શું કરવું તેનો ગંભીરપણે મારે તો વિચાર કરવાનો જ હતો. રાત્રિના એકાન્તમાં નિર્ણય કરી લઈને વહેલી સવારના અમે બ્રિટિશ એલચી ખાતાની ઑફિસે જઈ પહોંચ્યાં. આખી રાત હોટલના દાદર પાસે જ જાપાનીઝ પોલીસ અમારી ચોકી કરતો બેસી રહેલો તે પણ અમારી સાથે આવ્યો. એના રક્ષણ હેઠળ અમારી ચંડાળ-ચોકડી બ્રિટિશ એલચી ખાતાની કચેરીએ પહોંચી.

સમરસેટ મોમની વાર્તાનાં પાનાં ઉપરથી ઊડીને આવ્યો હોય એવો એક અંગ્રેજ અમલદાર ત્યાં ખુરશી ઉપર વિરાજમાન હતો. તેણે અમને મમતાપૂર્વક બેસાડ્યાં, અને હજી તો અમે અમારી કથની રજૂ કરીએ, તે પહેલાં જ એ બોલી ઊઠ્યો: "હું સમજી ગયો છું. તમે 'Fortified zone'માં છબી પાડી હશે. એવું વારંવાર બન્યાં કરે છે. ચિન્તા ન કરશો. હું મૅજીસ્ટ્રેટ ઉપર ફોન કરું છું. તમને થોડા યેન(જાપાનીઝ સિક્કા)નો દંડ થશે અને કદાચ કૅમેરા લઈ લેશે. આજે સાંજે તમે ખુશીથી કોબે જઈ શકશો.

અને તેમ જ બન્યું. એક નાનકડી કચેરીમાં એક નાનાશા મૅજીસ્ટ્રેટે નલિનીને વીસ યેનનો દંડ કર્યો, કૅમેરા ખૂંચવી લીધો હોત તો પણ જરા રંગ રહેત. અમારા માનસિક ખળભળાટના પ્રમાણમાં કિસ્સાનો અન્ત ઘણો મોળો આવ્યો. જીવનમાં એવું ઘણી વાર નથી બનતું ? નાનકડી ઘટનાનો મોટો ધમકદાર અન્ત અને મસ મોટી જણાતી બિનાનો સાવ ફિક્કો અન્ત !

[અનુસંધાન પૃ. ૭૫થી ચાલુ]

જરૂરી ઉદ્યોગીય ખિલવણી થાય એવાં પગલાં ભરવામાં આવ્યાં છે. ૪૦ નવી ફૅક્ટરીઓ કાઢવા માટે સરકારે રજા આપી છે અને ૪૨ ચાલુ કારખાનાંઓને તેમનું ઉત્પાદન વધે એ માટે જરૂરી વિકાસ અર્થે પરવાનગી આપી છે. શેરડી વાવનાર ખેડૂતને ભાવમાં નુકસાન ન થાય એ માટે પણ સરકાર શેરડીના ભાવ બાંધી આપે છે.

*

ઇન્ટરનેશનલ સોસાયટી ઑફ સ્યુગર કેઈન ટેકનોલૉજીસ્ટની નવમી બેઠક તા. ૨૫મી જાન્યુઆરીના રોજ દિલ્હીમાં મળી હતી. આ સંસ્થા ૩૧ વર્ષ પૂર્વે હોનોલુલુ (હવાઈ બેટ)માં સ્થાપવામાં આવી હતી. આ સોસાયટી ખાંડ ઉદ્યોગને લગતા બધા પ્રશ્નોની ચર્ચા કરે છે અને ટેક્નિકલ માહિતીની આપલે કરે છે. આ બેઠક આ વર્ષે આપણા દેશમાં મળી એ ખાસ ઉલ્લેખનીય છે, કારણ કે હિંદે પોતાના ખાંડ ઉદ્યોગનો વિસ્તાર કરી ખાંડની પેદાશ બેવડાવવાની યોજના કરી છે. સોસાયટીના સભ્યોના અનુભવનો લાભ આપણને મળે એ નાનીસૂની વાત નથી. દેશ પોતાની જરૂરિયાતો અંગે સ્વાવલંબી થાય એ દિશામાં આપણી સરકાર પગલાં ભરી ઉદ્યોગોની ખિલવણી કરે છે એ ભાવિનું શુભચિહ્ન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્રમ્ પુષ્પમ્

તંત્રી, 'સંસ્કૃતિ'

આપના સુપ્રસિદ્ધ પત્ર મારફત, કેટલાકના મતે એક ઘણી અગત્યની વાત પર લક્ષ દોરવાની રજા લઉં છું. અલબત્ત, ઘણાં બધાંને એ વાત સાવ ક્ષુલ્લક લાગવાનો પણ પૂરો સંભવ છે, અને એ જાણવા છતાંય આ લખીને એ વાત પર ધ્યાન દોરવાનો યત્ન ધૃષ્ટતા ગણાય તોય વાંધો નથી.

આપણે ત્યાં ઘણાં બધાં કારણુસર અત્યારે નાટ્યપ્રવૃત્તિમાં જેને 'બાઢ' કહેવામાં આવે છે તેવી પરિસ્થિતિ છે. એ સારી છે કે ખોટી એ વિષે સહુ સહુનો નિરાળો અભિપ્રાય હોઈ શકે. પણ એ પ્રવૃત્તિને અંગે અત્યારે ભજવણીના ઘણા પ્રયોગો થઈ રહ્યા છે એ, બીજું કાંઈ નહીં તો 'આમ ન થાય' એટલું પુરવાર કરવા પૂરતા પણ આવકારને પાત્ર છે જ.

એ ભજવણીમાંની એક વિશેષ વાત વિષે આ લખાણ થાય છે. ન સમજાય એવા કારણુસર આજે ભજવણીમાં પાત્રોનાં હલનચલન, આ છેડેથી પેલે છેડે જવું, ખુરશીના હાથા આમળવા, છાપાં-પુસ્તકો વાંચવાનો ડોળ કરવો, સોફાના કાપડની કુમાશ જોવી, બારસાખે ટેકા દેવા, ફૂલદાનીમાંનાં ફૂલ ગોઠવવાં, વગેરે પર વિશેષ ધ્યાન અપાતું વરતાય છે. (આ પ્રવૃત્તિમાં પોતાની જાતને 'કલાકાર' કહેવડાવવા સિવાયના બીજા બધા શબ્દો અંગ્રેજી જ વપરાય છે. એટલે અહીં પણ એ જ શબ્દો વાપર્યા છે.) 'એકશન' હોવું જોઈએ એવા ખ્યાલે આવાં 'કમ્પોઝીશન્સ' ગોઠવાય છે.

એક વાર આવાં 'કમ્પોઝીશન્સ'નો ભજવણીમાં શો હેતુ હોઈ શકે એ જોઈ લઈએ. નાટક એ જોવા, સાંભળવા અને સમજવા એટલે કે જોવાવા, સંભળાવા અને સમજાવાનો યત્ન છે એટલી એક સાદી વ્યાખ્યા જો સ્વીકારીએ તો આવાં કમ્પોઝીશન્સનો પ્રથમ હેતુ તો નાટક માત્ર સંવાદ અને સંવાદ માત્ર પ્રાણ વગરની વાતચીત: "ચાહ કાઢું?" "આભાર!" "કેટલી ચમચી ખાંડ?" "ઘરમાં એક, બહાર બે," જેવો નિર્જીવ વાર્તાલાપ બની ન જાય એ માટે જીવન્ત, હાલતુંચાલતું, ધબકતું રાખવાનો હોઈ શકે. બેઠાં બેઠાં કે એક જ સ્થિતિમાં ઊભાં બેઠાં બોલાયેલો સંવાદ નિર્જીવ, બેઠાડુ લાગે છે એ દલીલનું હાર્દ સ્વીકારીએ તો પ્રથમ હેતુ એકવિધતા, એક ધારાપણું, 'મોનોટોની' ટાળવાનો હોઈ શકે અને બીજો હેતુ 'સમજાવવા'નો, એ ઉક્તિ પાછળની પાત્રની સંવેદના અને એ સંવેદનાનું નાટકના આખા વણાટમાં જે સ્થાન હોય એને ઉપસાવવાનો હોઈ શકે.

સિનેમાના તંત્રે નાટકની ભજવણી પર જે ગાઢ અસર નિપજાવી છે એનું આ એક પરિણામ હોઈ શકે. સિનેમામાં પણ આજે કેમેરા પાસે ઘણું અણુઘટતું અને સમસ્ત અસરને વિકૃત કરાવનારું કામ કરાવવામાં આવે છે. 'મીડ શૉટ' કે 'ક્લોઝઅપ'નું ખરું રહસ્ય, 'લૉજિક' સમજાયા વિના જ એનો ઉપયોગ થતો જોવામાં આવે છે. અહીં પણ જો કારણ જોવા મથો તો ઉપર જણાવ્યાં એ બે કારણ ઉપરાંતનું ત્રીજું કારણ એ 'હીરોઈન' કે 'હીરો'નાં અતિ વિસ્તૃત રૂપે દેખાતાં ચાંડાં (હીરોઈન હોય તો ચાડાંથી થોડું ઘણું વિશેષ) પ્રેક્ષકોનાં ચિત્તતંત્ર પર ઠસાવવાનું હોઈ શકે—ઘણે ભાગે છે. નાટકની ભજવણીમાં પણ આનું પદારોપણ થોડે અંશે થયું છે એ વાતની ના નહીં પાડી શકાય.

ચોથું એક કારણ પણ આગળ ધરી શકાય.

નાટકની સૂઝ આજ લગી ભજવણીમાં ઉવેખાયેલી એક વાતને પણ આગળ ધરે છે. આ છે ચાલુ પ્રસંગ કે ઉક્તિ વિષેનો અન્ય પાત્રોનો પ્રત્યાઘાત, 'રીએકશન્'. આજ લગીની ભજવણીનો સાર તો પોતાને ભાગે આવેલા સંવાદ બોલી જવામાં અને અન્ય સમયે પ્રેક્ષકગૃહમાંના સારા ચહેરા અવલોકવામાં આવી જાય છે, એ ફરિયાદમાં ઘણું વજૂદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોવાથી, હવે દિગ્દર્શક, અત્યંત સંપ્રજ્ઞ રીતે, અન્ય પાત્રોને પણ વહેતા પ્રવાહમાં ડૂબકી મારવાનું સમજાવે છે, તેમ જ ડૂબકી ખવડાવે પણ છે.

આ ચાર હેતુ સિવાય પ્રવાહને વેગીલો બનાવવાનો હેતુ પણ હોઈ શકે.

પાંચે વસ્તુઓ વજૂદવાળી છે, એનો કોઈનાથી (અથવા તો હમણાં તખ્તા પર ગુજરાતીના નવીનતમ લહેકાવાળા ઉચ્ચારે કહેવું હોય તો કોઓઓઈ નાથી) ઇનકાર થઈ શકે એમ નથી. ફરિયાદ હોય તો માત્ર આટલી છે : આજે આ હેતુઓ પાર પાડવા માટે જે જાતનો અતિરેક, નિરર્થક હલનચલન, ભજવણીમાં પ્રવેશ્યો છે તે આ હેતુઓને થોડેઘણે અંશે પણ પાર પાડે છે ખરો ?

કહેવાતી 'મુવમેન્ટ,' વેગ વધારવાનો યત્ન, 'રીએક્શન' દાખવવાની કોશિષ—આ બધું આજે તો ભજવણીમાં એટલું વર્ચસ્ ધરાવતું થઈ ગયું છે કે નાટકનું વક્તવ્ય બાજુ પર રહી જાય છે અને પ્રેક્ષકનું ધ્યાન માત્ર આ ચેનચાળા પર જ કેન્દ્રિત કરવાનો ઉદ્યમ થઈ જાય છે. ભજવણીની સ્વચ્છતા, એનુંય વિશિષ્ટ શીલ અને એથીય વિશેષ તો આખી પ્રવૃત્તિનો, પ્રેક્ષકને સંવેદનમાં સમભાગી બનાવવાનો હેતુ પણ માર્યો જાય એવું બનતું જાય છે.

આ સાથે બીજી કેટલીક અત્યંત અપકારી વાતો આવી ભજવણી દ્વારા આવે છે. એમાંની પહેલી છે તખ્તાને ભરચક્ક રાખવાની. ખુરશી ન હોય તો શેનો હાથો આમળવો ? ફૂલદાન ન હોય તો ક્યાં ફૂલ મૂકવાં અને ફૂલ ન હોય તો દિગ્દર્શકે બતાવેલું ફૂલ સૂંઘવા કે રમાડવાનું એક્શન શી રીતે કરવું ? એક અનિષ્ટ બીજા અનિષ્ટને લાવે છે. મૂળમાં તો આપણી પાસે સારો અનુકૂળ કહી શકાય એવો રંગમંચ ન મળે. જે છે તે પચીસ-ત્રીસ ફૂટના આડાં અવળાં ચોકઠાં. એમાં આગળનો થોડોક ભાગ છોડીને (જુદી જુદી જગાએ જુદાં જુદાં કારણોસર છોડી જ દેવો પડે છે) કામ કરવાનું અને એમાં આ સાધનોની દેમાર ! માલ્થુસની નિરાશાભરી કાગવાણી બીજું કશું નહીં તો રંગમંચ પરનાં સાધનોની વિપુલતાના વધારા વિષે તો સાવ સાચી—સાચીથીય વિશેષ સાચી—પડી લાગે છે. ઘણી વાર તો 'ભજવણીની જગા'માં પાત્રને સરકસના એક જેમ ખેંચાયેલા દોર પર નટ-ખેલ કરવો પડે છે.

આથી વિશેષ અપકારી વાત તો 'અતિપણું' લાવવાની છે. નાટકનો એટલે કે તખ્તાનો વાસ્તવવાદ એ નકરી વાસ્તવિક્તા ઉપરનો એક ક્ષમ્ય ઢોળ છે એટલી વાત સ્વીકારી લઈએ તો આવી વાતો—જે પાછી વાસ્તવિકતાને નામે થતી હોવાથી કરુણને પણ હાસ્યાસ્પદ બનાવે છે—ન-કારણની અતિશયતામાં ઘસડી જાય છે. નાટકના આસ્વાદની સમજ અતિરંજન બની જાય એવું બની રહ્યું છે. સહુ કોઈ આ વાત કેટલી ભયંકર છે એટલા વિષે તો સહમત થશે જ.

એક ખોટા ખ્યાલના દોરવ્યા આ પ્રવૃત્તિ આજે પોતાની જાતને અત્યંત સ્થાવર—માત્ર મોટા શહેરને જ પોસાઈ શકે એવી પ્રવૃત્તિ—બનાવી રહી છે. નાટ્યપ્રવૃત્તિના સંચાલનનો વહેવારુ હેતુ તો ભજવણીને વક્તવ્યનું સબળ સાધન બનાવવા સાથે, પ્રેક્ષકોને ઘડવાનો જ હોઈ શકે. આજે ભજવણીની આસપાસ જે જાળાંબાઉઓં બાઝતાં જાય છે, સન્નિષ્ઠ હોવા છતાં એક ખોટા ખ્યાલને કારણે જે આળપંપાળ વધતી જાય છે તે તરફ જો આટલું લખ્યાથી થોડુંક પણ ધ્યાન દોરાશે અને ભજવણીમાં સરળતા તરફ, નાટકમાં વેગની અભિવ્યક્તિ માત્ર આંગિક હલનચલન (જેને ખોટી રીતે અભિનયનું નામ આપવામાં આવે છે)થી થઈ શકે છે એવા ખ્યાલને બદલે સંવેદનની સૂક્ષ્મ અભિવ્યક્તિ પ્રેક્ષકોના ચિત્ત પર ઠસાવવાની પ્રવૃત્તિ પર ધ્યાન દેવાશે તો નાટ્યપ્રવૃત્તિને તો ઉપકારક નીવડશે એટલું જ નહીં પણ સાથોસાથ એ પ્રવૃત્તિમાં પડેલાને અને આવી પડેલા બધાંને પણ એક અવનવીન રસાસ્વાદ મળશે એટલું નમ્રપણે કહી શકાય.

જેવું 'આંગિક' વિષે લખ્યું એવું વાચિક વિષે પણ લખવાનું છે. પણ એ બીજી કોક વાર.

જયંતિ દલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્તમાન ગુજરાતી સાહિત્યના પ્રવાહો*

કાન્તિલાલ બ. વ્યાસ

'સાહિત્ય એ જીવનનું પ્રતિબિંબ છે' એ સૂત્ર વિશિષ્ટ અર્થમાં જ સાચું છે. સાહિત્ય સમકાલીન જીવનનું વાસ્તવદર્શન કરાવે તેમ એની સમીક્ષા પણ કરે. સાહિત્યનું આ એક પ્રધાન કર્તવ્ય છે.

વર્તમાન સાહિત્યને આ દૃષ્ટિએ આપણે મૂલવવું ઘટે. સ્વાતંત્ર્યોત્તર ગુજરાતમાં સાહિત્યનો વિકાસ થયો છે—જૂનાં સ્વરૂપોમાં અભિનવ નિરૂપણની છટા આવી છે, તો કેટલાંક નવાં સ્વરૂપો પણ પ્રયોજાયાં છે. સાહિત્યનો પ્રવાહ વેગભર્યો વહી જાય છે; પણ એનાં પાણી ઊંડાં અને નિર્મળ જણાય છે ખરાં?

યુદ્ધોત્તર ભારતમાં નવા નવા પ્રશ્નો અને નવી નવી કઠિન સમસ્યાઓ ઉપસ્થિત થઈ છે. માનવજીવન હવે પહેલાં જેવું વ્યવસ્થિત, સુજ્ઞેય રહ્યું નથી. એની ઉપરની સપાટી શાન્ત જણાય છે પણ એનાં ઊંડાણોમાં ઘૂમરી ખાતાં, વમળોવાળાં જબરદસ્ત વહેણો વહી રહ્યાં છે. નવનિર્માણને આરે ઊભેલા રાષ્ટ્રનું સ્વરૂપ ઝડપથી બદલાતું જાય છે, જીવનનાં મૂલ્યોમાં પરિવર્તન થતું જાય છે અને તદનુસાર સામાજિક જીવનની પ્રણાલીઓ બદલાતી જાય છે. આજનું ભારત એ ૧૯૪૫નું ભારત રહ્યું નથી; તેમ ૧૯૬૫નું ભારત આજના કરતાં ઘણી રીતે વિલક્ષણ હશે એમ લાગે છે. જીવનનાં આ વેગવંત વહેતાં પૂરની સાથે સાહિત્યે કદમ મિલાવ્યા છે?

જીવનના કેટલાક પ્રશ્નોને સમજવાનો સાહિત્યે પ્રયત્ન કર્યો છે પણ તે એના વર્તમાન સ્વરૂપને જ અનુલક્ષીને. એમાં એ પ્રશ્નોની આમૂલાગ્ર સમીક્ષા થઈ શકી નથી. આ પ્રશ્નોને સમીક્ષવાને સાહિત્યે કેટલીક નવી 'ટેકનિક' ઉપયોગમાં લીધી છે. ઇતરપ્રાન્તીય અને વિદેશી સાહિત્યનાં બળોએ પણ ગુજરાતી સાહિત્યના પ્રવાહો ઉપર અસર કરી છે. એ સાહિત્યનાં ઉદ્દામ પ્રગતિશીલ તત્ત્વોને આપણા કેટલાક સાહિત્યકારોએ યથાશક્તિ અપનાવવાનો પ્રયાસ કર્યો છે. પણ એ ઉપરચોટિયો હોઈ સફળ થયો નથી. પરિવર્તમાન જીવનના ઊંડા પ્રવાહોનું તલસ્પર્શી અવગાહન કે ગંભીર સમીક્ષણ વર્તમાન સાહિત્યમાં દૃષ્ટિએ પડતું નથી. ઊલટું, કેટલાંક સાહિત્યસ્વરૂપોમાં જાણે વર્તમાન જીવનથી દૂર નાસી છૂટવા(escapism)નો પ્રયત્ન થતો હોય એમ દેખાઈ આવે છે. કેટલીયે રચનાઓ વર્તમાન જીવનને બિલકુલ સ્પર્શ્યા વિના કેવળ ભૂતકાળમાં જ કે કોઈ રોમાંચક, અવનવી કાલ્પનિક સૃષ્ટિમાં રમમાણ થઈ રહે છે. કેટલેક અંશે આ પરિસ્થિતિ માટે જનતાની—વાચકસમૂહની અભિરુચિ જવાબદાર છે એ ખરું, તો સાથે સાથે એ માટે સાહિત્યકાર પણ દોષભાગી છે. જીવનનું એવું અસમ્યક્ દર્શન અને દર્શનને યોગ્ય સ્વરૂપમાં સાહિત્યમાં અવતારવાની એની અશક્તિનું એ પરિણામ છે. અમર સાહિત્યકૃતિઓ આ જ કારણે સર્જાતી રહી જાય છે.

કવિતા એ સાહિત્યનું સૌથી સુકુમાર અને સંવેદનશીલ (sensitive) સ્વરૂપ છે. એમાં સાહિત્યના પ્રવાહોનાં પરિવર્તનો સૌથી વિશેષપણે પ્રતિફલિત થતાં હોય છે. પરંતુ વર્તમાન ગુજરાતી કવિતામાં ઊંડા જીવનદર્શનને સ્થાને આજે માત્ર સંગીત કે રવમાધુર્ય અને નિરૂપણછટા પ્રતિષ્ઠિત થઈ રહ્યાં છે. કવિતાનાં સ્વરૂપ અને શૈલી પરત્વે નવાનવા પ્રયોગો અવશ્ય થતા રહે છે, પણ વર્તમાન જીવનનું બલવાન હૃદયવેધક નિરૂપણ કે પ્રતિફલન એમાં દૃષ્ટિગોચર થતું નથી.

સુંદરમ્-ઉમાશંકર જેવા સિદ્ધ અગ્રણી કવિઓનો કાવ્યસ્રોત હજી વહ્યે જાય છે. પણ શ્રી ઉમાશંકરની કવિતામાં

* ગુજરાતી સાહિત્ય-પરિષદને ઉપક્રમે યોજાયેલી શરદ વ્યાખ્યાનમાળામાં તા. ૨૬–૧૨–'૫૫ને દિવસે આપેલું વ્યાખ્યાન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂર્વનાં પ્રસાદ અને ઋજુતા કે દર્શનક્ષમ ગાંભીર્ય ઓછાં થયાં છે, અને એને સ્થાને ગેયતા, રવમાધુર્ય, સુકુમારતા વધ્યાં છે. શ્રી સુંદરમ્‌ની કાવ્યપ્રતિભા હજી પૂર્વવત્ ખલવતી રહી છે.—જીવનનાં વિવિધ સ્વરૂપોનું એ સામર્થ્યભર્યું દર્શન કરાવે છે—છતાં એના ઉપર હવે શ્રી અરવિંદના તત્ત્વજ્ઞાનની છાયા વધારે ને વધારે ઢળતી જાય છે અને એનો રંગ પ્રજારામ, પિનાકિન્ ઠાકોર, ઉશનસ્ વગેરે અદ્યતન કવિઓને પણ લાગ્યો છે.

રાજેન્દ્ર શાહની કવિતા નવીન કવિતાની જાણે પ્રતિનિધિ-રૂપ બની રહે છે. એનું ચારુ નિસર્ગવર્ણન અને નિતાન્તમધુર સંગીત ભાવકના મનમાં સહેજે વસી જાય છે. તો ઘેરું વાસ્તવદર્શન એ નિરંજન ભગતની કવિતાની લાક્ષણિક સિદ્ધિ છે. વાસ્તવની ભીતરમાં રહેલી માનવતાને એ સ્પર્શી રહે છે. અન્ય અદ્યતન કવિઓમાં બાલમુકુન્દ દવેની પ્રસન્નમધુર કવિતા, પ્રિયકાન્ત મણિયારની નૂતન ભાવપ્રતીકોની અભિવ્યક્તિમાં રાચતી રચનાઓ કે પિનાકિન્ ઠાકોરની કલ્પનારશ્મિતે મલકતી કૃતિઓ અવશ્ય ચેતોહારી છે.

પણ આ સર્વ નૂતન ગુજરાતના કવિઓની રચનામાં સુદીર્ઘ કૃતિઓ વિરલ છે; મોટે ભાગે તો સહુએ લઘુ ગેય રૂપો જ ખેડ્યાં છે. મધ્યકાલીન કવિતાના મુકુટમણિ સમું, મહાકાવ્યનું ગૌરવ પ્રગટાવવે સમર્થ, દીર્ઘ આખ્યાન સમું સ્વરૂપ તો અર્વાચીન કવિતામાં પ્રાપ્ત થવું અશક્ય જ છે, પણ અર્વાચીન કવિતાની મોંઘામૂલી સિદ્ધિરૂપ ખંડકાવ્ય પણ આજે પ્રમાણમાં ઓછું ખેડાય છે, એ આશ્ચર્યજનક છતાં સાચી હકીકત છે. અર્વાચીન કવિતામાં વિચાર અને કલ્પનાને ભોગે સંગીત કે રવમાધુર્ય તરફ અભિરુચિ વધી છે એ નિર્વિવાદ છે. નવનવા પ્રયોગોથી કવિતામાં જે છટા જણાય છે એ માત્ર સપાટી પરની શોભા છે. જીવનનાં અંતસ્તલ સુધી પહોંચવાને આજે કવિતા મથી રહી છે; એમાં સફળતા પ્રાપ્ત કરવાને સ્વરૂપ અને વિષય પરત્વેનાં બંધનો એણે ફગાવી દીધાં છે, અને પ્રકૃતિનું મુક્ત આલેખન અને પ્રેમનું અનિર્બન્ધ ગાન આરંભ્યું છે. છતાં હજી આજની કવિતાને એનું ધ્રુવપદ લાધવાનું બાકી જ છે.

પ્રાચીન યુગનાં મહાકાવ્યોનું સ્થાન આજે નાટકે લીધું છે. રેડિયોની નાટ્ય-સ્પર્ધાઓએ અને નાટ્ય-મહોત્સવોએ નાટ્યપ્રવૃત્તિને ઘણો વેગ આપ્યો છે.

મુનશી, ધનસુખલાલ વગેરે આગળની પેઢીના નાટ્યકારો માંથી આજે તો માત્ર ચન્દ્રવદન મહેતાની જ પ્રતિભા પૂર્વવ સર્જનશાલિની રહી છે. પણ ઘણા નવીન નાટકકારો આગ આવ્યા છે, જેમાં જયન્તી દલાલ, યશોધર મહેતા, ચુનીલાલ મડિયા, શિવકુમાર જોષી, પ્રાગજી ડોસા, પુષ્કર ચંદરવાક વગેરે મુખ્ય છે.

આજે નાટકની 'ટેક્નિક'માં ઘણી પ્રગતિ થઈ છે. વસ્તુ હવે વધારે નાટ્યક્ષમ(dramatic) બન્યું છે. મોટા ભાગની કૃતિઓ વર્તમાન જીવનમાંથી વાસ્તવપ્રધાન વસ્તુ ઉપાડે છે; સંવાદોમાં વધારે જોમ અને સ્વાભાવિકતા આવ્યાં છે; સંવિધાનમાં રંગભૂમિની આવશ્યકતાઓ ઉપર વધારે લક્ષ રખાય છે અને નાટકનો આંતર સંઘર્ષ (inner conflict) પણ ચિત્તાકર્ષક હોય છે. પણ નાટકનો પટ બહુધા નાનો હોય છે. મોટા ભાગનાં નાટકો એકાંકી હોય છે અને એ સ્વરૂપમાં જયન્તી દલાલ, ચુનીલાલ મડિયા, શિવકુમાર જોષી વગેરે અર્વાચીન નાટકકારોએ સારી સફળતા મેળવી છે. પણ જેમાં જીવનનું વ્યાપક દર્શન અને સમીક્ષણ હોય એવાં મોટા પટ ઉપરનાં નાટકો તો ભાગ્યે જ રચાય છે. એવાં નાટકો ભજવવાની પણ આજના સંયોગોમાં સુવિધા નથી. આજની ઍમેટર રંગભૂમિ હજી પ્રથમ પગલીઓ માંડી રહી છે, જ્યારે ધંધાદારી રંગભૂમિ હજી જૂની ઘરેડમાં જ ચાલ્યે જાય છે અને જૂનાં નાટકો—જેમાંનાં કેટલાંક બેશક ખરેખર સુંદર છે—ભજવ્યે જાય છે; પણ એ નાટકોની ભૂમિકા અને દર્શન હવે ગતયુગીન ગણાય. એમાં વર્તમાન જીવનનું દર્શન ક્વચિત જ, અછડતું, નહિ જેવું મળવાનું. આમ છેલ્લાં થોડાંક વર્ષોથી નાટ્યરચનામાં ઘણો વેગ આવ્યો હોવા છતાં ગુજરાતની નાટ્યભૂમિમાં—અવેતન તેમ જ ધંધાદારી બંનેમાં—બહુ પ્રગતિ નજરે પડતી નથી.

નવલકથા એ નાટક જેવું જ વિશાળ સ્વરૂપ છે. ગુજરાતમાં નવલકથા ખરેખર લોકપ્રિય સાહિત્યસ્વરૂપ છે. છેલ્લાં બેત્રણ વર્ષમાં નવલકથાક્ષેત્રે સારું ખેડાણ થયું છે. સદ્દગત રમણલાલ વસંતલાલ દેસાઈનું 'શચી પૌલોમી,' શ્રી મુનશીની છેલ્લી નવલકથા 'ભગ્ન પાદુકા,' ધૂમકેતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુપ્તયુગીન 'આમ્રપાલી,' 'વૈશાલી,' 'મગધપતિ' અને 'ચાણક્ય,' પન્નાલાલ પટેલનું 'નાટ્ટકે,' 'દર્શક'નું 'ઝેર તો પીધાં છે જાણી જાણી,' યશોધર મહેતાનું 'મહારાત્રિ' અને 'વહી જતી જેલમ,' ચુનીલાલ વર્ધમાન શાહનાં 'સિંધ તારાં શૌર્યસંભારણાં' અને 'કાળજાનો ઘા,' ગુણવંતરાય આચાર્યનાં 'કાળભૈરવ,' 'હાજી કાસમ તારી વીજળી,' 'સુહિણી સંઘાર' અને 'લક્ષ્મી પધાર્યાં,' પુષ્કર ચંદરવાકરકૃત 'બાવડાંને બળે,' 'લીલૂડાં લેન્જો,' અને 'માનવીનો માળો,' પીતાંબર પટેલકૃત 'તેજછાયા' વગેરે ગુજરાતી નવલકથાની અદ્યતન રચનાઓ છે.

શ્રી મુનશીની ઘણા ગાળા પછી પ્રાપ્ત થતી નવલકથા 'ભગ્ન પાદુકા' એની અભિનવ 'ટેક્નિક'ને લીધે વધારે આકર્ષક અને સામર્થ્યવતી લાગે છે. એમાં 'જય સોમનાથ'-નો ધસમસતો વેગ નથી, તો ઋજુતા અને કલામાં પ્રાણભૂત એકાગ્રતા સવિશેષ છે. ગુજરાતની આથમતી રજપૂતાઈનું એ તદ્રૂપ ચિત્ર ખડું કરે છે. સદ્ગત રમણલાલ દેસાઈએ 'શચી પૌલોમી'માં વેદકાલીન ઇતિહાસને નવી રીતે વિલોકવાનો પ્રયત્ન કર્યો છે અને કથામાં રંગભરી રોમાંચકતા આણી છે. ધૂમકેતુની ગુપ્તકાલીન (?) નવલ-ગ્રંથાવલી—'આમ્રપાલી,' 'વૈશાલી,' 'મગધપતિ,' 'ચાણક્ય'—રંગદર્શી વાતાવરણમાં અને વેગવંત વાર્તા-કથન ઇત્યાદિ અંગોમાં આગળની ચૌલુક્ય કથાવલી કરતાં રેખામાત્ર જુદી પડતી નથી. વાર્તાનો વણાટ એ જ, પાત્ર-નિરૂપણપદ્ધતિ પણ એની એ જ, એ જ લગભગ લઢણરૂપ બની જતી રોમાંચક વાતાવરણ ઊભું કરવાની રીતિ, ઇત્યાદિને લીધે ધૂમકેતુની કૃતિઓમાં એકતાનતા વરતાય છે. એમની કેટલીક કૃતિઓમાં વસ્તુસંવિધાન અને પાત્રનિરૂપણ-માં એકાગ્રતાનો અભાવ કલાક્ષતિ કરે છે. ગુજરાતના સમુદ્રજીવનની નવલકથાશ્રેણી રચનાર ગુણવંતરાય આચાર્યની રચનાઓમાં આ ક્ષતિ વધારે ઉત્કટપણે છતી થાય છે. આ સર્વ આગલી પેઢીના નવલકથા-સ્વામીઓએ વર્તમાન જીવનની લગભગ ઉપેક્ષા જ કરી છે.

વર્તમાન જીવનની સમીક્ષા મડિયા, પેટલીકર, પન્નાલાલ, પીતાંબર પટેલ, સોપાન, પુષ્કર ચંદરવાકર અને દર્શકની કૃતિઓમાં મળે છે. મડિયાના આલેખનમાં કટાક્ષની માત્રા વિશેષ છે, તો પેટલીકર, પીતાંબર પટેલ અને ચંદરવાકરમાં નિર્ભેળ વાસ્તવદર્શન છે. 'દર્શક' અને પન્નાલાલની પ્રતિભાએ વધારે સામર્થ્યયુક્ત કૃતિઓ સરજાવી છે, 'દર્શકે' વર્તમાન જીવનના મહાપ્રશ્નોની સમીક્ષા કરી છે, તો પન્નાલાલે ગ્રામજીવનની ભૂમિકામાં માનવસ્વભાવનું નિરૂપણું અત્યંત માર્મિકતાથી કરાવ્યું છે. બંનેમાં પ્રસંગે પ્રસંગે નવલકથાના ગદ્યસ્વરૂપમાં પણ સુકુમાર કવિતા રેલાઈ રહે છે. બંનેમાં હજી પણ વધારે સામર્થ્યવાળી રચનાઓ કરવાની શક્તિની પ્રતીતિ મળે છે. પુષ્કર ચંદરવાકરની પઢાર કોમ વિષેની લાંબી વાર્તા 'બાવડાંને બળે' કે યશોધર મહેતાની 'મહારાત્રિ'નું સ્વરૂપ અને કલાધ્યેય અન્ય નવલકથાઓ કરતાં ભિન્ન પ્રકારનું છે. એકંદર રીતે જોતાં આજની નવલકથા એની પાસેથી અપેક્ષા રાખી શકાય એવી વર્તમાન જીવનની સર્વાંગી તલસ્પર્શી સમીક્ષા આપી શકી નથી, તેમ નવાં કલાસ્વરૂપો સરજાવવામાં પણ અસમર્થ નીવડી છે.

ગુજરાતી નવલકથાની આ અપૂર્ણતા પૂરી કરવાને જ જાણે ઇતરપ્રાન્તીય અને વિદેશી સાહિત્યમાંથી અનુવાદો થયા છે! એમાં શ્રી જયન્તી દલાલે કરેલો ટૉલ્સ્ટૉયના મહાનવલ 'War and Peace'નો અનુવાદ, શ્રીમતી જયા બહેન ઠાકોરે 'સ્ત્રી' એ શીર્ષકથી કરેલો આલ્બર્ટ મોરેવિયાની 'Woman of Rome' એ જગવિખ્યાત નવલકથાનો અનુવાદ, ગોપાળરાવ વિદ્વાંસે કરેલા 'ભાવીણ,' 'ગારંબીનો બાપૂ,' 'શીતૂ' અને 'બલિદાન' એ ચાર મહાન મરાઠી નવલોના અનુવાદો, શ્રી પ્રવીણચન્દ્ર રૂપારેલે કરેલો જૈનેન્દ્રકુમારની સુવિખ્યાત વાર્તા 'ત્યાગપત્ર'નો અનુવાદ, ઇત્યાદિ આપણું ધ્યાન ખેંચે છે.

ગુજરાતીમાં **ટૂંકી વાર્તા** એના ઉદયકાળથી અતિ લોકપ્રિય સ્વરૂપ રહ્યું છે અને અન્ય સાહિત્યસ્વરૂપો કરતાં વધારે ખેડાતું આવ્યું છે. એમાં ચુનીલાલ મડિયા, ઈશ્વર પેટલીકર, પીતાંબર પટેલ, કરસનદાસ માણેક, કુ. કુન્દનિકા કાપડિયા, 'સારંગ બારોટ,' ગુલાબદાસ બ્રોકર, 'જય-ભિખ્ખુ,' 'કેતન મુનશી' અને ધીરુબહેન પટેલે ગણનાપાત્ર પ્રદાન કર્યું છે. કરસનદાસ માણેક રૂપાન્તરિત 'સિંધુની પ્રેમકથાઓ' એ વાર્તાલેખનમાં એક નવતર પ્રયોગ છે, તો ગુલાબદાસ બ્રોકરના 'બિચારાં સુનંદાબેન'માં 'ટેક્નિક'નું વૈશિષ્ટ્ય છે. અધ્યાપિકા ધીરુબહેન પટેલ ટૂંકી વાર્તાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષેત્રમાં પ્રથમ પ્રવેશ કરે છે, છતાં એમની 'અધૂરો કોલ' એ સામાન્ય, દૈનંદિન જીવનમાંથી સરજાવેલી સુગ્રથિત વેગવંત વસ્તુપ્રવાહવાળી વાર્તાઓ નવી જ ભાત પાડે છે, અને હજી વધારે સામર્થ્યપૂર્ણ, સુંદર વાર્તાઓની આગાહી આપી જાય છે. ગુજરાતી નવલકથામાં ખૂટતું જીવનનું સમીક્ષણ અને દર્શન નવલિકાઓમાં અને કેટલેક અંશે એકાંકીઓના નાના પણ વૈવિધ્યપૂર્ણ પટમાં ચમકી રહે છે.

શ્રી કિશનસિંહ ચાવડાકૃત 'અમાસના તારા' એ એક વિલક્ષણ કૃતિ છે. એમાં નવલિકાનાં લક્ષણો છે છતાં એને નવલિકાનું નામ આપી શકાય તેમ નથી. એનું સ્વરૂપ **સંસ્મરણાત્મક** કે આત્મકથનાત્મક છે છતાં એ સંસ્મરણો કે આત્મકથા પણ નથી. એમાં લેખકના જીવનમાં બનેલા નોંધપાત્ર, કંઈક સ્મરણીય અનુભૂતિ સમાઈ હોય એવા પ્રસંગોનું રંગપ્રચુર કલ્પનાશ્રિત આલેખન છે. એમાં વાર્તાકથનનાં કે સંસ્મરણોનાં લક્ષણોની સાથે નિબન્ધનાં લક્ષણો પણ રહેલાં છે.

અદ્યતન ગુજરાતી **આત્મકથા**ઓમાં ચન્દ્રવદન મહેતાની વિલક્ષણ કૃતિઓ 'બાંધ ગઠરિયાં' અને 'છોડ ગઠરિયાં,' શ્રી નાનાભાઈ ભટ્ટની રસપૂર્ણ માહિતીભરી આત્મકથા 'ઘડતર અને ચણતર,' અને ગુજરાતની જ વર્તમાન કથા સમી શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકની 'આત્મકથા' ભાગ ૧ અને ૨, અગ્રસ્થાને છે. આમાં શ્રી ચન્દ્રવદનની કૃતિમાં આત્મકથાની સાથે ગુજરાતી રંગભૂમિના ઇતિહાસના તાણાવાણા વણાઈને એક આકર્ષક પટ રજૂ થયો છે; નાનાભાઈની સુવાચ્ય ઋજુ આત્મકથામાં સમકાલીન સાંસ્કારિક જીવનનું સુભગ પ્રતિબિંબ ઝિલાયું છે; તો શ્રી ઇન્દુલાલની કથા પ્રકારાન્તરે છેલ્લાં ચાળીસ વર્ષની ગુજરાતની જ કથા બની ગઈ છે! આત્મકથાનું સ્વરૂપ પહેલાં કરતાં વધારે ખેડાતું જાય છે અને નવનવાં કલાશિખરો સર કરતું જાય છે. કોઈએ એવો પણ ભય વ્યક્ત કર્યો છે કે આ રીતે વિકાસ કરતાં કરતાં આત્મકથા ધીમેધીમે નવલકથાનું જ સ્થાન લઈ લેશે!

જીવનકથાઓમાં શ્રી અંબેલાલ જોશીકૃત 'પ્રાતઃસ્મરણીય મહાત્મા ગાંધીજી'ના બે દળદાર ગ્રંથો નોંધપાત્ર છે. એમાંના પહેલા ભાગમાં ગાંધીજીની જીવનકથાનાં કેટલાંક પાસાંઓનું રસભર દર્શન કરાવ્યું છે; તો બીજા ભાગની ગાંધીજી જીવનકાર્યની સમીક્ષા ઉતાવળી અને એકાગ્રતારહિત અન્ય જીવનચરિત્રોમાં શ્રી ધનસુખલાલ મહેતાકૃત 'સ્વ. લલ્લુભાઈ શામળદાસ,' શ્રી કે. કા. શાસ્ત્રીકૃત 'વલ્લભાચા મહાપ્રભુજી,' અને સ્વ. ચન્દ્રશંકર શુકલ અનુવાદિત રો રોલાં રચિત 'રામકૃષ્ણ પરમહંસ' ઉલ્લેખનીય ગણાય.

વર્તમાન ગુજરાતી સાહિત્યમાં નિબન્ધ અને નિબન્ધિક (કે નિર્બન્ધિકા)નાં સ્વરૂપો પ્રમાણમાં ઓછાં ખેડાય છે **હળવા નિબન્ધો** કે **નિબન્ધિકા**ઓમાં શ્રી વિજયરા વૈદ્યનું પ્રદાન લગભગ બંધ થયું છે, શ્રી જ્યોતીન્દ્ર દવે સર્જનનો વેગ ઓછો થયો છે; તો શ્રી બકુલ ત્રિપા અને શ્રી ચિનુભાઈ પટવાની કલા વિકસતી જાય છે, કે એમની કૃતિઓમાં હજી શ્રી જ્યોતીન્દ્ર દવેના જે વૈવિધ્ય અને સાહજિકતા આવ્યાં નથી.

નિબન્ધમાં સ્વ. મશરૂવાળા, શ્રી કેદારનાથજી અ શ્રી વિનોબા ભાવેની કૃતિઓ (અનુવાદિત) અને શ્રીમ વિનોદિની નીલકંઠ જેવાંની રચનાઓ ધ્યાન ખેંચે છે વિનોબાજીનું 'સ્થિતપ્રજ્ઞદર્શન' અને કેદારનાથનું 'વિચા દર્શન' નાની કૃતિઓ હોવા છતાં ગંભીર મર્મગા વિચારસંભારથી ભરેલી છે.

અર્વાચીન **વિવેચનો**ને પણ, એમાંનું સાહિત્યવિવેચન તત્ત્વ બાદ કરીએ તો, નિબન્ધો જ કહી શકાય. સ્વરૂપમાં શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની અર્થગંભીર, મિતાક્ષરી મર્મગામી, ચારુ વિવેચના ગુજરાતી વિવેચનસાહિત્ય શિખર છે, શ્રી વિજયરાય વૈદ્ય અને શ્રી અનન્તરા રાવળનાં સપ્રમાણ વિસ્તારયુક્ત વિવેચનો, કે શ્રી ઉમાશંક મનસુખલાલ, યશવન્ત શુક્લ અને નગીનદાસ પારેખ વિવેચનલેખો વર્તમાન ગુજરાતી સાહિત્યનાં વિવિ પાસાંઓને પોતાના વિવેકદીપથી પ્રકાશિત કરતા રહ્યા છે વિવેચનના એક ક્ષેત્રમાં પ્રાપ્ત થયેલો મહાગ્રંથ તે સદ્ગ રામનારાયણ પાઠકકૃત 'બૃહત્પિંગળ.' એની સિદ્ધિને કે સુંદરમ્‌ની 'અર્વાચીન કવિતા' સાથે જ સરખાવી શકા

સાહિત્યનાં પ્રમાણભૂત વિશાળ પટ ઉપરનાં અધ્યયનો માં શ્રીમતી સુસ્મિતા મેઢનું 'નરસિંહરાવ' એ અધ્યય ડૉ. બિપિન ઝવેરીનું પ્રધાનતયા જીવનકથાત્મક અધ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'રમણભાઈ નીલકંઠ,' ડૉ. ધીરુભાઈ ઠાકરનો 'મણિલાલ નભુભાઈ' વિષે સમતોલ સ્વાધ્યાય, પ્રો. હસિત બૂચનું 'દલપતરામ—એક અધ્યયન' અને ડૉ. મંજુલાલ મજમુદાર-ના 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યસ્વરૂપો'ને સંભારવાં ઘટે.

ભાષાવિજ્ઞાનમાં પણ આજના ગુજરાતમાં નોંધપાત્ર કામ થઈ રહ્યું છે. ડૉ. ભાયાણીનો 'વાગ્વ્યાપાર' એ લેખ-સંગ્રહ, ડૉ. સાંડેસરાનાં ઠક્કર વ્યાખ્યાનો 'શબ્દ અને અર્થ,' ડૉ. છોટુભાઈ નાયકનું 'ગુજરાતી પર અરબી ફારસીની અસર' અને પ્રો. ઈશ્વરલાલ દવેકૃત 'દક્ષિણ ભારતના સૌરાષ્ટ્રીઓ'એ અધ્યયનો ઉપયોગી અને પ્રમાણભૂત છે.

પ્રાચીન કાવ્યોનાં **સંપાદનો**માં પ્રો. કાન્તિલાલ વ્યાસ-સંપાદિત 'કાન્હડદે પ્રબન્ધ' અને 'ચાર ફાગુકાવ્યો,' ડૉ. સાંડેસરાસંપાદિત 'પ્રાચીન ફાગુસંગ્રહ,' ડૉ. ભાયાણી અને પ્રો. રાવળે કરેલાં શામળની 'મદનમોહના'નાં સંપાદનો અને સદ્ગત સાક્ષરવર્ય કે. હ. ધ્રુવનું ભાલણની કાદંબરીના ઉત્તર ભાગનું સંપાદન મુખ્ય છે.

ઇતિહાસ-સંશોધનમાં રત્નમણિરાવ ભીમરાવનો 'ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ' (ઇસ્લામયુગ ખંડ ૨ જો) શ્રેષ્ઠ ગણાય.

*

આ છે અદ્યતન ગુજરાતી સાહિત્યની સિદ્ધિનું આછું રેખાદર્શન. એમાં નવીનતા છે; ધબકતા પ્રાણ છે, અવનવું સરજવાની તાલાવેલી છે. પણ એને આકાંક્ષા અનુસાર સિદ્ધિ, સર્જનમાં કે વિવેચનમાં, પ્રાપ્ત થઈ નથી એ તો સ્વીકારવું જ પડશે. 'ભગ્ન પાદુકા' જેવી નોંધપાત્ર નવલકથા કે 'ભગવદ્ગોમંડલ' જેવો કોશનો આકરગ્રંથ કે ઇન્દુલાલ યાજ્ઞિકની 'આત્મકથા' જેવી પ્રાણવંત આત્મકથા, મહાદેવભાઈની ડાયરી સમો જીવનકથાનો વિરાટ ઉપાદાનગ્રંથ, કે કિશનસિંહ ચાવડાનાં સંસ્મરણાત્મક લેખો, રત્નમણિરાવનો 'સાંસ્કૃતિક ઇતિહાસ' કે સ્વ. પાઠકનું 'બૃહત્ પિંગલ' એ નિઃસંકોચપણે 'કલાસિકસ' (પ્રશિષ્ટ કૃતિઓ) ગણાવાને અધિકારી છે.

પણ એવી કૃતિઓની સંખ્યા કેટલી? સમગ્ર સાહિત્ય-માં એવી કૃતિઓનું પ્રમાણ કેટલું અલ્પાલ્પ? આ દરિદ્રતાનાં કારણો શાં?

સર્જક લેખકોની પ્રતિભા જીવનનાં નવાં બળો સાથે બરાબર કદમ મિલાવતી થઈ નથી. એથી નવીન જીવનનું પ્રતિબિંબ યથાર્થપણે ઝીલવાનું એમની કૃતિઓમાં સામર્થ્ય આવ્યું નથી. ઇતરપ્રાન્તીય અને વિદેશી વર્તમાન સાહિત્ય સાથે આપણા સર્જક-કલાકારોને ઘનિષ્ઠ સંપર્ક નથી. એથી નૂતનતમ સ્વરૂપો એમની દૃષ્ટિએ ઓછાં પડે છે. વળી પ્રાચીન 'કલાસિકસ'—સંસ્કૃત અને અંગ્રેજીનું પરિશીલન પણ ગઈ પેઢીઓની સરખામણીમાં ઘણું ઘટી ગયું છે; એથી વર્તમાન સાહિત્યસર્જન ભારતીય જીવનની પ્રણાલિકા-ઓનું સાતત્ય સાચવી શકતું નથી. આથી જ 'પ્રાચીના' જેવી કૃતિઓ ક્વચિત જ મળે છે, જ્યારે 'સાકેત' જેવી રચનાઓનું તો ગુજરાતમાં સ્વપ્નું જ રહ્યું છે. ભાષામાં તેમ જ નિરૂપણમાં હજી આડંબરનો મોહ લેખકો તજી શકતા નથી. એથી ભાષાની કઠિનતા અને નિરૂપિત જીવન-ની અપરિચિતતા સામાન્ય જનતાના હૃદયને સ્પર્શી શકતી નથી. વાસ્તવિક, ધરતીના જીવનને આલેખતી રચનાઓ હજી પ્રયોગાવસ્થામાં છે. આથી સાહિત્યનાં મૂળ ઊંડે જતાં નથી અને સાહિત્ય મુક્તપણે પાંગરતું નથી. એમ થશે ત્યારે જ આપણું સાહિત્ય અમર રચનાઓ સરજાવી શકશે, જે ઉત્તમોત્તમ વિદેશી સાહિત્યની હરોળમાં ગૌરવભેર ઊભી રહી શકશે.

સાભાર સ્વીકાર

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયનાં

સુખી જીવનની પગદંડી (આવૃત્તિ બીજી): લે. વા. કાળે. સં. અર્થ, અનુ. શશિન્ ઓઝા. પૃ. ૧૬૭ કિં. ૧-૮-૦. **કપિલ અને દેવહૂતિ** (સાંખ્ય—તત્ત્વજ્ઞાન, ભક્તિ વૈરાગ્યનો ઉપદેશ): પૃ. ૯૭ કિં. ૦-૧૦-૦.

ચેતન પ્રકાશન ગૃહનાં

અપહરણ: લે. સ્ટીવન્સન, અનુ. સત્યમ્. પૃ. ૧૭૯+૧૩ કિં. ૩-૪-૦. **ધ્રુવની સફરે**: વિજય ગુપ્ત મૌર્ય. પૃ. ૨૦૦ કિં. ૩-૪-૦. **સતનાં પારખાં**: વજુભાઈ ટાંક. પૃ. ૧૭૫ કિં. ૩-૪-૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બૌદ્ધધર્મનું "છઠ્ઠું સંગાયન": છઠ્ઠી સંસદ

સુમન્ત મહેતા

આવતા વૈશાખ મહિનાની પૂર્ણિમાના (વેસાકી) દિવસે બુદ્ધ ભગવાનના નિબ્બાન(નિર્વાણ)ને ૨૫૦૦ વર્ષ પૂરાં થાય છે. આ મહાપ્રસંગ ઊજવવાને માટે બમ્મા (બરમા) સરકારે આખા જગતમાં સ્થપાયલા સંઘોના પ્રતિનિધિઓને રંગૂનમાં બોલાવ્યા હતા અને છઠ્ઠા સંગાયન અથવા સંસદની શરૂઆત ૧૭ મે, ૧૯૫૪ના દિવસે થઈ ગઈ હતી. આ સંસદનાં એકંદરે પાંચ અધિવેશન બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. પહેલું અધિવેશન ત્રણ દિવસ સુધી ચાલેલું, તેનો ટૂંકો હેવાલ નીચે આપવામાં આવ્યો છે. બીજું અધિવેશન નવેમ્બર ૧૯૫૪થી ૧૯૫૫ ફેબ્રુઆરીની પૂર્ણિમા સુધી ચાલ્યું હતું. ત્રીજું એપ્રિલની પૂર્ણિમાથી જુલાઈની પૂર્ણિમા સુધી ચાલ્યું, ચોથું અધિવેશન નવેમ્બર, પૂર્ણિમા પછીના દિવસથી ફેબ્રુઆરી ૧૯૫૬ની પૂર્ણિમા સુધી ચાલ્યું અને છેવટનું પાંચમું અધિવેશન માર્ચની પૂર્ણિમા પછીના વદ પડવાથી વૈશાખી પૂર્ણિમા સુધી ચાલવાનું છે. આ સંગાયન કેવી રીતે ઊજવાઈ રહ્યું છે અને બે વર્ષની અંદર તેને અંગે શું શું કામ થવાનું છે તેનું વર્ણન કરીએ ત્યાર પહેલાં આ સંગાયનની પહેલાંનાં પાંચ સંગાયનોનો થોડો ઇતિહાસ જાણી લેવો જોઈએ.

બુદ્ધ ભગવાન પાંત્રીસ વર્ષના હતા ત્યારે તેમને તત્ત્વબોધનો નવો મજ્ઝિમ (મધ્યમ) માર્ગ સૂઝ્યો અને તેમણે પિસ્તાળીશ વર્ષ સુધી આ નવા માર્ગનો પ્રચાર કરતાં કરતાં બૌદ્ધસંઘનું ઘડતર કર્યું. શ્રમણો એટલે સાધુઓ ધર્મનો સારો અભ્યાસ કરે, યમનિયમોનું પાલન કરીને પવિત્ર જીવન ગાળે તથા ધર્મપ્રચાર કરવામાં સતત પ્રવૃત્ત રહે તેટલા માટે સખત અને સ્પષ્ટ નિયમો કરવામાં આવ્યા હતા. એમ કહેવાય છે કે જ્યારે ૮૦ વર્ષની વયે બુદ્ધ ભગવાન ગંભીર માંદગીમાં સપડાઈ ગયા ત્યારે એમના મૃત્યુ પહેલાં એમણે પોતાના પટ્ટશિષ્ય આનંદને કહ્યું કે તમે એવું ન માનશો કે હવે તમારે કોઈ ગુરુ રહ્યો નથી. હવેથી જે ધમ્મ(ધર્મ) અને 'વિનય' મેં શીખવ્યાં છે તે તમારે પાળવાનાં છે, તે તમારા ગુરુ છે. બન્યું પણ એવું જ. બુદ્ધ ભગવાનનું મહાપરિનિર્વાણ થયું કે ટૂંક સમય પછી એક શ્રમણ જે વૃદ્ધ વયે સંઘમાં જોડાયા હતા તેમણે કહેવા માંડ્યું કે હવે ભિક્ષુઓને કડકાઈથી યમનિયમ પાળવાનું કારણ રહેતું નથી. અભિધર્મ તથા વિનય તથા સૂત્રોમાં કોઈ પણ પ્રકારની અશુદ્ધિ પેસી ન જાય તેટલા માટે મહાસ્થવીર કસ્યપે (કસ્સપે) પહેલી સંસદ બોલાવી. આ સંસદમાં આશરે પાંચસો વિદ્વાન ભિક્ષુઓએ અભિધર્મ તથા વિનયને એકી સાથે ગાયાં. આવો એકી સાથે ગાવાનો કાર્યક્રમ તે સંગાયન અથવા સંગીતિ કહેવાય છે. આ પરિષદમાં મહાગુરુ ઉપાલી સંગાયનના નાયક હતા અને જો કોઈ શબ્દ કે વાક્ય વિશે શંકા ઊભી થતી તો તે તેનો સાચો અર્થ સમજાવતા હતા. સંગાયનને બોલાવનાર તો ભિક્ષુ કસ્યપ હતા, પણ બધી વ્યવસ્થા કરનાર (શાસન-દાયક) રાજા અજાતશત્રુ હતા. વિદેહ નામના પહાડની સત્તપર્ણી(સત્તપન્ની) ગુફામાં આ સંસદનાં અધિવેશનો ભરાયાં હતાં. રાજગૃહની પાસે આ ગુફા હોવાને લીધે તેને રાજગીરની સંસદ કહેવામાં આવે છે. બુદ્ધના અવસાન પછી તરત જ તેને બોલાવવામાં આવેલી.

એક સો વર્ષ વીતી ગયાં અને સૂત્રો, અભિધર્મ તથા વિનયના પાઠમાં ખોટા શબ્દો ઘુસાડી દેવાતા હતા તથી વેસાલીમાં ૭૦૦ ભિક્ષુઓ એકઠા થયા અને વિનયના પાઠને વિશુદ્ધ બનાવ્યો. આ પરિષદ સ્થવીર યશે બોલાવી હતી. પછી તરત જ ગુરુ રેવતે અભિધર્મની વિશુદ્ધિ માટે પરિષદ બોલાવી અને ખોટા પાઠોને સુધારવામાં આવ્યા. આ સ્થવીરવાદની સામે જે ભિખ્ખુઓ જુદો પાઠ ભણતા હતા તેમણે ૧૦,૦૦૦ માણસોને એકઠા કર્યા અને તેમાં ભિખ્ખુઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા ગૃહસ્થીઓને આમંત્રણ આપ્યાં. પોતાની પરિષદને મહાસંગીતિ નામ આપ્યું અને પોતાના સંઘને મહાસંઘ તરીકે ઓળખાવ્યો, સ્થવીરવાદની સામે તેમણે આચાર્યવાદને ખડો કર્યો.

બીજાં સો વર્ષ પછી એટલે બુદ્ધના નિર્વાણ પછી ૨૦૦ વર્ષે ગુરુ મોગ્ગલીપુત્તે રાજા અશોકની મદદથી મોટી સંસદ બોલાવી. આચાર્યવાદીઓનું બળ ઘણું વધી ગયું હતું. એમણે બધા પાઠ સંસ્કૃત ભાષામાં બોલવા માંડયા હતા. લગભગ અઢાર નવા સંપ્રદાયો ઉત્પન્ન થયેલા તે બધા આચાર્યવાદમાં એકઠા થયેલા. થેરાવાદ એટલે સ્થવીરવાદથી જુદા પાઠ કરનારા ૬૦,૦૦૦ ભિખ્ખુઓને કાઢી મૂકવામાં આવ્યા. તેમણે પોતાનો નવો સંપ્રદાય ઊભો કર્યો.

ચોથી પરિષદ (સિંહલદ્વીપ-સિલોન-)લંકામાં ભરવામાં આવી. તે વખતે રાજા વ્રતગામિની શાસન-દાયક બન્યો હતો. ખ્રિસ્તી વર્ષ પૂર્વે ૨૯માં આ પરિષદ મળી. અત્યાર સુધી બધાં શાસ્ત્રો ગોખી રાખવામાં આવતાં હતાં તે હવે તાડપત્રો પર લખી લેવામાં આવ્યાં અને આ બધા સાહિત્યનું વર્ગીકરણ કરીને તેને ત્રણ પિટક—સૂત્ર, વિનય અને અભિધર્મમાં ગોઠવવામાં આવ્યું.

ત્યાર પછી ૧૯૦૦ વર્ષ સુધી એકેય સંસદ બોલાવવામાં આવી નહોતી. છેક ૧૮૭૧ની સાલમાં બ્રહ્મદેશ-(બર્મા)ના રાજા મિંડન મિને માંડલેમાં પાંચમી સંસદ બોલાવી. પાલી ભાષામાં લખેલા બધા પાઠો ફરીથી તપાસવામાં આવ્યા. એવું માલમ પડયું કે આ ૧૯૦૦ વર્ષો દરમ્યાન બહુ જ થોડી ભૂલો થઈ હતી. આ સંસદ પછી આ ત્રણે પિટક(ત્રણ ટોપલીઓ) આરસપહાણની તકતીઓ પર કોતરી લેવામાં આવી હતી.

છેલ્લા વિશ્વયુદ્ધ પછી ભારત દેશની જેમ બર્મા સ્વતંત્ર થયું. તેથી ધર્મનો પ્રચાર કરવાના શુભ હેતુથી હાલની સરકાર અને તેના મુખ્ય પ્રધાન ઉ નૂએ છઠ્ઠું સંગાયન બોલાવવાનો નિર્ણય કર્યો.

છઠ્ઠું સંગાયન

બીજાં બધાં સંગાયનો કરતાં આ છેલ્લા (એટલે હાલના) સંગાયનની એક વિશિષ્ટતા તો એ છે કે તેમાં સક્રિય ભાગ લેવા માટે માત્ર સાધુઓને જ નહીં પણ ભારત દેશના, આખા યુરોપ દેશના અને અમેરિકાના, અર્થાત આખા જગતના બુદ્ધધર્મના અભ્યાસીઓને બોલાવ્યા છે અને તેમને રહેવા-ખાવાને માટે અદ્યતન પ્રકારની સગવડો કરવામાં આવી છે. તે ઉપરાંત જે જે દેશોમાં બૌદ્ધધર્મનું પાલન થાય છે ત્યાંના સાધુઓ તથા ગૃહસ્થ વિદ્વાનોને પણ બોલાવ્યા છે. બીજી ખાસિયત એ છે કે આ પરિષદોમાં માત્ર શાસ્ત્રોના પાઠની વિશુદ્ધિ જાળવી રાખવાનો હેતુ નથી પણ ત્રિપિટકનો આખા જગતમાં પ્રચાર કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે અને તેટલા માટે એવું ઠરાવ્યું છે કે રંગૂનની અંદર—

(૧) એક કાયમનું "બર્મી બૌદ્ધ ધર્મપ્રચાર–મિશન" સ્થાપવામાં આવ્યું છે;

(૨) બૌદ્ધ શાસ્ત્રોનો ટૂંકાવેલો પાઠ બર્મી ભાષામાં છપાવવામાં આવશે, જે મૂળ પાઠ છે તે ગોખવા માટે રચાયલા હતા તેથી તેમાં પુનરોક્તિ થયાં કરે છે. આ પુસ્તકને ત્રિપિટકસાર કહેવામાં આવશે;

(૩) ત્રિપિટકનું ભાષાંતર બર્મી ભાષામાં પ્રગટ થશે;

(૪) ત્રિપિટકનું હિંદી ભાષામાં ભાષાંતર થશે;

(૫) ત્રિપિટકનું અંગ્રેજી ભાષામાં ભાષાંતર થશે;

(૬) પાલી ત્રિપિટકને નાગરી લિપિમાં પ્રગટ કરવામાં આવશે;

(૭) પાલી ત્રિપિટકને રોમન લિપિમાં પ્રગટ કરવામાં આવશે.

આ બધું કામ કરવાને માટે સેંકડો વિદ્વાનો છેલ્લાં બે વર્ષથી કામ કરી રહ્યા છે. આ કામ કરી રહેલા વિદ્વાનો થોડેથોડે સમયે સૌ એકઠા મળીને યોગ્ય શબ્દો તથા ટીકા માટે મળીને ચર્ચા કરે છે.

જે મૂળ પાલી ત્રિપિટક છે તેનાં ૫૪ પુસ્તકો છે અને તે જ્યારે છપાશે ત્યારે તેનો લગભગ ૪૦૦થી ૫૦૦ પાનાંનાં પચાસ પુસ્તકોમાં સમાવેશ થશે.

આ વિદ્વાનોને રહેવા-ખાવાને માટે નવી ઢબ અને સુખસગવડવાળાં વિશાળ મકાનો બંધાયાં છે. સંસદની વ્યવસ્થા કરવા માટે અસંખ્ય ભિખ્ખુઓ ખડેપગે કામ કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યા છે તેમને માટે અનેક ધર્મશાળાઓ બંધાઈ છે. ૧૦૦ એકર જમીન પર એક નવું ગામ રચવામાં આવ્યું છે. આખા જગતની સાથે પત્રવ્યવહાર કરવા માટે તેમ જ પ્રકાશનોના કામને માટે વિશાળ કાર્યાલય બંધાયું છે અને ત્યાં કબા આયે નામનું પેગોડા (વિશ્વશાંતિ મંદિર) ૧૦ લાખ રૂપિયાના ખર્ચે બંધાયું છે. સભાસ્થાનને માટે એક નાનો પહાડ અને તેની અંદર મોટી ગુફા બાંધવામાં આવ્યાં છે. પહેલી સંસદ રાજગૃહની પાસેની સપ્તપર્ણી ગુફામાં મળી હતી તેના જેવી જ આ ગુફા છે અને તેની અંદર દસ હજાર મનુષ્યો બેસી શકે એવી સગવડ કરવામાં આવી છે.

આ સંસદના “ શાસન-દાયક ” (બોલાવનાર) થવા માટે પાંચે થેરવાદી દેશો (થાઈલૅંડ, લાઓસ, સિલોન, કંબોડિયા અને બર્મા) તૈયાર હતા તે છતાં બર્માની પ્રજા અને તેમની સરકાર શાસન-દાયક બની છે અને તેણે જ બધો ખર્ચ ઉપાડી લીધો છે. એકંદર ખર્ચ કેટલો થયો છે અને થશે તે જાણી શકાશે નહીં કારણ કે સેંકડો અને હજારો ગૃહસ્થ સ્ત્રી-પુરુષો અને ફૂંજી અથા પૂંજી(ભિક્ષુ)ઓ-એ મહિનાઓ સુધી વગર-વેતને પંદરેક જાતનું કામ કર્યું છે. રાંધવા અને પીરસવાના કામમાં બર્મી મહિલામંડળ સુંદર કામ કરી રહ્યું છે અને જે ૨૫૦૦ ભિખ્ખુઓ પાંચે અધિવેશનો પાઠ ભણવાના છે તેમનો નિર્વાહ પણ આ મહિલામંડળે ઉપાડી લીધો છે. કેટલાક ખર્ચના આંકડા નીચે આપ્યા છે:

વિશ્વશાંતિ મંદિર	રૂ. ૧૦ લાખ
ગુફા	રૂ. ૯૧ ,,
ચાર વસતિગૃહો	રૂ. ૩૦ ,,
છાપખાનું	રૂ. ૩ ,,
ભોજનશાળા	રૂ. ૬ ,,
વ્યવસ્થા-કાર્યાલય	રૂ. ૫ ,,
પુસ્તકાલય	રૂ. ૧૫ ,,
આરોગ્યશાળા	રૂ. ૩ ,,

આ ઉપરાંત જમીન (૧૦૦ એકર)ની કિંમત, રસ્તાઓ, પાણી અને ડ્રેનેજની વ્યવસ્થા, મોટરો રાખવાના તબેલા વગેરેનો ખર્ચ તો જુદો. ભવિષ્યમાં આ સ્થળે આંતરરાષ્ટ્રીય બૌદ્ધ વિદ્યાપીઠ સ્થાપવાની છે તેને માટે આ બધાં મકાનો ઉપયોગમાં લેવાશે. ગુફાની અંદર જે હૉલ બાંધવામાં આવ્યો છે તેની અંદર ભાષણો બરોબર સંભળાય અને પડઘા પડે નહીં તે માટે આ વિષયના ખાસ પરદેશી જાણકારોને બોલાવવામાં આવ્યા હતા.

આ સંસદનું પહેલું અધિવેશન ૧૭મી મે, ૧૯૫૪ના દિવસે બપોરે ખુલ્લું મૂકવામાં આવેલું. ગુફામાં બેસવાની જગ્યા છે તે ૨૨૦ ફૂટ લાંબી, ૧૪૦ ફૂટ પહોળી છે. હૉલ ભરચક ભરાઈ ગયો હતો પણ કોઈ એક શબ્દ ઉચ્ચારે નહીં અને બેસતી વખતે જરાય ધાંધલ થાય નહીં તેથી નીરવ શાંતિ પ્રસરી રહી હતી. બહાર બેથી અઢી લાખ માણસો ઠેરઠેર મૂકેલા લાઉડ સ્પીકરમાંથી આખી કાર્યવાહી સાંભળી રહ્યા હતા. સૌથી વધારે વૃદ્ધ ૯૦ વર્ષના માં-ગે સયદો ભદંત વન્ય મહાથેરાએ સૂચના કરી કે આ સંસદનું પ્રમુખસ્થાન માન્યવર અભિધજ મહારથ્થ ગુરુ ભદંત રેવત ન્યાંગ-યાન લે. સંસદે શાંતિ જાળવીને આ દરખાસ્ત કબૂલ રાખી. ત્યાર પછી પંડિતોએ શાસ્ત્રોમાંથી અમુક અમુક ભાગ વાંચી સંભળાવ્યા. પછી દેશપરદેશના રાજાઓ, મહાન પુરુષો અથવા તેમના પ્રતિનિધિઓએ મોકલેલા શુભ સંદેશા વાંચી સંભળાવવામાં આવ્યા. આવી રીતે આ સંસદનું કામ શરૂ થયું. ત્યાર પછી કેટલાંક શાસ્ત્રોને પ્રશ્નોત્તરીની રીતે સંભળાવવામાં આવ્યાં. પૂજ્ય અગ્ગ મહાપંડિત ભદંત જાવન પૂછક(પ્રશ્નો પૂછનાર) અને પૂ. ધમ્મ ભંડાગારિક ભદંત વિચિત્તસાર એ વિસ્સજ્જક (ઉત્તર આપનાર) નિમાયા હતા. ત્યાર પછી આખા સંઘે શાસ્ત્રોના અમુક અમુક ભાગ સાથે મળીને (સંગીતિ) ગાયા હતા. બીજાત્રીજા દિવસોનો કાર્યક્રમ પણ આ જ પ્રકારનો હતો. ત્યાર પછીનાં અધિવેશનની ખુલ્લી સભાઓમાં દરેક વખત ૫૦૦ ભિક્ષુઓ ‘ સંગીતિ ’ કરશે. પણ સંગાયનનું મુખ્ય કામ તો કાર્યાલયમાં ચાલ્યાં કરે છે અને છેવટનું અધિવેશન માર્ચ મહિનામાં શરૂ થઈ ને મે મહિનામાં પૂરું થશે.

ઉપર જણાવેલા પાંચ થેરવાદી દેશો, બર્મા, સિલોન, સિયામ, લાઓસ અને કંબોડિયા, ભારત દેશ, પાકિસ્તાન (પૂર્વ), નેપાલ, સિક્કિમ, ભૂતાન, મલાયા, ઇન્ડોનેશિયા, વિએટ-નામ, રયુ કયુ બેટ, જાપાન અને ચીનની પ્રજાએ તથા સરકારોએ આ સંગાયનને સફળ બનાવવામાં સારો સાથ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહકાર અને સહાનુભૂતિ આપ્યાં હતાં. મોંગોલિયા અને તિબેટના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા અને ઑસ્ટ્રેલીઆ, અમેરિકા તથા યુરોપ એ ત્રણે ખંડોના અનેક દેશોમાંથી વિદ્વાન પુરુષોએ રંગૂન જઈને કે સંદેશા મોકલીને સહાનુભૂતિ દર્શાવી હતી.

આપણા દેશમાં કપિલવસ્તુ, સારનાથ, બુદ્ધ ગયા, વગેરે સ્થળોએ આ બુદ્ધ જયંતી ઊજવાશે. અનેક મકાનો અને મઠો બાંધવાની યોજના છે. સારા અભ્યાસ માટે જે જે વ્યવસ્થા થશે તે ઉપયોગી નીવડશે તેમાં શંકા નથી. વિશુદ્ધ બૌદ્ધધર્મના સિદ્ધાંતોના પાલનથી મનુષ્યજાતિને ઘણો લાભ થવાનો છે. કિંતુ મારા મત પ્રમાણે કોઈ પણ જૂનો ધર્મ તેના મૂળ સ્વરૂપમાં ફરી સજીવન કરાય એ શક્ય નથી. છેલ્લાં ૨૫૦૦ વર્ષોની અંદર મનુષ્યના માનસનું પુષ્કળ પરિવર્તન થયું છે, તેના જ્ઞાનમાં ઠીક ઠીક વધારો થયો છે. આજે જે વાતાવરણમાં મનુષ્ય જીવે છે તે ૨૫૦૦ વર્ષ પહેલાં જે વાતાવરણ ભારત દેશમાં પ્રવર્તતું હતું તેના કરતાં સારા પ્રમાણમાં બદલાયું છે. ત્યાર પછી બે મોટા ધર્મોએ પોણા જગતમાં જુદા વિચારો ફેલાવ્યા છે. એ બે ધર્મો પણ એશિયામાં જ ઉત્પન્ન થયા હતા, ખ્રિસ્તીધર્મ અને ઇસ્લામ. ૨૫૦૦ વર્ષના ગાળામાં સેંકડો તત્ત્વચિંતકો, ધર્માચાર્યો અને સમાજના ધુરંધરોએ પોતપોતાનાં દૃષ્ટિબિંદુ સમાજની સમક્ષ રજૂ કર્યાં છે. આ બધા મંથનમાંથી પરિણામ શું આવે છે તે હજી જોવાનું રહ્યું.

પણ રંગૂનમાં જે ધર્મયજ્ઞ ઊજવાઈ રહ્યો છે તેને લીધે સારું પરિણામ આવશે એવી આશા રાખવી વ્યર્થ નથી, એ યજ્ઞ તરફ આપણે સહાનુભૂતિ રાખવાની છે.

સાભાર સ્વીકાર

રવાણી પ્રકાશન ગૃહનાં

બુદ્ધ અને શાંતિ : ભા. ત્રીજો. અનુ. જયંતિ દલાલ. પૃ. ૭૩૨. રૂ. ૧૧. **ધરતીની પુત્રી** : કિશનસિંહ ચાવડા. પૃ. ૧૩૬. રૂ. ૨. **સચરાચરમાં** : બકુલ ત્રિપાઠી. પૃ. ૨૨૪ રૂ. ૩ા.

બાલજીવન કાર્યાલય(વડોદરા)નાં

બાળકોનું રામાયણ ભાગ ૧, ૨ : રમણલાલ શાહ. દરેકની કિં. ૧–૨–૦. **અભિમન્યુ** : રમણલાલ શાહ. પૃ. ૬૦. ૦–૮–૦. **સાદીની પ્રસાદી** : લે. ઉપર પ્રમાણે, ભા. ૧, ૨, ૩, ૪. પૃ. દરેકનાં ૬૫. દરેકની કિં. રૂ. ૦–૮–૦. **નીતિકથાઓ** ભા. ૬ : લે. ઉપર પ્રમાણે, પૃ. ૧૨૯. રૂ. ૧–૨–૦.

ગુજરાત સંશોધન મંડળ(મુંબઈ)નાં

મહેસાણા જિલ્લાની આર્થિક-સામાજિક તપાસ : પૃ. ૧૫૫. રૂ. ૩. **કર્ક રોગ** : લે. હરિત્ દેરાસરી. પૃ. ૧૬. **ગુજરાત સાહિત્ય પરિષદ સંમેલન અંક** : પૃ. ૩૩૩.

બીજાં

ગદ્ય સંગ્રહ : સં. ગિરિરાજ કિશોર, અંબાશંકર નાગર, પ્ર. ગુજરાત વિદ્યાપીઠ, પૃ. ૧૩૮. રૂ. ૨–૮–૦. **પ્રજ્ઞાવબોધ** : મોક્ષમાળા. લે. ભગવાનદાસ મ. મહેતા. પ્ર. કંચનબેન ભ. મહેતા. પૃ. ૭૭૩. રૂ. ૨–૮–૦. **આનંદઘનજીનું દિવ્ય જિનમાર્ગદર્શન અને પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા** : લે. ઉપર પ્રમાણે, પ્ર. રતનચંદ મોતીશા. પૃ. ૬૯૩. રૂ. ૧–૮–૦. **अुर्दूची नवरत्नें** : લે. શ્રીપાદ જોશી. આંતરભારતી પ્રકાશન. પૃ. ૧૧૯ રૂ. ૧–૮–૦. **अुर्दूकवितेची तोंडओळख** : લે. શ્રીપાદ જોશી. પૃ. ૯૪. રૂ. ૧–૪–૦. Back to the soil. K. S. Karanth. Harsha Printery & Publications, Puttur S. K. પૃ. ૩૫૮ રૂ. ૬–૦–૦.

(બધાંનું પ્રાપ્તિસ્થાન.: ચેતન પ્રકાશન ગૃહ લિ.).

સોક્રેટીસ અને પ્લેટો : ચંદ્રભાઈ ભટ્ટ. પૃ. ૭૬ કિં. ૧-૪-૦. **ગૌતમ બુદ્ધ** : ચંદ્રભાઈ ભટ્ટ. પૃ. ૮૩ કિં. ૧-૮-૦. **સંત ઈસુ** : ચંદ્રભાઈ ભટ્ટ. પૃ. ૮૩ કિં. ૧-૮-૦. **જુડીઆનો જુડાસ** : ચંદ્રભાઈ ભટ્ટ. પૃ. ૯૨ કિં. ૧-૮-૦.

ગાંડીવ સાહિત્ય મંદિર પ્રકાશિત **છોડ ગઠરિયાં** : ચંદ્રવદન મહેતા. પૃ. ૨૦૬ કિં. ૩-૦-૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૉત્રદામમાં નાતાલ : પૅરિસનો પત્ર

ચુનીલાલ મડિયા

ન્યુ યૉર્કથી નીકળતી વખતે મિત્રો વારંવાર પૂછ્યા કરતા હતા : નાતાલ ક્યાં ગાળશો ? નૂતન વર્ષે કયે સ્થળે હશો ?

પ્રવાસનો કોઈ નિશ્ચિત કાર્યક્રમ નહોતો તેથી હું રાત પડે ત્યાં રાતવાસો જેવી મનોદશામાં મિત્રોને યુદ્ધકાલીન પરિભાષામાં જવાબ આપતો : યુરોપમાં 'કોઈક' સ્થળે. (અને પછી, વ્યવહાર-બુદ્ધિથી ઉમેરતો : તમારે જે કાંઈ ભેટ-સોગાદ અને શુભેચ્છાઓ આપવાની હોય એ હાથોહાથ જ આપી દો, કેમ કે, નાતાલને દિવસે મારું કોઈ નિશ્ચિત ઠામઠેકાણું નહિ હોય.-)

યુરોપનું આ 'કોઈક' સ્થળ, જોગાનજોગ પૅરિસ સાબિત થયું. જો કે, અમેરિકામાં એક અધ્યાપકે તો આગ્રહપૂર્વક કહેલું કે નાતાલને દિવસે રોમ સુધી પહોંચી ન શકાય તો નૉત્રદામના દેવળમાં મધરાતે 'મિડનાઇટ માસ'ની પ્રાર્થના-માં તો હાજર રહેવું જ, કેમ કે, એ એક અમૂલ્ય લહાવો છે.
અને અનાયાસે જ આ લહાવો લેવાઈ ગયો:

પૅરિસ અત્યંત અદ્યતન હોવા ઉપરાંત પ્રાચીન પણ છે. આ શહેરનો પહેલવહેલો ઉલ્લેખ સીઝરકૃત 'કૉમેન્ટરીઝ'માં મળે છે. એ સમયમાં એનું નામ લ્યુતેતીઆ હતું અને ત્યાં પારિસી નામનાં લોકો વસતાં. અહીં રોમન લોકો રાજ કરતાં ત્યારનું ઈસ્વીસનના બીજા કે ત્રીજા શતકમાં બંધાયેલું એરેના દ લ્યુતે નામનું એક ખુલ્લું નાટ્યગૃહ ૧૮૬૯માં હાથ લાગેલું. ૪૨૬ ફૂટ લાંબા આ થિયેટરમાં ૧૬૦૦૦ પ્રેક્ષકો બેસી શકતા. એનો રંગમંચ ૧૩૨ ફૂટ લાંબો હતો. રોમન યુગનું બીજું અવશેષ છે પાલે દ થર્મ પરનાં સ્નાનાગારો. આ સ્થળનું ખોદકામ હજી અધૂરું છે તેથી જાહેર જનતા માટે એ ખુલ્લું નથી મુકાયું. આવાં પ્રાચીન સ્થાપત્યો સાથે અર્વાચીન ઈફેલ ટાવર અને એકવેરિયમ માટે પણ પૅરિસ પ્રખ્યાત છે. છતાં ઑર્લી ફિલ્ડ વિમાનમથકેથી શહેરના મધ્ય ભાગમાં પહોંચતાં સુધીમાં તો આ મોહમયી નગરીની કેવળ કંગાલિયતનું જ દર્શન થયું. રસ્તાઓ સાવ રોનક વિનાના, મકાનો બધાં નિસ્તેજ, બાંધકામોમાં પ્રાચીન કે અર્વાચીન કાર્ય પણ શૈલીનો અભાવ. કાઠિયાવાડમાં યુદ્ધ-સર્જિત શેઠિયાઓ દેશી ડેલી ને 'વિલાયતી' નળિયાંના 'બંગલા'ઓમાં જે વર્ણસંકર વાસ્તુકલા યોજી રહ્યા છે એનું દર્શન પૅરિસ જેવા સંસ્કારી શહેરમાં પણ જોઈને આઘાત લાગ્યો. આરંભમાં જ આવી અવળી છાપ ઊભી કરવામાં આ શહેરનો વાંક નહોતો—ઑર્લી ફિલ્ડ ઍરોડ્રોમે યોજેલા આ પ્રવેશમાર્ગનો વાંક હતો. ઘણા દેશોમાં વિમાન-મથકથી શહેરમાં પહોંચવાના રસ્તાઓ વિદેશીઓને બતાવવા જેવા નથી હોતા. મુંબઈ એનું નમૂનેદાર ઉદાહરણ છે. (કેટલાંક પરિચિતોએ નિખાલસપણે આ ફરિયાદ કરી છે.) મુંબઈમાં પહેલી જ વાર પગ મૂકનાર વિદેશી પ્રવાસીના મગજમાં, ટુરિસ્ટ ગાઇડમાંથી જોયેલાં એલિફન્ટાની ત્રિમૂર્તિ, 'તાજ,' ગેટ-વે કે મરિન ડ્રાઇવનાં દૃશ્યો રમતાં હોય છે. પણ એને સાન્તાક્રુઝમાં ઊતરતાં વાર જ પહેલવહેલું દર્શન વાકોલાનાં અને એ પછી પરાંઓનાં ઝુંપડાંઓનું જ થાય છે. હેરિસ અને ક્લેર નામનાં વૉફોર્ડ દંપતીએ ભારતીય પ્રવાસના એમના પુસ્તક INDIA AFIREમાં આવો એક કરુણ-રમૂજી અનુભવ નોંધ્યો છે. એ તરુણ પ્રવાસીઓ સાન્તાક્રુઝના વિમાનમથકે મધરાત પછી ઊતરેલાં. બસમાં બેસીને શહેરમાં જતાં, રસ્તાની બન્ને બાજુએ ફૂટપાથ પર ખીચોખીચ પડેલાં માનવશરીરો જોઈને એમને થયું કે આટલા બધા માણસોની લાશો કેમ કરતાં ઢળી પડી ? કોઈકે એમને સમજાવ્યું કે આ તો જીવતાજાગતા માણસો ઊંઘી રહ્યા છે !

[સંસ્કૃતિ, ફેબ્રુ. '૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી આરંભિક અવળી છાપ પૅરિસમાં બહુ લાંબો સમય ટકે એમ નથી. ઑપેરા પર પહોંચતાં જ આ મહાનગરના રંગરાગ ને રોનકનો પરચો થઈ જાય છે. શહેરનું ભૌગોલિક કેન્દ્ર તો નૉત્રદામ છે, પણ એનું જ્ઞાનતંતુકેન્દ્ર ઑપેરા છે. અહીં શાંઝ–એલિઝીના રળિયામણા રાજમાર્ગની ભવ્યતા નથી, એનું સૌંદર્ય પણ નથી, છતાં પૅરિસના જીવન-ધબકાર અહીં સાંભળવા મળે છે. મુંબઈની ઝવેરી બજાર જેવી ધમાલ અહીં ચોવીસે કલાક રહ્યા કરે છે. રૂ દ લા પેઈ તો વિશ્વવિખ્યાત ઝવેરીઓનો જ લત્તો છે. (ઝવેરાતને ક્ષેત્રે ગુજરાતીઓ ઝુકાવ્યા વિના શેં રહી શકે? અહીં કેટલાંક ગુજરાતી કુટુંબો તો ત્રણચાર દાયકાથી કાયમી વસવાટ કરે છે અને તેથીસ્તો, મુંબઈ છોડ્યા પછી ઘણે દિવસે સુરતવાળા શ્રી મગનભાઈ શ્રોફને ઘેર બાર–ભજિયાંનું ભાવતું ગુજરાતી ભોજન મળી શક્યું! એમણે સમાચાર આપ્યા કે કતારગામની પાપડીની મોસમ આ વખતે જરા મોડી થાય એમ લાગે છે. ઊંધિયાનો આખેઆખો અવેજ આ સુરતી જીવ વિમાનમાર્ગે મગાવે છે. 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી—' રચતી વેળા ખબરદારને આ વિલક્ષણ 'ગુજરાતીતા'નો ખ્યાલ પણ નહિ હોય.)

અહીંની બહુરંગી જિંદગીની રફતાર જોવી હોય તો કાફે દ લા પારિની બહાર ફૂટપાથ પર ખાવાપીવાને બહાને બેચાર કલાક બેઠા રહેવું. ઘણાંખરાં રેસ્ટોરાં ફૂટપાથ પર ખુરસી-ટેબલો ગોઠવે છે. અહીંની શહેર સુધરાઈ 'રિમુવલ ઑફ એન્ક્રોચમેન્ટ'નું ખાતું નથી નિભાવતી, બલકે, ફૂટપાથ પરનો પથારો અહીંનાં ભોજનગૃહોનું એક આકર્ષણ ગણાય છે. અમારી ધોરાજીની ઇસ્લામી હોટલોની આ લાક્ષણિકતા દુનિયાભરમાં એકમાત્ર પૅરિસમાં જ જોવા મળી તેથી મારા વતનપ્રેમમાં થોડો વધારો થયો. પણ વતનમાં તો સરિયામ રસ્તે ચા પીવા બેસનાર પ્રત્યે ભદ્રવર્ગ 'નીચાજોણી' દૃષ્ટિ નાખે, ત્યારે અહીં તો એ જ જીવનશૈલી છે. યુદ્ધકાળ દરમિયાન પંચાસીમે વર્ષે ફ્રાન્સના વડાપ્રધાન બનનાર માર્શલ પેતાં પણ આ કાફેમાં આવી બેસતા. આ દેશમાં અમીરવર્ગ બહુ મોટો છે—ઇંગ્લૅન્ડ કરતાં વધારે ધનાઢ્ય છે. પણ એના અમીરાતના ખ્યાલો આપણા કરતાં કે ઇંગ્લૅન્ડ કરતાં સાવ નિરાળા જ છે.

આપણે ત્યાં ભાગલા પછી સાંધી હિજરતીઓએ મુંબઈ–અમદાવાદ વગેરેમાં રસ્તાઓ ઉપર ખાનપાનની હાટડીઓ નાખી અને ત્યાં લોકો 'ઊભાંઊભાં' ખાય છે એ દૃશ્ય જોઈને ઘણા શ્રીમંતો સૂગાય છે. પણ અહીં તો ફૂટપાથ પર મઝધારે જ ડગલે ને પગલે રેંકડી જેવા સ્ટૉલ આવ્યાં કરે. એમાં ચૂલા પર સૂકા મેવા ગલેફાતા હોય, 'વઘેરેલાં' નાળિયેરનાં છૂટાં ટોપરાં વેચાતાં હોય કે મગફળીનાં પડીકાં વળાતાં હોય. હમણાં ઑપેરા અને મેદલિન ખુલવાની વચ્ચે ભરચક લત્તામાં આવી એક અમેરિકન 'હૉટ ડૉગ્ઝ'ની દુકાન શરૂ થઈ છે. ત્યાં દુકાનદાર ઊભાઊભ સેન્ડવિચ કરી આપે અને ગ્રાહક પણ ઊભાઊભ એ આરોગી જાય. સીન નદીને કાંઠે તો, આપણી 'શુક્કરવારી'નો ખ્યાલ આપે એવી વાંસ-કંતાનની ખુલ્લી હાટડીઓની સળંગ બજાર જ છે. ત્યાંથી કશું ખરીદવામાં કે ખાવાપીવામાં ફ્રેન્ચ લોકોને નાનમ નથી. આવા સ્વાભાવિક જીવનવ્યવહારમાં જ આ શહેરની રોનક દેખાય છે. ઊભી વાટે, જાહેર સ્થળોમાં, મબલખ મનખા વચ્ચે મધુર પ્રણયગોષ્ઠિ, પ્રગાઢ આલિંગનો અને પ્રલંબ ચુંબનો એ પણ 'ઇન્હીબીશન્સ' (અંતઃસંકોચ) વિનાની આ પ્રજાનો સ્વાભાવિક જીવનવ્યવહાર જ છે. ઇંગ્લૅંડમાં પ્રિન્સેસ માર્ગારેટના પ્રણય-પ્રકરણ ઉપર પડદો પડ્યો એ પહેલાં એ ટાઉન્સેન્ડને મળવા ક્યારે ગયેલી, કેટલા વાગ્યે પાછી આવેલી વગેરે વિગતો સનસનાટી-શૈલીએ છાપીને ત્યાંનાં અખબારો કાગારોળ કરી પડેલાં. અહીં કોઈને કોઈની પડી નથી. અખબારો રાજકારણના જ સમાચારોથી ઊભરાય છે અને એ વિષયમાં ફ્રેન્ચ અખબારો અત્યંત ઉગ્ર છે.

ફ્રેન્ચ પ્રજાને 'રોમેન્ટીક' કહેવાની એક ફૅશન થઈ પડી છે. પણ આ લોકોનો પ્રધાન જીવનરસ પ્રણય નહિ પણ રાજકારણ છે. જરા વિચિત્ર લાગે છે, પણ હકીકત એ છે કે અહીં રચાતાં અને ગવાતાં ગીતોમાંથી ૯૯ ટકા જેટલાંનો વિષય તો રાજકારણનો હોય છે. નેશનલ એસેમ્બ્લી (પાર્લામેન્ટ)માં વિરોધપક્ષો એવા તો માથાભારે હોય છે કે સત્તારૂઢ પક્ષે અહોનિશ અવિશ્વાસની દરખાસ્તનો ભય સેવવો પડે છે. લોહિયાળ ક્રાંતિઓ સર્જનાર અને રાજારાણીને ગિલોટિન પર ચડાવી દેનાર આ રાષ્ટ્રનો એક અદનો માણસ પણ રાજકારણની બાબતમાં એટલો તો સજાગ રહે છે કે દીવાસળીની પેટીમાંથી ચાર કાંડી ઓછી નીકળે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો સરકારને ઊથલાવી નાખે. આ બાબતમાં ફ્રેન્ચ પ્રજાની મથરાવટી જરા મેલી પણ થઈ ગઈ છે. લોકો પગનાં મોજાં બદલે એટલી ઝડપે સરકારને બદલતાં રહે છે એ વાત સાચી, અને એ વાત પણ સાચી કે વરસમાં ઘણા દિવસો અહીં ઉપવાસની જેમ 'સરકાર વિનાના' જ જાય છે. (એક સરકાર ઊડે અને બીજી સરકાર રચાય એ વચ્ચે એકાદબે દિવસના 'ખાડા' પડતા રહે છે.) વિશ્વરાજકારણની કેટલીક અત્યંત મહત્ત્વની ઘટનાઓને દિવસે ફ્રાંસમાં સરકારનું અસ્તિત્વ જ નહોતું. દાખલા તરીકે, ૧૯૩૯માં સૉવિયેટ-જર્મન-કરાર પર સહીઓ થઈ તે દિવસે ફ્રાંસ સરકાર-વિહોણું હતું.

બીજા વિશ્વયુદ્ધ પછી એકવીસ સરકારો ઊડી ગઈ. હવે તો પ્રધાનો પણ આવા ઝડપી પલટાઓથી કંટાળ્યા લાગે છે. છેલ્લી અવિશ્વાસની દરખાસ્તના ભોગ બનનાર વડાપ્રધાન પૉલ ફોરે પોતાનો બંધારણીય અધિકાર વાપરીને પાર્લામેન્ટને છ મહિના વહેલી વીખેરી નાખીને નવી ચૂંટણીઓનો આદેશ આપ્યો. નૂતન વર્ષ ઊજવીને વળતે જ દિવસે ચૂંટણીઓ થઈ તેથી નાતાલનું આખું અઠવાડિયું પૅરિસમાં જાણે કે બેવડા ઉત્સવનું વાતાવરણ જામી રહ્યું. આમ આડે દિવસે પણ પૅરિસ આનંદોલ્લાસમય હોય છે. નાતાલના તહેવારોમાં તો દુનિયા આખીમાંથી પ્રવાસીઓ અહીં ઊતરી પડેલા. દુનિયા આખીને છેલ્લામાં છેલ્લી ફેશનનાં વસ્ત્રાભૂષણો અને અલંકારો પૂરાં પાડનાર આ અલબેલી નગરી વિશેષ અલંકૃતા બની રહી. આ દિવસોમાં મુંબઈથી શ્રી ઉમેદભાઈએ એક પત્રમાં આગાહી કરેલી—Gay Paris will be at its gayest—એ સર્વાંશે સાચી પડી.

ભારતનું પ્રતીક તાજમહાલ છે, ઇજિપ્તનું પિરામિડ છે, અમેરિકાનું સ્ટેચ્યુ ઑફ લિબર્ટી છે, એમ ફ્રાન્સનું પ્રતીક આર્ક દ ત્રાયોમ્ફ છે. શાંઝ-એલિઝીના ઐતિહાસિક રાજમાર્ગ પર નેપોલિયને બંધાવેલી આ વિજયકમાનને નાતાલને દિવસે રોશનીથી શણગારવામાં આવેલી. નેપોલિયન આવાં સ્થાપત્યોનો જબરો શોખીન હશે એમ લાગે છે. ૧૮૧૦માં એ મેરી-લુઈને પરણેલો ત્યારે આ વિજયકમાનનું બાંધકામ હજી અધૂરું હતું, પણ એના કુશળ સ્થપતિએ અપૂર્ણ કમાનો આડે કંગન બાંધીને એને તૈયાર જેવી કરી આપી ત્યારે પ્રભુતામાં પગલાં માંડનાર નેપોલિયને આ કમાન તળે પ્રથમ પગલાં પાડેલાં. કમાનની બહારની દીવાલો ઉપર ફ્રાન્સે મેળવેલા વિવિધ વિજયોનાં દૃશ્યો કોતરવામાં આવ્યાં છે. અંદરની દીવાલો ઉપર અગ્રણી સેનાપતિઓની નામાવલિ છે. એમાં જે સેનાપતિઓએ યુદ્ધ દરમિયાન જાન ખોયેલા એમનાં નામ તળે લીટી કોતરવામાં આવી છે. કમાન તળે, પ્રથમ વિશ્વયુદ્ધમાં ખપી ગયેલા એક અનામી સૈનિકની કબર છે. એ કબર પર આઠેય પહોર અખંડ સ્મૃતિદીપ જલે છે. કહેવાય છે કે શાંઝ-એલિઝીના માર્ગ પરથી કમાન તરફ જોઈએ તો, નેપોલિયનની મૃત્યુતિથિ (૫મી મે)ને દિવસે અસ્તાચળે જતો સૂર્ય આ કમાનના અર્ધવર્તુળમાં બરાબર ગોઠવાઈ જાય છે.

પૅરિસનો પહોળામાં પહોળો અને સુંદર રાજમાર્ગ શાંઝ-એલિઝી છે. એની સાથે કેટલીક ઐતિહાસિક સ્મૃતિઓ પણ સંકળાયેલી છે. એની ફૂટપાથ જ આપણા આખા હૉર્નબી રોડ કરતાં વિશેષ પહોળી છે. એ ફૂટપાથ પર લુઈ ૧૪માએ રચાવેલાં ઉદ્યાનો આજે પણ મોજૂદ છે. કાફે દ આમ્બેસેદ્યોર્સ અને એવાં વિખ્યાત ભોજનગૃહો આ માર્ગ ઉપર છે. આ કાફેમાં જે રાજકીય ગીતો ગવાય એની સીધી અસર રાજતંત્ર ઉપર અને રાજકીય પરિવર્તનો ઉપર થાય છે, એવી એક માન્યતા છે. આ માર્ગ ઉપર વિશેષ ઐતિહાસિક સ્થળ પૅલે એલિઝી છે. પ્રવાસીઓને એમાં પ્રવેશ નથી મળતો, કેમ કે, એ ફ્રાન્સનું 'રાજભવન' (પ્રમુખનું નિવાસસ્થાન) છે. ભૂતકાળમાં આ ભવનમાં મૅમોઝલ દ પામ્પાદો, નેપોલિયન, મુરત (નેપોલિયનની બહેન), ડ્યુક ઑફ વેલિંગ્ટન અને ઝાર ઍલેક્ઝાન્ડર પહેલાએ વાસ કર્યો છે. નેપોલિયને પોતાના ગાદીત્યાગના ખત ઉપર આ ભવનમાં મત્તું મારેલું. ક્રાંતિ વેળા આ રાજમહેલનો ઉપયોગ નૃત્યભવન તરીકે થતો.

શાંઝ-એલિઝીનો રાજમાર્ગ સીધો પ્લાસ દ લા કોંકોર્દમાં જઈ મળે છે. આ દુનિયાનું એક વિશાળ ચોગાન (૮૪૦૦૦ ચોરસ મિટર) છે. પણ એના વિશેષનામ કોંકોર્દમાં એક પ્રકારનો વિધિવ્યંગ લાગે છે, કેમ કે, આ સ્થળે અશાંતિ અને ઉલ્કાપાતો જ સરજાયા છે. ક્રાંતિના દિવસોમાં આ ચોગાનમાં ગિલેટિન ગોઠવાયેલી અને એના ઉપર રાજા લુઈ ૧૬માને અને રાણી મેરી આંતવાને તને ગારદ કરવામાં આવેલાં. અહીં રાજાના ભત્રીજા ડ્યુક ઑફ ઑર્લિયાં અને ડૅન્ટન તથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોબેસ્પીઅર જેવા ક્રાંતિકારીઓ સમેત લગભગ ત્રણ હજાર માણસોના શિરચ્છેદ થયેલા અને છેલ્લેછેલ્લે, ૧૯૪૪ના ઑગસ્ટમાં નાઝીઓએ છેલ્લી જર્મન ટુકડીની શરણાગતિ સ્વીકાર્યા પછી આ ચોગાનમાં જનરલ દ ગોલ વિજયપ્રવચન કરતા હતા ત્યારે આજુબાજુની ઇમારતોમાં છુપાઈ રહેલા જર્મનોએ વિશાળ જનમેદની ઉપર ગોળીબાર કરીને ઘણા માણસોને મારી નાખેલા.

આ મેદાનમાંથી ઈફેલ ટાવરની ટોચ દેખાય છે. બાસ્તીલ તુરંગ તૂટવાની પ્રથમ જયંતી જ્યાં ઉજવાયેલી (જુલાઈ ૧૪, ૧૭૯૦) એ ઐતિહાસિક સ્થળ શાંઝ-દ-મારના પ્રાંગણમાં ઇજનેર ઈફેલે આ ટાવર ૧૮૮૯ના આંતરરાષ્ટ્રીય પ્રદર્શન પ્રસંગે બાંધેલો. એમાં પહેલવહેલું પદાર્પણ ઇંગ્લૅન્ડના રાજા સાતમા એડવર્ડે (પાટવી તરીકે) કરેલું. પછી તો દુનિયાભરમાંથી એટલા બધા પ્રવાસીઓ આ જોવા આવેલા કે એમની પ્રવેશ-ફીમાંથી બે જ વર્ષમાં આ બાંધકામનું બધું ખર્ચ વસૂલ થઈ ગયેલું. (પૅરિસમાં લુવ્ર મ્યુઝિયમથી માંડીને વર્સાઈના રાજમહેલ સુધી બધાં જ જાહેર સ્થળોએ પ્રવેશ-ફી ભરવી પડે છે.) ફ્રાન્સ અને પોર્ટુગલમાં રેલવેના મોટામોટા પુલો બાંધનાર ગસ્તાવ ઇફેલે લોખંડ અને પોલાદની ગુંજાશનો પરચો આપવા માટે આ સ્થાપત્ય રચ્યું ત્યારે ભવિષ્યમાં એના શા શા ઉપયોગ થશે એની કલ્પના પણ એ ઇજનેરને નહિ આવી હોય. આજે ઍટલૅંટિક ઓળંગનાર જહાજોને અહીંના બ્રોડકાસ્ટીંગ સ્ટેશન પરથી સમય જણાવાય છે. વિમાનો માટે એ 'દીવાદાંડી'નું કામ કરે છે. ટેલિવિઝનના આગમન પછી, ન્યુયૉર્કના એમ્પાયર બિલ્ડીંગની જેમ અહીં પણ ટેલિવિઝન ટ્રાન્સમિટરો ચડાવાયાં છે. હવામાનની આગાહી મળે તો એનો ઉપયોગ થાય જ છે. ૯૮૪ ફૂટ ઊંચું આ ટગડળિયું દર સાત વરસે રંગવું પડે છે ત્યારે જરા મુશ્કેલી પડે છે, કેમ કે, એના ચાર પાયાનો પથારો ૪૨૦ ચોરસ ફૂટ જેટલો હોવા છતાં પવનના જોરદાર ઝાપટ આવે ત્યારે એ દોલાયમાન થતો હોવાથી એના પર્પેન્ડીક્યુલરમાંથી ચાર ફૂટ જેટલો ચલિત થઈ જાય છે.

નૂતન વર્ષને બીજે દિવસે કાફે દ લા પેંનાના પ્રાંગણમાં બેસીને સવારનાં દૈનિકો ઊથલાવતાં સમાચાર વાંચ્યા કે આગલે દિવસે ઈફેલ ટાવરમાં આગ લાગેલી અને બે કલાકે એ બુઝાયેલી! કુતૂહલ હાથ ન રહ્યું. ફરી વાર જોવા દોડ્યો. ટેલિવિઝનનાં ટ્રાન્સમિટરમાં શૉર્ટ સર્કીટ થવાથી આગ લાગેલી. ટ્રાન્સમિટર બળી ગયાં, પણ જેના બાંધકામમાં પંદર હજાર બીમ અને પચીસ લાખ રિવેટ-બોલ્ટનું 'નૈનં દહતિ પાવક' એવું નર્યું ૭,૦૦૦ ટન પોલાદ જ વપરાયું છે, એને આગથી તો ઊની આંચ પણ શાની આવે? એ ઊભો ઇફેલ હજીય એવો ને એવો અડીખમ!

પૅરિસમાં ઈફેલની સરસાઈ કરી શકે એવું એક પણ સ્કાયસ્ક્રેપર નથી અને એ સર્વથા યોગ્ય જ છે. અહીંનાં ગૉથિક, રેનેસાં અને રેસ્ટોરેશન યુગોનાં અતિ વિભૂષિત અને અતિ અલંકૃત (રોકોકો) સ્થાપત્યો વચ્ચે નવસ્ત્રા ઊભા વાંસ જેવી એ ઇમારતોનો મેળ બેસી શકે એમ નથી. સિગારેટની ઊભી ડબીના આકારનું 'યુનો'નું સચિવાલય મનહટનની ઇસ્ટ રિવરને કાંઠે બંધાયું એ યોગ્ય જ થયું છે. અહીંના વાતાવરણમાં એ બહુ વરવું લાગત. પૅરિસનાં તો જૂનાં થિયેટરો પણ કેટલાં બધાં અલંકૃત છે! દૂરથી જોતાં તો એ આલિશાન રાજમહાલયો જ લાગે. થિયેટર ઑદિયાં જુઓ કે મૉલિયરનું કોમેદી ફ્રાંઝે જુઓ તો એના મોરા પણ સુશોભન શિલ્પ વડે લદબદ લાગે. 'ઑપેરા'-ની ઇમારત તો પ્રમાણમાં અર્વાચીન છે છતાં ઓગણીસમી સદીનું આ બાંધકામ શહેરની સૌષ્ઠવપ્રિય સ્થાપત્યશૈલી સાથે સરસ મેળ સાધે છે. લગભગ ત્રણ એકરના પટમાં પથરાયેલ આ નાટકશાળામાં બેઠકો તો બે હજાર જ છે, પણ વિસ્તારમાં એ દુનિયાનું મોટામાં મોટું ઑપેરા હાઉસ છે. એની યોજના માટે લગભગ ૧૭૫ વિવિધ રૂપરેખાઓ અને નકશાઓ રજૂ થયેલા એમાંથી શાર્લ ગાર્નીઅર નામના પાંત્રીસ વર્ષની વયના સ્થપતિની યોજના મંજૂર થયેલી. આ સ્થાપત્યના સર્જકનું પૂતળું પણ વ્યાજબી રીતે જ, અહીં મૂકવામાં આવ્યું છે. છ મજલા જમીનની ઉપર અને બીજા છ ભૂગર્ભમાં ધરાવનાર બાર મજલાવાળો આ રંગમંડપ દૂરથી જોતાં પણ જાજરમાન લાગે છે. ત્રણ ત્રણ માળ સુધી તો એના 'ફેકાદ'નું શિલ્પ વિસ્તરે છે. એમાં નૃત્ય, સંગીત અને કાવ્યની સંજ્ઞાઓ કોતરી છે. ખુદ તખ્તો ૨૦૦ ફૂટ ઊંચો અને ૧૦૦ ફૂટ ઊંડો છે. એની ઉપર એકીસાથે પાંચસો કલાકારો કામ કરી શકે એટલી મોકળાશ છે.

કોમેદી ફ્રાંઝેનો રંગમંડપ ઑપેરા જેટલો ભવ્ય નથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગતો, પણ એનું ઐતિહાસિક મહત્ત્વ ઑપેરા કરતાં વિશેષ છે. એક નટમંડળ તરીકે કૉમેદી ફ્રાંઝે સંસ્થાની સ્થાપના મોલિયર સાથે સંકળાયેલી છે. પછી નેપોલિયને એ સંસ્થાને રાષ્ટ્રીય રંગભૂમિનો દરજ્જો આપેલો. ખુદ થિયેટર ૧૮મી સદીની આખરમાં બંધાયેલું. એમાં મૉલિયર, રાસિન વગેરે નાટ્યકારોનાં પૂતળાં મુકાયાં છે. મોલિયરના કેટલાક જીવન-પ્રસંગોની ચિત્રકૃતિઓ પણ છે. ફ્રાંસનું થિયેટર સેન્ટર એક પ્રશસ્ય પ્રવૃત્તિ કરે છે. વિદેશોના મુલાકાતી નાટકકારો તથા અભિનેતાઓને એ પૅરિસનાં થિયેટરોમાં આમંત્રે છે. મને તો આ યોજનાની ખબર પણ નહિ. હું તો મારી મેળે નાટકો જોતો હતો, એવામાં 'યુનેસ્કો'ની ઇન્ટરનેશનલ થિયેટર ઇન્સ્ટીટયૂટે 'સેન્ત્ર ફ્રાંઝે દ થિયેત્ર'ના સંચાલક શ્રી પૉલ–લુઈ મિગ્યોનને મારા આગમનના સમાચાર આપ્યા. એમણે મને પૂછ્યું: તમારે કયા પ્રકારનાં નાટકો જોવાં છે?—કલાસિકલ કે બિન-કલાસિકલ? (અહીં નાટકોનું આ વર્ગીકરણ બહુ પ્રચલિત છે. દૈનિકોમાં રોજેરોજનાં નાટકોની યાદી પણ આ બે શીર્ષકો તળે અલગઅલગ છપાય છે.) મારે તો રાત થોડી ને 'વેશ' ઝાઝા જેવું હતું—અને લંડનમાં શેક્સ્પિયર જોયા પછી અહીંના 'શેક્સ્પિયર'ને જોવો હતો—તેથી મેં મૉલિયર ઉપર પસંદગી ઉતારી.

અને એ યોગ્ય જ થયું. મૉલિયરસ્થાપિત રંગભૂમિમાં મોલિયરનાં નાટકો જોવાની તક મળી. કૉમેદી ફ્રાંઝેમાં ૧૯૫૫-૫૬ની મોસમ માટે નવ નાટકો વારાફરતી ભજવાય છે. એમાં મોલિયર ઉપરાંત મારિવો, પૉલ કલોદેલ, બોમારશે, બાન્દ્ર મૉર્વાં, રાસિન ('એથેલી') અને કૉર્નાઈ ('લા મોર્ન દ પૉમ્પી')નાં નાટકો છે. કૉમેદી ફ્રાંઝેમાં મારા જેવા 'ખુદાબખશો' બહુ આવતા હશે એમ લાગ્યું. યુનેસ્કોની નાટ્યસંસ્થાની કચેરી પૅરિસમાં હોવાથી પણ મલકમલકના માણસો અહીંથી પસાર થતા હશે, પણ આપણે ત્યાં પત્રકારો કે કૉમ્પ્લીમેન્ટરી પાસવાળાઓને થિયેટરના ખૂણાખાંચામાં કે આડે થાંભલો આવતો હોય એવી 'ન–ખપતી' ખુરશીમાં પધરાવાય છે, ત્યારે અહીં નોખરાની પહેલી હરોળ આખેઆખી મહેમાનો માટે ખાલી રખાય છે. (આ તરફ, પહેલી હરોળમાં આપણી જેમ 'શેઠ' લોકોનો ત્રાસ નહિને, તેથી.) જો કે, એ આખી હરોળમાં અમે રોકડા ત્રણ 'આમંત્રિતો' તે દિવસે બેઠેલા. હું, ઇઝરાયેલના એક અભિનેતા અને હોલૅન્ડથી અહીં નાટ્યકલાનો અભ્યાસ કરવા આવેલા એક વિદ્યાર્થી.

સદ્ભાગ્યે, અમારું ત્રણેયનું, ફ્રેન્ચ ભાષાનું જ્ઞાન ઊંડા સુધીનું જ. અમે એકબીજાના દુભાષિયા તરીકે કામ કરીને ગાડું ગબડાવ્યું. લંડનમાં, ટુરિસ્ટો માટે તૈયાર કરાયેલી એક ખાસ ફ્રેન્ચ શિક્ષણપોથીમાંથી મેં વ્યાકરણ જાણ્યા વિના કેટલાંક ફ્રેન્ચ વાકયો ગોખી રાખેલાં. પણ એ તો, ટૅકસી-ડ્રાઇવર કે વેઈટર સાથે કામ પાડવામાં ઉપયોગી થાય એવાં. મૉલિયરના સંવાદો સમજવામાં એ થોડાં સહાય કરે? બે નાટકો ભજવાતાં હતાં: ઇન્ટર્વલ પહેલાં નાનકડું પ્રહસન 'લેકોલ દ મારી' (સ્કૂલ ફૉર હસ્બન્ડ્ઝ) અને ઇન્ટર્વલ પછી લાંબું સંગીત-નૃત્ય-નાટક 'લા આમાન્ત મૅગ્નિફિક' (મૅગ્નિફિસન્ટ લવર્સ). આરંભમાં જરા અઘરું લાગ્યું, પણ જ્યાં આંગિક અભિનય ઉત્કૃષ્ટ કોટિનો હોય ત્યાં વાચિક સહાયની શી જરૂર? કોઈ કોઈ સંવાદો વેળા ફ્રેન્ચ પ્રેક્ષકો ખડખડાટ હસી પડે ત્યારે અમારી ત્રિપુટી બાઘાની જેમ એકબીજા સામે તાકી રહે પણ નાટકનું કથાવહેણ તો સમજાતું જ રહે.

'મૅગ્નિફિસન્ટ લવર્સ' પહેલવહેલું ૧૬૭૦માં ભજવાયેલું ત્યારે એના 'પ્રિમિયર શો'માં રાજા લુઈ ૧૪માએ હાજરી આપેલી. (રાજા અને મૉલિયરના મિલનની એક સરસ ચિત્રકૃતિ આ થિયેટરની ગેલેરીમાં સાચવી રાખી છે.) આ ઊર્મિવત્ સંગીતનાટકની આખી સફળતા એના કોરિયોગ્રાફરની સ્વરબાંધણી ઉપર અવલંબે છે અને એમાં કેટલો પરિશ્રમ પડે છે એ, અમે આગલી હરોળમાં હોવાથી પ્રત્યક્ષ જોવા મળ્યું. તખ્તા તળેના ભોંયરામાં ચાલીસેક વાદકો પોતપોતાનાં વાદ્યો સાથે છુપાયેલા. એકમાત્ર કન્ડકટરનું ડોકું જરા બહાર દેખાય, જેથી એ તખ્તા પરની હલચલ જોઈ શકે. એના હાથમાંની ટચુકડી લાકડી 'ઇલમ કી લકડી' જેવું જ કામ કરતી લાગી. એની સંજ્ઞાત્મક સૂચનાઓમાં જરાક ફેર પડે તો તખ્તા પરના નર્તકો ગોથું ખાઈ જાય. અને નર્તકો પણ કેટલા? રીંછ, વાઘ, શિયાળ, સસલાં અને વનરાજ સહિત આખી વનસૃષ્ટિનાં પાત્રો મહોરાં પહેરીપહેરીને તખ્તા પર ત્રીસ ત્રીસની સંખ્યામાં એકીસાથે નાચે. પણ આખીય ક્રિયા ચાવી આપેલા ઘડિયાળ જેટલી ચોકસાઈથી ચાલે અને એનાં સીનસીનરી? અરધી મિનિટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંધારું થાય અને વનસૃષ્ટિનું દૃશ્ય રાજમહાલયમાં પલટાઈ જાય. કોઈ કોઈ વાર તો ચાલુ પ્રકાશમાં જ તખ્તા પરની દૃશ્યસજાવટ દોરડાં વડે આખેઆખી છત તરફ ખેંચાઈ જાય અને જાણે કે પાતાળમાંથી નવાં દૃશ્યો ઊપસી આવે. આ બધી રંગલીલા નિહાળતી વેળા મને થયું કે આપણી ભાંગવાડીની 'ટ્રિક સીન'ની કરામતો નવા તખ્તાએ છેક ઉવેખવા જેવી નથી! આ નાટક જોવાથી બીજો પણ એક લાભ થયો. મોલિયર વિશે મારા મનમાં જરા વિચિત્ર પૂર્વગ્રહ હતો. એને હું 'તાર્તુફ' અને અત્રે-અનુદિત 'મખ્ખીચૂસ' ('માઈઝર')ના લેખક તરીકે, સરતી કોટિનાં પ્રહસનો લખનાર જ ગણતો હતો. સારું થયું કે 'મૅગ્નિફિસન્ટ લવર્સ' જેવું એનું કાવ્યપ્રધાન નાટક જોવા મળ્યું.

આ 'ક્લાસિકલ' નાટકોની સામી પડ છે, છેક છેલ્લી પાટ પર બેસે એવાં બે 'સરરિયલિસ્ટીક' નાટકો જોયાં. મને ખબર નહિ કે મારા રહેઠાણની સાવ નજીકમાં જ, આપણી ફાર્બસ સભાના હોલ કરતાંય નાનકડી જગ્યામાં એક અર્વાચીન ફ્રેન્ચ નાટ્યકારનાં અતિ પ્રયોગશીલ નાટકો ભજવાય છે. એની જાણ પણ જરા વિચિત્ર રીતે થઈ. ન્યુ હેવનમાં હતો ત્યારે ભાઈ પ્રબોધ પંડિતે ભારપૂર્વક કહી રાખેલું—અને એ પછી એક પત્રમાં પણ એમણે ફરી વાર સૂચવેલું કે પૅરિસનું બુદ્ધિધન જોવું હોય તો લૅટિન ક્વાર્ટર્સમાં જ રહેવું. મારે માટે તો આ સૂચન બહુ મનભાવતું થઈ પડ્યું. ચારેય દિશાએ મોટામોટા ગ્રંથાગારો અને તરવરિયા વિદ્યાર્થીઓ. પણ વિશેષ તો, સીન નદી ને નોત્રદામ બે ડગલાં જ દૂર અને નોત્રદામની સામે જ, જૂનાં-નવાં અંગ્રેજી પુસ્તકોની એક જબરજસ્ત દુકાન. એનો માલિક, ચોપડીઓનો ગજબનો ઘાયલ જીવ. ચોપડીઓનું વેચાણ કે 'વેપલો' કરવાને બદલે જૂનીજૂની, અસલી, દુર્લભ ચીજો ખરીદવામાં જ એને વધારે રસ. હું પહેલી વાર દુકાનમાં પ્રવેશ્યો ત્યારે મારા હાથમાં બેત્રણ પુસ્તકો હતાં તે એ જોઈને, પોતાનો માલ વેચવાને બદલે મારી ચોપડીઓ ખરીદી લેવા જ એ તો પ્રવૃત્ત થઈ ગયો. મેં કહ્યું કે મારે નાટકોની ચોપડીઓ જોવી છે, ત્યારે મને એણે બારસા બે ઘોડા સોંપી દીધા. એક અંગ્રેજ નાટ્યવિવેચકની આખેઆખી જૂની લાયબ્રેરી જ વેચવા આવેલી. ઘણી ખરી તો અવલોકન માટેની જ નકલો, કેટલીક, ગ્રંથાકારે કાચી બાંધણીવાળાં ગેલી-પ્રૂફના જ રૂપમાં. કોઈ કોઈ તો ઍક્ટીંગ-સ્ક્રિપ્ટ તરીકે વપરાયેલી, અહીંતહીં છેકછાક, ઉમેરા ને ભજવણી-સૂચનોવાળી. સૅમ્યુઅલ-ફ્રેન્ચવાળી ઍક્ટીંગ ઍડિશન તો ગાંસડામોઢે પડેલી. આજે તો એમાંની ઘણી એ મૂળ પ્રકાશકોને ત્યાંથી પણ નથી મળતી (એની ન્યુ યૉર્કની અને લંડનની બન્ને દુકાનો હું અગાઉ ફેંદી વળેલો.) પણ અહીં એ સહુથી વિશેષ આકર્ષણ તો, બ્રિટિશ કે અમેરિકન નાટ્યકારો કરતાં યુરોપિયન—સ્લાવ વગેરે દેશોના—લેખકોની કૃતિઓનું હતું. આપણે મુંબઈમાં આવા લેખકોની કૃતિઓ બહુ ઓછી હાથ આવે છે. હું તો અકરાંતિયાની જેમ તૂટી જ પડ્યો. બન્ને હાથે, લૂંટાય એટલી લૂંટ ચલાવી, આ ચૂંટણી પણ પૂરા બે દિવસ સુધી ચાલી. ત્રીજે દિવસે અમે બન્નેએ જાતમહેનતે પાર્સલો બાંધ્યાં ને મુંબઈનાં સરનામાં કર્યાં ત્યારે એ થોડી વાર તો મારી સામે જોઈ જ રહ્યો. પછી પૂછ્યું: 'મુંબઈમાં અલ્કાઝીને ઓળખો છો?' મેં કહ્યું: 'એના થિયેટર યુનિટમાં જ હું કામ કરું છું,' ત્યારે એણે હસતાં હસતાં ઉમેર્યું, 'આ પુસ્તકો મેં એને માટે રાખેલાં.' આવી એક જ ગામની, એક જ દેશની ઓળખાણો નીકળતાં કોઈ વાર ગેરલાભ પણ થાય છે. પૅરિસથી પાછાં વળતાં રોમમાં શિલ્પકૃતિઓ અને ધાતુપ્રતિમાઓની એક દુકાનમાંથી કવિ ડેન્ટિના બ્રૉન્ઝ (મૂળ નેપલ્સમાંની શિલ્પાકૃતિની નાના કદની રેપ્લિકા કાંસ્યપ્રતિમા)ની ખરીદી કરી ત્યારે સ્ટર્લિંગ ચેક પર સહી કરતી વખતે ઓળખ-ખાતરી માટે મેં પાસપોર્ટ બતાવ્યો એ જોઈને માલિકની આંખ ચમકી ઊઠી. હું પણ ભારતમાંથી આવું છું, એવી જાણ થતાં એણે તો વેચાણનોંધનો ચોપડો ઉથલાવીને એમાંથી કોઈક બિરલાનું ખાતું કાઢીને પૂછ્યું: 'આને ઓળખો છો?' મેં રાષ્ટ્રની શાન જાળવવા ખાતર કહ્યું: 'નામ સાંભળ્યું છે.' આટલા ઉપરથી, એ તો મને વળગ્યા જ. બિરલાએ અહીંથી જે જે ચીજો ખરીદેલી એ બધી મારે પણ લઈ જ જવી જોઈએ એવો આગ્રહ કર્યો. લુવ્ર મ્યુઝિયમમાં જોયેલી વિનસની પૂર્ણ કદની અનુકૃતિ, પેલા 'થ્રી કૉઈન્સ ઇન એ ફાઉન્ટન'ની યાદ આપે એવા મોટા મોટા આરસના ફુવારા વગેરે બધું—દસવીસ હજાર રૂપિયામાં જ—ઊંચકી જવાનો આગ્રહ કર્યો. ભલો આદમી મને પણ બિરલા જેવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ કરોડપતિ માની બેઠેલો તેથી એનો ભ્રમ ભાગવા મારા હાથમાંની ડેન્ટિની પ્રતિમા બતાવીને કહ્યું : 'મારો ધંધો તો આ માણસના જેવો છે–અને આર્થિક સ્થિતિ પણ.' છતાં એને ગળે વાત ઊતરી હોય એમ લાગ્યું નહિ. આપણે ત્યાંથી કેવળ આનંદપર્યટનાર્થે–કે પછી છેલ્લામાં છેલ્લી ફેશન પ્રમાણે 'ધંધાના વિકાસ અર્થે'–વિદેશોમાં રખડનાર માણસોએ આપણા જેવાઓ માટે બહુ અડચણો ઊભી કરી છે.

નૉત્રદામનું આ ગ્રંથાગાર પછી તો કાયમી બેઠક જેવું બની ગયું. લૅટિન કવાર્ટર્સની બોહિમીઅન જીવનશૈલીની અસરમાંથી આ દુકાનનો માલિક પણ મુક્ત નહોતો. દુકાનનીવચ્ચે જ, પુસ્તકોના બે ઘોડાની વચ્ચે એણે ચૂલો માંડેલો. એ જ એનું રસોડું ને એ જ એનું ભોજનગૃહ, અને એ રસોડું પણ આ દુકાન જેટલું જ સાર્વજનિક. જે ગ્રાહકને ભૂખ લાગે એ આ ચૂલે જે કાંઈ રંધાતું હોય એ ખાવા બેસી જાય. અને એ ગ્રાહકોમાં પણ કેવા? અધ્યાપન, લેખન અને કલાક્ષેત્રનાં એકેકથી ચડિયાતાં ને ખ્યાતનામ હુકમનાં પાનાં. નાતાલના દિવસો હોવાથી અહીં અભિનંદનનાં કાર્ડ વેચાતાં હતાં. પણ આ બોહિમીઅન બુદ્ધિધનો જથ્થોત્પાદિત છાપેલાં કાર્ડ થોડાં વાપરે? મૂળ ચિત્રકૃતિઓની જ ખરીદી થાય. ખરી ઘરાકી જ રાતના નવદસ પછી જામે. દુકાન બપોર પછી જ ઊઘડે ને રાતે બારએક વાગ્યા સુધી ખુલ્લી રહે. વિદ્યાર્થીઓ, અધ્યાપકો, લેખકો, ચિત્રકારો વગેરે શ્રમજીવીઓ માટે આદર્શ સમય. માલિક પોતે વાચનરસથી એવો તો રંગાયેલો કે મુંબઈના પેલા સ્ટ્રૅન્ડ સિનેમાવાળા બૂકસેલરની જેમ ઘણી ચોપડીઓ તો 'ચાખીચાખીને' જ ગ્રાહકોને ભલામણ કરે. આ દિવસોમાં, કોણ જાણે કેમ, મને બીજા વિશ્વયુદ્ધના ગાળાની ફ્રાન્સની તવારીખ વાંચવાનો નાદ લાગેલો. કોઈ ઐતિહાસિક ઇમારત કે વિખ્યાત દેવળ પાસેથી પસાર થતાં જ યાદ આવતું કે આ સ્થળો ઉપર ચચ્ચાર વર્ષ સુધી નાઝીઓના ઓછાયા પડયા છે અને તુરત પ્રશ્ન ઊઠતા : આમ કેમ બન્યું? એક વેળાની આ મહાસત્તા વિશ્વયુદ્ધમાં ટકી કેમ ન શકી? દુનિયાના આ સાંસ્કૃતિક પાટનગરને સિડાનની પીછેહઠ પછી તુરત જ કેમ શરણાગતિ સ્વીકારવી પડી? આનાં કારણોનું પૃથક્કરણ કરતું સાહિત્ય ફ્રેન્ચ ભાષામાં તો પુષ્કળ પ્રગટ થયું છે. એના અંગ્રેજી અનુવાદો જેટલા સુલભ હતા એટલા વાંચવા માંડયા. તહકૂબી કરાવનાર માર્શલ પેતાંએ અપ્રામાણિકતા આચરેલી? વિચી સરકારમાં લાવાલે ખરેખર ખુટામણ કરેલું? આ વિશે કેટલાક અત્યંત માહિતગાર ફ્રેન્ચ પત્રકારોનાં પુસ્તકો, દસ્તાવેજી પુરાવાઓ સાથે રોમાંચક વાચન પૂરું પાડે છે. આવું એક પુસ્તક આ ગ્રંથાગારમાં જોયું એટલે મેં એના માલિકને પૂછ્યું : "આ વાંચવા જેવું છે?" એણે જવાબમાં ખેદ દર્શાવ્યો: 'હું એક રાતમાં બે જ પુસ્તકો વાંચી શકું છું, તેથી આ પુસ્તક હજી વાંચી શક્યો નથી, અને તમને એની ભલામણ કરી શકતો નથી.' આ ઉપરથી આપણા એક ગુજરાતી બૂકસેલર યાદ આવી ગયા. એમણે એક લેખકનાં પચાસસાઠ પુસ્તકો પ્રગટ કર્યાં છે, પણ એમાંનું એકેય વાંચ્યું નથી.

આ દુકાનમાં નાતાલના દિવસોની સાંજે મિજબાની ચાલી રહી હતી, એમાં બેટી નામનાં એક ઑસ્ટ્રેલિયન યુવતી આવી ચડયાં. એમના પતિ એક ચિત્રકાર છે અને હાલ એ મુંબઈમાં છે અને હું પણ થોડા દિવસમાં મુંબઈ જવાનો છું એ ઉપરથી બૂકસેલરે અમારી ઓળખાણ કરાવી. મુંબઈના 'થિયેટર યુનિટ'ની પ્રવૃત્તિઓનો એમને ખ્યાલ હતો. હું નાટકો જોવામાં રસ ધરાઉં છું, એ જાણીને એમણે 'સુરરિયલિસ્ટ' નાટકોમાં જવાનો પ્રસ્તાવ મૂક્યો. નૉત્રદામની નજીકમાં જ, એક સાવ જૂનવાણી લત્તાની સાવ અજાણી ગલીમાં એ નાટકો ભજવાતાં હતાં. એને થિયેટરને બદલે એક લાંબો ઓરડો જ કહેવો જોઈએ—મુંબઈની 'ડબલ-જોટા' ઓરડી જેટલી જ જગ્યા. બેઠકો એટલી તો હાંસોહાંસ કે ગૂંગળામણ જ થાય. ઉનેસ્કો નામના એક નવીન ફ્રેન્ચ નાટયકારનાં બે નાટકો ભજવાતાં હતાં. નાટકો પ્રયોગાત્મક ઉપરાંત પ્રતીકાત્મક હોવાથી એનો અભિનય આપણા ભરતનાટચમ્‌ની જેમ અત્યંત શૈલીબદ્ધ. સુરરિયલિઝમનો જેને મહાવરો ન હોય એને તો આવી વસ્તુ વાહિયાત જેવી પણ લાગે.

પૅરિસમાં 'ઑપેરા' જેવા જબરજસ્ત થિયેટરની સાથે આવી ખોબા જેવડી જગ્યાએ પણ રંગદેવતાનો દીપક ટમટમતો રહે છે.

[ક્રમશઃ]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણો ખાંડ ઉદ્યોગ

નરસિંહ મૃ. શાહ

શેરડી અને તેના રસમાંથી બનાવેલ ચીજો જૂના કાળથી હિંદમાં જાણીતી છે. દુનિયાની તવારીખમાં શેરડીનો ઉલ્લેખ આશરે ઈ. સ. પૂર્વે ૧૦૦૦–૫૦૦૦ના અરસામાં લખાયેલ અથર્વવેદ જેવા પ્રાચીન પુસ્તકમાંથી મળી આવે છે. આ ઉપરાંત શેરડી અંગે અનેક ઉલ્લેખો, દંતકથાઓ અને લોકકથાઓ પણ આપણા દેશમાં જૂના કાળથી સર્વત્ર પ્રચલિત અને જનતામાં ખૂબ જાણીતી છે. શેરડી અને તેની પ્રત્યેક ચીજને દવા તરીકે પણ સારું સ્થાન મળેલું છે એમ આર્યભિષકમાં ઘણા ઉલ્લેખો મળી આવે છે. વૈદકીય દૃષ્ટિએ નવા ગોળ કરતાં જૂનો ગોળ વિશેષ પસંદગી પામે છે. સોમલ, તાંબું અને પારાના ઝેર સામે ખાંડ એક સફળ ઉપાય તરીકે વપરાય છે. આથી સ્પષ્ટ થાય છે કે પ્રાચીન ભારતમાં શેરડી સંબંધી જ્ઞાન સર્વત્ર સામાન્ય હોવું જોઈએ. પરંતુ આપણા દેશમાં શેરડી કેવી રીતે અને કોણે દાખલ કરી વગેરે પરત્વે સંકલિત માહિતી પ્રાપ્ય નથી.

વનસ્પતિશાસ્ત્રીઓ શેરડીને એક જાતનું ઘાસ ગણે છે. તેનું લેટિન નામ 'સેકેરમ્ ઑફિસીનેરમ્' છે. શેરડી સાત જાતની થાય છે. શેરડીનો સાંઠો શેરડીનું મુખ્ય અંગ છે. સાંઠા ઉપર ઘણા સાંધા હોય છે, જેને 'ગાંઠ' કહેવામાં આવે છે. છાલની ઉપરની સપાટી પર અણિયો પદાર્થ હોય છે. દરેક ગાંઠ આગળ વારાફરતી પાન નીચે 'આંખ' હોય છે; આ આંખ વાવવાથી શેરડી ઊગે છે. સર્વસામાન્ય માન્યતા છે કે શેરડીને બી થતાં નથી. પુષ્કળ સંશોધનને પરિણામે એમ માલૂમ પડ્યું છે કે શેરડીને બી થાય છે, જેને કાળજીપૂર્વક એકઠાં કરી વાવવાથી દશેક દિવસ પછી ફૂટતાં માલૂમ પડે છે—જો કે શેરડીનું વાવેતર આ રીતે થતું નથી.

શેરડીની માફક ખાંડનો સૌ પ્રથમ ઉલ્લેખ બૌદ્ધોના ગ્રંથ પ્રતિમોક્ષમાં મળી આવે છે. બુદ્ધ ભગવાનની હયાતી દરમિયાન એટલે કે ઈ. સ. પૂર્વે છઠ્ઠા સૈકામાં આ ગ્રંથ રચાયો હતો. રોજિંદા ઉપયોગની સામાન્ય ચીજ તરીકે તેમાં ખાંડનું નિરૂપણ કરેલું છે.

શેરડીને પીલીને કાઢેલ રસને ઉકાળીને ગોળ બનાવવાનું જ્ઞાન આપણા દેશનાં લોકોને હતું એમ લાગે છે. આ કામ ગંગાખીણના વાસીઓ કરતા. વખત જતાં ખાંડ બનાવવાની રીત ખીલવવામાં આવી હતી. રસને અમુક સમય સુધી પ્રમાણસર ઉકાળીને રાખી મૂકવામાં આવતો: ખાંડના સ્ફટિકો છૂટા પડ્યા પછી તેમાંથી બાકીનું દ્રાવણ નિતારી લઈ સ્ફટિકોને દૂધ વડે શુદ્ધ કરી ખાંડ તૈયાર કરવામાં આવતી.

આ તો થઈ પ્રાચીન કાળની વાત. હવે આપણે જરા નજીકના ભૂતકાળમાં ડોકિયું કરીએ. ઈ. સ. ૧૬૦૦માં હિંદ સાથે વેપાર કરવા ઈંગ્લેંડમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીની સ્થાપના કરવામાં આવી. આ કંપની હિંદની ખાંડ ઈરાન અને મધ્યપૂર્વના અન્ય દેશોમાં પુષ્કળ નિકાસ કરતી. હિંદની ખાંડ ઠેઠ બ્રિટન અને યુરોપના અન્ય દેશોમાં પણ જતી—જો કે આ નિકાસનું પ્રમાણ થોડું હતું. આનું કારણ એ હતું કે જાવાની ખાંડની ત્યાં જકાત ઓછી હતી. ૧૭૯૧માં જાવાના ટાપુઓમાં રાજકીય પરિસ્થિતિ ડામાડોળ થઈ એટલે ૧૭૯૧–૧૮૨૧ના ત્રીસ વર્ષના ગાળામાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ઈંગ્લેંડ ખાતે હિંદની ખાંડ ખૂબ નિકાસ કરી.

પરિણામે આ અરસામાં ખાંડનાં કેટલાંક કારખાનાં આપણા દેશમાં કાઢવામાં આવ્યાં. પરંતુ તેમાં ખાસ ફાયદો ન થયો, કારણ કે જાવામાં પરિસ્થિતિ સુધરતાં જાવાની ખાંડની ઈંગ્લેંડમાં ઓછી જકાતે આયાત પુનઃ થવા લાગી. ૧૮૨૧માં આ જકાતમાં ફેરફાર થતાં હિંદની ખાંડને ઈંગ્લેંડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાતે મોકલવાની ફરી તક પ્રાપ્ત થઈ. આથી આપણા દેશના ઉદ્યોગને ઉત્તેજન મળવું શરૂ થયું. ૧૮૪૬માં ૬૦ હજાર ટન ખાંડ બ્રિટન ખાતે મોકલવામાં આવી હતી.

અત્યાર સુધી ખાંડનો ઉદ્યોગ ગ્રામઉદ્યોગ તરીકે ચાલતો હતો. હવે પરદેશીઓનું ધ્યાન તે પ્રત્યે ખેંચાવા લાગ્યું અને ઉદ્યોગની ખિલવણી એ રીતે થવા લાગી :

(૧) જાવાના ધોરણ પર શેરડીનું વાવેતર અને ખાંડનું કારખાનું સંયુક્ત રીતે ચલાવી યુરોપિયનોએ ખાંડના ઉદ્યોગની શરૂઆત કરી.

(૨) ખુલ્લા બજારમાં ગોળ ખરીદીને સાફ કરવા કારખાનાં શરૂ કર્યાં.

પ્રથમ પ્રકારનાં ડઝનેક કારખાનાં ઉત્તર બિહાર અને સંયુક્ત (હાલના ઉત્તર પ્રદેશ) પ્રાંતોના પૂર્વ ભાગમાં કાઢવામાં આવ્યાં. ગોળ સાફ કરવાનાં કારખાનાં મુખ્ય તો બંગાળમાં કાઢવામાં આવ્યાં હતાં.

આ અરસામાં દક્ષિણ હિંદમાં તાડગોળમાંથી સાકર બનાવવાનાં કારખાનાં કાઢવામાં આવ્યાં. આ કામ બે અંગ્રેજ પેઢીઓ—મેસર્સ બીની ઍન્ડ કંપની અને પેરી ઍન્ડ કંપની—એ શરૂ કર્યું હતું. પરંતુ આ કારખાનાં લાંબો વખત ચાલ્યાં નહીં.

૧૮૪૬માં બ્રિટિશ જકાતની નીતિમાં ફેરફાર કરવામાં આવ્યો અને હિંદના પગભર થતા ખાંડ ઉદ્યોગને મોટો ફટકો પડ્યો—લગભગ પડી ભાંગ્યો. માત્ર મેસર્સ ડેર્યુંનું ઉત્તર પ્રદેશનું ખાંડનું કારખાનું અને દક્ષિણમાં એકાદ કારખાનું ટકી રહ્યાં.

પછીની અર્ધી સદીના ગાળામાં 'જૈસે થે' જેવી પરિસ્થિતિ રહી. ઓગણીસમી સદીના અંતમાં આ દિશામાં ફરી હીલચાલ થવા લાગી. પરિસ્થિતિની અનુકૂળતાએ તેમાં સહાય કરી. જર્મનીમાં પ્રોફેસર બેયરે અને ઇંગ્લૅન્ડમાં પ્રોફેસર પર્કિન આદિ વૈજ્ઞાનિકોએ વૈજ્ઞાનિક સંશોધન વડે કુદરતી પદાર્થો બનાવવામાં ફત્તેહ મેળવી. કોલસાના ડામરમાંથી રંગની બનાવટ સિદ્ધ થઈ ચૂકી હતી: કુદરતી જેવી જ બનાવટી ગળી પ્રયોગશાળામાં તૈયાર થઈ શકતી હતી. પરિણામે કુદરતી ગળીની માંગ નહિવત્ થઈ. બિહારના ગળીના બગીચાવાળાઓને ગળીના વાવેતરમાં પુષ્કળ નુકસાન થવા લાગ્યું: મહેનત માથે પડવા લાગી. એટલે તેઓનું ધ્યાન ગળીના વાવેતરને બદલે શેરડી વાવવા તરફ ખેંચાયું. આમ પરિસ્થિતિના બળે ૧૯૦૩-૧૯૦૫માં ઉત્તર બિહાર અને ઉત્તર પ્રદેશમાં આધુનિક સંચાસામગ્રીવાળાં ખાંડનાં ૭ કારખાનાં કાઢવામાં આવ્યાં. હવા કાઢી લીધેલ તાવડા (vaccum pans)માં શેરડીનો રસ ઉકાળીને ખાંડ બનાવવાનાં આ કારખાનાં હતાં. આવાં થોડાંક વધારે કારખાનાં નીકળતાં જતાં હતાં. ત્યાં તો ૧૯૧૪માં પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું.

આપણા દેશમાં ખાંડના ઉદ્યોગની ખિલવણીમાં મોટો અંતરાય શેરડીનો હતો. આપણી શેરડીની જાત હલકા પ્રકારની હતી. એક એકર વાવેતરમાંથી માત્ર ૧૩ ટન શેરડી ઊતરતી. આ ઉતાર બીજા દેશોની સરખામણીએ ખૂબ ઓછો હતો. ઉપરાંત જાવાની ખાંડની સ્પર્ધા વધતી જતી હતી. પરિણામે ઉદ્યોગની ખિલવણી અટકી પડી.

યુદ્ધ પૂરું થયું. ૧૯૧૯માં હિંદ સરકારે દેશમાં ખાંડનો ઉદ્યોગ સ્થાપવાની શકયતાઓ તપાસવા ઇન્ડિયન સ્યુગર કમિટી નીમી. આ કમિટીએ ખાંડનો ઉદ્યોગ હિંદમાં ખીલે એ માટે જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓ વડે તપાસ કરી. કમિટીની ભલામણોનો અમલ થવા લાગ્યો. દરમ્યાન ઉદ્યોગને એક નવું ઉત્તેજન મળી ગયું. કોઈમ્બતુરમાં શેરડી પર કૃષિ વિષયક સંશોધનને પરિણામે નવી જાતની શેરડી તૈયાર કરવામાં આવી. આ જાતની શેરડીમાંથી ખાંડનો ઉતાર આવે છે તે વિશેષ હતો. આ સંશોધનને લીધે એકર દીઠ ૪૦ ટન શેરડીનો ઉતાર ખાંડનું પ્રમાણ ૧૨.૫ ટકા હોય છે; તેમાંથી ૧૦ ટકા ખાંડ મળે છે. આ પ્રમાણ હજી વધારવા સરકાર પગલાં લઈ રહી છે.

૧૯૧૯-૨૦માં અઢાર કારખાનાં ખાંડ બનાવતાં હતાં: તેમની સંખ્યા વધીને ૧૯૨૯-૩૦માં ૨૯ સુધી પહોંચી અને ખાંડનું ઉત્પાદન ૯૦,૦૦૦ ટન થયું. આમ આધુનિક ખાંડ ઉદ્યોગની સ્થાપના અર્થે સમય અનુકૂળ હતો. આ અંગે ઇન્ડિયન કાઉન્સિલ ઑફ એગ્રિકલ્ચરલ રીસર્ચે એક દરખાસ્ત રજૂ કરી, એ અનુસાર સરકારે ૧૯૩૦માં સ્યુગર ઇન્ડસ્ટ્રી ટૅરિફ બોર્ડ નીમ્યું અને ખાંડ ઉદ્યોગને રક્ષણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપવાના પ્રશ્નની તપાસ કરવાનું સોંપ્યું. બોર્ડની ભલામણ અનુસાર સરકારે ઉદ્યોગને રક્ષણ આપવાનું નક્કી કર્યું. આ અંગેનું બિલ ધારાસભામાં પસાર થયું (સ્યુગર ઇન્ડસ્ટ્રી પ્રોટેકશન એક્ટ, ૧૯૩૨). આ કાયદા અનુસાર દર હંડ્રેવેટે રૂા. ૭–૧૪–૦ જકાત અને રૂા. ૧–૧૩–૦ મહેસૂલી સરચાર્જ પરદેશથી આયાત થતી ખાંડ પર નાખવામાં આવ્યો.

આનું પરિણામ ધાર્યું આવ્યું. પાંચ વર્ષના ગાળામાં શેરડીનું વાવેતર ૨૮ લાખ એકર ૧૯૨૭–૩૧માં હતું તે વધીને ૪૬ લાખ એકર થયું. કારખાનાંની સંખ્યા ૧૩૮ થઈ અને ખાંડનું ઉત્પાદન દશગણું વધી ગયું. પરદેશી ખાંડની આયાત ખૂબ ઘટી ગઈ અને દેશ આ અગત્યની ખોરાકની ચીજની બાબતમાં સ્વાવલંબી થયો. આમ હિંદમાં ખાંડના આધુનિક ઉદ્યોગની સ્થાપના થઈ ચૂકી. આજે આપણા દેશમાં ખાંડ ઉદ્યોગનો નંબર બીજો આવે છે—પ્રથમ નંબરે કાપડવણાટનો.

અત્યારે ૧૬૦ ખાંડનાં કારખાનાં દેશમાં છે: આમાંથી ૬૬ ઉત્તર પ્રદેશમાં, ૩૦ મુંબઈમાં, ૨૮ બિહારમાં, ૧૧ મદ્રાસ અને આંધ્રમાં અને બાકીનાં દેશના જુદા જુદા વિભાગોમાં આવેલ છે. આ બધાં ૧૨૦ કરોડ રૂપિયાની કિંમતની ૧૬ લાખ ટન સફેદ ખાંડ બનાવે છે. ૪૦ લાખ એકર જમીન શેરડીના વાવેતર હેઠળ છે અને લગભગ ૨૦૦ લાખ ખેડૂતો તેમાં રોકાય છે. લગભગ ૧ લાખ ૪૦ હજાર મજૂરોને રોજી મળે છે અને યુનિવર્સિટીનું શિક્ષણ પામેલા ૩૫૦૦ શિક્ષિતોને ઉદ્યોગ રોકે છે. આ ઉપરાંત આડકતરી રીતે પુષ્કળ માણસોને આ ખાંડ ઉદ્યોગ પોષે છે. ખાંડના ધંધા અંગે બીજા ગૌણ ઉદ્યોગો, વાહનવ્યવહાર, ઉદ્યોગને ઉપયોગી સાધનો બનાવવાનાં કારખાનાં વગેરેમાં અનેક માણસો રોકાય છે અને ધંધો મેળવે છે.

*

છેલ્લાં થોડાં વર્ષોમાં ખાંડના ઉદ્યોગની ઝડપી ખિલવણી અને પ્રગતિને લીધે ખાંડનાં કારખાનાંમાં જરૂરી સંચા સાધન-સામગ્રી બનાવવાના ઉદ્યોગને પણ ઉત્તેજન મળ્યું છે. કારખાનું બાંધવા માટે જરૂરી સંચાસામગ્રી પહેલાં પરદેશથી આવતી, હવે આમાંથી કેટલોક સામાન દેશમાં બનવા લાગ્યો છે. શેરડીનો રસ ગરમ કરવાના તાવડા(juice heaters), નિર્વાતક તવા(vacuum pans) ઇવાપોરેટરો, સ્ફટિક બનાવવાનાં વાસણો(crystallisers) અને સેન્ટ્રીફ્યુગલ પંપોની બનાવટ દેશમાં થવા લાગી છે. આ કામ દેશની છ મોટી એન્જિનિયરીંગ પેઢીઓ કરે છે. મુંબઈ, કલકત્તા, પંજાબમાં આ પેઢીઓ આવેલી છે. ૧૯૫૪માં ૧૩ લાખ રૂપિયાનો માલ બન્યો હતો. આવતી પંચવર્ષીય યોજનામાં આ અંગે પુષ્કળ ખિલવણી થશે. ખાંડનાં કારખાનાં માટે જોઈતા 'પ્લેન્ટ' આપણા દેશમાં જ તૈયાર થશે.

ખાંડનું ઉત્પાદન વધારવા માટે ટેકનિકલ પ્રશ્નોનો અભ્યાસ કરવા કાનપુર ખાતે ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઑફ સ્યુગર ટેક્નોલોજી ૧૯૩૬માં કાઢવામાં આવ્યું હતું. આ સંસ્થા સંશોધન હાથ ધરી ઉદ્યોગમાં સુધારણા કરવા ઉપયોગી કામ કરે છે. ખાંડ-ઉત્પાદનનું ખર્ચ ઘટે એવી રીતે ટેકનિકલ રીતોમાં સુધારા કરવા માટે અખતરા થાય છે. ખાંડની જાત સારી અને સસ્તી કરવા માટે પણ ઉપયોગી કામ થાય છે. ૧૨૧ કારખાનાં ડબલ સલ્ફાઈટેશન રીત અનુસરે છે અને બાકીના ડબલ કાર્બોનેશન પ્રમાણે કામ કરે છે. કાર્બોનેશન સારી જાતની ખાંડ બનતી હોવાથી એ રીત વધારે ને વધારે અપનાવાતી જાય છે. અવિરત કાર્બોનેશન રીત હજી પ્રયોગની દશામાં છે. બળતણમાં બચાવ થાય એવી યોજનાઓ કારખાનાંવાળાઓ દાખલ કરી રહ્યા છે.

શેરડીને પીલ્યા પછી રહેતો કૂચો ઉપયોગમાં લઈ શકાય એ અર્થે સંશોધન ચાલે છે. આને સૂકવ્યા પછી બળતણ તરીકે તેનો ઉપયોગ થાય છે, પરંતુ એમાંથી કાગળ બનાવવાની યોજના પાર ઊતરી છે. ખાંડના સ્ફટિકો કાઢી લીધા પછી રહેલ રસી(મોલાસીસ)માંથી પાવર આલ્કોહોલ બનાવવાનું સિદ્ધ થઈ ચૂક્યું છે. આમ ખાંડના ઉદ્યોગમાં નકામા ગણાતા પદાર્થોને ઉપયોગમાં લેવા કાર્ય ચાલી રહ્યું છે એ આનંદની વાત છે. રસ કાઢવાની રીતમાં સુધારા કરવાના પ્રયત્નો થાય છે. હાઈપ્રેશર બોઇલર અને ટરબાઇન અત્યારે ખાંડનાં કારખાનાંઓમાં વપરાતા નથી. પરંતુ હવે એ દાખલ થતાં જાય છે. આમ સર્વમુખી સુધારણાઓ ખાંડ ઉદ્યોગમાં થઈ રહી છે. યુદ્ધ પહેલાં આપણી ખાંડ જરા ભૂરી લાગતી. બનાવટમાં થયેલી સુધારણાઓને લીધે તદ્દન સફેદ ખાંડ હવે બને છે. આમ ખાંડની ગુણવત્તામાં પણ સુધારો થયો છે.

બીજી પંચવર્ષીય યોજનામાં ખાંડનું ઉત્પાદન ૨૫ લાખ ટનનું થાય એવું લક્ષ્ય બાંધવામાં આવ્યું છે. આ અંગે

[અનુસંધાન પૃ. ૫૪ ઉપર]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તબીબી પરિભાષા

દલસુખભાઈ કા. શાહ

Medical science તબીબીશાસ્ત્ર, તબીબીવિજ્ઞાન
Correct appraisal યથાર્થ આકલન
Conditioned આધારિત
Hippocratic method હિપોક્રેટીકપદ્ધતિ
Clinical medicine તર્કશુદ્ધ નિદાન અને ચિકિત્સા-પદ્ધતિ. દૈનંદિન નિરીક્ષણ અને યથાવત્ નોંધની પદ્ધતિ. તબીબી વિદ્યા
Clinical material તબીબી અભ્યાસીની જીવંત સામગ્રી
Immune મુક્ત
Immunization રોગપ્રતિકારશક્તિ-પ્રદાન
Immunology રોગપ્રતિકારશાસ્ત્ર
Organization નિયોજન, આયોજન, વ્યવસ્થા
Preventive medicine રોગનિવારણશાસ્ત્ર
Ecclesiastical universities ખ્રિસ્તી દેવળોનાં વિશ્વ-વિદ્યાલયો
Horticulture બાગકામ
Biotechnology કૃષિશાસ્ત્ર, જીવનવિકાસશાસ્ત્ર
Hospitals રુગ્ણાલયો
Insanitary Conditions અનારોગ્ય પરિસ્થિતિ
Contagious ચેપી
Leprosy કુષ્ઠ રોગ
Epidemics મહામારી
Quarantive Camps સૂતકશિબિરો, અસ્પૃશ્યશિબિરો
Involuntary દૈવેચ્છાથી પ્રાપ્ત, અનૈચ્છિક
Vital statistics વસ્તીગણત્રી
Statistics આંકડામાહિતીશાસ્ત્ર
Bills of mortality મરણપ્રમાણની નોંધો
Anatomy શરીરરચનાશાસ્ત્ર
Etiology રોગઉત્પત્તિવિદ્યા—શાસ્ત્ર, રોગોની કારણ મીમાંસા

Pathology રોગવિક્રિયાશાસ્ત્ર, રોગોની વિકૃતિ-પ્રક્રિયા
Vitamins પ્રજીવનકો, પ્રજીવકો
Infectious diseases જંતુજન્ય રોગો
Humoral Theory રસવૈષમ્યથી રોગની ઉત્પત્તિનો સિદ્ધાન્ત
Prophylaxis, Prophylactic નિવારણ, નિવારક
Treatment ચિકિત્સા, નુસખો
Physicians તબીબો, ચિકિત્સકો
Surgeons, surgical શસ્ત્રવૈદ્યો, શસ્ત્રીય
Surgery શસ્ત્રક્રિયા, શસ્ત્રક્રિયાચિકિત્સા
Physiologist શરીરધર્મવિદ—શાસ્ત્રી
Bacteriologist જંતુશાસ્ત્રી,—જીવાણુવિજ્ઞાની
Chemist રસાયણશાસ્ત્રી—વિદ
Physicist ભૌતિકશાસ્ત્રી
Geneticist પ્રજનનશાસ્ત્રી
Psychologist મનોવૈજ્ઞાનિક
Parasites પરભૃતરોગ ઉત્પાદકો
Intermediate hosts માધ્યમો
Hygiene સ્વાસ્થ્ય
Purulent Infections પરૂજનક ચેપ
Anti-typhoid serum ટાઇફોઇડપ્રતિકારક રક્તરસ
Specific વિશિષ્ટ, તદીય, ખાસ, સચોટ, નિશ્ચત, રામબાણ
Antitoxins પ્રતિઝેરો
Standardization માત્રાનક્કીકરણ
Chemotherapy રસાયન ચિકિત્સા
Organic Chemistry કાર્બન રસાયણ
Organic Compounds કાર્બન સમાસ દ્રવ્યો
Therapy ચિકિત્સા
Therapeutic શામક

[સંસ્કૃતિ, ફેબ્રુ. '૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Cell કોષ
Cytopathology કોષવિકૃતિશાસ્ત્ર
Post-mortem મરણોત્તર
Disease processes રોગજન્ય વિકૃતિઓ
Aseptic—Antiseptic જંતુમુક્ત
Antiseptics જંતુઘ્ન ઔષધીઓ
Midwifery સૂતિકાશાસ્ત્ર, સુવાવડશાસ્ત્ર
Anaesthesia વિચેતની કરણશાસ્ત્ર
· વિસંજ્ઞી કરણવિદ્યા
Anaestheized વિચેતનિત, વિસંજ્ઞિત
Anaesthetics વિચેતનક દ્રવ્યો, સંજ્ઞાશામક,
ચેતનાશામક ઔષધિઓ
Optithalmology ચક્ષુવિદ્યા, ચક્ષુશાસ્ત્ર
Neurology જ્ઞાનતંતુશાસ્ત્ર
Neuro-anatomy જ્ઞાનતંતુ રચનાશાસ્ત્ર
Neuropathology જ્ઞાનતંતુ વિકૃતિશાસ્ત્ર
Psychiatry માનસરોગશાસ્ત્ર, મનોરોગવિજ્ઞાન
Electrotherapy વિજળીચિકિત્સા, વિજ-ચિકિત્સા
Organotherapy ગ્રન્થિચિકિત્સા
Diagnostic aids નિદાનનાં પ્રસાધનો
Gynaecology સ્ત્રીરોગવિજ્ઞાન
Medical specialities વિશિષ્ટ તબીબી વિભાગો
Paediatrics બાલરોગો
Geriatrics વૃદ્ધોના રોગો
Venereal diseases ગુપ્તરોગનું શાસ્ત્ર :
પ્રજજન અવયવોના રોગો
Dermatology ત્વચાવિજ્ઞાન, ત્વચારોગવિજ્ઞાન
Orthopaedics હાડવૈદુ હલનચલનમાં સૌષ્ઠવ મેળવી
આપતી શસ્ત્રક્રિયા
Plastic surgery ત્વચા સૌષ્ઠવ ચિકિત્સા પદ્ધતિ
આકાર આપતી અને દર્શનક્ષમ
બનાવતી શસ્ત્ર ચિકિત્સા
Oto-laryngology કાન તથા ગળાના રોગોનું વિજ્ઞાન
Genito-urinary પ્રજજન અને ગુદા અંગેનું
Military medicine યુદ્ધલક્ષી તબીબી વિજ્ઞાન
Industrial medicine ઉદ્યોગ-મજૂરોનું સ્વાસ્થ્યવિજ્ઞાન
Classification વિભાગીય વહેંચણી

Prognosis રોગભવિતવ્ય જ્ઞાન
Radical આમૂલ
Ailments રોગો, ઉપદ્રવો
Blood Transfusion રક્ત-સંક્રમણ
Vaccine જંતુરસી
Rabies હડકવા
Anti-rabic inoculation હડકવાની રસી
Relapse ઉથલો
Concentration પ્રમાણ
Protozoal Infections એકકોષી પ્રાણીજંતુઓના
ઉપદ્રવો
Intramuscular સ્નાયુમાં
Intravenous નસમાં
Fast, Resistant દાદ ન દેનાર, ન ગાંઠતાં,
પ્રતિરોધશીલ
Complications ગૂંચવતી પીડાઓ
Cancrum oris મુખકોથ
Lesion પ્રકાર ઉપદ્રવ
Bactericidal જંતુઘ્ન
Antibiotics પ્રતિજૈવિક ઔષધિઓ
Tissues જીવંત કોષ સમૂહ
Inhibitory action શામક અસર
Fungus ફુગ
Viruses સૂક્ષ્મ કીટાણુ, સૂક્ષ્માતિસૂક્ષ્મજંતુ
Morbidity દુષિત અસર, રુગ્ણાવસ્થા
Gram positive ગ્રામરંગથી રંગાતા, ગ્રામાસક્ત
Gram-negative ગ્રામરંગથી નહિ રંગાતા,
ગ્રામવિરક્ત
Hormane અંતઃસ્રાવીરસ
Autonomic સ્વયંશાસિત, અનૈચ્છિક
Nervous system જ્ઞાનતંતુ મંડળ
Metabolism રસપાક અને ચયાપચયની પ્રક્રિયા
Intricate problems દુર્બોધ પ્રશ્નો
Hyperglycalmia લોહીમાં ગ્લુકોઝનો થતો અતિ-
સંચાર, ગ્લુકોઝનું લોહીમાં આવતું
પૂર
Adjuvants સહાયક દ્રવ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Gonads પ્રજનન ગ્રંથિઓ
menstrual cycle માસિક રજોદર્શન
Menopause રજોનિવૃત્તિ
Neoplastic changes કેન્સર પ્રક્રિયા
Functional ક્રિયાત્મક, શરીરક્રિયાજન્ય
Organic સકારણ, તદીય
Uterine Bleeding ગર્ભાશયનો રક્તસ્રાવ
Hypogonadism પ્રજનનગ્રંથિનીન્યૂનતા
Post-partem પ્રસૂતિ પછી, અનુપ્રસૂતિ
Intractable દુષ્કર, ચિકિત્સાસાધ્ય
Acute Infections તીવ્રસંક્રમક રોગો, (કીટાણુજન્ય રોગો)
Carditis હૃદયનો શોથ
Peptic ulcer હોજરીની ચાંદી
Perforation વેધ, છિદ્ર
Remissions ચિહ્નોને અટકાવવાં
Primary મૂલગત
Secondary કારણગત
Insufficiency ન્યૂનતા
Substitution અવેજીપૂરતુ, પ્રતિનિધિત્વ
Complementry ન્યૂનતાપૂરક
Withdrawal symptoms દ્રવ્યાભાવથી થતાં ચિહ્નો
Fat soluble ચરબી દ્રવણશીલ
Irrediated ઉદ્દીપ્ત
Ring structure રસાયણિક માળખુ
Mass Treatment બહુજન ચિકિત્સા
Anti-Coagulent લોહીના જમાવને અટકાવતુ
Mimetic અનુકરણ કરતુ—જેવું
Side effects આનુષંગિક અસરો
Tachycardia હૃદયની ત્વરિત્ ગતિ
Blood dyscrasias રક્તવિકૃતિઓ
Analgesics પીડાશામક ઔષધિઓ
Grand mal મોટી વાઈ
Petit mal નાની આંચકી
Psychomotor attacks મનોવ્યાપારજન્ય સ્નાયુચલન
Parkinsonism કંપલકવો
Enzyme પાચક રસ

Connective tissue સંયોજક તંતુજાલ
Permeable પ્રવેશશીલ
Parenteral આંતરડા સિવાયના માર્ગે
Bacteriostesis જંતુને વધતાં અટકાવવાં
Radioopaque કિરણરોધક, અપારદર્શક
Biopsy જીવંતકોષ પરીક્ષણ
Adhesions અભિલાગ, બંધ
Encephalopathies મગજની વિકૃતિઓ
Traumatic પ્રહારજનિત
Tracings રેખાચિત્રો, રેખાછબીઓ
Physiotherapy નિસર્ગોપચાર
Electrotherapentics વીજચિકિત્સા
Muscular dystroplies સ્નાયુસંસ્થાનની વિકૃતિઓ
Heliotherapy સૂર્યપ્રકાશચિકિત્સા
Catarrhal conditions શ્લેષ્મજનક વિકૃતિઓ, શ્લેષ્મકળાના સોજાઓ
Electrosurgical effects વીજયંત્રમાંથી નીપજેલ શસ્ત્રક્રિયા જેવાં પરિણામ
Normals સ્થિરાંકો, સ્થિર પ્રમાણો
Secretions સ્રાવો
Excretions નિ:સારો
Dietetic Treatment આહારચિકિત્સા
Higher magnification સૂક્ષ્મપરિમાણવર્ધનમાં થયેલ માત્રાનો વધારો
Haematogenous રક્તજન્ય
Electrolytes ક્ષારસત્વો
Positive Balance ભાવાત્મક પૂરવણી
Arthroplosty સાંધાની મરામત
Haemostasis રક્તરોધ
Dehydsated નિર્જલ, શોષિત
Anastomosis પાર્શ્વનલિકાનુંસંધાન
Compensatory mechanism અભાવનો ભાવાત્મક બદલો
Replacement એકને કાઢીને બીજી મૂકવાની પ્રક્રિયા
Psychotherapy માનસરોગ ચિકિત્સા
Psychoanalysis માનસ વિશ્લેષણ
Concepts વિચારધારાઓ

[અનુસંધાન પૃ. ૫૧ ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્ઘ્ય

તંત્રી

અજવાળું

તમારાં દ્વાર ખોલો તો આવું,
બાર તમારે કયમ બેસું;
યાદ કરો તો આવું—તમારાં૦

માન નથી, અપમાન નથી મન,
હર્ષશોક ના લાવું;
સાદ કરો તો દોડી આવું,
કાયમ ફરજ બજાવું—તમારાં૦

કહિએ મારા મનમાં ના'વે,
ઉપર પડતું જાવું;
દિલ પ્રમાણે ડગલું માંડું
ઇંચ ન આગળ આવું—તમારાં૦

કાઢી મૂકો એનું કહિએ
દિલમાં દુઃખ ન લાવું;
સેજ તળાઈએ પોઢું નહિ તો
શેરીમાં સૂઈ જાઉં—તમારાં૦

'કાગ' નિયમ છે કાયમ એવો,
ખુલ્લા દ્વારમાં જાવું:
હું અજવાળું જગ અજવાળું,
બાર નહિ ખખડાવું—તમારાં૦

[કવિ કાગ : પ્રસિદ્ધ થનાર 'કાગવાણી' ભાગ ૪ : પૃ. ૮૯]

વસંત(પંચમીના) પવનો

વસંતપવનો નિહાળી રહું એટલે હું ખડો;
અલજજ અળવીતરા ટીખળી ટોળીબંધે પડ્યા
અહો, નીકળી શેરીશેરી વનવીથિએ ફાંકડા
રજોમલિન માઘના રખડુ ફાગવેશે ભડો!

વસંતપવનો નિહાળી રહું એટલે : શી અહા!
ધમાચકડી રે મચાવી રમણે ચઢયા આકળા
જવાનવયંના તુફાની ભરવાડના છોકરા,
વને હચમચાવી વલ્લીદ્રુમપર્ણ સૌ, વાહ વા!

વસંતપવનો : અહો, નફિકરા, પડ્યા પ્રાતથી
મચેલ ઉધમાતિયા ધૂળ ઉરાડવા ભૈરવ;
બધાંથી અદકા પ્રહૃષ્ટ, મધુઆગમે ઉત્સવ
અશો મદીલ વન્ય અન્યતર કોઈનેયે નથી.

વસંતપવનોની હ્યાં ઘરતટે સહું ઝાપટો,
અને વયતટે મનો, વનતટે કળીસંપુટો.

વળાવી બા આવી

રજાઓ દીવાળી તણી થઈ પૂરી ને ઘર મહીં
દહાડાઓ કેરી સ્ખલિત થઈ શાંતિ પ્રથમની,
વસેલાં ધંધાર્થે દૂરસુદૂર સંતાન નિજનાં
જવાનાં કાલે તો, જનકજનની ને ઘર તણાં
સદાનાં ગંગામાસ્વરૂપ ઘરડાં ફોઈ, સહુએ
લખાયેલો કર્મે વિરહ મિલને તે રજનીએ
નિહાળ્યો સૌ વચ્ચે નિયત કરી બેઠો નિજ જગા,
ઉવેખી એને સૌ જરઠ વળી વાતે સૂઈ ગયાં;

સંવારે ભાભીનું ભર્યું ઘર લઈ ભાઈ ઊપડ્યા,
ગઈ અર્ધી વસ્તી, ઘર થઈ ગયું શાંત સઘળું,
બપોરે બે ભાઈ અવર ઊપડ્યા લેઈ નિજની
નવોઢા ભાર્યાઓ પ્રિયવચનમંદસ્મિતવતી;
વળાવી બા આવી નિજ સકલ સંતાન ક્રમશઃ,
ગૃહવ્યાપી જોયો વિરહ, પડી બેસી પગથિયે.

[ઉશનસ્ : કાવ્યસંગ્રહ 'પ્રસૂન'માંથી : પૃ. ૩૩, ૧૦.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોતા હૈ સંસાર નહીં

અંધકાર કો દેખ રક્ત કે આંસૂ વ્યર્થ બહાતા હૈ,
ફિર કહતા હૂં સબ તમ કટતા જબકિ સબેરા આતા હૈ.
ઓ મધરાત, તૂને તુષાર કા ઓઢ કફન ક્યોં રક્ખા હૈ?
મેરે દગ કા સ્વપ્ન વસન્તી દશ્ય નએ દિખલાતા હૈ.
ફિર કરતી શૃંગાર મહી,
સોતા હૈ સંસાર નહીં.

જીવન કી ગતિ રોકે, સાગર નાપે, કિસ મેં ક્ષમતા હૈ?
મિલોં કે પથ્થર થક જાતે, કિન્તુ રાસ્તા રમતા હૈ.
નઈ જવાની કે કંધે પર ડૈને લગતે નએ નએ,
બાજ નીડ સે ઉડતા હૈ તો ચૌટી પર હી થમતા હૈ.
ગતિ રખતી મંઝધાર નહીં,
સોતા હૈ સંસાર નહીં.

તાકત વાલે આજ હાથ કી હથકાડયાં તડકાતે હૈં,
કલ કે નિર્બલ આજ સબલ શાહોં કે તખ્ત હિલાતે હૈં.
કિસ કી હિમ્મત આજ પિલાએ જહર પિયા જો કલ હમને?
હમ દીવારેં હૈં, જિન કો સૈલાવ સલામ બજાતે હૈં.
છૂતી હમ કો ધાર નહીં,
સોતા હૈ સંસાર નહીં.

જંજીરો મેં બાંધ મુહબ્બત કો મત રક્ખો, નાદાનો!
ભાઈચારે મેં જો મીઠાપન હૈ ઉસ કો પહચાનો.
અભી જિન્દગી કી પંખુડિયાં અગનિત ખુલને વાલી હૈં,
ખિલને કો હૈં ફૂલ અભી બહુતેરે, ઇસ કો સચ માનો.
બીતી અભી બહાર નહીં,
સોતા હૈ સંસાર નહીં.

જગ સોતા હૈ નહીં, હમારે સાથ સમય કી ધારા હૈ,
મુસકાતી હૈ સુબહ, અંધેરે કા હોતા નિબટારા હૈ,
મેં સુન્દરતા કે કદમોં મેં ગીત બિછાતા જાઉંગા
સુનો પ્યાર સે કિતને મૈંને તુમ કો આજ પુકારા હૈં.
ડરને કી દરકાર નહીં,
સોતા હૈ સંસાર નહીં.

[**શ્રી રહમાન રાહી**ના કાશ્મીરી કાવ્યનો **ડૉ. હરિવંશરાય બચ્ચન**કૃત અનુવાદ : તા. ૨૫-૧-૧૯૫૯ની રાતે દિલ્હીથી હિંદની ચૌદ ભાષાઓની કાવ્યકૃતિઓ રજૂ થઈ તેમાંથી.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



હિન્દ ઉપર

ભારતથી કેનેડા સુધીની લગભગ ૧૫૦૦૦ માઇલની મુસાફરી હિન્દે કોઇપણ પ્રકારની તુટફુટ વગર કરી. હૈદ્રાબાદ (દક્ષિણ)ના શ્રી. એમ નરસિંહન ૧૯૫૦ના ડીસેમ્બરની ૧૬મી તારીખે ઉપર બતાવેલી હિન્દ સાઇકલ સાથે ભારતથી રવાના થઈ અને પાકીસ્તાન, બલુચીસ્તાન, અફઘાનીસ્તાન, ઈરાક, ઈરાન, ટર્કી, બલ્ગેરીઆ, યુગોસ્લાવીઆ, ઈટાલી, સ્વીટ્ઝરલેન્ડ, ફ્રાન્સ, બ્રિટન અને અમેરીકા થઈ ૧૯૫૨ ના જુનમાં કેનેડા પહોંચ્યા. આ સાઇકલ સંપુર્ણ ચાલુ હાલતમાં ભારતના કેનેડા ખાતેના હાઈકમીશ્નરે પાછી મોકલાવી છે.

હિન્દ સાઇકલો વધુ મજબુત બનાવેલી હોવાથી વધુ ટકાઉ હોય છે.

હિન્દ-સો એ સો ટકા ભારતીય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે હિંદમાં હાથશાળો ઉપરાંત એક વરસમાં આશરે ૪૫૦ કરોડ વાર કાપડ ઉત્પન્ન કરતી ૪૨૧ મિલો છે. આમાંનું આશરે ૬ કરોડ વાર કાપડ અમદાવાદમાં **"જહાંગીર વકીલ મિલ ગ્રૂપ"**ની ત્રણ મિલો વણે છે. માથા દીઠ કાપડની વપરાશ પંદર વાર ગણીએ તો આ ગ્રૂપ આશરે ચાલીસ લાખ માણસોની કાપડની જરૂરિયાત પૂરી પાડે છે.

જહાંગીર વકીલ મિલ્સ
અમદાવાદ

નવજીવન મિલ
કલોલ

☆

ન્યુ જહાંગીર વકીલ મિલ
ભાવનગર

☆

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

76351

સંસ્કૃતિ

વર્ષ ૧૦ : અંક ૪ | તંત્રી ઉમાશંકર જોશી | એપ્રિલ ૧૯૫૬

સળંગ અંક ૧૧૨

મન્દૂપ, જાવા] જગતજનની [ઉમાશંકર જોશી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃતિ

વર્ષ દસમું સળંગ અંક ૧૧૨ અંક ચોથો

અનુક્રમણિકા : એપ્રિલ ૧૯૫૬

પ્રભાત-દર્શન	કાકા કાલેલકર	૧૨૧
સમયરંગ	તંત્રી	૧૨૨
અંગ્રેજી ઑનર્સનાં વિદ્યાર્થીઓને વિદાય	નિરંજન ભગત	૧૨૩
મૅટ્રિકના વિદ્યાર્થીઓને વિદાયવેળાએ	ચંપકલાલ વ્યાસ	૧૨૩
ઇતિહાસ પાસું બદલે છે	વાડીલાલ ડગલી	૧૨૪
ગાડાવાટે	ઉશનસ્	૧૨૮
'ગીતાધર્મ'નું પરિશીલન	પંડિત સુખલાલજી	૧૨૯
યુરોપનો પ્રવાસ—૨	સન્મુખલાલ પંડ્યા	૧૪૨
'જિપ્સી' થયા પહેલાં અને પછી	ગુલાબદાસ બ્રોકર	૧૪૬
કવિ કાન્તને	પ્રજારામ	૧૪૯
સ્વપ્ન અને વાસ્તવ	પ્રફુલ્લ દવે	૧૫૦
તબીબી પરિભાષા—૨	ડૉ. દલસુખભાઈ કા. શાહ	૧૫૫
અર્ઘ્ય	તંત્રી	૧૫૯

☆

સૂચનાઓ :

- દર માસની સાતમી તારીખે અંક પ્રસિદ્ધ થાય છે.
- દશમી સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર લખવા-થી સગવડ થશે.
- આ માસિકમાં પ્રસિદ્ધ થતા લેખો-માંના અભિપ્રાય માટેની જવાબદારી તે તે લેખકની છે.
- પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે.

ગ્રાહકો નોંધવાનાં સ્થળો :

એન. એમ. ત્રિપાઠી, લિ. મુંબઈ.
પ્રવર્તક પુસ્તકાલય, મુંબઈ
જીવનસાહિત્યમંદિર, અમદાવાદ.
ભારતીસાહિત્યસંઘ, અમદાવાદ.
ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, „
ગાંડીવ સાહિત્યમંદિર, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨
ગાંડીવ સાહિત્યમંદિર, લાલગેટ, સુરત
એલ. કે. મેઘાણી : અમરતોલા સ્ટ્રીટ, કલકત્તા ૧.
પ્રભાકર બ્રધર્સ, પો. બો. ૧૨, નૈરોબી, ઇસ્ટ આફ્રિકા.

લવાજમ :

દેશમાં રૂપિયા સાત. પરદેશમાં રૂા. નવ અથવા શિલિંગ ૧૪. છૂટક નકલના બાર આના.

જાહેરખબરના દર

આખું પાનું	રૂ. ૬૦
અર્ધું પાનું	રૂ. ૩૫
પા પાનું	રૂ. ૨૦
છેલ્લું પૂઠું	રૂ. ૧૨૫
પૂઠું ૩	રૂ. ૧૦૦

તંત્રી અને વ્યવસ્થા અંગેના સર્વ પત્રવ્યવહારનું સરનામું :

સંસ્કૃતિ કાર્યાલય,
એલિસ-બ્રિજ, અમદાવાદ-૬

સંસ્કૃતિ કાર્યાલય વતી મુદ્રક-પ્રકાશક : કિશનસિંહ ચાવડા, ચેતના પ્રેસ લિ., નવા બજાર, વડોદરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃતિ

सत्यं परं धीमहि ।

એપ્રિલ ૧૯૫૬

प्रभात-दर्शन

પહાડી પ્રદેશમાં આકાશ નાનું થઈ જાય છે. ઊંચી ઊંચી ચાલવાળા શહેરમાં પણ આકાશ સંકોચાય છે. પણ માળ-મેદાનમાં તો આકાશ મોટામાં મોટા ક્ષિતિજ ઉપર વિસ્તરે છે.

આજે આવા આકાશમાં ન મળે એકે વાદળું કે ન મળે એકે ચકલું. વધતા પ્રકાશમાં આકાશ તો વિરાટ સહારા જેવું લાગતું હતું, જાણે પ્રલય પછીની શાન્તિ!

સૂરજ ઊગવાની તૈયારી છે. સૂરજના પ્રમાણમાં પૃથ્વી તુચ્છ કાંકરો છે. પૃથ્વીના પ્રમાણમાં નાનકડું પક્ષી કશી વિસાતમાં નથી. છતાં સૂરજના સ્વાગતમાં પક્ષી ન હોય તો સૂરજનું ઊગવાનું અમંગળ જ દેખાશે. ત્યારે શું આજે પક્ષીઓનાં ગાન વગર જ સૂરજ ઊગશે? ના, ના. એ પેલાં નાનાં બે પક્ષીનું જોડકું દોડતું આવે છે. એમને લીધે આખું આકાશ સનાથ થયું,—અથવા સનાથ કેમ કહેવાય? સૌભાગ્યવાન થયું એમ કહી શકાય, અથવા સબાલક કહીએ?

આવડા મોટા આકાશમાં બે નાનકડાં જીવડાં કેટલો ફેર પાડે છે?! હવે તો ત્રીજું ટોળું પણ આવ્યું! પક્ષીઓ એટલે ફેલાયેલી પાંખો એમ મને નથી લાગતું, પણ ફૂલાયેલી છાતી એમ જ લાગે છે, અને એની સાથે ગેટેની લીટી યાદ આવે છે:

Disciple! up, untiring hasten,
To bathe thyself in morning-red.

પણ શું? સૂરજના સ્વાગતની તૈયારી ન કરી હોય તો ન ચાલે? સૂરજ પોતાની તૈયારી પોતે જ પાઠવે છે. આકાશમાં કશું ન હોય તોયે ઉષા તો છે જ. એનું યૌવનલાવણ્ય પૂર્વથી પશ્ચિમ સુધી પથરાય છે, અને ચરાચરને પ્રસન્ન કરે છે. સાચી વસ્તુને તૈયારી નથી કરવી પડતી. કુદરતી વ્યવસ્થામાં પયગંબર પહેલાં આગાહક હોય જ છે. તો પછી સૂરજ પહેલાં ઉષા અને એની સાથે પરિન્દો આવવાં જ જોઈએ.

[વાસરી : વિસાપુર : ૬–૩–૧૯૩૨]

કાકા કાલેલકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમયરંગ

તંત્રી

સ્વ. કવિ મર્ઢેકર

મરાઠી ભાષાની નવીન કવિતાશૈલીના પ્રમુખ કવિ શ્રી મર્ઢેકરનું બીમારીને અંતે મૃત્યુ થતાં દેશને એક સંવેદનશીલ પ્રયોગવીર કવિની ખોટ પડી છે. અત્યારના જીવાતા જીવનમાંથી હિંમતભેર ભાવપ્રતીકો ઊંચકીને કવિતામાં જે કાંઈ સૌન્દર્ય સિદ્ધ થઈ શકે એમ હોય તે માટે મથવું એ વલણ શ્રી માર્ઢેકરમાં તીવ્રપણે પ્રતીત થતું. શરૂઆતમાં એમની કુત્સિતનો પણ સમાસ કરતી આવી રચનાઓ સામે વિપરીત પ્રત્યાઘાત થયો, આક્ષેપો પણ થયા. પણ ધીમેધીમે ઘણાઓ જોઈ શકયા કે મર્ઢેકરને ન તો આઘાત આપવામાં રસ હતો, ન કુત્સિતતામાં. કવિ પોતાના અંતરતમ સત્યને સાકાર કરવા મથી રહ્યો હોય એવી એમના કાર્યે પ્રતીતિ કરાવી. કાવ્યસર્જન ઉપરાંત કાવ્યસ્વાદ અંગે પણ મર્ઢેકરનું બહુ-મૂલ્ય અર્પણ છે. Stream-of-consciousness (ચૈતન્ય-ધારા) આલેખતા કથાનકની નવીન શૈલીમાં પણ મર્ઢેકરના પ્રયોગો નોંધપાત્ર છે.

તબીબી વિજ્ઞાન

આ અંકમાં ડૉ. દલસુખભાઈ શાહ પાસેથી તબીબી પરિભાષા અંગે એક વધુ શબ્દાવલિ મેળવી છે.

અમદાવાદના સદ્‌ગત ડૉ. ભગતે તબીબી વિજ્ઞાન અંગે નિબંધ-સ્પર્ધા માટે ગુજરાત વિદ્યાસભાને કેટલીક રકમ સોંપી હતી. તે અન્વયે પહેલી સ્પર્ધા યોજાઈ તેમાં ડૉ. દલસુખભાઈના નિબંધને મેડિકલ કાઉન્સિલે પારિતોષિકને પાત્ર લેખ્યો હતો. એ નિબંધ હવે પુસ્તકાકારે પણ પ્રગટ થવામાં છે. નિબંધનું ગુજરાતી કરતાં ડૉ. દલસુખભાઈએ પરિભાષાના પ્રશ્નને પણ, હમેશના એક વિદ્યા-વ્યાસંગી તરીકે, આવકાર્યો અને એકલે હાથે બને તેટલો ઉકેલવા પ્રયત્ન કર્યો. થોડાક હજાર શબ્દો એ રીતે તૈયાર થયા. વાનગી લેખે બે હપતે કેટલાક શબ્દો વિદ્વાનોની વિચારણા માટે આ માસિકમાં રજૂ કર્યા છે. પરિભાષાના પ્રશ્નને જો સહૃદયપણે વિદ્વાનો હાથ ઉપર લે તો ધીમેધીમે એ દિશામાં નોંધપાત્ર કામ થઈ શકે એવું સૂચન આ દાખલામાંથી મળી રહે છે.

ભાઈ 'કેતન મુનશી'નું અકાળ અવસાન

આપણા એક તરુણ વાર્તાકાર શ્રી નચિકેત મુનસિફ જેઓ 'કેતન મુનશી'ને નામે સાહિત્યસૃષ્ટિમાં જાણીતા હતા તેમનું અકાળે અવસાન થતાં એક આશાસ્પદ કલાકારે આપણી વચ્ચેથી હમેશની વિદાય લીધી છે. બહુ ગંભીર નહિ એવા ઑપરેશનમાં, કહેવાય છે કે કાંઈ ગફલતને લીધે, એમના આયુષ્યને નુકસાન પહોંચ્યું — એ જો સાચું હોય તો એમનું અવસાન બેવડું શોકજનક બને છે. ભાઈ નચિકેત તેજસ્વી અને તરવરાટવાળા યુવક હતા. નાનપણથી એમને વાર્તાકળા ઉપર સારી હથોટી હતી અને વિવિધ પ્રયોગો એ કરતા. એમની ઠરેલી કલમનાં સુફળ મળે એવું ન બન્યું! પ્રભુ એમના આત્માને શાંતિ અર્પો અને કુટુમ્બીઓને આ ઘા સહન કરવાની શક્તિ આપો.

બીજી ભાષાઓમાં અનુવાદો

હિંદની જુદીજુદી ભાષાઓનાં ઉત્તમ પુસ્તકોના એકબીજી ભાષામાં અનુવાદ થાય તે માટેની પ્રવૃત્તિ હાથ ધરાય એ અત્યંત જરૂરી છે. આ દિશામાં હિંદની સાહિત્ય અકાદમીએ પ્રયત્ન શરૂ કર્યો છે. દરેક ભાષામાંથી દસદસ ઉત્તમ પુસ્તકો બીજી ભાષાઓમાં અનુવાદ કરવા માટે પસંદ થયાં છે. ગુજરાતી પુસ્તકો નીચે પ્રમાણે છે:

૧. જૂની ગુજરાતીમાંથી ઉત્તમ કથાકાવ્યો અને વર્ણનકાવ્યો (જેમાં પ્રેમાનંદના 'કુંવરબાઈનું મામેરું' અને અન્ય કવિઓમાંથી થયેલી પસંદગીઓનો સમાવેશ થાય): સં. પ્રો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી.

૨. ઉત્તમ ગુજરાતી નિબંધોનો સંગ્રહ: સં. શ્રી વિજયરાય ક. વૈદ્ય. (પ્રસ્તાવના સાથે.)

૩. સરસ્વતીચન્દ્ર — સંક્ષેપ: સં. પ્રો. ઉપેન્દ્ર પંડયા.

૪. નાનાલાલ દલપતરામ કવિની ગદ્ય, પદ્ય અને નાટયાત્મક રચનાઓમાંથી સંચય: સં. પ્રો. અનંતરાય મ. રાવળ.

૫. ગુજરાતનો નાથ: શ્રી ક. મા. મુનશીકૃત.

૬. સમૂળી ક્રાન્તિ અને બીજું મનનાત્મક ગદ્ય: કિશોરલાલ મશરૂવાળાકૃત. સં. પ્રો. નગીનદાસ પારેખ.

[અનુસંધાન પૃ. ૧૫૪ ઉપર]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગ્રેજી ઑનર્સનાં વિદ્યાર્થીઓને વિદાય

સુરમ્ય સુખસ્વપ્નશાં સભર ચાર વર્ષો વહ્યાં,
લહ્યાં વયવસંતમાં કુસુમ સ્નેહની વૃદ્ધિનાં;
ઉદાર ઉરથી પરસ્પર સ્વભાવ ને બુદ્ધિના
અનેકવિધ દોષના કદિક કંટકોયે સહ્યા.
વિવેચન વળી કથા નવલ નાટ્ય કાવ્યો ભણ્યાં:
સુપ્રજ્ઞ કવિ મિલ્ટને અસલ ક્રાંતિની ફ્હૈ કથા,
વદંત ઋષિ વર્ડ્ઝવર્થ પૃથવી પરે જે વ્યથા,
અભિન્ન સમ સત્ય-સુંદર કલાજ્ઞ કીટ્સે ગણ્યાં.
જિહાં લગ ધરાતલે જીવન આપણે ધારશું
ક્ષણો વિરલ રૂપની, રસસમાધિ આનંદની,
સદા નીરસતાભર્યાં ભવરણે રસસ્યંદિની,
વિરૂપ જગની વ્યથા સમજવા ન સંભારશું?
ભણ્યા જ નહિ માત્ર, કિંતુ મુજને ભણાવ્યો તમે;
તમે જ ગુરુ, શિષ્ય હું, શિર સદૈવ એથી નમે.

માર્ચ ૧૯૫૬ — નિરંજન ભગત

મૅટ્રિકના વિદ્યાર્થીઓને

વિદાયવેળાએ—

૧

અહીં લઘુક જિંદગી વરસ ચાર કે સાતની,
છતાં પ્રગતિ શી થતી મન વિચાર ને ભાવની!
બધીય કરણી નહીં ગણી શકો ભલી ભાતની,
છતાં સરસતા સુહે જીવનની અભિવ્યક્તિમાં.

અહીં પ્રથમ પાંગરી સુરભિવંત પ્રજ્ઞાકળી,
અને પ્રબળ ભાવના પ્રથમ વાર જાગી વળી,
મળી મધુર મિત્રતા—હૃદયતારની ઝંકૃતિ,
અહો! જીવનવેગની પ્રથમ વાર હ્યાં જાગૃતિ.

હવે ઉદધિ આંગણે ક્ષિતિજ પાર જોશો તમે,
નવા હૃદયભાવ ને નવનવા વિચારો રમે,
વિશાળતર ભાવના હૃદય ચિત્ત ને કલ્પના,
અગાધ ભવસિંધુમાં સફર ખેડશો તે પછી.

ભલે સફરખેડમાં વિસરજો બધું, કિન્તુ ના
ઉછેર પયપાનથી કરતી માતૃસંસ્થા કદા.

૨

ભલે વિસરજો તમે સકળ શિક્ષકોનો ગણ,
નહીં જ અમ કાર્યનો ત્વરિત અંત આવે પણ.
પ્રતીતિ નવ થાય જો સમયવ્હેણમાં કાર્યની,
છતાંય અમ કાર્ય કે ચરિતની છબી જે પડી
કદીય ભૂંસવી નથી સરળ ચિત્તમાં જે જડી;
વહન્ત ભવસિંધુમાં ગુપત દોરશે નાવડી.

પરન્તુ નથી એમ કે ન અમ કાર્ય હોવે હતાં,
અમેય લઘુ માનવી લઘુક કાર્ય હોંશે કરી
સદા મન મનાવીએ, હૃદય પ્રેમ નિષ્ઠા ભરી,
સમૂહ—નિજ વર્ગ—ને ગણી ઉપાસ્ય કો દેવતા.
પ્રસન્ન અમ દેવતા થઈ શકયા હશે વા નહીં,
નહીં જ કશું જાણીએ, અચળ યત્નમાં રાચીએ.
રહી જ બસ એટલી પ્રબળ પ્રાણની વાસના,—
સદૈવ ઉરમાં હજો કઠણ શિષ્યઆરાધના.

૩

વિદાય—બસ વર્ષનું ચકરડું પૂરું થૈ ગયું,
અનેક ઉરભાવની ભરતીઓટ જોતું ગયું.
મળ્યા વિષય શિક્ષણે, અવર કાર્ય કાજે વળી,
પરસ્પર રસોર્મિમાં કદીક તો ગયા ઓગળી;
રહી નિકટ આપણે સ્વજન જેમ જાણે થયા,
અને દિવસ એકમાં થઈ જશો હવે પારકા.

હજો સફર સૌખ્યની, સુખદ વાયુ વ્હેતા રહો,
અને તવ પથે કદી વિપદ તોય કલ્યાણ હો!
નહીં નજર વામણી તરલ સ્થૂલ પર્યાપ્ત હો!
અને ગગન ચિત્તનું મલિન વાસનાથી ન હો!
કદીક મનભાવની જીવનમાં થજો તાવણી,
સદૈવ નિજ કર્મની જીવનઋતથી આંકણી.
હજો રસ સમષ્ટિમાં, સકળ વર્તુલો વામણાં,
કદી ન કથળાવશો મધુર ગીત ચંડોળનાં.

ચંપકલાલ વ્યાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈતિહાસ પાસું બદલે છે

વાડીલાલ ડગલી

૧૯૫૬ના માર્ચ મહિનાની પહેલી તારીખે જોર્ડનના એકવીસ વરસના રાજા હુસેન એકાએક વડાપ્રધાનની કચેરીમાં ગયા, તાકીદે પ્રધાનમંડળની બેઠક બોલાવી અને રાજા હુસેને ઊભાઊભા જ એક ચબરખી ટેબલ પર ફેંકી. એ ચબરખીમાં એક જ વાક્ય લખ્યું હતું: "મારી આજ્ઞા છે કે જનરલ ગ્લબને તાત્કાલિક બરતરફ કરી તેના વતન ભેગો કરી દો." પ્રધાનમંડળ સ્તબ્ધ થઈ ગયું. છેલ્લાં ત્રીસ વર્ષથી જોર્ડનના ખરા રાજા બની બેઠેલા આ અંગ્રેજ અધિકારીને બરતરફ કરવાનું કામ જેવું તેવું ન હતું. પ્રશ્ન ગ્લબની બરતરફીનો ન હતો પણ જોર્ડનના ઈતિહાસનો પ્રવાહ બદલવાનો હતો.

માર્ચની બીજીએ સ્તબ્ધ દુનિયાએ જાણ્યું કે સોળ લશ્કરી ટેન્કના પહેરા નીચે, પહેરેલાં કપડે, ગ્લબને એક ખાસ વિમાન દ્વારા ઇંગ્લેન્ડ ભેગા કરી દેવામાં આવ્યા. બ્રિટિશ સરકારે આ બરતરફી અંગે "ઊંડો આઘાત" વ્યક્ત કર્યો. 'લંડન ટાઇમ્સે' એને "સર્વથા દુષ્ટ" અને "બ્રિટનની પ્રતિષ્ઠાનું ગણતરીપૂર્વકનું અપમાન" કહ્યું. 'ન્યુ યોર્ક ટાઇમ્સે' આમાં "મધ્યપૂર્વનું ગાંડપણ" જોયું. જ્યારે જેરૂસલેમથી જાકાર્તા સુધીનાં એશિયાનાં પાટનગરોમાં આનંદ અને ગર્વનું મોજું ફરી વળ્યું. સમગ્ર પશ્ચિમ એશિયાનાં વર્તમાનપત્રોએ ગ્લબની બરતરફીમાં આરબવાદનો વિજય જોયો. કેરોના અર્ધ સરકારી વર્તમાનપત્ર "અલ ગુમહુરિયા"-એ લખ્યું કે: "રાજા હુસેને આ પગલાથી જોર્ડનના લશ્કરને પરદેશી હકૂમતશાહીથી મુક્ત કર્યું છે."

શા માટે ફરજ પડી?

ખરી વાત એ છે કે જનરલ ગ્લબને બરતરફ કરી રાજા હુસેને જોર્ડનની સાચી સ્વતંત્રતા પ્રાપ્ત કરી. બ્રિટનની આરબ દુનિયામાં જે રહીસહી પ્રતિષ્ઠા હતી તેને આ બરતરફીએ નામશેષ કરી દીધી. પણ મુખ્ય વાત તો જોર્ડનની સ્વતંત્રતાની જ હતી. એમ ન હોત તો જોર્ડનના પાટનગર અમ્માનના નાગરિકો ત્રણ દિવસ સુધી આનંદથી ગાંડાઘેલા થઈ નાચ્યા ન હોત. આરબ રાજ્યોના પાટનગરોમાંથી રાજા હુસેનને સ્વતંત્રતા પ્રાપ્ત થાય એ સમયે મળે તેવાં અભિનંદનો મળ્યાં હોત અને રાજા હુસેને પોતે બરતરફીના દિવસને "પવિત્ર દિવસ" તરીકે જાહેર ન કર્યો હોત. હર્ષઘેલ થયેલી જોર્ડનની પ્રજા સમક્ષ પ્રવચન કરતાં રાજા હુસેને કહ્યું કે: "મને શ્રદ્ધા છે કે આપણા ચોરાએલા હક્કો ફરી વાર મેળવવાના કાર્યમાં ખુદા મદદ કરશે."

ચોરાએલા હક્કો કરતાં પણ મોટો પ્રશ્ન જોર્ડન સાથે અસ્તિત્વનો હતો. જોર્ડનનું અસ્તિત્વ જ લંડનમાં નક્કી થ[યું] હતું અને લંડનની થેલીના જોરે જોર્ડનનું નાનું રાજ્ય ન[ભે] છે. જોર્ડનના બજેટનો પોણો ભાગ બ્રિટિશ સરકાર[ની] તિજોરીમાંથી આવે છે. જોર્ડનના લશ્કરનો બધો ખ[ર્ચ] બ્રિટન આપે છે. જોર્ડન પાસે પેટ્રોલ પણ નથી. નહિ [તો] પેટ્રોલના બળે પણ આવું આકરું પગલું ભરવાની હિંમ[ત] આવત. છેલ્લા એક સૈકાથી ગવાએલી બ્રિટિશ પ્રતિષ્ઠા આર[બ] દેશોમાં છિન્નભિન્ન થઈ જાય એવું પગલું, સાવ શબ્દાર્થ[માં] બ્રિટનની થેલીના શ્વાસે જીવતાં, જોર્ડનને ભરવાની શા મા[ટે] ફરજ પડી?

ઇજિપ્તની દોરવણી, સાઉદી અરેબિયાના પૈસા, બગદ[ાદ] કરાર અને જોર્ડનના લશ્કરમાં રાષ્ટ્રવાદનો જુવાળ—[આ] બધાં કારણો ગ્લબની બરતરફી માટે આપવામાં આવે [છે.] ચીતરી ચડે એવા આત્મસંતોષથી અઠ્ઠાવન વર્ષના ગ્લ[બે] પોતે બરતરફ કેમ થયા એનો અહેવાલ એક લેખમા[ં] દ્વારા આપ્યો છે. ગ્લબ કહે છે કે: "મારી અને રા[જા] હુસેનની ઉંમરનો ફરક મારી બરતરફીનું કારણ હોય એમ મ[ને] લાગે છે." રાજા હુસેને એવું જણાવ્યું છે કે લશ્કરમાં[થી] લાંચરૂશ્વત કાઢવામાં ગ્લબ નિષ્ફળ નીવડયા એ માટે તે[મ]

[સંસ્કૃતિ, એપ્રિલ '૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બરતરફ કરવા પડ્યા. રાજા હુસેન અને જનરલ ગ્લબના ખુલાસા સાવ છીછરા છે. ખરી રીતે તો ગ્લબ અને રાજા હુસેન એ બન્ને પશ્ચિમ એશિયામાં ભજવાતા મહાન અને રોમાંચક નાટકનાં અસહાય પાત્રો જ છે. નાટકનાં મુખ્ય પાત્રો તો અમેરિકા, રશિયા, બ્રિટન અને ઈજિપ્ત છે. પશ્ચિમ એશિયાની અઢળક ખનિજસમૃદ્ધિ પરના પ્રભુત્વ માટેની એક ઠંડી સાઠમારી ચાલી રહી છે.

પશ્ચિમ એશિયા

પશ્ચિમ એશિયા (જે મધ્યપૂર્વ તરીકે ઓળખાય છે) લગભગ ૩૫ લાખ ચોરસ માઈલના વિસ્તારમાં ફેલાયેલ છે. ઈજિપ્ત, ઈરાન, ટર્કી, સિરિયા, લેબેનોન, ઈરાક, સાઉદી એરેબિયા, યમન, લિબિયા, સુદાન ઈઝરાઈલ અને જોર્ડન આ પ્રદેશનાં મુખ્ય રાજ્યો છે. આ વિસ્તારની વસ્તી માત્ર આઠ કરોડની છે. હિન્દ કરતાં પશ્ચિમ એશિયાનો વિસ્તાર ત્રણ ગણો છે જ્યારે વસ્તી ચોથા ભાગની છે. સમગ્ર વિશ્વના સંબંધમાં પશ્ચિમ એશિયા પૃથ્વીના વિસ્તારનો સોળમો ભાગ છે. વિશ્વની પ્રજાનો ત્રીસમો ભાગ પશ્ચિમ એશિયામાં વસે છે.

પણ પશ્ચિમ એશિયાનું મહત્ત્વ દુનિયાના રાજકારણમાં અસાધારણ છે. પશ્ચિમ એશિયા એટલે પેટ્રોલ. દુનિયાના પેટ્રોલના પુરવઠાનો ચાલીસ ટકા જેટલો ભાગ પશ્ચિમ એશિયાના પેટાળમાં પડ્યો છે. અત્યારે દુનિયામાં પેટ્રોલનું જે ઉત્પાદન થઈ રહ્યું છે તેનો વીસમો ભાગ પશ્ચિમ એશિયામાંથી આવે છે. અમેરિકન, બ્રિટિશ, ફ્રેન્ચ અને ડચ કંપનીઓ આરબ પ્રદેશની આ અઢળક સંપત્તિનો વહીવટ કરે છે.

આ આરબ પ્રદેશનું લશ્કરી મહત્ત્વ પણ ઘણું મોટું છે રશિયા આ પ્રદેશને પોતાના નિવાસસ્થાનનો “દક્ષિણ ઉંબરો” કહે છે. આ પ્રદેશ આફ્રિકા, એશિયા અને યુરોપના સમતોલબિંદુ(Fulcrum) ઉપર આવેલ છે. આ પ્રદેશનાં બંદરો આદર્શ નૌકામથકો પૂરાં પાડે છે. વ્યૂહરચનાની દૃષ્ટિએ આ પ્રદેશનું મહત્ત્વ ઘણું મોટું છે.

બગદાદ કરાર

રશિયાની બાજુબાજુ લશ્કરી મથકો ઊભાં કરવાની પશ્ચિમનાં રાજ્યોની નીતિ છે. આથી ચારેય બાજુ અમેરિકા લશ્કરી મથકો મેળવવા પ્રયત્ન કરે છે. આટલાન્ટિક લશ્કરી કરાર જેવા લશ્કરી કરારો અગ્નિ એશિયા તથા પશ્ચિમ એશિયામાં થાય એવી જોરદાર પ્રવૃત્તિ અમેરિકાએ ડૉલરના જોરે છેલ્લાં ચારપાંચ વરસોથી શરૂ કરી છે. દુનિયાને, પોતે માની લીધેલા ‘રશિયન આક્રમણ’થી બચાવી લેવાનો અમેરિકાએ અવિચારી નિર્ણય કર્યો છે. હિન્દુસ્તાન અને ઈજિપ્તનો મોટો વિરોધ હોવા છતાં અગ્નિ એશિયા કરાર (સીઆટો)ની સંસ્થા ઊભી કરવામાં આવી છે. પશ્ચિમ એશિયામાં આવી સંસ્થા ઊભી ન થઈ એટલે પાછલે બારણેથી પ્રવેશ કરવાનું પશ્ચિમનાં રાજ્યોએ નક્કી કર્યું. આમાં બ્રિટનની આગેવાની નીચે ટર્કી, ઈરાક, ઈરાન અને પાકિસ્તાને અરસપરસ લશ્કરી કરારો કર્યા અને ૧૯૫૫ના નવેમ્બર માસમાં આ રાજ્યોની ઈરાકના પાટનગર બગદાદમાં પરિષદ ભરાઈ. આરબ રાજ્યોની આ લશ્કરી સંસ્થામાં ઈરાક સિવાય કોઈ આરબ રાજ્ય ન જોડાયું. પાકિસ્તાન તો હિન્દુસ્તાનને હેરાન કરવાના હેતુથી જ બગદાદના લશ્કરી કરારમાં જોડાયું. હિન્દુસ્તાને બગદાદ કરારનો, એકથી વધુ વાર, વિધિપૂર્વકનો વિરોધ કર્યો છે.

ઈજિપ્તની આગેવાની નીચે સિરિયા, સાઉદી એરેબિયા અને લેબેનોને આ બગદાદ કરારનો બહિષ્કાર કર્યો. ઈજિપ્તના વડાપ્રધાન નાસેરે આ કરારમાં સ્પષ્ટ શાહીવાદ જોયો. આરબ રાજ્યો પોતાનું રક્ષણ આરબ આગેવાનોની દોરવણી નીચે કરશે. પશ્ચિમના મુરબ્બીવટની બિલકુલ જરૂર નથી. લશ્કરી કરારો ઠંડું યુદ્ધ આરબ પ્રદેશોના ઉંબરા સુધી લાવે છે. નાસેરે આમ જવાહરલાલ નેહરુની નીતિ અખત્યાર કરી છે. પશ્ચિમનાં રાજ્યોએ ઈજિપ્તને શસ્ત્રો આપવાની ના પાડી. ઈજિપ્તે આથી પશ્ચિમનાં ગાત્ર ઢીલાં કરી નાખે એવી જાહેરાત કરી કે સામ્યવાદી દેશોમાંથી ઈજિપ્તને શસ્ત્રો મળે એવી જોગવાઈ થઈ છે. પ્રજાસત્તાક ઈજિપ્તે સુએઝની નહેર પરથી બ્રિટનની હકુમત હઠાવી અને હવે તે સમગ્ર પશ્ચિમ એશિયામાંથી ગોરી પ્રજાની અસર નાબૂદ કરવા માગે છે.

ઈઝરાઈલ

પશ્ચિમ એશિયાના રાજકારણમાં એક બીજો મહત્ત્વનો પ્રશ્ન યહૂદી રાજ્ય ઈઝરાઈલનો છે. ૧૯૪૮માં પેલેસ્ટાઈનના ભાગલા થયા અને આરબ પ્રજાના પ્રચંડ વિરોધની પરવા કર્યા વિના અમેરિકન ડૉલર અને શસ્ત્રસામગ્રીના જોરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈઝરાઈલની સ્થાપના થઈ. યહૂદીઓનું રાજ્ય આરબ પ્રદેશ-ની છાતીમાં ખંજર છે એમ આરબો માને છે. કોઈ પણ હિસાબે ઈઝરાઈલનું નામ નકશા પરથી ભૂંસાઈ જાય એવા પ્રયત્નો આરબ રાજ્યો કરે છે. ઈઝરાઈલે આક્રમકવૃત્તિ રાખી છે. લગભગ નવ લાખ આરબોને હાંકી કાઢી યહૂદી-ઓએ પોતાનું રાજ્ય સ્થાપ્યું છે. મોટા ભાગના નિરાશ્રિત આરબો જોર્ડનમાં જઈને વસ્યા છે. જોર્ડનના રાજકારણમાં પેલેસ્ટાઈનના નિરાશ્રિત આરબોએ બહુ આગળ પડતો ભાગ લેવા માંડ્યો છે.

બ્રિટનની એવી ઇચ્છા હતી કે જોર્ડન બગદાદ કરારમાં જોડાય. આમ તો જોર્ડન બ્રિટનનું જ ખંડિયું રાજ્ય હોય એવી એની દશા છે. પહેલા વિશ્વયુદ્ધ બાદ ટર્કીના ઑટોમન સામ્રાજ્યનું વિસર્જન થયું અને પશ્ચિમ એશિયાનાં નાનાં રાજ્યોનું સર્જન થયું. ૧૯૨૦ના ઑગસ્ટની સેવ્ર–સંધિના પરિણામે સિરિયા, ઈરાક, લેબેનોન પેલેસ્ટાઈન અને ટ્રાન્સ જોર્ડનનાં રાજ્યો થયાં. ફ્રેન્ચ અને બ્રિટિશ હિતોનું સમાધાન કરવા આ નાનાં રાજ્યોની રચના કરવામાં આવી.

આરબ લીજીઅન

૧૯૨૩ના એપ્રિલમાં રાજા હુસેનના પિતા અમીર અબ્દુલ્લાને ટ્રાન્સ જોર્ડનના અમીર તરીકે સ્વીકારવામાં આવ્યો. ધીમે ધીમે બ્રિટને સત્તા પોતાના ખંડિયા અમીરને આપી અને છેવટે ૧૯૪૬માં અમીર અબ્દુલ્લા જોર્ડનનો રાજા થયો.

જોર્ડનનો વિસ્તાર ત્રીસ હજાર ચોરસ માઈલનો છે અને વસ્તી માત્ર સાડાબાર લાખની છે. બીજી રીતે કહીએ તો જોર્ડનનો વિસ્તાર સૌરાષ્ટ્રના વિસ્તાર કરતાં દોઢો છે અને વસ્તી સૌરાષ્ટ્રની વસ્તીના ત્રીજા ભાગથી ઓછી છે. પણ આ ખોબા જેવડા રાજ્યનું વ્યૂહરચનાની દૃષ્ટિએ મહત્ત્વ એટલું બધું છે કે આ રાજ્ય પર પોતાનું પ્રભુત્વ જાળવવા બ્રિટન દર વરસે ૧૫ કરોડ રૂપિયાનું ખર્ચ કરે છે. જોર્ડનની ઉત્તરે સિરિયા, પશ્ચિમે ઈઝરાઈલ, દક્ષિણે સાઉદી એરેબિયા અને પૂર્વમાં ઈરાક આવેલાં છે. જોર્ડનમાં પેટ્રોલ નથી. પણ પેટ્રોલની પાઈપ લાઈનો જોર્ડનમાંથી બંદરો તરફ જાય છે. વિમાનવ્યવહારની દૃષ્ટિએ પણ જોર્ડનનું મહત્ત્વ છે.

જોર્ડનનો બ્રિટને બધી દૃષ્ટિએ પોતાના લશ્કરી મથક તરીકે છેલ્લાં ત્રીસ વરસથી ઉપયોગ કર્યો છે. 'આરબ લીજીઅન' નામનું સૈન્ય બ્રિટને પોતાના ખર્ચે જોર્ડનમાં ઊભું કર્યું. જનરલ ગ્લબ ૧૯૨૬થી આ લશ્કર સાથે જોડાયેલા હતા. એણે આરબ તરીકે રહેવા માંડ્યું હતું અને પોતાની જાતને તે ગ્લબ પાશા તરીકે ઓળખાવતા. આ લશ્કરના નિભાવ માટે ઇંગ્લેન્ડ જોર્ડનને દર વરસે ૧૦ કરોડ રૂપિયા આપે છે. સમગ્ર પશ્ચિમ એશિયામાં આરબ લીજીઅન જેવું કેળવાયેલું અને આધુનિક શસ્ત્રોથી સજ્જ એવું કોઈ સૈન્ય નથી. આરબ લીજીઅનમાં વીસ હજાર સૈનિકો છે.

આરબ લીજીઅન જોર્ડનની ખરી સત્તા હતી અને એનો સેનાપતિ ગ્લબ પાશા જોર્ડનનો સાચો રાજા હતો. આમ ગ્લબ દ્વારા બ્રિટન જોર્ડન પર તો આધિપત્ય ભોગવતું, પણ એ સાથે સમગ્ર પશ્ચિમ એશિયામાં આ સત્તાને પ્રતાપે પોતાની આણ ફેલાવી શકતું.

પ્રજાનો બળવો

આમ છતાં બ્રિટનને એમ લાગ્યું કે જોર્ડને બગદાદ કરારમાં સામેલ થઈ જવું જોઈએ. કોઈ આરબ રાજ્ય કરારમાં આવતું ન હોય તો છેવટે ખંડિયા જોર્ડનને બગદાદ કરારમાં ભેળવવાથી આબરૂ સચવાશે એમ બ્રિટનને લાગ્યું. આથી જોર્ડન પર દબાણ શરૂ થયું. બીજી બાજુ સાઉદી એરેબિયા, સિરિયા અને ઈજિપ્તે સામ્રાજ્યવાદી બગદાદ કરાર સામે આરબ પ્રજામાં પ્રચંડ આંદોલન ઊભું કર્યું. કેરો રેડિયો એકશ્વાસે બગદાદ કરાર વિરુદ્ધની દલીલો આપે રાખતો હતો. બ્રિટનને જોર્ડનમાં લશ્કરી અને હવાઈ મથકો રાખવાની છૂટ છે તે સામે પણ કેરો રેડિયોએ પ્રચાર શરૂ કર્યો. રશિયાનો તો દેખીતી રીતે ઊંડો વિરોધ હતો જ. આરબ અખબારોએ જાહેર કર્યું કે ગ્લબ પાશા બ્રિટિશ સામ્રાજ્યવાદનું પ્રતીક છે. પરિસ્થિતિ એવી ઊભી થઈ કે બ્રિટનનું ખૂબ દબાણ હોવા છતાં અમેરિકાએ પણ આ અળખામણા બગદાદ કરારમાં જોડાવાની ના કહી. બ્રિટનની પ્રતિષ્ઠા કરતાં અમેરિકાને મન પશ્ચિમ એશિયાના પેટ્રોલના કૂવાની વધુ કિંમત હતી. અલબત્ત, અમેરિકાએ બગદાદ કરારને બધી જ આર્થિક અને લશ્કરી મદદ કરી.

[સંસ્કૃતિ, એપ્રિલ '૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી પરિસ્થિતિમાં બ્રિટને જોર્ડનને બગદાદ કરારમાં જોડાવા ‘સમજાવવા’ બ્રિટનના સેનાપતિ ટેમ્પલરને ગયા ડિસેમ્બરમાં જોર્ડનના પાટનગર અમનમાં મોકલ્યા. આ અસાધારણ પગલું હતું. ટેમ્પલર રાજા હુસેન ઉપર દબાણ લાવવા અમન આવ્યા. એ પહેલાં જનરલ ગ્લબે પૂરતું દબાણ કર્યું હતું. ડિસેમ્બરની શરૂઆતમાં રાજા હુસેન બગદાદ કરારમાં જોડાવા લગભગ તૈયાર થઈ ગયા હતા. આરબ લીજીઅનનો બધો જ ખર્ચ અને જોર્ડનની સરકારનો મોટા ભાગનો ખર્ચ બ્રિટન આપતું બંધ થઈ જશે તો શું થશે એવી ભીતિથી રાજા હુસેન ગભરાઈ ગયા. તેમણે સૈયદ અલ મુફતીનું પ્રધાનમંડળ એટલા માટે બરતરફ કર્યું કે વડાપ્રધાન મુફતી બગદાદ કરારનો વિરોધ કરતા હતા. જોર્ડનમાં તોફાનો ફાટી નીકળ્યાં. રાજાએ પાર્લામેન્ટ વિખેરી નાખી અને સૈયદ અલ મુફતીને સ્થાને બ્રિટિશ-તરફી હાઝા મહલાની વડાપ્રધાન તરીકે નિમણૂક કરી. પણ તે ત્રણ જ દિવસ સત્તા પર રહી શકયા. જોર્ડનની પ્રજાએ બગદાદ કરાર વિરુદ્ધ બળવો પોકાર્યો હતો. એ પછી રાજા હુસેને, ઈબ્રાહીમ હસનની વડાપ્રધાન તરીકે નિમણૂંક કરી. ઈબ્રાહીમ હસનને પણ સોળ દિવસ પછી સત્તા છોડવી પડી. આખરે સામેર અલ રીફાઈની વડાપ્રધાન તરીકે નિમણૂક થઈ. રીફાઈએ સત્તા પર આવતાં પહેલાં એવી સ્પષ્ટ જાહેરાત કરી હતી કે તે કોઈ પણ સંજોગોમાં બગદાદ લશ્કરી કરારને ટેકો આપશે નહીં. રીફાઈ હજુ સત્તાસ્થાને છે.

કેરો જૂથનાં રાજ્યો

જોર્ડનની પ્રજાની લાગણી આટલી ઉત્કટ દશામાં હતી ત્યારે ટેમ્પલર અમન આવ્યા અને અમનમાં ટેમ્પલર વિરોધી અભૂતપૂર્વ તોફાનો થયાં. ટેમ્પલર તો તરત લંડન ભેગા થયા પણ જોર્ડનની પ્રજાના વિરોધને જનરલ ગ્લબના આરબ લીજીઅને ક્રૂરતાપૂર્વક દાબી દીધો. આ ડિસેમ્બર ૧૯૫૫માં બન્યું. દમન એટલું ઉગ્ર હતું કે આરબ લીજીઅનના કેટલાક લશ્કરી અમલદારોએ બ્રિટિશ સેનાપતિ સામે બળવો કરી જેલ વહોરી લીધી. ગ્લબ પાશાની બરતરફીમાં આ દમને ઓછો ભાગ ભજવ્યો નથી.

ઈજિપ્ત, સાઉદી એરેબિયા અને સિરિયાએ એવી ખુલ્લી જાહેરાત કરી કે આરબ લીજીઅનને બ્રિટિશ અમલદારોથી મુક્ત કરવું જોઈએ. આ ત્રણ રાજ્યોએ એવી પણ જાહેર બાંહેધરી આપી કે તેઓ બ્રિટન આપે છે તેટલી, લગભગ ૧૬ કરોડ રૂપિયાની, વાર્ષિક મદદ જોર્ડનને આપવા તૈયાર છે. સાઉદી એરેબિયાના પેટ્રોલની ધૂમ આવક પાસે ૧૬ કરોડ રૂપિયાની રકમ મોટી ન ગણાય. પણ સૌથી મોટી દલીલ તો આરબ રાષ્ટ્રવાદની હતી. ઇતિહાસમાં પહેલી વાર સાઉદી એરેબિયા, સિરિયા અને ઈજિપ્તનાં રાજ્યોનું લશ્કર ઈજિપ્શિયન સેનાપતિ નીચે એકત્ર થયું છે ત્યારે જોર્ડનનું લશ્કર ગ્લબ અને તેના બીજા ૭૦ જેટલા બ્રિટિશ સાથીઓના હાથમાં રહેશે? પશ્ચિમે જ સર્જેલી આરબ લીગ કરતાં કેરો જૂથનાં રાજ્યો આશ્ચર્યજનક નિર્ણયાત્મક શક્તિથી કામ કરી રહ્યાં છે.

ગ્લબની બરતરફીનું ખરું કારણ ડિસેમ્બરનાં તોફાનો સમયે થયેલું દમન અને આરબ લીજીઅનના આરબ અમલદારોનો ગુપ્ત બળવો હતું. સાઉદી એરેબિયાના રાજાએ કરોડો રૂપિયા જોર્ડનને આપ્યા અને ઈજિપ્તે લશ્કરી દબાણ કર્યું એથી ગ્લબનો બરતરફી થઈ એવી વાતો વજૂદ વગરની છે એમ ‘લંડન ટાઇમ્સ’ના લશ્કરી સંવાદદાતા પણ કબૂલ કરે છે.

ઑફિસરોનું આઝાદી-જૂથ

આ સંવાદદાતા માર્ચ ૨૭ના ‘લંડન ટાઇમ્સ’માં લખે છે કે છેલ્લા કેટલાક સમયથી આરબ લીજીઅનમાં એક ખાનગી “ઑફિસરોનું આઝાદી-જૂથ” ઊભું થયું હતું. ૩૪ આરબ ઑફિસરો આ ગુપ્ત જૂથના સભ્યો હતા. લેફ્ટનન્ટ કર્નલ અલી અબુ નવાર આ જૂથનો આગેવાન છે. અત્યારે અબુ નવાર આરબ લીજીઅનનો મુખ્ય અધિકારી બન્યો છે. ગ્લબ પાશાનો તે મોટો વિરોધી હતો. ગ્લબની બરતરફી સમયે અબુ નવાર રાજાનો મુખ્ય એ.ડી.સી. હતો. ગ્લબની બરતરફી પછી તુરત જનરલ ઇનાબ ગ્લબના સ્થાને આવ્યા. પણ ખરી સત્તા અબુ નવાર પાસે છે.

અબુ નવારની આગેવાની નીચે જુવાન આરબ અફસરોએ રાજા હુસેનને એવી આડકતરી સૂચના આપ્યાનું માનવામાં આવે છે કે ગ્લબને સાચવવા જતાં રાજા હુસેન પોતાનું રાજ્ય ખોઈ બેસશે. ૧૯૫૨માં નગીબ અને નાસેરની આગેવાની નીચે ઈજિપ્તનો રાજા ફારૂક પદભ્રષ્ટ થઈ શકે તો રાજા હુસેનનું શું ગજું? રાજા હુસેને ઇંગ્લેન્ડમાં વિદ્યાભ્યાસ કર્યો છે. તેની ઈજિપ્શિયન રાણી દીના કેમ્બ્રિજ

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુનિવર્સિટીની ગ્રૅજ્યુએટ છે. રાજા હુસેન ફાઝ્ઝ જેવો મૂર્ખ કે વિલાસી નથી. એણે તરત જ નિર્ણય કર્યો કે ગ્લબ જવો જોઈએ અને માર્ચની બીજી તારીખે જનરલ ગ્લબ અને બીજા દસ બ્રિટિશ ઑફિસરો બરતરફ થયા. આ સાથે રાજા હુસેને એવી પણ જાહેરાત કરી કે તે બ્રિટન સાથેની મૈત્રી તોડવા ઇચ્છતા નથી. આથી હાલ પૂરતી તો પંદર કરોડ રૂપિયાની બ્રિટિશ મદદ ચાલુ રહી છે.

આડકતરું જોડાણ

ગ્લબની બરતરફી પછી કૈરોમાં આરબ રાજ્યોના ત્રણ વડાઓની—ઈજિપ્તના વડાપ્રધાન નાસેર, સાઉદી એરેબિયાના રાજા સાઉદ અને સિરિયાના પ્રમુખ અલકુવાતલી—મંત્રણા ગોઠવાઈ. જોર્ડનના રાજા હુસેનને આ મંત્રણામાં હાજર રહેવાનું નિમંત્રણ મળ્યું અને રાજા હુસેન કૈરો ન આવી શકે તો કૈરો જૂથના આ ત્રણે વડાઓએ અમન જવાનું ઠરાવ્યું. આરબ રાજ્યોની એકતામાં ઈરાક આડખીલી છે. પણ જોર્ડન બરાબર કૈરો જૂથમાં સામેલ થઈ જાય પછી ઈરાક માટે સ્થિતિ કફોડી બને. રાજા હુસેને મંત્રણામાં ભાગ લેવાની સાફ ના પાડી પણ એ સાથે સાથે એણે બ્રિટન સાથે મંત્રણા કરી એ જાહેર કર્યું કે આરબ લીજીઅનમાં સાવ જરૂરી એવા ટેકનીશિયનો અને તાલીમ આપનારા અફસરો તરીકે જ થોડા બ્રિટિશરો રહેશે. આરબ લીજીઅનનું આરબીકરણ રાજા હુસેને ત્વરાથી કરવા માંડ્યું છે.

રાજા હુસેન કૈરો મંત્રણામાં સામેલ ન થયા એટલે ઘાયલ થયેલા બ્રિટિશ સિંહને, ઘા ઉપર કોઈ ફૂંકે અને સંતોષ થાય એવો ક્ષણિક સંતોષ થયો છે. પણ જોર્ડને માર્ચની ૨૩મી તારીખે એક મહત્ત્વનું પગલું ભર્યું. આરબ લીજીઅનના નવા આરબ સેનાપતિ એનાબ અને સિરિયન લશ્કરીના સેનાપતિ શૌકતે એવા કરાર કર્યા કે સિરિયા અને જોર્ડનની ઈઝરાઈલ સાથેની લગભગ સાડાચારસો માઈલની સરહદ પર ગમે તે એક પર હુમલો થાય તો પણ બીજાએ પોતાના ઉપર હુમલો થયો છે એમ સમજવું. સિરિયાને, ઈજિપ્ત અને સાઉદી એરેબિયા સાથે આવા કરારો છે. રાજા હુસેન કૈરો મંત્રણામાં ન ગયા પણ કશીયે ધાંધલ કર્યા વિના શાંતિથી તેમણે જોર્ડનને, ઈજિપ્ત–સાઉદી એરેબિયા–સિરિયાના લશ્કરી કરાર સાથે આડકતરી રીતે જોડી દીધું છે. કૈરો જૂથનાં આરબ રાજ્યોને આથી સંતોષ થયો છે. આરબ લીજીઅનનો સેનાપતિ ગ્લબ હોત તો આ ન થઈ શક્યું હોત. જોર્ડને સ્પષ્ટ જોઈ લીધું છે કે સ્વતંત્ર આરબ રાજ્યો સાથે રહેવામાં જ એનું ભવિષ્ય વધુ સલામત છે. ઈરાક પણ આ હકીકત સમજી ગયું હોય એવાં ચિહ્નો દેખાઈ રહ્યાં છે.

વિખ્યાત ફ્રેન્ચ માર્શલ લિયોતીએ પશ્ચિમ એશિયાનાં આરબ અને મુસ્લિમ રાજ્યોને નગારાની ઉપમા આપેલી. ઉપમાનું વિવરણ કરતાં લિયોતીએ કહ્યું હતું કે ગમે તે ભાગમાં નગારાને થપાટ મારો અને આખું નગારું અવાજથી ધ્રૂજી ઊઠવાનું. જોર્ડનના ૨૧ વરસના રાજા હુસેને આ નગારાને થપાટ મારી છે. લિયોતીના વિવરણમાં ઉમેરણ એટલું જ કરવાનું રહે છે કે એ થપાટથી નગારું નહીં, પણ નગારાનો છેક છેલ્લા શ્વાસ લગી કબજો નહીં છોડવા પ્રયત્ન કરતાં, પશ્ચિમનાં પાટનગરો ધ્રૂજી ઊઠ્યાં છે.

મુંબઈ : માર્ચ ૩૦, '૫૬

ગાડાવાટે

બળદડોકના ઘૂઘરા સૂણું રોજ હું ભાંગતી રાતે:
કોણ જતું ને આવતું રે નિત ગામની ગાડાવાટે ?

કણકણ રજની કિચૂડનાદે સાંભળું હું કચરાતી,
સ્મૃતિ મુજ સત્વર વતનગામને પાદર પ્હોંચી જાતી,
સારસને સ્વર નીરવ રજની તૂટતી તલાવઘાટે.

બળદ૦

કલ્પી રહું: ઈદચાંદમાં ઝાંખી ચળકે અરબી રેતી,
પ્રલંબ ઓળે કારવાં ઢૂંઢી દૂર નગર કો લેતી,
બુલંદ દરવાજા ઊઘડે જ્યાં બાંગ શું કિચૂડાટે.

બળદ

આમ જ એક દી નીકળી હોશે વડવાની વણઝારે,
રેત કુમારી પીલતી પૂગી સંસ્કૃતિના સિંહદ્વારે,
મન મારું ઊપડી રે જાતું દૂરના રઝળપાટે.

બળદ

ઉશનં

[સંસ્કૃતિ, એપ્રિલ '૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ગીતાધર્મ'નું પરિશીલન

પંડિત સુખલાલજી

જે ધર્મો દરેક પ્રતિષ્ઠિત ધર્મપરંપરાનાં આવશ્યક અંગો છે અને જેનું જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ગૌરવપૂર્ણ સ્થાન છે તે ધર્મોનો સામાન્ય રીતે નિર્દેશ કરી તેના ઉપર સમાજની દૃષ્ટિએ વિવેચન કે નિરૂપણ ન કરતાં, કાકા કાલેલકરે તે ધર્મોને ગીતાનો આશ્રય લઈ, 'ગીતાધર્મ' તરીકે નિર્દેશી તેના ઉપર સમાજશાસ્ત્ર લખ્યું છે અથવા સામાજિક દૃષ્ટિએ તે ધર્મોની ઉપયોગિતાનું નિરૂપણ કર્યું છે તેનું શું કારણ? આ પ્રશ્ન સહજ જ ઊઠે છે. ગીતાનું અનન્ય–સાધારણ આકર્ષકપણું એ જ આ પ્રશ્નનો સીધોસાદો ઉત્તર છે. ગીતાના એ જ મૌલિક આકર્ષકપણાએ હજારથી વધારે વર્ષ થયાં અનેક વિદ્વાનો અને સંતોને પોતા વિષે ચિંતન કરવા, લખવા અને જીવન ઘડવા પ્રેર્યા છે. એવી સ્થિતિમાં કાકા જેવા બહુશ્રુત, સ્વતંત્રદ્રષ્ટા અને પ્રયોગવીર ગીતાનો આશ્રય લઈ તેમાં પ્રતિપાદિત દૈવીસંપત્ તરીકે ગણાવાયેલ છવ્વીસ ધર્મો કે સદ્ગુણો ઉપર વિવેચન કરે તો એ જરાયે અસ્થાને નથી. પણ અહીં એ સવાલ તો ઊભો થાય જ છે કે અનેક ધર્મ-ગ્રંથો એક અથવા બીજી રીતે આકર્ષક તો છે જ, તેમાં ગીતાનું જે અનન્ય–સાધારણ આકર્ષકપણું છે તે શા કારણે?

એના એવા આકર્ષકપણાનાં મુખ્ય અંગો મને પોતાને નીચે પ્રમાણે જણાય છે :

(૧) પ્રશ્નોત્તર-પદ્ધતિ. બૌદ્ધ પિટકો, જૈન આગમો કે અન્ય કોઈ પણ ધર્મગ્રંથ જોઈએ તો તેમાં મુખ્યપણે પ્રશ્નોત્તરરૂપે જ ચર્ચા થયેલી દેખાય છે; સંવાદશૈલી એ ચર્ચાની સ્પષ્ટતાનું આવશ્યક અંગ બની ગઈ છે. પણ અન્ય ગ્રંથોની સંવાદશૈલી અને ગીતાની સંવાદશૈલી વચ્ચે મહત અંતર છે, એ જ એના આકર્ષકપણાનું એક પ્રાથમિક અંગ છે. અન્ય ધર્મગ્રંથોમાં કોઈ જિજ્ઞાસુ સીધી રીતે ગુરુને જઈ પ્રશ્ન કરે છે અને ગુરુ પણ સીધી રીતે જ જવાબ આપે છે, જ્યારે ગીતામાં તેમ નથી. એમાં પ્રશ્નોત્તરની માંડણી એવી ઉઠાવદાર, એવી કુતૂહલવર્ધક થઈ છે કે તેને લીધે શ્રોતા અને વાચકની જિજ્ઞાસા ખુદ ધૃતરાષ્ટ્ર કરતાં પણ અનેકગણી તીવ્ર બની જાય છે. ગીતાકારે સામસામે શસ્ત્ર ફેંકવા કેડ બાંધી ઊભાં રહેલાં બંને પ્રતિસ્પર્ધી સૈન્યો વચ્ચે જ અર્જુનને મોઢે ધર્મ-વિષયક પ્રશ્ન કરાવ્યો છે, અને યુદ્ધના અંતિમ નિર્ણયમાં જેમનો અગત્યનો ફાળો હતો અને જે સારથિરૂપે દોરવણી પણ આપવા કબૂલ થયેલ એ શ્રીકૃષ્ણને મુખે જ એ પ્રશ્નનો વિસ્તૃત જવાબ અપાવ્યો છે. એક તો યુદ્ધવૃત્તિ જ લોકોને સહેજે ભાવતી વસ્તુ છે. એનો રસ જાગ્યા પછી માણસ મરણપર્યંત પાછી પાની નથી કરતો. બીજું એ કે જે યુદ્ધમાં સીધું ઝંપલાવી ન શકે તેને પણ એ નજરે જોતું ગમે જ છે. જ્યાં નજરે જોવાની શક્યતા ન હોય ત્યાં પણ યુદ્ધસ્ય વાર્તા રમ્યા એ ઉક્તિ તો કામ કરે છે. તેથી ધૃતરાષ્ટ્ર કરતાં પણ તીવ્ર જિજ્ઞાસા આપણામાં એ જાગે છે કે બધું તો ઠીક, પણ કૃષ્ણનાં લાંબાં લાંબાં વ્યાખ્યાનોને અંતે અર્જુને નિર્ણય શો કર્યો? અને તેનું પરિણામ શું આવ્યું? સંજય દ્વારા ધૃતરાષ્ટ્રની જિજ્ઞાસા પૂર્ણપણે સંતોષાઈ હશે કે નહિ તે તો તે જાણે, પણ આપણે જ્યારે કરિષ્યે વચનં તવ એ ઉદ્ગાર અર્જુનના મુખમાંથી સાંભળીએ છીએ અને તેનો પાકો યુદ્ધ-નિર્ણય જાણીએ છીએ ત્યારે આપણને એટલી તો નિરાંત વળે જ છે કે હવે યુદ્ધ બંધ પડવાનું નથી અને બન્યું પણ તેમ જ.

નૈમિષારણ્યમાં કે બીજા તપોવનમાં પણ ધર્મ અને તત્ત્વજ્ઞાનની ચર્ચા ચાલતી હોય તોયે ભારતીય માનસ બધું કામ છોડી એ તરફ વળે છે ત્યારે અહીં તો યુદ્ધભૂમિ ઉપર જ ધર્મ અને તત્ત્વજ્ઞાનના પ્રશ્નો ઝીણવટથી ચર્ચાય છે અને તે પણ યુદ્ધની કાર્યાકાર્યતાને ઉદ્દેશીને જ, એટલે સ્વાભાવિક રીતે જ ગીતાની આ શૈલી બહુ રોચક બની છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) ગીતાના આકર્ષકપણાનું બીજું મુખ્ય અંગ તે એમાં ચર્ચાયેલા વિષયોની પસંદગી અને તે પાછળ રહેલી ગીતાકારની દૃષ્ટિ. પોતાના સમય સુધીમાં જે જે ધાર્મિક અને તાત્ત્વિક મુખ્ય મુખ્ય પરંપરાઓએ ભારતીય માનસ ઉપર કબજો જમાવ્યો હતો, તે બધી પરંપરાઓને સંક્ષેપમાં આવરી લઈ ગીતાકારે પોતાની દૃષ્ટિએ તેની મીમાંસા કરી છે અને તેમાંથી પોતાની એક સુનિશ્ચિત દૃષ્ટિ ફલિત કરી છે. એ દૃષ્ટિ તે કર્મયોગની અર્થાત્ ફલેચ્છાત્યાગની. ભારતીય માનસ ઉપર મોક્ષ-પુરુષાર્થની અને તેના અંગ લેખે નિવૃત્તિ-માર્ગની એવી ઊંડી છાપ પડી હતી કે જેને લીધે જીવન-વ્યવસાયમાં પડેલ દરેક પ્રવૃત્તિશીલ માણસ મોક્ષ અને નિવૃત્તિની વાતોમાં જેટલો રસ લેતો, તેટલો સ્વીકારેલ પ્રવૃત્તિમાં ભાગ્યે જ રસ લેતો. એથી ન તો તેની જીવન-ક્ષેત્રવિષયક પ્રવૃત્તિ યોગ્ય રીતે સધાતી અને ન મોક્ષની આકાંક્ષા પૂરી પડતી. એવી પ્રજાવ્યાપી અસમંજસ સ્થિતિમાં ગીતાકારે યુદ્ધને વિષે જીવનયુદ્ધને લગતી દૃષ્ટિ સ્પષ્ટ કરી. અનાસક્તિપૂર્વક પ્રવૃત્તિ કરવાની આ દૃષ્ટિ નવી તો ન જ હતી, પણ ગીતાકારે જેવા સંયોગોમાં અને જેવી રીતે તેની ચોખવટ કરી છે તે બેશક અપૂર્વ હોઈ ભારે આકર્ષક બની છે.

(૩) આકર્ષકપણાનું ત્રીજું મહત્ત્વનું અંગ તે ગીતાની પ્રતિપાદન-કલા અને કવિતા. ગીતાકારે સાંખ્ય તત્ત્વજ્ઞાન, યોગમાર્ગ, ભક્તિમાર્ગ, યજ્ઞપરંપરા આદિ અનેક વિષયોને ઠીક ઠીક વિસ્તારથી છણ્યા છે, એટલું જ નહીં પણ તેણે દશમા અને અગિયારમા અધ્યાયમાં અનુક્રમે વિભૂતિનિરૂપણ તેમ જ વિશ્વરૂપદર્શન દ્વારા જે કાવ્ય-કલા દર્શાવી છે તે બધું, મુખ્ય-પ્રશ્નની દૃષ્ટિએ આડકથા જેવું લાગવા છતાં પણ, તેણે છેવટે એ બધા વિષયોને અને પોતાની કલાને પોતાના મુખ્ય પ્રતિપાદ્ય વિષય—ફલેચ્છા—ત્યાગ સાથે એવી રીતે સુસંવાદીપણે યોજેલ છે કે વચ્ચે વચ્ચે નાની મોટી ગમે તેવી અસંગતિઓ આવતી હોય તે પણ તેના સુસંવાદી સૂરમાં સાવ લુપ્ત જેવી થઈ જાય છે.

ગીતાકાર કૃષ્ણના મુખે છેવટે यथेच्छसि तथा कुरु એમ કહેવડાવે છે ત્યારે આપણને એવી પ્રતીતિ થાય છે કે કૃષ્ણે અર્જુનને જે કર્મયોગ ઉપદેશ્યો, જે ફલેચ્છાત્યાગ નિરૂપ્યો તે તેણે પોતે જ અમલમાં મૂક્યો. यथेच्छसि तथा कुरु એ વચન દ્વારા કૃષ્ણ અર્જુનને એટલું જ કહે છે કે તારા પ્રશ્નોના જવાબમાં જે કંઈ કહેવાનું હતું તે મેં તો કહ્યું, હવે હું પરિણામ નિરપેક્ષ છું, તને ફાવે તેમ નિર્ણય કર.

ઉપર સૂચવેલ અને બીજાં કેટલાંક તત્ત્વોને લીધે ગીતાનું જે આકર્ષક સ્થાન સિદ્ધ થયેલું તેને જ લીધે શ્રી શંકરાચાર્યના પહેલાંના વિદ્વાનો ગીતા ઉપર લખવા પ્રેરાયેલા, જો કે એ પ્રાચીન વ્યાખ્યા કે વ્યાખ્યાઓ આજે ઉપલબ્ધ નથી; તથાપિ શ્રી શંકરાચાર્યથી માંડી આધુનિક યુગ સુધી શૈવ, વૈષ્ણવ આદિ અનેક પરંપરાઓના સુપ્રસિદ્ધ આચાર્યોએ ગીતા ઉપર સંસ્કૃતમાં લખેલી ટીકા અનુટીકાનું વિશાળ સાહિત્ય ઉપલબ્ધ છે. ગીતાના મૌલિક આકર્ષકપણામાં તેના ઉપરની નાનાવિધ સંપ્રદાયોની વિવિધ દૃષ્ટિવાળી વ્યાખ્યાઓને લીધે ઓર ઉમેરો થયો છે. સંસ્કૃતમાં લખાયેલાં ભાષ્યો અને વૃત્તિઓ ઉપરાંત ગીતાના મૌલિક આકર્ષકપણામાં અસાધારણ ઉમેરો કરનાર એક બીજું પણ સાહિત્ય છે, અને તે લોકભાષામાં રચાયેલ ગીતા ઉપરની વ્યાખ્યાઓ. તેરમા સૈકાના સુપ્રસિદ્ધ મહારાષ્ટ્રીય સંત જ્ઞાનેશ્વર પહેલાં કોઈ પણ પ્રાંતીય વિદ્વાને કે સંતે ગીતા ઉપર કંઈ લખ્યું હોય તો તે અત્યાર લગી અજ્ઞાત છે. પણ મને પોતાને એવો સંભવ લાગે છે કે કોઈ ને કોઈ દ્રાવિડ આલવાર કે નાયનાર સંતે ગીતા ઉપર દ્રાવિડ ભાષામાં કંઈક અવશ્ય લખેલ હોવું જોઈએ. જો આ સંભવ ખોટો હોય તો લોકભાષામાં પ્રથમ લખવાનું માન જ્ઞાનેશ્વરને ફાળે જ જાય છે. અત્યાર લગીની મારી તપાસમાં જે માલૂમ પડ્યું છે તે ઉપરથી એટલું કહી શકાય કે ગીતા પર બંગાળી કે હિંદી ભાષામાં કોઈએ આધુનિક યુગ પહેલાં લખ્યું નથી. ગુજરાતી ભાષામાં ગીતાના જે ટબા—અન્વયાર્થપૂર્વક વ્યાખ્યા મળે છે તે વિક્રમની ૧૭મી સદી પહેલાંના નથી. યુરોપીય વિદ્વાનોના હાથમાં ગીતા આવી ત્યારથી તેણે વિશ્વના સમગ્ર તત્ત્વજ્ઞવર્ગનું ધ્યાન ખેંચ્યું છે. તિલક અને અરવિંદે ગીતા પર હાથ અજમાવ્યો ત્યારથી તો તે ભારતીય ધર્મગ્રંથોનું એક બહુમૂલ્ય રત્ન બની ગઈ છે. એમ તો આધુનિક યુગમાં દયારામ પછી મણિલાલ નભુભાઈ વગેરેએ ગીતા પર ગુજરાતીમાં લખ્યું છે પણ છેવટે જ્યારે એને તરફ ગાંધીજીની દૃષ્ટિ વળી અને પોતે યથાવત્ જીવેલ જીવનની પદ્ધતિ અને સાર્વજનિક પ્રયોગ કરી અજમાવેલ પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચારસરણી ગીતાની વ્યાખ્યારૂપે તેમણે ઉપસ્થિત કરી ત્યારથી તો ગુજરાતી ભાષામાં અનેક રીતે ગીતા પર વિવેચન થવા લાગ્યાં છે અને અન્યભાષામાંથી ગુજરાતી ભાષામાં સંક્રમણો પણ થયાં છે.

કાકાએ મૂળમાં તો 'ગીતાધર્મ'નું સમાજશાસ્ત્ર મરાઠી ભાષામાં લખેલું. તેનું જ ગુજરાતીમાં આ રૂપાંતર છે. એમ તો કાકાએ ગુજરાતીમાં પણ ગીતાનું વિવેચન કરેલું છે, પણ તે વિવેચન અને પ્રસ્તુત સમાજશાસ્ત્ર એ બંનેનો પ્રકાર જુદો જુદો છે. પેલું વિવેચન સમગ્ર ગીતાને આવરે છે, જ્યારે પ્રસ્તુત સમાજશાસ્ત્ર સોળમા અધ્યાયમાં પ્રતિપાદિત દૈવી સંપત્ પૂરતા ભાગને જ આવરે છે.

એક કાળે પ્રજામાં પારલૌકિક સ્વર્ગની ભાવના પ્રબળ હતી. એને સિદ્ધ કરવાનો પુરુષાર્થ મોટા પાયા પર અને વિવિધ રીતે પ્રજાવ્યાપી થયો હતો. તેની સામે બીજી મોક્ષની ભાવના સબળપણે ઉપસ્થિત થઈ. તેને લીધે સ્વર્ગ ગમે તેવું સુખમય છતાં અંતે વિનશ્વર છે એમ ઠરતું ગયું. મોક્ષ એ અવિનશ્વર – શાશ્વત સુખ છે એ ભાવના જેમ જેમ બળ પકડતી ગઈ તેમ તેમ સ્વર્ગની ભાવનાને લીધે જે શાસ્ત્રનિષ્ઠા, કાર્ય–કર્મવિભાગ અને સહકારવૃત્તિ આદિ સદ્ગુણો પ્રજામાં ખીલ્યા હતા તે સદ્ગુણો અંતર્મુખ દૃષ્ટિથી વિશેષ વિચારના અને વિકાસના વિષયો તો બન્યા જ, પણ વધારામાં બીજા પણ કેટલાક નવા યમ, યોગ આદિ સદ્ગુણોને વિકાસની તક મળી. આ બધું ચાલતું હતું ત્યારે જ એક નવો વિચાર ઉદયમાં આવી રહ્યો હતો. તેનું વલણ એ હતું કે મોક્ષ ભલે શાશ્વત સુખની અવસ્થા હોય છતાં તે પારલૌકિક મોક્ષ એટલે વ્યકિતગત આધ્યાત્મિક વિકાસની જ એક ભૂમિકા છે. કોઈ વ્યક્તિ એવા વિકાસની પરાકાષ્ઠા સાધે તોયે તે તો એક અંગત અને મર્યાદિત સિદ્ધિ છે. પારલૌકિક મોક્ષને જીવનસર્વસ્વ માની ઊંડામાં ઊંડી સાધના કરનારના જીવનગત સદ્ગુણોનો વ્યાપક દૃષ્ટિએ સામાજિક ઉત્કર્ષમાં શો ઉપયોગ? આ વિચાર-વલણે લોકસંગ્રહની અગર તો સામાજિક શ્રેયની પ્રબળ ભાવનાનું રૂપ ધારણ કર્યું. સ્વર્ગની તેમ જ મોક્ષની ભાવનાના પ્રાધાન્ય વખતે જે જે ગુણોએ પ્રજાના હૃદયમાં ઘર કર્યું હતું અને જે સદ્ગુણોના વિકાસને પૂરી તક હતી તે સદ્ગુણો પ્રત્યે લોકસંગ્રહવાદીઓની જરાયે ઉપેક્ષા નહોતી; ઊલટું તેમનું કહેવું એ હતું કે જે સદ્ગુણો વિષે ગંભીર ચિંતકો વિચાર કરે છે અને જેને સાધવા પુરુષાર્થ મથે છે તે સદ્ગુણોનાં ઉપયોગની દિશા માત્ર બદલવાની છે. આથી વૈયક્તિક મોક્ષ થતો અટકશે નહીં અને સામૂહિક કલ્યાણનો માર્ગ વધારે સરળ બનશે. લોકસંગ્રહની આ ભાવનાનાં કેટલાંક બીજો તો ઈશોપનિષદ્ અને મહાયાનની ભાવનામાં પડ્યાં જ હતાં. તે બીજોને વધારે વિકસિતરૂપે ચર્ચવાનો પ્રશ્ન ગીતાકારે હાથમાં લીધો. ગીતાની લોકસંગ્રહ વિષયક મુખ્ય દૃષ્ટિ સાંપ્રદાયિક આચાર્યોની વ્યાખ્યાઓમાં સાવ ગૌણ બની ગઈ હતી. તેનો પ્રકાશ અને તેનું ઉદ્ઘાટન તિલકે ગીતારહસ્યમાં કર્યાં. તિલકે કર્મયોગ દ્વારા જે વસ્તુનું પ્રતિપાદન કર્યું છે તે મુખ્ય વસ્તુનું શ્રી અરવિંદે પૂર્ણયોગ દ્વારા પોતાની ઢબે નિરૂપણ કર્યું છે. ગાંધીજીએ એ જ કર્મયોગ કે અનાસક્તિયોગનું પોતાની સાવ અનોખી રીતે સમર્થન કર્યું છે. આ રીતે ગીતાના લોકસંગ્રહ–વિચારની ભાવના સ્પષ્ટપણે તેમ જ પ્રબળપણે સામાજિક સેવાની અને સામાજિક કલ્યાણની વિચાર-દિશામાં પરિણમી. લોકસંગ્રહ કે લોકકલ્યાણની વાતને આજે ગીતા દ્વારા એટલું બધું સમર્થન મળે છે કે હરકોઈ ચિંતક કર્મયોગીની નજર સૌથી પ્રથમ ગીતા પર પડે છે.

કાકાએ એ જ લોકસંગ્રહની બળવતી ભાવનાથી પ્રેરાઈ ગીતાધર્મનું સમાજશાસ્ત્ર લખ્યું છે. તેઓ પોતે જ નવેસર વ્યાખ્યા કરવા પાછળ પોતાની શી દૃષ્ટિ રહી છે તેનું સ્પષ્ટીકરણ 'ગીતાધર્મ'ના છેલ્લા પ્રકરણમાં 'ગીતાધર્મનું જીવન્તપણું' એ મથાળા નીચે ઐતિહાસિક દૃષ્ટિએ નાનાવિધ દાખલા-દલીલો સાથે અસરકારક રીતે કરે છે. તેમનું આ સ્પષ્ટીકરણ જેઓ પોતપોતાના ધર્મગ્રંથની 'મમી'ની પેઠે પૂજા કરે છે અને તેમાં પૂર્ણપણાનો કે અંતિમપણાનો આરોપ કરી અંતે તે ધર્મગ્રંથોને દેશકાળ–બાહ્ય જેવા અવ્યવહારુ અને માત્ર શ્રદ્ધાસ્પદ બનાવી મૂકે છે તે સૌના વિચારચક્ષુના ઉન્મેષ અર્થે નેત્રાંજનની અચૂક ગરજ સારે તેવું છે. એ આખું પ્રકરણ મનનપૂર્વક વાંચવા જેવું જ છે. અહીં તો આપણે તેમાંના કેટલાક ઉદ્ગારો જોઈએ. 'જે ધર્મગ્રંથોની મૂળ પ્રેરણા જીવનમાંની કેન્દ્રસ્થ વસ્તુઓમાંથી મળેલી હોય છે તેના વિકાસનો સહેજે અટકાવ થઈ શકતો નથી. મનુષ્યજાતિનું જીવન જેમ જેમ સમૃદ્ધ થતું જાય છે તેમ તેમ ગીતાનાં વચનોનો અર્થ વ્યાપક, ગૂઢ અને સમૃદ્ધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતો ગયો છે. આવી સ્થિતિ અનંતકાળ સુધી ટકશે એમ તો કોણ કહી શકશે? પણ ગીતાગ્રંથને હજી ઘડપણ આવ્યાનાં ચિહ્નો દેખાતાં નથી એટલું તો જરૂર કહી શકાશે' ... 'ગીતાના લેખકને જીવનધર્મનું જેટલું રહસ્ય સમજાયું હતું તેટલું જ ગીતાના શબ્દોમાં છે એમ માની લેવામાં ભૂલ છે. ગીતાગ્રંથ એ એક જીવંત વ્યક્તિ છે. તેનું જીવન ગીતાના લેખકથી અલગ, સ્વતંત્ર અને વર્ધમાન છે, એટલું સ્વીકાર્યા પછી ગીતાના મૂળ ઉપદેશને વળગી રહીને નવા દૃષ્ટિથી નવા અર્થો તેમાં જોવા એમાં સત્યનો કોઈ દ્રોહ નથી, પણ બંનેની કૃતાર્થતા જ છે.'

'ગીતાધર્મ'માં કુલે ૩૫ પ્રકરણો છે. ગીતામાં પ્રતિપાદેલા ૨૬ દૈવી ગુણો પૈકી યજ્ઞ, દાન અને તપ એ ત્રણ ગુણોને એક જ પ્રકરણમાં ચર્ચ્યા છે અને શમ-દમ એ બે ગુણ પણ એક જ પ્રકરણમાં લીધા છે. બાકીના દરેક ગુણ પર સ્વતંત્ર પ્રકરણ હોવાથી દૈવી સંપત ને લગતાં ૨૩ પ્રકરણો થાય છે. વધારાનાં ૧૨ પ્રકરણો ગીતા સમગ્રને સમજવામાં સહાયક થઈ શકે એવા કેટલાક મુદ્દાઓને સ્પર્શી તેમ જ દૈવી ગુણ-સંપત્‌ને આધારે રચાનાર સમાજ-ના સ્વરૂપને સ્પષ્ટ કરવાના ખ્યાલ લખાયેલાંથો છે. તે પ્રકરણોનો ક્રમ આ પ્રમાણે છે: ૧. ગીતાનું લોકશાસ્ત્ર; ૨. અભય; ૩. સત્ત્વસંશુદ્ધિ; ૪. ધૃતિ; ૫. શમ-દમ; ૬. તેજ; ૭. યજ્ઞ, દાન અને તપ; ૮. ક્ષમા; ૯. માર્દવ; ૧૦. આર્જવ; ૧૧. અદ્રોહ; ૧૨. અપૈશુન; ૧૩. હ્રી; ૧૪. શૌચ; ૧૫. અલોલુપત્વ; ૧૬. અચાપલ; ૧૭. નાતિમાનિતા; ૧૮. અક્રોધ; ૧૯. જ્ઞાનયોગ-વ્યવસ્થિતિ; ૨૦. સ્વાધ્યાય; ૨૧. દયા; ૨૨. અહિંસા; ૨૩. સત્ય; ૨૪. શાંતિ; ૨૫. ચાતુર્વર્ણ્ય; ૨૬. ગીતામાં હિંસા કે અહિંસા? ૨૭. બ્રહ્મ એટલે શું? ૨૮. કર્મવાદની પૂર્વપીઠિકા; ૨૯. બ્રહ્મચર્ય; ૩૦. જીવનયોગ; ૩૧. शिष्टाः प्रमाणम्; ૩૨. कर्मण्येवाधिकारस्ते; ૩૩. આશ્રમ-વ્યવસ્થા; ૩૪. ગીતામાંનું રૂપકાત્મક યુદ્ધ; ૩૫. ગીતાગ્રંથનું જીવંતપણું.

સમાજને ધારણ કરનાર લેખે દૈવીસંપતનું નિરૂપણ કરવા કાકા ઇચ્છે છે. તેથી તેમને સમાજની વ્યાખ્યા કરવાનું અને સાથે સાથે સમાજશાસ્ત્રની વિષયમર્યાદા નિરૂપવાનું પ્રાપ્ત થાય છે. માટે પ્રથમ પ્રકરણમાં તેમણે આ બધી બાબતો સ્પષ્ટ કરી છે, અને ગીતાની દૃષ્ટિ તેમ જ આર્યપરંપરા ધ્યાનમાં રાખી ગીતાના સમાજશાસ્ત્ર લોકશાસ્ત્ર તરીકે ઓળખાવ્યું છે. આધુનિક સમાજશાસ્ત્રી ઓની સમાજશાસ્ત્રવિષયક કલ્પના અને વિષયમર્યાદા કરતાં ગીતાસંમત સમાજશાસ્ત્રની કલ્પના અને વિષયમર્યાદા બહુ જ વ્યાપક છે અને તેથી જ તે લોકશાસ્ત્રનો પર્યાય બની રહે છે.

અભય એ મૂળે આધ્યાત્મિક ગુણ મનાતો આવ્યો છે એનો આધાર અમરત્વની ભાવના છે. જિજીવિષા શબ્દે વૈયક્તિક જીવનની તેમ જ હાર્દિક જીવનની ઇચ્છા પૂરતે સંકુચિત અર્થ રૂઢ થયેલો હોવાથી ભયની પરંપરા જ... છે અને સ્મૃતિકારોએ તથા નીતિવિદોએ પણ રાજતં... વર્ણવ્યવસ્થા આદિ બધાં જ તંત્રોને સુસંગઠિત રાખવા... એક ઇલાજ તરીકે ભયનું સમર્થન કર્યું છે. ઊગતા પ્રજા... માનસને ઘડવા, વિકસાવવા અને સુસંસ્કારી બનાવવા... જવાબદારી લેનાર કેળવણીકારો સુધ્ધાં ભયમૂલક તંત્રવ્યવસ્થા... ની હિમાયત કરતા આવ્યા છે. તેથી સહજ જ પ્રશ્ન થા... છે કે અભયમૂલક સમાજવ્યવસ્થાની હિમાયત કરના... કાકાએ પરંપરાગત અને શાસ્ત્રસમર્થિત ભયમૂલ... વ્યવસ્થાનો કાંઈ વિચાર અથવા ખુલાસો કર્યો છે કે નહીં આનો ઉત્તર અભયની હિમાયત કરતાં બહુ સૂક્ષ્મ અ... દીર્ઘદૃષ્ટિ વાપરી સમાધાનકારક રીતે દાખલા દલીલ સા... આપ્યો છે. એમાં એમના સ્મૃતિશાસ્ત્રવિષયક અભ્યા... અને કેળવણીકારની શુદ્ધ દૃષ્ટિ એ બંને જોવા મળે... તેમના કહેવાનો નિષ્કર્ષ એટલો જ છે કે જે પોતે ભયભી... રહે તે સમાજ તો કદી ઉત્કર્ષ સાધી શકતો જ નથી પણ જે બીજાને ભયભીત રાખવાની ગડમથલમાં જ પ... હોય તે સુધ્ધાં પોતાનો સ્થાયી અને સ્પૃહણીય ઉત્કર્ષ સા... શકતો નથી, કેમ કે તેવા ઉત્કર્ષમાં ઉપયોગી થાય એ... તેનાં શક્તિસાધનો ખોટી રીતે વપરાય અને ઘસાય છે... દૃષ્ટિથી ન ડરવા અને ડરાવવાની અભયનીતિ જ સમાજ... વ્યાપક ઉત્કર્ષ માટે આવશ્યક છે.

સત્ત્વસંશુદ્ધિના પ્રકરણમાં સામાજિક સંગઠનના સા... આધાર લેખે સત્ત્વસંશુદ્ધિનું જે વિવિધ દૃષ્ટિએ કાકા... નિરૂપણ કર્યું છે તેમાં સામાજિક વિકાસનો સંક્ષિપ્ત ઇતિહા... જ આવી જાય છે. હૃદયશુદ્ધિ એ જ સત્ત્વસંશુદ્ધિ... જેટલા પ્રમાણમાં તે હોય તેટલા પ્રમાણમાં જ સામાજિ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંગઠન ટકી શકે છે એવું યથાર્થ વિધાન કર્યા પછી પરશુરામ, વસિષ્ઠ, વિશ્વામિત્ર, રામચંદ્ર, શિવાજી આદિના પૌરાણિક અને ઐતિહાસિક દાખલાઓ ટાંકી કાકાએ ઠીક જ કહ્યું છે કે: 'શિવાજીએ હિંદુ સંગઠન કર્યું તેથી આજે આપણે જો તેટલું જ કરવા નીકળીએ તો તે કાળાનુકૂળ નહીં થાય.' વ્યક્તિ અને સમાજના અગર તો વ્યષ્ટિ અને સમષ્ટિના હિતવિરોધો ટાળવા માટે છેલ્લાં બસોત્રણસો વર્ષોમાં સમાજશાસ્ત્રીઓએ જે જે ઉપાયો વિચાર્યા છે તે બધા કરતાં સત્ત્વસંશુદ્ધિનો ઉપાય કેટલો કારગત નીવડી શકે એ મુદ્દો બહુ જ હૃદયગંમ રીતે રજૂ કરાયો છે.

સત્ત્વસંશુદ્ધિ દ્વારા કુટુંબસંસ્થાનો આંતરિક અને વ્યાપક સુધાર કરવા ઉપર ભાર આપવાને બદલે કુટુંબ-સંસ્થામાં તડ પાડતી સંન્યાસ અને શ્રમણસંસ્થાઓ મોટા પાયા ઉપર રચાઈ. તેને પરિણામે એ સંન્યાસ અને શ્રમણ-સંસ્થાઓના અને મૂળભૂત કુટુંબસંસ્થાના શા હાલહવાલ થયા તેનું હૂબહૂ ઐતિહાસિક ચિત્ર કાકાએ આલેખ્યું છે. તેમણે મોક્ષની જે વ્યાખ્યા આપી છે તે શાસ્ત્રીય હોવા ઉપરાંત વિશેષ બુદ્ધિગ્રાહ્ય અને સર્વોપયોગી છે. તેઓ જણાવે છે કે: 'ષડ્ રિપુના બંધનમાંથી કાયમનો છૂટકારો મેળવવો એ જ મોક્ષનો અર્થ છે. તદ્દન મટી જવું અને કોઈ રીતે શેષ ન રહેવું એવો મોક્ષનો અર્થ નથી. મોક્ષ પણ એક સાધન જ છે. તેનું અંતિમ સાધ્ય છે વિશ્વાત્મૈક્ય. એ જ લોકજીવનનો પરમ અને ચરમ આદર્શ છે.'

ધૃતિના પ્રકરણમાં વ્યવહારુ અને વૈજ્ઞાનિક દાખલા વડે જ્યારે કાકા ધૃતિનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે ત્યારે તે ગમે તેવા નબળાસબળાને સુધ્ધાં ધૃતિનો આશ્રય લેવાની ભૂખ જગાડે છે. નાસભાગ કરતા સૈન્યમાં જો સેનાપતિ સાચી ધૃતિવાળો હોય તો તે તેમાં પાછી કાર્યકારી એકતા સ્થાપે છે. મનુષ્યેતર પ્રાણીઓ અને મનુષ્ય વચ્ચે જે મૌલિક અંતર છે તે દર્શાવવા સાથે માણસને નવા નવા પ્રયોગો કરવામાં ધૃતિ જ ટકાવી શકે એ વિધાન કરે છે ત્યારે કાકા માણસ-જાતિના વિકાસનું રહસ્ય સ્પષ્ટ કરે છે. એકલાં જ પુરુષાર્થ કરવો એટલે બીજાને હાથા બનાવી માત્ર પોતે જ આગેવાની લેવી એવી મધ્યકાલીન એકાંગી નીતિ અને સંઘની આગેવાની ન લેવી એવી બીજી એકાંગી નીતિ એ બંનેનું નિઃસારપણું તેમણે મનોરંજક રીતે દર્શાવ્યું છે. બીજી નીતિના નિઃસારપણા માટે શ્રી રવીન્દ્રનાથ ઠાકુરે આપેલો દાખલો તેમણે નોંધ્યો છે કે ગામના હિતાર્થે આગેવાન થઈ કૂવો બંધાવનાર ફાળો ઉઘરાવવા નીકળ્યો ત્યારે તેને લોકો કહે છે—કૂવાનું પુણ્ય તને, પૈસા અમારા?

શમ-દમના નિરૂપણમાં તેનું સામાજિક દૃષ્ટિએ જે સ્વરૂપ આલેખ્યું છે તે શાસ્ત્રોક્ત વ્યાખ્યાનો આવશ્યક વિસ્તાર છે. તેમણે કહ્યું છે કે 'આપણા દેહગત જીવનના કરતાં આપણું સમાજગત જીવન જ વ્યાપક, દીર્ઘકાલીન તેમ જ અર્થપૂર્ણ હોય છે અને તેથી આપણી દેહગત વાસનાઓને રોકીને આપણું સામાજિક જીવન શુદ્ધ અને નિષ્પાપ કરવું એ આવશ્યક હોય છે. દેહગત વાસનાઓને કાબૂમાં લઈ રોકવાને માટે જે આત્મિક શક્તિનો આપણે ઉપયોગ કરીએ છીએ તેને જ શમ-દમ નામ આપેલું છે.' શમ અને દમ બંનેમાંથી પહેલાં શેના ઉપર ભાર આપવો એનો ખુલાસો પણ સ્વાભાવિક જ છે. 'બાહ્ય ટેવો બદલવા-થી સ્વભાવ આપોઆપ બદલાય છે એ સાચું, અને એ વાત પણ ખરી છે કે સ્વભાવમાં ફેરફાર થવાથી ટેવોને નવું વલણ મળ્યા વિના રહેતું નથી. એટલે સાધકોએ અને સમાજના આગેવાનોએ બંને બાજુથી શરૂઆત કરવી જોઈએ.'

છઠ્ઠા પ્રકરણમાં તેજની વિશદ ચર્ચા કર્યા પછી કાકાએ સાતમા પ્રકરણમાં યજ્ઞ, દાન અને તપ એ ત્રણ ગુણોની એક સાથે મીમાંસા કરી છે. આપણે બધા જ તપનો રૂઢ અર્થ જાણીએ છીએ. ભારતમાં તપના જેટલા પ્રયોગો થયા છે અને જેટલા કાળથી તેનાં વિવિધ સ્વરૂપો ખીલતાં ખીલતાં છેવટે તે બહુરૂપી બન્યું છે તેનો ઇતિહાસ ભારતીય વાઙ્મયમાં અને ભારતીય બધી ધર્મપરંપરાઓમાં જીવિત છે. એક રીતે ભારતને તપોભૂમિ કહી શકાય. કઠણમાં કઠણ તપથી માંડી સહેલામાં સહેલા અને વધારેમાં વધારે સગવડકારક તપોની સૃષ્ટિ ભારતીય જીવનમાં વ્યાપેલી છે; તેમ છતાં અનેક બાબતોમાં ભારતીય સમાજની પામરતા જાણીતી છે. આનું મૂળ કારણ પકડી કાકાએ તપનો અર્થ એવી રીતે વિસ્તાર્યો છે કે તે તેના બાહ્ય બહુરૂપીપણાને સજીવ બનાવી શકે. તપની વ્યાપક વ્યાખ્યા હરકોઈ વાચકના ધ્યાનમાં સહેલાઈ-થી ઊતરી શકે તે માટે તેમણે પોતાના પૌરાણિક જ્ઞાન-સંગ્રહમાંથી ગંગાને હિમાલયથી નીચે આણનાર જહ્નુનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખલો બહુ જ આકર્ષક રીતે ટાંક્યો છે અને બીજા પણ દાખલા સૂચવ્યા છે.

વિચારના વિકાસ સાથે જ આચારનો વિકાસ થાય છે. બંનેનો સંવાદી વિકાસ એ જ સામાજિક સંસ્કૃતિનો વિકાસ. જેમ જેમ સંસ્કૃતિ વિકસતી જાય તેમ તેમ પ્રાચીન શબ્દોમાં નવા અર્થના સ્તરો ઉમેરાતા જ જવાના. યજ્ઞ શબ્દ પ્રાચીન ટંકશાળમાં તૈયાર થયો ત્યાર બાદ કલ્પી ન શકાય એટલા તેના અર્થો ખીલતા અને સમાજમાં રૂઢ પણ થતા ગયા છે. કાકાએ એના અર્થવિકાસનો ઇતિહાસ ધ્યાનમાં રાખી સામાજિક સ્વર્ગ અને સામાજિક મોક્ષને સિદ્ધ કરી શકે એવો તેનો સ્થિર અર્થ સરળ શબ્દોમાં કર્યો છે. એ અર્થ સહેલાઈથી સમજી શકાય અને સામાજિક પ્રવૃત્તિમાં તેનો અમલ કરવાનું બળ મળે તે હેતુથી તેમણે પોતાના 'હિમાલયનો પ્રવાસ'માંથી સાર્વજનિક વાસણ માંજવાનાં પરિણામ અને શૌચક્રિયા વખતે પ્રથમથી નહીં પણ પછી ઉપર માટી નાખવાના લાભ સૂચવતા એ દાખલાઓ ટાંક્યા છે. આ દાખલા સામાન્ય જેવા લાગવા છતાં તેનું પ્રેરક બળ અસાધારણ છે. તપ અને યજ્ઞ વચ્ચેનું તારતમ્ય પણ તેમણે એક સુંદર દાખલાથી સમજાવ્યું છે. 'કૂવામાંનું પાણી હાથથી પંપ ચલાવીને ઉપલા માળ ઉપરની ટાંકીમાં લઈ જવું એ થયું તપ. ઉપર આવેલી ટાંકીની સગવડને લીધે ઘરમાં જ્યાં જોઈએ ત્યાં જોઈએ તેટલું પાણી વાપરવું અને ફુવારાઓ ઉડાડવા એ ભોગ થયો. આમ ઉપરથી નીચે આવેલા પાણીને ફરીથી શુદ્ધ કરી તેને પાછું પંપ વડે ટાંકી સુધી ચઢાવવું અથવા પહોંચાડવું એ થયો યજ્ઞ.' સામાન્ય રીતે દાન અને ત્યાગ એ બંને શબ્દો પર્યાય ગણાય છે. પણ એ બેમાં સૂક્ષ્મ અંતર શું છે તે કાકાએ દર્શાવ્યું છે અને બંનેની વેધક ચર્ચા કરી છે.

અપૈશુનનું સામાજિક મૂલ્યાંકન કરતી વખતે કાકાએ પૈશુન્ય એટલે શું તેની ચર્ચા કરી છે. તેમાં જે ચામડી વિનાના શરીર સાથે માણસોના આંતરિક આળી વૃત્તિ-વાળા મનની સરખામણી કરી છે તે કાકાનું ઉપમા-કૌશલ દર્શાવવા ઉપરાંત ભારે સૂચક છે. પિશુન માણસને શાસ્ત્રમાં મર્માવિધૂ કહ્યો છે. 'મર્માવિધૂ' શબ્દનો ખરો ભાવ આ ઉપમા દ્વારા વ્યક્ત થયો છે. ગુરુશિષ્યના સંબંધની જે વિગતથી માહિતી આપી છે તે જાત-અનુભવની હોય તેવી અસંદિગ્ધ છે. કેળવણી ગુલામો સર્જવા કે માણસ-યંત્ર નિર્માણ કરવા નથી એ તેમનું કથન કેળવણી-શાસ્ત્રનું મહત્ રહસ્ય છે અને તે સાચા કેળવણીકારના અનુભવમાંથી આપમેળે સરેલું હોય તેવું છે. અંતેવાસી, છાત્ર જેવા જે શબ્દો વિદ્યાર્થી માટે પ્રસિદ્ધ છે તે કયા વાતાવરણ-માંથી, કઈ ભાવનામાંથી અને કયા હેતુથી યોજાયા છે તેનું સ્પષ્ટીકરણ આ ચર્ચામાં છે. વધારેમાં વધારે જ્યાં નિકટનો સંબંધ હોય ત્યાં જ ગુણ કે દોષ જાણવા-પકડવાની તક હોય છે. આવી તક બીજા કોઈ પણ સંબંધ કરતાં ગુરુશિષ્યના સંબંધમાં વધારે પ્રમાણમાં હોય છે એટલે ગુરુ પોતે શિષ્યને દોષાવારક અર્થમાં છાત્ર સમજે અને કહે તો તે યુક્ત જ ગણાય. આ વસ્તુ તૈત્તિરીય ઉપનિષદમાં જ્યાં ગુરુ વિદ્યાર્થીને સમાવર્તન વખતે શિક્ષા આપે છે ત્યાં કહેવાઈ પણ છે. ગુરુ કહે છે: 'અમારાં સુચરિત ગ્રહણ કરજે, અન્ય નહિ.' આ કેવું નગ્ન સત્ય છે? કોઈ નોકર માલિકને છોડી જાય કે કમતે વિદાય લેતો હોય ત્યારે જો તે નોકર ખરેખર પરિચારક અને પારિપાર્શ્વક હોય તો માલિક તેને વિદાય આપતી વખતે શું એવું જ ન કહે? એક કે બીજે કારણે બે મિત્રો વચ્ચે અંતર ઊભું થતાં તેઓ પરસ્પર છૂટા પડે ત્યારે બંને એકબીજા પાસેથી શી આશા રાખે?

સામાન્ય રીતે જીવનવ્યવહારના દરેક પ્રદેશમાં માણસના મનમાં એવો ડર રહે છે કે રખે મારી વાત આ ભાઈ પ્રગટ કરી દે. ઘણાં માણસોનું બળ કે પરાક્રમ એ જ હોય છે કે તેઓ સામાના દોષને પ્રગટ કરી દેવાની ધમકી આપ્યાં કરે છે. એટલે પૈશુન વૃત્તિ એ ખરી રીતે સમાજનો સડો છે.

દોષકથન એ જાતે દુષ્ટ નથી, પણ એની પાછળ કેવી વૃત્તિ રહેલી છે તે જ જોવાનું હોય છે. જો સદ્વૃત્તિમૂલક દોષકથન હોય તો તે પૈશુનમાં ન આવે. એવી સ્થિતિમાં એ કથન પરોક્ષ સ્થિતિમાં થાય પણ નહિ. સુવર્ણ નિયમ એ છે કે જે મોઢે કહી શકાય તેથી જરા પણ વધારે પીઠ પાછળ ન કહેવાય તો સમજવું કે એમાં પૈશુન નથી — જો આ વખતે તેમાં આવેશ ન હોય તો.

બેશક, સમાજ-સુવ્યવસ્થાનો પાયો અપૈશુન છે. સ્ત્રીઓ કુથલીશૂર છે એમ કહેવાય છે, પણ કુથલી તો એવી વ્યાપક છે કે તે સાધુ, વિદ્વાન, અધ્યાપક આદિ બધાને વળગી [illegible]

[સંસ્કૃતિ, એપ્રિલ '૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને જો એ જ સ્ત્રીત્વની વ્યાખ્યા હોય તો પછી પુરુષને શોધવાની જ મહેનત લેવી પડશે !

બૌદ્ધ અભિધર્મમાં 'હિરી' અને 'ઓતપ્પ' એ બેને શોભન ગુણોમાં ગણાવ્યા છે. કોઈ જુએ છે કે નહીં તેનો કશો પણ વિચાર કર્યા વિના આપ મેળે જ અકૃત્ય વિચાર અને વર્તનથી દૂર રહેવાની સ્વયંભૂ વૃત્તિને જ 'હિરી' અને બીજાથી શરમાઈ અકૃત્ય કરતાં અટકવું તેને 'ઓતપ્પ' કહેલ છે. અમરકોશમાં 'હ્રી' અને 'અપત્રપા' શબ્દો છે તે જ પાલીમાં 'હિરી' અને 'ઓતપ્પ' છે. અમરકોશમાં પણ હ્રી અને અપત્રપાનો અર્થ ઉપર પ્રમાણે જ કરેલ છે. આચારાંગ જેવા પ્રાચીન પ્રાકૃત ગ્રંથમાં 'લજ્જુ' શબ્દ છે તે સ્વતઃ લજ્જાળુ અર્થમાં જ વપરાયેલો છે. કાકાએ હ્રીની ચર્ચા કરતાં લાજ, આબરૂ શબ્દનો પ્રયોગ કર્યો છે તે અનુક્રમે હ્રી અને અપત્રપાના ભાવમાં જ કરેલ છે.

લાજ, આબરૂને કાકાએ સમાજની આખરી મૂડી કહી છે તે તદ્દન યથાર્થ છે. જો સમાજ પાસે આ આખરી મૂડી ન હોય કે ઓછી હોય તો તે સુવ્યવસ્થિત રીતે જીવન ગાળી જ ન શકે. જો કે ગુણવત્તાની દૃષ્ટિએ અપત્રપાના કરતાં હ્રીનું સ્થાન ચડિયાતું છે, છતાં સામાજિક વ્યવહાર મોટે ભાગે અપત્રપાના આધારે જ નભે છે.

કાકાએ શૌચનો અનેક દૃષ્ટિએ ઊહાપોહ કર્યો છે. વ્યક્તિગત શૌચ એ એક વસ્તુ છે અને સામાજિક શૌચ એ બીજી વસ્તુ છે. એ બે વચ્ચેનું તારતમ્ય તેઓ ખૂબ દાખલા-દલીલથી બતાવે છે; તેથી પણ આગળ વધી તેઓએ શારીરિક અને માનસિક શૌચનું સામાજિક જીવનમાં જે સ્થાન છે અને જે હોવું જોઈએ તે બહુ જ વિગતથી સમજાવ્યું છે. મન ગમે ત્યાં ભમે તોયે શરીર કાબૂમાં હોય એટલે બસ છે એવું વલણ ધરાવનારને સચોટ જવાબ આપતાં કાકાએ ઠીક જ કહ્યું છે કે: 'એકાદ ઘરમાં ખૂબ ગંદકી છુપાવી રાખી હોય તે કોઈની નજરે ન પડવા દઈએ તો પણ તેમાંથી રોગનો ફેલાવો થવાનો જ. આ વાત જેટલી સાચી છે તેટલું જ એ પણ સાચું છે કે કોઈક એક જણની ચિત્તવૃત્તિ મલિન હોય તો આખા સમાજ પર તે પોતાનો પ્રભાવ પાડ્યા વિના રહેશે નહીં. એથી ઊલટું એકાદ જણની ચિત્તવૃત્તિ પવિત્ર, ઉદાત્ત અને આર્ય હશે તો તેની અસર પણ સમાજ પર પહોંચવાની જ.' કાકાએ માનસિક શૌચનું પ્રધાનપણું બતાવતાં દેહાપત્ય અને વિચારાપત્ય એવા બે પ્રકારના અપત્યો વચ્ચેનું અંતર બતાવ્યું છે તે તેમના વક્તવ્યને સચોટપણે રજૂ કરે છે. આમ તો શૌચ સર્વત્ર સંભળાય અને ગવાય છે, પણ એનું સામાજિક મૂલ્ય કેટલું છે તેનો વિચાર વ્યાપકરૂપે હજી સાર્વત્રિક થયો નથી. તેથી ગીતાને આધારે થયેલો આ વિચાર બહુ ઉપયોગી થઈ પડે તેવો છે.

અલોલુપતાની ચર્ચામાં કાકાએ પ્રથમ અનુભવમાં આવતી અનેકવિધ લોલુપતાનો નિર્દેશ કર્યો છે. અધિકાર કે સ્વાર્થલોલુપતા, સ્વાદલોલુપતા, કામલોલુપતા, એ બધી લોલુપતાઓ કેવી કેવી રીતે બાધક નીવડે છે એ સઘળું તેમણે સામાજિક વ્યવહાર, રાજકારણ અને આહારવિધિ-માંથી દાખલાઓ ચૂંટી તદ્દન દીવા જેવું સ્પષ્ટ કર્યું છે. જે લોકો ઉન્માદક વાતાવરણ વચ્ચે રહીને અલોલુપતા સાધવાની હિમાયત કરે છે તેમને કાકાએ અકાટ્ય ઉત્તર આપતાં કહ્યું છે કે છેવટે એવી હિમાયત વામાચાર ભણી જ વાળે. વળી, જેઓ નિર્મળતાના આદર્શની ખાતર સ્ત્રીઓને પડદામાં રાખવાની અને પુરુષોએ પૂતળી સુધ્ધાં ન જોવાની હિમાયત કરે છે તેમનો એકાંત પણ બ્રહ્મચર્યના આદર્શ માટે પોચો જ છે એ પણ કાકાએ યથાર્થ રીતે દર્શાવ્યું છે, અને અલોલુપતા વૈયક્તિક કે સામાજિક આરોગ્યમાં કેવું અગત્યનું સ્થાન ભોગવે છે તે સ્થાપિત કર્યું છે.

નાતિમાનિતાની ચર્ચામાં અમાનિત્વનો પણ વિચાર કર્યો છે. એનો અર્થ માન ન કરવું એટલો જ સીધી રીતે થાય છે, જ્યારે નાતિમાનિતાનો અર્થ અતિમાન નહીં પણ આવશ્યક માન રાખવું જ જોઈએ એવો થાય છે. એક-બાજુથી માન ન રાખવાનું કહેવું અને બીજી બાજુથી આવશ્યક માનને સદ્ગુણ કહેવો એ બે વચ્ચે દેખીતો વિરોધ છે. પણ એનો ખુલાસો કાકાએ ઠીક ઠીક કર્યો છે. માન ન કરવું એટલે પોતે જે જાણ્યું હોય કે જાણતો હોય તેને જ સંપૂર્ણ માની બીજાના અનુભવને ન અવગણવો. આવી અવગણના જ બધી તકરારનું મૂળ બને છે. પણ આ ચર્ચા કરતાં કાકાએ જે ઉપમા વાપરી છે તે તેમનામાં રમતો કાલિદાસ અને હેમચંદ્રનો આત્મા સૂચવે છે. તદ્દન વ્યવહારુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનમાંથી કેવી સરસ ઉપમા પકડી છે! જે સાંભળતાં જ ચિત્તને ચોંટી જાય છે. 'અનુભવની માટીમાંથી જ્ઞાનની મૂર્તિ ઘડતી વખતે તે સુકાઈને તરત જ કડક ન બની જાય તેની ખબરદારી માણસે રાખવી જોઈએ. અમાનિત્વનું પાણી વારેવારે છાંટીને ચીકણી માટીને જો નરમ રાખીએ તો જ જ્ઞાનની મૂર્તિનો ઘાટ સુધરતો રહે અને તેનું ઘડતર વધારે ને વધારે સર્વાંગ સુંદર કહી શકાય.'

નાતિમાનિતાના બે અર્થો કર્યા છે, તે જીવનના અનુભવમાંથી લીધા છે અને બરાબર સમાજદૃષ્ટિએ ઘટાવ્યા છે. સેવક સામાજિક કલ્યાણ અર્થે કાંઈ પણ કરે ત્યારે સેવકરૂપ હાથાએ એમ ન વિચારવું જોઈએ કે સેવ્યસમાજરૂપ ઘંટીએ જ હાથાની આસપાસ, હાથાની મરજી મુજબ, ફરવું ને હાથાએ પોતે સ્થિર રહેવું. એમ સેવક વિચારે તો એના ઉપર અતિમાનિતાનો ભાર એટલો બધો વધે કે છેવટે સમાજની ઘંટી ચાલે જ નહીં અને સેવા પણ થઈ ન શકે. અહીં હાથો અને ઘંટીનું દૃષ્ટાંત કેટલું સચોટ છે! બીજા અર્થમાં પરિસ્થિતિ ગમે તેવી પ્રતિકૂળ હોય, અર્થાત્ તેના ઉપર કાબૂ જમાવી શકાય એવું ન પણ હોય ત્યારે, પુરુષાર્થ નકામો હણી ન નાખવાની સૂચના છે. સિદ્ધાંત કાયમ રાખી પરિસ્થિતિ પ્રમાણે માંડવાળ કરવાની વૃત્તિ એ જ નાતિમાનિતા છે. સેવા કરતાં જે ડગલે ને પગલે માનસિક આડખીલીઓ આવે છે ને મૂળ ધ્યેયને જ વણસાડે છે તે અનુભવમાંથી આ અર્થો સ્ફુર્યા છે.

દયાનો મૂળ આધાર પ્રેમતત્ત્વ છે. મનુષ્ય-મનુષ્યેતર દરેક પ્રાણીમાં પ્રેમતત્ત્વ જ જીવન સાથે ઓતપ્રોત છે, અથવા એમ કહો કે પ્રેમ અને જીવન એ બંને શબ્દો પર્યાય માત્ર છે. પ્રેમ કરવો અને ઝીલવો, તેને વિકસાવવો અને વિસ્તારવો એ જ જીવનની પ્રક્રિયા છે. બીજા પ્રત્યે પ્રેમ દર્શાવ્યા સિવાય અગર તો બીજાનો પ્રેમ ઝીલ્યા સિવાય કોઈ પણ નાનું કે મોટું પ્રાણી જીવી શકે નહીં. એ વિના એને જીવન કંટાળાભરેલું જ લાગે અને જીવન જલદી છોડી દેવું એવો ભાવ જ જન્મે. આ ઉપરાંત દરેક જીવધારી પોતાના પ્રેમનો વિસ્તાર પણ કરવા મથે છે અને ખરી રીતે એના વિસ્તારમાં જ એનું આખું જીવન પૂરું થઈ જાય છે. જડ અને ચેતન એ બે વચ્ચેનો ભેદ દર્શાવવો હોય તો પ્રેમના નાસ્તિત્વ અને અસ્તિત્વથી જ દર્શાવી શકાય. જો આમ છે, અને છે પણ એમ જ, તો ઠર્યું એમ કે ચેતનાનો વિસ્તાર કરવો એ જ પ્રેમ છે. બીજા પ્રત્યે વહાલ દર્શાવવું અને બીજાનું વહાલ મેળવવું એ જ પ્રિય શબ્દ ઉપરથી બનેલ પ્રેમ શબ્દનો ફલિતાર્થ છે.

જો ચેતન તત્ત્વને જ બ્રહ્મ, ઈશ્વર કે આત્મા કહીએ તો ઠર્યું એમ કે પ્રેમ એ જ આત્મા છે અને એ પણ ઠર્યું કે આવો આત્મા સૂક્ષ્મ, સ્થૂળ સર્વ પ્રકારનાં પ્રાણીઓમાં મોજૂદ છે. તો પછી એમ ન કહી શકાય કે આત્મા માત્ર મનુષ્યમાં વસે છે. આ જાતનો વિચાર કાકાએ મૂક્યો છે તે તત્ત્વજ્ઞાન અને વ્યવહારની દૃષ્ટિએ તદ્દન બુદ્ધિગમ્ય છે.

જો પ્રેમ એ સહજ અને જીવનનું મૌલિક ઉપાદાન હોય તો એમ કેમ બને છે કે એક જણ બીજા પ્રત્યે ઘણી વાર વગર કારણે પણ અણગમો દર્શાવે છે; એને પજવવા, શોષવા જેવી અપ્રિય પ્રવૃત્તિમાં રસ લે છે? આ પ્રશ્નનો ઉત્તર આપણને જીવનનાં જુદાં જુદાં પાસાં તપાસવા તેમ જ તેનાં બળાબળનું તોલન કરવા પ્રેરે છે. દરેક પ્રાણીમાં બુદ્ધિ અને સમજણનો વિકાસ એક સરખો નથી હોતો અને એ જ કારણે રોષ, દ્વેષ, અદેખાઈ કે વધારે પડતું શોષણ કર્યા વિના જ પોતાનું જીવન કેમ ગોઠવી શકાય તે કળા સૌમાં એક સરખી સિદ્ધ થઈ નથી. એટલે પ્રેમ ચાહનાર અને પ્રેમ કરનાર માણસ જેવું વિકસિત પ્રાણી પણ પોતાના સમાજમાં અને માનવેતર જગતમાં પોતાનું નિરુપદ્રવી સ્થાન — જીવવું અને જીવવા દેવું — સિદ્ધ કરી શક્યો નથી. પણ સાથે સાથે આપણે જોઈએ છીએ કે માનવસમાજમાં કાળે કાળે એવી વ્યક્તિઓ પેદા થઈ છે અને થાય છે કે જે પોતાની સાચી સમજણ અને જીવનકળાની વિશિષ્ટ સાધના દ્વારા આખા જગત પ્રત્યે એક સરખો પ્રેમ વ્યક્ત કરી ગઈ છે અને વ્યક્ત કરતી અત્યારે પણ જોવામાં આવે છે. જે વસ્તુ વિરલ વ્યક્તિઓમાં દેખાય તે અન્યમાં ન જ સંભવે એવા દૃષ્ટિકોણથી જીવનવ્યવહાર ઘડવો તે કરતાં એ વસ્તુ પ્રયત્નથી બધામાંય સાધ્ય થઈ શકે છે એવી સમજણને આધારે જીવનવ્યવહાર કેળવવો એ સૌને માટે કેટલું સારું છે!

વળી એમ પણ નથી કે પ્રયત્નથી સમાજમાં 'જીવવું અને જીવવા દેવું'ની ભાવના વધારે વિકસાવી કે સ્થિર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી શકાતી નથી. જે વ્યક્તિ એક વાર ઘણા પ્રત્યે ઉપદ્રવકારી વ્યવહાર કરતી હોય છે તે જ વ્યક્તિ સાચી સમજણ પ્રગટતાં તેથીયે વધારે પ્રતિ નિરુપદ્રવ જીવનવ્યવહાર કેળવે છે તેવું આપણે આપણા જ જીવનમાં જોઈએ છીએ.

પ્રેમતત્ત્વના વિકાસ અને વિસ્તારમાં બાધા નાંખે એવી વૃત્તિઓ પણ જીવનમાં પડેલી છે. સ્વાર્થ, ક્રોધ આદિ ઘણી વાર પ્રેમતત્ત્વને વિકસવામાં આડે આવે છે. પણ બારીકીથી જોઈશું તો એ લોભ અને ક્રોધ જેવી વિરોધી વૃત્તિઓના મૂળમાં પણ વસ્તુતઃ પ્રેમનો અંશ પડેલો હોય છે. એક વસ્તુ પ્રત્યે પ્રેમ થયો એટલે તેને વધારે પડતી ત્વરાથી સિદ્ધ કરવાની ઉતાવળમાં તેની આડે આવતાં તત્ત્વો પ્રત્યે આપણે છેડાઈ જઈએ છીએ. આવે વખતે ધીરજ અને સમજણ કેળવવામાં આવે તો એક વસ્તુ પ્રત્યે ચોંટેલ પ્રેમનો આવેગ વિરોધી દેખાતાં તત્ત્વો પ્રત્યે ક્રોધ કે આવેશનું રૂપ ધારણ ન કરતાં પ્રેમરૂપમાં કે સમત્વમાં જ બદલાઈ જાય. ઋષિઓએ અને સાધકોએ આ કળા જીવનમાં પણ દર્શાવેલી છે.

વળી બીજી રીતે જોઈએ તો પ્રેમતત્ત્વ એ સત્ય, શિવ અને સુન્દર છે જેની પૂરી કસોટી ન થાય, જેને મૂળથી ઊખડી જવાનો – અસત્ થઈ જવાનો પ્રસંગ ન આવે, જેમાં વિકૃત થવાની વેળા ન આવે અને જેનું ડહોળાણ કરનાર પ્રસંગો જ ન આવે અને આ બધું આવે ત્યારે જે પોતાનું સત્ય, શિવ, સુન્દર સ્વરૂપ પ્રગટ કરી ન શકે, સાચવી ન શકે, વધારી ન શકે તે વસ્તુ સત્ય, શિવ, સુન્દર છે એમ કહી જ ન શકાય. ગમે તેવા ઝંઝાવાત વચ્ચે પણ જે પોતાનું મૂળ સ્વરૂપ અખંડિત રાખી શકે, વિકસાવી ને વિસ્તારી શકે તે જ સત્ય, શિવ અને સુન્દર છે. આ દૃષ્ટિએ જોતાં લોભ, ક્રોધ જેવી વૃત્તિઓની સખત કસોટીમાં-થી ક્ષેમંકર રીતે પસાર થવામાં જ પ્રેમનું પ્રેમત્વ છે અને એમાં જ સામાજિક જીવનની ચરમ સીમા છે.

બુદ્ધ, મહાવીર, ક્રાઇસ્ટ કે ગાંધીજી જેવાનાં સંવેદનો જોતાં ચોખ્ખો અનુભવ થાય છે કે એમણે એવી આકરી કસોટીમાંથી જ પોતાના પ્રેમતત્ત્વનો વિકાસ, વિસ્તાર કર્યો છે.

કાકાએ દયાની ચર્ચામાં અનેક દૃષ્ટિબિંદુથી મહત્ત્વનો વિચાર કર્યો છે. બહુ વિચાર કરતાં એમ લાગે છે કે દયાના મૂળાધાર પ્રેમતત્ત્વમાં જ બાકીના બધા સદ્ગુણોનો સમાવેશ થઈ જાય છે; અથવા એમ કહો કે બીજા સદ્ગુણો એ પ્રેમબીજના અંકુરો, પલ્લવો અને પત્રો જેવા છે.

અહિંસાની ચર્ચા એટલી બધી વ્યાપક અને સર્વાંગીણ તેમ જ હૃદયસ્પર્શી છે કે તેમાં કાંઈ ઉમેરવું એ મિથ્યા ડહાપણ જેવું છે. એને હૃદયંગમ કરવામાં જ એનું ખરું મૂલ્યાંકન છે. એમ તો આ ચર્ચામાંની પ્રત્યેક વસ્તુ મનને પકડી લે છે, છતાં કેટલીક ઉપમાઓ અને દાખલા સામાન્ય છતાં અસાધારણ રીતે મનને જીતનારાં છે.

બ્રહ્મ એટલે આત્મા કે એવું કંઈ કૂટસ્થ અથવા પરિણામી તત્ત્વ મનાય છે. એ તત્ત્વ મૂળમાં ગમે તેવું હોય છતાં એનો જીવનગત અને અનુભવસિદ્ધ અર્થ અહિંસા જ છે. હું સર્વત્ર અને સૌમાં છું અને સૌ મારામાં છે અગર તો બધાં સમાન છીએ એ ભાવના કે ધારણા વિના અહિંસા કદી યથાર્થ સિદ્ધ થતી જ નથી. એવી ભાવના, વસ્તુતઃ જીવે છે કે મરવાને વાંકે જીવે છે, એની પરીક્ષા અહિંસાની કસોટીથી જ થઈ શકે છે. અહિંસાના આચાર વિનાનો બ્રહ્મવિચાર કે આત્મવિચાર એ માત્ર શુષ્કવાદ છે. તેથી અહિંસા, બ્રહ્મ અને આત્મા એ બધા પર્યાય એટલે સમાનાર્થ શબ્દો છે. આથી આપણે જોઈએ છીએ કે આચારાંગમાં સમગ્રપણે અહિંસાની સાધના ઉપર ભાર દેવાયો છે અને તે જ સાધનાને બ્રહ્મચર્ય કહેલ છે.

દયા અને અહિંસા બંનેનો મૂળ આધાર પ્રેમ જ છે તો ગીતામાં એ બંને ગુણો જુદા કેમ નિર્દેશ્યા ? એ પ્રશ્નનો ઉત્તર કાકાએ જાણીને જ આપ્યો ન હોય એમ લાગે છે, એમ સમજીને કે એ વસ્તુ બહુ ચોખ્ખી છે. કોઈનું સુખ કે જીવન ન હરવું એ પ્રેમની નિષેધ બાજુ અહિંસા છે, જ્યારે દયા એ તેની ભાવાત્મક બાજુ છે. બીજાના દુઃખમાં ભાગીદાર થવું કે પોતાના સુખમાં બીજાને ભાગીદાર બનાવવા કાંઈ કરી છૂટવું એ દયા છે. એક જ સિક્કાની બે બાજુ છે. સાચી અહિંસામાં દયા અને સાચી દયામાં અહિંસા ન સમાય એમ બને જ નહીં. પણ વ્યવહારમાં ફોડ પાડવો જરૂરી હોવાથી ગીતાકારની પેઠે કાકાએ પ્રેમનાં તે બંને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાજુનું આચારપરક વિચાર દ્વારા સમાજદૃષ્ટિએ નોખું નોખું નિરૂપણ કર્યું છે.

કાકાએ "ગીતામાં હિંસા કે અહિંસા ?" એ મથાળા નીચે એક સ્વતંત્ર પ્રકરણ લખ્યું છે. તેમાં પોતે પ્રથમ હિંસાની તરફેણ કરનાર હતા અને પછી ક્રમેક્રમે અહિંસાના તરફદાર અને સમર્થક કેમ થયા એનો ૧૯૦૪થી આગળનો પરિવર્તન-ક્રમ દર્શાવ્યો છે તે કાંઈ સાધારણ મહત્ત્વનો નથી. ગીતામાં હિંસાનું વિધાન છે એવો સંસ્કાર મોટે ભાગે આપણા બધામાં એક અથવા બીજી રીતે પડેલો છે, પણ એ સંસ્કારનું શ્રવણમનન દ્વારા સંશોધન કરવું અને એક ચોક્કસ નિર્ણય પર પહોંચવું એ કામ સૌને માટે સરળ નથી. કાંઈ નિર્ણય બાંધ્યો તોયે તે આચરણની કસોટીએ કસાયેલો જ હોય એવું તો ભાગ્યે જ હોય છે. કાકાનો નિર્ણય માત્ર દલીલમૂલક કે બુદ્ધિવાદમૂલક નથી. એમણે આચરણનાં વિવિધ ક્ષેત્રોમાં હિંસાવિરુદ્ધ અહિંસાવૃત્તિનો પ્રયોગ કરી અહિંસા-શક્તિનો કાંઈક પણ અનુભવ કર્યો છે અને તેથી જ એમની અહિંસાની સમર્થક તર્ક-શૈલીમાં વિશેષ તેજ પ્રતીત થાય છે.

સત્યની ચર્ચામાં જ્ઞાતવ્ય તો ઘણું જ છે, પણ એમાં ઉપમાકૌશલ લેખે બે ઉપમાઓ ધ્યાન દેવા જેવી છે. બાળક જન્મતાં વેંત માનો સંબંધ લઈને જ આવે છે. તે સંબંધ તેના હાડપિંજરના બંધારણ સાથે જ ઘડાયેલો છે તેમ સત્ય એ જીવનના અસ્તિત્વ સાથે જ સંકલિત છે. જીવન પહેલું અને સત્ય પછી એમ નથી. તેથી સત્યની ભૂમિકા ઉપર જ જીવનની ગતિવિધિ એ સ્વાભાવિક ગતિવિધિ છે એમ ઉપમાનો ભાવ છે. બાળક જન્મ્યા પછી મોટું થઈ ગમે ત્યાં ગમે તે રીતે વિચરે અને વિહરે છતાં માતા તરફથી મળેલ સૂક્ષ્મ અને સ્થૂળ વારસાની ભૂમિકા જો તે ગુમાવે તો તેનું અસ્તિત્વ જ ન રહે અથવા વિકૃત બને. દીવો એક જ જગાએ સ્થિર હોય તો તે માત્ર તે જ સ્થળમાં પ્રકાશ આપે અને નવા પ્રદેશો તમસાવૃત જ રહે. પણ ચાલવા સાથે બત્તીને પણ ચાલવા દઈએ તો નવાં જીવનક્ષેત્રોમાં પણ તે પ્રકાશ આપે. પ્રકાશ અને જીવન તેમ જ પ્રકાશ અને વ્યવહાર છૂટાં જ ન પડે. તેમ જ સત્ય જો પ્રત્યેક જીવનવ્યવહારમાં સાથે હોય તો જીવનની તમસાવૃત ગલીકૂંચીઓમાં કે અંધારી ગુફાઓમાં પણ તે રસ્તો બતાવે.

સત્યના તેર આકારો મહાભારતમાંથી દર્શાવ્યા છે. આ અર્થ એટલો જ છે કે મૂળમાં સત્ય હોય તો તે વ્યવહાર જુદે જુદે નામે પ્રસિદ્ધ એવા અનેક ગુણોરૂપે આવિર્ભાવ પા છે. બીજા ગુણો એ તેનાં નાનાવિધ રૂપો છે, જેમ એક ધાતુ અનેક રૂપો હોય તેમ. દ્રષ્ટાઓ કોઈ પણ એક સદ્‌ગુણ જ્યારે એના મૂળ અર્થમાં વ્યાપક રીતે જોતા અને વર્ણવ ત્યારે બાકીના સદ્‌ગુણોને એના આકારો જ માન જેમ શિવને મુખ્ય દેવ માનનાર બાકીના દેવોને તેનાં રૂપો માનતો, વિષ્ણુને પરમ દૈવત માનનાર પણ એ જ કલ્પના કરતો, તે રીતે જે સાધક જે સદ્‌ગુણને આ મુખ્યપણે વર્તતો તે બીજા ગુણોને તેના વર્તુલમાં અંગ તરીકે ગોઠવતો. દા. ત. અહિંસાની અનન્ય સા કરનાર બુદ્ધ કે મહાવીરે બીજા બધા ગુણોને અહિંસ વ્યાપક વર્તુલમાં તેના અંગ લેખે ગોઠવ્યા છે, જેમ ગાંધી એ સત્યના વર્તુલમાં અન્ય સદ્‌ગુણોને ગોઠવ્યા છે તેમ. એક સાધનાની અનન્ય નિષ્ઠાનું સૂચન માત્ર છે.

ઋગ્વેદમાં સત્ય અને ઋત એ શબ્દો છે. તેમાં ઋત અર્થ સહજ નિયમ કરવામાં આવે છે. સૂર્યનો ઉદય-અ અને ઋતુચક્રનું ગમનાગમન નિયમ પ્રમાણે જ થાય આ રીતે નિયમ એ ઋત છે અને એ નિયમ જે સત્ પ્રતિષ્ઠિત છે તે સત્ય. પરંતુ બારીકીથી જોતાં ત્રિકાલાબા નિયમ અને સત્ય એ બે જુદાં હોય તેમ સમજાતું છતાં એટલું ખરું કે ઋત એટલે ગતિ, નિયમબદ્ધ અને તેમાં જે સંવાદીપણું તે સત્ય. ચિત્રમાં રેખાઓ સંગીતમાં સ્વરો એ ઋત હોય તો તેનું સંવાદિત્વ એ છે; કેમ કે સંવાદિત્વ વિના રેખા અને સ્વરો માત્ર ખો છે અને એ ખોખા વિના સંવાદિત્વનો, મીઠાશનો, રસ કળાનો આવિર્ભાવ જ શક્ય નથી.

ઋતના સ્થાનમાં અવેસ્તામાં 'અશ' શબ્દ આવે અર્થ એ જ છે. છેવટે ઋત અને અશ એ ધર્મ છે. જૈનો, બૌદ્ધો, બ્રાહ્મણો બધા જ ધર્મ શબ્દથી વ્યવહાર આજે તો ધર્મ શબ્દ જ પ્રચલિત થઈ ગયો છે.

ચાતુર્વર્ણ્યના મથાળા નીચે કાકાએ જે ચર્ચા કરી હિંદુઓની જ કહેવાતી એક સનાતન ચતુર્વર્ણ-વ્યવસ્ લગતી છે. ગીતામાં પણ તેનો નિર્દેશ છે જ. ચતુર્વ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોખું કેવી રીતે અસ્તિત્વમાં આવ્યું, ક્યારે આવ્યું અને ક્યાં ક્યાં બળોને લીધે ઘડાયું એ વિષે હજારો વર્ષ થયાં અનેક જાતના વિચારો પ્રવર્તે છે, અને તેના ઉલ્લેખો પણ હિન્દુ સાહિત્યના મોટા ભાગને રોકે છે. ચાતુર્વર્ણ્યના અર્થની કલ્પના વિષે અને તેનું સ્વરૂપ બદલવા વિષે પણ જમાને જમાને અનેક જણે અનેક પ્રયત્નો કર્યા છે. કેટલાકને એમાં થોડી ઘણી સફળતા મળી છે છતાં હજી હિન્દુસમાજના જીવનવ્યવહારનું નિષ્પ્રાણ જેવું ખોખું તે ચાતુર્વર્ણ્યના રૂપમાં વર્તમાન છે.

કાકાએ પોતાની દૃષ્ટિથી વેદ, ઉપનિષદ અને મહાભારત આદિ ગ્રંથોના અમુક અમુક ઉતારાઓને આધારે ચાતુર્વર્ણ્યનો વિકાસક્રમ ઘટાવ્યો છે, અને સાથે સાથે વર્ણ એટલે શું, તેની વ્યવસ્થા એટલે શું એ પણ પોતાની પરિમાર્જિત સામાજિક દૃષ્ટિએ બતાવ્યું છે. તેમણે એક બાજુથી ચતુર્વર્ણ વ્યવસ્થાનું ચાર પ્રકારના સમાજપોષક ધંધાના ચાર વર્ણરૂપે અને સમાજના હિતની દૃષ્ટિએ તેની વ્યવસ્થારૂપે સમર્થન કર્યું છે, જ્યારે બીજી બાજુથી તેમનું સમર્થન એટલાં બધાં નવાં દ્વારો ખુલ્લાં કરે છે કે તેને લીધે જૂનાં બન્ધદ્વાર ખોખામાં આજ સુધી દાખલ થતાં અટકેલો આવશ્યક પ્રકાશ સહેલાઈથી પ્રવેશ કરી શકે છે. એટલે કાકા ચાતુર્વર્ણ્યના નિષ્પ્રાણ જેવા સામાજિક ખોખામાં અત્યાર લગી લાભદાયક સિદ્ધ થયેલ સામાજિક તત્ત્વોના પ્રાણને મોકળાશ કરી આપે છે. ઘણાને આ નિરૂપણ જૂની બાટલીમાં નવો દારૂ ભરવો—કહે છે તેના જેવું લાગે, પણ એમણે જે રીતે નવા પ્રાણનો નવો દારૂ ભરવાની સૂચના કરી છે તે રીત જ એવી છે કે છેવટે એ જૂની બાટલી જ કોઈ અણધારી રાસાયણિક પ્રક્રિયાથી લાંબે કાળે સાવ નવા રૂપમાં ફેરવાઈ જાય. સૌથી ચડિયાતા ગણાતા અને પોતાને ચડિયાતા માનતા બ્રાહ્મણ વર્ણ અને સૌથી ઊતરતા અને પોતાને ઊતરતા માનતા શૂદ્ર વર્ણ વચ્ચે જો કાકાની દૃષ્ટિ પ્રમાણે ભેદ હશે તો તે કામકાજ અને ફરજ પૂરતો જ. એ ઉપરાંત એમાં આજ લગી જે ઊંચ-નીચપણાનું કે સ્પર્શાસ્પર્શની ભાવનાનું ઝેર એકત્ર થયું છે તે રહેવાનું જ નથી. શૂદ્ર અને વૈશ્ય પણ પોતાની ફરજ અદા કરે એટલે અમુક વર્ણની આગવી ગણાતી વેદ ઉપનિષદ આદિ સંપત્તિનો અધિકારી બની શકશે, જ્યારે બ્રાહ્મણ પણ પોતાની નિયત ફરજ બજાવવા સાથે શૂદ્રનાં ગણાય એવાં કામો કરવા છતાં પ્રતિષ્ઠિત લેખાશે.

આશ્રમવ્યવસ્થા વિષેનો લેખ બે દૃષ્ટિ અર્પે છે. પ્રથમ આશ્રમવ્યવસ્થા કેવી રીતે અસ્તિત્વમાં આવી, વિકસી અને તેનો શો ઉપયોગ હતો તે જોવાની સ્માર્ત ઐતિહાસિક દૃષ્ટિ. બીજી દૃષ્ટિ એટલે હવે એ આશ્રમવ્યવસ્થા કઈ રીતે વિકસાવવી, બદલાયેલા સંજોગોમાં તેનો કેવો ઉપયોગ કરવો એ બતાવવાની છે. આ દૃષ્ટિઓ આકર્ષક અને ઉપયોગી રીતે રજૂ થઈ છે. એમાં બહુશ્રુતત્વ સાથે સ્વાનુભવ રસાયેલો હોવાથી આખો લેખ વિચારપૂત બન્યો છે.

ગૃહસ્થાશ્રમ હો કે બ્રહ્મચર્યાશ્રમ, સંન્યાસ હો કે વાનપ્રસ્થ, એ બધામાં નિર્બળ માટે જે સાવધાની રાખવાના અપવાદો સ્મૃતિમાં છે તે અપવાદો ઉત્સર્ગ બની જતાં વસ્તુતઃ ચારે આશ્રમોનું ખોખું ભયાવિષ્ટ બની ગયું છે. બ્રહ્મચારી નવા પ્રયોગો ને સાહસો કરતાં જીવના જોખમથી ડરે તો એના બ્રહ્મચર્યનો અર્થ શો ? નવ વિદ્યા અને નવ તત્ત્વ શોધાય કેવી રીતે ? ગૃહસ્થ પણ ફૂંકી ફૂંકીને પગ માંડે તો બાપના કૂવામાં ડૂબી જ મરે. કળિયુગ છે માટે અમુક અપવાદ જોઈએ. જંગલમાં ધર્મરક્ષા કળિયુગમાં કોણ કરે ? તેથી નગરો અને ઉપવનને જ જંગલ માની કળિયુગમાં નિવૃત્તિ સેવવાનો પ્રારંભ કરવો એ ચેતવણી છેવટે પુત્રપૌત્રોના બંગલામાં જ વાનપ્રસ્થ જીવન ગાળવા સુધી પરિણમી. એ જ સ્થિતિ સંન્યાસીની થઈ. તે નિર્ભયતાની મૂર્તિ મટી ભયથી રક્ષણ માટે આશ્રરો શોધતાં શોધતાં ગૃહસ્થનો સગો ભાઈ બની ગયો. આજે શ્રમણ, ભિક્ષુ કે વૈદિક સંન્યાસી દરેકની આ સ્થિતિ છે. તેથી જ ચારે આશ્રમમાં નિર્ભયતાનું તત્ત્વ દાખલ કરી તેનો આધુનિક દૃષ્ટિએ ઉપયોગ કાકાએ સૂચવ્યો છે તે વેળાસરનું જ છે.

વસ્ત્રપાત્ર, ખાનપાન, ઔષધઆરામ આદિની બાબતમાં સર્વથા પરાવલંબન ન રહે અને આત્માવલંબન વધવા સાથે આધ્યાત્મિક આત્મવિશ્વાસ વધે એ દૃષ્ટિથી બુદ્ધ, મહાવીર વગેરેએ ભિક્ષુકો માટે નિયમો ઘડ્યા છે. હવે એ નિયમો કળિયુગના કળણમાં પડી એટલા બધા સડી ગયા છે કે તે નિયમોનો પ્રાણ ચાલ્યો ગયો અને નિષ્પ્રાણ નિયમો પાળનારા ભિક્ષુઓ છેવટે ગૃહસ્થોના ગુલામ બની ગયા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેથી નિર્ભયતાની સૂચના એ ઓછામાં ઓછું ભિક્ષુજીવન માટે તો પ્રાણપોષક જ છે. જો એવી પ્રાણનિરપેક્ષ નિર્ભયતા ન હોય તો બહેતર છે કે ભિક્ષુરૂપે ગુલામ ન બનવું.

કર્મ, જીવનયોગ, શિષ્ટાઃ પ્રમાણમ્ અને ફલાનાસક્તિ તથા બ્રહ્મચર્ય જેવા માત્ર આધ્યાત્મિક અને વ્યકિતગત જેવા દેખાતા વિષયોને સમષ્ટિની દૃષ્ટિએ જે રીતે ચર્ચ્યા છે તે રીત જ ખરી રીતે વ્યકિત અને સમાજ બંને માટે લાભદાયક છે. એટલે આ ચર્ચા સામાજિક ધર્મની નિરૂપક છે.

આધ્યાત્મિકતા એટલે વ્યક્તિગત જીવનમાં રહેલા દોષો, વાસનાઓ અને કુસંસ્કારોને નિવારવા અને સામાજિક જીવનના પ્રવાહમાં તે આધ્યાત્મિકતાનો પડઘો પાડવો તે. જો વ્યક્તિ પોતાના અંગત જીવનની ભૂમિકા તૈયાર કરવામાં પડે અને સામાજિક જીવનના પ્રવાહની કસોટીએ પોતાના જીવનને ન કસે તો એણે કરેલી સાધના અને આદરેલી તપસ્યા નક્કર છે કે પોકળ છે એની ખાતરી શી રીતે થાય? જેમ બાળક, કુમાર કે તરુણ ભણે છે ત્યારે પોતાની અમુક જાતની તૈયારી કરે છે, પણ તે આગળ જતાં એ તૈયારીનો ઉપયોગ કૌટુંબિક અને સામાજિક ક્ષેત્રે કરે છે ત્યારે જ તેનું ભણતર કેવું છે એની ખાતરી તેને અને અન્યને થાય છે. તે જ રીતે આધ્યાત્મિકતાના સંસ્કારોની બાબતમાં પણ વિચારવું ઘટે. સામાજિક જીવનમાં ઉપયોગ કરાયો ન હોય તો થોડે ઘણે અંશે કેળવેલા ગુણો પણ તે માણસને આત્મવિશ્વાસનું પૂર્ણ બળ આપી નથી શકતા અને તેની વાણી તેટલે અંશે મક્કમ કે અસરકારક બનતી પણ નથી. તેથી જે મેળવવું કે જે કેળવવું તેનો ઉપયોગ વ્યાપક રીતે કરવામાં જ તેની કૃતાર્થતા છે.

કર્મ કરવું પણ ફળમાં આસક્તિ ન રાખવી, એ વિષય જ ગીતાનો મુખ્ય પ્રતિપાદ્ય છે. આ વિષય ઉપસ્થિત કેવી રીતે થયો એ ખાસ વિચારણીય છે. પ્રવૃત્તિમાર્ગ જેમ બહુ જૂનો છે તેમ તે સર્વજન-સાધારણ છે અને જીવન માટે અનિવાર્ય પણ છે. હરકોઈ પ્રવૃત્તિ કરે છે તે કાંઈ ને કાંઈ ફળેચ્છાથી જ કરે છે. સામાન્ય અનુભવ જ એવો છે કે જ્યારે પોતાની ઇચ્છામાં બાધા આવતી દેખાય ત્યારે તે બાધાકારી સામે ઊકળી જાય છે, અધીરો બને છે અને અધીરાઈમાંથી વિરોધ અને વેરનું બીજ રોપાય છે. અધી[illegible] માણસ જ્યારે અકળામણ અને મૂંઝવણનો ભાર સહી ન[illegible] શકતો ત્યારે તે શાંતિ માટે ઝંખે છે અને છેવટે એને સ્[illegible] દૃષ્ટિએ એમ જ લાગે છે કે આ પ્રવૃત્તિની ધૂંસરી, કામ[illegible] બંધન અને ચાલુ જીવનની જવાબદારીથી છૂટું તો[illegible] શાંતિ મળે.

આ માનસિક વૃત્તિમાંથી નિવૃત્તિમાર્ગ જન્મ્યો. દેખા[illegible] રીતે તો નિવૃત્તિમાર્ગમાં પ્રવૃત્તિનો બોજો ઓછો થવા[illegible] શાંતિ એક રીતે જણાઈ, પણ જીવનનો ઊંડો વિચાર [illegible] વિના સ્થૂળ નિવૃત્તિમાર્ગ તરફ વળનારનો મોટો સંઘ [illegible] થતાં અને તે સંઘ દ્વારા નિવૃત્તિજન્ય વિશેષતાના [illegible] સમાજમાં પ્રતિષ્ઠિત થતાં પ્રવૃત્તિમાં પડેલા લોકોના મ[illegible] નિવૃત્તિ પ્રત્યે આદર પોષાયો અને નિવૃત્તિગામી સં[illegible] દેશ વ્યાપી ગયો, ઊભરાઈ ગયો. ધીમે ધીમે એ નિવૃ[illegible] ગામી સંઘો નભાવવા એ પણ પ્રવૃત્તિશીલ લોકો [illegible] એક જાતનો બોજો વધ્યો. સામાન્ય માણસ નિવૃત્તિને ન[illegible] ગણી શકે નહીં અને પ્રવૃત્તિમાં રસ લઈ શકે નહીં [illegible] સંદિગ્ધ સ્થિતિ આખા દેશમાં ઊભી થઈ. આમાંથી સા[illegible] સામે બે છાવણીઓ પણ ગોઠવાઈ. પ્રવૃત્તિમાર્ગી નિવૃ[illegible] માર્ગીને અને નિવૃત્તિમાર્ગી પ્રવૃત્તિમાર્ગીને વગોવે [illegible] કલુષિત વાતાવરણ ઊભું થયું અને કુટુંબના, સમાજ[illegible] રાજકારણના તેમ જ નીતિ અને અર્થને લગતા બધા [illegible] પ્રશ્નોને એ વાતાવરણે ગ્રસ્યું. આ સંઘર્ષ એટલે સુધી [illegible] કે કુટુંબી કુટુંબમાં જીવવા છતાં, સમાજમાં રહેવા [illegible] રાજ્યની છાયામાં રહેવા છતાં તેની સાથે પોતાને લ[illegible] નથી એમ માનતો થયો અને અકુટુંબી હોય તેઓ [illegible] કુટુંબીના વૈભવથી જરાય ઊતરતા રહેવામાં નાનમ મા[illegible] થયા. આવી વસ્તુસ્થિતિમાંથી જ આખરે અનાસક્ત [illegible] યોગનો વિચાર જન્મ્યો અને તે ચર્ચાતો, સ્પષ્ટ થતો [illegible] હદ સુધી વિકસ્યો કે ગીતાના પ્રણેતામાં તે પૂર્ણપણે [illegible] કળાએ અવતર્યો. આ વિચારે પ્રવૃત્તિ અને નિવૃત્તિમા[illegible] સંઘર્ષ ટાળ્યો. પ્રવૃત્તિનું ઝેર અને નિવૃત્તિનું આલસ્ય [illegible] આનાથી ટળે છે. એ જ એની વિશિષ્ટતા છે.

પ્રગતિ અને પ્રવૃત્તિ કરનાર મૂળ ધ્યેયથી દૂર દૂર [illegible] જાય છે એવો ભાવ ભારતના લોહીમાં જડાયેલો છે [illegible] સાચી છે. એ જ ભાવમાંથી નિવૃત્તિમાર્ગનો ઉદય

[સંસ્કૃતિ, [illegible]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, એ માર્ગ વિકસ્યો પણ છે. પરંતુ એ નિવૃત્તિ પોતાનો બોજો બીજા ઉપર નાખવા પૂરતી સિદ્ધ થઈ છે. હવે નિવૃત્તિનો અર્થ એથી ઊલટો થવો જોઈએ. બીજાનો બોજ ઊંચકી બીજાને આરામ આપવો, રાહત આપવી અને એમ ન થાય ત્યાંયે પોતાનો બોજ તો બીજાના પર નાખવો જ નહીં એ નિવૃત્તિ હોવી જોઈએ. એનાથી જ અનાસક્ત કર્મયોગનો પાયો નાખી શકાય.

નંદીસૂત્ર નામના જૈન આગમમાં ચાર પ્રકારની બુદ્ધિઓનું વર્ણન છે. કામ કરવાના અનુભવથી ઘડાતી બુદ્ધિ કાર્મિકી, અનુભવવૃદ્ધની પરિચર્યા-સેવાથી નિપજનારી બુદ્ધિ વૈનયિકી, ઉંમરના પરિપાકને લીધે પરિપક્વ થનાર બુદ્ધિ પારિણામિકી અને અવનવી સમસ્યાઓ ઉપસ્થિત થતાં વેંત તેનો તત્કાલ ઉકેલ કરવા માટે પ્રકટ થતી સૂઝ તે ઔત્પત્તિકી કહેવાય છે. ગાંધીજીમાં આ ચાર બુદ્ધિઓનો વિરલ યોગ હતો એ તો સૌ જાણે છે. પણ તેમનો વારસો તેમના જ કેટલાક ગણધર શિષ્યોને મળ્યો છે. મારી દૃષ્ટિએ તેમાં કાકાનું અચૂક સ્થાન છે. આ વસ્તુની પ્રતીતિ તેમનાં અન્ય લખાણોની પેઠે 'ગીતાધર્મ' વાંચતાં જ વાચકને થઈ જાય છે. એમ તો શ્રદ્ધેય ધર્મગ્રંથ લેખે અનેક શ્રદ્ધાળુઓ ગીતાનો શબ્દપાઠ કરે જ છે અને કેટલાક વિશેષ જિજ્ઞાસુઓ અને સમજદાર તેના અર્થોનું અનેક રીતે ચિંતન-મનન પણ કરે છે. પણ મને લાગે છે કે ગુજરાતી સમજનારા વાચકો પ્રસ્તુત ગીતાધર્મનું થોડું થોડું પણ નિયમિત વાચનચિંતન કરે તો ગીતા સમગ્રના અધ્યયનનું ફળ તેમને મળવાનું જ અને વધારામાં ગીતાને સમજવાની અનેક ચાવીઓ પણ લાધવાની. આ નાનકડું પુસ્તક શ્રદ્ધાળુ અને સમાલોચક બંનેને એકસરખું ઉપયોગી થાય એવું હોવાથી તે પાઠ્યધર્મગ્રંથનું સ્થાન લેવાની યોગ્યતા ધરાવે છે.

ગમે તેટલા વ્યાખ્યાનકારોએ ગીતાનો આશ્રય લઈ પોતાનાં વિવેચનોને પૂર્ણ બનાવવા પ્રયત્ન કર્યો હોય છતાં ગીતા એવો ચિંતન-ભાવનાપ્રેરક પૂર્ણગ્રંથ લાગે છે કે બધી પૂર્ણ વ્યાખ્યાઓ છતાં તેની પૂર્ણતા કાયમ જ રહે છે. पूर्णस्य पूर्णमादाम पूर्णमेवावशिष्यते એ ઔપનિષદ-વચન ગીતાની બાબતમાં પણ યથાર્થ છે.

[અનુસંધાન પૃ. ૧૪૫થી]

દુનિયાના આ વિભાગમાં લગભગ બધાં જ શહેરોમાં મુખ્ય રસ્તાઓ ઉપર Shop windows બહુ આકર્ષક રીતે ગોઠવાય છે. હાલ આ કલા બહુ જ વિકાસ પામી છે એટલે કે શાકની કે ફૂલની, વસ્ત્રોની કે અલંકારોની, કલાની કે કારખાનાંની બારીઓ પાસે રખડવાનો એક નવો વ્યવસાય ઊભો થયો છે. એ windows એટલી બધી આકર્ષક હોય છે કે કૈરોથી અમે પણ window gazing શીખ્યાં છીએ. રાત્રે પણ એમાં પ્રકાશ થાય એટલે જ્યારે બીજું કંઈ ન સૂઝે ત્યારે એ વ્યવસાય સ્વાભાવિક બને છે.

લુગાનોમાં સ્વિસ ગ્રામજીવનનાં નૃત્યો ઉત્સાહથી જોવા ગયાં પણ ધાર્યાં હતાં એટલાં સારાં ન નીવડ્યાં. ઝુરીકમાં ઠંડી બહુ લાગી છતાં સારું ફર્યાં. ત્યાંની મ્યુનિસિપાલિટીનું કેક્ટ્સનું મ્યૂઝિયમ જોયું. કાંટામાં શોભતાં સુંદર અને મનોહર પુષ્પો જોવાનો બહુ આનંદ મળ્યો.

સ્વિટ્ઝરલૅન્ડ ભુલાશે નહિ. ત્યાં દસ દિવસ બહુ મઝા કરી. ૧૩મીની રાત્રે હવે પૅરીસ તરફ.

સહુ મઝામાં હશો.

ચુ. મોચભાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુરોપનો પ્રવાસ — ૨

સન્મુખલાલ પંડ્યા

રોમ ૩૦-૪-'૫૧

પ્રિય નન્દિની,

૨૮મીએ સવારે નેપલ્સથી નીકળી ત્રણ કલાકમાં રોમ આવી પહોંચ્યાં. નેપલ્સના સ્ટેશન ઉપર ૨૪ પ્લેટફોર્મ અને ૪૮ ગાડીઓ હોય એમ લાગ્યું. જાણકારની મદદ વગર ગાડી શોધવી મુશ્કેલ. કારણ કે પ્રમાણમાં અંગ્રેજી સમજનાર બહુ થોડા. કોઈક વાર ડિક્ષનરીની મદદથી પ્રયાસ કરીએ છીએ પણ પરિણામે હાસ્યાસ્પદ આવે છે. મુસોલિનીએ અંગ્રેજીનો અભ્યાસ બંધ કરી દીધેલો એટલે એ ભાષાના જાણકાર બહુ ઓછા મળે છે,—સારી હોટેલોમાં પણ.

ટ્રેઈનો બહુ સારી, સગવડભરી અને ઝડપવાળી. ડેક્કન-ક્વીનને ૨૦ ગણી સુધારો તો અહીંની સારી ટ્રેઈન બરોબર બને. આખે રસ્તે લીલી વનસ્પતિ બહુ મનોહર. એક વિશાળ ખેતર હોય એવું લાગે. Landscapesમાં વૈવિધ્ય પણ ઘણું. પર્વતોમાંથી માર્ગ શોધતી ટ્રેઈનો માટે ટનલો પણ ઘણી. કેટલેય સ્થળે સુંદર સમુદ્રકિનારાને શોભાવતાં નાનાં નગરો પણ જોયાં. Holiday માટે આહ્લાદક પ્રવાસ.

રોમ એટલે ટેકરીઓ વચ્ચે વસેલું પુરાતન નગર (Eternal City). ઐતિહાસિક નગરો ઘણાં જોયાં છે પણ ૨૦૦૦-૨૫૦૦ વર્ષના ઇતિહાસ રોમે બહુ સારી રીતે સાચવ્યો છે. એ સંસ્કાર તરત પડે છે. પેન્થિયોન અને કોલોઝિયમ, સીઝર અને ઑગસ્ટસના ફોરમ, સેંટ પીટર્સ અને પોલનાં ચર્ચ અને બીજા અનેક ઐતિહાસિક અવશેષો-ની આસપાસ આજનું સુંદર રોમ વસેલું છે. અનેક દેવળો સ્થળે સ્થળે કેથલિક ધર્મનું સામ્રાજ્ય સાબિત કરે છે. નગર-ચોક પણ ઘણા છે. દરેક નાના કે મોટા ચોક(Plazz)માં સતત ઊડતા પાણીના સુંદર અને વિવિધ રૂપના ફુવારા રોમનોની સૌન્દર્યપૂજાનાં પ્રતીક છે. સ્થળે સ્થળે ઘણી જ સંભાળથી સાચવેલા, આકર્ષક રીતે રાખેલા રોમના અવશેષો જોવા કે રોમનોના ઊછળતા ભાવો અને હાવભાવ જોવા એમના મનોહર ફુવારા જોવા એ સંભ્રમ આ નગરમાં રોજ અનુભવ્યો. શકુન્તલાને કાંટો કાઢવા એક જ વખતે પાછું જોવું પડેલું પણ મંજુને તો અનેક વાર અહીં પાછું જોવું પડતું. દૃષ્ટિપથમાં આવતાં અનેક સ્મરણીય દૃશ્યોને સ્મરણસંગ્રહમાં કેમ ગોઠવવાં એ અમારો આ યાત્રાનો બહુ વિકટ પ્રશ્ન છે.

રોમમાં વીલા બોરગીઝ અને વૅટિકનના સંગ્રહો જોઈને તો સ્તબ્ધ બની ગયાં. આખા યુરોપની અનેકવિધ કલાનું નવનીત વૅટિકન મ્યૂઝિયમમાં સંગ્રહિત છે. સ્થાપત્ય, શિલ્પ અને ચિત્રકલાના સ્વામીઓએ—બીજી અનેક કલાઓના કલાકારોએ આર્દ્રભક્તિભાવથી, ધર્મબુદ્ધિથી, ૨૦૦૦ વર્ષો સુધી આપેલી અંજલિઓનો સમુચ્ચય એટલે વૅટિકનનો સંગ્રહ. એવા વિરાટ કલાસંગ્રહને થોડા વખતમાં સ્મરણ-પ્રદેશમાં ગોઠવતાં तितीर्षुर्दुस्तरं मोहाद् उडुपेनास्मि सागरम्। એ જ ભાવ સતત અનુભવ્યો એમાં શું આશ્ચર્ય? માર્ગ-દર્શક (ગાઈડ) અંગુલિનિર્દેશ કરે તે તરફ જોવાનું. જે જે ઇતિહાસના પ્રસંગો કહે કે કલામાહાત્મ્ય વર્ણવે તે સાંભળવાનું અને ક્ષણે ક્ષણે અનેક મહાન વિભૂતિઓનું દર્શન વિદ્યુતવેગે કરી લેવાનું સંકટ ચલચ્ચિત્ર જેવું રમ્ય છે, પણ વિકટ વધારે છે.

એક જ સમયે થતા સુન્દર સૂર્યાસ્ત અને મનોહર ચંદ્રોદયની રેખાઓ જેમ સ્મરણમાંથી સરી પડે છે અને મર્યાદિત સ્વપ્નમૂર્છામાં મૂકી દે છે તેમ આ અમર્યાદિત સૌન્દર્ય-દર્શનથી અવર્ણનીય મનોભાવો જાગે છે, દૃષ્ટિ કરતાં કલ્પના વધારે ચપળ બને છે અને અદૃષ્ટ સૃષ્ટિમાં લઈ જાય છે.

[સંસ્કૃતિ, એપ્રિલ '૫૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માઈકલ એન્જેલો કે ટીશિયન, બર્નીની કે લિયોનાર્ડો ડવિન્ચી એ સહુ માત્ર નામો જ હતાં. એ સ્વામીઓએ રચેલી કૃતિઓ રમ્ય ભાવવાહિની વાસ્તવિકતા હતી એથીયે પર એક અવનવી સ્વપ્નસૃષ્ટિ હતી—જ્યાં ભાવ કે કલ્પના માટે કોઈ મર્યાદા જ નહિ.

રોમના પુરાણા અને મહાન અવશેષો ઉપર રાત્રે પ્રકાશકિરણો નાખીને રોમનોએ અવધિ કરી છે. દિવસે ન દેખ્યું તે રાત્રે જોયું. એક અજબ દર્શન થયું. રોમનોના ઉદયાસ્તની તેજછાયાની ઇતિહાસકથાએ કંઈ મિશ્ર ભાવો જગાડ્યા.

રોમનું ભવ્ય સ્ટેશન પણ રાત્રે ૧૧ વાગે એટલું મનોહર લાગ્યું. રોમ છોડવું ન ગમ્યું. પણ જહુ છોડવુંયે ક્યાં ગમતું હતું?

એક ઐતિહાસિક વિચિત્રતા રોમમાં જોઈ. ૨૦૦૦ વર્ષના અવશેષોને રોમ આજે પણ પૂજે છે. એ અવશેષો પાછળની મહત્તા બહુ ભાવથી સાચવે છે. પણ મુસોલિનીનું નામ બેચાર વખત જ સાંભળ્યું. તે પણ પ્લાઝા વેનીઝિયાની એક અટારીએ પહોંચ્યાં ત્યારે. એક તદ્દન સાદા ચોરસ ઘરની અટારીમાંથી મુસોલિની સિંહગર્જનાઓ કરીને દુનિયાને ડોલાવતો. આજે એ નાની અટારીનાં દ્વાર બંધ હતાં. અમારા જેવા પ્રવાસીઓ માત્ર એ તરફ જોતા. રોમનો એ તરફ નથી જોતા પણ સીઝર અને ગેરીબાલ્ડીનાં સ્મારકોને તો પગલે પગલે પૂજે છે. મુસોલિની ભવિષ્યના ઇતિહાસમાં કેવી રીતે ચીતરાશે તે કહેવું આજે મુશ્કેલ છે.

રોમમાં ફરતાં દિલ્હી ઘણી વાર સાંભરેલું. પણ દિલ્હીમાં ઉજ્જડતાનો ભાવ જાગૃત થયો. રોમના જીર્ણ અવશેષો ચેતનભર્યા—જીવતા લાગ્યા. એમ કેમ હશે? ભારતદેશનો ઇતિહાસ જોઈએ તેટલી મમતાથી નહિ ભણેલા તે એનું કારણ હશે? રોમમાં છે એટલા બધા અવશેષો દિલ્હીમાં નથી એ વાત પણ ખરી. વળી એ પણ ન ભૂલવાનું કે પોપની સતત વંશાવલિએ ૨૦૦૦ વર્ષોથી ક્રિશ્ચયન સામ્રાજ્ય જીવતું રાખ્યું છે—આંતર અને બાહ્ય સ્વરૂપમાં. દિલ્હીમાં એમ નથી બન્યું. અનેક સામ્રાજ્યો ત્યાં સ્થપાયાં અને અસ્ત થયાં—પણ સાતત્ય ત્યાં નથી રહ્યું. આખી દુનિયાના કેથલિકો આજે પણ પોપને પૂજે છે. પોપ જે ધર્મપંથના પ્રતિનિધિ છે તે ધર્મપંથમાંથી પ્રેરણા મેળવે છે.

એ દિવસ મંજુ જરા અસ્વસ્થ બની એટલે રોમમાં વધારે રહ્યાં અને વેનીસ પડતું મૂક્યું. વેનીસ રહી ગયું પણ રોમ વધારે જોવાયું.

ત્રીજીએ રાત્રે રોમથી નીકળીને ચોથીએ સવારે લુગાનો—સ્વિટ્ઝરલૅન્ડ—પહોંચ્યાં.

સહુ કુશળ હશો. અમે ઘણી મઝા કરીએ છીએ. બહુ સંભારીએ છીએ અને તમારા પત્રોની રાહ જોઈએ છીએ.

શુ. મોટાભાઈ

*

વૉલ્ટર હૉટેલ,
લુગાનો, ૬-૫-'૫૧

પ્રિય નન્દિની,

ચોથીએ સવારે મિલાનનું સ્ટેશન વટાવ્યું અને સ્વિટ્ઝરલૅન્ડમાં પ્રવેશ કર્યો કે નાટકના પડદાઓ પાછા બદલાયા. લગભગ ૧૦ દિવસ સુધી ઇટલીમાં ધર્મની, રાજ્યના, કલાકારોની અનેકવિધ કળા જોઈ. પ્રકૃતિએ અને માનવતાએ ઉપજાવેલી અનેક મનોહર કૃતિઓ જોઈ. સ્વિટ્ઝરલૅન્ડમાં પ્રવેશ કરતાં પ્રકૃતિપૂજન શરૂ થયું.

૩૦ વર્ષે આ નૈસર્ગિક સૌન્દર્યથી ભરેલા પ્રદેશમાં પાછો આવ્યો. કાશ્મીર તો હજી કલ્પનામાં જ રહી ગયું છે. વિધિની કેવી વિચિત્ર ઘટના!

સ્વિટ્ઝરલૅન્ડ એટલે હિમાચ્છાદિત પર્વતમાળાઓ વચ્ચેનાં મોટાં સરોવરો. એ સરોવરો અને શિખરો વચ્ચે વસેલાં સુંદર નગરો ને ઉપનગરો. પ્રકૃતિ વજ્રથીયે કઠોર ને કુસુમથીયે કોમલ. એ દ્વંદ્વની વચ્ચે વસીને માનવીઓએ ઉપજાવેલું એક મહાન મનોહર ઉપવન એટલે સ્વિટ્ઝરલૅન્ડ.

લુગાનો જેવાં નગરો સરોવરકિનારે માત્ર પ્રવાસીઓના લાભ અને આનંદ માટે જ વસ્યાં હોય એ પ્રમાણે બધી સગવડો એમાં છે. આપણાં તીર્થસ્થળોને આકર્ષક બનાવવાની કલા અહીં શીખવા જેવી છે. પ્રવાસીની સંપત્તિ પ્રમાણે—એની ઇચ્છા પ્રમાણે—અહીં જોઈતાં સાધનો મળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહે છે. અહીંનો દરેક માનવી તમને સભ્યતાથી આવકાર આપવા તત્પર હોય એવો આ સ્થળોનો વ્યવસાય છે. એટલે મઝા ઘણી આવે. છતાં સલામતી ખાતર દિવસને અંતે સરવાળા કરતા રહેવું જરૂરનું છે. બધું મોઘું પણ બહુ જ છે.

લુગાનોમાં સરોવરકિનારે અમને બહુ સરસ હોટેલ મળી. પથારીમાં પડી રહીને પણ સરોવર ઉપર ચાલતો આનંદવ્યવહાર, સરોવરની ચારે પાસ વીંટળાયલી લીલી મનોહર ટેકરીઓ, એ ટેકરીઓ ઉપર લીલોતરીમાંથી ડોકિયાં કરતા નાનામોટા સુંદર વિલા (બંગલાઓ) આદિ જોઈ શકતાં. રાત્રે તો ચમકતા દીવાઓને લીધે એ દીપમાળાના સરોવરજળમાં પડતા પડછાયાઓને લીધે બહુ સુંદર સ્વપ્ન જેવું લાગતું. સીમલામાં આવું દૃશ્ય જોયેલું–પણ સરોવરના ચમકતા ચપળ પડછાયા ત્યાં નહોતા. આકાશની સમૃદ્ધિ જળમાં ઊતરેલી લાગતી હતી.

લુગાનોમાં માઉન્ટ બ્રે અને માંઉન્ટ સાલવેટોર નામનાં બે સુન્દર શિખરો ઉપર ફનિક્યુલરમાં ચડયાં. પણ વાદળાં ને વરસાદે ઉપરનું સૌન્દર્ય પૂરું જોવા દીધું નહિ. ત્યાંથી નીચેના પ્રદેશો બહુ મનોહર લાગ્યા. સ્વિટ્ઝરલૅન્ડનાં સરોવરો ચિત્રોમાં જોઈએ છીએ તેમાં જરાય અતિશયતા નથી. ટેકરીઓ પરથી એવાં જ રમ્ય લાગે છે. માથેરાન, મહાબળેશ્વર જેટલી ઊંચી ટેકરીઓ ઉપર ફનિક્યુલરો ૧૦–૧૫ મિનિટમાં સરળતાથી સીધી ચઢી જાય – સુંદર લીલી વનશ્રીમાંથી. ક્ષણે ક્ષણે નવું ચિત્ર દેખાય, ઉપર પહોંચતાં મુસાફરી ટૂંકી નીવડે તેનો શોક થાય. માથેરાન ચઢતાં થાક લાગે છે. અહીં આ ટેકરીઓ ચઢી જતાં આહ્લાદ થયો.

એક આખો દિવસ નાની સુંદર લૉંચમાં લુગાનોના સરોવરમાં લહેર કરી. કિનારાનાં સુંદર ગામોમાં ઊતર્યાં–ફર્યાં. એક ગૅન્ડ્રૂયા નામનું ગામ ૪૦૦–૫૦૦ વર્ષોથી જીવતું છે. એ ગામને હતું એવું જ સાચવી રાખવાનું સરકારી ફરમાન છે. તેમાં પણ બહુ મઝા આવી. ચારથી દસ ફૂટ પહોળી ચડતી-ઊતરતી શેરીઓ, નાનામોટાં ઘરો – રમકડાં જેવાં – ફેરીલૅન્ડમાં જાણે ગોઠવેલાં હોય એમ લાગ્યું. સાથેના ચિત્રથી કંઈ સમજાશે અને અમારું નાવ કેમ તરતું હતું તેનો પણ ભાસ થશે. ચક્ષુઓ બે જ અને પ્રકૃતિએ પાથરેલું દસે દિશાનું નૈસર્ગિક સૌન્દર્ય અમર્યાદિત. દૃષ્ટિ હારી જાય અને એ સૌન્દર્યપરાગને – સારને – સ્મરણભૂમિમાં સ્થિર કરવા માટે આંખો મીંચી દેવી પડે. કાશ્મીરી શાલ ઓઢીએ અને સરી જાય, સરી જાય અને ઓઢીએ એ સ્થિતિ આ પ્રદેશોમાં અનેક વાર ઊભી થઈ.

*

લ્યૂસર્ન, ૯–૫–'૫૧

સાતમીએ સવારે લ્યુગાનોથી નીકળી લ્યૂસર્ન આવ્યાં. ચાર કલાકનો પ્રવાસ પણ બહુ સ્મરણીય નીવડ્યો. વાદળાં ને વરસાદ હતાં. પર્વતમાળામાંથી ટ્રેઈનનો રસ્તો. આ ટૂંકી મુસાફરીમાં જેટલા પાણીના ધોધ — અનેક સ્વરૂપના — નાના મોટા જોયા એટલા કદી જોયા નહોતા. શિખરો ઉપર બધે બરફ હતો ને ઓગળવા માંડ્યો હતો. ખેતરોમાં ઘરોની આસપાસ, રેલવે-લાઈન અને સ્ટેશન ઉપર સમીપમાં બરફ જોઈને સહુ લહેરમાં આવી ગયાં — ધ્રૂજતે ધ્રૂજતે પણ. બરફની શોધમાં હતાં અને અચિંતિત રીતે દૃષ્ટિ પહોંચે ત્યાં સુધી ચારે પાસ બરફ જોઈને એક નવી સ્વપ્નભૂમિમાં પહોંચી ગયાં.

લ્યૂસર્નની હોટેલ (ધિ બૅલેન્સ) એક જૂના Baromial Castle જેવી મળી. ઐતિહાસિક વાતાવરણ ખરું પણ ૧૭મી સદીના કિલ્લામાં હોય તેવું શીત વાતાવરણ. ત્યાં ઠરી ગયાં, ધ્રૂજ્યાં પણ બહુ મઝા કરી. જમવાના હૉલમાં એક ત્રાજવું હતું તે ઉપરથી હોટેલનું નામ પાડેલું. બધી સગવડ પણ જોખીને અપાતી.

[રોમની હોટેલનું વર્ણન રહી ગયું. ત્યાં તો ફ્રાન્સના રાજા લુઈ ૧૪માના સમયના પલંગોમાં સૂવાનું મળ્યું. બધું ફર્નિચર પણ રાજ્યમંદિરના જેવું — જાણે વરસાઈલના મહેલમાં ઊતર્યાં. નામ હોટેલ બોસ્ટન પણ બેડરૂમ વરસાઈલ્સની. નંદિની એટલે નામ પ્રમાણે ગરીબ ગાય પણ મંજરીના લખવા પ્રમાણે જબરો વાઘ. બધે જ આમ છે. નામ અને ગુણનો સંબંધ વિરલ નથી?]

લ્યૂસર્નમાં હવા વિચિત્ર નીવડી પણ એથી અવનવા અનુભવો થયા. સવારમાં લગભગ ૪ા વાગે અજવાળું થવા માંડે, મારી આંખ ઊઘડે અને દિવસ કેવો વીતશે એ ભાવિની કલ્પના કરવી પડે. દિવસ કેવો નીવડશે એ અહીંનો રોજનો

[સંસ્કૃતિ, એપ્રિલ '૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્ન છે. આ વર્ષે શિયાળો લંબાયો છે. વસંત અને ગ્રીષ્મ જરા મોડી થઈ છે. બાકી મે મહિનો ઈટલી, સ્વિટ્ઝરલૅન્ડ અને ફ્રાન્સમાં બહુ સરસ ગણાય છે. પ્રવાસીને તો મળે તે સારું લાગવું જોઈએ — અમને તો લાગે છે. વચ્ચે વચ્ચે વરસાદ પડી જાય છે. બહુ ઠંડી લાગે છે. પણ એ બધા અનુભવો લેવા જેવા છે. રોજની હવા માટે ભવિષ્ય ભાખતા હવા-વિશારદો અજાણતાં પણ બહુ રમૂજી વાણી ઉચ્ચારે છે. Generally cloudy - inclined to be damp with slight drizzles - occasional patches of Sunshine—પછી હવા નીવડે તે ખરી. અને ભવિષ્ય-વાણી પણ સાચી. આ રમૂજ રોજની છે અને હું પણ એવું ભવિષ્ય ભાખી શકું છું. અને ખરો પડું છું. અત્યારે આ લખતાં - સવારમાં પાંચ વાગે - ઠંડી લાગે છે પણ માનું છું કે When Winter comes, Spring is not far behind.

પણ કુદરતના આ બધા moods બહુ જ ગમે એવા છે. એક પાસ વાદળાં બીજી પાસ સૂર્યપ્રકાશ. એક દિશામાં બરફ, બીજી દિશામાં લીલોતરી અને એમાં પ્રકાશતાં પ્રફુલ્લિત ચેરી અને એપલ બ્લૉસમ. માત્ર સફેદ પુષ્પોથી જ ભરેલાં - પાંદડાં વિનાનાં - આ વૃક્ષો સ્થળે સ્થળે વસંતઋતુનું નૃત્ય કરી રહ્યાં છે - લીલોતરીથી ભરેલાં - નૈસર્ગિક દૃશ્યો - land-scapesના અલંકારરૂપ છે. આ દૃશ્યોની પાછળ ઊંચા-graceful - ફર અને બીજાં વૃક્ષો - એમની પાછળ પર્વત-શિખરો અને એ બધામાં બરફના શ્વેત ઢગલા. આવો વન-વૈભવ જોઈને દૃષ્ટિ નમી પડે છે. વનદેવતાઓના ગુણ ગાતાં પંખીઓ હજી સાંભળ્યાં નથી. કદાચ આવતે અઠવાડિયે પૅરિસમાં સાંભળીશું.

લ્યૂસર્નમાં બે સુંદર શિખરો જોયાં — પિલેટ્સ અને ક્લેવેન આલ્પ. સરોવરની ટૂંકી સહેલ કરી શિખરની તળેટીએ પહોંચવાનું. પિલેટ્સ ચડ્યાં હતાં ફ્નિકયુલરમાં અને ક્લેવન આલ્પ સસ્પેન્શનમાં. તળેટીમાં પહોંચતાં સામે જ એ રમકડા જેવી નાની ગાડીઓ તૈયાર. બધું સારી રીતે વ્યવસ્થિત. ગૂંચવાડો નહિ — કોલાહલ નહિ. માત્ર પ્રવાસીઓનો કલ્લોલ અને એકબીજાને મદદ કરવાની વૃત્તિ. પીલી ચઢતાં એક ચીલી — સાઉથ અમેરિકાની સુંદરી મળી અને ઑસ્ટ્રેલિયાની બે ડોસીઓ મળી. અમારી સાથે ભળી ગયાં અને કલ્લોલ કરી મૂકયો. અમે ઑસ્ટ્રેલિયા ને ચીલી જવાની ઇચ્છા દેખાડી. એમણે હિંદુસ્તાન આવવાની આશા રાખી પ્રવાસી-ઓનાં આ સ્વપ્નના પ્રસંગોચિત. નેપલ્સ પાસે કાપ્રીમાં એક ચિત્રકાર સુંદરી મળી હતી. મુંબાઈથી અમે પાછા આવ્યાં એ સાંભળીને એણે મને કહ્યું કે હિંદુસ્થાન જવાનું સ્વપ્ન મને ઘણી વાર આવે છે. મેં કહ્યું કે ઈટલી પહોંચવાનું અમારું સ્વપ્ન સિદ્ધ થયું તેમ એનું પણ થશે. આમ આશ્વાસન મેળવી એ ખૂબ હસી.

લુગાનોની હોટેલમાં અણધારી રીતે ગુજરાતી ભોજન જેવું કંઈક જમ્યા. સ્વિટ્ઝરલૅન્ડ ચોખ્ખું બહુ. અહીંના લોકો સુખી, સુંદર અને સંતોષી. સુખી એટલા માટે કે વસ્તી નાની અને શ્રમજીવી. શ્રીમંત અને રંક જેવા બે ધ્યાન ખેંચે એવા વિભાગો નહિ, આપણે ત્યાં ને બીજા દેશોમાં છે તેમ. સુંદર એટલા માટે કે કુદરતની પરમ કૃપા અને પ્રજાને શ્રમનું અને પોતાનું ગૌરવ. પછી સંતોષી દેખાય જ ને?

*

ઝુરીક, ૧૨-૫-'૫૧

એક કલાકની મઝાની રેલવે મુસાફરી કરીને ઝુરીક પહોંચ્યા. બહુ સુંદર નગર. વસ્તી લગભગ ચાર લાખની પણ શ્રમજીવી અને સમૃદ્ધ. મનોહર સરોવરને કિનારે સારા વિસ્તારમાં પથરાયલું એટલે સ્વચ્છ અને વિશાળ. પાસેની ટેકરીઓ મલબાર હિલ જેવી પણ ઘણી વધારે સુંદર. જાણે ચોમાસા પછીનું મહાબળેશ્વર કે માથેરાન. પ્રજા પ્રકૃતિસૌન્દર્ય-પૂજક અને શ્રમજીવી એટલે પ્રભુએ દીધેલી સમૃદ્ધિ વધારે વિકસાવેલી. શહેરની પાસે જ વિશાળ વનમાળા અને સારી રીતે ગોઠવાયલાં કારખાનાં. એક દિવસ પાસેના જ શહેર વિંટરથૂરમાં જઈને સુલ્ઝરનું પ્રખ્યાત કારખાનું જોયું. ત્યાં મોટાં એંજિનો ને ઘણું બને છે. ત્યાંની લૅબોરેટરી જોવામાં મંજુને પણ મઝા આવી.

ઝુરીકમાં જમવાનું ને હોટેલ સારાં હતાં. દરેક વખતે - એટલે દિવસમાં ત્રણ વાર - મંજુ ત્રણ ત્રણ પ્યાલા દૂધ પી જાય અને ફરિયાદ કરે કે દૂધ બહુ પાણી જેવું છે - એટલે હલકું છે.

[અનુસંધાન પૃ. ૧૪૧ ઉપર]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

‘ જિપ્સી ’ થયા પહેલાં અને પછી*

ગુલાબદાસ બ્રોકર

ટૂંકી વાર્તાની કલામાં સ્થિતિસ્થાપકતા અદ્દભુત હોય છે. જેમ વાળો તેમ વળે, અને જે આકાર આપવા ધારો તે આકાર અત્યંત આસાનીથી ધરી લે! ને, તમને તે કામ કરતાં આવડ્યું હોય તો, પાછી રૂપાળી તો એવી ને એવી જ લાગે! શ્રી કિશનસિંહ ચાવડાની ટૂંકી વાર્તાઓનો ‘ કુમકુમ ’ પછીનો આ બીજો સંગ્રહ ‘ શર્વરી ’ જોતાં, ટૂંકી વાર્તાની કલાની આ સ્થિતિસ્થાપકતા, વાળો તેમ વળી જવાની અને નવા નવા સુંદર આકારો ધરવાની તેની આવડત, અને ઘડીકમાં માત્ર છાપાંનો તટસ્થ અહેવાલ હોય એવી તટસ્થતા દાખવવાની, તો ઘડીમાં ઊર્મિથી સભર બની જઈ રોમાંચક ભાવોને રોમાંચક રીતે રજૂ કરવાની તેની પ્રવાહિતા, વગેરે તત્ત્વો સહેજે ધ્યાન ખેંચે છે. આ બન્ને સંગ્રહોને વચગાળે પ્રસિદ્ધ થયેલો તેમનો આત્મકથાત્મક કથાનકોનો પ્રખ્યાત સંગ્રહ ‘ અમાસના તારા ’ પણ તેમાંના અનેક પ્રસંગોને ટૂંકી વાર્તાના આહ્લાદક ચોકઠામાં ગોઠવી બેઠો છે, અને એ પ્રસંગો પણ ટૂંકી વાર્તાની કલાનું અખૂટ વૈવિધ્ય જ સિદ્ધ કરે છે. કલાના આ નાજુક સ્વરૂપમાં એક જ માણસને હાથે થયેલા આવા વિધવિધ પ્રયોગો રસિક અભ્યાસીને આકર્ષક અભ્યાસનો વિષય પૂરો પાડે છે.

‘ કુમકુમ ’ કે ‘ અમાસના તારા ’ની વાર્તાઓને બાજુએ રાખીએ અને એક ‘ શર્વરી ’માં આવતી વાર્તાઓ ઉપર જ ધ્યાન કેન્દ્રસ્થ કરીએ તો પણ પ્રયોગોનું એ વૈચિત્ર્ય અને પ્રસંગોનું, પાત્રોનું, ભાષા, શૈલી, રજૂઆત, વગેરેનું વૈવિધ્ય, ઊડીને આંખે વળગ્યા વિના રહે તેવું નથી. આમ તો ‘ શર્વરી ’માંની સોળેસોળમાંની દરેકેદરેક વાર્તા, કંઈક અંશે નરના, પણ મહદંશે નારીના વ્યક્તિત્વના કોઈ ને કોઈ પાસા ઉપર મધુર અને માર્દવભર્યો પ્રકાશ નાખવાનો પ્રયત્ન કરતી હોય છે, છતાં, તેમાં સમાયેલા વૈચિત્ર્ય અને વૈવિધ્યની લીલા જોવા જેવી છે.

‘ ખાખનું પોયણું ’ની શરૂઆત આ રીતે થાય છે:

“ ચકરોતા મેરઠ તહસીલમાં નાનું ગામ છે. ગામમાં જાટોની વસ્તી વધારે છે.” (પૃ. ૧૧૦)

તો “ લજ્જાવતી ”ની આ પ્રમાણે :

“ હવે વખત નથી. પળ વારમાં જ નિર્ણય કરી લે જોઈએ. ગામની ઘણી ખરી હિંદુ વસ્તી ચાલી નીકળી હતી.” (પૃ. ૧૪૮)

ને “ અરમત ”ની :

“ પાકિસ્તાન થયા પછી પણ રાવળપિંડિના વ્યક્તિત્વ વિશેષતા કાયમ રહી હતી.” (પૃ. ૧૬૩)

જાણે લેખક કોઈ સાદો સીધો છાપાંનો અહેવાલ લખ ન બેઠા હોય, એવી સાદી અને હકીકતનું માત્ર બ્યાન ક હોય તેવી!

તો સામે પક્ષે “ ગૌરી ”ની શરૂઆત કાવ્યમય છે:

“ માનવનું અસ્તિત્વ પુષ્પ જેવું હોય છે.” (પૃ. ૭

અને ‘ અસ્ત અને ઉદય ’ની પણ એવી જ :

“ ઉદય સુંદર કે અસ્ત ? ” (પૃ. ૧)

તો ‘ ચંદનનો સાબુ ’ની, વાર્તાઓની સામાન્ય રીતે હો તેવી, ઉત્સુકતાપ્રેરક :

“ આજે ઘણે વખતે કુલીનને ઇચ્છા થઈ કે કોઈ સુગંધી-ભર્યા સાબુથી નાહવું.” (પૃ. ૩૭)

આ શરૂઆત જોતાં એમ જ લાગે કે જાણે પહેલી વાર્તામાં લેખક કોઈક બનાવની છાપાંજોગી રજૂઆત ક

* શ્રી કિશનસિંહ ચાવડાકૃત નવા નવલિકાસંગ્રહ **શર્વરી**ની પ્રસ્તાવના : પ્ર. રવાણી પ્રકાશન ગૃહ. પૃ. ૨૪૮. કિં. રૂ. ૪-૦-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પછીની ત્રણમાં કશુંક કાવ્યમય, કશુંક હૃદયને હલમલાવી નાંખે તેવું; અને કશુંક વાર્તારસમાં આપણને તરબોળ કરી નાખનારું આવશે. અને, અલબત્ત, એવું એવું બધું એમાં આવે છે પણ ખરું, પણ એ પાછલી ત્રણમાં જ માત્ર નહીં, પહેલી ત્રણમાં પણ ખરું; અને કદાચ, પહેલી ત્રણમાં જ વધારે ઉત્કટ સ્વરૂપે. એ ત્રણે વાર્તાઓ 'ખાખતું પોયણું,' 'લજ્જાવતી' અને 'અસ્મત' (અને એક ચોથી 'રહેમત') આપણા ઇતિહાસના એક અત્યંત મલિન પ્રકરણને પોતાનો વિષય બનાવે છે. 'ખાખતું પોયણું' હિંદુસ્થાનના ભાગલા થયા તેની તરત જ પહેલાંની સમયની છે, બાકીની ત્રણે તેની તરત જ પછીના સમયની. એ સમય એ આપણા ઇતિહાસનું એક કાળું પ્રકરણ છે, અને આપણામાંના જ ઘણાએએ એ સમયે કરેલો વર્તાવ એ આપણી સંસ્કારિતા અને સંસ્કૃતિની ભાવના ઉપર કાળી ટીલી સમાન છે. હિંદભરના સાહિત્યમાં, માત્ર પ્રચાર કે અતિશયતાભર્યા ઉદ્રેકને સ્વરૂપે નહીં, પણ સ્થિર સંવેદનભર્યા કલાસ્વરૂપે, એ સમયની વાતો ઓછી જ લખાઈ છે. આપણા ગુજરાતમાં તો, કદાચ આ બેત્રણ વાતોના, અને એવા બીજા ગણ્યાગાંઠ્યા, અપવાદ સિવાય, એવી વાતો લખાઈ જ નહીં હોય. કારણ કે, એ વિશે લખવું એ અત્યંત સૂક્ષ્મ સૂઝ અને એટલી જ સૂક્ષ્મ સંવેદનશકિત માગી લે છે. શ્રી ચાવડા આ વાતોમાં એ બન્ને ગુણોનો સમજણભર્યો સદુપયોગ કરી શકચા છે એ એમનું પોતાનું તો ખરું જ, પણ આપણા સાહિત્યના જગતનું પણ નાનું એવું સદ્ભાગ્ય જ ગણાય, કેમ કે નહીં તો, એ જગતને એ સમયના સંસ્કાર ઝીલતા આ બેત્રણ સારા નમૂનાઓ મળ્યા છે એ મળત જ નહીં.

શ્રી ચાવડાની લેખક તરીકેની પ્રકૃતિ રંગીન છે, આસમાની છે. વાસ્તવનું પણ તેમનું આલેખન, હોય તો, રંગભર્યું જ હોય, આસમાની જ હોય. આ સંગ્રહમાંની જ ઘણી વાર્તાઓમાં એનાં પ્રમાણ મળ્યા વિના રહેશે નહીં. પણ કોણ જાણે કેમ, આ 'અસ્મત' અને 'લજ્જાવતી' અને 'ખાખતું પોયણું'માં એ એવા રંગીન કે આસમાની ચિત્રકાર બની ગયા નથી. એમની કલમે એ રંગોની ઘેરાશ પકડવાને બદલે, આ વાર્તાઓમાં ભાવોની કુમાશ જ પકડી છે, અને તે પણ સાદી સીધી વાર્તાશૈલી દ્વારા જ. નહિતર આ વાતોનો વિષય જ એવો છે કે પેલી રીતે વાત કહેવાનું પ્રલોભન વધી જાય. અને છતાં, વસ્તુની કરુણતા આપોઆપ ઊપસી આવી છે—સચોટ અને સબળ રીતે. માનવીની હૃદયહીનતા અને માનવીની માનવતા બન્નેનો, આ વાર્તાઓમાં આપણને પરિચય થાય છે અને લજ્જાવતી અને અસ્મત જેવા જેમના હાલ થયા હશે તેવી અનેક નિરાધાર, નિર્દોષ અને નિઃસહાય નારીઓની મૂર્તિઓ આ વાર્તાઓ વાંચતાં વાંચતાં આપણાં નયન સમક્ષ ખડી થઈ જાય છે. 'અસ્મત' વિશે એ છપાઈ ત્યારે અને ત્યાર પછી અનેક વાર એક પ્રશ્ન ઊઠ્યા કર્યો છે કે આવી સ્ત્રીનું, અંતમાં જે રીતે પરિવર્તન થયું છે એ રીતે પરિવર્તન થઈ શકે ખરું? એ અવાસ્તવિક, કૃત્રિમ, ન બને એવું નથી? આટલો આટલો ત્યાગ કરી શકનારી નારી, પોતાના પ્રિયતમને આમ એક જ દિવસમાં આવી બેદરકાર રીતે નકારી શકે ખરી? મને લાગે છે કે હા, એમ એ નકારી શકે. અને એથી અસ્મત જે રીતે ફરી બેસે છે એમાં મને અવાસ્તવિક કે કૃત્રિમ કશું જ નથી લાગતું. માત્ર એ કરુણ લાગે છે, અને એ કરુણતા એકલી અસ્મતની નથી, આખી માનવજાતની છે. માણસનું મન ભૂમિતિના પ્રમેયોની જેમ આંકી કાઢેલાં નિશ્ચિત ધોરણો પ્રમાણે ચાલતું નથી, પણ અનેક જાણી-અજાણી ગ્રંથિઓ-ઉપગ્રંથિઓથી દોરવાઈ એ ઘણી વિચિત્ર અવસ્થાઓ ધારણ કરે છે, અને ઘણીયે વાર કરુણ અંજામ પેદા કરે છે. અસ્મતનો અંજામ પણ એવો જ કરુણ છે, અને એની કરુણતા, એ વાત આવી સબળ રીતે આલેખાઈ છે તેથી, વાચકના દિલમાં સચોટ રીતે છપાઈ જાય છે, અને 'અસ્મત'ને આ સંગ્રહની સૌથી સારી નહીં તો સારામાં સારામાંની એક વાત તરીકે પ્રસ્થાપિત કરી જાય છે.

પણ આ તો આપણે આડવાતે ચઢી ગયા. આપણે તો આ બધી વાર્તાઓમાં આવતી વૈવિધ્ય અને વૈચિત્ર્યની લીલા જ જોવી હતી! તો એ વૈવિધ્ય, આ પાંચ-છ વાર્તાઓમાં આપણે જોયું તેમ, લખાવટમાં, રજૂઆતમાં, ભાષામાં, શૈલીમાં, વિષયમાં, પાત્રોમાં—બધાંમાં વેરાયેલું છે. 'મનોમયી' અને 'જિજ્ઞાસાની મૂર્તિ' પ્રણયની વાતો છે, છતાં એકમાં સફળ પ્રણયની મુગ્ધતા, તો બીજીમાં તત્પર ત્યાગની વેધકતા આલેખાયાં છે. 'બાવન પાર્કસ્ટ્રીટ' અને 'ઘીનો દીવો' વેશ્યાઓની વાતો છે, છતાં એકમાં છંછેડાયેલા સ્ત્રીત્વનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દંશ દેખાય છે તો બીજીમાં એવા પતિત જીવનમાંયે જળવાઈ રહેલા પુણ્યત્વનો પવિત્ર ભાવ દેખા દે છે. 'નીલેશ્વરી' અને 'ગૌરી'ની નાયિકાઓ ગાનારીઓ હોવા છતાં કેટલી એકબીજીથી ભિન્ન છે!—સંસ્કારી અને નમણા નારીત્વની કુમાશ બન્નેએ જાળવી રાખેલી હોવા છતાંયે! 'નર અને નારી'માં સિંહસિંહણનાં પ્રતીક દ્વારા આખીયે સૃષ્ટિમાં વ્યાપ્ત એવા પુરુષના અહમ્‌ના અને સ્ત્રીના અબોલ અને મૂક સમર્પણના ભાવની વાત લેખક આપણને કહી જાય છે, તો 'બિચારા!'માં સ્નેહાળ સ્ત્રીના વાત્સલ્યના પ્રતીક સમા એક શબ્દ માત્રની હૂંફ પુરુષને વિચલિત થતાં કેવો અટકાવી દે છે તેની પ્રેરક વાત આપણને મળે છે. 'અસ્ત અને ઉદય' અને 'શર્વરી'માં આસમાની કલ્પનાના મુગ્ધ ચમકાર જોવા મળે છે, તો 'ચંદનનો સાણુ' પવિત્ર ભાવનાની સુવાસ છેક આપણા હૃદયના અંતઃસ્તલમાં એની સાદી રોચક શૈલી દ્વારા મૂકી જાય છે.

આવી અનેક વિવિધતાઓ ધારણ કરતી આ વાર્તાઓમાં પાત્રોનું વૈવિધ્ય પણ ઓછું નથી. અનેક સ્ત્રીઓને મુગ્ધ કરતો પણ એક જ 'મનોમયી'થી મુગ્ધ બનેલો કવિ આમાં આવે છે, તો રજનીરાણીને પોતાના શિલ્પનો વિષય બનાવી આખાયે સ્ત્રીત્વના પૂર્ણસત્ત્વને પોતાના સર્જનમાં ઉતારવાનાં સ્વપ્ન સેવતો શિલ્પી પણ એમાં આવે છે. વેશ્યાઓ, ગાનારીઓ, પતિતાઓ, ફસાઈ ગયેલી નિઃસહાય નિરાધાર સ્ત્રીઓ અને ચંદ્રાવતી જેવી કાળની કરુણતાનો ભોગ બનેલી નારીઓ પણ આમાં આવે છે; તો સાથે સાથે મુગ્ધ પ્રણયની ભાવનાથી ભરેલી કમનીય નારીઓ, અને દુલન જેવી એ ભાવનાની વેદી પર પોતાના દાંત તોડી નાખી આહુતિ આપનારી પ્રેમભરી સ્ત્રીઓ પણ એમાં આવે છે. 'શર્વરી'ની છાબ અનેક તેજે પ્રકાશતાં તારકતારિકાઓથી ભરીભરી છે.

પરંતુ વાર્તાઓમાં આવતા આ મનોરમ વૈવિધ્ય અને વૈચિત્ર્ય ઉપરાંત વાર્તામાં ઊઠી આવતું જીવન અને વાર્તામાં આલેખાતી સૃષ્ટિ ચિરંજીવ કલાનો સંસ્પર્શ પામી જીવંત અને ચિરંજીવ બને છે કે નહીં એ પણ જોવાનું રહે જ. એ રીતે એને ન જોઈએ તો કદાચ દૃશ્ય સંપૂર્ણતા ધારે નહીં. આ બધી વાર્તાઓ, એક એક છૂટી વાર્તા તરીકે તેમને જોઈએ ત્યારે, કલાનો અનવદ્ય સુંદર દેહ ધારણ કરે છે કે નહીં, વાંચનારના ચિત્ત ઉપર તેમની સમગ્રતા દ્વારા એક જ સબળ સચોટ છાપ મૂકી જાય છે કે નહીં, એ બધું પ જોવાનું તો રહે જ.

એ રીતે જોતાં, આ વાર્તામાં પણ ઉચ્ચાવચ અંશો દેખાયા વિના રહેશે નહીં. એકાગ્રતા અને એકલક્ષિતા ટૂંકી વાર્તાની કલાના અનિવાર્ય અંશો છે. એ વિના વાર્તામાં સચોટતા ન આવે, અને એક જ સબળ સચોટ છાપ વાં ઝીલી શકે નહીં. વર્ણનો, પ્રસંગો, પાત્રો વગેરે પોતપોતાની રીતે ગમે તેટલાં આકર્ષક અને આહ્લાદક હોય છતાં, પે અનિવાર્ય શરતને વિઘ્નકર્તા હોય તો એ ટૂંકી વાર્તામાં ત્યાજ્ય જ ગણાય. શ્રી ચાવડા એમના આ સંગ્રહમાંની બધી જ વાર્તાઓમાં એવી એકાગ્ર એકલક્ષિતા જાળવી શક્યા હો એમ ઘણાંઓને નયે લાગે. 'બાવન પાર્કસ્ટ્રીટ'માં 'નીલેશ્વરી'માં, 'રહેમત'માં અને બીજી થોડી વાર્તાઓમાં પણ, તેમની કથાવસ્તુઓ સુંદર હોવા છતાં, અને તે સમાયેલું રહસ્ય કલાત્મક ઉચ્ચારણને યોગ્ય હોવા છતાં, એકલક્ષિતાનો અભાવ સ્પષ્ટ તરી આવે છે. યોગ્ય વાતાવ રચવાને લોભે, રાજામહારાજાઓના વિલાસી અને નિરર્થ જીવનનો સ્પષ્ટ ખ્યાલ આપવાના લોભે, વાર્તાના નાયક બનતા રસિક જુવાનના રસિક આકર્ષણનો અને લોભાવના વ્યક્તિત્વનો જરા વધારે ઊંડો ખ્યાલ આપવાના લોભે, એ વાર્તામાં વિસ્તાર વધી ગયો છે અને એથી એના ઊંડાણ હાનિ થવા પામી છે. જ્યાં જ્યાં એવું નથી બન્યું, 'અસ્ત વગેરે વાર્તાઓમાં, ત્યાં ત્યાં પરિણામ સુભગ જ આવ્યું ત્યાં ત્યાં એમની જ એક સુંદર વાર્તામાં વાપરેલું વા લઈને કહીએ તો 'એમાંથી ચંદનના સાણુની સુવા આવે છે.

એ 'ચંદનના સાણુ'ની વાર્તા જોવા જેવી છે. વાર્તા તરીકે શ્રી ચાવડાની કોઈ નબળી કડી હોય તો તે તેમ લાગણીવેડાની હદે કોઈક વાર પહોંચી જતી લાગણીશીલ એ લાગણીશીલતા તેમનાં પુરુષ અને સ્ત્રીઓ બંનેની વા અને વર્તનમાં કોઈ કોઈ વાર પ્રત્યક્ષ થઈ જાય છે. કેટ વાર એ સ્ત્રીપુરુષોના સંવાદો સામાન્ય વ્યવહારજગ માણસને કંઈક વિચિત્ર અને કંઈક બનાવટની ચાતુરી લાગી જવાનો પણ સંભવ રહે છે. પણ આ 'ચંદ સાણુ' વાર્તામાં એવો કશો અવરોધ આપણને નડતો સાદી સુઘડ શૈલીમાં વાર્તાના નાયક કુલીનની વાત ક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. એક સ્નેહાળ કુટુંબની સુવાસ કુલીનના હૃદયને ભરી દે છે, અને એક નાનકડી છોકરી માયાના દેહની નિર્દોષ સુવાસ પણ તેમાં ભળી જાય છે. એટલે જ્યારે જુવાન સુનંદાને ગળે અને છાતીએ પણ માલિશ કરવાનો પ્રસંગ આવે છે ત્યારે થંભી ગયેલો કુલીનનો હાથ 'સુનંદાની રૂપાળી જુવાન હસ્તીને નાની થતી થતી માયા જેટલી થઈ' જતો અનુભવે છે, અને એમ વાર્તામાં ચંદનની સુવાસ ફોરી રહે છે. વાર્તા એક સરસ પ્રયોગ છે, માણસના મનના આવેગને જરાયે ઉત્કટતા વિના એમાં નિરૂપવામાં આવ્યો છે અને પરિણામ સુભગ આવ્યું છે. એ અને એવી વાર્તાઓ શ્રી કિશનસિંહની વાર્તા કહેવાની કલાની કલગીરૂપ છે.

એ 'ચંદનનો સાબુ' છેક હમણાં બેત્રણ વર્ષ પહેલાં જ લખાઈ છે. એ ઉપરથી એક વાત કહેવાનું મન થાય છે. શ્રી કિશનસિંહ ચાવડાનું વાર્તાકાર તરીકેનું જીવન બે ભાગમાં વહેંચાયેલું છે—જિપ્સી થયા પહેલાનું અને જિપ્સી થયા પછીનું. આ સંગ્રહની આઠ વાતો એ જિપ્સી થયા પહેલાંના કાળની છે, આઠ એ પછીની. એ પોતે લખે છે તેમ 'જિપ્સી'નાં લખાણોએ એમને ઘડ્યા છે. એમની ઉચ્છૃંખલતાને એ લખાણોએ ઘણે અંશે વશ કરી છે, એમને પોતાને એ લખાણોએ સંયમ શીખવ્યો છે, સાદાઈ અને સચ્ચાઈ તરફ દોરાવા એ લખાણો લખતી વખતનાં મંથનોએ એમને પ્રેર્યા છે—આત્મિક આંતરિક સાદાઈ અને સચ્ચાઈ તરફ. જિપ્સી પછીના કાળની વાર્તાઓમાં એમનું આ આડંબરરહિત સાદાઈનું લક્ષણ સ્પષ્ટ દેખાઈ આવે છે—પછી વાર્તા ભલેને 'અસ્મત,' 'લજ્જાવતી' કે 'ખાખનું પોયણું' જેવા કરુણ પ્રકારની હોય કે 'ચંદનનો સાબુ' કે 'બિચારા!' જેવા ભાવનાત્મક મનોસૃષ્ટિના આલેખનના પ્રકારની હોય!

જેમાં દોષ દેખાયા છે એ વાર્તાઓ બહુધા જિપ્સી પહેલાંના કાળની છે, જેમાં ગુણ સર્વોપરિ છે એ વાર્તાઓ જિપ્સી પછીના કાળની. એ વાત ખૂબ જ આનંદજનક છે, અને એક વસ્તુ સિદ્ધ કરનારી પણ છે; તે એ કે આપણા આ માનીતા લેખકની વાર્તાઓ એમની ભભકથી પહેલાં જેટલી આકર્ષક લાગતી હતી, તે કરતાં તેમની હૃદયવેધી સાદાઈ અને સરળતાના આકર્ષણ દ્વારા જીવનના વધુ ઊંડા મર્મને સ્પષ્ટ કરવાના એના પ્રયાસથી, હવે પછી, એ ઘણી જ વિશેષ આકર્ષક બની રહેવાની. 'શર્વરી'માંની કેટલીયે વાર્તાઓ એ દિશામાંની પોતાની સિદ્ધિ દ્વારા આ વાત સ્પષ્ટ કરી જાય છે, અને એટલે, 'શર્વરી'ના આ સુંદર સંગ્રહને આવકાર આપતી વખતે, ગુજરાતનો વિશાળ વાચકવર્ગ પણ એને એટલો જ ભાવભર્યો આવકાર આપશે એવી પાકી શ્રદ્ધા મારા હૃદયને ભરી રહે છે.

વિલેપાર્લે, ૨૨-૩-૧૯૫૯

કવિ કાન્તને

કુસુમસુકોમલ કાન્ત,
ચિરલાવણ્યમયી લલિતા શી કવિતા તુજ અક્લાન્ત!

દેવયાની શાં સુઘટિત અંગો;
વસન્તવિજયે વિધવિધ રંગો:
જલધિજલદલે ફુલ્લ ચન્દ્રનો ઉદય સુધામય, શાન્ત!
—કુસુમસુકોમલ૦

આ ગુર્જર કવિતારમણીનું
તું મૌક્તિક અણવીંધ્યું, ઝીણું!
નિત નવ સુન્દર ઝળકે, લળકે, ઉજ્જ્વલ અંતરપ્રાન્ત!
—કુસુમસુકોમલ૦

તપ્ત જિન્દગીરણે, રસવતી
લુપ્ત થઈ તવ સ્નિગ્ધ સરસ્વતી!
અતિ લઘુ, અક્ષયપાત્ર કિન્તુ તુજ, અખૂટ રસભર, કાન્ત!
—કુસુમસુકોમલ૦

પ્રજારામ

[તા. ૩૦-૩-'૫૯ના કાન્તસ્મૃતિદિન નિમિત્તે લખાયું.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વપ્ન અને વાસ્તવ

પ્રફુલ્લ દવે

ઓસરતા ઉનાળાના દિવસો હતા. નર્મદાતટના પુનિત ધામ ગંગનાથથી હું પાછો ફરતો હતો. દૃષ્ટિ સમક્ષ તરવરતાં હતાં પ્રકૃતિનાં સુંદર દૃશ્યો : દૂર દૂર સુધી ફેલાયેલો આછા બદામી રંગની રેતીનો ચમકતો પટ, તેને અડીને જ પહોળાવેલ પટે વિસ્તરેલી લીલીછમ વનરા, તેની પાર્શ્વમાં આચ્છાદિત આસમાની આકાશમાં ઊભેલાં, ઝાંખાં, શ્યામ શૈલશિખરો–ગર્વિત, ઉન્મત્ત ને ઉત્તુંગ–, શીતળ અનિલની હળવી ને મસ્ત લહેરોથી હિલોળાં લેતાં રેવાનાં નીલાં નીર, એમાં અહીંતહીં ડોલતી સરરર સરકતી નાવડીઓ, ઊંચા ઓવારા પરથી ભૂસકા મારતાં નિર્દોષ બાળકો; જાણે કોઈ મહાન ચિત્રકારની અદ્‌ભુત કૃતિની ઝાંખી રેખાઓ સ્મરણપટ પર ના ઊપસતી હોય! તે સાથે કાનમાં મંદમંદ ગુંજારવ કરતું હતું કુદરતનું દિવ્ય સંગીત : પ્રભાતે રહી રહીને આમ્રકુંજોમાં કૂજી ઊઠતી કોયલની મધુર કેલી, આખો દિવસ વૃક્ષની ઘટાઓમાં સંતાકૂકડી રમતાં ચકલી–દેવચકલી, હોલા, કબૂતર, સૂડા, ખિસકોલી વગેરે ભાતભાતનાં પશુપક્ષીઓનો સમૂહ-કલરવ, ભ્રમર અને મધમાખનું તંબુરના અવાજ જેવું મિષ્ટ ગુંજન, સંધ્યાકાળે મહાદેવની આરતી ટાણે વાતાવરણ-માં વ્યાપી ઊઠતું બુલંદ કંઠ-ગર્જન, તે સાથે ખખડતો ઘંટનાદ, આ બધાની સાથે અવિરત વહેતો પાંદડાનો ખરખર નાદ અને પાણીના વહેવાનો ખળળ ખળળ અવાજ; આ બધાના સંમિશ્રણે ઉદ્‌ભવતા અલૌકિક સંગીતની મધુર ઝનઝનાટ હજુય મારા હૃદયમાં એક અનેરા પ્રકારના હર્ષની લાગણી પેદા કરતી હતી. સવારે વડોદરા જતી ગાડી પકડવા હું ઝડપથી સ્ટેશને જતો હતો.

સ્ટેશન આવ્યું. ત્યાંના કોલાહલે મારું દિવાસ્વપ્ન વિખેરી નાંખ્યું. યંત્રવત્ હું ટિકિટ લેવા લાઈનમાં ઊભો રહ્યો. થોડી જ વારમાં એ આખા વાતાવરણ પરત્વે મને એક સૂગની લાગણી થઈ. 'કેવા ક્ષુલ્લક! કેવા વાસ્તવમાં રાચનારાં શૂદ્ર લોકો! ઓહ! કેવું ગૂંગળાવી નાખે એવું ગંદું વાતાવરણ!' મારી આગળ અને પાછળ ઊભેલા બેઉ માણસો તરફ મને એકાએક ઘૃણા વછૂટી; જે હું પોતે જ ના સમજી શક્યો. જલદી ટિકિટ લઈ કોઈ ડબ્બાના શાંત ખૂણામાં બેસી જવાની ઇચ્છા થઈ આવી.

હું પ્લેટફોર્મ પર આવ્યો. ગાડી તરફ નજર કરી તો—! આખી ગાડી ચિક્કાર ભરેલી હતી. સારી જગા શોધવા ગાડીને ફરતો એક આંટો માર્યો પણ એકેય ડબ્બામાં બેસવા જેવી જગા જડી નહિ. ક્ષુબ્ધ મનમાં કોણ જાણે કેમ સૌના તરફ ન સમજાય એવા અણગમાની વૃત્તિ સળવળવા લાગી.

છેવટે ઓછી ગિરદીવાળા એક ડબ્બાની સામે જઈ હું ઊભો રહ્યો. ત્યાં ઊભાં ઊભાં વળી વિખરાઈ ગયેલું સોણલું તાજું કરવા મથી રહ્યો.

'સાહેબ! ચા લાવું કે?'

આ શબ્દો કાને પડતાં જ હું છેડાઈ પડ્યો; રાતો પશુ છંછેડાતાં ઘૂઘવાટ કરે તેમ ગુસ્સાથી હું ગર્જ્યો : 'સા... લોકોને હેરાન કરે છે? જા... સુવ્વ...' પાછલા શબ્દો હું ગળી ગયો. કદાચ મને એ બોલતાં શરમ આવી.

મેં મોં ફેરવ્યું.

'સાહેબ! ગરમાગરમ છે! હાઈ–ક્રિ–લાસ' 'ક્રિ' અને 'ક્રિ' ઉપર ભાર મૂકી સાધારણ અવાજે એણે કહ્યું.

મારા શબ્દો જાણે એણે સાંભળ્યા જ નહોતા. ગં... આશ્ચર્ય થયું. મારા ક્રોધ પર મને હસવું અને શર... આવ્યાં. હું તરત જ સમજી ગયો કે મારો ક્રોધ અકારણ હતો.

'બોલો સાહેબ! લાવું?' એ જ સ્વાભાવિક સૂ... પેલાએ ફરીથી મને પૂછ્યું. હું હસી પડ્યો.

મેં એનું નિરીક્ષણ કરવા માંડ્યું.

પગથી માથા સુધી ગંદો, કાળો, ફાટેલાં કપડાંવાળો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દસબાર વર્ષની ઉંમરનો એ ભીલનો છોકરો હતો. માથે ટૂંકા વાળ હતા. ગોળમટોળ મોં હતું. સરસ અણિદાર નાક અને જાડા હોઠ હતા. ગાલ ઊપસેલા હતા. મોટી મોટી એ આંખોમાં માસુમતા છલકતી હતી. મઝાનો વહાલ ઊપજે એવો એ ગરીબ છોકરો હતો.

'બોલો સાહેબ! લાવું?' એણે ફરીથી આગ્રહપૂર્વક પૂછ્યું. આ વખતે મેં એના અવાજમાં એક પ્રકારની મીઠાશ અનુભવી. ચા પીવાની ખાસ ઇચ્છા ન હોવા છતાં મેં કહ્યું: 'લાવ.'

એની આંખો ચમકી, હસી ઊઠી. ખાલી કપ-રકાબી ખખડાવતો એ તીરની જેમ ભાગ્યો.

થોડી વારમાં ભરેલો ચાનો કપ ઉત્સાહથી મારા હાથમાં મૂકી તે થોડે દૂર ઊભો રહ્યો. મેં ચા પીવા માંડી. વચ્ચે વચ્ચે હું એના તરફ જોતો હતો. એ મારું અવલોકન કરતો હતો. અંતે એની આંખો મારી રેડિયમવાળી ઘડિયાળ ઉપર જડાઈ ગઈ.

ખાલી કપ મેં એની સામે ધર્યો. મેં પૂછ્યું: 'શું આપવાનું છે?' ઘડિયાળ ઉપરથી નજર ફેરવ્યા વિના, હાથ લંબાવી તે યંત્રવત્ બોલ્યો:

'બે આના.'

'અલ્યા—મગ—નિ-યા, સા...લા...ક્યાં મરી ગયો!' એક અતિ કઠોર અવાજ વાતાવરણમાં ગાજ્યો. એના શેઠે ત્રાડ પાડી હતી.

એ પૂરો બેધ્યાન હતો. ઉતાવળમાં કપ-રકાબી એના નાના હાથમાંથી સરકી ગયાં. ખણણ...ણ અવાજ સાથે પથ્થર પર પછડાતાં એના સહસ્ર ટુકડા થઈ ગયા.

'ઓ...ઊં...ફ...! બદ—મા—શ, હાથ ભાંગી ગયા! સુ...વ્વ... નુકસાન ને નુકસાન—!' થોડે દૂર દુકાનના ગલ્લા પર બેઠેલા એના શેઠની આંખમાંથી આગના તણખા ઝરવા લાગ્યા.

મગનના મોં પરથી નૂર ઊડી ગયું. એ ધ્રૂજી ઊઠ્યો.

બે આના હાથમાં રાખી હું પણ સ્તબ્ધ બની ઊભો થઈ રહ્યો. વિદ્યુત્ ત્વરાએ મારી આંખ વારાફરતી મગન અને શેઠ તરફ ફરી વળી; પછી મગનના મુખ પર સ્થિર થઈ.

મગનના ચિમળાઈ ગયેલા મુખ પર ભય ને હતાશા પથરાયેલાં હતાં. એ કંપતો હતો. મારા હૃદયમાં અનુકંપા વ્યાપી ગઈ.

તે નિસ્તેજ મુખે, ફફડતા દિલે વેરાયલા કાચના કકડા ભેગા કરવા લાગ્યો. મારી નજર એના મોં પરથી હટતી નહોતી. જાણે એ કહેતું હતું: 'આજની મારી રોટી ગઈ. આખો દિવસ મૂઢ માર પડવાનો.' અલબત્ત, લાગણીના આવેશમાં મેં અતિશયોક્તિભરી કલ્પના કરી હતી.

'કકડા ભેગા કર્યે નવાં કપ-રકાબી આવવાનાં!' એનો શેઠ ફરી ગર્જ્યો.

પરંતુ હું એના ગુનેગાર માનસને પારખી ગયો. શેઠના મારથી વા ઠપકાથી બચવા તે જેમ બને તેમ દુકાને મોડા પહોંચવાની પેરવી કરતો હતો.

ભેગા કરેલા કાચના કકડા પ્લૅટફૉર્મની બહાર ફેંકી એ મારી પાસે આવ્યો. પૈસા લેવા એણે હાથ લંબાવ્યો. મેં એના મુખ સામું જોયું. રડું રડું થતી આંખોવાળું એ દયામણું મોં!

ગાડીએ છૂક...છૂક...કરી સ્ટીમ છોડી. ગાર્ડે વ્હીસલ મારી. બે આના હાથમાં મૂકી હું સામેના ડબ્બામાં ચઢી ગયો. મોં ફેરવીને જોયું તો મગન નતમસ્તક, લથડતા પગે દુકાન તરફ જતો હતો. મારું ઊર્મિશીલ અંતર પોકારી ઊઠ્યું: 'તારો પણ થોડો વાંક હતો. તારે એને કંઈક થોડી મદદ—'

ગાર્ડે ફરીથી લાંબી વીસલ મારી; એંજીને ફરી વાર સ્ટીમ છોડી.

પોકાર ચાલુ હતો: 'તારે જ કારણે...—! તારે જ...! એ ભૂખ્યો રહેવાનો—એને મૂઢ માર સહેવાનો—!'

ગાડી સ્ટીમ છોડતી ઊપડી. મેં ખિસ્સામાં હાથ નાખ્યો. મારી નજર મગનને ખોળી રહી. તે ક્યાંય દેખાતો નહોતો. ગાડીનો વેગ વધતો હતો. મેં બૂમ મારી: 'મગન!' અભાનની જેમ. આસપાસનાં ચારપાંચ માણસો ઉપહાસ કરતાં મને હસી રહ્યાં. ગાડીના ચાલવાનો કર્કશ અવાજ પણ મને મારી મજાક ઉડાવતો હોય એમ ભાસ મને થયો. મને સૌની તરફ ધિક્કાર થઈ રહ્યો.

હું બારણામાં હતબુદ્ધિ ખોડાઈ ગયો હતો. મારી નજર સમક્ષ બીજી આછી આછી રેખાઓ અંકિત થતી હતી, થોડા વખત પહેલાં જે તરવરતી હતી તેનાથી વિભિન્ન.

ગ્રીષ્મ ઋતુમાં રેવાધામમાં વિહાર કરવા આવતાં સહેલાણી પૈસાદાર કુટુંબો—પેટ ખાતર કાયા ઘસી નાખી એમની સેવા કરનાર ગરીબ ભીલ કુટુંબો, પ્રકૃતિની મોજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણવા આવેલી પાણીનો પ્યાલોય હાથે ન લેતી લહેરી લક્ષ્મીનંદનોની પત્નીઓ–એમને માટે અઢીસો પગથિયાં માથે દેગડા મૂકી ચઢી પાણી ભરી લાવતી ભીલડીઓ, નાવડીમાં મહાલતા શોખીનો, વાંસ મારી નાવડીઓ ઠેલતા માછીઓ; હું ફિક્કું હસ્યો. મને લાગ્યું: 'પહેલું ચિત્ર અપૂર્ણ હતું.'

સ્ટેશન આવ્યું. ગાડી અટકી. કેટલાંક ચડયાં ને કેટલાંક ઊતર્યાં. ગાડી ઉપડવાની થોડી વાર હતી ત્યારે એક આધેડ બાઈ એના આઠનવ વર્ષના છોકરાને આંગળીએ વળગાડી દોડતી અમારા ડબ્બા આગળ આવી પહોંચી.

હાંફતી હાંફતી એ બોલી: 'ભા...ય! આને જરા બેહવા દો ને!'

હજી એનું બોલવાનું પૂરું થાય તે પહેલાં ડબ્બામાંથી ઉદ્ધત, કર્કશ અને બેપરવા બોલ ગાજી ઊઠયા: 'કયાં છે જગા?'

'અરે! ઊભા રહેવાનીય કયાં મગા છે?'

'આગળ જા, આગળ.'

'કયાં બેસાડે? માથા પર!'

'અહીં નહીં બને. બીજા ડબ્બામાં જા.'

'લોકોય શું કરે છે! જાણે આ એક જ ડબ્બો ના હોય!'

'પાછળ અને આગળ બિલકુલ ખાલી છે.'

આ બોલનારામાંના કેટલાક તો હમણાં જ ડબ્બામાં આવ્યા હતા. મને ઘૃણા છૂટી, આશ્ચર્ય પણ થયું.

ત્યાં એંજિનની સીટી વાગી. પેલી બાઈ ગભરાઈ ને આર્જવભર્યા અવાજે કરગરી ઊઠી: 'ઓ ભાય, બેસાડોને; બધે જ આવું છે.'

એંજિને ફરી સીટી મારી. એ બેબાકળી બની ગઈ.

'કોઈ ડબ્બામાં જગા નથી. તમારું—' એનો અવાજ કંઠમાં જ રુંધાઈ ગયો. હું એ અવાજને સહન ના કરી શકયો. એ છોકરાનો હાથ પકડી મેં ડબ્બામાં ચઢાવી દીધો.

ગાડી ચાલુ થઈ. એની મા પણ સાથે સાથે દોડતી દોડતી મારા તરફ જોઈ કહેવા લાગી: 'ભાય! હાચવજો એને...–છોકરું છે. બે—ટા, વડોદરીએ ઊતરી જજે હોં–તાં એને ઉતારજો. હરસંગ મળહે. ચિઠ્ઠી આપજે. ભાય! જો જો હં.'–એ પાછળ પડી ગઈ.

ગાડી ચાલી. મેં પેલા છોકરા સામું જોયું. એ ઉધરસ ખાતો હતો. હું ઝીણવટથી નિહાળવા લાગ્યો.

ખૂં...ખૂં...બો...બો...આઠેક વર્ષની ઉંમરનો, સુક-લકડી, શ્યામ ને ગંદો એ છોકરો હતો. એની ખૂબ ઝીણી આંખોમાં નર્યા ચીપડા બાઝયા હતા. ભૂખરા અને ઓળ્યા વિનાના વાળ શાહૂડીનાં પીંછાંની જેમ ઊભા હતા. કાનની બૂટીએ મેલ હતો. બોચી પર તો મેલના થર બાઝયા હતા. જૂનો, ચીંથરેહાલ, મેલોડાટ કોટ એણે પહેર્યો હતો. ખોં... ખોં...ખોં...એણે એનો જમણો હાથ કોટના ખિસ્સામાં ચોંટાડી દીધો હતો. થોડી ઉઘાડી રહેલી છાતીનાં એક એક પાંસળાં દેખાતાં હતાં. ઉઘાડા પગ પર ઉનાળામાં પણ મેલના થપેડા જામ્યા હતા. ખોં...ખૂં...ખોં...અચાનક મને મગન યાદ આવી ગયો. મગનની યાદે મને આ સૂગ ઉપજે એટલા ગંદા છોકરા તરફ પણ મમતા ઊપજી.

ડબ્બામાં એક સભ્ય કુટુંબ હતું. પતિ, પત્ની, આઠ વર્ષનો પુત્ર, ચાર વર્ષની સુંદર, હૃષ્ટપુષ્ટ બાળકી અને ધાવણી બેબી. બધાં જ સારી એવી જગા રોકી પથારો કરી બેઠાં હતાં.

કોણ જાણે કેમ પણ બેઉ સરખી ઉંમરના છોકરાઓની સરખામણી કર્યા વિના મારું દિલ ના રહી શકયું.

એકદમ મારા ચિત્તમાં ઉદાસીનતા વ્યાપી ગઈ.

માણસનું મન કેવું વિચિત્ર છે? મને કંઈ વૈતવિનાના બિલકુલ અસંગત વિચારો આવવા લાગ્યા. પહેલાં એમ થયું કે કદાચ કોઈનો ધક્કો વાગે અને હું ચાલતી ગાડીએ નીચે પડી જાઉં તો! તરત મારી નજર પેલા સદ્‌ગૃહસ્થ પર ગઈ. ઊઠીને તેમને બેચાર ધોલ લગાવી આવવાની ઇચ્છા થઈ આવી. હું શું વિચારું છું એનો ખ્યાલ આવતાં એક ભયની કંપારી મારા આખા શરીરમાંથી પસાર થઈ ગઈ. જેમ જેમ એ વિચારોને અટકાવવા પ્રયાસ કરવા લાગ્યો તેમ તેમ એ વધારે વધારે બહેલાવા લાગ્યા. મારું મન અત્યંત ખિન્ન થઈ ગયું. નિર્બળની જેમ હું પેલા વિચારવમળમાં ફસાવા લાગ્યો.

વિચારો ચાલ્યા: ધાવણી બેબીને ખૂંચવી લઈ ગાડીમાંથી બહાર ફેંકી દઉં, પેલા ગંદા છોકરાને મારે ત્યાં સાથે લઈ જાઉં, એના ભાઈને પણ મારે ત્યાં નોકર તરીકે રાખી લઉં. એટલામાં મારા એક મૃતમિત્રની યાદ આવી, એ જીવતો થાય તો—! હું ઉદ્વિગ્ન બની ગયો.

'આ ખાટી ને મીઠી, મારા શેઠ! આ એક આનાની ચાર. આ સસ્તી ને ખાવા લાયક. એક આનામાં. આ બા

[સંસ્કૃતિ, એપ્રિલ '૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને એબીની માનીતી. ઊઠાવો શેઠ!'—ફેરિયો ડબામાં બોલતો હતો.

મારું ધ્યાન તેની તરફ દોરાયું. મને એના આગમનથી આનંદ થયો; કંઈક રાહત વળી.

પેલો નાનો છોકરો અને બાળકી એક સાથે બોલી ઊઠયાં:

'ભાઈ! અમને પિપરમિન્ટ.'

'બહેન! અમને ગોળી અપાવ ને.'

ભાઈએ ડોળા કાઢયા. બહેન તડૂકયાં: 'ના ખવાય, માંદા પડાય.'

ખૂં...ખૂં...ખોંખૂં...આ અરસામાં પેલા છોકરાએ ઝડપથી એક આનો કાઢી એક પૅકેટ ખરીદી લીધું. પૅકેટમાંથી એક ગોળી મોંમાં મૂકી, જમણો હાથ વળી જ્યાં હતો ત્યાં કોટના અંદરના ગજવામાં મૂકી તે બેસી ગયો અને ગોળી મમળાવવા લાગ્યો. મને નવાઈ લાગી.

એના આ વર્તનથી પતિપત્નીનું માન ઘવાયું. તેઓ રોષે ભરાયાં.

'કોણ છે આ છોકરો?' બહેને મુખ સોગિયું કર્યું.

'કોણ જાણે કયાંયથી પૈસા લાવ્યો હશે.' ભાઈ નાક ચઢાવી બોલ્યા!

હું ગુસ્સે થઈ ગયો. મારું ગંદા છોકરા તરફનું મમત્વ વધ્યું. છોકરા તરફનું એમનું વલણ મને ખૂંચ્યું. છતાંય હું મૌન રહ્યો. પેલો ફેરિયો બીજા ડબામાં જવાની પેરવી કરવા લાગ્યો.

ખૂં...ખોં...ખૂં...પેલો છોકરો માથું નીચું રાખી લેમન ચૂસવામાં મગ્ન હતો.

એવામાં એક નવી બિના બની.

એટલી વારમાં માબાપનું ધ્યાન ચુકાવી પેલી બેબી મારી પાસેના ગામડી છોકરા પાસે આવી ઊભી રહી અને એણે ગોળી માટે નિર્દોષતાથી હાથ લંબાવ્યો. પળભર એના સુંદર મોં સામું જોઈ સહેજ પણ અચકાયા વિના છોકરાએ બાળકીના ગુલાબી હાથમાં બે ગોળીઓ મૂકી દીધી. પેલી બાળકીએ ઝટપટ ગોળીઓ મોંમાં મૂકી અને બેઉ જણ સામસામાં હસી રહ્યાં. હું તાજ્જુબ બની ગયો.

'ઓત્તારીની... અહીં આવ હરામખોર. ત્યાં કેમ ગઈ? ગોળી આપી દે પાછી.' માએ બરાડો પાડ્યો. મોટી મોટી અદોષ આંખો પટપટાવતી એ ગોળીઓ ચાવવા મંડી પડી.

ભાઈ આગળ ધસી આવ્યા. ગુસ્સામાં એક ધોલ લગાવી દઈ એમણે ગોળીઓ પાછી કઢાવવાનો વ્યર્થ પ્રયત્ન કર્યો. ગોળી ચાવતાં ચાવતાં છોકરીએ મોટેથી રડવાનું શરૂ કર્યું. નિરુપાય બનેલાં પતિપત્નીનો ક્રોધ પેલા અસહાય છોકરા પર ભભૂકી ઊઠયો:

'સા... કોણ જાણે કયાંથી રઝળતાં અથડાય છે?'

'ખાવાના તો સાંસા, પાછા દાન કરવા જાય છે! હલકી જાત!'

મને લાગ્યું કે જો એમનું ચાલત તો એ છોકરાને ફટકારત. અસહ્ય. મને સખત ઘૃણા છૂટી. અચાનક મને સમજાઈ ગયું કે થોડી વાર પહેલાં એ અપરિચિત માણસ તરફ કેમ મને ખરાબ વિચારો આવ્યા હતા, અને જ્યારે બીજા સ્ટેશને તે ભાઈએ ફેરિયા પાસેથી ચારપાંચ પૅકેટ ખરીદ્યાં ત્યારે એ મિથ્યાભિમાન પર મારાથી હસતું ના રોકાયું. એ શાંત ફિક્કા હાસ્યમાં ભયંકર ઉપહાસ સમાયેલો હતો.

પેલો છોકરો અજબ શાંત હતો; તદ્દન નિર્લેપ. એ જમણો હાથ ખિસ્સામાં રાખી, ઉધરસ ખાતો, ગોળી ચૂસતો એમ ને એમ બેઠો હતો.

પછી કાંઈ નવું બન્યું નહિ. ગોયાગેટ આવતા સુધીમાં મેં એને થોડા પ્રશ્નો પૂછી એના ઘરની હકીકત જાણી લીધી.

એનો મોટો ભાઈ—હરસંગ—કાચના કારખાનામાં કામ કરતો હતો. એના બાપુ કેટલાય વખતથી બીમાર હતા. કેટલાક દિવસથી વડોદરાથી એમને માટે દવા લાવતા હતા. આ વખતે એની માએ દવા લાવવા એને મોકલ્યો હતો. રાતપાળીએ ગયેલા એના ભાઈને તે સવારે કારખાનાના દરવાજે જ મળવાનો હતો.

ગોયાગેટ આવ્યું. ગાડી ખાલી થઈ ગઈ. ઘેર જવાની ઉતાવળમાં હું બધું જ ભૂલી ગયો. જલદી ઘેર જવું છે એટલું જ જાણે યાદ ના હોય! એમાં વળી શહેરનો શોરબકોર! ટિકિટ આપી બહાર નીકળ્યો. મોટરો, ઘોડાગાડીઓ, રિક્ષાઓ, ગજબનાક ઘોંઘાટ થઈ રહ્યો હતો. ભીડમાંથી હું રસ્તો કાઢતો હતો.

સ્ટેશન પરના કાચના કારખાનાની પાળી બદલવાની ખબર આપતી તીણી વીસલ સંભળાઈ. વધુ ગિરદી થવાની બીકે મેં જલદી પગ ઉપાડ્યા.

થોડે દૂર ગયો હોઈશ ત્યાં રસ્તા વચ્ચે જામેલા ટોળાએ અવરોધ કર્યો. 'શું હશે?' એ વૃત્તિએ હું પણ ટોળામાં ઘૂસ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બિચારો...! પાછો પેલો મોટરડ્રાઇવરનો બચાવ કરે છે.'

એ શબ્દો સાંભળી મારું હૃદય કોણ જાણે કેમ પણ આશંકાથી ધડકી ઊઠ્યું. માણસોને ખસેડતો હું છેક અંદર પહોંચ્યો. લોહીલુહાણ શબ સામે જોતાં જ હું કાષ્ઠવત્ બની ગયો. ક્ષણ માટે મારા ધબકાર બંધ થઈ ગયા ને પછી અત્યંત વેગથી ધબકવાનું શરૂ થઈ ગયું.

એ જ મારી સાથે બેઠેલો ગંદો છોકરો. મોં સિવાય એનું આખું શરીર છુંદાઈ ગયું હતું. પરંતુ એનો જમણો હાથ બરાબર ડાબા ખિસ્સામાં જેમનો તેમ સજ્જડ ચોંટેલો હતો. ક્યાંય સુધી હું શબને જોઈ રહ્યો.

હું શબને એથી વધારે વખત સુધી ના જોઈ શક્યો. મેં આસપાસ નજર ફેરવવા માંડી. ટોળું જાતજાતના ઉદ્‌ગાર કરતું વિખરાતું હતું. દૂર પોલીસ સાથે એક માલદાર દેખાતા ગૃહસ્થ કંઈ ગુફતેગો કરતા હતા. એ જ ગૃહસ્થની મોટરનો આ છોકરો ભોગ થઈ પડ્યો હતો.

પંચકેસ માટે પોલીસે તૈયારી કરવા માંડી. ટોળું વિખરાવા લાગ્યું. મારા જેવાં જૂજ માણસો ત્યાં ઊભાં રહ્યાં. એવામાં ટોળામાંથી એક મજૂર ધસી આવ્યો ને શબ પાસે ઘૂંટણિયે પડી બેસી ગયો. થોડી વાર એની સામું જોઈ એ ડૂસકાં ખાતો રડવા લાગ્યો. લોકો આશ્ચર્યચકિત બની એને રડતો જોઈ રહ્યા.

એ એનો મોટો ભાઈ હરસંગ હતો.

સાંત્વન માટેના શબ્દો ન સૂઝતાં મારાથી અચાનક આટલું બોલાઈ ગયું: 'હરસંગ!'

એટલા દુઃખમાં એ આશ્ચર્યથી અવાક્ બની મારા સામું જોઈ રહ્યો. એકાએક મને ચિઠ્ઠીની વાત યાદ આવી. મેં ધીરે રહી કહ્યું: 'તમારી મા સ્ટેશને ગાડીમાં બેસાડવા આવ્યાં હતાં. એમણે કંઈક ચિઠ્ઠી આપવાની વાત કરી હતી.'

એ સમજી ગયો. ધીરેથી એણે મૃત ભાઈનો જમણો હાથ કોટની બહાર કાઢ્યો. હાથની મુઠ્ઠી લગારે ઢીલ વિનાની રહી હતી. હરસંગે મુઠ્ઠી ખોલી. મુઠ્ઠીમાં એક ચિઠ્ઠી અને એક સોનાની અંગૂઠી હતાં. મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. શા માટે ગાડીમાં એ છોકરો હાથ ત્યાં ને ત્યાં મૂકી રાખતો હતો તેનો સ્ફોટ હવે થઈ ગયો.

હરસંગે ચિઠ્ઠી મારા હાથમાં મૂકી. મેં થરથરતા અવાજે વાંચી બતાવી :

ભાઈ હરસંગ,

"લખતણ તારી માના આશરવાદ વાંચજે. તારા બાપની તબિયત વધારે કથળી છે. આ છેલ્લી અંગૂઠી રહી છે બેટા, એમાંથી દવા લેતો આવજે. તારા ભાઈને હાચવજે."

હું વાંચી રહ્યો. મારા હાથ થરથરતા હતા. મારા કાનમાં એ બાઈના શબ્દો ગાજતા હતા: 'ભાય, હાચવજો એને.' મેં જેમ તેમ આંસુ દબાવી હરસંગ સામું જોઈ લીધું. એની આંખમાંથી શ્રાવણ–ભાદરવાની હેલી વહી જતી હતી.

હું શિથિલ અંગોને કાબૂમાં લેવા મથતો ઘેર જતો હતો. મારું સ્વપ્ન પૂરું વિખરાઈ ગયું હતું. અત્યારે મારી દૃષ્ટિ સમક્ષ ગંગનાથનું એક પણ દૃશ્ય નહોતું તરવરતું કે નહોતું સંભળાતું પેલું દૈવી સંગીત. મારી પ્રેમભરી આંખો સમક્ષ ઊભરાતી હતી વાસ્તવિક દુનિયા : મગનનું દીન દેહ, લોહીના ખાબોચિયામાં પડેલો ગંદા છોકરાનો દેહ, હરસંગની આંસુભરી આંખો; કાનમાં ગાજતા હતા, હરસંગનાં ડૂસકાં, છોકરાનું ખૂં...ખોં...ખૂં... મગનના મૃદુ બોલ અને બાઈની આર્જવભરી વિનવણી. ઓહ! કેટલો બધો ફેર છે એ બંનેમાં—!

[અનુસંધાન પૃ. ૧૨૨થી]

૭. 'લોકમાતા' અને બીજા 'રખડવાનો આનંદ'માંથી સહ-સ્ત્રધારા, સાબરમતી, નર્મદા, દક્ષિણને છેડે જેવા દેશદર્શનના લેખો : શ્રી કાકાસાહેબ કાલેલકરકૃત. પસંદગી તેમના પોતાના હાથે જ.

૮. મળેલા જીવ : શ્રી પન્નાલાલ પટેલકૃત.

૯. એકાંકી નાટકોનો સંગ્રહ : સં. શ્રી જયંતી દલાલ, શ્રી ગુલાબદાસ બ્રોકર.

૧૦. લોકગીતો, લોકકથાઓ અને ઉત્તમ રાસ : સં. શ્રી ચૂનીલાલ મડિયા.

તા. ક.: ગાંધીજીનાં તરી આવે એવી સાહિત્યિક લાક્ષણિકતાવાળાં લખાણોનો સંગ્રહ હિંદની બધી જ ભાષાઓમાં તેમ જ અંગ્રેજીમાં પ્રગટ કરવો – એવી સૂચના થઈ છે.

ભૂલસુધાર

૧૯૫૬ના જાન્યુઆરી અંકના પૃ. ૪૦ ઉપર ઓરિએન્ટલ ગવર્નમેંન્ટ સિક્યુરિટી લાઈફ એશ્યોરન્સ કં. લિમિટેડની જાહેરાત છપાઈ છે તેમાં એન્ડાઉમેન્ટ એશ્યોરન્સ નીચે દર રૂ. ૧૦૦૦ બોનસ રૂ. ૧૦ છે એમ ભૂલથી છપાયું છે, ત્યાં બોનસ રૂ. વાંચવા વિનંતી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

76351

તબીબી પરિભાષા—૨

ડૉ. હલસુખભાઈ કા. શાહ

Abacterial (nonbacterial) જંતુરહિત

Abalienation (mental derangement) મગજનું ખસી જવું, ગાંડપણુ

Abarognosis વજન જાણુવાની સંજ્ઞાનો અભાવ

Boragnosis (weight sense) વજન જાણુવાની સંજ્ઞા

Abarthrosis / Abarticulation } સાંધાનું ઊતરી જવું (Diarthrosis) a dislocation,

Abasia (inability to walk from a defect of coordination સંવાદી સ્નાયુસંચાલનના અભાવથી ચાલવાની અશક્તિ

Astasia (loss of power to stand) ઊભા રહેવાની અશક્તિ

Astasia abasia ઊભા રહેવાની કે ચાલવાની અશક્તિ

Abatement જોર નરમ પડવું (દર્દનું કે રોગચિહ્નનું)

Abattoir કતલખાનું

Abbreviated સંક્ષિપ્ત, ટૂંકું કરેલું

Terms indicating situation and direction
સ્થાન અને દિશા સૂચવતા શબ્દો

Langitudinal (long axis) લાંબી ધરી (વ્યાસ)

Vertical (long axis in erect posture) ઊભો વ્યાસ (ધરી)

Anterior (front of the trunk and limbs) આગળ

Posterior (back of the trunk and limbs) પાછળ

Ventral (anterior of the trunk and flexor aspects of the limbs) ઉદરીય, સામે

Dorsal (posterior of the trunk and extensor aspects of the limbs) પાછળ, પીઠનું

Cranial (preaxial, cephalic) (head end of long axis particularly for head neck and trunk) ધરીનો આગળનો

Caudal (Post axial) (tail end of the long axis) ધરીનો પાછળનો

Superior (cranial) ઉપરનું, માથા બાજુનું

Inferior (caudal) નીચેનું, બેસણી બાજુનું

Proximal (limbs) પાસેનું

Distal (limbs) દૂરનું

Sagittal (planes parallel with sagittal suture of the skull) i. e. Vertical antero-posterior planes ઊભું કરવતી પૃષ્ઠ–સ્તર

Frontal (planes parallel with the coronal suture of the skull) i. e. vertical transverse planes) ઊભું–આડું પૃષ્ઠ–સ્તર

Horizontal (planes at right angles to vertical planes) આડું કરવતી પૃષ્ઠ

Median (median vertical anteroposterior plane of the body) જરાસંધીય, કરવતી પૃષ્ઠ–સ્તર

Medial (nearer to median plane) અંતઃવર્તી

Lateral (further away from the median plane) બહિર્વર્તી

Intermediate (between more medial and more lateral structures) મધ્યવર્તી

Superficial (structures nearer to surface) આવરણીય

Deep (structures further away from the surface) શરીરાન્તવર્તી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

External (ro the walls of cavities and hollow organs) બાહ્ય
Internal (to the walls of cavities and hollow organs) અંતઃ
Ulnar (medial border of the forearm and wrist) હાથની અંદરનું
Radial (lateral border of the forearm and wrist) હાથની બહારનું
Tibial (medial border of the leg and foot) પગની અંદરનું
Fibular (lateral border of the leg and foot) પગની બહારનું
Prenatal (જન્મપૂર્વનો)
Post natal (જન્મોત્તર)
Prenatal development (embryology) ગર્ભ-વૃદ્ધિશાસ્ત્ર
Ontogeny (development of the individual) વ્યક્તિવિકાસ
Phylogeny (ancestral history of the race) વંશવિકાસ
Morphology પ્રાણીના આકાર અને રચનાશાસ્ત્ર (laws of form and structure)
Homology બે જુદાં પ્રાણીઓનું અંગસામ્ય
Homoplasy દેખીતુ અંગસામ્ય
Analogy (functional correspondence) ધર્મ-સામ્ય, કાર્યસામ્ય
Segmental type of organization મણકાવાળી શરીરરચના
Serially homologous (serial homology) ક્રમિક અંગસામ્ય
Systemic anatomy વિભાગંવાર શરીરરચનાશાસ્ત્ર તંત્રીય—
Skeletal system અસ્થિતંત્ર
Cartilage કોમલાસ્થિ, કૂર્ચા
Membrane પટલ, ત્વચા
Osteology હાડકાંનું શાસ્ત્ર, વિદ્યા
Articulatory system સંધિ સંસ્થાન

Arthrology સંધિશાસ્ત્ર
Muscular system સ્નાયુમંડળ, સ્નાયુ સંસ્થાન
Myology સ્નાયુશાસ્ત્ર
Nervous system જ્ઞાનતંત્ર
Ganglia જ્ઞાનકંદ
Cerebral મગજનું, મસ્તિષ્કનું
Spinal કરોડનું
Sympathetic ganglia સ્વયંવર્તી જ્ઞાનકંદ
Blood vascular and lymphatic system ર[illegible] વાહિની તથા લસિકાવાહિની તંત્ર
Blood vessels રકતનલિકાઓ, રકતવાહિનીઓ
Lymph vessels લસિકાવાહિનીઓ
Lymph glands લસિકા ગ્રંથિઓ
Angeiology રકતનલિકાશાસ્ત્ર
Respiratory system શ્વસનતંત્ર
Digestive system પાચકયંત્ર-તંત્ર
Alimentary canal અન્નમાર્ગ
Associated glands સહાયક ગ્રંથિઓ
Pancreas સ્વાદુપિંડ
Urogenital system મૂત્ર-પ્રજનન તંત્ર
Splanchnology અવયવશાસ્ત્ર (શ્વસન, પાચન [illegible] મૂત્ર-પ્રજનન તંત્રીય)
Integumentary system ત્વચાતંત્ર, ચર્મતંત્ર
Ductless glands નલિકારહિત ગ્રન્થિઓ
Tissues પેશીઓ
Histology પેશીકોષોનું સૂક્ષ્મ નિરીક્ષણશાસ્ત્ર
Topographical method પૃષ્ઠ-વિભાગીય પદ્ધ[illegible]
Ordinary dissection શસ્ત્રીય વિશ્લેષણ
Surface of a section through the body [illegible] ના વહેરેલા ભાગનું પૃષ્ઠ
Systematic method તંત્રીય-પદ્ધતિ વિભાગીય-પદ્ધતિ
Symmetry સામ્ય, સરખાપણું
Asymmetry વૈષમ્ય, વિષમતા
Anterior median plane ઉદરીય મધ્યરેખા
Posterior median plane પીઠની મધ્યરેખા
Plane પૃષ્ઠ સ્તર

[સંસ્કૃતિ, અમિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Balanced Diet સંતુલિત આહાર
Calories ઉષ્માંક
Xerophthalmia નિસ્તેજ, સ્નિગ્ધતા વિનાની આંખો
Duodenum પક્વાશય
Ileum શેષપકાન્ત્ર
Vestigial organ અવશિષ્ટ અવયવ
Mucus secretion શ્લેષ્મલ રસ
Contraction સંકોચન, આકુંચન
Relaxation વિકોચન, પ્રસરતું નિયમન
Regulation of Excretion ઉત્સર્ગનું નિયમન
Sphincter muscles સંકોચક સ્નાયુઓ
Abduction બાહર્નયન
Abductor muscle બહિર્નયિની સ્નાયુ
Accoucheur પ્રસૂતિ વૈદ્ય
Accoucheuse સુયાણી, દાઈ
Adduction અભિકર્ષણ, ઉપચાલન
Adductor muscle અભિકર્ષક-સ્નાયુ (પેશી) ઉપચાલક-પેશી (સ્નાયુ)
Afferent અભિગામી, અંતર્વાહી, સંવેદનાવાહક
Efferent અપવાહી, અપગામી, બહિર્ગામી, બહિર્વાહી
—nerve બહિર્વાહી, અપવાહી-જ્ઞાનતંતુ આજ્ઞાવાહક જ્ઞાનતંતુઓ
Agraphia લેખનાઘાત, લેખનની અશક્તિ, મગજની વિક્રિયાથી પ્રાપ્ત થયેલ લેખનમૂઢતા
Amaurosis અંધાપો, નેત્રતંતુમૂઢતા
Amnesia સ્મૃતિભ્રંશ, સ્મૃતિનાશ, સ્મૃતિહ્રાસ
Auto-erotism સ્વદેહ કામુકતા
Autolysis કોષોનું ઉત્સેચકીય આત્મવિસર્જન, સ્વનાશ, આત્મનાશ
Amitosis કોષનું સીધુંદ્વિભાજન જેમાં કેરીઓકાઈનેસીસ (karyokinesis) થતું નથી.
Allergy એલર્જી જેમાં વ્યકિત કોઈ પણ ખાસ દ્રવ્ય પ્રત્યે (જે તેટલા જ પ્રમાણમાં પોતાની જાતના બીજાઓમાં કોઈ પણ વિક્રિયા જગાડતું નથી) વધારે પડતો પ્રત્યાઘાત દર્શાવે છે તે સ્થિતિ.
Anaphylaxis એનાફીલેક્સીસ વિજાતીય પ્રોટીન પ્રત્યે વધારે પડતો પ્રત્યાઘાત દર્શાવતી સ્થિતિ.

(ખાસ કરીને પ્રયોગશાળાનાં પ્રાણીઓ માટે આ શબ્દ વપરાય છે).
Blastoderm બ્લાસ્ટોડર્મ (ગર્ભના વિકાસના શરૂઆતના તબક્કામાં પોલાણની દીવાલ, જે એકકોષી ત્વચાની હોય છે તે)
Blastula બ્લાસ્ટ્યુલા (ગર્ભની વિકાસની અવસ્થા જ્યારે પોલાણની દીવાલ એકકોષી લાઈનની હોય છે તે)
Septicaemia ચેપીજંતુઓ અને તેનાં ઝેરો લોહીમાં દાખલ થયેલાં હોય છે અને તેથી જન્મતી રુગ્ણાવસ્થા
Bacteremia રક્તમાં જંતુઓનું સંક્રમણ
Pyaemia રક્તમાં પરુનું સંક્રમણ
Toxaemia લોહીમાં ઝેરનું સંક્રમણ, વ્યાપવું
Hypersensitive વધારે સંવેદનશીલ
Erythrogenic રક્તકણ ઉત્પાદક, ચામડીની લાલાશ ઉત્પન્ન કરતું, લાલાશની સંજ્ઞા ઉત્પાદક
Pyrogenic તાવઉત્પાદક, તાવથી ઉત્પન્ન થયેલું
Erysipelas ચામડીનો અને તેની લસિકાવાહિનીઓનો સોજો
Blood culture ચિકિત્સા માટે લોહીમાંથી કરાતો જંતુઓનો ઉછેર
Catheter મૂત્રસળી, પેશાબસળી
Cleavage વિભાજન ક્રિયા, ફાટ, તડ
Carriers રોગજંતુવાહકો જે જાતે રોગની અસરથી મુક્ત હોય
Differential diagnosis સમાન રોગોનું સંતુલન અને નિદાન નિશ્ચયન
Diuretic મૂત્રવર્ધક, મૂત્રોત્પાદક
Dropper બિન્દુપાતી
Dust-proof ધૂલચ્યુત, ધૂલિજિત
Cleptomania સ્તેયોન્માદ, ચોરવૃત્તિ, ચોરવાની ટેવ
Dypsomania મદ્યોન્માદ
Dysentery કષ્ટઅંત્ર, મરડો, આમરોગ
Dysmenorrhoea કષ્ટાર્તવ, કષ્ટઋતુ
Dyspepsia કષ્ટપાચન, દુષ્પાચન, બદહજમી, અજીર્ણ
Dysuria કષ્ટમૂત્ર, મૂત્રકૃચ્છ, મૂત્રાવરોધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Echopraxia કાર્યાનુકરણ શીલતા
Echolalia શબ્દાનુકરણ શીલતા
Reflex પરાવર્તિત, પરાવર્તી, પ્રત્યાઘાતી, પ્રતિક્ષિપ્ત
—action પરાવૃત્ત વ્યાપાર, અહેતુક પ્રતિક્રિયા
—movement પરાવૃત્તગતિ, પ્રતિચર્યા
Sensory જ્ઞાનવિષયક, સંવેદક, સંજ્ઞાવાહી, ચેતનાવાહી, મનોવાહી; ઐન્દ્રિય, ઇન્દ્રિયપ્રેરિત, સંવેદનાગ્રાહી; આંતર્વાહી.
—area સંવેદનક્ષેત્ર, સંજ્ઞાક્ષેત્ર
—nerve સંવેદનતંતુ, સંજ્ઞાવાહીતંતુ, જ્ઞાનતંતુ.
Chyme આમરસ (અર્ધો પચેલો ખોરાક તથા ઍસિડ મિશ્રિત જઠરરસ)
Peristalsis આકુંચન લહર, મોજાં
Hilum, Hilus મૂળ, ડીંટુ
Cortex બાહ્યભાગ
Medulla અંદરનો ભાગ, ગર્ભ
Frontal lobes પ્રજ્ઞાખંડ (મગજના) અગ્રખંડ
Parietal lobes ક્રિયાખંડ, પાર્શ્વખંડ
Temporal lobes કર્ણખંડ, ગંડસ્થલીયખંડ
Occipital lobes ચક્ષુખંડ, પૃષ્ઠખંડ
Perilymph પરિદ્રવ
Endolymph આંતરદ્રવ
Sexual મૈથુની
Asexual અમૈથુની
Hermaphrodite ઉભયલિંગી
Parthenogenesis અસંયોગીજનન
Periosteum અસ્થિઆવરણ
Pericardium હૃદયાવરણ

Infiltration પ્રસરણ
Philic આકર્ષિત, રક્ત (Hydrophilic, પાણીનું આકર્ષણ, પ્યાર)
Phobic અપાકર્ષિત, વિરક્ત. (Hydrophobic, પાણીનું અપાકર્ષણ, દ્વેષ, વિમુખતા)

ફેબ્રુઆરીના અંકમાં મુદ્રણદોષો

પૃષ્ઠ	કૉલમ	લીટી	શુદ્ધ
૭૬	૧	૨૦	Quarantine
૭૭	૧	૯	Anaesthetized
,,	૧	૧૧	Ophthalmology
,,	૨	૨૬	Hormone
,,	,,	૩૧	Hyperglycaemia
૭૮	૧	૧૨	હૃદયનો શોથ
,,	,,	૨૦	Irradiated
,,	૨	૪	Bacteriostasis
,,	,,	૧૨	Electrotherapeutics
,,	,,	૧૩	Dystrophies
,,	,,	૨૫	Arthroplasty
,,	,,	૨૭	Dehydrated
૫૧	૧	૧૩	Schizophrenics
,,	૨	૫	પ્રજનન
,,	,,	૧૫	Propensity = વલણ
			Stimulus = ઉત્તેજના

સુધારો : Permeable = પ્રવેશક્ષમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્ઘ્ય

તંત્રી

ઝૂલતા મિનારા

અમદાવાદમાં આ એક ચીજ એવી છે કે જે બીજે સ્થળે જોવા મળી શકે એમ નથી. જો એની સારી રીતે જાહેરાત કરવામાં આવે તો દુનિયાભરના મુસાફરો આ મિનારા જોવા માટે અમદાવાદમાં ઊતરી પડે અને અમદાવાદની કીર્તિ દિગન્તમાં ફેલાય.

સામાન્ય રીતે અમદાવાદમાં એવો ખ્યાલ છે કે ફક્ત ગોમતીપુરની મસ્જિદનો જ મિનારો ઝૂલે છે. આ સ્થળે બે મિનારા હતા, તેમાંનો એક ઓગણીસમી સદીમાં થયેલા ધરતીકંપ વખતે પડી ગયેલો છે એમ કહેવાય છે, જ્યારે બીજો મિનારો સારી સ્થિતિમાં છે અને જે શોખીનો મિનારા ઉપર ચઢે છે તેઓ તેને ધક્કો મારી હલાવવાનો આનંદ ભોગવી શકે છે.

પણ અમદાવાદના ઘણા માણસોને ખબર નથી કે માધવબાગની પાણીની ટાંકી સામે જે મસ્જિદ આવેલી છે તેના બંને મિનારા ઝૂલતા મિનારા છે. એટલું જ નહિ પણ એક મિનારાને જો કોઈ હલાવે તો બીજો મિનારો આપોઆપ હાલે છે. આ મિનારો હલાવવા માટે એક માણસની તાકાત બસ છે. પણ જો ત્રણેક જુવાનો એકી સાથે હલાવવા મંડી પડે તો મિનારો લગભગ છ ઇંચ સુધી હલાવી શકાય છે. આ જ વખતે બીજા મિનારા ઉપર બેઠેલા માણસો સીડીના માથા ઉપર અગર તો પાસેના ઝરૂખામાં બેઠાબેઠા ઝૂલવાનો આનંદ માણી શકે છે અગર તો આ મિનારો તૂટી પડશે અને આપણે મરી જઈશું એવો ફફડાટ પણ અનુભવી શકે છે.

આ મિનારાઓની જગતની જનતાને જાહેરાત કરતાં પહેલાં અમદાવાદની નગરપાલિકાનું ધ્યાન એક બાબત તરફ ખાસ દોરવા જેવું છે. મસ્જિદના પ્રવેશદ્વાર તરફ જવાના રસ્તાની ડાબી બાજુએ ફૂટપાથ ઉપર નગરપાલિકાએ દુકાનો બાંધવાની પરવાનગી આપેલી જણાય છે. નગરપાલિકાને આ દુકાનોનું ભાડું કદાચ મળતું હશે અગર તો નિર્વાસિતોએ વગર પરવાનગીએ ઊભી કરી હશે. ગમે તે કારણ હશે પણ આ દુકાનોનો દેખાવ એ અમદાવાદનું ગંદામાં ગંદું દૃશ્ય છે. પરદેશીઓ દુનિયાની આ અજોડ ચીજ જોવા આવે તે પહેલાં આ સ્થળને સુંદર બનાવવું એ બહુ જ જરૂરી છે.

આ બંને મિનારા એકલા અમદાવાદના નહીં પણ સમગ્ર હિન્દના ગૌરવરૂપ છે. દુનિયાને આની જો ખબર પડે તો દુનિયાની અજાયબીઓમાં આની ગણના થાય એમ છે. કારણ બીજે સ્થળે આવી ચીજ બનાવવાનું શક્ય નથી. આવા સ્થળના પ્રવેશદ્વાર આગળ ગંદકી હોય, ભિખારીઓ અને ફકીરોના અડ્ડા જામેલા હોય અને એ ચીજો પરદેશીઓ આવીને જુએ તો તે અમદાવાદ શહેર માટે અને તેની નગરપાલિકા માટે નામોશી ભરેલું છે.

હવે મિનારાઓ શી રીતે ઝૂલે છે તેનો આપણે વિચાર કરીએ. જેણે જેણે આગ્રાની મુસાફરી કરી હશે તેણે આગ્રાના બજારમાં લાલ પથ્થરના બારપંદર ઇંચ લાંબા, બેએક ઇંચ પહોળા અને એકાદ ઇંચ જાડા ટુકડાઓ વેચાતા મળતા જોયા હશે. આ ટુકડાઓને આપણે જો હલાવીએ તો તે રબ્બરની માફક હાલે છે અને હલાવવાનું બંધ કરીએ ત્યારે અસલ હતા તેમ સીધા થઈ જાય છે. કુદરતની આ એક કરામત છે. એમાં માણસની અક્કલે બિલકુલ કામ કર્યું નથી. આ જાતના પથ્થરને અંગ્રેજીમાં 'ફ્લેક્સીબલ સેન્ડ સ્ટોન' કહે છે.

કુદરતમાં પથ્થરો બે રીતે બનેલા છે. એક રીતના પથ્થર જમીનને ફાડી જમીનના પેટાળમાંથી જે ધીકધીકતો રસ નીકળે છે તે રસ જમીન ઉપર ફેલાઈને ઠરે છે ત્યારે તે પથ્થર બને છે. આબુ-ઈડરના પહાડો તથા પંચમહાલમાં જે ગ્રેનાઈટના (અડદિયા) પથ્થરો મળે છે તે આ રીતે પૃથ્વીમાંથી નીકળેલા ગરમ રસ (લાવા)માંથી બનેલા છે. આબુ ઉપરનું નૈની તળાવ તે લાવા રસ નીકળવા માટેનું પૃથ્વીમાં પડેલું છિદ્ર હતું અને તે સ્થળ ઠંડું પડતાં તે તળાવ બનેલું છે. સુરત જિલ્લા ભણીના ડાંગના અને મહારાષ્ટ્રના કાળા પથ્થરો પણ આ રીતે ગરમ રસમાંથી જ બનેલા છે. ટીંબાની કપચી અને મેટલ આ જાતના કાળા પથ્થરમાંથી બને છે. આ પથ્થર ટ્રેપના નામથી ઓળખાય છે. કુદરતી રીતે બનેલા આ પથ્થરો ઉપર હવા, પાણી અને વનસ્પતિમાંથી કુદરતી રીતે તૈયાર થયેલા તેજાબો, ઘાસ અને ઝાડનાં મૂળ વગેરે પોતાનું કામ કર્યે જાય છે. આ કાળમીંઢ પથ્થરોમાંથી આ રીતે અમુક દ્રવ્યો કમી થાય છે. પથ્થરોમાં ફાટો પડે છે, શિલાઓ નીચે ગબડે છે તેના ભાગીને નાના ટુકડા થાય છે. એ ટુકડાઓ નદીઓમાં ઘસાતાં ઘસાતાં ગોટા બને છે. એના પણ ટુકડા થતાં એ ચોળીઆ સ્વરૂપ ધારણ કરે છે અને તેમાંથી કાચરિયા રેતી થાય છે. આગળ જતાં તે બારીક રેતી બને છે અને છેવટે અતિ બારીક બની તેનું રૂપાંતર માટીમાં પણ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રીતે દર સાલ રેતીનાં પડ નીચાણવાળી જગ્યાએ ચઢચે જાય છે અને કાળે કરીને પેટાળના દબાણને લીધે પૃથ્વીનાં પડ જ્યારે વળ ખાય છે ત્યારે અતિશય દબાણને લીધે આ રેતીનાં પડનો પથ્થર બની જાય છે. આ રીતે રેતીમાંથી થયેલા પથ્થરને રેતવો પથ્થર કહે છે.

ગ્રેનાઈટ(અડદિયા) પથ્થરમાં મુખ્યત્વે ત્રણ ચીજો હોય છે: ચકમક, ફેલસ્પાર અને અબરખ. કોઈ કોઈ ગ્રેનાઈટ પથ્થરમાં હોર્નલેન્ડ નામનું ચોથું તત્ત્વ હોય છે. હોર્નલેન્ડનો રંગ કાળો હોય છે અને તેના કણ અડદના દાણા જેવા હોય છે. ગોધરા આગળનો પથ્થર આ જાતનો છે. આને લીધે જ આ ગ્રેનાઈટ પથ્થરનું નામ અડદિયો પથ્થર પડેલું છે.

ઉપર જણાવેલાં કારણોથી જ્યારે આ અડદિયો પથ્થર ખવાય છે ત્યારે સૌથી પ્રથમ ફેલસ્પાર અને અબરખ છૂટાં પડે છે અને તેમાંથી માટી બને છે. જ્યાં ફેલ્સ્પાર બહુ મોટા પ્રમાણમાં હોય છે ત્યાં તેમાંથી બનેલી માટીને આપણે ચિનાઈ માટી તરીકે ઓળખીએ છીએ. ચા પીવાના પ્યાલા, રકાબીઓ, બરણીઓ, ટાઈલ્સ આ માટીમાંથી થાય છે. ચકમક ફેલસ્પાર કરતાં સખત હોવાને લીધે તે જલથી ખવાતો કે ઘસાતો નથી જેથી ફેલસ્પાર કે અબરખ જ્યારે ધોવાઈ જાય છે ત્યારે ગોટા કે રેતીના રૂપમાં ચકમક પાછળ રહે છે. શુદ્ધ ચકમકની રેતી કાચ બનાવવા માટેનું એક ઉત્તમ કાચું દ્રવ્ય છે.

આ રીતે ચકમકની રેતીનાં પડ ઉપર પડ ચઢે છે અને તેનો રેતવો પથ્થર બને છે. આ રેતીના પડમાં કોઈ વખત ચૂનાનું મિશ્રણ થાય છે. જો ચૂનો ઓછો હોય તો રેતીના કણને સાંધવાનું કામ કરે છે અને કોઈ વખત બહુ ચૂનો આવી જાય તો તે રેતીના મિશ્રિત ચૂનાનો પથ્થર બની જાય છે. પોરબંદરી પથ્થર આ જાતનો છે. કોઈ કોઈ વખત આ રેતીના પથ્થરમાં પ્રાણવાયુ મિશ્રિત લોખંડના કણ આવી જાય છે. પ્રાણવાયુના હિસાબે આ લોખંડનો રંગ લાલ અગર પીળો થાય છે. આગ્રા કે જોધપુરનો લાલ પથ્થર આ રીતે બનેલો રેતવો પથ્થર છે.

આ રીતે બનેલા રેતવા પથ્થરમાં કોઈ કોઈ વખત ફેલસ્પારના કણ રહી જાય છે અને પથ્થર બન્યા પછીથી આ ફેલસ્પારના કણ ધીરે ધીરે ઓગળીને ધોવાય છે. જેથી પથ્થરની અંદર આંખે ના દેખાય એવાં બારીક છિદ્રો તૈયાર થાય છે. આ કારણથી આવા પથ્થરની બારીક ચીપો જો આપણે હલાવીએ તો હાલે છે. અંદર રહેલાં છિદ્રોને લીધે રેતીના કણોને આઘાપાછા થવાની જગા મળી રહે છે. પણ આ કણો ચૂનાથી જોડાયેલા હોવાથી અને પથ્થર થતી વખતે પૃથ્વીના થયેલા દબાણને લીધે દબાયલા હોવાથી સાધારણ હિલચાલમાં છૂટા પડી જતા નથી. આ રીતે એમાં એક પ્રકારની સ્થિતિસ્થાપકતા આવેલી છે. પણ જો ધરતીકંપના જેવો ભયંકર આંચકો લાગે તો જેમ ગોમતીપુરનો મિનારો તૂટી પડચો તેમ આ પથ્થરની ચીપો પણ વધારે હલાવવાથી તૂટે એમ છે.

વાચક હવે સમજ્યા હશે કે આગ્રાની પથ્થરની ચીપો શાથી હાલે છે. આપણા ગુજરાતમાં પણ ઈડરની ગિરિમાળાઓ ગ્રેનાઈટ પથ્થરની બનેલી છે. લાખો વર્ષો પૂર્વે એમાંથી છૂટી પડેલી રેતીનો હિંમતનગરનો રેતવો પથ્થર બનેલો છે. આ પથ્થરની અંદરનાં છિદ્રો આગ્રાના પથ્થર જેટલાં વધારે નથી પણ એથી ઓછાં છિદ્રો તો એ પથ્થરમાં છે જ. એની અંદર રહેલા ફેલસ્પારના કણ ધોવાઈ ગયા છે. અમદાવાદની મસ્જિદના મિનારાઓ આ પથ્થરના બનેલા છે. મિનારાઓની ઊંચાઈ લગભગ સાઠેક ફૂટ જેટલી હશે. એક એક કણ સહેજ સહેજ હાલતો જાય તો તો તે પચાસસાઠ ફૂટની ઊંચાઈએ તમને ડર લાગે તેટલો હાલતો થઈ જાય છે.

અહમદશાહ બાદશાહે અમદાવાદ વસાવ્યું પછીથી ઈડર ઉપર કાબૂ રાખવા માટે અહમદનગર શહેર વસાવ્યું હતું અને ત્યાં લશ્કરી થાણું ગોઠવ્યું. આ રીતે અહમદનગરથી અમદાવાદ સુધીનો રસ્તો સલામત થવાથી હિંમતનગરનો પથ્થર અમદાવાદમાં સહેલાઈથી આવી શકચો અને અમદાવાદની મસ્જિદો માટે જોઈતો માલ પણ મળી ગયો. મિનારાઓનું બાંધકામ ભૂંગળી જેવું થયું. ઊંચાઈના હિસાબે જાડાઈ ઘણી પાતળી થઈ એટલે આગ્રામાં મળતી પથ્થરના પટીની પેઠે આ એક પથ્થરની ભૂંગળી બની અને એક જ માણસના ધક્કાથી તે હાલી શકે છે. કારણ ધક્કો ભૂંગળીને મથાળે વાગે છે જેથી તેને સાઠ ફૂટનું ઉચ્ચાલન મળે છે. મિનારાને તળિયે એને ગમે તેટલા ધક્કા મારશો તો પણ નહિ હાલે.

હવે એક મિનારો હલાવવાથી બીજો મિનારો શી રીતે હાલે છે તેનું રહસ્ય તપાસીએ. બંને મિનારાઓ વચ્ચે આ પથ્થરની કમાન બનાવેલી છે અને એ કમાનથી બંને મિનારાએ જોડાયેલા છે જેથી એક મિનારો જ્યારે ટોચ ઉપરથી હલાવવામાં આવે છે ત્યારે તેની ધ્રૂજારી નીચે જાય છે. આ ધ્રૂજારી કમાનના પથ્થરો મારફત બીજા મિનારાને પહોંચે છે અને તે ધ્રૂજારી મિનારાની ટોચ ઉપર અસલ પહેલા મિનારા ઉપર મારેલા ધક્કા જેટલી અનુભવાય છે.

આ ઝૂલતા મિનારામાં શિલ્પીની કોઈ કુશળતા નથી પણ એ તો કુદરતી કરામત છે.

[**ભાઈલાલ ડી. પટેલ** : વલ્લભવિદ્યાનગર : તા. ૪-૫-'૫૫]

[સંસ્કૃતિ, એપ્રિલ '૫૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



હિન્દ ઉપર

ભારતથી કેનેડા સુધીની લગભગ ૧૫૦૦૦ માઇલની મુસાફરી હિન્દે કોઇપણ પ્રકારની તુટફુટ વગર કરી. હૈદ્રાબાદ (દક્ષિણ)ના શ્રી. એમ નરસિંહન ૧૯૫૦ના ડીસેમ્બરની ૧૬મી તારીખે ઉપર બતાવેલી હિન્દ સાઈકલ સાથે ભારતથી રવાના થઈ અને પાકીસ્તાન, બલુચીસ્તાન, અફઘાનીસ્તાન, ઈરાક, ઈરાન, ટર્કી, બલ્ગેરીઆ, યુગોસ્લાવીઆ, ઈટાલી, સ્વીટઝરલેન્ડ, ફ્રાન્સ, બ્રિટન અને અમેરીકા થઈ ૧૯૫૨ ના જુનમાં કેનેડા પહોંચ્યા. આ સાઇકલ સંપુર્ણ ચાલુ હાલતમાં ભારતના કેનેડા ખાતેના હાઈકમીસ્નરે પાછી મોકલાવી છે.

હિન્દ સાઇકલો વધુ મજબુત બનાવેલી હોવાથી વધુ ટકાઉ હોય છે.

હિન્દ—સો એ સો ટકા ભારતીય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે હિંદમાં હાથશાળો ઉપરાંત એક વરસમાં આશરે ૪૫૦ કરોડ વાર કાપડ ઉત્પન્ન કરતી ૪૨૧ મિલો છે. આમાંનું આશરે ૬ કરોડ વાર કાપડ અમદાવાદમાં "જહાંગીર વકીલ મિલ ગ્રૂપ"ની ત્રણ મિલો વણે છે. માથા દીઠ કાપડની વપરાશ પંદર વાર ગણીએ તો આ ગ્રૂપ આશરે ચાલીસ લાખ માણસોની કાપડની જરૂરિયાત પૂરી પાડે છે.

જહાંગીર વકીલ મિલ્સ
અમદાવાદ

નવજીવન મિલ
કલોલ

ન્યુ જહાંગીર વકીલ મિલ
ભાવનગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai

સંસ્કૃતિ

વર્ષ ૧૦ : અંક ૬

તંત્રી
ઉમાશંકર જોશી

જૂન ૧૯૫

બોરોબુદુર, જાવા] મગરના મોંમાં [ઉમાશંકર જોશી

સળંગ અંક ૧૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃતિ

વર્ષ દસમું   સળંગ અંક ૧૧૪   અંક છઠ્ઠો

અનુક્રમણિકા : જૂન ૧૯૫૬

ધર્મસાર	કાકા કાલેલકર	૨૦૧
પશ્ચિમ યાત્રી	ઉમાશંકર જોશી	૨૦૨
ભૂદાનની પુરવણી	વ્યાખ્યાતા : વિનોબા ભાવે અનુ. સ્વામી આનંદ	૨૦૬
મને શું મળ્યું ?	જયંતિ દલાલ	૨૦૯
બોધિવૃક્ષની છાયામાં— (રેડિયો નાટક)	ચુનીલાલ મડિયા	૨૧૪
અજિત, સુનયના અને મધુમતી	ઝીણાભાઈ ર. દેસાઈ	૨૨૦
રૉબર્ટ શરવૂડ— અગ્રણી અમેરિકન નાટકકાર	રમણલાલ જે. જોશી	૨૨૫
યુરોપનો પ્રવાસ—(૪)	સન્મુખલાલ પંડ્યા	૨૩૦
બીજી પંચવર્ષીય યોજનામાં સમાજજીવન—સુધારણાનો કાર્યક્રમ	સુમન્ત મહેતા	૨૩૩
નોત્રદામમાં નાતાલ (૨)	ચુનીલાલ મડિયા	૨૩૬
ચલો, જી	ઉમાશંકર જોશી	૨૩૯
આંતર-ભારતી	પ્રભાકર માચવે	૨૪૦

☆

સંસ્કૃતિ કાર્યાલય વતી મુદ્રક-પ્રકાશક : કિશનસિંહ ચાવડા,
ચેતના પ્રેસ પ્રાઇવેટ લિ., નવા બજાર, વડોદરા

સૂચનાઓ :

* દર માસની સાતમી તારીખે અંક પ્રસિદ્ધ થાય છે.
* દશમી સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
* પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર લખવાથી સગવડ થશે.
* આ માસિકમાં પ્રસિદ્ધ થતા લેખોમાંના અભિપ્રાય માટેની જવાબદારી તે તે લેખકની છે.
* પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે.

ગ્રાહકો નોંધવાનાં સ્થળો:

એન. એમ. ત્રિપાઠી, લિ. મુંબઈ.
પ્રવર્તક પુસ્તકાલય, મુંબઈ ૭
જીવનસાહિત્યમંદિર, અમદાવાદ.
ભારતીસાહિત્યસંઘ, અમદાવાદ.
ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, „
ગાંડીવ સાહિત્યમંદિર, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨
ગાંડીવ સાહિત્યમંદિર, લાલગેટ, સુરત
એલ. કે. મેઘાણી : અગરતોલા સ્ટ્રીટ, **કલકત્તા ૧.**
પ્રભાકર બ્રધર્સ, પો. બો. ૧૨, **નૈરોબી**, ઇસ્ટ આફ્રિકા.

લવાજમ :

દેશમાં રૂપિયા સાત. પરદેશમાં રૂ. નવ અથવા શિલિંગ ૧૪. છૂટક નકલના બાર આના.

જાહેરખબરના દર

આખું પાનું	રૂ. ૬૦
અર્ધું પાનું	રૂ. ૩૫
પા પાનું	રૂ. ૨૦
છેલ્લું પૂઠું	રૂ. ૧૨૫
પૂઠું ૩	રૂ. ૧૦૦

તંત્રી અને વ્યવસ્થા અંગેના સર્વ પત્રવ્યવહારનું સરનામું :

સંસ્કૃતિ કાર્યાલય,
એલિસ-બ્રિજ, અમદાવાદ–૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃતિ

सत्यं परं धीमहि ।

જૂન ૧૯૫૬

ધર્મસાર

આ પણી નજર સામે આ જે અત્યંત વિશાળ **વિશ્વ** ફેલાયું છે તે જ છે પરમાત્મા પરબ્રહ્મનું પવિત્ર **મંદિર**. આપણા બધાંને માટે આ એક જ મંદિર પર્યાપ્ત છે. નાનાંમોટાં મંદિરો બાંધવાની જરૂર નથી. એનાથી લાભ નહીં થાય. હાનિ થવાનો સંભવ છે.

જે પ્રમાણે નદી ઓળંગવા માટે છીછરા પાણીની – જ્યાં પાણી ઓછું ઊંડું હોય એવી જગા, આરો, કે તીર્થ – આપણે શોધીએ છીએ, તે જ પ્રમાણે ભવનદી પાર કરવા માટે સહાયક પવિત્ર સ્થાનો પણ આપણે શોધીએ છીએ. અનુભવ એવો થયો કે જ્યાં અત્યંત નિર્મળ, સર્વકલ્યાણકારી ચિત્ત છે તે જ છે સાચું **તીર્થ**. પરમ કારુણિક સંત મહાત્માઓ સિવાય આ દુનિયામાં બીજું તીર્થ છે જ નહીં.

પોતાના જીવનને અને સમાજને પણ સુવ્યવસ્થિત કરવા માટે માણસ નિયામક **શાસ્ત્ર** શોધે છે. શાસ્ત્રો અનેક છે. એમાં જાતજાતના ભેદ હોવાથી માણસ મૂંઝાય છે. એક સમાજનું શાસ્ત્ર બીજા સમાજને ગ્રાહ્ય હોતું નથી. જમાનો બદલાયો એટલે શાસ્ત્ર પણ બદલવાં પડે છે. જેને બદલવું પડતું નથી, જે સર્વને માટે સમાન રીતે ગ્રાહ્ય છે, અને જેને માણસ પોતાની શક્તિ અનુસાર સમજી શકે છે, એવું સનાતન શાસ્ત્ર તો એક માત્ર **સત્ય** જ છે. એનાથી ચઢિયાતું બીજું ધર્મશાસ્ત્ર છે નહીં.

ધર્મની પ્રેરણા આપનારા ઋષિમુનિ, સંતમહાત્મા અને ધર્મસંસ્થાપક પૈગંબર અનેક થઈ ગયા. કોઈ એકને જ માનવું અને બીજા બધાનો ઇનકાર કરવો, એ તો ધર્મદ્રોહ જ કહેવાય. આ ઋષિમુનિઓને, ધર્માત્મા, પૈગંબરોને અને અવતારી પુરુષોને જેની પાસેથી ધર્મપ્રેરણા મળે છે તે પોતે છે **વિશ્વાત્મા**. એક માત્ર સાચો ધર્મસંસ્થાપક જગદ્‌ગુરુ તો હૃદયસ્થ **નારાયણ** જ છે.

હવે આ વિશ્વાત્માને મેળવવાની, બધા સાથે પોતાનું ઐક્ય અનુભવવાની સર્વશ્રેષ્ઠ સાધના તો **પ્રીતિ** – એટલે કે અહિંસા જ છે.

આ સાધનાને સિદ્ધ કરવામાં અંતરાયરૂપ છે સ્વાર્થ, અહંકાર, તૃષ્ણા અને આલસ્ય. આમનો નાશ કરવો અને વૈરાગ્ય વધારી અલિપ્ત – તટસ્થ – થઈ જવું, એ જ છે સાચી **તપસ્યા**.

આખું જીવનરહસ્ય આમાં સમાયું છે. આ સિવાયની વાતો તો અલકમલક, આમતેમનો વિસ્તાર માત્ર છે. જે ખાસ કામની વાતો છે, સારરૂપ છે, તે ઉપર ટૂંકામાં આવી ગઈ છે.

सुविशालं इदं विश्वं पवित्रं ब्रह्ममंदिरम् । चेतस् सुनिर्मलं तीर्थम्; सत्यं शास्त्रं अनश्वरम् ॥
विश्वात्मा धर्ममूलं हि; प्रीतिः परम साधनम् । स्वार्थनाशं च वैराग्यं; ब्राह्मैः एवं प्रकीर्त्यते ॥

કાકા કાલેલકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પશ્ચિમ યાત્રી

ઉમાશંકર જોશી

હવાઈ જહાજ હતું પણ રસ્તો દરિયા ઉપર થઈને હતો. થોડી વારમાં જુહુના દીવા અદૃશ્ય થયા અને સમુદ્ર અને આકાશ એકાકાર જેવાં બની રહ્યાં. શક્તિ-ધબકતું વિમાન સ્વસ્થપણે પોતાનો રસ્તો કરી રહ્યું હતું. વહેલી પડે સવાર અને ક્યારે આવે કેરો.

પણ પશ્ચિમમાં જતા હોઈ સવાર પડતાં થોડો વિલંબ થવાનો હતો. જાગ્યો ત્યારે અરબસ્તાનના વિસ્તારો પર અમારી ગતિ થઈ રહી હતી. માઈલોના માઈલો સુધી માણસનો અણસારો ન મળે. આ થોડાક ડુંગરો દેખાય અને પણે પેલી કેડીઓ મેદાનમાં જાય. ના, ના, કેડીઓ કેવી, એ તો સુકાયેલા જળ-શેરડા છે. આ નિર્જનતામાં સજીવતાનો સંચાર લાગતો હોય તો તે વાદળોને લીધે. નાની નાની વાદળીઓ રસળતી શિખરો પર ભટકી રહી હતી. વાદળી અદૃશ્ય થાય, વિમાન કેટલુંક ચાલે, ત્યારે નીચે જમીન ઉપર 'હું આવું છું!' 'હું આવું છું!' કરતો આસ્તે કદમ આવતો એનો પડછાયો નજરે પડે. પાછળ પૂર્વમાં સૂરજ હજી હમણાં જ ઊગેલો હોઈ પડછાયા પશ્ચિમમાં ઠીક ઠીક દૂર રહેતા હતા. સિનાઈ ઉપર અમે ઊડી રહ્યા હતા. સિનાઈનાં શિખર પર પયગંબર મોસીઝને હાથોહાથ દૈવી આદેશો મળ્યા હતા એમ કહેવાય છે. વિદ્યાધરોએ કદાચ અહીંથી એ ધન્ય દૃશ્ય જોયું હશે અને પુષ્પવૃષ્ટિ કરી હશે. અત્યારે તો મોગરાના ઢગલા જેવાં વાદળો ડુંગરો ઉપર દેખાતાં હતાં. થોડી વારમાં આખું જ દૃશ્ય રૂના પોલના વિસ્તાર નીચે અદૃશ્ય થયું.

કેટલીક વાર પછી એક શહેર જેવું દેખાયું. આગળ વધ્યા ત્યાં સુએઝ નહેરની સાંકડી પટીઓ નજરે પડી, આટલે ઊંચેથી રંક જેવી લાગતી હતી. પણ એ સમુદ્રના આ હસ્ત-મિલાપ પાછળની માણસની કલ્પના અને સાહસિક પુરુષાર્થવૃત્તિનું એ સુરેખ આલેખન મન ભરી દે એવું હતું.

કેરો વિમાનઘર પર ઊતરીને વિમાને શ્વાસ ખાધો. કૈરો કેરોનો ન-જેવો અણસારો મળતો હતો. ન શહેર, ન નાઈલ, ન પિરામિડ, ન સ્ફિંક્સ. માત્ર વિમાનઘર. જેવું કોઈ પણ શહેરનું, તેવું જ. ન તો વધુ સારું, ન વધુ ખરાબ. આંતર-રાષ્ટ્રીય પ્રવાસીઓને માટે બે કંટાળાભરેલી એકવિધતાવાળી વસ્તુઓ હોય છે. એક તો આ એકસરખાં વિમાનઘર અને બીજી એકસરખી હોટેલો. જેવી ટોકિયોમાં તેવી જાકાર્તામાં અને એવી જ કેરો, રોમ કે શિકાગોમાં.

અહીં નાસ્તામાં ચા મળી તે જોઈ ચા વિશે નિશ્ચિંત થઈ જવા જેવું લાગ્યું. ઇંગ્લૅન્ડમાં એ સોમરસને સ્થાને છે, ત્યાં મળશે એ ભલે. બાકી બીજે બધે ચાને નામે જે પદાર્થ મળે તે મોં હસતું રાખીને ગળે ઉતારી જવો. રોટીમાં ઘઉં કરતાં બીજા કોઈ ધાન્યનો (કદાચ મકાઈનો) મહિમા વધારે વરતાતો હતો. તેમાં આપણે રહ્યા શાકાહારી. લાંબી ફેઝ ટોપી અને ઘૂંટણ સુધી ઘસડાતા સફેદ ઝભ્ભા ધારણ કરેલા, 'અરબ રાત્રિઓ'નાં પાનાંમાંથી સીધા બહાર આવી રહ્યા હોય એવા, મંદગતિ પિરસનારાઓના દર્શનથી જ તૃપ્તિ અનુભવવા જેવું હતું.

પવનમાં ઠંડીની ચમક હતી. તડકામાં થોડુંક ચાલવા-નો આનંદ લીધો. વિમાનમાં બેસવા જતાં કરાડી તરફના એક જુવાનનો ભેટો થઈ ગયો. ઉત્તર ગુજરાતમાં શિક્ષક તરીકે કામ કરતા હતા તે છોડી દઈને ઇંગ્લૅન્ડ જવાનો એમણે વિચાર કર્યો હતો. અંગ્રેજી શરૂઆતનાં થોડાં વરસ શીખ્યા હશે તે. બધું થઈ રહેશે, ત્યાં કામધંધો કરીશું, મિત્રો છે, એ ભરોસે એમણે આ પગલું ભર્યું હતું.

વિમાનના પંખા શરૂ થયા. હમણાં ઊપડશે. પણ ત્યાં કપ્તાનનો સંદેશો આવ્યો કે પાછા નીચે ઊતરવું પડશે. દોઢેક કલાક રોકાણ થશે. મુંબઈથી કેરો એક કપ્તાન હ

[સંસ્કૃતિ, જૂન '

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેરોથી લંડન બીજા. એર ઇન્ડિયા ઇન્ટરનેશનલનું આ 'ઇલોરાની રાણી' વિમાન ચાર એંજિનવાળું સુપર-કોન્સ્ટેલેશન હતું. સગવડો અને અંદરની રચનાની દૃષ્ટિએ લંડનથી ન્યુ યૉર્ક ટી ડબ્લ્યૂ-એ-ના એવા જ મોટા વિમાનમાં ગયા તે કરતાં કદાચ વધારે સારું હતું. પણ અહીં એણે દોઢને બદલે છ કલાક આરામ કર્યો. ભૂમધ્ય સમુદ્ર ઉપર ગયા પછી આરામનો વિચાર કરત તે કરતાં આ વધુ સારું ગણાય. ઊપડતાં પહેલાં સહેજ પણ કચાશ લાગે ત્યાં સુધી કપ્તાનો વિમાન ઉડાવતા નથી. કહે છે કે એક વાર કેરોથી વિમાન દેશ આવવા ઊપડયું પણ પછી તરત કશીક મુશ્કેલી ખ્યાલમાં આવી. મુંબઈ સુધી આવવા માટેનું પેટ્રોલ ભરેલું એ વપરાઈ જાય ત્યાં સુધી કેરોની આસપાસ વિમાને ચક્કર ખાધાં કર્યાં. ઉપર કોઈક પ્રધાનની ધીરજનો અંત આવી રહ્યો હતો—કોઈક ઉદ્‌ઘાટનસમારંભ માટે હિંદમાં એમને વેળાસર પહોંચવું જરૂરી હતું. ખામોશ કપ્તાને એટલું જ કહ્યું: અહીં મારું શાસન છે, મારી ઇચ્છા પ્રમાણે વિમાન ચાલશે.

ભૂમધ્ય સમુદ્ર કયાં છે? આકાશમાં ઊડતા વિમાનમાંથી ભૂમધ્ય સમુદ્ર શોધવો મિથ્યા છે. ઉપરનીચે બધે એકસરખો આસમાની રંગ, આખું વિશ્વ જાણે નીલઅંબાકાર. અતળ આકાશ આપણી નીચે હોય અને એનો આસમાની રંગ આપણે જોઈ રહ્યા હોઈએ એવો અપૂર્વ અનુભવ વિમાનમાંથી થતો હતો.

ઇટલીની ભૂમિએ દેખા દીધી. સાંજના કુમળા તડકામાં તરબોળ લીલોતરી ભરેલી ખીણો. સ્મિત કરતી ભૂમિ.

રોમ આવ્યા ત્યારે રાત પડી ગઈ હતી. બપોરની ચા વખતે આવવાના હતા, રાતના ભોજન સમયે આવ્યા. દીવાઓ જોતા ઊપડયા. વચ્ચે જીનીવા રોકાયા અને મધરાતે લંડન આવી પહોંચ્યા. મધરાતે—બલકે દોઢ વાગ્યે, સાંજના ૭-૧૫ને બદલે.

ઇંગ્લૅન્ડની ભૂમિ ઉપર પગ મૂકતાં એક જાતનો રોમાંચભાવ અનુભવ્યો. પ્રાચીન ભૂમિ ઇજિપ્ત કે સંસ્કારસમૃદ્ધ રોમમાં નહીં અને અહીં આવો અનુભવ થયો ને એ સ્વાભાવિક હતું. ઇંગ્લૅન્ડ, તને પડકારતી વખતે, તારી સાથે ટકરાતી વખતે પણ, કયારે તને અમે ચાહ્યું નથી?

જકાત ખાતા તરફ ચાલ્યા. સાદું નાનું મકાન. દસબાર મિનિટમાં વિધિ પતી ગયો. સીદીઓનું એક આખું જૂથ આવેલું હશે તે અહીં જોવા મળ્યું. મહાનુભાવ વિલ્બરફોર્સના તપની દીપ્તિનાં એ મંડળીમાં દર્શન થતાં હતાં.

રસ્તો સૂમસામ હતો. બંને બાજુ મકાનોની હાર દેખાવી શરૂ થઈ. નાનાં રહેવા માટેનાં મકાનો (આપણને આ ગરમીની પેટીઓ જેવાં સિમેન્ટનાં મકાનો કયાંથી વળગ્યાં છે?) મકાનો બીબાઢાળ છે એમ દેખાવ જોઈ શકો. પણ રહેવા માટે બનાવાયાં હોય એવી છાપ તરત પડે. કલાકમાં તો શહેરમાં આવી પહોંચ્યા. આવડા મોટા શહેરમાં આવી શાંતિમાં પ્રવેશ કરવા મળ્યો એથી એનું એક વિશિષ્ટ દર્શન થયું. વિશાળ જનસમૂહ જરીક જંપી ગયો છે એ સભાનતા સાથે રાતનાં રડ્યાંખડ્યાં વાહનો ચાલતાં હતાં. પિકેડીલી હોટેલમાં જઈને લંબાવ્યું ત્યારે અઢી વાગી ગયા હતા.

સવારે લંડન શહેરમાં નીકળી પડ્યા. લંડન કોણે જોયું છે? પેરિસ, ન્યુ યૉર્ક કે મુંબઈ પૂરું કોણે જોયું છે? રીજન્ટ સ્ટ્રીટ તરફ ચાલ્યા. મકાનની બારીઓ આગળ કે બારણાની ધાર ઉપર ફૂલછોડ મૂકીને આખાને સજીવન કરવાની પદ્ધતિ આકર્ષક લાગી. ઠંડીની ચમક હતી. માણસો ચાલતાં નહોતાં, કોઈ પાછળ પડ્યું હોય એમ ભાગતાં હતાં. તંદુરસ્તી તરત ધ્યાન ખેંચે. ઠંડીનો પ્રભાવ જોઈ ગરમ કપડાં થોડાંક લઈ લીધાં. ભૂગર્ભ રેલવેથી સ્ટ્રેન્ડ સ્ટ્રીટ પાસે ઇન્ડિયા સ્ટુડન્ટ લીગ તરફ ચાલ્યા. કલ્પનામાં ભૂગર્ભ રેલવે મેં કાંઈક ઢાંકવાળી ગોઠવેલી. નીકળી ભૂંડીભખ. ગાડી આવે-જાય ત્યારે અવાજ ગજબનાક થાય. વીજળીથી ચડતા-ઊતરતા દાદર ઉપર ઊભા રહેવામાં તો ગમ્મત લાગે (એવી ઊભી રહેલી હારોમાં હિંદીઓ સારા પ્રમાણમાં દેખાતા હતા), પણ બહાર આવવા માટે કયાંક કયાંક લિફ્ટ હોય છે તે તોબા છે. લિફ્ટમાં ઊભા છીએ એવું ભાન થાય નહિ, કેમ કે એ એક નાની ઓરડી જ હોય છે. ચઢે આખું ઉપર. લોઢાનું દેખ્યું ન ગમે એવું, કમઠાણ.

સાંજે ચાર વાગે અમારા જૂથને હાઈ કમિશ્નર શ્રીમતી પંડિત સાથે ચા પીવાનો કાર્યક્રમ હતો. ત્યાં હિંદી અધિકારીઓ, વિદ્યાર્થીઓ અને કોઈક અંગ્રેજોને મળવાનું થયું. યુ.પી.ના એક બુઢ્ઢા નિવૃત્ત સિવિલ સરવન્ટ સાથે વાતો થઈ. 'તમે જેને દુશ્મન ગણો તે કોટિમાં હું હતો' એમ આરંભ કરી હિંદના લેખકોને હાથે અંગ્રેજીમાં લખાતી નવલકથાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગેના એમના રસની એમણે વાત કરી. મેં એકબે પુસ્તક સૂચવ્યાં તો કહે કે પુસ્તકાલય દ્વારા વાંચીશ, અને પછી વાચકોની સૂચના પ્રમાણે પુસ્તકો ખરીદી શકાય એ જાતની પુસ્તકાલયપદ્ધતિ હોવા અંગે ખ્યાલ આપ્યો. બ્રિટિશ કાઉન્સિલના કાનૂનવિભાગ સાથે તેઓ જોડાયેલા છે.

મિત્રો સાથે ભૂગર્ભ રેલવેમાં હાઈડપાર્ક તરફ નીકળ્યા. અહીં એક 'આરસકમાન' છે, (માર્બલ આર્ચ) જેમાં થઈને કોઈ જતું-આવતું નથી. અંગ્રેજ પ્રજા આમ બહુ દરેક વસ્તુનો કસ કાઢનારી છે, પણ આવી નિરર્થક સ્થાપત્ય-રચના જેવી ચીજોમાં પણ એણે રસ લીધો છે. સામે જ હાઈડપાર્ક. વરસાદ ઝરમર ઝરમર આવતો હતો. સારું થયું. અંધારું પણ શરૂ થયું હતું. હાઈડપાર્ક જેવું સ્વાતંત્ર્યતીર્થ બીજી વાર નિરાંતે જોવું એ જ ઠીક છે. પાછા વળતાં ગયા યુદ્ધના બોમ્બમારાથી પડેલો એક ખાડો રસ્તા પડખે જોયો.

બીજે દિવસે સવારની અમારી બેઠક પછી બપોરે જમીને નીકળી પડ્યા. ઇસ્ટરના તહેવારને લીધે બજારો બંધ હતાં. પણ બીજા દેશોમાંથી આવેલા પ્રવાસીઓની હરફર હતી. ખાસ કરીને, ટ્રફાલ્ગર સ્ક્વૅર આગળ આવ્યા ત્યાં તો દુનિયાની વિવિધ પ્રજાઓનો ઠીકઠીક મેળો જામ્યો હતો. આકાશ ધૂંધળું હતું. ઠંડી સારી એવી હતી. નેશનલ ગૅલેરીઓ દેખાય, પણ આજે બંધ છે. અહીં આવતાં પહેલાં રસ્તે શેક્સ્પિયર-અભિનેતા સર હેન્રી ઇરવીંગની પ્રતિમા જોઈ. ટ્રફાલ્ગર ચોતરો પ્રથમ દર્શને નીરસ લાગે, પણ એનો પ્રભાવ પડ્યા વગર રહે નહિ એવી મોકળી અને દૃઢ એની રચના છે. પાણીના ફુવારાઓ ઊડતા હતા. નાનાં બાળકો પાસે માવતરો કબૂતરોને ચણ નંખાવતાં હતાં અને એ રીતે બન્નેને લડાવતાં હતાં. પરદેશીઓનાં નાનાં નાનાં જૂથ વેરાયેલાં ઊભાં હતાં. મોટા ઓટલા ઉપર ઊંચા સ્તંભ ઉપર નેલ્સનનું બાવલું છે અને ઓટલાને ચાર છેડે ચાર સિંહ છે એ આખી રચના દબદબાભરી લાગે એવી છે. સિંહોની પ્રતિમાઓ ઉપર કબૂતરો પાંખો ફફડાવતાં બેસતાં-ઊડતાં હતાં.

આગળ ચાલ્યા. આખે રસ્તે સરકારની કોઈ ને કોઈ કચેરીઓ આવતી હતી. રાણીના મહેલને બારણે જોનારાઓ-ની ઠઠ જામી હતી. રંગીન પોશાકમાં એક ઘોડેસ્વાર હતો અને એવો જ બીજો સિપાઈ ઉઘાડી તરવારે દરવાજા આગળ થોડાં ડગલાં ચાલી પગ પછાડી પાછો જતો અને વળી ફરી એની એ ક્રિયા કરતો દેખાતો હતો. જૂના ચાલ્યા આવતા આવા રિવાજો ખંખેરી નાખવાની અંગ્રેજ પ્રજાને ઉતાવળ નથી. સરકારનાં જુદાં જુદાં ખાતાંની કચેરીઓ જોતા વડાપ્રધાનની ઑફિસ-૧૦, ડાઉનીંગ સ્ટ્રીટ-આગળ આવી પહોંચ્યા. મોટરમાંથી ઊતરે ત્યારે વરસાદ આવતો હોય તો પલળતા અંદર જવું પડે, મોટરને ઊભા રહેવા છજું નથી. ઑફિસમાં કોણ જાણે પણ, અત્યારે કોઈ હતું. અંદર વીજળીના દીવા દેખાતા હતા તે ખુલ્લા હતા, પ્રકાશ સીધો આંખ પર આવતો ખાળવા માટે ઢાંકણ ન હતાં. આ જગા જોઈને એના મહત્ત્વનો ખ્યાલ ભાગ્યે જ આવે. થોડેક છેટે પાર્લામેન્ટ પાસે આવી પહોંચીએ ત્યારે પણ આ આધુનિક જગતની લોકસભાઓની માતા એવો ખ્યાલ આવવો મુશ્કેલ છે. પડખે વેસ્ટમિન્સ્ટર એબી છે તે તરફ ઇસ્ટરની પ્રાર્થનાને કારણે લોકનો ધસારો હતો. રસ્તે અબ્રાહમ લિંકનનું પૂતળું જોઈ આનંદ થયો. બીજા દેશના મહાજનનું પૂતળું આ રીતે મૂકવામાં એક રીતનું સૂક્ષ્મ ઔચિત્ય છે. વેસ્ટમિન્સ્ટર એબીની કલ્પના તો કરી રાખેલી હોય જ, પણ કલ્પના બિચારી આવું બધું અપરિચિત ચિત્ર શી રીતે આલેખી શકે? સાંકડા રવેશો, મહત્ત્વની વ્યક્તિઓનાં સ્મારક અને નામસંકીર્તન, ગ્લેડસ્ટન પીલ આદિને તો ઓળખીએ પણ કોઈ ને કોઈ કારણે અંગ્રેજ-પ્રજાએ અગત્યની ગણેલી એવી અનેક વ્યક્તિઓનો મહિમા. પ્રાર્થનાનો સમય હોઈ વચ્ચેથી બહાર નીકળવું પડ્યું. ચાલ્યા વેસ્ટમિન્સ્ટર બ્રિજ તરફ. પુલને નાકે જ બિગબેન ટાવર છે. ઠંડી તો કહે મારું કામ. જોડાની અંદર પગ ખોટા પડવા જેવી હાલતમાં. પવન સૂસવતો હતો. નીચે ટેઇમ્સ નદીમાં હોડીઓ (લૉંચ)માં માણસો બેઠાં હતાં. પુલ ઓળંગીને સામે કિનારેથી જોતાં પાર્લામેન્ટ-ગૃહનો ચહેરોમહોરો કાંઈક ઊઠાવ પામતો જોવા મળ્યો. પુલ પાછો ઓળંગી મુકામ પર આવવા બસ પકડી. વેસ્ટમિન્સ્ટર બ્રિજ ઉપરથી આ વિશાળ નગરના હૃદયની વહુંઝર્થ ઝાંખી મેળવી હતી તેનું સ્મરણ મનમાં સળવળ્યાં કરતું હતું.

તૈયાર થઈ વિમાનઘર જવા માટે નીકળ્યા. રાત્રે નવ વાગે ન્યુ યૉર્ક જતું વિમાન ઊપડવાનું હતું. ઊપડવા પહેલાં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફેરામાં થયું હતું તેવું થયું. પણ એ કલાકથી વધુ વિલંબ ન થયો. એનો એક લાભ પણ મળ્યો. વાળુ વિમાન ઉપર થવાનું હતું તે વિમાનઘર ઉપર જ વધુ નિરાંતે થયું. આટલાંટિક સમુદ્ર એક ઉડ્ડયને પાર કરવાનો હતો, વચ્ચે ક્યાંય ઊતરવાનું ન હતું. સવારે સાડાછએ લગભગ પહોંચવાના હતા, પણ પશ્ચિમમાં જતા હોઈ રાત લંબાતી જતી હતી. સાડાપાંચ કલાક ઉમેરવાના હતા. વહેલી સવારે ન્યુ ફાઉન્ડલેન્ડમાં ગેન્ડર વિમાનઘર ઉપર વિમાન ઊતર્યું.—ઊતરવાની જરૂર જણાઈ હશે. વિમાનના દોડ-રસ્તા બાદ કરતાં આખી ભૂમિ બરફથી ઢંકાયેલી હતી. અનેક વિમાનમાર્ગોનો આ તરભેટો છે. ઊપડ્યા તે પછી થોડી વારમાં પૂર્વમાં આછી રંગોની ઝલક દેખાવી શરૂ થઈ. પ્રમાણમાં ઉત્તર ધ્રુવની નજીકનો પ્રદેશ હોઈ, આકાશ સ્વચ્છ હોય તો ઉષાના રંગો આ રસ્તે સારા દેખાય છે એમ કહે છે. સૂર્યોદય થયો. અમેરિકાની ભૂમિ દેખાવા માંડી. આ રસ્તાઓને વળગેલી મકાનોની હારોની હારો દેખાવા માંડી, વિમાન ઊડ્યાં જ કરે છે, પણ ખૂટતી નથી. ન્યુ યૉર્ક નજીકના આ વિસ્તારો હતા. આંતરરાષ્ટ્રીય વિમાનઘર પર સાડાઆઠે વિમાન ઊતર્યું. ઊતર્યાં ત્યાં તો મેળો હતો. ગિરદી, ધાંધલ, અવાજો—બધું 'દેશ' જેવું લાગે. અમેરિકાનો અણુસારો હોય તો તે એ પૂરતો કે દેશદેશાવરનાં માણસો મોટી સંખ્યામાં દુનિયાને છેડેછેડેથી અહીં ભેળાં થઈ ગયાં હતાં. ઔપચારિક વિધિઓમાં વખત ન ગયો. પણ પેસતાં જ એક મજાનો અનુભવ થયો. અમારી મંડળી પાછળ પાકિસ્તાનના એક અધ્યાપક ઊભા હતા. વિમાનમથકે મદદ કરનારી બહેનોમાંની એકે એમને પૂછ્યું: Do you know English? (અંગ્રેજી જાણો છો?) પ્રશ્ન કરતાં આશ્ચર્ય વિશેષ હોય એમ લાગ્યું. અને પેલા ભાઈએ ચિડાઈ પડ્યા વગર માત્ર મધુર શિરોધૂનનથી હા કહી ત્યારે એ જોઈ રહી. પાસે બીજા નાકા આગળ હાર લાગી હતી તેમાં ઊભા હતા ત્યારે મિત્રોએ એને નવાઈનું કારણ પૂછ્યું. મેં કહ્યું: અમારા દેશમાં તો અમારી ભાષા ન જાણતા હોય એવા અનેક આવે છે! ત્યાં બીજાનો વારો આવ્યો, હું વળી આગળ બીજા નાકા ઉપર જઈને ખડો થયો. જકાત-વિભાગમાં અનેક કાર્યકરો હોઈ, તરત છૂટા થયા. ગાડીઓમાં સામાન મુકાવ્યો. મોટરગાડીઓનું આખું એક ધણ ઊભું હતું. રંગરંગીન ગાડીઓની જમીન ઉપર બિછાત બિછાઈ હતી. રસ્તો લાંબો હતો. લૉંગ આઈલૅન્ડથી મૅનહૅટન પર જવાતું હતું. લૉંગ આઇલૅન્ડને રસ્તે એક બાજુ હજી શિયાળાની અસરને લીધે બિલકુલ નિષ્પર્ણ વૃક્ષો, ક્યાંક મોટા પથ્થરો, નાનકડાં રહેવા માટેનાં મકાનો એ દૃશ્ય જોઈ ન્યુ યૉર્ક માટે જુદું જ ચિત્ર મનમાં બંધાવું શરૂ થયું. અઠવાડિયા પહેલાં ભારે બરફનું વાવાઝોડું આવ્યું હતું. રસ્તાઓને છેડે હજી બરફના ઢગલા અણુ-ઓગળ્યા પડ્યા હતા. ટ્રાયબરો બ્રિજ ઉપર થઈ પસાર થતાં સામે ન્યુ યૉર્કનાં સ્કાયસ્ક્રેપર (ગગનચુંબી પોણોસો-સો-મજલી ઇમારતો) પ્રભાતના વસંતલ પ્રકાશમાં સ્વપ્નલોકમાં જાણે ઝૂલતાં હતાં.

સાહસ અને આશ્ચર્યની ભૂમિનું આ પ્રથમ દર્શન.

[ક્રમશઃ]

[અનુસંધાન પૃ. ૨૦૮થી]

આવી ગઈ છે પણ બટન દબાયું નથી તેથી રોશની થતી નથી.

. વેપારીઓ આવે છે. મને કહે છે: 'આ પૈસા લ્યો. અમારું સંપત્તિદાન, સાધનદાન જે ગણો તે.' હું કહું છું: 'હું તો રહ્યો બ્રાહ્મણ ભોટ. પૈસાનો ઉપયોગ ન કરી જાણું. તમે તમારો પૈસો, કરુણા, વ્યવસ્થાશક્તિ, સાદાઈ બધું લઈને આવો ને આ કામ ઉપાડી લ્યો. પૈસા દઈને નાહક મને મૂંઝવો મા. જેનું કામ તેનાથી થાય.'

આ ભૂદાનયજ્ઞનો હું ઘોડો ને તમે ધીંગા ધોરી. હું દુનિયા બધી ફરું ને વિચાર વેરું. પ્રચાર કરું. દોડવા ઘોડો, ખેડવા બળદ. મળેલી જમીનને ખેડી સીંચી ઉગાડીને પાક નિપજાવવાનું કામ તમારું.

દેશના વેપારીવર્ગ માટે આજનો આ અવસર છે. ગાંધીજીએ વેપારીઓ તરફની મોટી આશા રાખેલી. એમનો આત્મા આજે જોતો હશે કે મારા જાતભાઈઓ શું કરી રહ્યા છે. આ ભૂદાન મારફત માલેકીની ભાવના વિસર્જન કરવાનો મહાયજ્ઞ શરૂ થયો છે તેમાં કરુણાભર્યા વૈશ્યવર્ગને કરુણાનું રાજ્ય રચવાનો રૂડો અવસર છે. તેથી વિશ્વાસપૂર્વક આ મહાયજ્ઞમાં ભળવા હું તમને સૌને નોતરું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂદાનની પુરવણી*

વ્યાખ્યાતા : વિનોબા ભાવે

પાની બાઢે નાવમેં, ઘરમેં બાઢે દામ
દોનૂં હાથ ઉલેચિયે, યહી સયાનો કામ.
—કબીર

[હોડીમાં પાણી ભરાવા લાગે ત્યારે આપણે શું કરીએ છીએ? ક્ષણની ઢીલ કર્યા વગર ઉલેચવા માંડીએ છીએ. એક હાથેય નથી ઉલેચતા, બેઉ હાથે મંડીએ છીએ. એ જ રીતે ઘરમાં ધન વધવા માંડે ત્યારે તેને બહાર સમાજમાં ઉલેચી નાખીને ઘરને બચાવવું જોઈએ; ને એવું ધન લેવાવાળું મળે એનો ઉપકાર માનવો જોઈએ.

ધનને ફૂટબૉલ જેવું ગણવું. ફૂટબૉલની રમતમાં દડાને કોઈ ઘડી વાર પાસે નથી રહેવા દેતું. પાસે આવતાં વેંત પાદ મારીને એને તગેડી કાઢે છે. એમ ન કરો તો રમત જ બંધ પડે ને ખેલ ખલાસ થાય. તે જ રીતે પૈસો આવ્યો તેવો વાવર્યો ને સમાજમાં તે ફરતો રહ્યો તો જ સમાજનું શરીર નરવું રહે. સંસ્કૃતમાં ધનને 'દ્રવ્ય' કહ્યું છે. દ્રવ્ય એટલે પ્રવાહી, વહેતું રહેવાનો જેનો સ્વભાવ છે એવું. ધનને એવી રીતે વાપર્યાં કરો કે સમાજ-શરીરમાં લોહીની જેમ તે ચોવીસે કલાક વહેતું-ફરતું રહે અને સમાજની તંદુરસ્તી જળવાય. પાણી જો વહેતું અટક્યું ને બંધિયાર થયું તો જોતજોતામાં એ ગંધાઈ ઊઠશે ને રોગ ફેલાવશે. તેવું જ ધનનું. —વિનોબા

દક્ષિણની ભૂદાન પદયાત્રા દરમ્યાન તા. ૨૪મી માર્ચ, સને ૧૯૫૬ના રોજ આદોનીની જાહેર સભામાં મુખ્યત્વે વેપારી વર્ગને સંબોધીને વિનોબાજીએ કરેલા વ્યાખ્યાનનો સાર આ નીચે આપ્યો છે:]

હિંદુઓએ પોતાના જીવનદર્શનમાં વેપારને ધર્મ ગણ્યો. વેદના અધ્યયનથી મળે તે જ મોક્ષ નિષ્કામ સેવાભાવે ધર્મ સમજીને પ્રામાણિક વેપાર કરનારને પણ મળે એમ કહ્યું. બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય બધા પોતપોતાના ક્ષેત્રનાં કામ ધર્મબુદ્ધિ રાખીને કરે તો તે બધા એક જ સરખા મોક્ષના હક્કદાર છે એ ખ્યાલ બહુ માર્કાનો છે. એમાં બ્રાહ્મણ, યોદ્ધો ને વેપારી એક જ હારના સાધક કે ભક્ત ઠરે છે. આવડી ઊંચી પ્રતિષ્ઠા હિંદુ ધર્મશાસ્ત્રોએ વેપારીને આપી.

પછી બૌદ્ધ અને જૈનોના જીવનદર્શને કરુણા અને જીવદયા ઉપર ભાર મૂકયો અને આખા ભારતવર્ષના સંતો, સાધકો અને ભકતોએ તેને ઉપાડી લીધો. સમાજની કેટલીએ કોમોએ માંસાહાર છોડ્યો. આ દયાભાવનો પ્રભાવ વેપારી કોમ પર સૌથી વધુ પડ્યો. એ એમનો ખાસ ગુણ પડ્યો. બીજો એમનો ખાસ ગુણ હતો વ્યવસ્થાશક્તિ. ગુણ દુનિયામાં બધે જ વેપારીઓમાં હોય છે. પણ દયાભા રસાયણથી રસાતાં આપણે ત્યાં તે વધુ ગૌરવશાળી ગણ

દયાભાવ મામૂલી ગુણ નથી. સંસારની તમામ સેવા પ્રવૃત્તિનો એ ઊગમ છે. પરમેશ્વરનું સૌથી શ્રેષ્ઠ રૂપ દયામય, કરુણાનિધાન છે એ મનાયું છે. ઇસ્લામે અલ્લા રહેમાન કહ્યો. બધા ધર્મોએ આ માન્યું. બધાએ દયા, ક્ષ કરુણાને વંદન કર્યું છે.

આજે દેશદેશની સરકારો પોતાના દેશને મ કરવા ઇચ્છે છે પણ દેશમાં દયાકરુણા કેમ વધે એ વિચારતી. લશ્કરી બળ વધારવાનું જ વિચારે છે

* મૂળ હિંદી પરથી મુક્ત સંક્ષેપ કરનાર **સ્વામી આનંદ.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની પાછળ પોતાની આવકનો મોટો ભાગ ખર્ચે છે. બુદ્ધ-ઈશુ જેનું દુનિયા સવારસાંજ નામ લે છે તે તો નકરા કરુણાના જ અવતાર હતા. કરુણામૂર્તિ બુદ્ધ ભગવાન આ દેશમાં જન્મ્યાનું આપણને સૌને અભિમાન છે. થોડા જ વખતમાં આખું ભારતવર્ષ એમની ૨૫૦૦મી જયંતી ઊજવશે. આ બધું છતાં આપણે સૌ કરીએ છીએ શક્તિ-દેવીની જ આરાધના ! આ વિજ્ઞાનના યુગમાં સંઘશક્તિની – સામુદાયિક ગુણોની – કિંમત વધુ છે. વ્યક્તિગત ઉન્નતિના ભાવ નીચા છે. આથી દયાકરુણા જેવા ગુણોની કિંમત સમજાવા છતાં તેની આણ માનવા આપણે તૈયાર નથી !

હું કહી ગયો કે વેપારીવર્ગ દયાકરુણાને માનનારો છે. માંસ નથી ખાતો. પણ પોતાના રક્ષણને સારુ ગુરખા, પુરબિયા, લાઠિયાળોને રાખે છે ! શું કરુણામાં આત્મરક્ષાની તાકાત નથી ?

બિહારમાં હું એક જૈનમંદિર જોવા ગયો. જેલની પેઠે એકની માંય એક એવા કોટ ને દરવાજા. કેટલાયે ઓળંગ્યા ત્યારે દેવદર્શન થયાં. દરવાજા બધા તાળેબંધ. અમારે સારુ ખોલવામાં આવ્યા. મૂર્તિ જુઓ તો તીર્થંકર મહાવીર ભગવાનની. દિગંબર જૈનોમાં મૂર્તિઓને વસ્ત્રપરિધાન નથી કરાતા. આવા દેવ જેણે ટાઢ, વરસાદ સામે ચીંથરું અંગે વીંટવાની પણ જરૂર ન ગણી તેને બારણે તાળાં, ને સંતરી ઊભા પહેરા ભરે !

કાં ? કારણ આ દેવમંદિરો અને દેવમૂર્તિઓ બધાં શ્રાવકોએ સોનાચાંદી ને હીરે મઢ્યાં છે ! મહાવીરપ્રભુને સુવર્ણ જોડે નિસ્બત નહોતી. અનુયાયી શિષ્યશ્રાવકો પણ બધા એમના કરુણાધર્મને વાંદનારા. પણ સાથે સુવર્ણમુદ્રાને પણ તેટલી જ શ્રદ્ધામાયાથી કુર્નેસ કરનારા ! આપણને મહાવીર પણ વાંદવા જોઈએ ને સોનું પણ જોઈએ. એ ઉપર આપણી એકસરખી જ આસ્થા ! મને તો લાગ્યું કેમ જાણે ભગવાનની આંખોમાં આંસુ હતાં. બહુ ભારે હૈયે હું ઉતારે આવ્યો.

કરુણાને વાંદનારા રક્ષણની વાત આવતાં જ શક્તિને કેમ આરાધે એ વિચારવા લાયક વાત છે. કાં કે કરુણાથી આપણે સાચે ભીના નથી. કરુણા આપણા રોમરોમમાં ઊતરી નથી. આપણામાં તો કરુણાના પાયા પર આખા સમાજનું ચણતર કરવાની તાકાત ને ઝંખના જોઈએ. કરુણા ને વ્યવસ્થા બેઉ શક્તિનો સંગમ વેપારીમાં છે. એ બે એકઠી થયે પણ જો કરુણાનું રાજ્ય ન રચી શકાય તો પછી હાઇડ્રોજન અને ઑક્સિજન ભેળાં કરવાથી પાણી પણ નહિ બની શકે.

વેપારી ભાઈઓ ! તમારામાં ધર્મનિષ્ઠા છે. આવો, જનતાના સેવક બનો ને તમારા ગુણોને જોરે કરુણાના પાયા પર નવી સમાજરચના કરી દુનિયાને બચાવી લ્યો. હજુ હાલમાં જ આવો એક વૈશ્ય આપણા આ દેશમાં થઈ ગયો. બ્રાહ્મણ જેવો પવિત્ર, ક્ષત્રિય સમો નિર્ભય, વૈશ્ય સમાન કરુણામય ને શૂદ્ર સમાન સેવામય, અને આટલું આટલું બધું છતાં સૌથી ઉપર એ વાણિયો હતો. એણે ગોરક્ષાનું કામ કર્યું, ખાદીને પ્રતિષ્ઠા દીધી, ગ્રામોદ્યોગ જીવતા કર્યા, ચામડાંના ધંધા ઉકેર્યા અસંખ્ય કામ કુનેહ-કુશળતાથી દેશ માટે કર્યાં ને કરાવ્યાં. આજે દેશદુનિયામાં કોની હિમ્મત છે કે એના કરતાં ચડિયાતો આદમી ચીંધે ? એના નામથી હું તમને કહું છું કે સાચા વૈશ્યધર્મને ઓળખીને તમારી વ્યવસ્થાશક્તિ ને કરુણાભાવ સમાજની સેવામાં લગાડો અને દેશની હકૂમત કરનારી આપણી સરકાર-ને નિર્ભય કરી મૂકો.

આજે સામૂહિક ઉદ્યોગધંધા વિસ્તારવાની અને ખાનગી માલેકીના ધંધાઓનું કુંડાળું સાંકડું કરતા જવાની વાત સરકાર દરબાર ચોટે છાપે બધે ચાલી છે. એટલે કે ખાનગી ધંધાઓની ઇજતપ્રતિષ્ઠા ઘટાડવાની. આ વાતો પહેલપ્રથમ સાંભળી ત્યારે હું ચકિત થયો. એનો અર્થ જ ન સમજ્યો. કોઈ પૂછે: 'હાથના કામની કિંમત વધુ કે આંગળીઓની ?' તો એને શો જવાબ દઈશું ? વેપારી કરુણાભાવથી પ્રેરાશે તો એમના ખાનગી રોજગાર પણ સાવ સામૂહિક બની જશે.

વેદ કહે છે, દાનપરાયણ સંપત્તિનો કોઈને દ્વેષ નથી થતો. લોકોને લાગશે કે એનું ધન સૌની બૅન્ક છે. જનતા એને સાચવશે; સંતરીપહેરા નહિ રાખવા પડે. વેપારીઓ પોતે જ આગળ આવે ને સરકારને કહે કે તમે સમાજવાદી રચના શી કરશો ? અમે જ કરીશું. આવડત અમારામાં છે. કુલ ઉદ્યમરોજગાર વેપારઉત્પાદન સેવાભાવે કરીશું. પાઈ-એ પાઈનો હિસાબ પ્રજા આગળ રજૂ કરીશું. પેટિયું

CC-0. In Public Domain. Gurukul K

લેશું, વધુ નહિ. એનો પણ હિસાબ દેશું ને પ્રજાની ટીકા-ટુકતેચીની માગી જરૂરી દુરસ્તી કરીશું.

ખાનગી માલેકી નહિ રહે તો પૂંજી રોકીને ઉદ્યમ કરવાની લોકોમાં પ્રેરણા નહિ રહે એ દલીલ સાંભળું છું ને હું ચકિત થાઉં છું. તાતા બિરલા સ્વાર્થ વગર પૂંજી રોકીને ઉદ્યમ નહિ કરે એમ કહેવું એ મને લાગે છે એમની બદનક્ષી કર્યા બરોબર છે. લોકો મને પૂછે છે, 'મહાત્મા ગાંધીના ઉપદેશને અનુસરીને શું બિરલા જેવા શેઠ પોતાની મિલકત–અરકયામતોના ટ્રસ્ટી બન્યા? હું કહું છું, કોઈ એક કે બીજા શખસની પરીક્ષા લેવા બેસવું એ મારું કામ નથી. પણ મને શ્રદ્ધા છે કે જે પરમેશ્વર મને આ બોલવાની પ્રેરણા કરી રહ્યો છે તે એમને પણ જરૂર પ્રેરણા દેશે.

એક મોટા વેપારીને મેં કહેલું: 'ગાંધીજી કહેતા તેવા ટ્રસ્ટી તમે તમારી મિલકતના થાઓ અને તમારી બુદ્ધિ-શક્તિ-સંપત્તિને સેવાકરુણામાં લગાવો.' તે કહે: 'દુનિયાના બીજા મોટા દેશો જુઓ. ત્યાં બડા વેપારીઓ રહે છે તેવા ઠાઠમાઠથી અમે નથી રહેતા. તેમની સરખામણીમાં અમારી સાદાઈ આંખે ચડે તેવી છે.' મેં ઘણા વેપારી જોયા છે જે કરોડપતિ હોવાની કોઈને ગંધ ન આવે. રહેણીકરણી વહેવારમાં બીજા જેટલા જ સાદા.

હું એકેએક જમીનમાલિક પાસે જમીન માગવા જાઉં છું તેમ વેપારી પાસે નથી જતો. કાં કે જમીનવાળો વેપારીના જેટલો સમજુ નથી. હું તો વાટ જોઈ રહ્યો છું કે વેપારીઓ ક્યારે આવે ને મને કહે: 'તમે જમીનનું કામ ઉપાડયું છે, ને તમને આવડ્યું. તમારું કર્યું શોભાવીને પાર ઉતારવાનું કામ અમારું છે. આવી જાઓ, આપણી હોડ લાગી. તમે કેટલી જમીન મેળવી? ૪૨ લાખ? એને ફાલેફૂલે ને પાકે લચીફળતી કરી મૂકવી એ અમારું કામ.'

હિંદના વેપારીવર્ગને આવી ચાનક ચડે તો જુઓ પછી કરુણાનું રાજ્ય સ્થપાય છે કે નહિ. પછી પાકિસ્તાન ઉપર જ નહિ, વિશ્વશાંતિ ઉપર એનો પ્રભાવ પડશે. પછી જોશો કે દુનિયામાં શસ્ત્રબળની ઇજત ઘટે છે કે નહિ.

જર્મનીએ દુનિયા સર કરવાની બળતરામાં કરોડો આદમીનો ભોગ લીધો. આટલો પૈસો ને આટલી ખુવારી દુનિયાની સેવા કરવા પાછળ વહોરી હોત તો ન્યાલ થાત ને સહેજે દુનિયાનું માલેક બનત. આટઆટલી યોજના, વ્યવસ્થા, ધન અને પ્રાણ પાડોશીઓને જેર કરવા પાછળ લગાવ્યાં. પણ વળ્યું નહિ. સેવામાં લગાવ્યાં હોત તો પુણ્યશ્લોક બનત ને દુનિયા પેઢીઓ લગી નામ લેત. લોક મને પૂછે છે: 'શું ૫૦ વરસમાં દુનિયામાંથી માલેકીની ભાવના નીકળી જશે?' દુનિયાનું તો નથી જાણતો, પણ મારી આસ્થા મને કહે છે કે આ દેશમાં તો ચોક્કસ તેવું થશે. કરુણાનું સામ્રાજ્ય સ્થાપવાની વાત કોઈને સૂઝવાની હશે તો એની શરૂઆત આ દેશમાંથી જ થશે. આ દેશના લોહીમાં એ સંસ્કાર પડયો છે. ભર્યાંભર્યાં રાજપાટ ને ચક્રવર્તીપદનાં સામ્રાજ્ય મેલીને ચાલી નીકળનારા રાજવીઓ અને સમ્રાટોના દાખલા આ દેશમાં જ બન્યા છે.

આપણે ત્યાં રાજાનો આદર્શ જ એ રહ્યો છે કે અંતે રાજપાટ મેલીને ચાલી નીકળવું. રામ વનવાસે નીકળ્યા ને માતા કૌસલ્યાને પ્રણામ કરવા ગયા. અજાણ માતા કહે છે: 'તારા રાજ્યાભિષેકની વાતથી મને કેવી ખુશી થાય છે.' રામ કહે: 'મા, મને તો વનનું રાજ મળ્યું!' આ સાંભળી કૌસલ્યા માતા બોલે છે: 'બાપ! પિતાની આજ્ઞા ને અપર માની ઇચ્છા છે તો જરૂર જાઓ. રાજાને આખરે ઉંમરે તો વનમાં જવાનું હોય જ છે. તમારે અત્યારે જવું પડે છે તો ભલે તેમ.' આવું આપણી સંસ્કૃતિનું ખમીર છે.

તેથી હું વેપારીઓને નથી પૂછતો કે કેટલું સંપત્તિદાન દેશો? હું તો એમની પાસે ઘણું વધુ માગું છું. હું માનું છું કે આ ભૂદાનની પૂરવણીનો તમામ ભાર દેશના વેપારીઓ ઉઠાવી લે. એમાં એમની શોભા ને પ્રતિષ્ઠા પડી છે.

સૌ જાણે છે વેપારી વગર સમાજનો વહેવાર ન ચાલી શકે. અહીંનો માલ ત્યાં ને ત્યાંનો અહીં લાવવો મોકલવો એ એનું કામ છે. ત્યારે જ પ્રજાનો જીવનવહેવાર ચાલી શકે છે. શાસ્ત્રોએ જેને આવડી પ્રતિષ્ઠા બક્ષી, જેના વગર કોઈને ન ચાલે, કરુણાદયા જેના લોહીમાં છે, વ્યવહારશકિત છે, સાદાઈ છે, તેના ઉપર આજે ગાળો વરસી રહી છે. કાં? દીવેલ, દીવેટ છે, હવે તો વીજળી

(અનુસંધાન પૃ. ૨૦૫ ઉપર)

મને શું મળ્યું ?*

જયંતિ દલાલ

એ વર્ષોમાં મને ભારે ગૂંગળામણ થતી હતી. આજુબાજુ જે બનતું હતું અને નજરે ચઢતું હતું એ બધાથી એક ભારે પરેશાની થતી હતી. પગ તળેથી ભૂમિ સરતી હોય એવું લાગતું હતું. માનવી દુષ્ટ આચરણ કરે એતું અચરજ તો જિંદગીમાં બહુ જ પહેલાં જતું રહ્યું હતું. છતાંય આખો વખત માનવી સિદ્ધિની કઈ ટોચે પહોંચી શકે એના જ વિચારોમાં મા'લ્યા કરેલું એટલે માનવી જે દુષ્ટતા અને પામરતાનાં નવાં નવાં ઊંડાણમાં જતો, એ જોઈને વિસ્મય થતું અને દુઃખ પણ થતું. માનવી કઈ હદ લગી નીચો પડી શકે, એનો કશો જ ખ્યાલ નહીં કરેલો એનો ડંખ પણ હતો.

આવી કશી સૂઝ પડતી જતી હતી ત્યારે એક શ્રદ્ધાથી કટાક્ષ અને વ્યંગનો ઉપયોગ કરેલો. માનેલું કે આથી કશી ચાનક લાગશે. માન્યું હતું કે માનવીના મનમાં કોક તો આ પરિસ્થિતિથીય શરમાય એવું એકું હશે. કેવી ઠગારી શ્રદ્ધા હતી એ? એવા કટાક્ષ કારગત નથી થતા એવું જ્ઞાન ગુરુઓ પાસેથી પછી લાધ્યું.

પણ એ જ્ઞાન લાધ્યું તોય કરવાનું શું હતું ? મન ખાલી ખાલી હતું. એને કશા કામમાં લેવું જોઈએ. નહીંતર તો એનો બોજ ઊંચકવો પણ ભારે પડી જાય. એટલે કશું કામ જોઈએ. ઠીક લાંબો કાળ ચાલે એવું. મનને પૂરેપૂરું ભરી દે એવું. બીજું કાંઈ નહીં તો છેવટે વાયેલી વીંછણ જેમ પોતાને જ ડંખ માર્યાં કરે એવી સ્થતિમાંથી મનને ઉગારે એવું.

અને એવી ખોજમાં તોલ્સ્તોયના 'યુદ્ધ અને શાંતિ' પર જર ગઈ. વચ્ચે તો ઘણો સમય થયો હતો. વાંચી એ મયની સૂઝ પ્રમાણે ઘણી ગમેલી. વીતેલા સમય કરતાંય જર સામે વીત્યું હતું અને વીતતું હતું એણે પહેલાં જે માત્ર ગમતું હતું એમાં સારો એવો ઉમેરો કરેલો, તો એ શા કારણે ગમતું જોઈએ એવી સૂઝ પણ આપી હતી. જો આવું કશું કામ માથે લીધું હોય તો સારો એવો સમય કાંક સારા — એટલે કે મનને પોતાની જ વાતમાં રોકી રાખીને બીજે ભટકવા ન દે અને જગત કાજી બનીને બીજી પીડાઓ વહોરતું ન ફરવા દે,—એમાં જાય.

આવા જ અત્યંત સ્વાર્થી હેતુથી પ્રેરાઈને કામ માથે લીધું એટલે બીજી બધી વાતની ઉપાધિઓ દળકટક લઈને તૂટી પડી. એ વાતોનો ઉલ્લેખ પ્રથમ ભાગની, પીઠ થાબડવાના હેતુથી, અને લીધેલું કામ અધવચ્ચે છોડી ન દેવા જાતને સમજાવા માટે, લખાયેલી પ્રસ્તાવનામાં કર્યો છે. એટલે એની એ વાત અહીં બીજી વાર નથી લખતો, અને એમાં ઉઠાવેલા એક મુદ્દાનો જવાબ આ ત્રણ વર્ષમાં સારી પેઠે મળ્યો છે એનો ઉલ્લેખ આગળ ઉપર કરવો છે એટલે એ મુદ્દાને પણ અહીં ચર્ચતો નથી. એટલે મને શું મળ્યું એટલી ટૂંકી વાત જ અહીં નોંધું છું.

કામ ઉપાડ્યું ત્યારથી માંડીને આ પ્રસ્તાવના લખવા લગીના કાળમાં 'યુદ્ધ અને શાંતિ'એ મારું સમગ્ર લક્ષ બીજે ક્યાંય પળભર પણ જવા ન દીધું એ વાતનું 'યુદ્ધ અને શાંતિ'ના અનુવાદનું કામ કરતાં મને જે પણ મળ્યું છે એમાં ઘણું મોટું સ્થાન છે. એમ છતાંય એ તો એક મન ભરવાની જ વાત થઈ. હકીકતમાં એથીય વિશેષ જે વાત મને મળી છે. એ છે, આગળ જેનો અછડતો નિર્દેશ કરેલો છે એ, માનવી દુષ્ટ બની શકે છે એ વાતથી સહજ રીતે આઘાત પામવાની વાતને, હરેક વ્યક્તિએ પોતપોતાની રીતે, પોતાને ગમતા કામમાં ખૂંપીને ટાળવી, ખાળવી, ગાળવી, એ આદેશ. કોઈ મને પૂછે કે આવો આદેશ 'યુદ્ધ અને શાંતિ'ના અનુવાદમાંથી શી રીતે મળ્યો ? તો એનો મારી પાસે કશો પ્રતીતિકર

* 'યુદ્ધ અને શાંતિ'નો અનુવાદ ચોથા ભાગે પૂરો થતાં જોડેલી પ્રસ્તાવના :

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાબ કદાચ નહીં મળે. કદાચ એવું બને કે માણસનું મન પોતાને અભિપ્રેત હોય એવી વસ્તુના આધાર, ન હોય ત્યાંય જુએ. આ કિસ્સામાં જો એવું બન્યું હોય તોય હું તો એનું શ્રેય આ કામને જ આપીશ.

સાહિત્યમાં નિરૂપાતી હિંસા – માત્ર કશા શારીરિક સંહાર કે કતલની વાત જ નહીં પણ માનવ માનવ વચ્ચેના વહેવારમાં જડ, કૂડકપટ, વાડાબંધી, જુદાં એટલે ઊંચા ગણવાની વૃત્તિ, * વહેણુ બહારની વસ્તુની ઉપેક્ષા, નિંદા, કીર્તિની લાલસા, અને એવી વાતો — સમાજમાં વાસ્તવમાં થતા વહેવાર આગળ, તો ઊગતા સૂરજના પ્રથમ કિરણ આગળ તારાનું તેજ જેમ ઝાંખું લાગે એમ જ ઝાંખી લાગે છે, અને છતાંય આજની ઘડીએ આવું નિરૂપણ પણ વધુ હિંસક અને નિર્દય બનતું જાય છે એવી ફરિયાદ છે. આ વસ્તુસ્થિતિનાં કદાચ બીજાં પણ કારણ હશે. પણ મને તો સહુથી વિશેષ સ્પષ્ટ થયેલી વાત એ છે કે આવા નિરૂપણના દેખીતી રીતે જ બે ભાગ છે: એક એમાં માત્ર નર્યો વાસ્તવવાદ જુએ છે. પણ એક બીજો હિસ્સો વાસ્તવવાદના નિરૂપણ ઉપરાન્ત કશા બોધ (બોધ શબ્દ પણ સૂગ ઉપજાવે એટલી હદે દૂંદાયેલો, ટીપાયેલો, અર્થ અને આકાર ગુમાવી બેઠેલો લાગે છે)ની પણ અપેક્ષા રાખે છે. વાસ્તવવાદમાંય વાસ્તવનું દર્શન રંગદર્શી કે કૌતુકપ્રિય બની શકે છે. બુદ્ધિજીવીને આ વાત જ કદાચ કુત્સિત કે અસામાજિક લાગવાનો સંભવ છે. પણ આ બેરહમ મનાતા માનવીના દિલમાં કશી ઊંડી શ્રદ્ધાની પાતાલ સરવાણી વહે છે એનો આપણને કશો જ ખ્યાલ આવી નથી શકતો. આ સરવાણી મંગલદર્શનના અભિલાષીઓની નજરે પડે એમ નથી. દુનિયાભરનાં ધ્વનિવર્ધક યંત્રો મુકાય તોય આનો મીઠો મર્મર એમના કાને પડે એમ નથી. એ જોતા નથી; કારણ કે એ જોઈ શકતા નથી, એ સાંભળતા નથી; કારણ કે એમને સાંભળવું નથી.

પણ પેલોય માનવી છે. એનેય પોતાને લાધેલો આનંદ કે થયેલી વેદના કે દેખાતો ખરોખોટો ભય, બીજાને બતાવીને કશી હૂંફ મેળવવી છે.

'યુદ્ધ અને શાંતિ' એ આવા માનવીને, "તું તારી જાતને એકલી ન માન. તારા પોતાનામાં જ અનેકાનેક બેઠા છે. કોક તારા સહૃદયી હશે. કોક તારા કટ્ટર વિરોધી હશે. પણ એ જે હોય તે. જેવા હોય તેવા. તારે ને એમને શું? તું ક્યાં ઓછો છે કે તારે બીજા સામું મોં વકાસવું પડે એમ છે? જેણે પણ આ વિશ્વ બનાવ્યું હશે એને આટલી વાતની તો પહેલેથી જ ખબર હતી. એટલે જ એણે હરેક વ્યક્તિનું દિલ જાત જાત અને ભાત ભાતની વાતે હર્યુંભર્યું રાખ્યું છે. તું શું કામ બીજે હૂંફ મેળવવા મથે છે? પોતાના વિષેની એ માત્ર અન-આસ્થા જ નથી, એ તો ક્લેશને નિમંત્રણ છે. જાણું છું તું બુદ્ધિશાળી હોવાનો ફાંકો ધરાવે છે. તું મારી સામે જૉન નૉક્સનું વાક્ય ધરીશ: બોલે છે એ લોક. શું બોલે છે એ લોક? ભલે બોલે એ લોક.[1] હું પૂછું તને, પોતાને પ્રતિભાશાળી ગણતા ભાઈ, જરા મને કહેને કે બુદ્ધિશાળીને તે વળી ત્રણમાંથી પહેલાં બે વાક્યને શું કરવાં હતાં? હકીકતમાં એણે ત્રણમાંનું એક પણ વાક્ય બોલવું જોઈતું ન હતું. બિનજરૂરી હતું એ. ઊંડે ઊંડે કશી ભારી ઊણપ વેઠતા આત્માનાં છે એ વાક્ય. આચારની સભ્યતા ખાતર ત્રણે વાક્ય કદાચ સાંભળી લઈએ. પણ વિચારની સ્વચ્છતા ખાતર તો છેલ્લા વિનાનાં બાકીનાં બે વાક્ય તો સહી જ ન શકાય. અને સત્ય ખાતર તો એ ત્રણેનો વિરોધ કરવો જ રહ્યો." એમ બેલાશક કહે છે. ભારપૂર્વક કહે છે. તૉલ્સ્તૉયે માત્ર ઇતિહાસની તત્ત્વનિષ્ઠ ચર્ચા જ નથી કરી. એણે પોતાને લાધ્યું હતું એવું સત્ય સમગ્રતયા આપ્યું છે. અંશમાત્રને પણ કોઈને માઠું લાગશે, કોઈ ખિજાશે એવા ભયે કશા સત્ય વક્તવ્યમાં લપેટીને નથી આપ્યું. લેખક – સર્જક – એને મન લેવાનાં, દેવાનાં અને સરકારી એમ ત્રણ પ્રકારનાં અલગ માપનાં જુદાં કાટલાં રાખનારો લેણચંદ દેણચંદ અને પૂનમચંદની કંપનીનો સંચાલક નથી. દુનિયાનું દુઃખ જોતા, ભયંકર હિમવર્ષામાં માત્ર પાંદડાં જ નહીં પણ છાલ પણ ગુમાવી બેઠેલા ઓકના વૃક્ષમાં વસંતની પહેલી ફૂંકે પાંગરેલી ઝીણી કૂંપળમાં સનાતન અને શાશ્વત, કદીય ઓટ ન અનુભવતા જીવનપ્રવાહનો અદકેરો આવિર્ભાવ જોઈ રાજી રાજી થઈ જતા, માનવીની હીનતા જોઈ હિજરાતા, સંવેદનશીલ લેખકને કોઈએ વાંકદેખો કહ્યો, સાહિત્યસ્વરૂપથી અજાણ મશાણિયો ભૂત કહ્યો, કલાસ્વરૂપથી અજાણ મારકણો

---

* અહીં સાર્ત્રનું એક વાક્ય નોંધવા જેવું છે. He must be reactionary; he is already defeated.

[1] They say. What say they? Let them say.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહ્યો તો એથી થઈ શું ગયું ? છે એ જોનાર જૂઠો નથી. પણ નથી એવું આલેખન કરનાર જૂઠો છે, અને જૂઠાથીય અધમ છે કારણ કે નથી એ જોવું એને પવિત્ર માનીને ચાલનાર અંતે તો છે એ સામે આંખમીંચામણાં કરવાની પ્રવૃત્તિને પણ પવિત્ર માનનાર બની જવાનો—બની જાય છે, એ જગતભરનો અનુભવ છે.

અને સર્જકની શેખી ન કરવી હોય તો કાંઈ નહીં. લેખકની ખુમારી ઓછી નથી. પણ ખુમારી રાખવા માટે લેખકે કાંક કરવાનું હોય છે. લેખન પાંગળું હશે એનો વાંધો નથી પણ લેખકે સમગ્રતયા જોવું પડશે. આજે એક જ સમયે બધી જ દિશામાંથી છબી પાડી શકે એવો ૩૬૦°નો કૅમેરા શોધાયો છે. લેખકે લેખક નામ સાર્થક કરવા માટે ચારેકોરથી, એક એક ખૂણેથી, કશાનીય અવગણના કર્યા વિના અને સાથે જ કશાનાય પ્રેમમાં પડ્યા વિના, બધું જોવું પડશે. જીવન સમગ્ર એ લેખકનો પ્રદેશ છે. જિંદગી એ કશો, પોપચાં અડધે ઢાળી, આંખે નેજવું ધરી, બાકોરામાંથી જોયેલો રાજારાણી અને કલકત્તાનો ખેલ નથી. અને કદાચ જિંદગી એવો ખેલ હોય તોય લેખકને એવા જ કશા ખેલ જોવાનું અને એનું ચિત્રણ કરવાનું નહીં પાલવે. કોઈ લેખકનું વહાલું નથી. કોઈ લેખકનું અળખામણું નથી. શિખરનું જ ચિત્ર કરીશ એવી પ્રતિજ્ઞા કોઈ ચિતારો લે તો એનું ચિત્રણ પાંખું થવાનું. માત્ર વીરોની આરાધના કરવા જનાર લેખકને માનવી હાથતાળી દઈને જતો રહેવાનો. આજના વિજ્ઞાને અવાજ કરતાં વિશેષ ગતિએ ઊડતાં વિમાન શોધ્યાં છે પણ એ સાથે જ એના વિમાનીને અવકાશના ઉચ્ચોચ્ચ સ્તરમાં જતાં, કહે છે, જ્ઞાનતંતુઓના થાકનાં ચિહ્ન વરતાવા માંડે છે. પાંખા જીવનદર્શનથી લખનાર, સ્થિર અને એક જ દિશામાં, એક જ દૃશ્યને કૅમેરામાં ઝકડવાની પ્રવૃત્તિ કરનાર લેખકને પણ અંતે તો આવાં જ જ્ઞાનતંતુઓનો થાક લાગશે.

અને એનું લેખકને પોતાને માટે અને સાથે જ એના લેખન માટે પણ બૂરું પરિણામ તો લેખન એકવિધ બને, એટલું જ નહીં પણ લેખન વિશૃંખલ, શિથિલ, એદી અને પછી પ્રાણહીન બને એ જ હોઈ શકે. એકલા વાણે કે એકલા તાણે કપડું વણાતું નથી. તાણા અને વાણા બન્નેની જરૂર રહે છે અને એ બન્ને મોજૂદ હોય ત્યારે ફટકો મારી તાણાને વાણામાં બરાબર ગોઠવવાની પણ જરૂર રહે જ છે. લેખનમાં શૈથિલ્ય looseness ચલાવી લેવાય એ તો પીવાના પાણીમાં રોગનાં જંતુ છે એ જાણ્યા પછી પણ પાણીને જંતુહીન કરવા માટેનો કશો જ યત્ન કર્યો વિના એ જ પાણી પિવાય અને બાળકને પણ પિવડાવાય એવું જ કહેવાય.

જીવનદર્શનનું આ પાંખાપણું, ક્યારેક રંગાંધપણું બની જાય છે. પણ લાંબે ગાળે તો એ લેખનને ચૂના કે સિમેન્ટના કશા પણ રસ્થડ વિના ઈંટ પર ઈંટ ગોઠવીને માઈલોના માઈલો દીવાલ ચણવાની પ્રવૃત્તિ બની જાય છે. પવનની ઝાપટમાં વેગ ન હોય ત્યાં લગી આ કદાચ દીવાલ નહીં તો આડ બની શકે. પણ આને ચણતર ન કહેવાય. લેખનમાં તો એ માત્ર physical juxtaposition છેડા અડાડી દીધા જેવી વાત બની જાય. એમાં કશું વણાતું નથી. એમાં કશું સમરસ બનતું નથી. એમાંથી કશો સ્વાદ નીપજી શકતો નથી. નથી લેખકને એની અનુભૂતિ થઈ. વાચકને એવી કે કશીય અનુભૂતિ થાય એવું સ્વિતંત્ર પણ એનાં પાસેથી ઝૂંટવી લેવા જેવી આ ચાલબાજી અને રમત છે.

જીવનને સમગ્રતયા જોવાની રીત કેળવાશે તો એનું એક સુંદર પરિણામ તો લેખનમાં આપોઆપ કશો સંયમ આવશે અને over writing કરવાપણું નહીં રહે, એ હશે. જીવનનું સત્ય કોઈ પ્રચારખાતું નિભાવતું હોય એમ બની જ ન શકે.

અને એ સાથે જ એ સત્ય કોકને તમારા કરતાં જુદી રીતે દેખાયું, સમજાયું હોય તો એનો રોષ પણ નહીં રહે. પણ એ સાથે જીવનને સમગ્રતયા જોનાર માણસ તટસ્થ છે એવા કશા ભ્રમમાં ન રહેતા. જ્યાં માત્ર સત્ય અને અસત્ય એ બે જ પક્ષ હોય ત્યાં તટસ્થ રહેવાની શેખી તો નિર્માલ્યપણાનો પુરાવો છે. લેખક બીજું ગમે તે હશે નિર્માલ્ય બન્યે એને નહીં ચાલે.

'યુદ્ધ અને શાંતિ'ના અનુવાદનું કામ કરતાં કરતાં આ ઉપરાન્ત ગૂજરાતી ભાષાને લગતી થોડી વાતો પણ પ્રતીત થઈ છે.

પહેલું તો ગૂજરાતી ભાષામાંય કોઈ પણ ભાવને વ્યકત કરવાનું પૂરું કાઠું, શકિત અને તેજ છે. હરેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષામાં આ હોય જ છે. પણ આપણાં છેલ્લાં સો વર્ષની અવળી દોડને પરિણામે આપણને આ વિષે વસવસો જાગ્યો હતો. આજે કદાચ આપણે ત્યાં ભાગ્યે જ આપણી સામે આવી રહેલી એક વિષમ, કપરી અને પ્રાણુરોષક પરિસ્થિતિનો વિચાર થતો લાગે છે. આસ્ફાલ્ટનાં જંગલનાં જંગલ આજે રચાય છે. ઉદ્યોગો આગળ વધવાનું કહેવાય છે અને કહેવાતી રોજગારીનાં સાધન પણ વધે છે એમ ટકાવારી બતાવવામાં આવે છે. પણ આ શહેરીપણું એ વ્યક્તિ પાસેથી એના અમૂલ્ય ધન જેવા શબ્દભંડોળને છીછરું અને છીછરું, સાંકડું ને સાંકડું, અલ્પપ્રાણ બનાવી રહ્યું છે એ વિષે ન જાણે કેમ કોઈનું ધ્યાન ગયું લાગતું નથી. ટૂંકો શબ્દભંડોળ એ તો વિચાર સામેની આડ બને છે. પોતાની શબ્દસમૃદ્ધિ બહારનો વિચાર, પરાયો એટલે દૂષિત ગણાઈ જાય છે. ક્ષિતિજ નાની, ટૂંકી, સાંકડી, આંગળીને ટેરવે આવી બેઠેલી, બનતી જાય છે. આપણને સમજણ પણ પડે એ પહેલાં તો આપણી નજર સામે જ ફાસીવાદ જેવી પરિસ્થિતિનાં પગરણ દેખાય છે. વિચારનો વહેવાર મુક્ત જ હોઈ શકે. એમાં વાહનવહેવારનું નિયમન કોઈ થઈ બેઠેલી સત્તા ન કરી શકે. હરેક વ્યક્તિનું પોતાનું જ એ કામ છે. બીજો ગમે તે પણ હોય તોય એને એ કામ ન સોંપાય. જે પ્રજા આવું કામ બીજા કોઈને સોંપે એ પ્રજાનું કશું પ્રજાત્વ ન રહે. કમનસીબે ગૂજરાતમાં આ કામ બહુ મોટા પાયા પર અને સંયોજિત રીતે ચાલી રહ્યું છે.

સંયોજિત કહું છું એટલે શેનું સંયોજન, શા માટેનું સંયોજન એ પ્રશ્નો પણ સામે આવીને ઊભા જ રહે છે. ઘણા શબ્દોની સૂઝ જ પ્રજાના ચિત્ત-વ્યાપારમાંથી ટાળી દીધા પછીનું સંયોજનનું બીજું સોપાન છે રહ્યા શબ્દોને અર્થહીન કરવાનું. કાલાંની ફોલના ઢગલા કદાચ નજરે ચઢ્યા હશે. ડાંગરના ફોતરાના ડુંગર જોવામાં આવ્યા હશે. કોઈ પણ છાપાના કોઈ પણ અંકની આસપાસ કે કોઈ પણ પુસ્તક (આવા વિધાન માટે કદાચ કશી નમ્ર રજૂઆતની અપેક્ષા રહે ખરી)ની આસપાસ અર્થહીન બનેલા, ગૌરવ ગુમાવી બેઠેલા, પદભ્રષ્ટ થયેલા મંત્રી જેવા કેટલાય શબ્દના ડુંગર ઠલવાયલા પડ્યા હોય છે, એ આપણી નજર સામે જ હોવા છતાં આપણે જોતા નથી, કારણ કે આપણે જોવું નથી અને કમનસીબ વાત તો એ છે કે એમાં માત્ર શબ્દની કુસેવા નથી. એ તો પ્રજાને નવસ્ત્રી કરવા જેવી વાત છે અને એકલી નવસ્ત્રી કરવાની એ રંજાડ નથી. સભ્ય સમાજમાં રહેવાની રીત પ્રજાના મનમાંથી ભૂંસી દેવા જેવી આ વાત છે. વિદ્વાનોને આ વાત નહીં સાલે. એમની પાસે તો શિરસ્ત્રાણથી માંડીને કલિ દાખલ થઈ બેસે એવી પગની પાની લગીનું રક્ષણ કરવાને માટે ઘણુંય આયુધ છે. સવાલ છે આ લખનાર જેવા સામાન્ય માનવીનો. એ શું કરે ?

'યુદ્ધ અને શાંતિ'ના અનુવાદનું કામ ઊપાડ્યા પહેલાં મનમાં આવા ઘણા વસવસા હતા. ન જાણે કેમ પણ એ કામે જ આવા અનેક વસવસા મનમાંથી દૂર કરીને મનમાં નવી શ્રદ્ધા પ્રેરી છે.

એવી એક શ્રદ્ધાની વાત, મને લાગે છે, અહીં કહેવી જોઈએ. જે થોડાઘણા અનુભવનું ભાતું જિંદગીએ બંધાવ્યું છે એમાં એક અનુભવ સવિશેષ હશે એમ હું મારી જાતને મનાવું છું. મેં આદરેલી લગભગ એક એક પ્રવૃત્તિને મારા પોતાના કારણે ઘણું વેઠવું પડ્યું હોય છે. મારી પોતાની મર્યાદા, સૂઝનો અભાવ, આવડતની ઓછપ, નમ્રતાનો ડોળ પણ થઈ ન શકે એવી મનની સ્થિતિ, ઉપરાન્ત ફાંકો અને શેખી, અને યોગ્ય સમયે ચૂપ રહેવાનું આ હૈયા-ધરતીમાં ન ઊગેલું બીજ, એવું ઘણું બધું, હાથમાં લીધેલી પ્રવૃત્તિને પણ અગ્રાહ્ય બનાવી દે છે. શબ્દનો યોગ્ય વિનિયોગ કરી જાણનારા વ્યવહારશાણાઓ એને નિષ્ઠાનો અભાવ પણ કહે છે. પણ એ બધી વાતો કહેવાનું આ સ્થાન નથી જ. અહીં તો માત્ર આ અનુવાદની પ્રવૃત્તિને પણ મારું પોતાનું ગ્રહણ લાગુ પડ્યા જેવું થોડું થયું છે એ જ વાત વિષે એકબે અક્ષર લખવા છે. પ્રવૃત્તિ ખોટી છે એમ કહેવાનું જેમને માટે શક્ય રહ્યું ન હતું તેમણે છેવટે યોગ્ય વ્યક્તિએ આ કામ ન ઉપાડ્યું એટલું તો કહ્યું છે. રડ્યાં ખડ્યાં અવલોકન કે અવલોકનને નામે આવેલી ઊડતી નોંધમાંય એક વાત નજરે તરી આવે એવી હોય છે. દિલમાં કશીય વાતનો ખાર ન રાખતા એક વિદ્વાને તો દલાલતની પોતાની શૈલીએ તોલ્સ્તોયના ગુજરાતી અનુવાદના રસાસ્વાદ આડે હરકતો ઊભી કરી છે એવીય મીઠી ફરિયાદ કરી છે. તોલ્સ્તોય અને આ અનુવાદ બન્ને એમણે વાંચ્યા જ હશે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

76351

એટલું માનવું જ પડે. ઋષિનું કુળ ન જોવાય. વિદ્વાનોની ટીકા સાધાર જ હોય, એનો આધાર કયો એવી ખોજ ન મંડાય.

આવી કશી વાતની ફરિયાદ જ કરવાની ન હોય અને કદાચ ફરિયાદ કરવાની પણ હોય તોય આ એનું યોગ્ય સ્થાન ન કહેવાય. સાહિત્ય અને સંસ્કારની શેખી કરનારે પણ આ જગતનો અણુલખ્યો દસ્તૂર, થયેલી ટીકા વિષે કશો જ ઊહાપોહ ન કરવો, પાળવો જ રહ્યો.

આ અનુવાદના કામે, મનમાં આવી વાતની કશી ચણુચણુ થાય એ પણ ખોટી, એટલું શીખ્યું છે. સાથે સાથે એક ચોખવટ કરી લઉં. કરવા જોગ કામ હતું. ઘણા બધા સમર્થ માણસોએ હાથ ધરવું જોઈતું હતું. ઘણું પહેલાં લેવાવું જોઈતું હતું. કોઈએ ન લીધું એટલે એરંડા જેમ આ ફૂલ્યાફાલ્યા બાગમાં મા'લવાનું મળી ગયું. આજે અને અત્યારે પણ સારો અનુવાદ મળે તો પ્રકાશકે અને મારે આ કોઈનાય માથામાં ન મારવું જોઈએ. એ જ શ્રદ્ધાથી આ કામ લેવાયું હતું. વૃદ્ધજનો નવજાત બાળકને નજર ન લાગી જાય એ માટે ખાસ તકેદારી રાખતા હોય છે. ઘણા હિતચિંતકોએ પ્રકાશકને વાર્યા પણ હતા. પણ ન જાણે કેમ પ્રકાશકનેય ધંધાદારી શ્રદ્ધા હતી. એ ન માન્યા. એટલે વિદ્વાનોએ બીજું સુયોગ્ય પગલું લીધું. આમે વિદ્વાન થયા એટલે ઓછું જ વાંચે. ન વંચાય, વાંચી ન શકાય, એવા ગ્રંથોની યાદીમાં આનું પણ નામ છે એ હકીકતનો પુસ્તકાલયમાંથી લાવીને વાંચનાર વાચકને કદાચ ખ્યાલ નહીં હોય. પણ ગૂજરાતીમાં લખનારને તો પુસ્તકાલયમાંથી લઈ આવીને વાચક પર જ શ્રદ્ધા રાખવાની છે અને એ શ્રદ્ધા કદી પણ નિષ્ફળ નહીં જ જાય એવી પાકી ખાતરી આ અનુવાદના આ જ પહેલાં પ્રગટ થયેલા ત્રણ ભાગે કરાવી છે.

'યુદ્ધ અને શાંતિ 'એ મનને શાંતિ આપવા સાથે ઊંડું ઊંડું થતા અને આટલી ખાદી નકામી જ વાપરી એવો વિચાર પ્રેરતા ખીસામાંય થોડો ભાર મૂક્યો છે, એટલું જ અહીં ઉમેરવાનું રહે છે.

જિંદગીનાં બાકી રહેલ થોડાંક વર્ષમાં આવા વિશ્વ-સાહિત્યના મહામૂલા ગ્રંથોનો આવો એકાદ અનુવાદ ગૂજરાતીમાં આપવાની ઘણાં વર્ષની ઝંખનાને આ અનુવાદના કામે ખૂબ પોષી છે. કદાચ આ જ વર્ષમાં ચાર્લ્સ ડિકન્સના 'ગ્રેટ એક્સ્પેક્ટેશન્સ'નો 'અને આશા બહુ લાંબી' એ નામે તથા થિયોડોર ડ્રેઈઝરની 'અમેરિકન ટ્રેજેડી' (ગૂજરાતીમાં એનું નામ સુઝાડવા વિનંતી છે) નો અનુવાદ આપવાની ઉમ્મીદ છે.

આ અનુવાદ પૂરો થાય છે તેમાં ખાસ આભાર તો મારે મારી આંખનો અને તબિયતનો માનવાનો છે.

૧લી જૂન, ૧૯૫૬

સાભાર સ્વીકાર

રૂપાયતન પ્રકાશનનાં

મસ્તીની પળોમાં : લે. રતિલાલ અનિલ. કિં. ૦-૧૨-૦. પૃ. ૬૪. **ગાંધી-ગુરુ** : લે. ગુરુદયાલ મલ્લિક. રૂ. ૧-૪-૦. પૃ. ૭૬.

બીજાં

Excavations At Timbarva : by R. N. Mehta. P. Faculty of Arts. M. S. university, Baroda. P. R. 5 P. 27.

આધ્યાત્મિક સમાજ : લે. શ્રી અરવિંદ. પ્ર. શ્રી અરવિંદ કાર્યાલય, પોંડીચેરી. કિં. રૂ. ૧-૮-૦. પૃ. ૯૭. **તિબેટના ભીતરમાં** : લે. હેનરિક હરેર. અનુ. મહેન્દ્ર મેઘાણી. પ્ર. લોકમિલાપ કાર્યાલય. કિં. રૂ. ૧-૧૨-૦. પૃ. ૨૧૨. **સ્યાનિસ્લાવસ્કી** : લે. જશવંત ઠાકર. પ્ર. મધુસૂદન ઠાકર. કિં. રૂ. ૦-૮-૦. પૃ. ૧૬. **જીવનનો જય** : લે. જશવંત ઠાકર. પ્ર. મધુસૂદન ઠાકર. કિં. રૂ. ૧-૮-૦. પૃ. ૫૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોધિવૃક્ષની છાયામાં—(રેડિયો નાટક)

ચુનીલાલ મડિયા

પ્રવક્તા : પચ્ચીસ સો વર્ષ પરે પ્રકાશ્યું
અંધારઅજ્ઞાનખચિત વિશ્વે
ભેદ્યાં તમિસ્રાવરણો મહા, ને
પ્રજ્ઞાપ્રકાશે જગને ઉજાળ્યું—
એ કિણ્ું......

જંબુદ્વીપે ગામ કપિલવસ્તુ,
ક્ષત્રિયનું ગૌતમ ગોત્ર શ્રેષ્ઠ
રાજેશ શુદ્ધોદન ઘેર પુત્ર
સિદ્ધાર્થનો જન્મ થયો, જયોસ્તુ !

(તૂરી, ભેરી અને શંખનાદ સાથે ફેઈડ-આઉટ)

દેવવાણી (ફેઈડ ઈન) :
અહો ! પરમ જ્ઞાનરાશિ કરુણા થકી બુદ્ધ આ
તથાગત તણું થયું પુનિત ધન્ય પ્રાકટ્ય આ.

પ્રવક્તા : પૂછાવતા રાજન જ્યોતિષીને :
નક્ષત્ર માંડો સહુ કુંડળીમાં
ત્રિકાલજ્ઞાને ગ્રહયોગ શોધો
ભવિષ્ય ભાખો મુજ બાળ કેરું.

જ્યોતિષી : મહા પ્રબલ યોગ છે વિરલ, તેમ વૈષમ્ય શો
પરસ્પર ગ્રહો તણો શિશુ લલાટમાં અંકિત.
સુભાગી શિર આ પરે કિરીટ ચક્રવર્તી તણો
સુહાય, નિજ આણ તો દિગદિગંતમાં વિસ્તરે;
બને કવચિત એમ, કે—

શુદ્ધોદન : કહો, કવચિત શું બને ?

જ્યોતિષી : બને કવચિત એમ કે ગ્રહ-સુયોગ જૂઠા પડે
અને જીવનવ્હેણ સાવ વિપરીત માર્ગે વહે.

શુદ્ધોદન : કહો, કવણ માર્ગ એ...?

જ્યોતિષી : ગ્રહો પ્રબળ એય છે : અધિક સંભવે ભાગ્યમાં;
બને કુંવર સાધુ, ને...

શુદ્ધોદન : બને કુંવર સાધુ શું ?

જ્યોતિષી : બને. ન ગણશો કદી નિયતિને અસંભાવ્ય, હા.
રખે ઊપજશે કહીં કુંવરને વિરક્તિ તહીં
અસાર જગમાં, જશે કપિલવસ્તુ ત્યાગી અને
તપોવન મહીં વસી ચીવરધારી સાધુ થશે.

શુદ્ધોદન : અહો ! બસ કરો હવે : અસહ વેણ ના ઉચ્ચરો—
અકલ્પ્ય ઘટના કથી...

જ્યોતિષી : નિયતિ કેમ મિથ્યા બને ?
ગ્રહો અફર ત્યાં લખેલ : બનશે પરિવ્રાજક,
મહાન નૃપથીય શ્રેષ્ઠ પદવી ગ્રહે ગૌતમ—
—પ્રબુદ્ધ. પરિતાપ જે જીવનવહ્નિના શામક
તથાગત થશે સહુ જગતજીવઉદ્ધારક.

શુદ્ધોદન : પ્રયત્ન સઘળા કરીશ ગ્રહમાન પલટાવવા—

જ્યોતિષી : અશક્ય ! પુરુષાર્થ એ ન ફળશે કદી, રાજન !

શુદ્ધોદન : વિષાદ સઘળા થકી વિપદ દુઃખ દારિદ્રયથી,
મથીશ દિનરાત હું શિશુકચિત્તને વાળવા.

પ્રવક્તા : રાજા મથે છે કૃતનિશ્ચયેથી
સિદ્ધાર્થનો ભૂલવવા વિષાદ :
પ્રાસાદના પિંજર માંહીં બાંધે
વિલાસરંગે રમમાણ રાખે.

યશોધરા નામક રાજકન્યા
સિદ્ધાર્થ-સંલગ્ન બને સુધન્યા.

(માંગલ્યસૂચક શરણાઈનો અવાજ અને ફેઈડ-આઉટ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યશોધરા : અહો ! થઈ સુધન્ય હું ચરણદાસી સિદ્ધાર્થની !
ત્વમેવ મમ નાથ હો ભવભવે, ન જુદાઈ હો !

સિદ્ધાર્થ : ગણું મિલન આપણું વિધિનિયુક્ત સાયુજ્ય આ.
ફળો તવ 'ભિલાષ, ચંચલ છતાં ગણું વિશ્વ આ !

યશોધરા : ભલે જગત હોય ચંચલ, જીવોય સૌ ભંગુર,
અચંચલ બની રહો પુનિત દિવ્ય દામ્પત્ય આ !

સિદ્ધાર્થ : સખે, સમજતો સહુ જટિલ માર્ગ સંસારના
અપાર દુઃખથી ભર્યા જીવનયજ્ઞ સંતાપના.

યશોધરા : નહિ પરશ પામશે લગીર તાપ સંસારના;
વહો સમીર શીતળા જ મુજ દિવ્ય દામ્પત્યમાં !

સિદ્ધાર્થ : ફળો તવ 'ભિલાષ !
ફળો સકળ કામના !

(ફેઈડ–આઉટ)

પ્રવક્તા : દામ્પત્ય એ દિવ્ય તણું પ્રકાશ્યું,
પુષ્પસ્વરૂપે પ્રગટેલ પુત્ર.
વધાઈ આ રાહુલ જન્મ કેરી
વાજે પડો ગાજત નાદભેરી.

(નાદભેરી અને તુરીના અવાજો સાથે ફેઈડ–આઉટ)

પ્રાસાદમાંહે અવ ઉછરંગ,
ધોવાય દૂધે સઘળા તુરંગ.
આનંદ શુદ્ધોદન અંતરે છે,
જ્યોતિષવાણી અવ વિરમશે છે.

(ઉત્સવસૂચક સંગીત).

યશોધરા : અહો ! જીવન ધન્ય આ ! ઈશકૃપા સમો રાહુલ
અવશ્ય કુલગોત્ર ગૌતમ તણો જ એ તારક.

સિદ્ધાર્થ : પ્રવાહ વહતો થયો જીવન આપણા બેઉનો,
હજો સુખદ માર્ગ વિઘ્નહીણ પુત્ર રાહુલનો.

યશોધરા : અવશ્ય બનશે જ વિઘ્નહીણ માર્ગ રાહુલનો.

સિદ્ધાર્થ : ફળો તવ 'ભિલાષ !
ફળો સકલ કામના !

(ફેઈડ–આઉટ)

પ્રવક્તા : પ્રાસાદની ચાર દીવાલ વચ્ચે
સિદ્ધાર્થનો યૌવનકાળ વીતે.
નૃત્યાંગનાઓ ઠમકે રૂપાળી
પાતી છલોછલ સદા મદિરાની પ્યાલી.

(થોડી ક્ષણો ઉન્માદકપ્રેરક નૃત્યનું સંગીત અને ફેઈડ–આઉટ)

પરંતુ
તૃપ્તિ નથી મદ્ય મહીં, ન નૃત્યે,
ભોગોપભોગે, ન વિલાસરંગે.
અતૃપ્તિ જાગે અવ રંગરાગે,
કુમારને ઝંખન કો સતાવે.

સિદ્ધાર્થ : પિતા, અસહ લાગતાં ભવબંધનો ભોગનાં;
ચહું નીરખવા દગે વિવિધ રંગ સંસારના.

શુદ્ધોદન : તહીં ન તવ યોગક્ષેમ પુરમાર્ગ જોવા મહીં;
કહે, શી કમીના અહીં રમણ–રંગ–લીલા મહીં ?

સિદ્ધાર્થ : નથી નીરખતો કદી જનપદી જનો જૂજવાં :
અધૂરપ દીસે મહા, અચળકોટ આવાસમાં.

(સંગીત)

પ્રવક્તા : સિદ્ધાર્થ ને સારથિ છન્ન આજે
ચર્યા કરે છે જનમાર્ગ માંહે.

(ઘોડા અને રથનો અવાજ)

સિદ્ધાર્થ : થોભાવને ત્યાં રથ. જો, પણે શું ?

છન્ન : એ છે જરાજર્જર એક વૃદ્ધ
વાર્ધક્યથી ગાત્ર ગળેલ પંગુ.

સિદ્ધાર્થ : શેં થાય એ ગાત્ર અપંગ એનાં ?

છન્ન : પૂછો અરે કારણ ? શેં અપંગ ?
વાર્ધક્ય આવે સહુને અવશ્ય.

સિદ્ધાર્થ : વાર્ધક્ય ? આવે સહુને ? અવશ્ય ?

છન્ન : હા—

સિદ્ધાર્થ : (સ્વગતોક્તિ, ધીમે અવાજે)
વાર્ધક્ય આવે સહુને અવશ્ય !
ચન્દ્રોજ્વલી છે મુજ કાંતિ આજે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણે મયંકે સકલંક લાજે.
યુવાવયે છું મદમસ્ત આજે
ભૂજાબળે આભ અનંત ગાજે.
વાર્ધક્ય આવે મુજને અવશ્ય ?

(રથ ચાલવાનો અવાજ)

(મોટે અવાજે)
થોભો, અરે છન્ન, ફરી ક્ષણેક.
છે કોણ પેલો જન જે કુરૂપ ?

છન્ન : કુરૂપ એ આજ ભલે જણાતો,
હતો રૂપાળો સમ કામદેવ.
વસંત એની ગઈ આથમી, ને
કાંતિ બધી પાનખરે વિલાઈ.
હાંવા થયો એ અહ વ્યાધિગ્રસ્ત !
કંદર્પ શાં રૂપ થયાં જ નષ્ટ.

સિદ્ધાર્થ : શેં થાય એવું ?

છન્ન : —સહુને થવાનું.
યુવા-જરા એ ક્રમ સૃષ્ટિ કેરો
નિશ્ચે વહે એ દિનરાત જેવો.

(ફરી રથનો અવાજ. થોડી વારે)

સિદ્ધાર્થ : (ધીમી સ્વગતોક્તિ)
હાવાં થયો એ અહ વ્યાધિગ્રસ્ત ?
કંદર્પ જેવું નિજ રૂપ નષ્ટ.
યશોધરા જે રતિ શી રૂપાળી,
નિહારિકા શી દીપતી દુલારી,
થશે ખરે એ પણ વ્યાધિગ્રસ્ત—
કુરૂપ ગાત્રે, રૂપરાશિ અસ્ત ?
યુવા-જરા એ ક્રમ સૃષ્ટિ કેરો ?
નિશ્ચે વહે એ દિનરાત જેવો ?

(ફરી રથનો અવાજ)

(મોટે અવાજે)
જો, જો, પણે લોક વળેલ ટોળે
આક્રંદતાં સૌ જન શોકસાદે
શો છે તમાશો ?

છન્ન : વદશો ન એવું.
છે ના તમાશો, ન તમાશબીન,
મૃત્યુ સમીપે સહુ શોકલીન.

સિદ્ધાર્થ : મૃત્યુ વળી શું ? સમજાવ, છન્ન !

છન્ન : રહેલું જ છે સત્ય, અરે કુમાર !
મૃત્યુ સહુ જીવિતનો વિરામ.

સિદ્ધાર્થ : સૌ જીવિતોનો ?

છન્ન : નહિ લેશ શંકા.
રે મૃત્યુ છે નિશ્ચિત જીવ માત્રનું.
નિસર્ગનો છે ક્રમ એ નિગૂઢ.
વિવર્તલીલા જડ-ચેતનાની—

સિદ્ધાર્થ : (ધીમી સ્વગતોક્તિ)
વિવર્તલીલા ?
શું મૃત્યુ છે નિશ્ચિત જીવ માત્રનું ?
સુકોમળો રાહુલ પુત્ર મારો,
અબોધ, ભોળો, બહુ ખેલ ખેલે,
વ્હાલો મને જે મુજથીય ઝાઝો,
વિલુપ્ત થાશે અહ એકદા એ ?
વિવર્તલીલા !
રે મૃત્યુ છે નિશ્ચિત જીવ માત્રનું !
મૃત્યુ સહુ જીવિતનો વિરામ !
મૃત્યુ અરે રાહુલનો વિરામ ?

(રથ ચાલવાનો અવાજ. થોડી વારે)

સિદ્ધાર્થ : હાવાં ન આઘાત સહી શકીશ.
વાળો જ પાછો રથ, હું ચઢીશ
એકાંત પ્રાસાદ તણા ગવાક્ષે.
આંખો ઉઘાડી મુજ આ પ્રવાસે.

(વિષાદપૂર્ણ સંગીત)

પ્રવકતા : પ્રાસાદના એક ગવાક્ષ માંહી
સિદ્ધાર્થ બેઠા અતુલા ઉદાસી.

સિદ્ધાર્થ : જરા, જનમ, વ્યાધિ ને મરણના જ પ્રશ્નો મહીં
હતો અબુધ હું અરે, ભવરણે રહ્યો આથડી.
તમિસ્રપડળો હવે દૂર થયાં, દિશા સાંપડી,
અસાર જગ આ મહીં સુખ તણી જ આશા લહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન વ્યર્થ મનુજન્મ આ, નહિ જ વ્યર્થ મૃત્યુ વળી,
છતાંય પરિતાપ આ અસહ લાગતો વાટમાં.
શમે શી વિધ તાપ એ? જન અરે નહીં જાણતાં,
હશે જ પગદંડી કો નિગમનાં રહસ્યો તણી.
યુવાસુખ રહ્યું કયહાં?—અગર એજ વાર્ધક્યનો—
ખરું જીવનસુખ ક્યાં? — સતત છાંય જો મૃત્યુની—
રહે મનુજ એક કોઈ પરિતાપથી પીડિત
મનેય અધિકાર શો જ ઉપભોગ વિશ્રાંતિનો?

ગણું સુખ સમષ્ટિનું અલગ એકલી વ્યક્તિમાં;
મથું દુઃખ વિદારવા સકળ લોક આ સૃષ્ટિમાં.

પ્રવક્તા : વૈશાખ રાતે—
સિદ્ધાર્થ ત્યાગે નિજ પુત્ર, ભાર્યા.
યશોધરા રાહુલ ગાઢ નિદ્રા
મહીં સૂતાં બેય પ્રગાઢ એવા
આશ્લેષમાં. આજ કુમાર જાગે
અનંતના જાગરણે. વિચારે—

સિદ્ધાર્થ : સખે, ન ગણશો મને અદય, કે ન કહેશો મને
કઠોર. મુજ પ્રેમભાવ તમથી ન ઓછો કદી.
છતાંય મમતા તજી પરહરું તમો બેઉને
અપાર મુજ પ્રેમથી જ, કયમ કે ચહું પુત્રને
સુખી નીરખવા. જતો સુખદ શ્રેયની શોધમાં;
મળે અગર માર્ગ કો જીવન-મુક્તિનો, સત્વર
ગ્રહીશ મુજ પુત્રને પ્રથમ એ જ યાત્રાપથે.

પ્રવક્તા : સિદ્ધાર્થનો કંથક અશ્વ ઊભો
પ્રાસાદને દ્વાર જ પાણીપંથો
આરૂઢ થૈ સારથિ છન્ન સંગે
સિદ્ધાર્થ આજે નિજ ભોમ ત્યાગે.

(ઘોડાના ડાબલાના અવાજ. ફેઈડ-આઉટ)

સિદ્ધાર્થ : થોભો હવે છન્ન, અહીં જ થોભો,
યાત્રા કરું હું અવ ભિક્ષુવેશે.
પાછા વળો, જાઓ કપિલવસ્તુ.
ને હું હવે રાજગૃહે સિધાવું.

છન્ન : તમે જશો રાજગૃહે?

સિદ્ધાર્થ : અવશ્ય.
છે સાધુઓ જ્ઞાનગભીર મોટા
પામીશ પ્રજ્ઞા નિજ સંગમાં ત્યાં.

(સંગીત)

પ્રવક્તા : લીધી પ્રવ્રજ્યા, શ્રમણોની સાથે
ભમ્યા બહુયે વન-આશ્રમોમાં
કીધા ઘણાયે ગુરુઓ ગભીરા :
આળારકાલામ તપસ્વી જેવા,
જ્ઞાની મહા ઉદ્રક રામપુત્ર.
સિદ્ધાર્થ સાધે સઘળી સમાધિ
એકાગ્રતા, ધ્યાન, વિચાર, પ્રીતિ,
વિતર્ક આદિ મનવૃત્તિઓની.

સિદ્ધાર્થ : સમાધિ આઠેય થઈ જ સિદ્ધ
છતાં ન પામ્યો પરિજ્ઞાન ઇષ્ટ.
નિર્વાણનો માર્ગ ન લાધતો રે!
સમાધિસિદ્ધિ નવ એની તોલે.

પ્રવક્તા : સિદ્ધાર્થ ઝંખે જીવમોક્ષમાર્ગ,
ખપે ન ઓછું લગીરેય જ્ઞાન.
સંબુદ્ધ થાવા તડપે જ યોગી
કરે પ્રતીક્ષા દુનિયા યુગોથી.

સિદ્ધાર્થ : ન તાપસ થવા ચહું, ન બનવું મહા કર્મઠ,
મનુષ્ય જીવ માત્રનાં દુઃખ વિદારવાને મથું.
મને ન કયમ લાધતો પથ હજીય નિર્વાણનો?
ભમું વનવને સદા ભટકતો રહું બ્હાવરો.

(સંગીત)

પ્રવક્તા : નૈરંજરા આ નદીને કિનારે
ઉદ્યાન રૂડું ઉરુવેલ સોહે.
ઘેરું ગભીરું અહીં વૃક્ષ એક,
છાયા તળે આસન વાળી બેસે,
સિદ્ધાર્થ ધ્યાનસ્થ બનંત આજે.

સિદ્ધાર્થ : લીધી પ્રવ્રજ્યા બહુ વર્ષથી મેં
પામ્યો ન પ્રજ્ઞા હજીયે અભાગી!
અનેક કીધી તપસાધનાઓ
સમાધિ સાચી નવ હાથ લાગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૈત્રી, કરુણા, મુદિતા, ઉપેક્ષા,
ચહું મનોવૃત્તિ જ ચાર શ્રેષ્ઠ.
ચોપાસ વીંટાયલ અંધકારે
ઝંખુ પ્રભો હે ! શુચિ બોધિજ્ઞાન.
ઝંખુ પ્રભો હે ! શુચિ બોધિજ્ઞાન.

પ્રવક્તા : સિદ્ધાર્થ બેઠા જવ એકધ્યાન
ઉદ્વિગ્ન આજે બનતો જ માર.

માર : હું માર ! હું ઘોર પ્રચંડ શક્તિ :
કાષાય, ચાંચલ્ય, વિકારવૃત્તિ —
રાખું સદાયે મમ સજ્જ સેના.
શસ્ત્રો અમારાં : અભિમાન, તૃષ્ણા,
ઈર્ષ્યા, અસૂયા, વળી કામ–ઇચ્છા,
કીર્તિ–મહેચ્છા, ત્યમ આત્મશ્લાઘા.

સિદ્ધાર્થ : રે બંધુ ! શાને લડતો નિઃશસ્ત્ર ?

માર : નિઃશસ્ત્ર શાને ?
શસ્ત્રો અમારાં : અભિમાન, તૃષ્ણા,
ઈર્ષ્યા, અસૂયા, વળી કામ–ઇચ્છા,
કીર્તિ–મહેચ્છા, ત્યમ આત્મશ્લાઘા
સંસાર માંહે રતિરંગ ઝાઝા.

સિદ્ધાર્થ : એ સર્વ બુઠ્ઠાં તવ શસ્ત્ર જાણું,
વૈરાગ્ય–નિર્લેપ દશા હું માણું.

માર : આ ગર્વ તારો ટકશે ન ઝાઝો.

(મોટે અવાજે)

જાગો, કષાયો ! તીર તીક્ષ્ણ તાકો,
વૈરાગ્ય આ સાધુ તણો ડગાવો !

(જાગતી ભૂતાવળ જેવો અવાજ)

આસક્તિ, માયા, વળી રાગદ્વેષ,
નાચો નટીઓ ! બની છદ્મવેશ.

(આછો ઝાંઝરનો અવાજ. થોડી વારે જાણે કે દૂરથી ઉચ્ચારાતી ઉક્તિઓ સંભળાય છે.)

શુદ્ધોદન : પધાર ગૃહ પુત્ર હે ! કપિલવસ્તુ પાછો અરે !
શિરે સુભગ સોહશે મુકુટ શાક્યસમ્રાટનો !

સિદ્ધાર્થ : ચહું ન મુકુટો, ન રાજ્ય, ન કશીય તૃષ્ણા, પિતા !
વિમુક્તિપથ દોહ્યલો અવ ગ્રહીશ નિર્વાણનો.

(ઉત્તેજક સંગીતના અવાજ સાથે દૂરથી ઉક્તિ સંભળાય છે.)

યશોધરા : સખે, સમય છે હજી, નથી જ ઓસર્યું જીવન
વસંતલહરી સમાં ઉભય આપણાં યૌવન.

સિદ્ધાર્થ : પ્રિયે ! નહિ વસંત શાશ્વત મનુષ્યના ભાગ્યમાં.
અવશ્ય શિશિરો, અરે પ્રિયજનો તણા માર્ગમાં !

યશોધરા : મને ન પરવા કશી શિશિરની, ન વાર્ધક્યની,
ચહું અખૂટ માણવા ચિરવસંતની માધુરી.

સિદ્ધાર્થ : પ્રિયે ! ન લલચાવશો મદનક્રીડ આસક્તિમાં,
રહ્યું પગથિયું જ એક અવ માર્ગનિર્વાણમાં.

(શિશુક્રીડા સૂચવતા આહ્લાદક સંગીત સાથે દૂરથી અવાજ)

રાહુલ : પિતા ! વીસરિયા મને ? શિશુક પુત્ર રાહુલ હું.
થયા અદય શેં તમે ? જનક થાય નિષ્ઠુર શું ?

સિદ્ધાર્થ : નથી અદય હું થયો લગીર, બાળ રાહુલ હે !
થયો સદય સર્વ રાહુલ ભણી જ આ સૃષ્ટિના.
હૃદે લગન આટલી : શિશુક સૌ સુખી હું કરું,
દુઃખોપશમ કાજ કષ્ટ તપસાધનાનાં સહું.

(સંગીત)

પ્રવક્તા : શસ્ત્રો નકામાં સહુ આજ થાતાં
છે માર અસ્વસ્થ, કષાયરાજાઃ
સિદ્ધાર્થ સંબુદ્ધ ખરે જ થાશે,
ઇન્દ્રાસનો રે સહુ ડોલી જાશે !

માર : શી આ વલે થૈ ! મમ મારસેના
પાછી પડી રે ! ડગતો ન સિદ્ધ !
હાવાં ઉતારું ઘનઘોર વર્ષાઃ

(વર્ષાનો અવાજ)

(મોટેથી)
આવો કષાયો ! સહુ એકી સાથે
તૂટી પડો ગૌતમ સિદ્ધ માથે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિશ્ચે જગાવો હૃદ માંહી રાગ!
વિકાર આગે તવ શી મજાલ!

(ઘોંઘાટ)

નાચો સુપેરે સુર-અપ્સરાઓ
સિદ્ધાર્થ યોગીવરને રિઝાવો!

(નૃત્યની રમઝટનો અવાજ)

થાશે હવે ભિક્ષુ ચલાયમાન
સુણી સૂરીલાં રતિરાસગાન.

(નૃત્યના અવાજ. પછી થોડી વારે)

પ્રવક્તા : મચે તુમુલ દ્વંદ્વ ઉગ્ર મનકામનાઓ તણું
પરસ્પર વિરુદ્ધ એ હૃદયવૃત્તિઓનું ઘણું.

(ઘોંઘાટના થોડા અવાજ પછી)

સિદ્ધાર્થ : હઠો, દૂર હઠો, પ્રલોભન બધાં અરે પાંગળાં!
હવે ન ડગવા ચહું, કિરણ ઝાંખતો ઉજ્જવળાં.

માર : આ શો ચમત્કાર! અરે, હું માર!
પામે બધાંયે મુજ પાસ હાર.
સિદ્ધાર્થ એ આણુ જશે ઉથાપી?
રહેશે શી મારી જગ કીર્તિ બાકી?
ના, ના, ન ચાલે અવહેલના આ,
દેવો દુભાશે સુરલોક કેરા.

(મોટેથી)

વંટોળ, આવો! મચવો જ ઝંઝા,
પ્રલોભનોનાં, મદમત્સરોનાં,
શસ્ત્રો તમારાં સહુ તીક્ષ્ણ તાણો,
નિર્વાણના સાધકને નમાવો.

(ભયંકર તોફાન અને વાવાઝોડાનો પાર્શ્વનાદ)

સિદ્ધાર્થ : શાને મથો નિષ્ફળ હે કષાયો?
છાંડીશ ના હું અવ માર્ગ મારો.

લાધ્યું પ્રભો હે! પરિજ્ઞાન આજ
ઊગ્યું સુભાગી જનમુક્તિવ્હાણું.

(મધુર સંગીત)

અંધારઘેર્યા જગમાં હવે હું
નિર્વાણનો ઉન્નત માર્ગ પેખું.
વ્યાધિ, જરા, મૃત્યુ, હતાં અસહ્ય
થાશે જ દુઃખોપશમે સુસહ્ય.
આત્મા ગણું નશ્વર દેહ સાથે
નિર્વાણ સાચું જનમોક્ષ કાજે.
જીવો! અહિંસા, કરુણા, અવેર,
અસ્તેય ને સંયમ, સત્યપ્રેમ,
ત્યાગો મદિરા જન હે સુશીલ!
આચાર જાણો તમ પંચશીલ.

પ્રવક્તા : આ વૃક્ષની શીતળ ઘેરી છાંયે
સિદ્ધાર્થને જ્ઞાનપ્રદીપ લાધે.
નૈરંજરાને તટ બોધિવૃક્ષે
સંબુદ્ધ પ્રજ્ઞા પ્રભુ આજ પામે.
બોધોપદેશે કરુણા તણા જે
સૈકા થકી એ જગને ઉજાળે—

સિદ્ધાર્થ : ન હિ વેરેન વેરાનિ સમ્મન્તીધ કુદાચન,
અવેરેન ચ સમ્મન્તિ એસ ધમ્મો સનાતન.

પ્રવક્તા : પચ્ચીસ સો વર્ષ પરે વહાવી
જંબુદ્વીપે ગૌતમબુદ્ધવાણી,
એ પંચશીલે સરજાય ક્રાંતિ
વ્યાપી રહો શાશ્વત વિશ્વશાંતિ!

(મધુર સંગીત સાથે વિરામ)*

મે ૧૫, ૧૯૫૬

* મુંબઈ રેડિયો પરથી રજૂ થયેલું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અજિત, સુનયના અને મધુમતી

ઝીણાભાઈ ર. દેસાઈ

૧. અજિત

અજિત છઠ્ઠી શ્રેણિનો વિદ્યાર્થી હતો. તેનાં પુસ્તકો વારંવાર ફાટવાની ફરિયાદથી અમે સૌ ખૂબ અસ્વસ્થ બન્યા હતા. પુસ્તકો અને ખાસ કરીને નોટો લગભગ એકસરખી ઢબે ફાટતાં હતાં. એના વર્ગશિક્ષક ખૂબ સાવધ પુરુષ હતા. તેમણે ગુનેગારને પકડવા અનેક ઉપાયો યોજ્યા પણ તે બધા નિષ્ફળ નીવડ્યા. અંતે આખા વર્ગે ગુનેગારને શોધી કાઢવાનું કામ ઉપાડી લીધું અને એ માટે ઘટતી વ્યવસ્થા કરી વિદ્યાર્થીઓની ચોકી યોજવામાં આવી. આમ છતાં પુસ્તકો ફાટવાનું ચાલુ જ રહ્યું. અમારા સૌને માટે આ એક ભારે કોયડો આવી પડ્યો.

પુસ્તકો શાળામાં જ ફાટતાં હતાં એ તો ક્યારનું સિદ્ધ થયેલું હતું. પણ ચોકી જેમ જેમ સખત બનતી ગઈ તેમ તેમ પુસ્તકો ફાટવાનું કંઈક ઓછું થયું. એટલે ગુના કરનારને જો પકડી નહિ શકાય તો તેના કામને મુશ્કેલ તો બનાવી શકાશે જ એવી આશા અમને બંધાવા માંડી, પરંતુ એ ક્ષણજીવી નીવડી. કારણ કે એક દિવસે એનાં લગભગ બધાં જ પુસ્તકો ફાટ્યાં.

નવાઈની વાત તો એ હતી કે એ વિદ્યાર્થીને ચીડવવાનું મન થાય કે એવું નુકસાન કરવાનું કોઈને ગમે એવાં કશાં જ લક્ષણો એનામાં નહોતાં. સ્વભાવે બહુ ઓછાબોલો અને શાંત એ વિદ્યાર્થી હતો. એવા વિદ્યાર્થીનાં પુસ્તકો ફાડવામાં કોને રસ હોઈ શકે, એ મૂંઝવે એવું હતું. કારણ કે વર્ગમાં કે વર્ગ બહાર એને કોઈની સાથે દુશ્મનાવટ પણ ન હતી. અમે આ ગૂંચ ઉકેલવા પ્રયત્ન કરતા હતા ત્યાં એક દિવસ એ શાળામાં આવ્યો ને વર્ગમાં એ પોતાનું દફતર મૂકતો હતો ત્યાં ચોકી માટે જેમનો વારો હતો તે પૈકીના એક વિદ્યાર્થીએ એનું દફતર તપાસ્યું તો તેમાંથી કેટલીક ફાટેલી ચોપડી નીકળી. અજિત એનો કશો સંતોષકારક ખુલાસો કરી શક્યો નહિ. મારી પાસે આ વિગત આવી ત્યારે જાણે કોઈક ઉકેલ હાથવેંતમાં હોય એમ મને લાગ્યું. અમે આ પહેલાં જે જે ઉપાયો યોજ્યા હતા તેમાં અજિતના વાલી સાથેના સંપર્કનો પણ સમાવેશ થઈ જતો હતો. અજિતનાં માતપિતા વેપાર અર્થે બ્રહ્મદેશમાં હતાં. એ એના મામાને ત્યાં રહી અભ્યાસ કરતો હતો. એના મામા સુશિક્ષિત અને સુશીલ સ્વભાવના હતા. એમનાં બાળકો પણ અમારે ત્યાં જ અભ્યાસ કરતાં હતાં. અમને થયું કે કદાચ એના મામાનાં છોકરાંઓને એ એમને ત્યાં રહે છે તે ગમતું નહીં હોય અને તેમનામાંથી કોઈક આ પુસ્તકો ફાડી નાંખતું હોય. પણ આ વિચાર બહુ લાંબો ટક્યો નહિ. કારણ કે એમાં નુકસાન અજિતને થતું ન હતું, સિવાય કે એનાં મામી એની બેદરકારીને માટે અવારનવાર ધોલથાપટ કરી લે તો. ખરું નુકસાન તો એ બાળકોની નજરે એમના પિતાને થતું હતું. કારણ કે ફાટેલી ચોપડીઓની જગાએ નવી ખરીદવી પડતી હતી. ત્યારે આ પુસ્તકો ફાટે છે કેવી રીતે? આ અંગે અમે લંબાણથી ચર્ચા કરતા હતા ત્યાં મારા એક સાથીએ કહ્યું: 'અજિત પોતે આ પુસ્તકો ફાડતો હોય એવું તો ન બને?' મારા ચિત્ત ઉપર જાણે કે અણધારેલો પ્રકાશ પડ્યો. મેં કહ્યું: 'તમારી શંકા કદાચ સોએ સો ટકા સાચી હશે.' એ દિશામાં હવે અમારું સંશોધન શરૂ થયું.

આ દૃષ્ટિએ અજિતના ઘરનું વાતાવરણ, એના મામાનાં બાળકોનું એના તરફનું વલણ, એનાં મામામામીનો એના તરફનો વર્તાવ વગેરેનો અમે ઝીણવટથી અભ્યાસ કર્યો. મામાનો એના ઉપર ખૂબ ભાવ હતો. પણ મામી તરફથી એના તરફ ઘણું સખત વર્તન થતુ રહેતું, અને એના મામાનાં બાળકો પણ એને મૂજી કહી પજવતાં. અજિતને આ વાતાવરણ બિલકુલ રુચતું ન હતું એ સ્પષ્ટ હતું. એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મામાને ત્યાં રહેવા એ રાજી ન હતો. જાણે કે પોતાની એ કેદમાંથી છટકવા આ ઉપાય એ યોજી રહ્યો ન હોય એવું અમને લાગ્યું. અજિતે એનો એકરાર પણ કર્યો. હવે ?

અમે એ નાજુક પરિસ્થિતિમાંથી કેવી રીતે રસ્તો કરવો એની મૂંઝવણમાં પડ્યા. એ વાત અમે બિલકુલ ગુપ્ત રાખી. પુસ્તકો ફાટવાનું તો બંધ થયું પણ અજિત વધુ ગમગીન અને દુઃખી બનેલો દેખાવા માંડ્યો. મેં એની સાથે સંબંધ વધુ કેળવ્યો. કોઈ પણ ભોગે એ પોતાનાં માતપિતાં પાસે જવા ઇચ્છતો હતો. આ મુશ્કેલ કાર્ય કેવી રીતે પાર પડે ? એના મામા સાથે એની સમસ્યાના ઉકેલને નિમિત્તે ઠીક ઠીક પરિચય થયો હતો. એટલે તેમની સાથે ખૂબ સંભાળ અને સમભાવપૂર્વક મેં તેમની કૌટુંબિક પરિસ્થિતિ ચર્ચી. અજિતને ફાવતું નથી એનો તો પોતાને લાંબા વખતથી ખ્યાલ આવ્યો હતો એવું તો તેમણે સ્વીકાર્યું. પરંતુ અજિત તરફ સમભાવપૂર્વકનો વર્તાવ રાખવાનું પોતાની પત્નીને સમજાવવામાં એ સફળ નહોતા નીવડી શક્યા એ પણ એમણે કબૂલ્યું. આ સંજોગોમાં અજિત બ્રહ્મદેશ પાછો જાય એ જ એકમાત્ર ઉકેલ હતો એવું પોતાને લાગવા છતાં એ વાતથી બહેન-બનેવીને માઠું લાગે એ ડરથી પોતે કશું કરી શકતા ન હતા, એમ તેમણે જણાવ્યું.

આ સંજોગોમાં સૌથી સાચો ઇલાજ તો અજિતનાં મામી સાથે સંપર્ક સાધી અજિત તરફના એમના વર્તાવને કારણે એમનાં બાળકો ઉપર જે પ્રતિકૂળ અસરો થતી હતી એનું એમને પૂરું ભાન કરાવવું એ હતો. પણ એ માટે અમારી પાસે ન તો એટલો સમય હતો, ન એટલી આવડત. સમસ્યારૂપ બાળકોના પ્રશ્નોને જ અમે જ્યાં મહાપરાણે કંઈક સમજતા થયા હતા ત્યાં સમસ્યારૂપ વાલીના પ્રશ્ન હાથ ધરવાની અમારી ગુંજાશ કેટલી ? એટલે અમે એ દિશામાં કોઈ પણ રીતે મહત્ત્વાકાંક્ષી બન્યા વિના અજિતના મામાને અજિતને એનાં માબાપ પાસે મોકલવામાં સૌનું હિત રહેલું એ જ એક વાત ફરીથી ને ફરીથી કહી. એમાં અમે સફળ થયા અને પોતે હવે થોડા દિવસમાં ઘેર જશે એ વિચારે અજિતને ખૂબ પ્રફુલ્લ બનેલો જોઈ અમને સૌને પણ ઘણો આનંદ થયો.

૨. સુનયના

સુનયના પ્રાથમિક શાળાની વિદ્યાર્થિની હતી. નામને સાર્થ કરે એવી વિશાળ અને સુંદર આંખો, નમણો ચહેરો અને અસાધારણ ચંચળતાથી સુનયના સહેજે હરકોઈનું ધ્યાન ખેંચતી. તેની ચંચળતાએ ધીરે ધીરે તોફાનનું સ્વરૂપ પકડ્યું અને તેની સામે રોજ રોજ નવી નવી ફરિયાદો ઊભી થવા માંડી. અમે અમારાથી બનતા અનેક ઉપાયો અજમાવ્યા, પણ તે બધું નકામું નીવડ્યું. સુનયના વધુ ને વધુ તોફાની બનતી ગઈ.

અમે એના ઘરનો સંપર્ક સાધ્યો. એની માતાએ ઘરના પૂરા સહકારની બાંયધરી આપતો પત્ર લખી સુનયનાની ચંચળતા વધી ગઈ છે એનો સ્વીકાર કર્યો. એ પછી શાળા અને સુનયનાની માતા – સુશીલાબહેન – વચ્ચે લગભગ રોજ ચિઠ્ઠીઓની આપલે શરૂ થઈ. પરંતુ સુનયનાના વર્તનમાં કશો ફરક પડ્યો નહિ.

અમે એને હવે લાંબો વખત નહિ સાચવી શકીએ એવી જ્યારે અમારી ખાતરી થઈ ત્યારે એક દિવસ સુશીલાબહેન ઑફિસમાં આવ્યાં; અને સુનયના જો કોઈ પણ જગાએ ભણી શકે એમ હોય તો અમારે ત્યાં જ એને માટે કંઈક અવકાશ હતો એમ જણાવી એને છૂટી ન કરવા એમણે આજીજી કરી. ૨૬–૨૭ વર્ષનાં સુશીલાબહેન વાતચીતમાં ખૂબ વિનયી અને સંસ્કારી દેખાઈ આવતાં હતાં. તે દેખાવડાં હતાં અને સારી વસ્તુઓનો શોખ તેમણે કેળવ્યો હોય એમ જણાતું હતું. કૉલેજ સુધીની કેળવણી પણ તેમણે લીધી હતી અને પોતાનો અભ્યાસ તે પૂરો ન કરી શક્યાં તેનો અસંતોષ પણ તેમની વાતમાંથી જણાઈ આવતો હતો. સંતાનમાં તેમને માત્ર સુનયના જ હતી.

આ બધી વિગતોમાંથી કેટલીક મહત્ત્વની તો અમે આ પહેલાં જાણી લીધી હતી. સુનયનામાં આમ વાંક કાઢવા જઈએ તો ખાસ અપલક્ષણ બતાવી શકાય એમ નહોતું. આમ છતાં એની ચંચળતામાં કંઈક એવું હતું જે આખા વર્ગના વાતાવરણને ડહોળાયેલું જ રાખે. એના આ વર્તનને અંકુશમાં લાવવા સુશીલાબહેને પ્રયત્ન કરવામાં કશું બાકી રાખ્યું નહોતું. એને માટે પોતાની જાત ઉપર પણ તેમણે કેટલાક વિધિનિષેધો મૂક્યા હતા. દાખલા તરીકે એમને સિનેમાનો શોખ હતો, પણ સુનયનાથી સિનેમાઘરનું અંધારું સહેવાતું નહિ એટલે એકબે વખત એને પોતાની સાથે લઈ જવાનો નિષ્ફળ પ્રયત્ન કરી તેમણે એ પ્રયત્ન પડતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂક્યો હતો અને તે સાથે પોતાના શોખ સામે પણ એમણે પ્રતિબંધ મૂકી દીધો હતો. આમ પોતાની ફરજ અંગે તે જાગૃત હતાં. તો સુનયનાના વર્તનમાં શાથી ફેર પડતો ન હતો? આ પ્રશ્ન અમને સૌને મૂંઝવતો હતો. સુનયનાના કેસમાં જેમણે શરૂઆતથી ખૂબ રસ લીધો હતો તે અમારા પ્રાથમિક વિભાગનાં મુખ્ય અધ્યાપિકાએ આ પ્રશ્નના વધુ ઊંડાણમાં ઊતરી સુશીલાબહેન સાથે સુનયના તરફના કુટુંબના વલણની વિગત ચર્ચી. એમાં કેટલાક પ્રશ્નોના જવાબમાં સુશીલાબહેનને કંઈક સંકોચ અનુભવતાં અમે જોયાં અને અમને લાગ્યુ કે કદાચ કેટલીક વાતો કેવળ સ્ત્રીઓ જ એકબીજાને કહી શકે અને પુરુષને કહેતાં સંકોચ અનુભવે એવી એમના મનમાં હોવી જોઈએ, અને એ વ્યક્ત કરવામાં એમને મારી હાજરી નડતી હોય એ બનવા જોગ હતું. એટલે એ બંનેને વાત કરતાં મૂકી હું કંઈક બીજા કામને નિમિત્તે બહાર ગયો.

સુશીલાબહેનના ગયા પછી અમારાં મુખ્ય અધ્યાપિકા બહેને મને એમની વચ્ચે થયેલી વાતચીતનો વિગતવાર હેવાલ આપ્યો. સુશીલાબહેન સુનયના માટે ફરજ તરીકે જે કંઈ તેમને સૂચવવામાં આવે તે બધું કરવા તૈયાર હતાં. પણ જ્યારે સુનયનાના આખા કેસનું પૃથક્કરણ કરતાં સુનયનાને કૌટુંબિક અને ખાસ કરીને માતપિતાના ઉમળકાભર્યા પ્રેમની ઊણપ હતી અને એ એના ઉધમાતિયા વર્તનના મૂળમાં હતું એ વાત જ્યારે એમની વચ્ચેની વાતચીતના સારરૂપે બહાર આવી ત્યારે સુશીલાબહેન જરા અસ્વસ્થ બન્યાં. સુશીલાબહેનના પતિ મોજીલા યુવાન હતા. કલબનો તેમને ઘણો શોખ હતો અને અગાઉ તો સુશીલાબહેનને પણ તેમણે એ શોખ લગાડ્યો હતો. પણ સુનયનાના જન્મ પછી સુશીલાબહેનને એ શોખ જતો કરવો પડ્યો હતો. સુશીલાબહેનના પતિ આખો વખત બહાર રહેતા હોઈ સુનયના સાથે એમને હળવામળવાનું ઘણું ઓછું બનતું એટલે પિતાના પ્રેમનો લાભ સુનયનાને નહોતો મળતો એમ કહેવામાં કશી જ અતિશયોક્તિ નહોતી. અને સુશીલાબહેન સુનયના માટે જે કંઈ કરવું પડે તે બધું કરવા તૈયાર હોવા છતાં જ્યારે સુનયનાને ઉમળકાભર્યા કુટુંબપ્રેમનો અભાવ હતો એવું એમને જણાવવામાં આવ્યું અને એ પ્રત્યે આશ્ચર્ય વ્યક્ત કરવામાં આવ્યું ત્યારે તેનો તે પ્રતિકાર કરી શક્યાં નહિ. તેમણે એનો સ્વીકાર કરતાં ભારે સંકોચ સાથે કહ્યું: "તમે જે કંઈ કહેશો તે સુનયના માટેની મારી ફરજ તરીકે હું અમલમાં મૂકીશ. પણ એને ઉમળકાભર્યો પ્રેમ આપવા હું અસમર્થ છું" આ એકરાર આપણને આઘાત પમાડે એવો હતો. એનાં કારણો તો સ્પષ્ટ રીતે એ ન આપી શક્યાં પણ એમની વાતમાંથી એ જણાઈ આવતું હતું કે સુનયના એમને જોઈતી ન હતી તે વખતે એમના જીવનમાં આવી ચડી હતી. એને લઈને પોતાનું ભણતર તે પૂરું કરી શક્યાં નહોતાં અને એમની અનેક પ્રવૃત્તિઓનો એમને ભોગ આપવો પડ્યો હતો. આ બધું તો હરકોઈ માતા માટે સ્વભાવિક હતું એવું સ્વીકાર્યા છતાં એમના મનમાં એક એવી ગ્રંથિ બંધાઈ ગઈ હતી કે પોતે એ સામેના પૂર્વગ્રહોમાંથી મુક્ત થવા અસમર્થ હતાં એમ તેમણે જણાવ્યું. સુશીલાબહેન સાથેની વાતચીતમાંથી તરી આવેલી આ વિગતથી અમારી મૂંઝવણ વધી. હવે કોયડારૂપ સુનયના ન રહેતાં સુશીલાબહેન બની ગયાં. મૂંઝવતા બાળકની જગાએ મૂંઝવતી માતાનો એ કિસ્સો બન્યો. અમારી પાસે એવા કોઈ નિષ્ણાત મનોવૈજ્ઞાનિકો ન હતા કે જે સુશીલાબહેનનો કેસ હાથમાં લઈ સુનયના અંગેની અમારી મૂંઝવણ દૂર કરી શકે. પણ અમને સુનયના અંગે અમારે શું કરવું જોઈએ એની એક સ્પષ્ટ દિશા મળી ગઈ. અમે સૌએ ભેગા મળી સુનયનાને બને તેટલી વત્સલતાની હૂંફ આપવાનું વિચાર્યું અને એ મુજબ એને અંગે વિવિધ વિગતો નક્કી કરી. રમતગમત તેમ જ સંગીતનો એને ઘણો શોખ હતો. એમાં એને ઉત્તેજન આપી એની પ્રગતિમાં અમે ઊંડો રસ લેવા મંડ્યા. માતાનો પ્રેમ આપવાનો દાવો તો અમે કેમ કરી શકીએ પણ સુનયનાને અમે ખૂબ હેતથી નવાજવા માંડી અને બધા કાર્યક્રમના જાગૃત પ્રયત્નને પરિણામે સુનયનાને શાળામાંથી છૂટી કરવાની પરિસ્થિતિમાંથી અમે ઊગરી ગયા. વખત જતાં તેનું વર્તન વધુ સ્વાભાવિક બન્યું, એના ઉધમાત ઓછા થયા અને રમતગમત તથા સંગીતમાં આગલી હરોળમાં સ્થાન મેળવી તે શાળાની એક અગ્રગણ્ય વિદ્યાર્થિની બની ગઈ.

૩. મધુમતી

મધુમતી આઠમી શ્રેણિની વિદ્યાર્થિની હતી. એક દિવસે બહુ ઉશ્કેરાયેલી હાલતમાં હોય એવી તે મારી પાસે આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ફરિયાદ કરવા લાગી: "ઝીણાભાઈ, અમે અહીં કઈ રીતે ભણી શકીએ?"

મેં પૂછ્યું: "શું થયું છે જે?"

તે બોલી: "તમને કઈ રીતે તે કહી શકું?"

એટલે મેં હસતાં હસતાં કહ્યું: "તે તને એમ લાગે છે કે તારા મનમાં જે કાંઈ હશે તે જાણવાની વિદ્યા મારી પાસે છે? તું મને કહે નહિ, તો મને કેવી રીતે સમજાય?"

એટલે તે બોલી: "ના, મારાથી કહી શકાય એમ નથી. તમે મારી સાથે ચાલો એટલે તમને હું બતાવું."

હું તેની સાથે તેના વર્ગમાં ગયો. વર્ગ એ વખતે ખાલી હતો. કારણ કે બધાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ ઉદ્યોગમાં ગયાં હતાં. પોતે જે પાટલી પર બેસતી હતી ત્યાં મધુમતી મને લઈ ગઈ અને પોતાના ઢાળિયાનું ઢાંકણું ઉઘાડી ત્યાં પેન્સિલથી લખાયેલાં ત્રણ વાક્યો તરફ આંગળી કરી તે બોલી: "આ વાંચો."

"મધુમતી, હું તને ચાહું છું." (Madhumati, I love you) એવા અર્થવાળું એક વાક્ય ત્રણ વખત પેનસિલથી ત્યાં આલેખાયેલું હતું. ક્ષણેક વાર હું તે જોઈ રહ્યો: અને પછી બોલ્યો: "ઓહો, આમાં તે કયું મોટું આભ તૂટી પડ્યું'તું કે તું આટલી બધી ઊંચીનીચી થઈ ગઈ હતી?"

એટલે તે થોડોક રોષ કરતી બોલી: "તે તમને તો જાણે આમાં કાંઈ ખોટું જ નથી લાગતું. બીજા વાંચે તો કેવું ખરાબ કહેવાય?"

મેં કહ્યુ: "એમાં ખરાબ શાનું? તેં ઓછું જ કાંઈ ખોટું કર્યું છે? ખરાબ તો જેણે આ લખ્યું હોય તેણે કર્યું છે. તારે તો એને ભૂંસી નાખવું જોઈતું હતું."

મારી વાત સાંભળતાં તે વધુ ધૂંવાંપૂંવાં થવા માંડી. મેં એ બાબતને સહેજ પણ વજૂદ આપ્યા વિના એને પોતાના ઉદ્યોગ વર્ગમાં જવા જણાવ્યું. મારાથી નાખુશ જણાતી કચવાતે મને તે ઉદ્યોગવર્ગમાં ગઈ. એના ગયા બાદ તરત જ એ વર્ગની પાસે જ અમારો ચિત્રવર્ગ હતો તેમાંથી શ્રી રસિકભાઈને હું બોલાવી લાવ્યો અને તેમની પાસે પેલાં ત્રણ વાક્યો 'સિલ્વર પેપર' ઉપર ટ્રેસ કરાવી લઈ મેં રબરથી કાઢી નાખ્યાં.

આ બનાવને એકાદ પખવાડિયું વીતી ગયું. વચ્ચે એક-બે વાર મધુમતીને મારે મળવાનું થયું હતું. પણ ત્યારે આ વાત નીકળી ન હતી. એક દિવસ એના વર્ગમાં બધાં હાજર છે એની ખાતરી કરી લઈ પેલા વાક્યમાં જે શબ્દો વપરાયા હતા તેમાં આવતા અક્ષરોનો જેમાં ઉપયોગ થઈ શકે એવા પચીસ ત્રીસ શબ્દો મેં ગોઠવી કાઢ્યા હતા. જેમ કે Mad, Mat, You વગેરે. એ શબ્દો મધુમતીના વર્ગમાં શ્રુતલેખનના એક સ્વાધ્યાય તરીકે મોકલી આપી મેં સૂચના મોકલાવી કે એકેએક વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીએ આ શ્રુતલેખન લખવું જ જોઈએ. આવી રીતે એ શબ્દો લખાઈ રહ્યા કે તરત તે બધાં કાગળિયાં મારી પાસે આવ્યાં. સિલ્વર પેપર પરનાં પેલાં મૂળ વાક્યો સાથે આમાંથી કેટલાક કાગળો પરનાં લખાણો મેં સરખાવી જોયાં અને હું જે અનુમાન પર આવ્યો હતો તેમાં કાંઈ ભૂલ થતી ન હતી એમ મને લાગ્યું. આમ છતાં મેં રસિકભાઈને બોલાવ્યા અને તેમને પણ એ કાગળિયાં તપાસવા સૂચવ્યું. તેમનો અભિપ્રાય મારી સાથે મળતો થયો. તેમના ગયા બાદ મધુમતીને મેં ઑફિસ-માં બોલાવી. તેનું મોં પડી ગયેલું હતું અને તે અસ્વસ્થ જેવી જણાતી હતી. મેં પૂછ્યું: "મધુમતી, પેલાં વાક્યો કોણે લખ્યાં હતાં તે તેં શોધી કાઢ્યું?"

એટલે કંઈક મૂંઝવણમાં હોય તેમ તે બોલી: "ના ઝીણાભાઈ, મને કંઈ ખબર નથી પડી."

એટલે તેને મેં વધુ નજીક બોલાવી અને જરાક સખ્ત અવાજે કહ્યું: "જો મધુ, તું જાણે છે, છતાં વાત છુપાવે છે, એ બરોબર છે?" અત્યાર સુધી આવું આવું કરી રહેલાં આંસુ તેની આંખમાંથી ડબડબ પડવા માંડ્યાં. ખૂબ સહાનુભૂતિથી તેને મારી નિકટ તેડી તેના ખભા પર હાથ મૂકી મેં કહ્યું: "આવું તારે શા માટે કરવું પડ્યું હતું?" અને તે તરત ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી.

હકીકત એમ હતી કે એ લખાણ મધુમતીએ પોતે જ લખ્યું હતું-અને મને એ જે દિવસે પોતાના વર્ગમાં લઈ ગઈ હતી ત્યારનો જ એ વહેમ આવ્યો હતો. એટલે જ મેં એ લખાણ ટ્રેસ કરાવી લીધું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધુમતી અમારે ત્યાં એક જાહેર વસતિગૃહમાંથી ભણવા આવતી હતી. એ જે જ્ઞાતિની હતી તે જ્ઞાતિનાં સ્ત્રીપુરુષો સામાન્ય રીતે ઘણાં રૂપાળાં હોવાનું લેખાય છે. મધુમતી પણ રૂપાળી કહી શકાય એવી હતી. પરંતુ એની સાથેની બીજી બેત્રણ છોકરીઓ એના કરતાં પણ વધુ રૂપાળી હતી. આ વાત જાણે એને ખટકતી હોય તેની એક વિકૃતિ તરીકે પોતે ઘણી રૂપાળી છે તેમ જ પોતાના તરફ વિદ્યાર્થીઓ આકર્ષાય છે એવી પોતાના વર્ગનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિની ઉપર છાપ પાડવા તેણે આ તરકીબ વિચારી કાઢી હતી. તેની ગણતરી એવી હતી કે પોતાની એ યોજનામાં મારો પણ તે સારી રીતે ઉપયોગ કરી લઈ શકશે. તેણે એવું માની લીધું હતું કે એ લખાણ માટે હું આખા વર્ગનો ઊધડો લઈ આવું ફરીથી ન બને એ માટે સૌને ચેતવણી આપીશ, અને આમ આડકતરી રીતે પોતાની વધુ રૂપાળી બહેનપણીઓનાં મનમાં પણ પોતે કેટલી બધી રૂપાળી છે કે એને માટે કોઈકને આવું લખવાનું મન થયું, એવા વિચાર તે પ્રેરી શકશે. પણ મેં તો એ વાતને હસી જ કાઢી હતી એથી એની એ યોજના પડી ભાંગી હતી. પણ પોતે પકડાઈ જશે એવું એણે તો સ્વપ્ને પણ કલ્પ્યું નહોતું. એથી એને ઘણો આઘાત લાગ્યો.

મેં એનો ઊભરો કંઈક શાંત થતાં એના મનની વાત ખૂબ સહાનુભૂતિપૂર્વક એની આગળ ઉકેલતાં કહ્યું: "આમ તો તું રૂપાળી છે જ, પણ બહારનું રૂપ એ તો એક દેખાવ જ હોય છે. ખરું રૂપ તો આપણા સદ્‌ગુણોમાં રહેલું હોય છે." અને આમ કહી તેને ગાંધીજી અંગે વિચાર કરવા મેં સૂચવ્યું. (એ વખતે ગાંધીજી હયાત હતા.) આમ તો ગાંધીજીને કોણ રૂપાળા કહે, પણ બધા એમનાં દર્શનને માટે કેવા અધીરા બની જતા હતા? અને એ પછી મારી પોતાની પણ સહેજ મજાક કરી લઈ મેં કહ્યું કે: "જો દેખાવ પરથી જ માણસની પસંદગી થતી હોય તો મારા જેવા સ્થૂળ શરીરવાળા ને ઠીંગણા માણસને કોણ આચાર્ય બનાવે?" થોડોક વિનોદ કરી અને હળવી વાતો કરી તેના મનની તંગ હાલત મેં ઓછી કરી અને તેણે જે કંઈ કર્યું હતું તે માટે એનો તિરસ્કાર ન કરતો હતો એવો એને મારી વાતથી વિશ્વાસ બેસવા માંડ્યો. એ પછી તો અવારનવાર તેને બોલાવી કોઈ કોઈ વાર તેને ચીડવી તેની આ ગ્રંથિ દૂર કરવામાં તેને મેં ઠીક ઠીક મદદ કરી.

મધુમતીની ઘટનાથી આપણાં કેટલાંક બાળકો આપણને કલ્પનામાં પણ ન આવે એવી કેટલીક ક્ષુલ્લક બાબતોથી પણ કેટલાં બધાં દુઃખી રહેતાં હોય છે એનો મને સતત ખ્યાલ રહેવા લાગ્યો. એમનાં એ દર્દો સામે એકમાત્ર ઓસડ એ સૌને માટેના અખૂટ અને નિઃસ્વાર્થ પ્રેમમાં રહેલું છે, એ માટેની મારી પ્રતીતિ વધુ દૃઢ થઈ.

સાભાર સ્વીકાર

કાયર : લે. રાજેન્દ્ર શર્મા. અનુ. નટવરલાલ જાની. પ્ર. નિકહમલ પ્રકાશન. કિં. રૂા. ૪. પૃ. ૨૪૮. **ચિરંજીવ પ્રેમ** : લે. ડૉ. મેરી સ્ટોપ્સ. અનુ. યશવંત દોશી. કિં. રૂા. ૩. પૃ. ૧૬૬. **સત્યાગ્રહી શહીદો** : લે. રામનારાયણ ના. પાઠક. પ્ર. ત્ર્યંબકલાલ દવે. કિં. રૂા. ૩-૮-૦. પૃ. ૧૦૪. **રામરસ** : લે. સરોદ. પ્ર. જયતિલાલ દોશી. રાજકોટ. કિં. રૂા. ૧-૮-૦. પૃ. ૧૧૨. **અર્ચના** : લે. સ્નેહયોગી. પ્ર. દિનેશચંદ્ર જરીવાલા. સુરત. કિં. રૂા. ૧-૮-૦. પૃ. ૮૦. **અમર-જ્યોત** : લે. શયદા. પ્ર. એ બડી મોજ પ્રિન્ટીંગ પ્રેસ. કિં. રૂા. ૧-૮-૦. પૃ. ૭૬. **ગીત-નિર્ઝર** : સં. ભીખુ વ્યાસ, બાબુ શાહ, કુલીન પંડ્યા. કિં. રૂા. ૦-૧૩-૦. પૃ. ૧૪૪. **હારાર્પણ** : લે. નટવરલાલ ઈ. દેસાઈ. પ્ર. ગુજરાતી પ્રિન્ટીંગ પ્રેસ. કિં. રૂા. ૧-૪-૦. પૃ. ૬૮. **મુકુલ** : પંદર ટૂંકી વાર્તાઓનો સંગ્રહ. પ્રથમ આંતર શાળેય વાર્તાહરીફાઈ. પ્ર. આચાર્ય મંડળ, સુરત. કિં. ૦-૮-૦. પૃ. ૧૮૦. **વિચારદર્શન** : સં. પ્ર. મા. ગ. રાંગણેકર, મુંબઈ. કિં. રૂા. ૦-૮-૦. પૃ. ૮૯. **કાવ્ય-મંદાકિની** : લે. અને પ્ર. પં. જયદેવ હીરજી કવિ. કિં. રૂા. ૦-૮-૦. પૃ. ૬૯.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૉબર્ટ શરવૂડ— અગ્રણી અમેરિકન નાટકકાર

રમણલાલ જે. જોષી

ગઈ નવેમ્બરની ૧૪મી તારીખે અમેરિકાના અગ્રણી નાટકકાર રૉબર્ટ શરવૂડનું ૫૯ વરસની ઉંમરે ન્યૂ યૉર્કમાં મરણ થયું. પત્રકાર તરીકે પોતાની કારકિર્દી શરૂ કરી તે ઉત્તરોત્તર નાટકકાર, નાટ્યવિવેચક અને રંગભૂમિપ્રણેતા થયા હતા. ફ્રાન્સ અને હૉલીવૂડમાં ચલચિત્રોના આલેખનમાં પણ શરવૂડે કામ કર્યું હતું. Rene Clair સાથે તેમણે 'The gohst goes West' પર કામ કર્યું અને 'Pride and Prejudice'ને પણ રૂપેરી પડદા પર ઉતાર્યું. નાટક માટે તેમને ત્રણ વાર પુલિત્ઝર પારિતોષિક મળ્યું હતું: ૧૯૩૬માં 'Idiot's Delight' માટે, ૧૯૩૯માં 'Alie Lincoln in Illinois' માટે અને ૧૯૪૧માં 'There shall be no night' માટે. ૧૯૩૭થી ૧૯૪૦ સુધી શરવૂડ 'Authors' League'ની 'Dramatists' guild'ના પ્રમુખ હતા. 'American National Theatre and Academy'ના પ્રમુખ તરીકે અને 'National Institute of Arts and Letters'ના સભ્ય તરીકે પણ તેમણે પોતાની સેવાઓ આપી હતી. ઇન્સ્ટિટ્યૂટ તરફથી તો નાટ્યક્ષેત્રમાં તેમની વિશિષ્ટ સેવાઓની કદરરૂપે એક સુવર્ણચંદ્રક પણ તેમને એનાયત થયો હતો.

૧૮૯૬માં ન્યૂ રેશલમાં શરવૂડ જન્મ્યા હતા. તેમના પિતા, આર્થર મરી શરવૂડ શેરદલાલ હતા. રંગભૂમિ માટે તેમને ગજબનો પ્રેમ હતો. તેમનાં માતા, રોઝિના(એમેટ) શરવૂડ એક આઈરિશ દેશભક્તના વંશનાં હોવાથી એ ઉપરથી તેમના પુત્રનું નામ એ રાખવામાં આવ્યું હતું. તે પોતે પણ રેખાંકન અને ચિત્રમાં પ્રવીણતા મેળવી ઠીક ઠીક પ્રસિદ્ધિ પામ્યાં હતાં.

નાનપણથી જ રૉબર્ટમાં મોટી ઉંમરના માણસ જેવી સમજણ હતી. તેમણે પોતાની લેખક અને તંત્રી તરીકેની કારકિર્દી સાત વરસની ઉંમરે શરૂ કરી હતી. તેમણે હાર્વર્ડની મિલ્ટન અકાદમી(જ્યાં શરવૂડે પોતાનું પહેલું નાટક 'Barnum was right' લખ્યું હતું)માં શિક્ષણ લીધું હતું. ૧૯૧૭માં પહેલા વિશ્વયુદ્ધમાં ભાગ લેવા માટે તેમણે જ્યુનિયરના વરસમાં હાર્વર્ડ છોડયું, આગળ જતાં ૧૯૧૮માં તેમણે બી. એ.ની ઉપાધિ મેળવી. 'Canadian Black Guard'માં તે દાખલ થયા અને કદાચ બધા સૈનિકોમાં તે સૌથી ઊંચા હતા. તેમની ઊંચાઈ બરાબર ૭ ફૂટ અને સાત ઈંચની હતી! (આવા જ કારણને લઈને તેમના પિતા પણ રંગભૂમિના તખ્તા પર નહોતા આવી શકયા.) તેમણે ફ્રાન્સમાં નોકરી કરી, એરમાં તેમને ગૅસ થયો અને આમિયામાં તે ઘવાયા. થોડાક મહિના દવાખાનામાં રહ્યા. શરૂઆતથી જ રૉબર્ટ શરવૂડ યુદ્ધને ધિક્કારતા અને એમાંથી તે બહાર આવ્યા ત્યારે યુદ્ધ વગરની દુનિયા માટે લડવાના નિશ્ચય સાથે આવ્યા. (તેમને યુદ્ધની ભયંકરતાનો એવો તો જાતઅનુભવ હતો કે તેમનાં લગભગ ઘણાંખરાં નાટકોમાં તે વિવિધરૂપે દેખા દે છે.) પાછળથી યુદ્ધોત્તર કાળમાં અન્ય સર્વ ઉદારમતવાદીઓની જેમ શરવૂડ પણ ધરીસત્તાઓનો લડાઈ માત્રથી પ્રતીકાર કરવાના અભિપ્રાય પર આવ્યા હતા.

તે હાર્વર્ડમાં હતા ત્યારે તેમણે 'Lampoon' માટે 'Vanity Fair' અંકનું સંપાદન કર્યું હતું અને ૧૯૧૯ની શરૂઆતમાં 'Vanity Fair'ના સંપાદકમંડળમાં નાટ્યવિવેચક તરીકે જોડાવાનું તેમને આમંત્રણ મળ્યું હતું. બીજે જ વરસે, રૉબર્ટ બેન્ચ્લેની સાથે, ડૉરોથી પારકરની અયોગ્ય ટીકાના વિરોધમાં તેમણે રાજીનામું આપ્યું. ત્યાર બાદ તે પોતાના જૂના અને જાણીતા 'Life'-માં જોડાયા અને નિયમિત રીતે ચલચિત્ર વિવેચનનું કૉલમ શરૂ કર્યું. જો કે 'Vanity Fair'માં ડૉરોથી પારકરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ દિશામાં અલબત્ત ઉપયોગી કામ કર્યું હતું તો પણ રૉબર્ટ શરવૂડને 'ચલચિત્રવિવેચનના પિતા' માનવામાં આવે છે એમાં તથ્ય જરૂર છે. તેમણે એ વસ્તુને વધુ વ્યવસ્થિત અને સંગીન પાયા પર મૂકી. ૧૯૨૪માં તે 'Life'ના તંત્રીપદે આવ્યા અને ૧૯૨૮ સુધી તે સ્થાને રહ્યા. ('ન્યૂ યૉર્ક હેરલ્ડ'માં પણ તેમણે કામ કર્યું હતું. થોડો સમય તે સ્ક્રીબ્નર મૅગેઝીનના સાહિત્યવિભાગના સંપાદક હતા.

ઊંચો મજબૂત બાંધો, ધીમો છતાં કઠોર અવાજ, પારાવાર શરમાળપણું અને સૌજન્યશીલ ઉદાર સ્વભાવને લઈને રૉબર્ટ એક 'કૅરેક્ટર' જેવા લાગતા હતા! મોટા મેળાવડા તેમને ગમતા નહિ, પરંતુ મિત્રમંડળમાં તે સોલો સૉંગ્ઝ અને નૃત્યો માટે જાણીતા હતા. તે ખૂબ ખૂબ કમાતા અને એટલી જ ઉદારતાથી ખર્ચી જાણતા. 'There shall be no night'ની બધી જ રૉયલ્ટી તેમણે રેડક્રૉસને આપી દીધી હતી. નાટક લખતાં પહેલાં તે ખૂબ મનન-ચિંતન કરતા અને પછી એકદમ ઝડપથી કાગળ પર ટપકાવી નાખતા. તેમને મોંઢા પરના સ્નાયુઓના સણકાનો ભયંકર રોગ (Tic Doloureux) હતો. એના ઊથલા વારંવાર આવતા. પરંતુ શરવૂડ તો સૈનિક હતા ને! આ મુશ્કેલી વચ્ચે પણ તેમણે સખત કામ કર્યું. ૧૯૩૧માં તેમણે સરે (ઇંગ્લૅન્ડ)માં ઘર અને ખેતર ખરીદ્યું અને ઘણુંખરું ઉનાળામાં તે ત્યાં રહેતા. અત્યારે તો લંડનનાં નિરાશ્રિત બાળકોથી તે ખીચોખીચ ભરેલું છે.

વૉલ્ટ વ્હિટમૅન એક કાવ્યમાં કહે છે: 'One's self I sing, a single separate person.' યુરોપના સંસ્કારવારસાના પાયા પર અમેરિકન સાહિત્યકારોની 'નિજત્વ'ની શોધ આ રીતે જ સક્રિય બની હતી. એના પુરોહિત પણ કદાચ વ્હિટમૅન જ હતા, ત્યારથી આરંભી સાહિત્યનાં અનેક સ્વરૂપોમાં તેમણે સારો એવો પુરુષાર્થ કર્યો છે. તેમને સિદ્ધિ કેટલા પ્રમાણમાં મળી છે અર્થાત્ આપણે અત્યારે અભિપ્રેત નાટકની વાત કરીએ તો શેક્સ્પિયર જેવો નાટકકાર અમેરિકન સાહિત્યક્ષેત્રે જન્મ્યો છે કે કેમ એ સવાલ જ પ્રસ્તુત લાગતો નથી. મુખ્ય વસ્તુ પ્રજાના પ્રાણમાં કેટલી ખુમારી હતી તે છે. મહાન વિશ્વયુદ્ધ સુધી તો અમેરિકામાં નાટકો જ ન હતાં એમ કહેવું ભાગ્યે જ અયોગ્ય લેખાશે. સમકાલીન જીવનનાં અને ક્ષણિક રસાનંદ આપનારાં નાટકોનાં મૂલ્ય કેવળ ઐતિહાસિક અને સામાજિક દૃષ્ટિએ જ આંકી શકાય. યુજીન ઓ'નિલનાં નાટકોની સમાલોચના કરતાં પ્રો. વૂડબ્રીજે આ વિશે ઇશારો કર્યો પણ છે. પરંતુ વીસમી સદીની અધવચમાં તો અમેરિકન નાટકોનાં નામ ઍટ્લૅન્ટિક ઓળંગવા લાગ્યાં હતાં. ઓનિલનાં 'All Gods' children got Wings' અને 'Desire under the Elms,' એલ્મર રાઇસનું 'The adding machine,' મૅક્સવેલ ઍન્ડરસનનું 'What price Glory,' સિડની હોવર્ડનું 'The Silver Cord,' પોલ ગ્રીનનું 'The Suffetown outlaws' વગેરે નાટકો યુરોપમાં જાણીતાં થયાં હતાં, એમાં રૉબર્ટ શરવૂડનું 'The Road to Rome' પણ હતું.

અમેરિકામાં વીસમી સદીના બીજા દાયકામાં નાટકના ક્ષેત્રમાં નવી જાગૃતિ આવી રહી હતી. ધંધાદારી નટમંડળો સિવાય એક બીજો વર્ગ પણ ઊભો થઈ રહ્યો હતો. હાર્વર્ડ યુનિવર્સિટીમાં પ્રો. જૉર્જ પીઅર્સ બેકર ઊગતા નાટ્યકારોને પ્રોત્સાહન આપતા હતા. ન્યૂ યૉર્કની બહાર પણ આ પ્રવૃત્તિ વિકસતી જતી હતી. આ બધાને પરિણામે ૧૯૧૫માં બે બિનધંધાદારી નાટકમંડળીઓ ઊભી થઈ. એક Washington square players અને બીજી Provincetown Players (જો કે આ શીર્ષક ભાગ્યે જ યોગ્ય હતું, તે કાયમી સંસ્થા ન થઈ શકી. પરંતુ અમેરિકાના શ્રેષ્ઠ નાટકકાર યુજીન ઓનિલ એના સભ્ય હતા અને તેમનાં નાટકો રજૂ કરવાનું માન તેને મળ્યું હતું). દરમિયાન કેટલાક ઉત્સાહી યુવકોના પ્રયાસથી 'The Theatre Arts Monthly પણ શરૂ થયું. ૧૯૧૪માં યુજીન ઓનિલે પોતાનો પહેલો એકાંકીસંગ્રહ પ્રગટ કર્યો. ૧૯૧૬થી ૧૯૧૮ના ગાળામાં તેમનાં ચાર નાટકો તો ભજવાઈ ચૂક્યાં અને ૧૯૨૦માં તો તે પોતાની એક ગણનાપાત્ર કૃતિ 'Emperor Jones' લઈ હાજર થયા. આ સમય દરમિયાન જ અનેક નવા નાટકકારો પોતાની કલમ સ્થિર કરતા જતા હતા. ૧૯૨૦ની અધવચમાં તો અમેરિકન તખ્તા પરથી બીજાં નાટકોને જાણે કે તેમણે દેશવટો આપ્યો હતો! યુજીન ઓનિલ અને એલ્મર રાઇસ, ફિલીપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જૅરી અને મૅક્સવેલ ઍન્ડરસન, પૉલ ગ્રીન, બહરમન અને શરવૂડ આદિનાં નાટકો અમેરિકન તખ્તા પર ચમકવા લાગ્યાં હતાં. અમેરિકામાં નાટકોનો જાણે કે જુવાળ આવ્યો હતો. સૌને એક વાતની પ્રતીતિ થતી જતી હતી કે નાટકોના ક્ષેત્રમાં અમેરિકાનું દારિદ્રય હવે ફીટવા માંડ્યું છે. નવી આશાનાં એંધાણ સ્પષ્ટ આકાર લઈ રહ્યાં હતાં.

અને આ બન્યું એમાં કોઈ એક સર્જકનો ફાળો ન હતો, એ એક આખી આબોહવા હતી. કોઈ પણ દેશમાં કીમતી નાટકોનો જુવાળ આવે છે તે કોઈ એકાદ નાટકકારના પ્રયત્નને આભારી હોતો નથી. સૉફોક્લિસ, શેક્સપિયર કે ઇબ્સન કાંઈ એકલા ન હતા. સૉફોક્લિસની આસપાસ ઍસ્કાઈલિસ, યુરિપિડિઝ અને ઍરિસ્ટોફેનિસ જેવા કલાકારો હતા. શેક્સપિયરનું કામ એક રીતે અદ્વિતીય અને તેમની અસર ઘણી મોટી હોવા છતાં તેમની આસપાસ પણ માર્લો અને બેન જૉન્સન, બેબ્સ્ટર અને શર્લિ, મેસિન્જર અને મિડલ્ટન જેવા સર્જકો હતા, ઇબ્સનને પણ બ્યોર્ન્સન, સ્ટ્રીન્ડબર્ગ આદિ સાથીદારો હતા. તેમ અમેરિકામાં યુજીન-ઓનિલ, મૅક્સવેલ, ઍન્ડરસન, શરવૂડ, બહરમન આદિ નાટકકારોએ ભેગા મળી અમેરિકન નાટકને સમૃદ્ધ કર્યું છે, એને સ્થિર વ્યક્તિત્વ આપ્યું છે, નવી નવી નાટ્યશૈલીઓ વિકસાવી છે.

સુંદર સંવિધાન અને ફિલસૂફીભર્યું દૃષ્ટિબિંદુ શરવૂડનાં લખાણોમાં તરત જ નજરે તરી આવે છે. આ એક એવો નાટકકાર છે જે પ્રકૃતિએ વિચારક છે, એક પ્રદેશમાંથી બીજામાં તે કૂદકા ભરે છે. પરંતુ એને હજુ પોતાનું ધ્રુવપદ મળ્યું નથી. હાસ્યવૃત્તિની એનામાં કમીના નથી, પરંતુ પોતાની સ્વભાવગત ગંભીરતા કૉમેડીની રચનામાં એને કાંઈક બાધારૂપ નીવડે છે અને પોતાના ખ્યાલોનું વળગણ એને એટલું બધું છે કે ઘડીભર તે નાટક લખી રહ્યો છે એનું જ એને વિસ્મરણ થાય છે! નાટકના ક્ષેત્રમાં તેમનું પહેલું ગણનાપાત્ર અર્પણ 'The Road to Rome' (૧૯૨૭) છે. આ કૃતક ઐતિહાસિક કૉમેડીમાં શૉની અસર સ્પષ્ટ વરતાય છે. 'Caesar and Cleopatra'ની ધાટીએ તેમણે આ નાટક લખવા પ્રયાસ કર્યો છે. નાટકકાર એવા કોઈક મુગ્ધ ખ્યાલમાં છે કે યુદ્ધ એ કેટલીક નાદાન વ્યક્તિઓની પરાક્રમઘેલછાનું પરિણામ છે અને સાદી-સીધી સમજણથી તે સહેજમાં નિવારી શકાય. રોમને હેનીબાલની તાકાતે પડકાર આપ્યો છે અને ફેબિયસનું લશ્કર વિનાશમાંથી ઉગારી લેતું નથી પણ ફેબિયસની પત્ની એમિટિસની એક વાસ્તવિક મજાક (Wit) ઉગારી લે છે. રિંગ લાડર્નરની એક વાર્તાનું નાટ્યરૂપાંતર કરવાનો નિષ્ફળ પ્રયાસ તેમણે 'The Love Nest' (૧૯૨૭)માં કર્યો અને 'Waterloo Bridge' (૧૯૩૦) ને Sentimental drama બનાવવા જતાં એવી જ નિષ્ફળતાને તે વર્યા. એક સૈનિક અને વેશ્યાની કથા રજૂ કરતા આ નાટકમાં જીવનની કાળી બાજુ પર તેમણે જાણે નિબંધ ન લખ્યો હોય એવું થઈ ગયું છે! પરંતુ ૧૯૩૧માં 'Reunion in Vienna' રચીને શરવૂડે પોતાની બ્રૉડવે પ્રતિષ્ઠા પુનઃસ્થાપિત કરી દીધી, એટલું જ નહિ પણ એને કાંઈક સ્થિર પાયા પર મૂકી. તેમની નાટકકાર તરીકેની કારકિર્દીમાં તો પૂરાં દશ વર્ષ તો બ્રૉડવેમાં શરવૂડની બોલબાલા રહી. ઉપરોક્ત કૃતિમાં તેમણે ઊંચી કોટિનું મનોરંજન તો આપ્યું જ પણ મોલ્નરનું એવું તો સફળ અનુકરણ કરી બતાવ્યું કે ઘડીભર સૌને આશ્ચર્યમુગ્ધ કરી દીધાં. એમાં એક દેશનિકાલ થયેલો હેટસબર્ગ પોતાની પહેલાંની પત્ની (અને હવે તો એક સાઈકોએનાલિસ્ટની ગૃહિણી બનેલી) પાસે આવે છે, અને પૂર્વસ્મૃતિને કારણે કોઈ માનસિક સંઘર્ષ ન જન્મે એટલા માટે પોતાની પ્રેયસી સાથે થોડો સમય ગાળવાની તે માગણી કરે છે. પોતાની વાત તે આ માનસશાસ્ત્રીને ગળે ઉતારી શકે છે. આમાંથી એક શુદ્ધ મજાકનું વાતાવરણ ઊભું થાય છે! આડકતરી રીતે માનસવિશ્લેષણનો ઉપહાસ થતો હોય એવો દેખાવ થયા છતાં મનની વૃત્તિઓનું ચગડોળ જોવાનો લહાવો પ્રેક્ષકો લઈ શકે છે! મધ્ય-યુરોપીય કૉમેડીની સાથે બંધ બેસે એવું આ નાટકનું સ્વરૂપ છે જેથી કોઈને એમાં એટલી બધી મૌલિકતા કદાચ ન પણ જણાય. પરંતુ આ કૃતિનું એક બીજું મૂલ્ય પણ છે અને તે એ કે પોતાના પરગણાની આબોહવા તે લઈ આવે છે! વૉશિંગ્ટન સ્ક્વૅર પ્લેયર્સ જેની આતુરતાથી રાહ જોતા હતા તે ગ્રામીણ તત્ત્વ અહીં જોવા મળે છે. શરવૂડ જાણે બૂડાપેસ્ટમાં ન જન્મ્યા હોય એવો કોઈને ખ્યાલ આવે. અમેરિકન કલ્ચર ઉપર જે આક્ષેપો થતા હતા તેનો સત્ત્વશીલ જવાબ તેમણે આ નાટક દ્વારા આપ્યો છે. આની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ ખુદ મોલ્નરની કૃતિઓ ફિસ્સી લાગે. આ કૃતિમાં વિચારસંભૃત નર્મમર્મનું કેવું તો ખુશનુમા વાતાવરણ તેમણે સર્જ્યું છે.

પરંતુ શરવૂડની ખૂબી એ હતી કે તે એકની એક વાત બીજી વાર ન લાવતા. તેમનો પ્રયાસ એક તરફ અમેરિકનતત્ત્વની શોધ કરવી એ હતો તો બીજી બાજુ તેમની પ્રતિભા પૂરતી નવતાપ્રેમી હતી. ૧૯૩૫માં તેમનું 'The Petrified Forest' પ્રસિદ્ધ થયું. આ નાટક સફળ નીવડ્યું, પ્રેક્ષકોએ પણ તેને ઉમળકાભેર વધાવી લીધું. બ્રોડવેની બધી હાસલીલાને અકબંધ જાળવી રાખીને આ બોધાત્મક Vandevilleમાં–મેલોડ્રામેટિક ફાર્સમાં – તેમણે ચાલુ સળગતા સવાલોમાંથી ઉપદેશ તારવી કાઢ્યો છે. શરવૂડ પોતાના ધંધાની તરકીબ જાણતા હતા. પ્રસિદ્ધ નાટ્યવિવેચક બર્ન્સ મેન્ટલને શરવૂડે એક વાર લખેલું : "I have come to the conclusion that to be a successful playwright you have to cheat a little." તે એક એવા તો સુસજ્જ કારીગર હતા અને નર્મમર્મની તેમનામાં એટલી તો માતબર શક્તિ હતી કે તે શૂન્યમાંથી પણ બ્રહ્માંડ રચી શકે! અહીં એક ખૂબ સંસ્કારી પણ જીવનમાં નિષ્ફળ નીવડેલો કવિ કંટાળીને એરિઝોનાના રણમાં રખડે છે અને આધ્યાત્મિક નિર્ભ્રાન્તિની તેની નવદૃષ્ટિનાં પ્રતીક રચે છે. આમ નિર્દોષ છતાં બળવાખોર તત્ત્વોનું જેનામાં વિલક્ષણ મિશ્રણ થયું છે તે પ્રોપ્રાયટરની છોકરી સાથે તેને પ્રણય થાય છે. રણના છેડે આવેલા એક રેલવે સ્ટેશન પર નાટક ભજવાય છે. અન્ય પાત્રો પણ આકર્ષક છે. ડ્યૂક મેન્ટર એક નવી કોટિના પરાક્રમમાં રમમાણ છે—ઉત્તરોત્તર વધુ ને વધુ દુષ્ટ બનવાનું પરાક્રમ! એક છેલબટાઉ જેના પ્રેમમાં પડે છે તે 'ગેબી' ભાવિના ગર્ભમાં આશાનો અંકુર રહ્યો છે તે દર્શાવે છે. ચબરાકિયા સંવાદો, વાસ્તવિક પાત્રાલેખન, સુતીક્ષ્ણ હાસ્ય (Humour), અસરકારક શૈલી વગેરે નાટકની તખ્તાખ્યાતિ વધારનારાં તત્ત્વો અહીં મોજૂદ છે. તેમ છતાં Symbolism લાવવાનો લેખકે જાણે યોજનાબદ્ધ પ્રયાસ ન કર્યો હોય એમ લાગે છે અને એને લઈને નાટકમાં એક જાતના Chaosનો પરિચય થાય છે. જેને શરવૂડ 'પ્રકૃતિ–Nature' કહે છે તેનું જ રાજ્ય જોવા મળે છે. જ્યારે બારીના કાચ પર ગોળીઓ અથડાતી હોય છે ત્યારે આ પ્રણયી યુગલ ઉંબરા પર એક બીજાના હાથમાં ઢળી પડે છે. આ નાટકમાં એવી તો દ્વિ–અર્થાત્મકતા (Ambiguity) છે કે અર્થ તો શું પણ લાગણીનાં સ્પન્દનો પણ પકડાઈ શકતાં નથી. 'ડોન ક્વિઝોટ'નો પહેલો ભાગ પૂરો થયા બાદ એના લેખકે પોતાને મળવા આવેલા મિત્ર આગળ એકરાર કર્યો કે આ કૃતિ રચવા પાછળ પોતાનો શો આશય છે તે વિશે કાંઈ પ્રસ્તાવ કરી શકે એમ નથી. પેલા મિત્રે જણાવ્યું કે કશા ખુલાસા કે અર્થ આપવા પ્રયત્ન જ ન કરવો, એટલું જોવું કે સામાન્ય વાચકોને કંટાળો ન આવે અને વિશિષ્ટ વાચકો એનો અસ્વીકાર ન કરે. આ પ્રસંગ ટાંકીને Joseph Wood Krutch કહે છે કે શરવૂડની પ્રસ્તુત કૃતિને પણ આ વાત બરાબર લાગુ પડે છે! નાટકનો પ્રધાન સૂર નિરાશાનો હોવા છતાં તે કોઈ પણ વાસ્તવલક્ષી નાટક કરતાં ઊંચી કોટિનું બન્યું છે અને પ્રેક્ષકોને તો એણે ઉત્તમ પ્રકારનું મનોરંજન આપ્યું છે એની કોઈનાથી ના પાડી શકાય એમ નથી.

ઉપરોક્ત નાટકમાં જોવા મળેલી પાકટશૈલીનો વધુ સઘન સ્પર્શ 'The Idiot's Delight' (૧૯૩૬)માં મળ્યો છે. આ નાટકમાં કોમેડી કરતાં ફાર્સનાં તત્ત્વો વિશેષ છે. લેખકને પોતાના વિચારો રજૂ કરવાની એટલી બધી તો તાલાવેલી છે કે એને લઈને કવચિત્ કાર્યવેગ થંભી જતો લાગે છે. ૧૯૩૨માં જ્યારે ફાસીઝમ અને નાઝીઝમની ધાકધમકી આકાર લેતી જતી હતી ત્યારે શરવૂડે 'Acropolis' લખ્યું. આ નાટક સ્પાર્ટાના સત્તાશાળી રાજ્યે એથેન્સની લોકશાહીનો વિનાશ કર્યો–પેરિક્લિસના સુવર્ણ યુગનો અંત આવ્યો એ વિશેનું હતું. ૧૯૩૩માં લંડનમાં તે રજૂ થયું. છાપાંએ નાટક વખાણ્યું, પરંતુ જનતાને તે કંટાળાજનક લાગ્યું અને ત્રણ અઠવાડિયામાં તે ઊડી ગયું. આથી નિરાશ થઈને શરવૂડ જ્યારે ન્યૂ યૉર્ક પાછા ફરી રહ્યા હતા ત્યારે આખી દુનિયા ઘૂમી વળેલા એક મિત્રે તેમને આ મતલબનું કહ્યું : "સૌથી વિશેષ આનંદદાયક સ્થળ મેં જોયું હોય તો તે હરબીન, મંચુરિયા છે. અહીંની 'મોડર્ન હોટેલ'માં અખિલ માનવજાતિનું પ્રતિનિધિત્વ તમને જોવા મળે. પરંતુ અહીં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેતાં મનુષ્યો યુદ્ધના ભયથી સતત ફફડતાં હોય છે. જ્યારે જ્યારે ઍરોપ્લેનની મોટરો સંભળાય છે ત્યારે ત્યારે આ લોકો બારી તરફ ધસી જાય છે કે બૉમ્બવર્ષા કરનારા આખરે અહીં પણ આવી પહોંચ્યા છે કે શું." આ વાતચીત-માંથી 'The Idiot's Delight'નો જન્મ થયો. ૧૯૩૬ના માર્ચમાં આ નાટક વૉશિંગ્ટનમાં ભજવાયું. યુદ્ધની ઘોર કાલિમાને પડછે અર્વાચીન જીવનના આધ્યાત્મિક દેવાળાને કેવો તો ઉઠાવ મળે છે! વાસ્તવિક નાટક તરીકે તે ઘણી પ્રસિદ્ધિ પામ્યું અને બ્રૉડવેમાં તો એણે રંગત જમાવી. યુદ્ધની ભયાનકતા અહીં વેધક સ્વરૂપે વ્યક્ત થાય છે. દૃશ્ય હરજીનની 'મોડર્ન હોટલ'નું છે. ત્યાંની નાઈટ-ક્લબના મનોરંજન કાર્યક્રમનો વડો હૅરી અને એની પત્ની ઇરિન મુખ્ય નાયક નાયિકા છે. ઇરિન હૅરીને પૂછે છે કે તે જાણે છે કે સારુંય વિશ્વ યુદ્ધે ચઢ્યું છે? હૅરી જવાબ આપે છે કે તે પોતે જાણે છે. પરંતુ એ વિશે વાત કરવાની તેની ઇચ્છા નથી.

ઇરિન કહે છે: "હું જાણું. આપણને મારી નાખવાના હેતુથી–તને અને મને બન્નેને."

બહાર બૉમ્બ પડે છે. હૅરી પિયાનો વગાડવાનું બંધ કરે છે.

"કારણ કે આપણે તો નાનાં મનુષ્યો છીએ–અને આપણે માટે ભયંકરમાં ભયંકર શસ્ત્રો તે સૌથી વધારે કરુણાભર્યાં છે. ("Because we are the little people and for us the deadliest weapons are the most merciful.")

બીજો મોટો બૉમ્બનો ધડાકો.

હૅરી: આ લોકો નજીક આવતા જાય છે.

ઇરિન: હૅરી, તને કોઈ સ્તોત્ર આવડે છે?

હૅરી: કયું?

ઇરિન: તને કોઈ સ્તોત્ર આવડે છે?

હૅરી: જરૂર.

તે પિયાના પર Onward, Christian Soldiers ['ખ્રિસ્તી સૈનિકો આગળ વધો'] વગાડે છે...તે ઇરિનને પિયાનોની નજીક ઢસડે છે. સ્તોત્ર ચાલુ રહે છે. ઇરિન પણ એમાં શામિલ થાય છે. બન્ને ગાઈ ઊઠે છે: Marching as to war [આગળ વધવાનું જાણે યુદ્ધ તરફ'].

રૉબર્ટ શરવૂડનું ઐતિહાસિક નાટક 'Abe Lincoln in Illinois' અમેરિકાના પ્રમુખ અબ્રાહામ લિંકનનું જીવન રજૂ કરવાના પ્રયાસરૂપે છે. આ નાટક કૌતુકરંગી (રોમૅન્ટિક) એટલું જ ઉપદેશાત્મક (ડાયડેક્ટિક) હતું. પરંતુ તે એટલું બધું પ્રસિદ્ધ ન થયું. 'There shall be no night' (૧૯૪૦)માં રશિયા વિરુદ્ધ ફિન્લૅન્ડનો કેસ રજૂ કરવા જતાં નાટકને નુકસાન થયું છે. પરંતુ એ સમય જ એવો હતો. શરવૂડે પોતે એને પ્રચારનું નાટક ગણાવેલું અને રાજકીય પરિસ્થિતિમાં ફેરફાર થતાં તેમણે પોતાના નાટકનાં પાત્રો ફેરવેલાં. આ કૃતિમાં પણ તેમને પ્રમાણમાં ઓછી સફળતા મળી.

શરવૂડે યુદ્ધની પાશવતા નજરોનજર નિહાળેલી. પોતાનાં નાટકોમાં આ સંવેદનશીલ નાટકકારે સુધરેલી ગણાતી માનવજાતિની આ ઘેલછાને ઉપહાસવિષય બનાવી, શાંતિનો સંદેશ આપ્યો. વર્ષો લગી બ્રૉડવેના પ્રેક્ષકોને શુદ્ધ હાસ્ય અને નર્મમર્મની લહાણ કરી. જ્યારે અન્ય અમેરિકન નાટકકારો સમાજનો ભોગ થઈ પડેલા ભગ્નાશ મનુષ્યનું ચિત્ર દોરવામાં ગૂંથાયા હતા ત્યારે શરવૂડે જનતાની અભિરુચિ સમજી હાસ્યવિનોદના પ્રવાહીમાં ઉપદેશની ગોળી પાઈ દીધી. અમેરિકન રંગભૂમિના વિકાસમાં પોતા તરફથી પણ મૂલ્યવાન અર્પણ કર્યું. સામયિકોમાં નાટ્ય-વિવેચનને સંગીન પાયા પર મૂકી આપી જનતાની અભિરુચિને ઘડવાનો પ્રયાસ કર્યો અને સૌથી વિશેષ તો પોતાના સૌજન્યશીલ સ્વભાવની સૌરભ તે સર્વત્ર વેરતા ગયા. 'The Rugged Path' (૧૯૪૫)માં વિનનના પાત્રરૂપે શરવૂડે પોતાનું આત્મચિત્ર દોર્યું છે એમ કહેવાય છે. વિનન આખી દુનિયા ઘૂમી વળે છે અને છેવટે પોતાના ઘર–આંગણાનું છાપું ચલાવવા પાછો આવે છે; રૂઢિચુસ્ત તત્ત્વો સાથે સંઘર્ષમાં ઊતરે છે, અને નૌકાદળમાં નામ નોંધાવીને માનવજાતિમાંની પોતાની શ્રદ્ધાને પુનઃસ્થાપિત કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુરોપનો પ્રવાસ—૪

સન્મુખલાલ પંડ્યા

પેરિસ, ૨૦-૫-'૫૧

હન્ચ બૅક ઑફ નૉત્રદામની નવલકથા વાંચી હોય અને તેની મહાન ફિલ્મ જોઈ હોય તેમને તો આ દેવળનું આકર્ષણ —મારા જેવાને— ઘણું હોય એ સ્વાભાવિક છે. આ ભવ્ય મંદિર ૧૨મી સદીમાં બંધાયલું અથવા પૂરું થયેલું. ઈતિહાસના અનેક તડકા-છાંયડા એણે પણ જોયા છે, અને અમારા જેવાં અનેક પતંગિયાં એની આસપાસ ફરી જાય છતાં એનું ગંભીર વાતાવરણ તો હતું તેવું જ રહે છે. એના ત્રણ લાંબા વિશાળ વિભાગો સ્થાપત્યકલાના નમૂનારૂપ અતિ ભવ્ય છતાં સુકોમળ લાગતી એની ઊંચી કમાનો arches, અને અવાક્ બનાવી દે એવી મનોહર અને રંગીન Stained glass—કાચની બારીઓ—એ બધાના સમગ્ર સંસ્કારથી કલ્પના સચેતન બની પાછલા યુગોમાં ભમે છે. એ સુરેખ graceful કમાનો મંદિરનાં શિખરોનો ભાર ઝીલે છે કે દૃષ્ટિને ગગનગામી બનાવે છે એ પ્રશ્ન મીઠી મૂંઝવણમાં નાખે છે અને એ વિશાળ રંગીન બારીઓ કેટલાય રસિક ભકતજનોની પ્રસાદી છે? ક્રાઇસ્ટની અને અનેક સંતમહંતોની જીવનકથા આલેખતી એ બારીઓમાં કલાકારોએ વર્ષોનાં વર્ષો સુધી ભકિતભાવથી સૌન્દર્ય ભર્યું છે. આમ યુગો યુગોની સંચિત પ્રસાદી થોડી ક્ષણોમાં આપણે જોઈ લેવાની, સ્મરણસંગ્રહમાં સંગ્રહી લેવાની—આ કેવી અપ્રમાણુતા?

પ્રવેશદ્વાર ઉપરની વિશાળ ગોળ બારી મંદિરને અંદરને બીજે છેડેથી — લગભગ ૫૦૦ ફૂટને અંતરેથી — પાછળ થતા સૂર્યાસ્તના સોનેરી પ્રકાશમાં એટલી બધી ભવ્ય અને મનોહર લાગી કે એ બીજી વાર જોવાનો સંકલ્પ સહજ થઈ ગયો. નૅત્રદામમાં બીજી વાર રવિવારે સવારે પ્રાર્થના સમયે ગયાં એટલે એ બારીનું સૌન્દર્ય ફરીથી જોઈ શકયાં અને કૅથરૂનું ઑરગનનું મધુર સંગીત સાંભળી શકયાં અને ભક્તિમયું વાતાવરણ અવલોકી શકયાં. આવું શાંત ગંભીર ઉત્તેજક વાતાવરણ આપણાં મંદિરોમાં ક્યારે સ્થપાશે? આપણાં કેટલાંક મંદિરોમાં સાયંકાલની આરતીને સમયે મધુર વાતાવરણ અનુભવ્યું છે પણ એમાં સંયમ અને વ્યવસ્થા ઉમેરાય તો વાતાવરણ કેવું uplifting—ઉન્નત અને પ્રેરક બને? પ્રભાતે અને સાયંકાલે રમણ મહર્ષિના આશ્રમમાં વેદોનું સંગીત સાંભળેલું ત્યારે અને એક પ્રસંગે ગાંધીજીના સાબરમતીના આશ્રમમાં સવારે ચાર વાગે પ્રાર્થના સમયે, વૃત્તિઓને શાંત પાડતું, ભકિતરસ રેલાવતું હૃદયસ્પર્શી વાતાવરણ અનુભવેલું.

શરૂઆતમાં લખવાનું રહી ગયું કે આ વર્ષે પેરિસ (ફ્રેન્ચો ઉચ્ચારે છે પારી) નગર પોતાની ૨૦૦૦મી જન્મતિથિ ઊજવે છે. કથા એવી છે કે આ નગર ૨૦૦૦ વર્ષ પહેલાં જન્મેલું. થોડાં ઘરોવાળું એનું પુરાણું જન્મસ્થળ અમને દૂરથી દેખાડવામાં આવ્યું પણ પાસે જવાનું ખાસ આકર્ષણ ન થયું. પરંતુ પેરિસ તો હમેશાં જન્મોત્સવ ઊજવવાની મનોદશા અનુભવતું દેખાય છે. જીવનનો ભાર તો સહુને થોડોવધારે ઊંચકવાનો હોય છે પણ આ લોકો સ્વભાવે જ Carefree સંતોષી અને આનંદી દેખાય છે, અને છે.

સાત દિવસોમાં ઑપેરા અને ફોલી બર્જર જેવાં છ પ્રખ્યાત નાટ્યભવનો અમે જોયાં. રંગભરી અરેબિયન નાઈટ્સની કાલ્પનિક કથાઓ વિદ્યુતને વેગે એક પછી એક જાણે આકાશમાંથી પૃથ્વી પર ઊતરી. જીવનના નાના મધુર પ્રસંગો, કલ્પનાદેશની રસિક વાર્તાઓ, ઇતિહાસના અનેક પડછાયાઓ, ઉલ્લાસ અને વ્યથાભરી વાસ્તવિક જીવનનાં પ્રતિબિંબ પાડતી દંતકથાઓ અને Fantasis—શ્લોકાર્થમાં—નવરસ જમાવતાં મોહક દશ્યો રંગભૂમિ ઉપર જોયાં. ક્ષણે ક્ષણે નવતા ધરતી રંગભૂમિમાં અને આસપાસ એટલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધાં યાંત્રિક સાધનો હતાં કે એક ક્ષણે રેતીના રણમાં પૂર્વ દેશની સમૃદ્ધિ અને વાતાવરણભર્યો કોઈ સુલતાનનો મહેલ જોઈ એ, બીજી ક્ષણે નોત્રદામના ભવ્ય કેથીડ્રલનું પ્રતિબિંબ દેખાય, એક ક્ષણે ગ્રીક કલાસ્વામીઓએ સર્જેલા મંદિરમાં (Muses) રસપ્રતિમાઓનાં દર્શન થાય, બીજી ક્ષણે વર્ષો પહેલાં ઊજવાયલા નીસના વસંતોત્સવમાં ભાગ લેતી કન્યાઓનાં પ્રતિબિંબો રંગભૂમિ ઉપર પાછળ ગોઠવેલ મોટા આરસામાં દેખાય, એક ક્ષણે હિમાદ્રિ ઉપરથી પડતા જલપ્રપાત પાસે આદમ અને ઈવનો, હવે તો ઐતિહાસિક બનેલો પ્રસંગ, રજૂ થાય અને બીજી ક્ષણે લૂઈ ૧૪માના કલાસમૃદ્ધ રાજમહેલનો કોઈ સ્મરણીય પ્રસંગ આલેખાય.

અમારા ફ્રેન્ચ ભાષાના અજ્ઞાનને લીધે સંવાદો અને ગીતોની વિશેષતાઓ સમજવી મુશ્કેલ હતી પણ પ્રોગ્રામમાં આપેલાં દશ્યો અને ગાયનોનાં અંગ્રેજી શીર્ષકો અને ભાવવાહી અભિનયને લીધે મોટે ભાગે મૂળ પ્રસંગોનું રસતત્ત્વ સમજાતું અને આહ્લાદક લાગતું.

Things that wind says to leaves
After midnight of a fawn
Village wedding
Last hour

નર્તનાત્મક રસોત્સવના–બેલે અને કાર્નિવલના રમ્ય વાતાવરણમાં નાટ્યકલાવિશારદ પાત્રો જુદી જુદી ભાવવાહી નર્તન શૈલીમાં ઉપર લખ્યાં છે તેવાં અનેક શીર્ષકોને સચેતન બનાવતાં અને રંગભૂમિ ઉપર રસ રેલાવતાં. એકલી રંગભૂમિ ઉપર જ નહિ પણ આખા વાતાવરણમાં એક ક્ષણે એક દશ્ય સાથે રંગભૂમિ જમીનમાં ઊતરી પડે અને બીજા દશ્ય સાથે બીજી રંગભૂમિ ઉપર આવે, એક દશ્યનું રસતત્ત્વ દૃષ્ટિ સંગ્રહ કરે તે પહેલાં તો આકાશમાંથી તારા અને તારિકાઓનાં તત્ત્વો Sprits of thes tars–રૂપ ધરીને રંગભૂમિ ઉપર ઊતરે–રંગભૂમિને સ્પર્શ કરે તે પહેલાં તો બીજી રસમૂર્તિઓ — Nymphs — પડદા પાછળથી, બાજુઓમાંથી અથવા પ્રેક્ષકોની પાછળથી વાતાવરણમાં ઊડતી તેજભરી ચમકતી રજકણો શી રંગભૂમિ ઉપર ઊતરી પડે. પ્રેક્ષકો જ્યોતિષામ્ મધ્યચારી છે કે એ રસમૂર્તિઓ Muses અને નર્તકીઓ કોઈ આકાશગંગાને તીરે સ્વચ્છંદે એકાંતમાં વિહાર કરે છે એ સંભ્રમ થઈ જાય છે. શાકુંતલ સમયના વલ્કલથી વીંટાયલી એક તન્વી કાલિદાસને અધિક મનોજ્ઞ લાગેલી તો આજના–કરોળિયાની જાળ જેવા સૂક્ષ્મ–ફ્રેન્ચ રેશમનાં વલ્કલોથી પરિવેષ્ટિત તન્વીઓની પરંપરા એ કવિકુલગુરુને અધિકતર મનોજ્ઞ બનીને કેવી સુંદરતમ કાવ્યપંક્તિઓનો સર્જક બનાવત એ પ્રશ્ન અમને વારંવાર થયો.

નવરસભર્યાં ભારતનાં કાવ્યપુરાણોમાં ઇન્દ્રનું આસન ડોલાવવા માટે કે તપસ્વીઓનો ગર્વ ઉતારવા માટે ઋષિઓને સંસારપથમાં બાંધવા માટે કે તેમાંથી મુક્ત કરવા માટે કવિઓએ ઇન્દ્રસભાની ઇન્દ્રજાળમાં પરિવેષ્ટિત ઇન્દ્રાણીઓને કલ્પી છે. પારીના કલાકારો એ ઇન્દ્રસભાને આજે અનેક રીતે રંગભૂમિ ઉપર ઉતારે છે અને મોહક ઇન્દ્રજાળો પાથરે છે.

પારીના વિશાળ department stores — વિભાગપ્રધાન વસ્તુસંગ્રહો પ્રેન્તો ગેલેરી લાફાયત જેવા વિશાળ department stores અને એના ભવ્ય રાજમાર્ગોને શોભાવતી મનોહર Shop Windowsની પરંપરા ઇન્દ્રનગરનું વાતાવરણ સર્જે છે. આકાશમાં સ્વચ્છંદે ઊડવા માટે હજુ પાંખો જડી નથી પણ પ્રેન્તો સ્ટોરમાં ચાલતા દાદર Moving Stairway — ઉપર ૩-૪ માળ ચઢવાની મંજુને બહુ મજા આવી, આપણે પગથિયાં ઉપર ઊભા રહેવાનું –ઊંચે જવાનું કામ પગથિયાં કરે. એ પગથિયાં ઉપર કેમ ચઢ્યાં અને કેમ ઊતર્યાં એ આશ્ચર્ય હજુ પણ મંજુને મૂંઝવ્યા કરે છે.

પારીનાં ભ્રમણોમાં એના મહાવિશાળ નગરચોક પ્લેસ ડ લા કોન્કોર્ડમાંથી કેટલીય વાર ગયાં આવ્યાં અને આશ્ચર્યમુગ્ધ બન્યાં. નગરચોકના મધ્યબિંદુ તરીકે ઇજીપ્તથી આણેલો Obelisk કીર્તિસ્તંભ શોભાને શતગણી બનાવે છે પણ એ ૨૦૦ ફૂટ ઊંચો સ્તંભ ફ્રેન્ચ વિજેતાઓ કેવી રીતે પારીમાં લઈ આવ્યા એ પ્રશ્ન સહુ કોઈને ગૂંચવે છે. એ નગરચોકમાં ચારે પાસ ઊડતા ફુવારા પારીના ઉલ્લાસમય જીવનનાં પ્રતીક છે. સ્થળે સ્થળે–રાજમાર્ગોમાં, ઉદ્યાનોમાં, અનેક પ્રકારનાં ભવનોમાં કલાત્મક મોટી પ્રતિમાઓ દૃષ્ટિને સ્થિર કરે છે. નગરચોકમાં ચારે પાસ મનોહર રીતે ગોઠવાયલી પ્રતિમાઓ પારીની ભવ્યતામાં વધારો કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોકમાં રાત્રે રોશની Illuminations–થાય છે ત્યારે મધ્યનો કીર્તિસ્તંભ, ચારે પાસ ઊડતા ફુવારા અને મનોહર મૂર્તિની પરંપરા ઘણું મોહક દૃશ્ય સર્જે છે. કાલિદાસે આજે મેઘદૂત લખ્યું હોય તો સંદેશો લઈ જતા મેઘને થોડો માર્ગ બદલીને પણ રાત્રે આકાશમાંથી આ નગરચોક જોવાનું પ્રલોભન જરૂર આપત. રાતની ખાસ રોશનીમાં પારી એટલુ બધું મોહક બને છે કે મેઘ પણ ભ્રમમાં પડીને માર્ગ ભૂલી જઈને,

गन्तव्या ते वसतिरलका नाम यक्षेश्वराणां
बाह्योद्यानस्थितहरशिरश्चन्द्रकाधौतहर्म्या ।

આવું અલકાનું સ્પષ્ટ અભિધાન મળ્યા છતાં પારી જોઈને એના સામ્યને લીધે મેઘ કદાચ અમરુનો અદ્વૈતવાદ અનુભવીને, સા સા સા સા ગાતે ગાતે થોડી વાર પણ ત્યાં થંભીને પછી આગળ જાત.

રાત્રે પારીની રોશની જોઈને મારા જેવા અલ્પમતિને આટલા બધા પ્રશ્નો થયા તો કાલિદાસનો રસિક આત્મા આ બધું જોઈને કેટલો મૂંઝવણમાં પડી જાત? ક્વ સૂર્યપ્રભવો વંશઃ ગાનાર કલાસ્વામીની મૂંઝવણને પરિણામે જગતને બીજું મહાકાવ્ય અવશ્ય પ્રાપ્ત થાત.

શિપિંગ કૉન્ફરન્સના યોજકોએ મહેમાનો માટે પારીમાં આનંદ કરવા માટે પણ થોડો ક્રમ ગોઠવ્યો હતો. કૉન્ફરન્સ પૂરી થયા પછી સરસ મોટરોમાં પારીથી લગભગ ૪૦ માઈલ દૂર શેટો શાન્ટિ જોવા અમને લઈ ગયા. લખાય છે Chateau અને ઉચ્ચારે છે શેટો શાન્ટિ ફ્રેન્ચમાં બધું આમ જ થાય છે એટલે અમારી મઝા અને મૂંઝવણ બન્ને વધે છે. યુરોપના અમીરો અને ઉમરાવો રમ્ય સ્થળોએ કિલ્લાઓ, શિકારસ્થાનો, વિહારઉદ્યાનો બાંધતા એવા અનેક શેટો ફ્રાન્સમાં પણ છે. મોટે ભાગે હવે તો કાલપ્રવાહને પરિણામે એ સમસ્ત પ્રજાનાં મ્યૂઝિયમો અને વિહારસ્થાનો બની ગયાં છે. શેટો શાન્ટિનાં ઉદ્યાનો અને ઉપવનો બહુ રમ્ય અને વિશાળ છે. કિલ્લાના વિવિધ ખંડોમાં કલાના અનેક સુંદર નમૂનાઓ ઐતિહાસિક વાતાવરણ અને કલ્પનાને ઉત્તેજિત કરે છે. એવી સરસ શાન્તિમાં ત્યાં ફર્યા. બહુ મઝા આવી તે ભુલાશે નહિ.

ફ્રેંચ કલાકારોનું પારીનું ઉપનગર એટલે મોંમાર્ત. કલાના ઘણા ભક્તો લક્ષ્મીની અવગણના કરીને અથવા લક્ષ્મીથી રિસાઈને ત્યાં વસે છે. લેખકો, ચિત્રકારો, શિલ્પકારો ત્યાં પોતાની કલાની આરાધના કરતા સ્વચ્છંદે વસે અને વિહરે એવી ત્યાંની પ્રણાલિકા છે. બીજું તો શું થઈ શકે? એ Quaint ઉપનગરમાં ફર્યાં. ત્યાંના એક કાફેમાં કોફી પીધી, શાંત વાતાવરણમાં સહુને સ્વચ્છંદે ત્યાં ફરતાં જોયાં. આમ જોયું મોંમાર્ત.

આકર્ષણ બહુ હતું એટલે એક સાંજે વરસાઈલનાં ઉદ્યાનોમાં પાછાં ગયાં, ફર્યાં, રસળ્યાં ને ઊડતા સુંદર ફુવારાઓની પરંપરા જોઈ. ઊડતા ફુવારાનું સૌન્દર્ય કલ્પ્યું. દૃષ્ટિમર્યાદા પહોંચે ત્યાં સુધીમાં ઉપવનો અને જલાશયો હતાં, વિવિધ માનવભાવોને મૂર્ત કરતી મનોહર મૂર્તિઓની પરંપરા હતી. ત્યાં રસળીને ધનભાગ્ય અનુભવતાં પાછાં ફર્યાં.

શુ. મોટાભાઈ

તા. ક. અહીંનાં ઘણાં વર્તમાનપત્રોમાં સાહિત્ય, કલા, ઇતિહાસ આદિ અનેક વિષયોના ઉચ્ચ ભૂમિકાના લેખો વારંવાર આવે છે. એમાં એકમાં વાંચ્યું કે વરસાઈલના મહેલોનો વિસ્તાર ૨૫ એકર જેટલો છે. ઉદ્યાનો ૩૭૫ એકરમાં વિસ્તાર પામ્યાં છે. ૩૦૦ વર્ષ પછી હવે એ જર્જરિત થવા માંડ્યાં છે અને બધાંને સમારવાનો અડસટ્ટો ૫–૬ કરોડ રૂપિયાનો છે. પચીસેક વર્ષ પહેલાં રોકફેલર ટ્રસ્ટે વરસાઈલના સમારકામ માટે ૧–૨ કરોડ આપેલા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજી પંચવર્ષીય યોજનામાં સમાજજીવન : સુધારણાનો કાર્યક્રમ

સુમન્ત મહેતા

હિંદી પ્રજાના સામાજિક જીવનને સુધારવા માટે આવતાં પાંચ વર્ષની અંદર રૂ. ૯૪૬ કરોડનો ખર્ચ કરવાની યોજના છે. પ્રજાજનોના રોજ-બ-રોજ જીવનનો સામાજિક, નૈતિક તથા આર્થિક વિકાસ થાય તેટલા માટે તેમને આજે જે પ્રકારની સગવડો મળે છે—શિક્ષણની, આરોગ્ય સુધરે તે માટેની, મકાનોની, મજૂરોના જીવનની સુધારણાની વગેરે વગેરે—તેને માટે નીચે પ્રમાણે ખર્ચ કરવાની જોગવાઈ કરવામાં આવશે :

શિક્ષણ (પ્રાથમિકથી ઉચ્ચ)	રૂ.	૨૨૦ કરોડ
આરોગ્ય (શહેરોને પાણી આપવા સાથે)	રૂ.	૨૬૭ ,,
રહેઠાણ (મકાનો)	રૂ.	૧૨૦ ,,
મજૂરકલ્યાણ માટે	રૂ.	૨૬ ,,
પછાતવર્ગોના ઉત્કર્ષ માટે	રૂ.	૯૦ ,,
પ્રજાકલ્યાણની ખાનગી પ્રવૃત્તિઓ	રૂ.	૨૮ ,,
નિર્વાસિતોને ઠેકાણે પાડવાની	રૂ.	૯૦ ,,
શિક્ષિત બેકારોને ઉપયોગમાં લેવા માટે	રૂ.	૫ ,,

આ યોજનામાં દારૂબંદીના પ્રશ્નનો પણ સમાવેશ કરવામાં આવશે.

પ્રજાજનોને પૂરતું કામ મળી રહે એ જોવાની ફરજ સરકારની છે. આખી બીજી પંચવર્ષીય યોજનામાં રૂા. ૪૮૦૦ કરોડનો ખર્ચ કરવાનું ધાર્યું છે, અને તેમાં દરેક મનુષ્યને પોતાનો વિકાસ કરવા માટે "સરખી" તક મળે એવો પ્રયાસ પણ થશે. આવા મહાન પ્રયોગની અંદર વ્યક્તિગત પ્રજાજનોએ તથા સમાજે (ગામપંચાયતો અને અન્ય-સામાજિક સંસ્થાઓએ) સક્રિય અને કીંમતી ફાળો આપવાનું આવશ્યક છે.

હવે આપણે દરેક વિષયની વિગતવાર હકીકતો તપાસીએ.

(૧) આરોગ્યવૃદ્ધિ

પ્રજાનું આરોગ્ય સુધરે તેટલા માટે સંસ્થાઓએ જે જે સગવડો આપવી જોઈએ તેમાં પુષ્કળ વધારો કરીને છેક ગામડાં સુધી (એટલે દરેક વ્યક્તિને) આવી સગવડો મળી શકે તે માટે નીચે બતાવેલાં મુદ્દાઓ પાર પાડવાના છે.

(૧) જે જે ચેપી રોગો પ્રજામાં ફેલાઈ જાય છે તેની અટકાયત.

(૨) હમેશની જરૂરિયાતોની સુધારણા. (પીવાનું પાણી, મનુષ્ય તથા ઢોરના મળનો નિકાલ, કચરાનો નિકાલ, નાહવાધોવાની સગવડ, વધારે સગવડવાળાં મકાનો બાંધી શકાય તે માટે ગામઠાણનો વધારો, ખોરાકી વસ્તુઓની ચોખવટ, રમવા માટે જોઈતાં મેદાનો, આનંદપ્રમોદ માટે બગીચા, વગેરે.)

(૩) હોસ્પિટલો, સેનેટેરિયા અને આરોગ્યખાતાનો વિકાસ.

(૪) વૈદ્યકીય તથા આરોગ્યરક્ષણને લગતું કામ કરનારાઓને ઉત્તમ તાલીમ આપવાની સગવડોમાં સુધારો-વધારો, (દાકતરો, હેલ્થ અમલદારો, નર્સો, દાયણો, હેલ્થ વિઝિટર, બળિયા વગેરે રોગોની અટકાયત માટે રસી મૂકનારાઓ વગેરેને તાલીમ.) અને

(૫) કુટુંબના નિયોજન માટેનો બહોળો પ્રચાર તથા સાધનો મેળવી આપવાની સગવડ. આપણા દેશમાં વૈદ્યકીય મદદ માટે કેટલો વધારો થયો છે અને કેટલો પાંચ વર્ષમાં કરવાનો છે તે નીચેના કોષ્ટક પરથી જણાશે :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ષ	વૈદ્યકીય સંસ્થાઓ	પથારીઓ
૧૯૫૧	૮,૬૦૦	૧,૧૩,૦૦૦
૧૯૫૬	૧૦,૦૦૦	૧,૨૫,૦૦૦
૧૯૬૧	૧૨,૬૦૦	૧,૫૫,૦૦૦

ગામડાંમાં વૈદ્યકીય અને આરોગ્યનાં સાધનો પહોંચી શકે તેટલા માટે નેશનલ વિસ્તાર અને કોમ્યુનિટિ પ્રોજેક્ટમાં આરોગ્યકેન્દ્રો સ્થાપવાની યોજના થઈ છે તે વધારવામાં આવશે. આ કેન્દ્રોમાં રોગોની અટકાયત તથા મટાડવાની સગવડો કરી છે.

વૈદ્યકીય અને આરોગ્યને લગતી તાલીમ લીધેલા દાકતરો તથા આરોગ્યકાર્યકરોની સંખ્યા નીચેના કોષ્ટક પરથી સમજાશે :

	'૫૦–'૫૧	'૫૫–'૫૬	'૫૬–'૬૧	જરૂરિયાત
દાકતરો	૫૯,૦૦૦	૭૦,૦૦૦	૮૦,૦૦૦	૯૦,૦૦૦
નર્સો અને નર્સ-દાયણો	૧૭,૦૦૦	૨૨,૦૦૦	૩૧,૦૦૦	૮૦,૦૦૦
દાયણો-મિડવાઈફ	૧૮,૦૦૦	૨૬,૦૦૦	૩૨,૦૦૦	૮૦,૦૦૦
આરોગ્ય-નિરિક્ષકો	૬૦૦	૮૦૦	૨,૫૦૦	૨૦,૦૦૦
દાઈઓ	૪,૦૦૦	૬,૦૦૦	૪૧,૦૦૦	૮૦,૦૦૦
આરોગ્યખાતાના ઇન્સ્પેકટરો વગેરે	૩,૫૦૦	૪,૦૦૦	૭,૦૦૦	૨૦,૦૦૦

મેલેરિયાનો તાવ, હાથીપગાનો રોગ, ક્ષયરોગ, રક્તપિત્તનો રોગ. આવા રોગોનો ચેપ અટકાવવા માટે અનેક પગલાં લેવાય છે પણ તેમાં પુષ્કળ વધારો કરવાની આવશ્યકતા છે.

ગામોમાં તેમ જ ગામડાંમાં પીવાધોવાનાં પાણી આપવાની સગવડ પુષ્કળ વધારવામાં આવશે. ગામડાંઓમાં પાણી માટે રૂ. ૨૨ કરોડ અને ગામોને માટે રૂ. ૨૬ કરોડ વપરાશે.

આયુર્વેદ તથા યુનાની પદ્ધતિની તાલીમ સુધારવા પાછળ પણ સારા પ્રયાસો થવાના છે.

દૂધ, ઈંડાં, શાકભાજી, અનેક જાતનાં ફળ, માંસ અને માછલીની પેદાશ વધારવાની યોજના પર ભાર મૂકવામાં આવ્યો છે.

સ્ત્રી અને છોકરાંની માવજત તથા આરોગ્યના શિક્ષણ-પ્રચારને મહત્ત્વ ખૂબ અપાયું છે અને છેવટે કુટુંબ-નિયોજન માટે જે જે સ્થાનિક સંસ્થાઓ આ કામ ઉપાડે તેને રાષ્ટ્ર આર્થિક મદદ આપશે. (૨) નર્સો તથા દાક્તરોને યોગ્ય સાધનો વાપરવાની તાલીમ અપાશે, (૩) આ વિષયના જ્ઞાનનો ફેલાવો કરવા માટે વર્ગો કઢાશે, (૪) આ પ્રશ્નની વિગતોમાં શોધખોળ કરવાની પ્રયોગશાળા સ્થપાશે, અને (૫) આ વિષયને લગતા સામાજિક પ્રશ્નોમાં પણ શોધખોળ થશે.

(૨) શિક્ષણનો પ્રશ્ન

આ વિષય ઘણો વિશાળ અને મહત્ત્વનો છે અને તે જુદો લેખ માંગી લે છે.

(૩) રહેઠાણ (મકાનો)

ગામડાંઓમાં ૫૪૦ લાખ એટલે ૫૩/૫ કરોડ ઘરો અથવા ઝૂંપડાં છે. આ બધાંને માટે વધારે મોકળાશ, ઘર બાંધવા માટે ગામઠાણ વગેરેની જોગવાઈ કરવાની છે. જ્યાં સુધી સામાન્ય માણસની આર્થિક સ્થિતિ સુધરે નહીં ત્યાં સુધી હજારે એક ઘર આપણે સુધારી શકવાના નથી.

ગામનો પ્રશ્ન વધારે વિકટ બનતો જાય છે. ૧૯૩૧-'૪૧-માં ગામોની વસ્તી ૧૧૦ લાખ વધી હતી, અને ૧૯૪૧–'૫૧માં ૧૬૩ લાખ વધી એકંદરે લગભગ ત્રણ કરોડ મનુષ્યો ગામોમાં વધ્યાં છે.

સૌથી મોટો પ્રશ્ન ગરીબ મધ્યમ વર્ગના માણસોનાં મકાનોનો છે.

પહેલી પંચવર્ષીય યોજનામાં :

ઔદ્યોગિક વસ્તી માટે ઘરો બંધાયાં	૭૭,૦૦૦
ઓછી કમાણીના માણસો માટે	૪૦,૦૦૦
નિર્વાસિતો માટે	૩,૨૩,૦૦૦
સરકારે બાંધ્યાં	૩,૦૦,૦૦૦
	૭૪૦,૦૦૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછલો સરવાળો	૭,૪૦,૦૦૦
અને ખાનગી લોકોએ બાંધ્યાં	૭,૫૦,૦૦૦
	૧૪,૯૦,૦૦૦
બીજી પંચવર્ષીય યોજનામાં બાંધવાં છે	૨૧,૦૦,૦૦૦

પછાત વર્ગો

શેડ્યૂલ્ડ જ્ઞાતિઓ (હરિજન)	૫૨૧ લાખ
શેડ્યૂલ્ડ કોમ (આદિવાસી)	૧૯૧ ,,
બીજી પછાત પ્રજાઓ	૪૧ ,,
	૭૫૩ ,,

આ પછાત વર્ગો જેમની સંખ્યા ઓછામાં ઓછી ૭½ કરોડ માણસોની છે તેમને શિક્ષણ આપવું, ખેતીકામ તથા હુન્નરઉદ્યોગ શીખવવાં, નોકરીએ લગાડવા એવાં એવાં સેંકડો કામ માટે રૂા. ૯૦ કરોડ ૧૯૫૬–'૬૧નાં વર્ષોમાં ખર્ચવાની યોજના છે.

સામાજિક જીવનના સુધારણા

સ્ત્રીઓને શિક્ષણ આપવું, સરકારે કાઢ્યા છે તે ઉપરાંતના વર્ગો કાઢવા, બાલવર્ગો કાઢવા, સુવાવડખાનાં કાઢવાં, નાનાં ગામોમાં અને ગામડાંઓમાં દવાખાનાં કાઢવાં, સ્ત્રીઓ માટે ઉદ્યોગાલયો કાઢવાં, વ્યાયામશાળાઓ કાઢવી, સેનેટેરિયા કાઢવાં, છાત્રાલયો સ્થાપવાં, શાળાઓ અને કૉલેજો કાઢવી, અનાથાલયો કાઢવાં, આવું આવું કામ આજ સુધી પ્રજાએ ખાનગી નાણાં ઉઘરાવીને કર્યું છે. એમ કહી શકાય કે આવી સંસ્થાઓમાં સર્વત્ર નાણાંની તંગી સહન કરવી પડે છે. પંચવર્ષીય યોજનામાં આવા પ્રજાના ઉત્સાહને ઉત્તેજન આપવાનો નિર્ણય કર્યો છે, અને તેથી "મધ્યસ્થ સમાજ-કલ્યાણ બોર્ડ" દ્વારા આવી સંસ્થાઓને મદદ કરવામાં આવે છે. પહેલી યોજનામાં રૂા. ૬ કરોડ આપ્યા હતા; બીજી યોજનામાં રૂા. ૨૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ભારત સેવકસમાજની પ્રવૃત્તિઓનો પણ એમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

કારીગર, મજૂરવર્ગની ઉન્નતિ

એમાં મજૂરવર્ગની વીમાની તથા પ્રોવિડંટ ફંડની યોજના વગેરે પાછળ લક્ષ આપવામાં આવશે. આ પ્રશ્ન માટે પણ જુદો લેખ લખવા જેવું છે કારણ કે મજૂરોની (કાર્યકરોની) સ્થિતિ સુધારવા માટે અનેક યોજનાઓનો અમલ કરવાનો છે.

દારૂનિષેધ

છેવટે, ઘણા પ્રાંતોમાં ઘણા લોકો એવી માંગણી કરે છે કે કાં તો દારૂનું વ્યસન જડમૂળથી નાબૂદ કરવું, અગર ગેરકાયદે દારૂ ગળાય નહીં એવી સખ્તાઈ કરીને દારૂ ઓછો વપરાય તે માટે જે અનેક પગલાંઓ લેવાં પડે છે તે લેવાં. આ કામ કરવાને માટે દરેક રાજ્યમાં વહીવટી સમિતિઓ સ્થાપવી પડશે જે વખતોવખત આ બાબતના વાતાવરણનો અભ્યાસ કરશે અને કયાં પગલાં લેવાં તેની સૂચના પણ કરશે. આ કામ માટે જે ખર્ચ થશે તેની જોગવાઈ આ યોજનામાં થશે.

આવી રીતે હિંદી પ્રજાના સામાજિક જીવનની સુધારણા માટે બીજી યોજનામાં સગવડો કરવામાં આવી છે.

[અનુસંધાન પૃ. ૨૩૮થી]

ફેલાવ્યો છે એ બાદનું જન્મસ્થાન બનવા બદલ આ કાફે ગર્વ અનુભવે છે. સાર્ત્ર અને એના સાથીઓની બેઠક-ઊઠકને લીધે 'દો મેગો' દુનિયાભરમાં પ્રખ્યાત થઈ ગયું છે. યુદ્ધોત્તર સમયમાં તો વાત એટલી હદે પહોંચેલી કે વિદેશી ટુરિસ્ટ લોકો તાજમહાલની જેમ 'દો મેગો' જોવા અચૂક આવે જ—સાર્ત્રનાં દર્શન થઈ જશે એવી આશાએ. એક્ઝિસ્ટન્શીઅલિઝમના પ્રણેતાઓને યુદ્ધકાળમાં જે ભયંકર ભ્રમનિરસન થયું એમાંથી જાણે કે છૂટકારો મેળવવા જ તેઓ અહીંનો પડોશમાંની 'કાવ' (ગુફા) નામની કલબના બંધિયાર ભૂગર્ભ ભંડકમાં સવારોસવાર ચકચૂર થઈ ને નાચતા.

[ક્રમશઃ]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નોત્રદામમાં નાતાલ* (૨)

ચુનીલાલ મડિયા

પાત જોડે મહોબ્બત

પેરિસની વિશિષ્ટ કહી શકાય એવી લાક્ષણિકતા કઈ?

કોઈ કહેશે, પેરિસની આર્થિક સમૃદ્ધિ. ના. ન્યુ યૉર્ક-નાં નાણાંબજાર કે પાર્ક ઍવેન્યુ સમક્ષ અહીંનું ઝવેરી-બજાર ઝાંખું લાગે. અહીંનાં પ્રાચીન સ્થાપત્યો અને અવશેષો? ના. એ બાબતમાં તો રોમ અને ઍથેન્સનાં ખંડિયેરો વધારે આકર્ષક છે. પેરિસનું લુવ્ર મ્યૂઝિયમ? અલબત્ત, યુરોપનું એ એક અત્યંત સમૃદ્ધ સંગ્રહાલય છે, પણ લંડનનું બ્રિટિશ મ્યૂઝિયમ કે ઇજિપ્તમાં કૈરોનું સંગ્રહાલય પણ કાંઈ કમ ન ગણાય. અહીંની ‘મુલાં રૂઝ’ જેવી નાઈટ ક્લબો ને નૃત્યખંડો? હા, એક વેળા આ બાબતમાં પૅરિસ બેનમૂન ગણાતું. પણ હવે એનો એ ઇજારો તૂટતો જાય છે. નાઝિ આક્રમણ પછી મોંતમાર્ત્રના રાત્રિ-જીવન પર ચચ્ચાર વર્ષ સુધી જે અંધારપટ છવાઈ રહેલો એની અસરમાંથી આ વિસ્તાર હજીય મુકત થઈ શકયો નથી.

તો પછી પેરિસની આગવી વિશિષ્ટતા કઈ? લા સૉર્બોં યુનિવર્સિટી? તેરમી સદીમાં રૉબર્ટ સૉર્બોંએ સ્થાપેલી આ સંસ્થા સૈકાંઓ સુધી સમગ્ર યુરોપ માટે તક્ષશિલા—નાલંદા જેવું વિદ્યાધામ બની રહેલ; પણ આજે તો હાર્વર્ડ કે ઑક્સફર્ડ–કેમ્બ્રિજની પ્રતિષ્ઠા પણ કાંઈ ઓછી નથી.... પેરિસનું સાહિત્ય–કલા–જગત? હા, દુનિયાના કેટલાક ખેરખમ કલાકારો અને બુદ્ધિમાનો અહીં વસે છે. પણ એમ તો, ઇંગ્લૅન્ડમાં પણ બ્લુમ્સબરી બુદ્ધિધનો કયાં નહોતા? સાહિત્યકારો, કલાકારો, વિચારકો વગેરે તો ફ્રાન્સની બહાર પણ વસે જ છે; પણ પૅરિસમાં એમનું જે લાક્ષણિક સ્વરૂપ છે, એમની જે વિલક્ષણ વસાહત છે, એવી દુનિયા આખી-માં બીજે કયાંય જોવા મળે એમ નથી. પેરિસની દુનિયાની ભીતર એ એક અલગ દુનિયા છે. આ બહુરંગી નગરીની જીવનશૈલીમાં સાવ જુદી જ તરી આવે એવી ભાત પાડતી એ એક નિરાલી જીવનશૈલી છે. એ દુનિયાનું નામ ‘બોહેમિયા’ છે, અને એ જીવનશૈલી ‘બોહેમિયન’ કહેવાય છે.

સીન નદીને કાંઠે પાદ્રડીપને વસેલા પેરિસમાં એ વિભાગ સ્પષ્ટ તરી આવે છે. જમણે કાંઠે રાજમહેલ ને ડાબે કાંઠે યુનિવર્સિટી હોવાથી, દરબારીઓ, અમીર-ઉમરાવો, અમલદારો, માલેતુજારો અને વેપારીઓ સહુ જમણે કાંઠે વસ્યા, અને વિદ્યાર્થીઓ, પાદરીઓ, વિદ્વાનો વગેરેએ ડાબો કાંઠો પસંદ કર્યો. એ યુગમાં વિદ્યાલયોની બોધભાષા લેટિન હોવાને કારણે આ આખી વસાહત “લેટિન કવાર્ટર”ને નામે ઓળખાવા લાગી. દરેક શહેરને અને એની દરેક વસાહતને એની એક આગવી ગંધ હોય છે. (એ, સુ-ગંધ ન પણ હોય.) આ લેટિન કવાર્ટરમાંથી પસાર થનારને વાતાવરણમાં ગ્રંથોની ગંધ આવે એવું છે, અને એ ગ્રંથો પણ કેટલા? બજારોની બજારો પુસ્તકોથી ભરી છે. કોઈ જબરજસ્ત વછિયાતી વેપારકેન્દ્રની દાણાપીઠમાં અનાજના ઢગલેઢગલા પડ્યા હોય એમ અહીંની ફૂટપાથ પર પુસ્તકોના પથારા દેખાય છે અને એ પુસ્તકો પણ કેવાં? તબીબી અને ટેક્નોલૉજિકલ વિષયોથી માંડીને પ્રાગૈતિહાસિક કલાનાં આલ્બમો સુધીનું એમાં વૈવિધ્ય. બુદ્ધકાલીન શિલ્પ અને ચિત્રકલાનાં આલ્બમો ભારતમાં કોઈ લાયબ્રેરીમાં પણ કદાચ ન મળે એટલાં અહીં એકેક દુકાનમાં જોવા મળ્યાં. અહીંના બગીચાઓમાં લટાર મારો કે બ્રાશરી (ઉપાહાર-ગૃહો)માં ડોકિયું કરો તો હાથમાં દસદસ બારબાર દળદાર થોથાંઓથી લદાયેલા તરવરિયા જુવાનો જ જોવા મળે.

આવા વિદ્યોપાસક વાતાવરણમાં ન્યુ યૉર્કના ગ્રેનિચ વિલેજ જેવી એક બોહેમિયન દુનિયા વસે છે. બોહેમિયા એટલે

* ફેબ્રુઆરી ૧૯૫૬થી ચાલુ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મસ્ત ફકીરોની દુનિયા; અલગારી, અવધૂત જેવા અને ક્વચિત અઘોરપંથી કહી શકાય એવા કલાકારોની દુનિયા. બોહેમિયા એટલે મુફલિસીની મસ્તી; ખુવારીની ખુમારી. અહીં કડકાબાલુસ કલાકારો દીમાગમાં આવી ખુમારી લઈને ફરતા હોય છે. કહેવાયું છે કે, 'બોહેમિયા ઇઝ ધ પ્રિફેસ ટુ ધ હૉસ્પિટલ, ધ અકાદેમી, ઑર ધ મૉર્ગ.' અહીં વસનાર માણસ કાં તો ક્ષય જેવા જીવલેણ રોગમાં સપડાય. કાં તો એ સાહિત્યિક પ્રતિષ્ઠા પ્રાપ્ત કરીને 'આકાદેમ ફ્રાંસે'માં ચૂંટાય અથવા તો સીધો કબ્રસ્તાનમાં પહોંચે.

અલગારી લેખકોના આ અડ્ડાઓને વિશ્વખ્યાત બનાવ્યા હાંરી મૂર્ગેએ. ૧૮૫૧માં એણે 'સિન્સ દ લા વી દ બોહેમ' નામની નવલકથા લખી અને એના ઉપરથી 'લા વી દ બોહેમ' નામનું નાટક ભજવ્યું. ત્યારથી આ રોમાંચક જીવનશૈલી તરફ દુનિયા આખીનું ધ્યાન ખેંચાયું. પણ આ દુનિયા દૂરથી જેટલી રોમાંચક લાગતી હતી એટલી વાસ્તવમાં રળિયામણી નહોતી. અહીંનાં કાફે અને બ્રાશરીમાં પડ્યાપાથર્યા રહેનારા કલાકારો એવા તો કડકાબાલુસ હતા કે બીઅર કે કૉફી પીવા જેટલા પણ ગજવામાં પૈસા ન હોવાથી સીન નદીનું પાણી જ પીધા કરતા. 'વૉટર-ડ્રિંકર્સ' તરીકે વિખ્યાત થયેલા આ લેખકોને મોત જોડે ગજબની મહોબ્બત. પોષાકખોરાક મળે નહિ; સાજાં-સારાં કપડાં પણ સુલભ નહિ. ગંદાં રહેઠાણમાં થીજવી નાખતી ઠંડીમાં તાપણું પેટવવાનું પરવડે નહિ. જાતીય રોગો અને ક્ષય એમનાં માનીતાં દર્દો. હાંરી મૂર્ગેનો મિત્ર નાદર અપોષણને લીધે માંદો પડ્યો ત્યારે હૉસ્પિટાલમાં એની જોડાજોડ છ લેખકો-કલાકારોના ખાટલા હતા. એમાંથી લા ક્રાઇસ્ટ નામનો તેવીસ વર્ષનો તરુણ કલાકાર ક્ષયની બીમારીમાં મરી ગયો ત્યારે એના પિતાએ એને દાટવાની જવાબદારી પણ ન લીધી. લેખકોએ જ એનો જનાજો ઉપાડવો પડ્યો. પણ જનાજો ઉપાડતાં પહેલાં આ કલાકારો જાતે જંગલમાં જઈને ફૂલ વીણી આવ્યા. જનાજો ઢાંકવા માટે બજારમાંથી ફૂલ ખરીદવા જેટલાં નાણાં જ કોની પાસેથી નીકળે? ફ્રાન્સમાં ઘોર-ખોદિયાઓને એમની મહેનતના બદલામાં 'ટિપ' આપવાનો રિવાજ. લા ક્રાઇસ્ટનું શબ ઘોરમાં ઉતાર્યા પછી આ ઘોરખોદિયાઓ બક્ષિસની લાલચે મોં વકાસીને ઊભા રહેલા. પણ નાદરે નિખાલસતાથી કહી દીધું કે અમારા ગજવામાં પૈસા જ નથી. આ લેખકોએ વારંવાર કબ્રસ્તાનમાં આવવું પડે છે એ હકીકત પેલાઓ જાણતા જ હશે તેથી એમણે ઉદારતાથી કહી દીધેલું: 'કાંઈ વાંધો નહિ; બીજી વાર આવો ત્યારે આપજો.'

માલ્કમ કાઉલીએ 'એક્ઝાઇલ્સ રિટર્ન'માં કહ્યું છે કે આ લેખકોની કબર ઉપર મૂકવા માટે લાકડાનો ક્રૉસ ઘડાવવા જેટલા પૈસા પણ કોઈની પાસે ન મળે; તેથી, એક જ ક્રૉસ વડે તેઓ ગાડું ગબડાવતા. કોઈ નવો લેખક મરે ત્યારે આગલા લેખકની કબર પરનો ક્રૉસ ઊંચકીને નવી કબર પર લગાવી દેતા. બોહેમિયા અને કબર વિશે હાંરી મૂર્ગેએ એક વાર સરસ શ્લેષ કરેલો. એક જર્મન પ્રકાશકે, બોહેમ શબ્દની જોડણીમાં, બોહેમ પ્રદેશના નામ પ્રમાણે ખોટી જોડણી છાપેલી: એણે BOHE'M શબ્દમાં E ઉપર સર્કમ્ફ્લેક્સ સ્વરભાર ^ મૂકેલો. ફ્રેન્ચ ભાષામાં એ સ્વર ઉપર 'ગ્રાવ એક્સેન્ટ'-સ્વરભાર મુકાય છે: Bohe'm. મૂર્ગેએ એ પ્રકાશકને લખેલું: "The Bohe'me I knew was by an marked *accent grave*."

કબર જોડેની કલાકારોની આ દિલ્લગી આજે પણ છેક ઓછી થઈ છે એમ ન કહેવાય. એક આયરિશે વાતવાતમાં ઉલ્લેખ કર્યો કે આજે પણ પૅરિસમાં એક એવી નાઈટ કલબ છે, જેમાં ખુરસી કે સોફાને બદલે કૉફિનના આકારની બેઠકો મૂકવામાં આવી છે. પ્યાલા કે ગ્લાસને બદલે માનવ-ખોપરીના આકારનાં પાત્રો વપરાય છે. આગંતુકો આ જનાજામાં જ બેઠાં બેઠાં એ ખોપરીમાંથી પયપાન કરે છે.

આજથી સો વર્ષ પહેલાં, મોંતમાર્ત્રને છેડે આવેલા બ્રાશરીમાં સાહિત્ય અને કલાનાં ક્ષેત્રોની નામાંકિત વ્યક્તિઓનો મેળો જામતો. 'ફિગેરો' અને 'સ્પેક્તેતૉર'-ના તંત્રીઓ સાથે હાંરી મૂર્ગે, આલ્ફોન્સ દોદે, જિમી વ્હિસ્લર, દુમા વગેરે બીઅર પીતા અને પાઈપ ફૂંકતા. કવિ બોદલેર પોર્ચુગીઝ 'પોર્તો' પસંદ કરતા અને હવાના સિગારનું ધુમ્રપાન કરતા.

કહેવાય છે કે, બોહેમિયન કલાકારોનાં ટપોટપ થતાં મૃત્યુને લીધે કવિ બોદલેરના હૃદયમાં મોતની ધડક પેસી ગયેલી. એનો જિગરજાન મિત્ર પ્રિવેત દ 'ઍંગલમોંત એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધર્માદા હૉસ્પિટાલને મરણખાટલે પડેલો ત્યારે બૉદલેર એની ખબર પૂછવા જતાં પણ ગભરાયેલો. મૃત્યુ વિશે અનેક કાવ્યો–ગીતો રચનાર બૉદલેર પ્રિવેતની અવલમંજલમાં પણ હાજર રહી શક્યો નહિ. ઝડપભેર નજીક આવી રહેલા પોતાના જ મૃત્યુના ઓળાઓએ એને અસ્વસ્થ કરી મૂક્યો હતો.

લેટિન ક્વાર્ટરમાં આજે ઓગણીસમી સદીનું એ ઐતિહાસિક બ્રાશરી નથી. કાફે મોમસ પણ બંધ થઈ ગયું છે. પેરિસનાં બુદ્ધિમાનોની બેઠકો હવે સેંટ જર્મેં દ પ્રે તરફ વળી છે. ત્યાં કાફે દ દો મેગો(Deux Magots)માં આજના પેરિસનું બુદ્ધિધન એકઠું થાય છે. બાઇબલમાં વર્ણવેલ ચાર ડાહ્યા પુરુષોમાંના બેની કાષ્ટપ્રતિમાઓ અહીં મૂકવામાં આવી છે અને એમની છત્રછાયા તળે દુનિયા આખીનું ડહાપણ અહીં ડહોળાય છે. કાફેની સ્ટેશનરી પર જ આ ઉપાહારગૃહની ઓળખ આ રીતે અપાઈ છે: "રાંદેવૂ દ લા એલિત ઇન્તેલેક્ચ્યુલ."

માઈકેલ સેયર્સ નામના એક તરુણ આયરિશ નાટ્યકાર પેરિસમાં રહે છે. હું મુંબઈથી આવ્યો છું, એ ખબર એમને બેટ્ટી રૉયે આપેલા, તેથી એમણે 'દો મેગો'માં એક નાનકડી મિજલસ જેવું ગોઠવ્યું. તરેહતરેહની દાઢી અને વિવિધ આકારની 'ગોટી'થી વિભુષિત કેટલાક ચિત્રકારોને પણ બોલાવેલા. ચારેક કલાક સુધી અલકમલકની વાતો નીકળી. મેં સિન્જથી શરૂ કરીને યેટ્સ, એ. ઈ., સીન ઓ'કાસી, લેડી ગ્રેગરી, ફ્રેંક ઓ'કોનોર વગેરે આયરિશ લેખકોને યાદ કર્યા અને અંગ્રેજી સાહિત્યમાં આયરિશ લેખકોએ કરેલા મૂલ્યવાન અર્પણની પ્રશંસા કરી. પછી, સરખામણી ખાતર નહિ પણ એક ઉદાહરણ રૂપે, ગુજરાતી સાહિત્યમાં સૌરાષ્ટ્રીઓએ કરેલા અર્પણ વિશે વાત કરી. આયરિશ પ્રતિભાની પ્રશંસા સાંભળીને માઈકેલે નિસાસો નાખ્યો: 'અમારી વસ્તી ઘટતી જાય છે!' મેં કહ્યું, 'પણ તમારે ત્યાં તો પિરવારનિયોજન સામે દેવળનો પ્રતિબંધ છે ને?' માઈકેલે વધારે નિરાશાથી કહ્યું: 'એથીય કશો ફેર નથી પડતો, ને વસ્તી ઘટતી જ જાય છે.' મેં ટકોર કરી: 'તમારા આયરિશ લોકો સાઠ વર્ષ પહેલાં પરણવાનું નામ જ ન લે, પછી તો આમ જ થાય ને!'

પછી માઈકેલે મારા ન્યુ યૉર્કના અનુભવો પૂછ્યા. મેં ત્યાં ડિલન ટૉમસના મૃત્યુ અંગે જે કાંઈ વાંચેલું–સાંભળેલું, એ કહ્યું. વાતવાતમાં જાણવા મળ્યું કે માઈકેલ અને ડિલન તો બાળગોઠિયા હતા, શાળામાં પણ સાથે જ ભણતા. ન્યુ યૉર્કમાં બ્રિનિન નામના એક ઉપકવિએ ડિલન ટૉમસના અંતિમ દિવસોનો અહેવાલ આપતું એક પુસ્તક લખ્યું છે. એમાં ડિલન વિશે ઘણાં ચોંકાવનારાં વિધાનો વાંચવા મળેલાં, તેથી એની સત્યતા ચકાસી જોવા માટે મેં માઈકેલ જોડે ચર્ચા કરી. છેલ્લા દિવસોમાં ડિલનની સર્જકતા ઓસરી ગયેલી એટલે જ એ આલ્કોહોલ તરફ વળેલો?...આના ઉત્તરમાં માઈકેલે બેવડી ના સંભળાવી. છેલ્લાં વર્ષોમાં ડિલનની સર્જકતા લગીરેય ઓસરી નહોતી. બલકે, એનાં છેલ્લાં છેલ્લાં કાવ્યો તો ઉત્તમોત્તમ કોટિનાં છે. અને આલ્કોહોલ વિશે પૂછો છો! એ તો અમે શાળામાં ભણતા ત્યારે, અઢારમે વર્ષે પણ એટલો જ ચિક્કાર રહેતો.

માઈકેલે 'દો મેગો' કાફે વિશે ઘણી રસપ્રદ વિગતો કહી. કવિ પૉલ વર્લેનનું ઘણું ખરું કાવ્યસર્જન આ કાફેમાં થયેલું. કવિની ગરીબી સૂચવવા કે પછી કેવળ ટીખળ ખાતર PAUL VERLAIN જોડણીમાં કોઈએ આઘાપાછા કરીને POUVRE LALIN કરી નાખેલું. ખુદ આ કાફે વિશે પણ એક મજાક પ્રચલિત છે. "મેગો"નો એક અર્થ 'વાંદરો' પણ થાય છે. ઑક્સફર્ડના એક વિદ્યાર્થીએ અહીં આવીને કહ્યું, 'મારે આ કાફેના માલિકને મળવું છે.' બે–પગાળા માલિકને જોઈને નિરાશા અનુભવતાં પેલા વિદ્યાર્થીએ કહ્યું: 'કોલ ધ અધર મેગો, પ્લીઝ!'

પણ 'દો મેગો'ને વિશ્વસાહિત્યના ઇતિહાસમાં સ્થાન અપાવનાર કારણ તો જુદું જ છે. ઓગણીસમી સદીનું કાફે મોમસ 'કલા ખાતર કલા'ના ઉપાસકોનું થાણું હતું, લંડનનું 'કાફે રૉયલ' બ્લુમ્સબરી બુદ્ધિધનોની બેઠક હતી, એમ 'કાફે દો મેગો' એ પણ છેલ્લાં ત્રણેક દાયકામાં આવી ઐતિહાસિક કામગીરી બજાવી છે. જ્યાં પૉલ સાર્ત્ર અને એના સાગરીતોએ વર્ષો થયાં અહીં ધામા નાખ્યા છે અને સેંકડો-હજારો કલાકો સુધીની એમની ચર્ચાઓએ સાહિત્યક્ષેત્રે ઍક્ઝિસ્ટન્શીઅલિઝમ નામનો જે નવમતવાદ

(અનુસંધાન પૃ. ૨૩૫ ઉપર)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચલો, જી–

વર્તમાન :

શ્રીયુત યુવક !
ચલો !
ચલો જી, કદમ મિલાવો.
બુઢ્ઢાઓની ગૂઢ મંત્રણા,
બચ્ચાંના કિલ્લોલ–કિશોરોની કલ–રમણા.
આપણ બસ આ જગત તણો રથ નિશદિન ખેંચો,
કરી કમાણી છુટ્ટે હાથ દશે દિશ વ્હેંચો.
ગત ગૌરવની પગમાં હો નવ જડ જંજીરો.
મુક્તિમગન થઈ નચવો થનગન પ્રાણ અધીરો.
અને અનાગતના અરમાન તણી હો પાંખો.
ખ્વાબી આંખો
માનવલોક ઉપર ઢાળી નવ પર્વ વધાવો.
ચલો જી, કદમ મિલાવો !

ભાવિ :

મુ. યુવક !
નરી ભભક, શી ધમક !
ભેટ અમોને શી ધરશો :
ખંડેર, વસૂકી ભોમ અગર કો નવીન નકશો ?

ભૂત :

ચિ. યુવક !
અમોથી કરો નહીં જક.
હેમખેમ કો તરી ગયો આ ગધાપચીસી ?
માણસની એ માણસાઈની પારાશીશી.
અમે હતાસ્તો એક વખત તમ જેવા
પણ ના, ના એ નથી એસવું કહેવા.
તમે ભલે હો કાચા,
પણ તમે જ સાચા.
ભલે તમારી કચાશ પણ એ 'છે,'
અમ પક્વપણું આ ગળેલપણું ગંધાઈ જશે ને
'નથી' થશે એ.
'ફરી જોબનિયું આપે હરિવર ?' કદી બન્યું ના,
એક જ વાર વસંત ભલા ખીલે જિવતરમાં.

વર્તમાન :

ક્યાં લગ ટકટક ?
ચલો !

ભાવિ :

હટો,
અમારેય તે લેવો લ્હાવો.

વર્તમાન :

શ્રીયુત યુવક,
ચલો, ચલો જી, કદમ મિલાવો.

ઉમાશંકર જોશી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આંતર - ભારતી

एलिस-ब्रिज पर

दूर क्षितिज पर अस्सी मिलकी चिमनीका है धुँआ सिमिटता
यह गृधिष्णु पापोंका तकिया लिये हुए सिरहाने अपने
साबरमती यहां सोई कृश - काया लेती बापू - सपने
साँचा - अम्बरचरखा, फाका - अजीर्ण सबका अंतर मिटता

सिकता पर फैली है कितनी लाल - किरमिज़ी धौत साडियाँ
धोबी कितने गाते छाँ - छू भजन श्रमान्तक, सामूहिक स्वर
पुल पर सोरठिनी हथगाडी ठेल रही हैं रबरी टायर
क्या सर्वोदय के द्योतक सवस्ति मोटरें बैलगाडियाँ ?

'अक्षय' की निस्पृहता, लखपतियों के आँखोंकी बेशरमी,
हेमचंद्र की ज्ञान - गहनता...कहाँ 'डिग्रियों' के एंगल् - क्यू !
मुझे यही है अचरज गाँधी के प्रयोग इस 'साँचे' पर क्यूँ ?
कहाँ सेठ के लेटेस्ट् मॉडेल्, कहाँ मर्मियों की हठ धर्मी !

स्मृति में जहाँ विराज रहे हैं कहीं कलापी...नरसैंयो...व्रज...
रासगुर्जरी...वहीं रहगुज़रमें रज—आक्शन ब्रिज, एलिस ब्रिज—

अमदाबाद, १६-२-५६ **प्रभाकर माचवे**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે હિંદમાં હાથશાળો ઉપરાંત એક વરસમાં આશરે ૪૫૦ કરોડ વાર કાપડ ઉત્પન્ન કરતી ૪૨૧ મિલો છે. આમાંનું આશરે ૬ કરોડ વાર કાપડ અમદાવાદમાં **"જહાંગીર વકીલ મિલ ગ્રૂપ"**ની ત્રણ મિલો વણે છે. માથા દીઠ કાપડની વપરાશ પંદર વાર ગણીએ તો આ ગ્રૂપ આશરે ચાલીસ લાખ માણસોની કાપડની જરૂરિયાત પૂરી પાડે છે.

જહાંગીર વકીલ મિલ્સ
અમદાવાદ

☆

નવજીવન મિલ
કલોલ

ન્યુ જહાંગીર વકીલ મિલ
ભાવનગર

☆

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃતિ

વર્ષ ૧૦ : અંક ૭ તંત્રી જુલાઈ ૧૯૫

ઉમાશંકર જોશી

[ઉમાશંકર જોશી

વાલીસુગ્રીવયુદ્ધ

પ્રમ્બાનન, જાવા]

સળંગ અંક ૧૧૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃતિ

વર્ષ દસમું સળંગ અંક **૧૧૫** અંક સાતમો

અનુક્રમણિકા : જુલાઈ ૧૯૫૬

વૈરાગ્ય	કાકા કાલેલકર	૨૪૧
ઑક્સફર્ડ	ઉમાશંકર જોશી	૨૪૨
પગથી	,,	૨૪૨
૫-૧૬	,,	૨૪૨
પશ્ચિમ યાત્રી	,,	૨૪૩
ઑક્સફર્ડમાં મળેલી તત્ત્વજ્ઞાનની સંસદ: સપ્ટેમ્બર ૧૩થી ૨૫, ૧૯૫૫	અંબુભાઈ પુરાણી	૨૪૯
જોહુકમી પતિ અથવા પત્ની	કૃષ્ણલાલ શ્રીધરાણી	૨૫૫
આજની મરાઠી ટૂંકી વાર્તા	પ્રા. મ. ના. અદવંત અનુ. ગોવિંદરાવ ભાગવત	૨૫૮
ભાગ્યગાથા	જગદીશ ત્રિવેદી	૨૬૨
દુર્વાસા ઋષિનો શાપ : કવિ કાલિદાસના અભિજ્ઞાન શાકુંતલ નાટકમાં	મુકુન્દરાય વિ. પારાશર્ય	૨૬૩
યુરોપનો પ્રવાસ—(૫)	સન્મુખલાલ પંડ્યા	૨૬૭
અધૂરી વાત	ચંદ્રકાન્ત બક્ષી	૨૬૯
શિવપાર્વતી	ચંપકલાલ વ્યાસ	૨૭૩
જઝિયાવેરો	કરીમ મહમદ માસ્તર	૨૭૫
ચોપાટીને આંકડેથી	‘ વક્રગતિ ’	૨૭૮
પૃથ્વી (ઈશ્વરની દૃષ્ટિમાં)	નિરંજન ભગત	૨૭૯
પૃથ્વી (મનુષ્યની દૃષ્ટિમાં)	ચુનીલાલ મડિયા	૨૭૯
સ્વાધ્યાય અને સમીક્ષા	‘ કથક ’	૨૮૦

સંસ્કૃતિ કાર્યાલય વતી મુદ્રક-પ્રકાશક : કિશનસિંહ ચાવડા,
ચેતના પ્રેસ પ્રાઈવેટ લિ., નવા બજાર, વડોદરા

સૂચનાઓ :

* દર માસની સાતમી તારીખે અંક પ્રસિદ્ધ થાય છે.
* દશમી સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
* પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર લખવાથી સગવડ થશે.
* આ માસિકમાં પ્રસિદ્ધ થતા લેખોમાંના અભિપ્રાય માટેની જવાબદારી તે તે લેખકની છે.
* પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે.

ગ્રાહકો નોંધવાનાં સ્થળો:

એન. એમ. ત્રિપાઠી, લિ. મુંબઈ.
પ્રવર્તક પુસ્તકાલય, મુંબઈ
જીવનસાહિત્યમંદિર, અમદાવાદ.
ભારતીસાહિત્યસંઘ, અમદાવાદ.
ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, ,,
ગાંડીવ સાહિત્યમંદિર, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨
ગાંડીવ સાહિત્ય મંદિર, લાલગેટ, સુરત
એલ. કે. મેઘાણી : આગરતોલા સ્ટ્રીટ, **કલકત્તા ૧.**
પ્રભાકર બ્રધર્સ, પો. બો. ૧૨, **નૈરોબી,** ઇસ્ટ આફ્રિકા.

લવાજમ :

દેશમાં રૂપિયા સાત. પરદેશમાં રૂ. નવ અથવા શિલિંગ ૧૪. છૂટક નકલના બાર આના.

જાહેરખબરના દર

આખું પાનું	રૂ. ૬૦
અર્ધું પાનું	રૂ. ૩૫
પા પાનું	રૂ. ૨૦
છેલ્લું પૂઠું	રૂ. ૧૨૫
પૂઠું ૩	રૂ. ૧૦૦

તંત્રી અને વ્યવસ્થા અંગેના સઘળા પત્રવ્યવહારનું સરનામું :

સંસ્કૃતિ કાર્યાલય,
એલિસ-બ્રિજ, **અમદાવાદ-૬**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃતિ

सत्यं परं धीमहि ।

જુલાઈ ૧૯૫૬

વૈરાગ્ય

ગઈ કાલે મહાશિવરાત્રિનું નાનકડું પ્રવચન કર્યું. હરણાંની લોકવાર્તા વ્રતને લીધે અમર થઈ છે. એના ઉલ્લેખ કર્યા વિના કેમ ચાલે? વચનપાલનને આટલો સુંદર દાખલો બહુ ઓછે ઠેકાણે જડી આવે. આધુનિક લોકોને ગળે ઊતરે એવી વૈરાગ્યની વ્યાખ્યા કરી આપી. જો કોઈનું ચિકિત્સક ધ્યાન જાગૃત હોત તો એને એમાંથી જરૂર આનંદ મળત, મને મળ્યો એટલું મારે માટે બસ હતું.

વૈરાગ્ય એટલે રાખ ચોપડી બૈરાગી થવું અને જીવન શુષ્ક, નિરર્થક કરી નાખવું એવો અર્થ છે જ નહિ. ઊલટું આપણું સામાન્ય જીવન તુચ્છ, ક્ષણજીવી અને નિસ્સાર વસ્તુમાં હમેશ પરોવાયેલું રહે છે એમાંથી એ કાઢી લઈ, સફળતાથી સંપૂર્ણપણે ખેંચી લઈ, સર્વોચ્ચ હિતકારી કોઈ પરમ વસ્તુમાં અનન્ય ભાવે લગાડવું એ ખરો વૈરાગ્યયોગ છે.

એવો માણસ પોતાનું જીવન ત્યાગમય, સેવામય અને નિર્મળ બનાવશે, અને ક્ષુદ્ર દેવોની પેઠે સમુદ્રમંથનનાં રત્નો લેવા ન દોડતાં, સામાજિક પ્રવૃત્તિમાંથી નીકળતું હાલાહલ મહાદેવની પેઠે પી જશે. મહાદેવના દરેક વ્રતમાં આ વસ્તુ હોય જ છે. મહાદેવ વ્યવહારજ્ઞાનમાં ભલે બાઘા હોય, ચિરકલ્યાણની કળામાં પરમ કુશળ છે.

વ્રતોમાં ઉપવાસનું માહાત્મ્ય વિશેષ છે. ઉપવાસથી જીવનની વાસ્તવિકતા વધારે પ્રત્યક્ષ થાય છે અને ચિંતન ગંગાનદીના ધરાની પેઠે નિર્મળ અને ઊંડું બને છે.

વનભોજનમાં જેમ જીવનની સ્વાભાવિકતા અને ઉત્કટતા આપણે અનુભવીએ છીએ અને એની સાથે સૂઝ અથવા પ્રત્યુત્પન્નમતિ અને સ્વયંપ્રજ્ઞા કેળવીએ છીએ તે જ પ્રમાણે વ્રતમાં પણ એ બધા લાભો આપણે મેળવીએ છીએ.

કાકા કાલેલકર

[વાસરી : વિસાપુર : ૯-૩-૧૯૩૨]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઑક્સફર્ડ

છલકે મદિરાભરી હવા,
મલકે ગ્રીષ્મ-લચી લિલોતરી;
કુસુમો બસ રંગમસ્ત સૌ,
તરુકુંજે વિહગો ટુવી-ટુવી !

યુવકો લઘુ હોડકું લઈ
કરમાં વાંસ સુમિત્ર સંગમાં,
જળવ્હેણ મહીં ઝુકાવતાં,
જગનાં વ્હેણની શીખતાં દિશા.

જળરેખ શી શારવેલ આ
લઘુ શાખા, જઈ ટેમ્સને મળે;
જગ-જીવનમાં જઈ ભળે
ત્યમ વિદ્યા તણું તેજ-વ્હેળિયું.

ભવનો સહુ ખોબલા સમાં,
પણ જાણે ભરપૂર સાગરો;
સ્મૃતિઓ ગત કાલની કંઈ
મૃદુ રત્નો સમ શી ઝગી રહે !

પૃથિવી તણું ભર્ગ,-ભૂષણ,
સદીઓ-ઊજળું જ્ઞાનતીર્થ આ.
ડગલે ડગલે મહેકતી
કંઈ વિદ્યાતપસીના સાધના.

ભમું યાન્ત્રિક આત્મતીર્થનો
લઘુ શા આચમનેય તૃપ્ત હું.

ઑક્સફર્ડ : ૧૬-૬-૧૯૫૬

પગથી

શાન્ત આહ્લાદક પગથી-
અમથી અમથી પગને
-ભાંગ્યા મનને
લલચાવી લઈ જતી દૂર.

વૃક્ષઘટાથી ચૂઈ રહ્યા ઝીણાઝીણા કંઈ સૂર.
અંધકાર જે સઘન પર્ણપુંજે પૂરેલો દિનભર
હળવેથી તે રાત્રિ-આગમન વધાવતો
સરતો શો સ્મિતભર !

ઊંચાં ઊંચાં રુક્ષ વૃક્ષથડ પડખે થઈ થડકતી
અભિસરતી
અગમ્ય (રમ્ય ?) પ્રતિ
લઈ જતી જાણે ઝાલીને કરથી
શાન્ત આશ્વાસક પગથી.

જૂન ૨૨, ૧૯૫૬

૫·૧૬

[ઑક્સફર્ડમાં બોડલેયન લાયબ્રેરીમાં શેલીની ઘડિયાળ છે, જેના અછોડાને છેડે કવિનાં ને મેરીનાં સીલ્સ(મહોર) છે.]

ઘડિયાળ મહીં, ત્રિકાળની
મૃત મુદ્રા પડી ૫·૧૬ આ.
પણ સાંકળ-છેડલે સુહે
કવિ, મુદ્રા ચિર નામની તવ. ૧

અમૃતે ઉછરેલ આકુડાં
હૃદયો તે કવિતા અલાપતાં.
જગનાં ગરલો ગળા સુધી
ગટગટાવત તું અમૃતે રમ્યો. ૨

ભરખી તુજને રહી હતી
ઉર ભારેલ અબૂઝ વેદના, —
મનુજો દનુજો બને ન, રે
કયમ દેવો સમ જીવવું શીખે. ૩

દુરિતને દમતાં દમલેર તું
દુરિતમાં લપટાઈ જતોય શું !
ક્ષણમાં પણ થૈ જતોય તે
શિવ સંકલ્પની ઝાળમાં શુચિ. ૪

પ્રણવમાં તવ વૃત્તિ રમી રહી,
પ્રણયની પણ વૃત્તિ શમી નહીં.
મનની મનમાં રહી ગઈ,
લઘુ શી જિન્દગી તો વહી ગઈ. ૫

પટલ સૌ જગની જડતા તણાં
સહસા ચીરી દઈ પરંતુ તે
ચિર ગુંજત સ્વર્ગબારણે
હૃદયનો નરવો ટહુકો તવ. ૬

ઘડિયાળ- ત્રિકાળનું મુખ-
મૃત ભાસે અહીંયાં ભલે, કવિ.
ધરતું જ ત્રિકાળનું ઉર
ચિર મુદ્રા શુભ નામની તવ. ૭

જૂન ૨૨, ૧૯૫૬

ઉમાશંકર જોશી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પશ્ચિમ યાત્રી

ઉમાશંકર જોશી

બે મહિના અમેરિકામાં અનેક અનુભવોમાંથી પસાર થયા પછી ઇંગ્લૅન્ડ આવ્યા, ત્યારે ઘરના ઉમરા સુધી જાણે આવી પહોંચ્યા હોઈએ એવું લાગ્યું. સવારે ૧૧–૪૦ વાગે લંડન વિમાન-મથક ઉપર ઊતર્યાં. ૧–૩૦ વાગે સ્ટ્રૅન્ડ પૅલેસ હૉટેલ પર આવી પહોંચ્યા. અમેરિકાનાં ન્યુ યૉર્ક-શિકાગો જેવાં આધુનિક મહાનગરોનો કાંઈક પરિચય પામ્યા, પણ લંડનનું સંવનન હજુ બાકી હતું. સાંજના પોસ્ટ-ઑફિસ શોધવા બહાર નીકળ્યા. ચોવીસે કલાક ખુલ્લી એવી પોસ્ટ-ઑફિસ સુધી પહોંચી તો ગયા, પણ એ ટિકિટો આપે–હવાઈ પરબીડિયું શી રીતે આપે? આજુબાજુ બજારમાં સારી જોઈને દુકાનો ફંફોસવા માંડી. શનિવારની સાંજ. બધું સુમસામ થતું આવે. ત્યાં એક પાટિયું વાંચ્યું: નાટકની ટિકિટો. અમેરિકામાં નાટકો જોવાના ઓરતા એમ ને એમ રહી ગયેલા. જાણકારો સધિયારો આપે, અરે નાટકનું ઘર તો ઇંગ્લૅન્ડ છે, લંડનમાં ખંગ વાળી દેવો. આવતી કાલે રવિએ નિરાંતે નાટક જોશું એમ હતું. પૂછપરછ કરી. કહે, ઇંગ્લૅન્ડમાં રવિવારે કોઈ નાટકઘર ખુલ્લું હોતું નથી. સોમવારે તો સવારે સ્ટ્રૅટફર્ડ-અપૉન-ઍવન જવા નીકળવાના. સારું ભાઈ, અત્યારે શાં શાં નાટક છે? આ, તે, ફલાણું, ઓલ્યું, પેલું: છેવટે એણે કહ્યું કે 'ધ પાવર ઍન્ડ ધ ગ્લોરી'ની આજે છેલ્લી રાત્રિ છે, ન જોયું તો ચૂક્યા. આપણે ચૂકવા તૈયાર હતા જ નહિ. ટપાલની ટિકિટને રસ્તે, આમ, નાટકની ટિકિટ સુધી પહોંચી ગયા. હં, ભાઈ, તમારી પાસે હવાઈ નહિ તો ખુશ્કી પરબીડિયું પણ હશેસ્તો. લો, આ એની કિંમત. એક જાડું પાકિટ–અને મુલાયમ સ્મિત–એણે આપ્યું તે લઈ બહાર પડ્યા. કાગળ ટપાલમાં નાખી, મુકામ સુધી પાછા જવામાં ફરી આ જગાઓ શોધવા અંગે ખતરો હોઈ, આમતેમ નિરીક્ષણ કરતા ફીનિક્સ થિયેટર પર આવી પહોંચ્યા.

નાટકઘરનાં બારણાં લાકડાનાં, આપણાં બારણાંનું સ્મરણ કરાવે એવાં, સરળ સ્વસ્થ શોભાવાળાં. બહાર-અંદર કશું ઝાકઝમાળ ન મળે. પડદો સાદો પણ ગૌરવવાળો. ત્યાં એકાએક તદ્દન અંધારું; વીજળીની ચાંપ દબાવી હોય એમ સડપ દઈ સૌ એક સાથે ઊભાં થઈ ગયાં; રાષ્ટ્રગીત ગવાયું; પડદો ઊંચકાયો. નાટક શરૂ.

સાથે ઊંઘ પણ શરૂ. અરે ભલા, આ ઇંગ્લૅન્ડની રંગભૂમિ, જેને ઝંખતો હતો તે. ગ્રેહામ ગ્રીન જેવાની નવલકથા ઉપરથી નાટક છે અને છેલવેલી રાત છે. પણ જેમ નાટકમાં રંગ જામતો જાય એમ આંખો ઘેરાતી આવે. અમેરિકાથી પૂર્વમાં આવ્યા હતા. અગિયાર કલાકનો રાતનો પ્રવાસ તેમાં સાડાપાંચ કલાક પૂર્વ તરફના પ્રવાસને લીધે કપાઈ જતાં રાત જેવું કાંઈ ખાસ રહેવા પામ્યું ન હતું. આંખો પર મણિકા મૂક્યા ન હોય! આ ઊંઘના નાટક ઉપર અંદરથી હસવું આવે ને આપણાં ઝોકાંથી આજુબાજુનાંનો નાટકનો નશો ઊતરી ન જાય એની ચિંતા પણ થાય. પણ કશાયને ન ગણકારતી મહામાયા નિદ્રાદેવી પોતાનો કૃપાપ્રસાદ વરસાવતી જ રહી. નાટક પૂરું થયું. અદાકારોને બિરદાવવા માટે તાળીઓ પડી તેમાં તાલ પુરાવી–ઊંઘ ઉપર પડદો પાડી બહાર આવ્યા. રંગભૂમિએ તાજગી જરૂર અર્પી હતી.

રસ્તે દુકાનોની જાહેરાત-બારીઓ જોતા જોતા આરતે કદમ ચાલ્યા. ચોપડીઓની દુકાનો જ દુકાનો. ગયે વખતે જોયેલું સર હેન્રી ઇરવીંગનું બાવલું આવી પહોંચ્યું. નાટકઘરો, છબીઘરો, ગ્રંથાગારો–શેક્સ્પિયરસૃષ્ટિના મહાન અભિનેતાની પ્રતિમા માટે આ સ્થાન તો ઉચિત ગણાય.

જરીક આગળ નીકળતાં ગયે વખતે જોયેલો ટ્રફાલ્ગર ચોક આવી પહોંચ્યો. ઊંચા સ્થંભ ઉપર નેલસનની પ્રતિમાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દૂરથી વીજળીનું તેજ નાખીને પ્રકાશિત કરવામાં આવી હતી. ફુવારાઓ ઊડતા હતા. એટલા ઉપરના સિંહ શૉને સિંહ જેવા ન લાગ્યા હોય, તો તે કદાચ આવે વખતે જોવાને લીધે હોય. ઊંઘરેટા નરમઘેંશ સિંહકુડા ન હોય જાણે.

જગા જાણીતી આવી એથી કાંઈ આપણે અજાણ્યા મટી ગયા એવું ઓછું છે ? ગયે વખતે તો પ્રો. ગોવર્ધન પારીખ, આ બધાના જાણકાર,–તેમની સાથે અહીંતહીં ફર્યો હતો. પેલા થાંભલા પાસે અરધા અંધારામાં બૉબી ઊભો છે. લાવ, એને પૂછીએ કે સ્ટ્રૅન્ડ સ્ટ્રીટ કઈ બાજુ. ઇંગ્લૅન્ડમાં સૌ ઓછાબોલાં. તેમાં પોલીસને તો જીભ જ ન મળે. ઊંચેથી આપણી તરફ નીચે નજર કરતાં, હાથ આખો લંબાવ્યા વિના, આંગળી માત્ર હલાવી ઇશારાથી રસ્તો બતાવી પોતાના કર્તવ્યની ઇતિશ્રી માને. મારું મન રસ્તો જાણવા મળ્યો એટલાથી માન્યું નહિ.

'એક અંગત સવાલ પૂછું ?'

'ભ...લે...' ખંચકાતાં, ના પાડવાનો અવિનય કરવા ન ઇચ્છતો હોય એમ, એણે ઉદ્દગાર કર્યો.

'ઇંગ્લૅન્ડમાં પોલીસખાતામાં ઊંચાઈ જોઈ ને જ માણસને નોકરીમાં લેવો એવું લાયકાતનું લક્ષણ અપેક્ષિત હોય છે?'

સવાલ સાંભળીને બૉબી જરીક હસી ગયો. ઊંચો છોકરડો. માથે ઊંચી ટોપી, એથી તો વળી વધુ ઊંચો લાગે.

'ના, ના. પણ એક લાયકાત એ પણ જોઈએ એવું ખરું. નોટીંગહામમાં છ ફૂટથી નીચેનાને લેતા નથી. અહીં પાટનગરમાં ૫·૮ જોઈએ.'

'મારે માટે કોઈ આશા નથી. ૫·૬ છું. ...બીજી શી લાયકાત જોઈએ ?'

'કેળવણી.'

'માધ્યમિક શિક્ષણ ?'

'ના, ના. સરેરાશ શિક્ષણ અને સારી આંખોની શકિત.' પગાર અઠવાડિયે ૮·૬ પાઉંડ, વધીને ૧૦·૬ થાય, એ વીગત જાણી, રસ્તે પડતાં પહેલાં એક સવાલ પૂછ્યો :

'અહીં ચોકમાં મારા જેવા ઘણા પરદેશીઓ જમા થાય છે, નહિ ?'

'હા.' વધુ બોલે તે બીજો.

'પરદેશીઓ અંગે સૌથી રસદાયક વસ્તુ શી જોવા મળી છે ?'

'સૌને અંગે રસદાયક હોય.'—એણે ગાળિયું કાઢી નાખ્યું.

'આભાર !'

મુકામ પર પહોંચતાં પહેલાં, રસ્તે એક પ્રતિમા નીચે વાંચ્યું : Humanity–માનવતા. 'રાષ્ટ્રપ્રેમ એ પૂરતો નથી' એ સૂત્ર આગળ ધરી, માનવતાના ગુણો પર ભાર મૂકવામાં આવ્યો હતો. અનેક સ્મરણો જગાડતી ઠેરઠેર જોવા મળતી પ્રતિમાઓમાં આ અવનવી ભાત પાડતી હતી. પ્રજા પોતાના આદર્શોનું મોઢું કઈ તરફ હોય એમ ઇચ્છે છે એનું આવી નાની વીગતો પરથી કદાચ સૂચન મળે.

*

રવિવારનો દિવસ લંડનનો કાંઈક ખ્યાલ મેળવવામાં સારી રીતે વાપરવો જોઈએ. શનિવારે ભ્રમણમાં રસ્તા પરથી માહિતી વાંચી હતી. તેમાંથી બપોરે છએક કલાક ટેઈમ્સ નદી ફરતી, મૅગ્ના કાર્ટા પર સહી કરાવવામાં આવેલી તે સ્થળ અને તેની પેલી તરફ માર્લો સુધીની મોટર–સફર પર નજર હતી. નહિ તો 'નૅશનલ ગૅલરી' તો પડખે જ છે. વરસાદ જેવું હોય તો તો ગૅલરી જ ઠીક પડે.

ગયે વખતે ડૉ. નટરાજ વશી ફોન પર પકડાયા ન હતા, એને રણકાવી તો જોઈએ. વરસો પછીનું આ અવાજ–મિલન. કહે, અહીં આવો, આપણે સાથે રખડશું. વચ્ચે ચૉક–ફાર્મને રસ્તે મહાનુભાવ કૉબ્ડેનની પ્રતિમા આગળ પસાર થતાં માનવી ન્યાય માટે અહીંની વિભૂતિઓએ દાખવેલી ધગશનું પુનિત સ્મરણ થયું.

બપોરીવેળાના નીકળી પડ્યા. ચાલતા ચાલતા પહોંચ્યા કીટ્સનું ઘર જોવા. ગ્રીષ્મની લીલીછમ શોભામાં વીંટળાયેલું, મુખ્ય રસ્તાથી દૂર, નાનું ઘાટીલું ઘર એકાન્તનું સૌન્દર્ય પ્રગટ કરી રહ્યું હતું. ઘર આગળ નાનો બગીચો છે, તેમાં આ ઝાડ ઊભું છે એને શી રીતે પૂછવું કે ક્ષયની બીમારીમાં ભાઈ મૃત્યુશય્યા પર હતો ત્યારે એક રાતે તારી જ નીચે શું કવિએ તારી ડાળીઓમાં છુપાઈને ગાતા બુલબુલના સ્વરો ઝીલ્યા હતા અને અમર કવિતા દ્વારા જગતને પાછા આપ્યા હતા ?

[સંસ્કૃતિ, જુલાઈ '૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રવિવાર હોઈ ઘર બંધ હતું. પણ પાસેનાં વૃક્ષોમાં આ કોણ બોલ્યું ? બુલબુલ ? ઘરથી થોડાંક ડગલાં દૂર હેમસ્ટેડ હીથ છે–જ્યાં કીટ્સ એના કાવ્યસૂરો ઘૂંટતો અવારનવાર ઘૂમ્યો હશે–ત્યાં જઈ પહોંચ્યા. ખુલ્લો વગડો, ખાડાટેકરાળી જમીન, ઝાડીઝાંખરાં, નાનાંનાનાં જળાશયો, વાદળિયા તડકામાં હસતી લીલી ઘાસની બિછાત–ચોમેર મહાનગર ગાજે છે એવો અણસારો પણ ન આવે: ખુશનુમા વાતાવરણમાં અનેક લોકો–એમાં યુગલો તો હોય જ—આમતેમ ટહેલતાં હતાં. દૂર એક ટેકરા પર તળાવડીને કાંઠે ઘાસ પર જમાવ્યું. ગ્રીષ્મનો તડકો આહ્લાદક લાગતો હતો. તળાવડીમાં સામે પોયણાંઓ ખીલ્યાં હતાં. ત્યાં પડખેની રેતાળ ભેખડ પરથી બાળકો લપસણી ખાતાં હતાં. પાસેની કેડી ઉપર થઈ પા_પા પગલી ચડતું બાળક અમને જોઈ અમારી તરફ ખેંચાયું–થંભ્યું–આ આવ્યું પણ ! માબાપ એ બાવડેથી ટીંગાટોળી કરી આગળ લઈ ગયાં ત્યારે. ડાબી બાજુ નીચે એક માતા બાળકને લઈ આવી છે. ભૂલકું આમ તેમ સાહસસૃષ્ટિમાં જાણે ઘૂમી રહ્યું છે. ચઢતું ચઢતું ટેકરી પર આવ્યું અને અહીં કોઈ અજાયબ દુનિયા લાધી હોય એમ માને બોલાવવા લાગ્યું. પોતાની મેળે પાછું ગયું, વળી તળાવડીને કાંઠે કશુંક શોધવા મંડ્યું. મા એને મન ફાવે તેમ ફરવા દે. પાછું ટેકરી પર ચઢી દૂર ઝુંડ તરફ અદૃશ્ય થયું ત્યારે જતી મા ઊઠી અને એને લઈ ગઈ.

આ પ્રસન્ન કિલ્લોલનું વાતાવરણ–કીટ્સની કરુણગભીર કવિતાનો જાણે મધુર પ્રતિશબ્દ. મોડેથી અમે ઊઠ્યા. બસ પકડી, પહોંચ્યા એક બીજી જાતના મેદાનમાં.

હાઈડપાર્ક ઘણો વિશાળ છે, શરીર-મનને મોકળાશ અનુભવવા મળે, એવો વૃક્ષો–જળાશયોવાળો ૩૬૦ એકરનો વિસ્તાર છે. પણ અહીં શહેરની વચ્ચે છીએ એમ સતત લાગ્યાં કરે. તો, શહેરી જીવનની કેટલીક વિશેષતાઓ પણ અહીં ખરી. રવિવાર છે એટલે પણે પેલા ખૂણામાં બૅન્ડ ચાલી રહ્યું છે. સુંદર સંગીતની ખુશાલીમાં લોકો તાળી પાડી રહ્યાં છે. અહીં આ ‘ સર્પિણી ’ (સર્પેન્ટાઈન) સરોવર. એને કાંઠે લોકો ફરી રહ્યાં છે. આ પિતા પોતાના છોકરા સાથે દડો રમી રહ્યો છે. ક્યાંય ભીડ ન લાગે એવી વિશાળતામાં ફરી રહ્યા છો એવું લાગે. ઝાડ નીચે ઘાસ પર થોડી વાર બેઠા. નિરાંતજીવે ઊભેલાં અડીખમ વૃક્ષો હમેશાં એક જાતની વિશ્રંભની લાગણી ઉપજાવતાં હોય છે. આમાંનાં કેટલાંક તો કેટલાં પુરાણાં હશે !

આમતેમ રસળતા ચાલ્યા. મેદાનને પેલે છેડે પહોંચ્યા ત્યાં નાનાં નાનાં ટોળાં જામેલાં દેખાયાં. ભાષણો–એક નહિ, અનેક–ચાલી રહ્યાં હતાં. આ ખૂણો તે જ પ્રસિદ્ધ હાઈડ-પાર્ક કૉર્નર. અહીં જેને જાહેરમાં જે પેટછૂટી વાત કરવી હોય તે કશી રોકટોક વિના કરી શકે. આ દેશોમાં આપણા કરતાં વ્યાખ્યાનસભાની એક જુદી ખાસિયત એ જોવા મળે છે કે સૌ ઊભાંઊભાં ભાષણ સાંભળે. ઠંડી અને વરસાદને લીધે નીચે બેસવાનો સવાલ જ નહિ. વ્યાખ્યાતા લાકડાની પીઠિકા ઉપર રહીને બોલે. કાંઈ ન મળે તો છેવટે સાબુ-પેટી પર ખડા થઈ જઈને ભાષણ ઠીંકે, જે ઉપરથી આવા વ્યાખ્યાતાઓ સોપ-બૉક્સ ઑરેટર્સનું બિરુદ પણ ખાટ્યા છે.

આ કોઈ ધર્મ-પ્રચારક લાગે છે. માંચડા પર હાથથી અઢેલીને ડાબા ખભાને, પૃથ્વી સાથે સિત્તેરક અંશનો ખૂણો પડે એટલો, નીચે નમાવીને, સ્વસ્થતાથી વાગ્ધારા વહાવી રહ્યા છે. મુખ પર આછું મહેળું સ્મિત તરવરે છે, તે બતાવે છે કે પોતે જે બોલી રહ્યા છે તેની પોતાને રગેરગ પ્રતીતિ છે, તમે બુદ્ધિવાળા લાગો છો તો જરીક સાંભળવા તસ્દી લેતાં તમે પણ એ આત્મશ્રદ્ધાના તેજથી દીપી ન ઊઠો ?

‘ ગયે વખતે મેં બુદ્ધની વાત કરી હતી. બૌદ્ધ ધર્મ, જોરોસ્ટ્રીઅન ધર્મ, યહૂદી ધર્મ, બધા ધર્મોના પ્રવર્તકો અવસાન પામ્યા છે; જ્યારે ખ્રિસ્તી ધર્મનો પ્રવર્તક ખ્રિસ્ત જીવે છે. એ સાચું ન હોય તો પછી આપણે સૈકાઓથી ખોટું સમજતા આવ્યા છીએ.—પ્રકરણમાં ઈશુ કહે છે કે હું તમારામાં જીવું છું અને તમે મારામાં જીવો છો. હવે આ તે કેમ બને ? પ્યાલામાં પાણી છે એ તો ખરું, પણ પાણીમાં પ્યાલો છે એમ શી રીતે કહેવાય ? તેમ છતાં એ સત્ય છે. એક દાખલાથી સમજાવું ? આપણામાં બધા કોશ (cells) જીવે છે અને દરેક કોશમાં આપણે જીવીએ છીએ. ’

શ્રોતૃવૃંદ ઉપર બહુ પ્રભાવ પડ્યો હોવો જોઈએ, ખરે વખતે તાળી પાડવાનું પણ એને સૂઝ્યું નહિ.

પડખે અહીં તદ્દન રમતિયાળ વાતાવરણ છે. બૉબનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાટિયું લાગેલું હતું ને પીઠિકા ઉપરથી ભલો વૃદ્ધ બોલી રહ્યો હતો. સાંભળનારામાંથી એક ઠીંગુ જુવાન વારેઘડી ભાષણમાં વિક્ષેપ કરે. ડોસો એ બધું ખખેરી નાખતો હોય એમ આગળ ચલાવે. એક વાર તો વચ્ચે ઠીંગુજીએ પતરાની પટ્ટી ડોસા સામે લંબાવી અને તોફાને ચઢ્યો. ડોસાએ સંગીતનું શરણું લીધું. 'આ ક્રિસ્ચયન સભા છે. તોફાન બહુ થયું,' એમ કહી ગાવા લાગ્યો. પરિચિત પંક્તિઓ હશે, કેટલાક સાથે ગાવા લાગ્યા. તેમ છતાં પેલાની હાહાહીહી તો વચ્ચે વચ્ચે ચાલ્યા જ કરે.

પાસેનો માંચડો સૌથી ઊંચો હતો. ઉપર એક સીદી જુવાન ઊંચો થઈ થઈને ભાષણ કરે, આવેશમાં આવી જાય ત્યારે—અથવા ધ્યાન ખેંચવું હોય તો—પોતાની આગળના પાટિયા ઉપર જોરથી થાપી લગાવે. પાટિયા પર મંડળનું નામ લખ્યું હતું: કલર્ડ વિમેન વેલફેર ઍસોસિયેશન (ગોરી નહિ એવી સ્ત્રીઓના કલ્યાણ માટેનું મંડળ).

'ધર્મ કહે છે કે Thou shalt not steal—તું ચોરી મા કરતો. પણ ચોરીથી તો બધું ઊભું કર્યું છે. ધર્મ કહે છે કે વ્યભિચાર મા કરીશ. પણ વર્તનમાં શું છે? પરદેશમાં જાઓ છો. પત્નીઓ તો અહીં દેશમાં હોય છે. ત્યાં કાળી સ્ત્રી સાથે સંબંધ બાંધતાં વાંધો આવતો નથી. અચાનક કોઈ વાર યાદ આવે છે કે કાલે લગ્નતિથિ છે. રેડિયોવાળાને કહો છો કે અમુક ગોરી સ્ત્રીને માટે સંદેશો વહેતો મૂકશો કે હૃદયભંગ હોવા છતાં તું આનંદ કરજે. અને આ સંદેશો ગાનાર પણ કોઈ કાળી સ્ત્રી જ કદાચ હોય છે. અરે, જેઓ પરણેલા હોતા નથી તેઓ પણ કાળી સ્ત્રીને ગૃહિણી તરીકે ઘેર લાવી શકતા નથી, કેમ કે આસપાસનાં સંબંધીઓને એ ગમે નહિ. પરિણામે, પેલી ઉપર—અને એના કાળા પતિ ઉપર—આવાં બાળકોના ઉછેરનો બોજો પડે છે.

'આ હાઈડપાર્ક. આટલી બધી જમીન પડી છે પણ અનાજ માટે ખેડતા નથી. એ તમારી ખેતી! કેમ કે કાળિયાઓ ખેડે છે ને તમારાં પેટ ભરવા ધાન ઉગાડે છે. તમારે તો આ બધી જમીન જોઈએ, ઝાડ હલાવવા માટે!' એણે બંને હાથથી વિચિત્ર ચાળા કર્યાં. 'એટલા માટે આ જમીન છે?'

પાસેના ગોરાને પૂછતાં તે કહે, એનો કહેવાનો મર્મ જુદો છે. રાતે યુગલો ફરે તે અંગે એનો કટાક્ષ હતો.

વીલીની ભાષણ કરવાની રીત સ્ત્રી-કલ્યાણ-મંડળને અનુરૂપ ભાગ્યે જ હતી.

આગળ ચાલતાં રંગભેદ અંગે બોલતાં એનો પુણ્યપ્રકોપ ભભૂક્યો:

'તમે કહો છો કે નિગ્રો હલકા છે, શક્તિમાં ઊતરતા છે. તમે પોતે ચઢિયાતા (સુપિરીઅર) છો એવું તમે કહો છો. પણ એમ કહેવાનો શો અર્થ છે? તમે ચઢિયાતા નથી એમ અમે કહીએ છીએ.—હું વીલી કહું છું. કેમ કે તમે કાળાને તક જ આપી નથી. એને તક મળે ને એ ઓછો ઊતરે તો તમારો ફાંકો સાચો. બંધ હૃદયને ચલાવવાનો શસ્ત્રપ્રયોગ કોણે કર્યો? કાળા દાક્તર વિલિયમ્સે. પણ ચોપડીઓ વાંચો. એનું નામ નહિ આવે. તમે નહિ છાપવાના.'

જમણી બાજુ કાંઈક ગરમાગરમ ચર્ચા ચાલી રહી હતી. એક ઊંચો, પાતળો નિગ્રો અંગ્રેજો સાથે માઉ માઉ અંગે જુસ્સાથી વાત કરી રહ્યો હતો. ત્યાં ગયા તો જરીક થોડે છેટે જુસ્સાથી વધુ લાલ બનેલા મોવાળો અંગ્રેજ એક બાજુ, અને બીજી બાજુ હિંદી હોય એવા લાગતા જુવાનો વચ્ચે જામી હતી. નિગ્રો યુવકો વીંટળાઈને ઊભા હતા.

નિગ્રો જુવાનોને આવેશપૂર્વક ગોરો કહેતો હતો: હિંદીઓ તમારી વિરુદ્ધ છે. તમે હમણાં ન કહ્યું કે માઉમાઉમાં હિંદીઓ નથી? એ જ બતાવી આપે છે કે હિંદીઓ તમારી સાથે નથી.

નિગ્રો જુવાન: હં! તમે અમારી વચ્ચે ફાચર મારવા માગો છો. નહિ ફાવો. તમે બહુ પેચવાળ (કૅફ્ટી) છો. ભાગલા પાડો ને રાજ કરો—એ તમારી અનોખી નીતિ છે.'

મેં એને ધીરેથી યાદ આપી, લૅટિન ભાષાનું એ કહેવત જેવું વચન નથી? તો કહે: છે, પણ આ લોકોએ એને પૂરું આચરણમાં ઉતાર્યું છે.

આધેડ ગોરો આવેશથી ધ્રૂજતો હતો. ત્યાં પેલા હિંદી જેવા લાગતા વિદ્યાર્થીએ એને વળી છંછેડ્યો: તમે બધું પચાવી પાડીને બેઠા છો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોરો : તમે હિંદી છો ?

જુવાન : હું આફ્રિકાનો છું.

અને પછી એણે ગોરાને ઝપટમાં લીધો : તમે એ ઠેકાણાના રહીશ(નેટિવ), આફ્રિકાના તેમ જ ઇંગ્લૅન્ડના. માણસ એક દેશનો જ હોય.

પાસેના નિગ્રો જુવાનને મેં કહ્યું કે તમે એ ભાઈને પૂછો કે હિંદીઓ હવે પછી હિંદમાં પરણે તો પત્નીને પૂર્વ આફ્રિકામાં લઈ જઈ ન શકે એવા કોઈ કાયદા વિશે એ જાણે છે.

ગોરો કહે : એ તો શું કરે, ગાંધીની હિંસક('વાયોલેન્ટ') નીતિ અને નેહરુની સંસ્થાનવાદ વિરુદ્ધની લશ્કરી ('મિલટન્ટ') નીતિને લીધે !

ગાંધી અને હિંસક નીતિ ! તો સંસ્થાનવાદ એ અહિંસક !—મારાથી ઉદ્ગાર થઈ ગયો.

આફ્રિકાનો વિદ્યાર્થી : ખોટી વાત છે. હિંદની સંસ્થાનવાદ વિરોધી વિદેશનીતિ તો હમણાં આવી. આ કાયદો તો કેટલાં વરસો પહેલાંથી ઘડાઈ રહ્યો હતો.

પાછું ઊછળી ઊછળીને એ બંનેનું બોલવાનું ચાલ્યું.

એ કાયદાનો વિદ્યાર્થી હતો. એનું નામ જાણી, 'ઉત્તર હિંદના છો ?'–'મૂળ ?'–એમ પૂછ્યું, તો કહે, 'આફ્રિકાનો છુ.'' બરોબર તંતીલો જુવાન.

'સાચી વાત. એ દેશને જ પોતાનો ગણવો જોઈએ. એક ત્યાંના આગેવાન સાથે વાત થયેલી. તે કહેતા હતા કે અમારે હવે ત્યાંના જ છીએ એમ વર્તવું જોઈએ.'

'પણ આગેવાનો તો પીછેહઠવાદી થઈ બેસે છે !'

'એ તો, તમે જુવાન છો એટલે એમ લાગે !'

'ના, એ આગેવાન હિંદ જઈને રહેવાના છે.' પોતાનો તંત ન છોડતાં એણે ઉમેર્યું.

પેલા મોટા મંચ ઉપરથી કોઈ બીજો વક્તા બોલી રહ્યો હતો અને વારેઘડી થાપીઓ મારી ઉત્સાહ પ્રેરી રહ્યો હતો. ટોળામાં પાસે જ વીલી ઉપર નજર પડતાં હું તેની તરફ ખેંચાયો.

'ભાઈ વીલી, ખરે જ અહીં આ હાઈડપાર્કમાં કોઈ બોલતી નથી ? વિચારોની, મુક્ત વિચારોની ખેતી અહીં નથી થતી ? આ બધું બોડાઈ જાય એમ ખરેખર તમે ઇચ્છો ? આ હાઈડપાર્કમાં દુનિયાનો ગમે તે માણસ મુક્તપણે પોતાના મનના વિચારો જાહેર સમક્ષ મૂકી શકે છે એ માટે મનુષ્યજાતિએ આભારવશતા અનુભવવી ન જોઈએ ?'

વીલી : 'વ્યાખ્યાનો માટે તો થોડી જમીન હોય તો ચાલે, બાકીની તો ખેડી શકે ને ? અને બીજા પણ અનેક પાર્ક છે તેનું શું ?' વગેરે વગેરે.

'તમારા બોલવાની અસર કંઈ પડતી હોય એમ લાગે છે ?'

વીલી : અહીં કદાચ ન લાગે, પણ જર્મની વગેરે બીજા દેશોમાં છાપાંઓમાં અહેવાલો છપાય છે અને અહીં પણ કેટલાકની ઉપર અસર થાય.

વીલી દાકતર થવા માટે અભ્યાસ કરી રહેલો વિદ્યાર્થી હતો. એની પછીના વક્તાનું એક વાક્ય કાન પર પડ્યું: Gandhi was sold out by the British.

મેં વીલીને પૂછ્યું, આ શું કહેવા માગે છે ?

વીલી : ગાંધીના અવસાનમાં બ્રિટિશરો કારણભૂત છે એમ એનું કહેવાનું છે.

'એમ શા ઉપરથી એ કહે છે ?'

એ બીજાઓ તરફ વળ્યો.

જરીક વરસાદની ફરફર શરૂ થઈ હતી. જઈને ઝાડ નીચે ઊભા. થોડેક છેટે એક ઝીણી તીણી આંખોવાળો પાતળો ડોસો અને એક પાતળી ડોસી સામસામાં માથાં નમાવીને દલીલે ચઢ્યાં હોય એમ લાગતાં હતાં. પાસેની બીજી બાઈએ કહ્યું : આ ડોસો કન્ઝર્વેટીવ છે.

ડોસો પૂછવા લાગ્યો : તમે સોશ્યલિઝમમાં માનો છો ?

'તમે કન્ઝર્વેટીવ છો ?'

'તમે છો ?'

'મારે ખુલ્લું મગજ(ઓપન માઈન્ડ) છે.'

'એટલે ?'

'સારા વિચારોને આવકારું.'

'સારા કોને કહો ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મારું અને સમાજનું જેથી ભલું થતું હોય એમ લાગે તેને.'

'શા પરથી નક્કી કરશો?'

'મારાં ધોરણો કહું. તમે તો બૌદ્ધિક-શાસ્ત્રીય ચર્ચામાં ઊતરવા માગતા લાગો છો?'

'તમે માન્યું હતું કે બૌદ્ધિક ચર્ચા નહિ કરવી પડે?' ડોસાએ સણસણતી ટકોર કરી. સાદો માણસ લાગે, પણ આંખમાં બુદ્ધિ સળગે. રમતમાં અમુક દાવ ચાલે એ રીતે ચર્ચામાં એના કેટલાક નિશ્ચિત દાવ હતા. બીજો દાવ:

'તમે શોષક (એક્સ્પ્લોઈટર) છો?'

'એક તરેહનો ખરો.'

'કેમ?'

'હાથે મજૂરી ન કરે તે એક રીતના શોષક બની રહે.' (પાસેની બાઈ ટહૂકયાં: એ મજૂર છે.)

ડોસાએ બીજામાં ત્રીજો દાવ ભેળવવા માંડ્યો: 'ભગવાનમાં માનો છો? ભગવાન શોષણ કરવાનું કહે છે?' વગેરે વગેરે.

ધર્મના ઝનૂનીઓ અને ધર્મવિરોધના રાજકીય ઝનૂનીઓ આજે મેદાને ચઢ્યા હોય એમ લાગતું હતું. ડોસીમાએ કહ્યું, અમુક વક્તા હમણાં પરદેશ ગયા છે, નહિ તો એમનું બહુ સુંદર પ્રવચન તમને સાંભળવા મળત.

'તમે કોઈ મંડળનાં છો?'

'ના, અમે અમસ્તાં જ આવ્યાં છીએ. સાંભળવા.'

સાંભળવા આવનારાંઓ એમને ખબરે ન પડે ને પાંચ માણસો સામે વક્તારૂપે અહીં રજૂ ન થઈ જાય તો જ નવાઈ.

વરસાદ વધતો જતો હતો. અહીંના ઉનાળાનો લાંબો દિવસ. દસ વાગી ગયા હતા. અંધારું ઊતરવા માંડ્યું હતું.

લંડનનું એક રીતનું દર્શન આજે થયું—અને તે એના મહોલ્લાઓ કે શેરીઓમાં નહિ પણ એનાં ખુલ્લાં મેદાનોમાં.

મોટાં મેદાનોમાં મુક્તપણે ફરવું: માણસે જંગલ છોડીને સમાજ બાંધ્યો તે પછી પણ એની એને કેટલી બધી જરૂર છે? ભલે ગાંડાઘેલા ગમે તેવા વિચારો પણ તે મુક્તપણે ઉચ્ચારવા: સમાજને અંધિયાર ન થવા દેવા માણસ માટે એ કેટલું બધું અનિવાર્ય જરૂરનું છે?

[અપૂર્ણ]

[અનુસંધાન પૃ. ૨૯૮થી]

Home loving–પોતાના ઘરને કિલ્લો માનનારી છે તે એક્સ–લે–બાંમાં સમજાયું. આ સ્વચ્છ નાના નગરની નાની શેરીઓ Side street–માં ફરવાની બહુ મઝા આવી. કેટલાંયે ઘરો ઉપર સફેદ, ગુલાબી, રાતા, પીળા અને મિશ્ર રંગના મનોહર ગુલાબોની વેલો ઝૂકતી હોય છે. એ વેલો વિવિધ રીતે ગોઠવી હોય છે. પ્રવેશદ્વારમાં કે ઉપરની અટારી પર, ક્યારામાં કે વાડો ઉપર નાના મંડપમાં કે દીવાલની જાળી ઉપર Compoundની રસ્તા તરફની વાડો ઉપર પણ મોટાં સુંદર ગુલાબો નિર્ભયતાથી ઝૂકે છે. રસ્તે ચાલનારાં સૌ કોઈ મોટાં કે નાનાં સૌ કોઈથી એ પુષ્પો સલામત રહીને રમ્ય વાતાવરણ જમાવે છે. નાના Compounds ગૃહઉદ્યાનોમાં થોડાં શાકભાજી કે પુષ્પોના છોડ ઘરોની શોભા વધારે છે. કામ કરતી ઘરરખુ ફ્રેન્ચ ગૃહિણીઓ ઘણી વાર સાડીઓનું સૌન્દર્ય જોવા બારીની બહાર ડોકિયાં કરીને અમને સ્મિતથી સત્કારે છે. નગરના રાજમાર્ગો અવનવી ફ્રેન્ચ સ્ટાઇલમાં સુસજ્જિત યુવતીઓ જેમ શોભાવે છે તેમ નાની શેરીઓને ઘરરખુ પ્રૌઢાઓ આકર્ષક બનાવે છે. પણ સકલતનુ સુવેષા પદ્મિની હો વા સાદાં વસ્ત્રોને શોભાવતી પ્રૌઢા હો—સહુ સૌન્દર્યની ઉપાસક છે—સુંદરતાને સુંદરતર બનાવવાનો સતત પ્રયાસ કરે છે.

લિ. મોટાભાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઑક્સફર્ડમાં મળેલી તત્ત્વજ્ઞાનની સંસદ : સપ્ટેમ્બર ૧૩થી ૨૫, ૧૯૫૫

અંબુભાઈ પુરાણી

વિષય : "સમકાલીન બ્રિટિશ ફિલૉસૉફી"

આ અધિવેશન "બ્રિટિશ કાઉન્સિલ" તરફથી યોજવામાં આવ્યું હતું. એણે પસંદ કરેલા વિષય ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે સમકાલીન બ્રિટિશ ફિલૉસૉફી પર અંગ્રેજ વિચારકો અને પ્રજાનું તથા બને તેટલું પરદેશી લોકોનું ધ્યાન ખેંચવું એ તેનો મુખ્ય ઉદ્દેશ હતો. કુલ્લે બાર દિવસ ચાલેલી આ સંસદ એકંદરે સફળ થઈ ગણાય. ઑક્સફર્ડ વિદ્યાપીઠના તત્ત્વજ્ઞાનના અધ્યાપકો, અભ્યાસકો અને વિદ્યાર્થીઓની હાજરી વધારે સંખ્યામાં હોય એ તો જાણે સ્વાભાવિક ગણાય. સ્કૉટલૅન્ડમાંથી પણ થોડા અધ્યાપકો આવ્યા હતા. ફ્રાન્સ, બેલ્જિયમ, ડેન્માર્ક, પશ્ચિમ જર્મની, હિંદ, મલાયા વગેરે વિદેશોમાંથી પણ જેમને સગવડ હતી તેવા અભ્યાસકો આવ્યા હતા. અમેરિકાના યુનાઇટેડ સ્ટેટ્સમાંથી બે જણા ઇંગ્લૅન્ડમાં હતા તેઓએ હાજરી આપી હતી. રહેવાની અને ખાવાની વ્યવસ્થા ઘણી સારી હતી અને બ્રિટિશ કાઉન્સિલના અધિકારીઓ મિ. ટૉમલિન, મિ. બાશ અને મિસ ટિંગ્લી સંસદના કાર્યને અને સભ્યોના જીવનને બની શકે તેટલી બધી સગવડ તથા મદદ આપતાં હતાં.

"સમકાલીન બ્રિટિશ ફિલૉસૉફી" એ મથાળું ઇંગ્લૅન્ડની બધી વિચારધારાઓને સમાવે તેવું છે. પરંતુ હકીકતમાં અત્યારે ઇંગ્લૅન્ડમાં જેને "ઑક્સફર્ડ સ્કૂલ" તરીકે ઓળખવામાં આવે છે તે સ્કૂલની ફિલૉસૉફીને વિચારજગતમાં આગળ પડતું સ્થાન અપાવવાનો ઉદ્દેશ કદાચ આ સંસદની યોજના પાછળ હોય તો નવાઈ નહિ. ઇંગ્લૅન્ડ સિવાયના કૉમનવેલ્થના, હિંદ જેવા, બીજા દેશોના વિચારપ્રવાહોને સંસદ આગળ રજૂ કરવાની યોજના કરવામાં આવી હોત તો ઘણો વધારે લાભ થાત એમ મને લાગે છે. આ અને આવી સંસદોની જાહેર બેઠકમાં જે ચર્ચાઓ થાય છે તેમાં વિચારની આપલે તથા માનસિક સૃષ્ટિની મર્યાદાનો વિસ્તાર થાય છે એટલો જ તેમનો લાભ નથી. પરંતુ વ્યક્તિ વ્યક્તિ વચ્ચે સંબંધની, મુલાકાતની તથા બાહ્યાચારના પડદા વગર છૂટથી પોતપોતાનાં દૃષ્ટિબિંદુઓ, માન્યતાઓ, અભિપ્રાયો વગેરેની આપલે કરવાની જે તક મળે છે તેમાં એનો સૌથી મોટો લાભ સમાયલો છે. એ દૃષ્ટિએ આ સંસદને ઘણી સફળતા મળી હતી એમ કહેવું જોઈએ.

ઇંગ્લૅન્ડના તત્ત્વજ્ઞાનના પ્રવાહોમાં ઑક્સફર્ડ સ્કૂલ અત્યારે સૌથી વધારે સક્રિય અને વાચાળ સ્કૂલ છે. વધારામાં, ઇંગ્લૅન્ડમાં જ્યાં જ્યાં તત્ત્વજ્ઞાનનો વિષય શીખવાય છે ત્યાં ત્યાં બધે ઑક્સફર્ડ પોતાના માણસો મૂકવા જાગૃત પ્રયત્ન કરે છે અને એ રીતે, આખું ઇંગ્લૅન્ડ પોતે સર કરવા માગે છે. ઇંગ્લૅન્ડની બાજી સ્કૂલો એના જેટલી સક્રિય કે ઉત્સુક નથી. આ ઑક્સફર્ડ સ્કૂલના આદ્યપ્રવર્તકો બર્ટ્રાન્ડ રસેલ અને થૉમસ મુર છે. અલબત્ત, એ. એના ઉપરાંત બીજા ઘણા વિચારકોએ એમનું મૌલિક દૃષ્ટિબિંદુ સ્વીકારીને ફિલૉસૉફીનાં પુસ્તકો તથા લેખો લખ્યા છે અને લખે છે.

બાર દિવસ રોજ સવારે ૯ વાગે બેઠકની શરૂઆત થતી તે બપોરના ૧૨ા સુધી ચાલતી. પહેલેથી નક્કી કરેલા—કમિટિએ—વિષય ઉપર આગળ નક્કી થયેલ એક અધ્યાપક ૪૦-૪૫ મિનિટમાં પોતાનું વક્તવ્ય વાંચીને સંભળાવતો. ત્યાર પછી એ વિષય ઉપર ચર્ચા થતી. બપોરે ૪-૩૦થી ૬-૩૦ સુધી બેઠક ચાલતી. કુલ્લે ૨૦ વિષયોના ચર્ચા થઈ હતી. વચમાં એક દિવસ આખી સંસદને શેક્સ્પિયરને ગામ સ્ટ્રૅટફર્ડ-ઑન-એવન જોવા જવા માટેની ગોઠવણ કરવામાં આવી હતી. બધાને એ કાર્યક્રમ ઘણો ગમી ગયો હતો. એક નજીવી ગણાય એવી બાબત નોંધ્યા વગર હું રહી શકતો નથી. જે હૉલમાં સંસદ મળતી હતી તે વધારેમાં વધારે સો માણસોનો સમાવેશ કરી શકે એવો હતો. એમાં અમે ૭૦-૭૫ તો કોઈ વાર ૮૦-૮૫ જેટલા ભેગા થતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇંગ્લેન્ડની ઋતુની જરૂર પ્રમાણે બધાં જ બારણાં ઢાંકીને કારણે બંધ રાખવાં પડતાં અને આખી સંસદમાં ત્રણચાર જણ સિવાય બધા જ સિગારેટ કે સિગાર પીતા. સૌથી મોટું આશ્ચર્ય તો એ હતું કે વ્યાખ્યાન વાંચનાર અધ્યાપક પણ પોતાનો પેપર વાંચતાં બીડી પીતો જતો! બધબારણાં-વાળા ઓરડામાં ભેગો થતો ધૂમાડો અમને-બેત્રણ હિંદીઓને-તો કોઈ વાર અકળાવી મૂકતો! શા માટે તત્ત્વજ્ઞાનીઓ કલાક બે કલાક માટે પણ બીડી પીવાનું મૂકી દઈ શકતા નથી એ કોયડાનો ઉકેલ મને જડતો નથી.

આ સંસદમાં ભાગ લેવા માટે ઑક્સફર્ડની બ્રિટિશ કાઉન્સિલના મિ. બાશ અને મિ. ટૉમલિને મને આમંત્રણ મોકલ્યું ત્યારે ફેબ્રુઆરી મહિનામાં જ મેં એમની પાસે હિંદના સમકાલીન ફિલૉસૉફરોની વિચારધારા રજૂ કરવા માટે વ્યવસ્થા કરવાની માગણી કરી. જવાબમાં એમણે જણાવ્યું કે સંસદમાં સમકાલીન બ્રિટિશ ફિલૉસૉફીને માટે જ વ્યવસ્થા રાખવામાં આવી છે એટલે હિંદના તત્ત્વજ્ઞાન વિષે ત્યાંની સંસદ વ્યાસપીઠ આપી શકે તેમ નથી. એના ઉત્તરમાં મેં જણાવ્યું કે ફિલૉસૉફી એક વાર જાહેર થાય છે ત્યારપછી કોઈ અમુક પ્રજાની આગવી રહે છે એમ હું માનતો નથી,-ફિલૉસૉફી માનવજાતની બની રહે છે. વળી હિંદ કૉમનવેલ્થમાં હોવાથી એને પ્રતિનિધિત્વ મળવું જોઈએ. એવી કોઈ તક ન મળે તો ઑક્સફર્ડ જવું કે કેમ એ વિષે મારે વિચાર કરવો રહેશે. મિ. ટૉમલિને વિચારપૂર્વક જણાવ્યું કે ફિલૉસૉફી કોઈ દેશની હોઈ શકતી નથી એ વિચાર તેઓ સ્વીકારે છે. પરંતુ કમિટિએ પોતાના કાર્યની અને વિષયની મર્યાદા બાંધી દીધી હોઈ એમાં હવે ફેરફાર કરાવવો ઉચિત, તેમ શક્ય પણ નથી. પરંતુ હિંદના સમકાલીન ફિલૉસૉફરોના વિચારોથી સંસદના સભ્યો પરિચિત થાય એવી બધી વ્યવસ્થામાં મને મદદ કરવાને એમણે તત્પરતા બતાવી અને ઑક્સફર્ડ જવા માટે આગ્રહ કર્યો. શ્રી અરવિંદના દર્શનના કાર્યને અંગે જઈ શકાય તો એક વાર ઇંગ્લેન્ડ જવાનો મારો વિચાર આફ્રિકાની મારી મુસાફરી દરમિયાન મને થયેલો. એટલે ઘણા અધ્યાપકો અને અભ્યાસકોને મળવાની તથા બ્રિટિશ ચિંતકોનું દૃષ્ટિબિંદુ સમજવાની તક મળશે એ વિચારથી મેં ઑક્સફર્ડ જવાનું સ્વીકાર્યું. ત્યાંની સંસદમાં ભાગ લેવાથી એકંદરે મને લાભ થયો એ મારે સ્વીકારવું જોઈએ.--તેમાં ઘણા અધ્યાપકો તથા વિચારકોની મુલાકાત લેવાની તક મળી એ સૌથી મોટો લાભ છે. પેપરો વાંચ્યા પછી જે ચર્ચા ચાલતી તે ઘણી ઉચ્ચ તટસ્થતા અને માનસિક ઉદારતાની ભૂમિકા પર થતી હતી. વળી, ઑક્સફર્ડમાં જ "ઑક્સફર્ડ સ્કૂલ" તરીકે આગળ પડતા ચિંતકોથી જુદા પડનારા અધ્યાપકો રહેલા છે એ પણ જાણવા જેવું છે. પ્રો. પ્રાઈસ અને પ્રો. વાઈઝમેન ઉદાહરણ તરીકે નોંધી શકાય.

સંસદમાં ભાગ લીધા પછી મારા મન ઉપર જે છાપ પડી તે એ છે કે ગણિતના ઉપર પ્રતિષ્ઠિત, ભૌતિકશાસ્ત્રના જડવાદનો પાયા તરીકે સ્વીકાર કરનારું રસેલનું દર્શન પ્રગટ થયું ત્યાર પછી ઑક્સફર્ડના ચિંતકોએ એ પ્રકારની એમની પોતાની ફિલૉસૉફીની પરિભાષા તૈયાર કરી છે, કહો, સ્વાભાવિક રીતે ઉપજી આવી છે. સમગ્ર તત્ત્વજ્ઞાનને એ પરિભાષામાં સમાવવાનો એમનો પ્રયત્ન વર્ષોથી ચાલે છે. મારા મન ઉપર પડેલી આ છાપ સાચી છે કે નહિ તે હું કહી શકતો નથી. પરંતુ એટલું ખાતરીપૂર્વક કહી શકાય કે સંસદની બેઠકો દરમિયાન બધાના ઉપર એ પરિભાષાનો સ્વીકાર કરાવવા માટે ભારે આગ્રહ અને દબાણ થઈ રહ્યું હતું. મારો અંગત અભિપ્રાય એ છે કે જે વ્યક્તિ ઑક્સફર્ડની સ્કૂલના મૌલિક તત્ત્વનો સ્વીકાર કરતી ન હોય તે એ પરિભાષા સ્વીકારે એટલે જ એના મૌલિક દૃષ્ટિબિંદુને પણ સ્વીકાર્યા વગર ભાગ્યે રહી શકે. એ પરિભાષા બરાબર છે, ઇષ્ટ છે, આવશ્યક છે કે કેમ એ જ પ્રશ્ન વિચારવા જેવો છે. અલબત્ત, એ પરિભાષાને ભૌતિકશાસ્ત્રનો સબળ ટેકો રહેલો છે. આખી સ્કૂલનું દૃષ્ટિબિંદુ ભૌતિકશાસ્ત્રના દૃષ્ટિબિંદુથી નિયત થયેલું છે એમ પણ કહી શકાય. અત્યારે ભૌતિકશાસ્ત્રની શોધખોળનો વ્યવહારમાં થતા ઉપયોગોનો દુનિયામાં બધેય વિસ્તાર થઈ જાય છે. એટલે તત્ત્વચિંતન પર પણ — જીવનનાં બધાં ક્ષેત્ર તત્ત્વોની પડે છે અને પડવી જોઈએ એ પ્રમાણે — એની અસર પડે એ સ્વાભાવિક છે. પણ અહીં તો જાણે ભૌતિકશાસ્ત્રનું દૃષ્ટિબિંદુ એ જ તત્ત્વચિંતન માટેનું એક માત્ર દૃષ્ટિબિંદુ હોવું જોઈએ એમ મનાય છે તે વધારે પડતું લાગે છે. ભૌતિકશાસ્ત્રની વાસ્તવિકતાની શોધ કરવાની પદ્ધતિની પાછળ સત્ય રહેલું નથી એમ કહેવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશય નથી. પરંતુ સત્ય એનાથી મર્યાદિત છે એમ સ્વીકારવું બરાબર લાગતું નથી. ભૌતિકશાસ્ત્ર બહારથી આરંભ કરીને અંતર તરફ જાય છે. પરંતુ સત્યપ્રાપ્તિ માટે એ જ એક માત્ર પદ્ધતિ છે એમ કહી શકાય નહિ.

ઑક્સફર્ડ સ્કૂલનો એક પ્રયત્ન એ પણ છે કે તત્ત્વજ્ઞાનને સામાન્ય ભાષામાં રજૂ કરવું. તત્ત્વજ્ઞાનના ઘણા ખરા વિરોધાભાસી કોયડાઓ અને પ્રશ્નો ભાષાના ખોટા પ્રયોગોને લઈને જ ઉપસ્થિત થયા છે એમ ઑક્સફર્ડ સ્કૂલ માને છે. તત્ત્વદૃષ્ટાનું સૌથી અગત્યનું કાર્ય ભાષાનો સાચો પ્રયોગ કેવી રીતે થાય એ શોધી કાઢવાનું છે. તત્ત્વજ્ઞાનના પ્રશ્નો ઉપસ્થિત કરવામાં જ સાચા ચિંતકે ભાષાનો ભૂલ વગરનો પ્રયોગ કરવો જોઈએ. અત્યારે તો ભાષાના પ્રયોગમાં અસ્પષ્ટતા, ભૂલ અને બેદરકારીને કારણે પ્રશ્નો, કોયડાઓ વગેરે ટકી રહ્યા છે.

પરંતુ ઑક્સફર્ડ સ્કૂલનો એ વિચાર જો આપણે સ્વીકારીએ તો તત્ત્વજ્ઞાનના પ્રશ્નો પ્રત્યે એક નિશ્ચિત વલણ આપણે ધારણ કરીએ છીએ એમ જ ગણાય. એટલે જેને એ વિચાર મૌલિક તરીકે માન્ય ન હોય તે તો સૌથી પ્રથમ એ મૂળ સિદ્ધાંત જ સિદ્ધ કરવા માટે માગણી કરે એ સ્વભાવિક છે. અર્થાત્ ઑક્સફર્ડ સ્કૂલ અત્યારે જે પ્રકારે તત્ત્વજ્ઞાનના પ્રશ્નો રજૂ કરે છે એ જ એકમાત્ર અને ઉત્તમોત્તમ પ્રકાર છે કે કેમ એ જ પ્રશ્ન વિચારણા માગી લે છે.

ઑક્સફર્ડના ચિંતકોનો નિર્ણય એવો જણાય છે કે અત્યારે તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં Analysis-પૃથક્કરણ અને Reconstruction-પુનર્ઘટનાની આવશ્યકતા સૌથી વધારે છે. એ રીતે તત્ત્વજ્ઞાનને ભૌતિકશાસ્ત્રની કક્ષામાં લાવી મૂકવાનો એમનો પ્રયાસ જણાય છે. જેમ જડ તત્ત્વોના બંધારણનો અભ્યાસ કરતાં પૃથક્કરણને પરિણામે અણુ, પરમાણુ વગેરે કવટના પદાર્થ-તત્ત્વના એકમોની શોધ થઈ છે તેમ વિચારના જગતમાં પણ "તર્કના અણુઓ"ની શોધ કરવી શક્ય છે. એવા મૌલિક વિચારઅણુઓ નક્કી કરવાનો પ્રયત્ન પણ ઑક્સફર્ડ કરે છે. વળી એ ચિંતકોની માન્યતા એ છે કે એ વિચારઅણુઓનો પ્રયોગ સાદી ભાષામાં કરવામાં આવે તો માનવના તત્ત્વજ્ઞાને—ખાસ કરીને પશ્ચિમના—નકામી ઊભી કરેલી ઝાડી અને જંગલને આજકાલનો માણસ સાફ કરી નાંખી શકે. ખરું જોતાં, તત્ત્વજ્ઞાન અટપટું કે મુશ્કેલ હોવાની જરા પણ જરૂર નથી. જડતત્ત્વનાં અણુઓ વડે સ્થૂલ પદાર્થોનું બનેલું જગત આપણે તૈયાર કરી શકીએ છીએ તે જ પ્રમાણે આ વિચાર-અણુઓ યાને તર્કના અણુઓની મદદથી ચોકસાઈવાળું, બધા સમજી શકે તેવું, તત્ત્વજ્ઞાન આપણે જગતને આપી શકીએ એમ તેઓ માને છે.

આ કાર્ય સફળતાથી પાર પાડવા માટે ભાષાનો અભ્યાસ કરવો જોઈએ. ભાષા એ સમૂહજીવનના વિકાસમાંથી ઉત્પન્ન થયેલી સંસ્કારપોષક પ્રવૃત્તિ છે. ભાષાના અસ્પષ્ટ—ગોળગોળ અને ખોટા પ્રયોગમાંથી પ્રાચીનોએ તત્ત્વજ્ઞાનની આ અટપટી જંજાળ ઊભી કરી છે. આમ ભાષાના પ્રયોગોનો અભ્યાસ ઑક્સફર્ડ સ્કૂલનો એક અગત્યનો વિષય છે. અને છતાં, પૃથક્કરણ અને પુનર્ઘટના કરીને એ લોકો આપણને એમની પરિભાષામાં—એમની દૃષ્ટિએ, સ્પષ્ટ અને સાદી ભાષામાં—એમનું તત્ત્વજ્ઞાન આપે છે ત્યારે તે પ્રાચીન દાર્શનિકોનાં દર્શનો કરતાં ઓછું અટપટુ કે ઓછુ દુર્બોધ હોતું નથી. છેલ્લી સદીમાં ભૌતિકશાસ્ત્રવેત્તાઓની પણ એવી જ દશા થઈ હતી. એમણે શરૂઆતમાં કહ્યું કે જડપદાર્થ ઇન્દ્રિય-ગ્રાહ્ય અને પ્રત્યક્ષ હોવાથી એ લોકો એને જ વાસ્તવિક તરીકે માને છે અને એનું આખરી સ્વરૂપ જગત આગળ બધા જોઈ અને સમજી શકે એ રીતે અમે પ્રગટ કરીશું. ચેતન, સૂક્ષ્મ કે આત્મા એવી કોઈ અગમ્ય વસ્તુમાં તો અમે માનતા નથી કારણ કે એ ઇન્દ્રિયગ્રાહ્ય નથી અને તેથી અવાસ્તવિક છે. પરતુ જેમ જેમ જડતત્ત્વનો અભ્યાસ કરતા ગયા તેમ તેમ જડ જડ મટીને ચેતનમાં સરી જતું લાગ્યું. આખરે, સામાન્ય માણસને સ્થૂલપદાર્થનો ખ્યાલ આપી શકવાની સ્થિતિમાં ભૌતિકશાસ્ત્ર રહ્યું નહિ. મગજને ચકિત કરી નાંખે એવાં સમીકરણોમાં એનું જ્ઞાન સમાપ્ત થતું લાગે છે.

રસેલે ભૌતિકશાસ્ત્રીઓના એ પરાજયમાંથી પોતાની નવી પદ્ધતિનું સર્જન કરવા પ્રયત્ન કર્યો છે. એ એમ પ્રતિપાદન કરે છે કે સર્વ પ્રકારના જ્ઞાનનો નિચોડ ગણિત-શાસ્ત્ર છે. ગણિત એ માનવબુદ્ધિની ચરમ સિદ્ધિ છે, એના જ્ઞાનની આખરી સીમા છે. એનાથી ઉપર 'જ્ઞાન' નથી, અનુભવ કદાચ હોઈ શકે. અસ્પષ્ટ ભાષાનો પ્રયોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પ્રાચીન મીમાંસકોની વિરુદ્ધ એક દલીલ છે એ તો આપણે જોઈ ગયા. પણ બીજી દલીલ એમની સામે એ છે કે એ લોકો તત્ત્વજ્ઞાનને જીવનથી વેગળું લઈ ગયા છે. પોતાના પ્રયત્નોને પરિણામે ઑક્સફર્ડની સ્કૂલ પોતાની વિશિષ્ટ વિચારધારાને જીવનની નજીક લાવી શક્યા હોય યા તો સહેલાઈથી સમજી શકાય એવી બનાવી શક્યા હોય એમ લાગતું નથી. અલબત્ત, એ વિચારધારાના રસેલ જેવા નેતાઓ પોતાના દર્શનને જીવન સાથે જોડવાને પ્રયત્નો કરે છે, મોટે ભાગે ભૌતિકશાસ્ત્રની શોધખોળોનો આધાર લઈને આર્થિક જીવનની પુનર્ઘટના કરવાથી માનવજીવનના બધા પ્રશ્નોના ઉકેલ આવી જશે એવો એના કથનનો સાર હોય છે. પરંતુ રસેલ જે પ્રકારના ફેરફારો જીવનમાં લાવવાની હિમાયત કરે છે તે બધા માનવની અત્યારની પ્રકૃતિમાં એ માને છે તે દિશામાં રૂપાંતર થાય તો જ બની આવે. હવે, એ રૂપાંતર કેવી રીતે અને કોણ લાવવાનું છે એ જ પ્રશ્ન છે, અર્થાત્ માનવના બધા પ્રશ્નોના મૂળમાં એની પ્રકૃતિમાં ફેરફાર થવાની જરૂર રહેલી છે અને પ્રશ્નોનો પ્રશ્ન એ છે કે માનવની પ્રકૃતિમાં પરિવર્તન કેવી રીતે લાવવું ?

સંસદની ચર્ચાઓ દરમિયાન "માનવનું જ્ઞાનપ્રાપ્તિનું કરણ" અર્થાત્ માનવનું ચિત્તંત્ર, અત્યારે છે તેવું જ સદા રહેવાનું છે એ માન્યતા સ્વીકારી લીધેલી હોય એમ મને જણાયું. કદાચ વિષય રજૂ કરનાર અધ્યાપકોની માન્યતા એવી હશે કે ઇતિહાસના યુગો દરમિયાન માનવની માનસિક ચેતના — કોઈ નહિ તો જનસાધારણમાં — કશા પણ નોંધપાત્ર પરિવર્તન વગરની રહેલી જણાય છે એટલે સદાકાળ એવી જ રહેવાની છે. પરંતુ માનવ અત્યારે જ્ઞાનપ્રાપ્તિ માટે જે કરણનો ઉપયોગ કરે છે તેનો — એટલે કે એના માનસિક ચેતના અને ઇન્દ્રિયસમૂહનો — વિકાસ થઈ શકે તેમ છે કે નહિ એ પ્રશ્ન વિચારવા જેવો છે. જો માનવ વિકાસ કરી શકે એવું પ્રાણી હોય તો એ પ્રકારનો વિકાસ એને માટે શક્ય હોવો જોઈએ. ભૌતિકશાસ્ત્રના શોધખોળમાં સૂક્ષ્મદર્શક કે દૂરબીન યંત્રની પદાર્થને મોટો કરીને કે નજીક લાવીને બતાવવાની શક્તિ ઉપર આપણને મળતા જ્ઞાનના પ્રકારનો અને તેની ચોકસાઈનો આધાર રહે છે. સૂક્ષ્મદર્શક યંત્ર મૂળ વસ્તુનું કદ બે હજારગણું વધારીને આપણને બતાવે તેમાં અને બે લાખગણું વધારીને બતાવે તેમાં વસ્તુના સ્વરૂપમાં અને તેના વિષેના આપણા જ્ઞાનમાં ઘણો ફેર પડી જાય છે એ આપણે જાણીએ છીએ. તે જ પ્રમાણે આપણા માનસિક યાને ચૈતસિક કરણની બાબતમાં પણ બનવું શક્ય છે. એટલે કે માનવની માનસિક ચેતનાનો પોતાનો જ વિકાસ શક્ય હોય તો માનવને મળતું જ્ઞાન અત્યારે એને મળે છે તેના કરતાં જુદા જ પ્રકારનું હોય એ સ્વાભાવિક છે. તત્ત્વજ્ઞાનના અભ્યાસીઓએ વિચારવાનો પ્રશ્ન આ છે: જ્ઞાનપ્રાપ્તિનું માનવનું અત્યારનું કરણ આખરી કે અવિકાસશીલ છે કે કેમ. વળી એના વિકાસની શક્યતા સ્વીકારીએ તો પણ આપણે એ નક્કી કરવું જોઈએ કે એ વિકાસ માનસિક ભૂમિકાની મર્યાદામાં રહીને જ સાધી શકાય તેમ છે કે એને વટાવીને જ્ઞાનપ્રાપ્તિનો અત્યારે સુષુપ્ત, અને તેથી સામાન્ય માણસના અનુભવને અજ્ઞાત એવી શક્તિઓને જાગૃત કરીને તે સાધી શકાય તેવો છે.

તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં વિશદતા લાવવાના ઑક્સફર્ડ સ્કૂલના પ્રયત્નોમાં મને એમ લાગ્યું છે કે એ લોકો મૂળ પ્રશ્નોને બદલે પરિભાષ ઉપર, વસ્તુ કરતાં રીત ઉપર, પદ્ધતિ ઉપર વધારે પડતું ધ્યાન આપે છે. વિશદતા હોવી જોઈએ, સ્પષ્ટીકરણ આવશ્યક છે પણ શેના વિશદતા ? શેનું સ્પષ્ટીકરણ ? બધો વખત પ્રાચીન દાર્શનિકોના મુદ્દાઓ લઈને તેમને વિશદ પ્રકારે વિચારવાનો પ્રયત્ન એ લોકો કરતા હતા. પરંતુ આજના માણસ ઑક્સફર્ડ સ્કૂલને પ્રશ્ન કરી શકે કે માનવની બધી શક્તિઓમાં શું પૃથક્કરણ કરવાની શક્તિ સૌથી મુખ્ય છે ? વધારેમાં વધારે ઉપયોગી છે ? અને ફિલૉસૉફીનું મુખ્ય કાર્ય શું પૃથક્કરણ છે ?

ઑક્સફર્ડના ચિંતકોમાં મોટો ભાગ તો જે ઇન્દ્રિયગ્રાહ્ય છે તે જ માત્ર વાસ્તવિક છે એવી માન્યતા સ્વીકારતો હતો એમ મને લાગ્યું. દરેક દાર્શનિક વિધાન માટે સ્થૂલમાંથી પુરાવાની માગણી કરવામાં આવતી હતી. ન્યાય, સત્ય, સ્વતંત્રતા વગેરે ભાવનાઓ સ્થૂલ જીવન સાથે સંકળાયેલી હોઈ એમની વાસ્તવિકતા ખરું જોતાં, સ્થૂલમાં જ છે. આપણને એમનું સ્વતંત્ર અસ્તિત્વ કોઈ માનસિક જગતમાં છે એમ લાગે છે તે ફક્ત આપણા માનસિક બંધારણને આભારી છે એમ તેઓ માનતા લાગે છે.

[સંસ્કૃતિ, જુલાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાચીન તત્ત્વવેત્તાઓ સામે ઑક્સફર્ડની ફરિયાદ એ પણ છે કે એ લોકો **જે છે** તેને સમજવાનો પ્રયત્ન કરવાને બદલે **જે નથી** તેને ઊભું કરે છે,—વાસ્તવિકતાનું જ્ઞાન મેળવવાને બદલે અવાસ્તવિકને સર્જે છે. પરંતુ કઈ વસ્તુ છે, વાસ્તવિકતા એટલે શું? એ જ તો સવાલ છે. એમ કહેવું કે આપણી ઇન્દ્રિયો જેનું ગ્રહણ કરી શકે તે વાસ્તવિક છે એનો અર્થ તો એ થયો કે આપણે માનવના જ્ઞાનના અને અનુભવના ક્ષેત્રને મર્યાદિત કરીએ છીએ અને તે પણ આપખુદ રીતે. એમ કરવાનો આપણને હક નથી અને એમ કરતાં માનવસંસ્કૃતિએ જે ઉત્કૃષ્ટ સિદ્ધિઓ સાધી છે તેનાથી માનવને વંચિત કરવો પડશે.

આગળ એ મુદ્દો રજૂ કર્યો છે કે પૃથક્કરણ કરવું એ ફિલોસોફીનું મુખ્ય કાર્ય ભાગ્યે ગણી શકાય. એનાથી વસ્તુના અંગ, ઉપાંગ જુદાં કરીને સમગ્રનું એક પ્રકારનું જ્ઞાન મેળવી શકાય છે. પરંતુ સમન્વય કરવાની શકિત એના કરતાં વધારે ઉચ્ચ અને ઉપયોગી છે. એવો સમન્વય સમગ્ર વિશ્વને જોવાની એક નવી દૃષ્ટિ માનવને આપે છે. જગત તો એનું એ હોય છે, વસ્તુઓ પણ એની એ રહે છે, પરંતુ એ બધી કોઈ જુદા જ પ્રકાશમાં સમન્વય આપણને બતાવે છે જેથી એ બધાની સ્થિતિમાં અને મૂલ્યમાં ફેરફાર થઈ જાય છે. એ પ્રકારની નવી દૃષ્ટિ આપવી એ ફિલોસોફીનું ઊંચામાં ઊંચું કાર્ય છે. અવનવી દૃષ્ટિ વગરની ફિલસૂફી ફિલસૂફી નથી એમ પણ કહી શકાય.

નવી ફિલસૂફી ઉપર જણાવી તેવી નવી દૃષ્ટિ આપે તો તેને પરિણામે માનવજીવન ઉપર પણ અસર પડે—પડવી જોઈએ. પૂર્વના દેશોમાં તો ફિલસૂફી એટલે "a way of life"—'જીવન જીવવાની એક રીત' પણ ગણાય છે. એ દૃષ્ટિએ જોતાં "પૃથક્કરણ"-ની ફિલસૂફી કેવા પ્રકારના જીવનનો નિર્દેશ કરે છે એ પ્રશ્ન વિચારવા જેવો છે. અલબત્ત, ભૌતિકશાસ્ત્ર ઉપર આધાર રાખીને એક પ્રકારનો જડવાદ સ્વીકારવાનું તે સૂચન કરે છે અને એને પરિણામે તો માનવજીવનનાં ઉચ્ચ મૂલ્યો ભાગ્યે સલામત રહી શકે.

ઑક્સફર્ડ સ્કૂલ આપણને એમ કહેવા માગે છે કે અમુક નિર્ણયનો અથવા તો અમુક દૃષ્ટિબિંદુ કે વિચારધારાનો સ્વીકાર કરવો, અથવા તો તેનું પ્રતિપાદન કરવું એ ફિલસૂફીનું કામ નથી. સત્ય વિષે, વાસ્તવિકતા વિષે, માનવ વિષે, જીવન વિષે અમુક વિચારો હોવા કે સ્વીકારવા એ પણ ફિલસૂફીનું કાર્ય નથી. પ્રત્યેક વિધાન, વિચાર, સિદ્ધાંત, વિરોધાભાસ વગેરેની ચકાસણી કરવી એ તેનું મુખ્ય કાર્ય છે. આમ ફિલસૂફીની સમાલોચના કરવાની શક્તિનો સ્વીકાર થાય છે, પણ એને સર્જકતાનો અધિકાર આપવામાં આવતો નથી. એટલે જ તો ઑક્સફર્ડ સ્કૂલને કોઈ પૂછે કે "આજના માણસને માટે તમારો સંદેશ શો છે?" તો, હું માનું છું એ લોકો બેધડક રીતે કહે કે: "પ્રત્યેક વિચાર, અભિપ્રાય, સિદ્ધાંત વગેરેની ચકાસણી કરવાનો અમારો સંદેશ છે."

ભૌતિકશાસ્ત્રો પણ પોતાની શોધખોળ દરમિયાન ઘટનાની સમજૂતી આપવા માટે જે નથી તેને અસ્તિત્વમાં લાવે છે. ઉ. ત. ટ્યૂબ્સ ઑફ ફોર્સ—શક્તિના કાર્યની નળીઓ,—વીજળી અને લોહચુંબકની શક્તિના કાર્યની સમજૂતી માટે એમનું અસ્તિત્વ સ્વીકારવામાં આવ્યું હતું. તે જ પ્રમાણે બળવાની ક્રિયાની સમજૂતી માટે એક વખત "ફ્લોજિસ્ટન" નામનો પદાર્થ સ્વીકારાયો હતો. અલબત્ત, એવા અવાસ્તવિક ખ્યાલો ભૌતિકશાસ્ત્રમાં વધારે વખત ટકતા નથી કારણ કે એમને પ્રયોગનો ટેકો મળતો નથી. અણુ, ઇલેક્ટ્રોન વગેરે ખરું જોતાં ભાવનાના પદાર્થો છે જે સ્થૂળ ઘટનાઓની સમજૂતી મેળવવામાં આપણને મદદ કરે છે. ગણિતમાં તો સ્થૂળ સાથે જેને કશોય સંબંધ નથી એવી કેવળ માનસિક જગતમાં જ અસ્તિત્વવાળી સંખ્યાઓ અને પરિમાણોનો અભ્યાસ કરવામાં આવે છે. એટલે સ્થૂળમાં જ બધી વાસ્તવિકતાને મર્યાદિત કરવાનો પ્રયત્ન અથવા તો માનવની પ્રકૃતિના બંધારણમાં સૂક્ષ્મ અને માનસિક વાસ્તવિકતાને સ્થાન નથી એમ કહેવું અનુભવથી વિરુદ્ધ છે.

ઇંગ્લૅન્ડમાં ફિલસૂફીની પરંપરા બહુ લાંબી, સતત કે બહુ જ્વલંત નથી. લૉક, હ્યૂમ, બ્રૅડલી વગેરેની પરંપરા છે. પરંતુ યુરોપના બીજા દેશોની ફિલસૂફીનું જે સ્થાન છે તેવું બ્રિટિશ ફિલસૂફીનું નથી. અત્યારના જમાનામાં યુરોપની ફિલસૂફીના ક્ષેત્રમાં ઇંગ્લૅન્ડ પોતાનું અનોખું સ્થાન મેળવવા ભારે પ્રયત્ન કરી રહ્યું હોય એમ મને લાગ્યું. બ્રૅડલીના આદર્શવાદની વિરુદ્ધ અત્યારે ઇંગ્લૅન્ડમાં પ્રતિકાર્ય ચાલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યું છે અને રસેલ અને મુરે તેની આગેવાની લીધી છે. રસેલે ઇંગ્લેંડની ફિલસૂફીમાં ગણિતશાસ્ત્ર પર પ્રતિષ્ઠિત તર્ક અથવા તો "પ્રતીકાત્મક તર્ક"—symbolic logicને બ્રેડલીના આદર્શવાદની જગાએ સ્થાપન કરવા પ્રયત્ન કર્યો છે. ફિલસૂફીના ક્ષેત્રમાં ગણિતની અગત્ય પર રસેલે પહેલવહેલો ભાર દીધો. એ ભાર વધારે પડતો છે એમ ખાતરીપૂર્વક કહી શકાય. બાહ્યજીવનના જ્ઞાનના ઉપર એ દૃષ્ટિબિંદુનો ઝોક રહેલો છે. ઘટના, બનાવ,—એના જ્ઞાન ઉપર એ દૃષ્ટિબિંદુ ભાર મૂકે છે. પ્રાચીન દાર્શનિકોનાં વિધાનો આજકાલના ઑક્સફર્ડના ચિંતકોની નજરે વિધાનો જ નથી,—અર્થ વગરનાં છે, પૂરવાર ન થઈ શકે તેવાં છે. પ્રાચીના ઘટના ઉપર મૂકતા તેના કરતાં ઘટનાને જોનાર દૃષ્ટિ પર વધારે ભાર મૂકતા. ઘટના, બનાવ, હકીકત વગેરેનો અર્થ તો આખરે માનવનું મન કરે છે. તેથી એ માનસિક દૃષ્ટિ કેવી છે, કેવી હોવી જોઈએ, ક્યારે સાચી ગણાય વગેરે મુદ્દાઓ ઉપર એ લોકો વધારે ધ્યાન આપતા. આજકાલની ફિલસૂફીની સ્કૂલ પણ દૃષ્ટિ આપવાનો પ્રયત્ન તો કરે છે, ફક્ત એ દૃષ્ટિ બાહ્યજીવનને સમગ્ર તરીકે ગણે છે.

એક જ વાસ્તવિકતાની જુદી જુદી શ્રેણિઓ અથવા તો ચડતી-ઊતરતી ભૂમિકાઓનો સ્વીકાર કરવાથી આપણે માનવના અનુભવનાં સઘળાં ક્ષેત્રોને સરળતાપૂર્વક એક સમગ્ર દર્શનમાં સમાવી શકીએ. એટલે કે માનવને જે અનુભવો મળે છે તે એની ચેતનાની એક જ સપાટી ઉપર નહિ પરંતુ જુદી જુદી સ્થૂલથી આરંભીને—પ્રાણ, તેનાથી ઉપર ભાવ, તેથી ઉપર બુદ્ધિ—સીડીની પેઠે ગોઠવી શકીએ. ઑક્સફર્ડના દૃષ્ટિબિંદુમાં માનવના અનુભવનું ક્ષેત્ર કૃત્રિમ રીતે મર્યાદિત કરવામાં આવે છે એમ મને લાગે છે. ભૌતિકશાસ્ત્રમાં પ્રગતિ કરવા માટે જેમ જડતત્ત્વના પ્રયોગોની કોઈ મર્યાદા આંકવામાં આવતી નથી તેમ ફિલસૂફી માનવ-અનુભવોની યુક્તિગ્રાહ્ય સમજૂતી આપવાનું શાસ્ત્ર હોય તો માનવઅનુભવોના ક્ષેત્રની મર્યાદા બાંધતાં એ પોતાની પ્રગતિને જ સીમાબદ્ધ કરે છે એમ કહી શકાય, કારણ કે અનુભવનું ક્ષેત્ર એ જ એના કાર્યનું ક્ષેત્ર છે. આપણે બુદ્ધિને માનવચેતનાની શક્તિઓની ટોચે મૂકી છે. પરંતુ બુદ્ધિ કાંઈ છેવટની ભૂમિકા નથી. એનાથી પણ પર અનુભવનું ક્ષેત્ર વિસ્તરેલું છે. અત્યારે એ ક્ષેત્રનો અનુભવ લેવા માટે માનવ પાસે શક્તિઓ નથી એ ખરું છે. પરંતુ એ શક્તિઓ જાગૃત કરી શકાય તેમ છે. એવી અત્યારે અજાગૃત પરંતુ જાગૃત કરી શકાય તેવી શક્તિઓ માનવમાં છે તેના પુરાવા ભૂતકાળથી વર્તમાન સુધી આપણને મળતા રહ્યા છે.*

* પરિશિષ્ટ: સંસદમાં ચર્ચાયેલા વિષયો:—૧. પુનર્ઘટના અને પૃથક્કરણ, ૨. બ્રેડલી અને મીમાંસાનો કોયડો, ૩. નીતિ અને રાજકારણ, ૪. મુર અને તત્ત્વજ્ઞાનના વિરોધાભાસો, ૫. જાતિ અને તર્કના વિરોધાભાસ, ૬. ક્રિયાત્મક વાક્યો, ૭. માત્રા સ્પર્શોનો પ્રશ્ન, ૮. વ્યક્તિત્વની એકતા, ૯. ઉપયોગિતાવાદનાં બે સ્વરૂપો, ૧૦. અર્થનો વાદ, ૧૧. સામાન્ય જીવનમાં કારણતા, ૧૨ સંકલ્પ-શક્તિની સ્વતંત્રતા, ૧૩. નીતિશાસ્ત્રમાં ઑક્સફર્ડનો ફાળો, ૧૪. માન્યતા અને અર્ધમાન્યતા, ૧૫. હ્યૂમ, રસેલ અને વિટગેનસ્ટિન, તાત્ત્વિક અણુવાદ, ૧૬. જ્ઞાન અને તત્ત્વજ્ઞાન, ૧૭. તાત્ત્વિક યુક્તિ, ૧૮. વિટગેન-સ્ટિનનાવાદનાં કેટલાંક પાસાં.

(અનુસંધાન પૃ. ૨૫૭થી)

સોપારી કાપતાં આંગળી કપાઈ જાય એટલે પાન પણ કાકાએ કરી આપવું પડે છે. શશીકાકી જોબનમાં હતાં, નયનોમાં બરછીઓ હતી, ત્યાં સુધી કાકાએ આ બધાં નખરાં સહ્યાં, પણ હવે તો એ બિચારા પણ હમણાં જણાવી ગયો તેવા સમાજસેવક થઈ જવાની વાત કરે છે. સંસારત્યાગનો એ વડો આગળ આવશે ત્યારે પણ એ તો શશીકાકીનું બલિદાન ગણાશે ને? અને શશીકાકી પણ સાથે ચાલી નીકળે તેવાં છે. નાદાનિયતની જોહુકમી તો એવી કે એ તો પતિના સંન્યાસને પણ હરાવે.*

* ઑલ ઇન્ડિયા રેડિયોના સૌજન્યથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોહુકમી પતિ અથવા પત્ની

કૃષ્ણલાલ શ્રીધરાણી

દાંપત્યના કોઈ પણ પાસા ઉપર બોલતાં કે લખતાં પહેલાં પરણેલ સ્ત્રી કે પુરુષે દસ વખત વિચાર કરવો ઘટે. આવી વાત તો કોઈ વાંઢાને મોઢે શોભે, અને લગ્નજીવન વિષે વાંઢાઓ જેટલું બોલે છે અને જાણે છે તેટલું કોઈ અનુભવીને આવડે નહીં. તેમાંય ખાસ કરીને જેનું સ્નેહ-જીવન સુખી હોય તેઓએ તો મૌન જ સેવવું રહ્યું. કેમ કે વાત કરતા હોઈએ સાવ ટાઢા પહોરની પણ નવરાઓ તેમાં આત્મકથા જોયા વિના રહે નહીં. બધા વિઘ્ન-સંતોષીઓ ન હોય તો ટીખળી તો હોય જ. પછી મમરો મૂકે એટલે કાં તો થાય કાળરકલહ અને કાં તો જામે આખલાની ઝીંકો. સુખી જીવ દુઃખમાં પડે.

પહેલેથી જ ચોખવટ કરી દઉં છું. હું મારા પરણેતર-માં સુખી છું. મારી પત્ની ઉપર જોહુકમી કરવાનું મારું ગજું નથી અને મારી ઉપર જોહુકમી કરવાની "બાબુનો બા"ની મદાર નથી. કયારેક દિલ થઈ આવે ત્યારે બંને ભેગાં મળી કોઈ ત્રીજા જ ઉપર જોહુકમી કરીએ છીએ. આવો ડબલ ઍટેક આવે એટલે સામાના તો હાંજા જ ગગડી જાય.

પણ એટલું ખરું કે મારા ઓળખીતાઓમાં કેટલાક પુરુષો એવા છે કે જેઓ પોતાની પત્ની સામે ધ્રૂજે છે, જ્યારે કેટલીક સ્ત્રીઓ એવી છે કે મરદોને થથરાવે છે. એમના કેટલાક દાખલાઓ આપવાનું મન થઈ આવે છે, અને આપીશ પણ ખરો. પણ નામઠામ નહીં આપું. કોર્ટે કેઈસ જાય એવું કર્યા કરીએ? પણ વિષય એવો ગંભીર છે કે ગરમાગરમ ઉદાહરણો આપતાં પહેલાં ઇતિહાસની સમાલોચના કરવી રહી.

આપણા શાસ્ત્રકારો માનવકુળનું પહેલું લગ્ન ભાઈ-બહેન વચ્ચે, યમ અને યમી વચ્ચે કરાવીને એમણે સ્ત્રીપુરુષની સમાનતા સ્થાપી એટલે ઝગડા ઓછા થાય અને એ ભાઈબહેન પણ કેવાં! એક જોટા જેવાં! ગર્ભમાં જ એવાં એ ચોંટેલા કે જીવનમાં ઊખડવા ધારે તોય ઊખડી ન શકે, એટલે તો નેહરુરાજ્ય આવ્યું ત્યાં સુધી હિંદુસંસારમાં છૂટાછેડાની વાત નહોતી. આની સાથે પશ્ચિમના પુરુષોની દુર્દશા સરખાવો. તેમની આખ્યાયિકાઓ-નો પહેલો પુરુષ તે આદમ. એની એક પાંસળીમાંથી ઈવ સર્જાઈ. ગોરા પુરુષની પાંસળીઓની સંખ્યા કાંઈ ઘઉંવર્ણાથી ઓછી નથી, એટલે એમ લાગે છે કે ઈવ એટલે આદમની અદક પાંસળી. પછી રંગ જામે તેમાં નવાઈ શી? "તું મારું એક અંગ છે" એમ કહીને જોહુકમી કરનાર કોઈ ગોરા પુરુષને કોઈ ગોરી અદક પાંસળી ગણકારે? એટલે તો પારવિનાના છૂટાછેડા પશ્ચિમમાં. આપણા શાસ્ત્રકારો જે મોટે ભાગે પુરુષો હતા તેઓ કેવા શાણા? અગમની યમી અને તેની તમામ પુત્રીઓને એવું તો પતિવ્રત આપ્યું કે પતિ કોઈ દિવસ, કોઈ ન્યાયે, જોહુકમી ન ગણાય; એ ધોકો મારે તે પણ પત્નીને મન મહેરબાની ગણાય; જાણે કે વરઘોડાના ફૂલની ઝડી! આવા આદર્શ સંજોગોમાં દરેકે દરેક હિંદુ પતિ આદર્શ પતિ જ હોય ને?

વળી જોહુકમી એ કાંઈ સાવ કાઢી નાંખવા જેવો દુર્ગુણ નથી. સાપના ઝેરની જેમ તેનો પણ સદુપયોગ થાય છે. ઘણા કવિઓની કવિતા જોહુકમી પર જ જીવે છે – માશૂક માગી કે મળી જતી હોત તો કેટલાય કાવ્યઝરણાંઓ સુકાઈ જાત. જેમ અવગણના વધારે થાય, જેમ લાતોની સંખ્યા વધતી જાય તેમ કાવ્યનો મદ જામે.

આખું કાવ્યસ્વરૂપ આર્યપુત્રી કે આર્યપુત્રના પ્રહારોને આભારી હોય તેવાં બે ઉદાહરણો આપું: નરસિંહ મહેતાની વહુ જો આટલી માથાભારે ન હોત તો આજે આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નરસિંહ મહેતાને યાદ કરત કે નહિ તેની શંકા ઊપજે છે. એમનાં પ્રભાતિયાંઓમાં અને ભજનોમાં કૃષ્ણકનૈયાનો સાક્ષાત્કાર છે. પણ તેમનાં પત્ની અદૃશ્યમાં હાજર છે. જેમ જેમ એના ટોણા વધતા ગયા, જેમ જેમ એનાં આક્રંદો બુલંદ બનતાં ગયાં તેમ તેમ નરસૈયાનાં કાવ્યો પણ વધતાં ગયાં અને જોહુકમી પણ એ બાઈની કેવી? "ભગવાનને નામે મને ભૂખે મારો મા! બાળકો તરફ કંઈક ધ્યાન તો આપો!" આવી વાહિયાત વાતો કરીને કવિને તે રંજાડતી. કમાઈ તો બધા શકે છે પણ કવિતા કેટલા કરી શકે? એવો નરસૈયાનો મૂંગો અથવા આડકતરો જવાબ હતો. એ જોહુકમી પત્ની નરસૈયાને જીવતી હતી ત્યારે તો કામ આવી જ પણ હાથીની જેમ મરણમાં પણ કામ આવી. કવિ ગૂજી ઊઠ્યા: "ભલું થયું ભાગી જંજાળ, સુખે ભજશું શ્રીગોપાળ." શિર્ષાસન સમોવડો અથવા ઊંધો, દાખલો લઈએ તે મીરાંનો. રાણો જોહુકમી કરતો હતો એ સાબિત કરવા માટે મીરાંએ જેટલું ગાયું છે તેટલું કદાચ કૃષ્ણ-કનૈયાની બંસી વિષે પણ ગાયું નથી. ખરું કૃષ્ણકનૈયાએ મીરાંને પ્રેરણા આપી પણ રાણાએ નિમિત્ત આપ્યું એટલું તો આપણે કબૂલ કરવું પડશે. રાણો ન હોત તો વિષનો પ્યાલો કોણ આપત? વિષનો પ્યાલો ન હોત તો તો ભગવાન ઉગારનાર છે તેમ કેવી રીતે સાબિત થાત? કૃષ્ણ ઉગારનાર છે તેમ સાબિત ન થયું હોત તો ભક્તિથી તરબોળ એવી કવિતા ક્યાંથી લખાત? મીરાંની કવિતાના મૂળમાં રાણાની જોહુકમીનાં જ જળસિંચન છે. ક્યારેક ક્યારેક તો એમ થઈ આવે છે કે કવિતાનો પાક સારો ઉપજાવવાને માટે કાં તો જડથા જેવો પતિ અથવા જાજરમાન જોરુ જાણીજોઈને પ્રાપ્ત કરવાં જોઈએ.

પરદેશીઓના હાલહવાલ કાંઈ ગુજરાતીથી ચડે નહિ. અમેરિકાના મહાપ્રમુખ લિંકનનું ઉદાહરણ લઈએ. એને સિગાર પીવી ગમે, અને અખંડ સૌભાગ્યવતીને ધુમાડો તો ન જોઈએ પણ સિગારની સુગંધ પણ ન જોઈએ. લિંકનને ભાતભાતના સામાન્ય લોકો સાથે મળવુંહળવું ગમે, ત્યારે એમના અ. સૌ.ને સામાન્ય લોકોની ચીતરી ચડે. રોજ રોજ કલહ થાય તોય ઇતિહાસકારો કહે છે પત્નીપજવણી ન હોત તો લિંકન આટલા આગળ વધ્યા ન હોત અને આમ ઘરમાં એ રોજ Civil war ન લડ્યા હોત તો ઉત્તર-દક્ષિણની આવડી મોટી Civil war લડવાની એમને તાલીમ ક્યાંથી મળી હોત?

તુલસીદાસે તો ગાઈ નાંખ્યું: "સમરથ કો નહિ દોષ ગુંસાઈ!" પણ એનો અર્થ શો? રાજા કહે કે રાત તો રાત પણ હવે રાજાઓ રહ્યા નથી એટલે દિવસને રાત કહેનારાઓ, અથવા એ વક્તવ્યને વેદવાક્ય માનનારાઓ ચાલ્યા ગયા છે તેમ માનવાની જરૂર નથી. દિલ્હીની વિધાનસભામાં એક દિવસ આવો અને ખાતરી કરો. માનવ-સ્વભાવ કાંઈ એમ પલટાય છે? પણ તુલસીદાસનું સુંદર અંગ્રેજી ભાષાન્તર કર્યું હોય તો કહેવું પડે — Caesars wife is above suspicion – એક તો જોહુકમી સીઝર અને એમાં ઉમેરો એની જોહુકમી સડમડી એને દોષ દેનારના માથાં દડે, હવે નહિ પણ સીઝરના વખતમાં.

હવે આપણે જોહુકમીના કેટલાક પ્રકારો જોઈએ. સિધ્ધાસાદા, શરમવિનાના ત્રાસકોની વાત અળગી રાખીએ; આડકતરી રીતે પોતાનો સ્વાર્થી પ્રભાવ પાડી જીવન-સંગાથીનો લાભ ઉઠાવનારાઓની જ વાત કરીએ. આવા જોહુકમી પતિઓ ત્રણ પ્રકારના હોય છે. સમાજસેવક, માંદા, પ્રભુભક્ત અને અલગારી. તેમ જ આ જમાનો પુરુષસ્ત્રીની સમાનતાનો હોઈ ત્રણ પ્રકારની જોહુકમી પત્નીઓ લઈએ — સ્વયંસેવિકા, પૈસાદાર પિયરવાળી, દીકરો દેનાર અને નાદાન.

ઘણાખરા સ્વયંસેવકો સાચા હોય છે, પણ કેટલાક તો પત્નીને ત્રાસ આપવા સારુ સેવાનાં કાર્યો હાથ ધરે છે. મારા એક ઓળખીતા છે. શાક લાવવાનો સમય થાય કે તરત જ એમને પાર્ટી-ઑફિસે જવાનું યાદ આવે અને નિશાળેથી આવવાનો વખત થાય કે તરત જ એમને મહત્ત્વની (appointment) મુલાકાત નીકળે. ઘરમાં કાંઈ શુભ પ્રસંગો-ની તૈયારી થતી હોય ત્યારે જ એમને યાદ આવે કે હિંદુસ્તાનનું હૃદય ગામડાંમાં વસ્યું છે. એટલે ચાલી નીકળે પોતાની ઝોળી લઈ. પત્ની બિચારી રાતદિવસ કામ કર્યા કરે અને સાથે સાથે આ મહાનપુરુષથી અંજાયા કરે. વળી અણધાર્યાં મહેમાનોને નોતરી બૈરીને ચૂલા પાસે જ રાખી મૂકનારા આ મદારીઓ હોય છે. એટલે જ આપણે ત્યાં મહાપુરુષોની સ્ત્રીઓ વહેલા ઘસાઈને મરી જાય છે. સમાજ-સેવકનું આયુષ્ય આંકડાઓ પ્રમાણે સારું ગણાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજા ભાઈ માંદા તે એવા તો માંદા કે શીરા વિના શરીર સારું ન થાય. પણ પોતાનાં કપડાં ઉતારતાં પણ લોહીનું દબાણ વધી જાય. એટલે બૈરી, માતા, મહારાજ અને ધોબી ઉપરાંત એક નર્સ પણ બની રહે. એનાથી ચૂંચાં તો થાય જ નહીં. કેમ કે તો તો સ્વામીનાથને લોહીનું દબાણ થાય અને સાહેબથી બહાર જવાય નહીં. એટલે મિત્રો પાનાં રમવા પડયાપાથર્યા રહે અને તેમને દર કલાકે ચા ને ચેવડો આપવાં પડે.

પ્રભુભક્ત પતિની તો વાત જ શી કરવી? સવારસાંજ પૂજા અને બપોરના પ્રભુતન્મયતા એટલે ઊંઘ. આવા પતિને ભાંગ તૈયાર કરીને ન આપે તેવી સ્ત્રી તો નર્કે જાય. બેચાર બાળકો પણ હોય, પણ આવી જંજાળમાં નાંખવા માટે પ્રભુભક્ત પતિ બૈરીને જ દોષ દીધા કરે. કોઈ નાટકનું ગાયન પણ લલકારે : "નારી નર્કનું દ્વાર છે, નારી છે વિષપાન." પણ ભકત નીલકંઠના એટલે પ્રભુભકત પતિ નારીનું વિષપાન કર્યા કરે. કયારેક કયારેક પત્નીની ભક્તિથી ત્રાસી જાય ત્યારે "હું હિમાલય ચાલ્યો જઈશ. મને સંસારમાં રસ નથી," એવી ધમકીઓ આપે. આવા બેચાર ગુરુઓને હું ઓળખું છું. એક તો હિમાલય ગયેલા પણ ખરા. બાળકોને બિચારી ત્યકતાએ ઉછેરવાં પડેલાં પણ ભણીગણીને દીકરાઓ ધનવાન થયા ત્યાં તો પ્રભુભકત પિતા પાછા ઘરે આવી ગયા અને કાદવમાં ખીલતા કમળની જેમ રહેવા લાગ્યા. અલગારીની ઓલાદ આથી બહુ જુદી નહીં. એ બહુ દમદમાટા ન કરે, પામર પત્નીની ફરિયાદો પણ સાંભળે પણ કર્યા કરે પોતાનું ધાર્યું. એમનામાં એક ગુણ. કયારેક સતાયેલી બૈરી ખાવાનું ન આપે તો ભૂખ્યા સૂઈ રહે, પણ એમને કામ કરવા માટે ખડા કરવા એટલે બેઠેલા આખલાને ઊભા કરવા કરતાં પણ મુશ્કેલ.

જમાઉધારના આ ચોપડામાં હવે પત્નીઓનો વારો આવ્યો. હું એક મિત્રની ખૂબસૂરત સિલ્કસાડીવાળી પત્નીને ઓળખું છું. બિચારાના બેહાલ છે. કયાંક મેળાવડો થાય એટલે આ બાનુને ત્યાં પ્રોગ્રામ વેચવા અને એમ્બેસેડરોને આગલી ખુરશીમાં બેસાડવા જવું જ જોઈએ. એમાંય મોટામોટા નેતાઓ આવવાના હોય તો તેમની સાથે ફોટોગ્રાફમાં અકસ્માત ઝડપાઈ જવા શ્રીમતીને વહેલું જવું જ જોઈએ! પતિદેવ તે દરમિયાન આયાનું કામ કરવા ઘરે રહે, કેમ કે આજકાલની આયાઓને પણ મેળાવડામાં જવાનું હોય છે અથવા તો Aya Union આયા–સંઘના સરઘસમાં નીકળવાનું હોય છે.

રશિયન નાટકકાર ચેખોવે કહ્યું છે કે પોતાને દુઃખી-દુઃખી કરવાનો રાજમાર્ગ તે કોઈ પૈસાદારની દીકરીને પરણવું. એમને સાડીઓ જોઈએ, ઘરેણાં જોઈએ અને નોકરો જોઈએ અને Socialist Pattern of Societyમાં એ કયાંથી મળે? એટલે ઘડીએ ઘડીએ માઠું લાગે અને પિયર ચાલી જાય, ત્યાં લાપસી ખાય અને મોટરમાં ફરે જયારે પતિ બિચારો ઑફિસેથી આવીને ઘરે રાંધે. સસરો જમાઈને નોકર જ માને. "મારી દીકરીને ભરમાવીને તું પરણી ગયો" એમ ટોંકયા જ કરે.

જોહુકમી પત્નીઓનો એક પ્રકાર તે દીકરો દેનાર. આ જાતિ બહુ નાની છે અને હિંદુસ્તાનમાં જ છે. વળી તે ખાસ કરીને ધનાઢય કુટુંબોમાં જ પાંગરે છે. હવે તો એક પત્નીવ્રતના કાયદાઓ આવ્યા છે એટલે આ જાત સાવ ખલાસ થવા બેઠી છે પણ જયારે રાજાઓ હતા અને મોટા ધનિકો હતા ત્યારે દીકરો દેનાર સ્ત્રીની આણ વર્તતી. કોઈ રાજાને કે ફાંદવાળા શેઠિયાને દીકરો ન થાય તો વાંક સ્ત્રીનો જ ગણાય ને? એટલે બીજી પત્ની કરાય. એમ જ અફળ નીવડે તો ત્રીજી. આ Corneringમાં જેનો ટીકો લાગી ગયો તેનું ભાગ્ય ઊઘડી ગયું. પુત્રદાત્રીને પછી હાથ પણ ઊંચકવો ન પડે, એની શોકયો એની બાંદી બની રહે, સાસુ પણ એને સુખ આપવામાં અડધાં થઈ જાય અને પતિનો પોરસ તો માય નહિ એટલે એ પણ દાસાનુદાસ બની રહે.

આ નારીપ્રકરણનો છેલ્લો પ્રકાર તે નાદાન અથવા આજન્મ બાળકી. હું એક કાકીને ઓળખું છું. પચાસ વર્ષનાં થયાં છે પણ એક કુમળી ગુલછડી સમોવડી બાલિકાની જેમ વર્તે છે. કાંઈ કામ આવડે નહીં કેમ કે બંદી શીખે તો ને? ચાની કીટલી સાફ કરવાનું કહો કે તે તૂટી જાય. મારા કાકાને વહેમ છે કે એ જાણી જોઈને હાથમાંથી સરકવા દે છે પણ બિચારા એવા સપડાયા છે કે એમનાથી કાંઈ બોલાતું નથી. બાળકોને પાવાનું દૂધ ઊનું કરવાનું કાકીને કહો તો એ ઊભરાઈ જાય. એટલે એ કામ પણ કાકાને કરવું પડે છે. કાકાની આ શશીને

(અનુસંધાન પૃ. ૨૫૪ ઉપર)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજની મરાઠી ટૂંકી વાર્તા

પ્રા. મ. ના. અદવંત અનુ. ગોવિંદરાવ ભાગવત

આજની મરાઠી ટૂંકી વાર્તા નવી કવિતાની જેમ ચર્ચાનો વિષય બનેલી છે. 'આજની ટૂંકી વાર્તા વિકૃત થયેલી છે—કૃત્રિમ થયેલી છે—અનાકલનીય થયેલી છે' એવા આક્ષેપથી માંડીને ખરી ટૂંકી વાર્તાનો આરંભ નવી વાર્તા લખાવા માંડી ત્યારથી જ થયો છે' એવા આત્મશ્લાઘા સુધીના અનેક ચર્ચાઓના પડઘા આ ક્ષેત્રમાં સંભળાયા છે. પ્રા. ફડકે, ડૉ. વર્ટી, ગંગાધર ગાડગીલ જેવા નવા-જૂનાના પુરસ્કર્તાઓ ખૂબ આવેશથી અખાડામાં ઊતર્યા અને નવી કવિતાની જેમ ટૂંકી વાર્તાના ક્ષેત્રમાં પણ મતમતાંતરોનો વંટોળ ઊઠ્યો. મરાઠી સાહિત્યમાં આ ચર્ચાઓ કંઈ નવી નથી; એટલું જ નહીં પણ આવી ચર્ચાઓ ચાલે એ જ સાહિત્યક્ષેત્રમાં જીવંતપણાનું લક્ષણ છે એમ કહેવું જોઈએ. આ દૃષ્ટિએ નવી ટૂંકી વાર્તા ઉપર થતા આક્ષેપો આવકારપાત્ર જ છે. આ આક્ષેપોમાંથી નવાં મૂલ્યોની સારી રીતે ચિકિત્સા થાય છે, અને જે મૂલ્યો એ કસોટીમાંથી પાર પડે છે એ જ સ્થિરતા પામે છે.

મરાઠી ટૂંકી વાર્તાનો ઇતિહાસ જો આપણે તપાસીએ તો આપણને જણાઈ આવશે કે ટૂંકી વાર્તાના હરેક સમયમાં ટૂંકી વાર્તાના સ્વરૂપમાં ફરક થતો ગયો છે. આશય અને અભિવ્યક્તિ એ બન્ને દૃષ્ટિએ દરેક સમયમાં તેણે પ્રગતિનું ડગલું ભર્યું છે. હરિ નારાયણ આપ્ટેના સમયમાં પ્રાથમિક વલણવાળી સાવ સાદાસીધા સ્વરૂપવાળી વાર્તાને વિ. સિ. ગુર્જરે આકર્ષક અને કલાત્મક સ્વરૂપ આપ્યું, દિવાકર કૃષ્ણે સ્વભાવ-ચિત્રણ તરફ ધ્યાન આપીને વાર્તાના તે અંગને સમૃદ્ધ કર્યું. પ્રા. ફડકેએ તેને તંત્રબદ્ધ ચોક્કસ સ્વરૂપ આપીને અને મોહક ભાષાનું અભિનવ વસ્ત્ર તેને પહેરાવીને તેના સૌન્દર્યને વધારે ઉઠાવ આપ્યો. ખાંડેકરે તેને વધારે જીવનાભિમુખ અને ધ્યેયવાદી બનાવી. મ. ગો. જોશી અને ઓકિલે તેને કૌટુંબિક વાતાવરણમાં ફરતી કરી. લક્ષ્મણરાવ સરદેસાઈએ તેને ગોમંતકીય પાર્શ્વભૂમિનો સાજ સજાવ્યો અને વામન ચોરઘડેએ તેને કાવ્યાત્મક સ્વરૂપ આપ્યું. ૧૯૦૯ સુધી ટૂંકી વાર્તાનું ક્ષેત્ર અનેક લેખક-લેખિકાઓથી ગાજી રહ્યું હતું અને ટૂંકી વાર્તાના ક્ષેત્રમાં લઘુતમ વાર્તા જેવા નવા પ્રકારનો ઉમેરો પણ થતો હતો, તેમની દૃષ્ટિએ તેને ચોક્કસ સ્વરૂપ મળ્યું હતું. ભાષાનો અભિનવ વિલાસ તેનામાં દેખાતો હતો અને વિવિધ રસોનો આવિષ્કાર પણ અત્યંત અસરકારક રીતે તે કરતી હતી. આને લીધે ટૂંકી વાર્તા ઉત્કર્ષના શિખર ઉપર પહોંચી ગઈ છે એવો ભાસ થતો હતો.

પણ એ જ વખતે બીજું મહાયુદ્ધ શરૂ થયું અને ૧૯૩૯થી વચલા ગાળામાં ટૂંકી વાર્તાના ક્ષેત્રમાં એક મોટો ખાડો પડ્યો. સારી વાર્તાઓની ખોટ દેખાવા લાગી અને આજકાલ સારી ટૂંકી વાર્તાઓ લખાતી નથી એવી ફરિયાદ સંભળાવા લાગી. ફડકે–ખાંડેકર–જોશી આદિ ગઈ પેઢીના મોખરેના ટૂંકી વાર્તાના લેખકોના લેખનમાં મંદી આવી વાર્તાલેખકોની નવી પેઢી ક્યાંક ક્યાંક માથું ઊંચકવા લાગી હતી. આવા આ ચાર વર્ષના સંધિકાળમાં માસિકોએ ઉત્કૃષ્ટ ટૂંકી વાર્તાઓ મળે તે માટે ટૂંકી વાર્તાહરીફાઈઓ જાહેર કરી. પણ તેમાંથીયે ઉત્કૃષ્ટ ટૂંકી વાર્તાઓ મળી નહીં.

૧૯૪૩ પછી છેવટે આ સ્થિતિ બદલાઈ. નવા ટૂંકી વાર્તાના લેખકો ક્ષિતિજ ઉપર ચમકવા લાગ્યા અને તેમની વાર્તાઓએ પણ જૂનો ચીલો છોડીને નવું સ્વરૂપ ધારણ કરવા માંડ્યું. આ નવી વાર્તાઓમાં જીવનનું વધારે વાસ્તવિક સૂક્ષ્મ અને વિવિધ ધોરણો પરનું તેમ જ વિવિધ ભૂમિકા પરનું દર્શન થવા લાગ્યું. મનોવિશ્લેષણના નવા સ્વરૂપનું દર્શન નવી વાર્તા કરાવવા લાગી. કથાનકનાં ચોક્કસ બંધન તોડીને નવી મરાઠી ટૂંકી વાર્તા વધારે સ્વૈર અને લવચીક થઈ. કારીગરીના કરતાં કલાસર્જન એ મુખ્ય ધ્યેય થવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘડતરના ટેકા તૂટી પડ્યા અને બનાવની પાછળની મનઃસ્થિતિને વધારે મહત્ત્વ પ્રાપ્ત થયું. માનવમનના સૂક્ષ્મ ધાગા શોધવાના પ્રયત્નમાં વ્યક્તિદર્શનનું નવું તંત્ર તેણે હસ્તગત કર્યું. ટૂંકમાં આશય અને અભિવ્યક્તિ એ બન્ને બાબતોમાં તેણે આમૂલાગ્ર પરિવર્તન કરી નાખ્યું.

છેલ્લાં આઠ વર્ષમાં વિશેષ વિખ્યાતિ પામેલા અરવિંદ ગોખલે, ગંગાધર ગાડગીલ, પુ. ભા. ભાવે, વ્યંકટેશ માડગૂળકર ઇત્યાદિ ટૂંકી વાર્તાના લેખકોનું લેખન જોઈએ તો આશય અને અભિવ્યક્તિ એ બન્ને બાબતોમાં કેવો ફેરફાર થયો છે એનો સ્પષ્ટ ખ્યાલ આવશે. આજની ટૂંકી વાર્તાના આ ચાર લેખક અગ્રણીઓ છે એમ કહીએ તો તેમની ટૂંકી વાર્તાઓમાંના ગુણદોષ એ આજની નવી વાર્તાના ગુણદોષ સહેજે થઈ શકે. આજની નવી વાર્તાનો પરિચય કરવો હોય તો આ ચારેની ટૂંકી વાર્તાઓનો પરિચય કરવો આવશ્યક છે.

અરવિંદ ગોખલેને નવી વાર્તાના ક્ષેત્રમાં અગ્રપૂજાનું સ્થાન આપવું જોઈએ. એમના અત્યાર સુધી પ્રસિદ્ધ થયેલા છ વાર્તાસંગ્રહો ઉપર, ઉપર ઉપરથી નજર ફેરવીએ તો પણ તેમનું કથાવિશ્વ કેટલું મોટું છે અને સમાજના વિધવિધ થરોનું ચિત્રણ કરવામાં તેમણે કેટલી સફળતા મેળવી છે એનો ખ્યાલ આવી શકશે. વડારવાડામાંની સુન્કીથી માંડીને લગ્ન થયા પછી પહેલી જ વાર સાસરેથી પિયર આવનારી અક્કા સુધીની બધા પ્રકારની વ્યક્તિઓ તેમના કથાવિશ્વમાં આવે છે.—આ બધી વ્યક્તિઓના અંતરંગમાં એઓ પ્રવેશે છે, તેમની સાથે એકરૂપ થઈને, તેમના વિચારોનાં, તેમની ભાવનાઓનાં પડ ઉખેડીને વાચકોની સન્મુખ તે વ્યક્તિઓનાં અંતરંગ ખુલ્લાં કરે છે અને આ બધું તેઓ અત્યંત હળવે અને કોમળ હાથે કરે છે. પરમનપ્રવેશનું સામર્થ્ય તેમના જેટલું બીજા કોઈ પણ લેખકને ભાગ્યે જ મળ્યું હશે. 'મિલન'માં સુમતીને તેડવા માટે સ્ટેશન ઉપર ગયેલા મુકુંદના અંતરંગને તેમણે કેટલી કલાત્મકતાથી ખુલ્લું કરી બતાવ્યું છે! 'દિવ્ય'માંની પ્રસવવેદનાઓના અનુભવમાંથી સળગી ઊઠનારી સગુણા, મુંબઈનાં યાંત્રિક, રુક્ષ અને સૌન્દર્યહીન જીવનથી કંટાળેલી 'મંજુલા,' પોતાની પત્ની પોતાની ઉપેક્ષા કરે છે એ ખ્યાલથી સૂનમૂન થઈ ગયેલા 'ત્રિંબકરાવ' એ બધાં સ્વભાવચિત્રો તેમના મનોવિશ્લેષણની શક્તિની સાક્ષી પૂરે છે. ગોખલે પોતાનાં પાત્રોનાં મનમાં પ્રવેશ કરે છે, તેમની સાથે તે પૂરેપૂરા સમરસ થઈ જાય છે, પોતાના વ્યક્તિત્વને તેમાં પૂર્ણપણે વિલીન કરી નાખે છે અને તેથી જ તેમનું વ્યક્તિચિત્રણ અત્યંત પ્રભાવશાળી અને કલાપૂર્ણ થાય છે.

પરમનપ્રવેશનું સામર્થ્ય એ ગોખલેની જેમ એક વિશેષતા છે તેમ ગોખલેની નિવેદનશૈલી પણ તેટલી જ આકર્ષક છે. બનાવનું યથાર્થ દર્શન કરાવવા માટે તેની સાથે કલાત્મકવૃત્તિથી રંગાઈ જવું પડે છે. એ શક્તિ ગોખલેમાં છે. આસપાસ જે જે બનાવો બને છે તે તે તેઓ કેવળ દૂર વૃત્તિથી જોતા નથી. પણ રસિકતાથી તેમનો તેઓ અનુભવ કરે છે, કલ્પનાથી તેમની સાથે એકરૂપ થાય છે અને પોતાના વ્યક્તિત્વને તેમાં બરાબર રંગાઈ જવા દીધા પછી તે પ્રસંગોનું વર્ણન અત્યંત સહજ આકર્ષક સ્વરૂપ ધારણ કરીને તેમની કલમમાંથી ટપકી પડે છે. પ્રસંગ-વર્ણનમાં જીવંતપણું આવે છે તે આને જ લીધે. આ ઉપરાંત જીવનમાંનાં બહુવિધ અંગો સાથે એકરૂપ થવાના તેમના પ્રયત્નને કારણે તેમનું કથાવિશ્વ પણ બહુ મોટું થયું છે. જુદા જુદા પ્રાંતમાંના જુદા જુદા લોકોનું ચિત્રણ એઓ જેટલા સમરસ થઈને કરે છે તેટલા જ સમાજમાંના નીચલા થરમાંની વ્યક્તિઓના અંતરંગને પિછાની લઈ, તેમના જીવન સાથે તાદાત્મ્ય સાધીને તેમના જીવનનાં ચિત્રો પણ અતિશય હમદર્દીથી આલેખવા એઓ ઉત્સુક હોય છે. આ જ કારણોને લઈને આપણને વિવિધતાનું દર્શન તેમના કથાવિશ્વમાં થતું હોય છે.

ગંગાધર ગાડગીલ એ આજની નવી ટૂંકી વાર્તાના બીજા અગ્રણી છે. તેમની વાર્તા આજે ખૂબ જ ચર્ચાનો વિષય બની છે. 'અનાકલનીય મનોવિશ્લેષણ,' 'વિકૃત મનોવૃત્તિઓનું ચિત્રણ' ઇત્યાદિ અનેક આક્ષેપો મુખ્યત્વે કરીને ગાડગીલની ટૂંકી વાર્તા ઉપરથી થતા હોય છે. 'ઊંટ અને લંબક' એ તેમની ટૂંકી વાર્તા હમણાં ભારે ચર્ચાનો વિષય બની હતી. પણ ગંગાધર ગાડગીલની ટૂંકી વાર્તા સમજવાને માટે તેમના બહુવિધ અને વ્યાપક વ્યક્તિત્વને સમજી લેવું જોઈએ. તેમની રમતિયાળ લેખનશૈલીની સાથે-સાથ તેમની કાવ્યાત્મક શૈલીનો વિચાર કરવો જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્યંતિક ભાવનોત્કટતાની સાથોસાથ આત્યંતિક કલ્પના-વિલાસ પણ તેમની ટૂંકી વાર્તાઓમાં દેખા દે છે. મનોવિશ્લેષણનું સૂક્ષ્મ આલેખન કરતી વખતે અંતઃકરણમાં ઘણી વાર દેખાઈ આવતી વિસંગતિ તેમની નજરમાંથી છટકી શકતી નથી એ પણ ભૂલવું જોઈએ નહીં. આને લીધે તેમની ટૂંકી વાર્તાઓમાં એક વિલક્ષણ વિવિધતા પેદા થઈ છે. પતિપત્નીના જીવનમાં ચાના પ્યાલામાંનું તોફાન અત્યંત રમતિયાળ અને વિનોદી રીતે આલેખનારા ગાડગીલ જેમની આંખ સામે હત્યાકાંડ થયેલા છે એવા બાવરા બનેલા નિર્વાસિતનું ચિત્ર અત્યંત હળવે હદયે નાજુકાઈથી આલેખે છે. બકુલા જેવી વેશ્યાના અંતઃકરણમાંની ભાવનાઓનાં પડા ઉખેડી બતાવતી વખતે પોતાના કરતાં ઉંમરે નાના એવા યુવક વિષે મનમાં આસક્ત થયેલી પ્રૌઢાના મનોવિકાર પણ તેમની નજરમાંથી છટકી જતા નથી. આને લીધે જીવનમાંની અનેકવિધ વ્યક્તિઓને અને અનેકવિધ પ્રસંગોને જોતાં તેમના મૂળમાં જઈને તેમનું વિશ્લેષણ કરવાની અને પોતાની અત્યંત આકર્ષક શૈલીમાં તેમને અક્ષરદેહ આપવાની તેમની હથોટી ભારે મોહક છે.

વિવિધતા, વિપુલતા અને વિચિત્રતા એ ગંગાધર ગાડગીલની વાર્તાઓની વિશિષ્ટતા છે એમ કહીએ ત્યારે તેમની વાર્તામાંના બેત્રણ મહત્ત્વના ગુણોનો ઉલ્લેખ અવશ્ય કરવો જોઈએ. નિવેદનશૈલીમાં વિગતોની ચોકસાઈનો શોખ એ ગાડગીલની વાર્તાની એક મહત્ત્વની વિશેષતા છે. કોઈ પણ વર્ણન કરતી વખતે તેની વિગતો તેઓ એટલી સૂક્ષ્મતાથી અને એટલા ગણતર શબ્દોમાં આપણી સામે રજૂ કરે છે કે તેને લીધે તેમની તે સફાઈને માટે અને નિરીક્ષણશક્તિ માટે આપણા મનમાં અત્યંત આદર ઉત્પન્ન થાય છે. સાથોસાથ તે વિગત વ્યક્ત કરતી વખતે અનેક વખત વાચકના મનમાં તે વિગત વાંચતી વખતે અર્થના અનેક વલયો પેદા થાય એવી અત્યંત સમર્પક શબ્દરચના તેઓ કરે છે અથવા કોઇક ચમત્કૃતિપૂર્ણ પ્રતીક વાપરે છે અથવા ઉપર ઉપરથી નિરર્થક લાગતી કોઈ વિગતમાંથી કોઈ એક ભવ્ય જીવનવિષયક તત્ત્વજ્ઞાન તેઓ આપણી સન્મુખ મૂકે છે. એની સાથે જ તેમની નિવેદનશૈલીમાં એમની ઉત્પ્રેક્ષાઓનું અત્યંત મહત્ત્વનું સ્થાન છે. કેવળ ભાષાને સજાવવા માટે આ ઉત્પ્રેક્ષાઓ આવતી નથી. કથાના આશયની સાથે આ ઉત્પ્રેક્ષાઓ એટલી સમરસ થયેલી હોય છે કે તેમનું અલગ અસ્તિત્વ આપણને દેખાતું નથી. 'ગઢૂળ પાણી' (ડહોળાયેલું પાણી)માં ચન્દ્રકાન્તની અસ્વસ્થ મનોદશાનું વર્ણન કરતી વખતે તેમણે આલેખેલી પાર્શ્વભૂમિ અને વાપરેલી ઉત્પ્રેક્ષાઓ જોવા જેવી છે:

"ચોમાસુ હવાનું મરી ગયેલું કબૂતર પાંખો પસારીને દુનિયાના ઉકરડા ઉપર પડ્યું હતું: પવનનું નાક દૂંદાયું હતું. બધાં ઘરો માથું દુઃખવાથી પટકાઈ પડયાં હતા. નેવાં ટપકાવતાં તેઓ ભેંકાર મુદ્રાથી પોતાની રુદનકથા કહેતાં હતાં અને દીવાના થાંભલા તે રુદનકથા નિર્લેપવૃત્તિથી સાંભળતા હતા—ના, સાંભળવાનો દેખાવ કરતા હતા... અને વરસાદની ધારાઓને કાતરનારી વિજળીની કાતર વચમાં વચમાં ઝગારા મારતી હતી."

આ બધું વર્ણન વાંચતી વખતે ગાડગીલના કલ્પનાવિલાસનો આપણને પ્રતીતિ તો થશે જ પણ તેની સાથે ઉત્પ્રેક્ષાઓની કથાનકના આત્માની સાથે ઓતપ્રોત થવાની વૃત્તિનો પણ આપણને ખ્યાલ આવશે. 'બિન-ચહેર્યાંચી સંધ્યાકાળ' એ વાર્તા એ દૃષ્ટિએ ખરેખર વાંચવા જેવી છે.

અને આ બધાની સાથે મનોવિશ્લેષણના અભિનવ તંત્રનો જો ખ્યાલ કરીએ તો ગાડગીલની વાર્તાઓની વિશેષતા શામાં છે તે ઝટ ધ્યાનમાં આવે છે. કેવળ માનવમનની ઉપરઉપરની ભાવનાઓથી તેઓ સંતોષ પામતા નથી પણ તેમના આંતરમનમાં પ્રવેશ કરી તેમાંના ભાવ તેઓ સૂક્ષ્મતાથી વ્યક્ત કરે છે. માણસનું આંતરમન એ વિસંગતિનું કેવું પોટલું છે એનો પ્રતીતિ એમની વાર્તાઓ વાંચતી વખતે પૂરેપૂરી થાય છે. તેને લીધે તેમાંની અનેક વિસંગતિઓનાં સૂક્ષ્મ ચિત્રો જ્યારે આપણે જોઈએ છીએ ત્યારે આ બધાં ચિત્રો આલેખતી વખતે તે વ્યક્તિઓની સાથે—તેમના આન્તરમનની સાથે—તે કેવા ઓતપ્રોત થઈ જતા હોતા જોઈએ તેની ખાતરી થાય છે. જાગૃત મનના વ્યાપારો આલેખવાના કરતાં સૂક્ષ્મમનની આ આશાઆકાંક્ષાઓ અને ખ્યાલો આલેખવાનો પ્રયત્ન કરવો કેટલુંયે મુશ્કેલ છે. તે વ્યક્તિના મન સાથે તદ્રૂપ થવાની શક્તિ અને કલ્પનાશક્તિ એ બંનેની સહાય વિના આ સિદ્ધ કરવું અઘરું છે. સદ્ભાગ્યે ગાડગીલ આ ક્ષેત્રમાં ઠીકઠીક સફળતા મેળવી છે; એટલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધી કે, ઘણી વાર પાત્રના મનમાં તેઓ એટલા ઊંડા ઊતરે છે કે તેમની પાછળ પાછળ જવું વાચકને માટે ઘણી વાર મુશ્કેલ થાય છે અને પછી અનાકલનીય મનોવિશ્લેષણની ફરિયાદ થવા માંડે છે.

પુ. ભા. ભાવેની વાર્તાઓનું સ્વરૂપ આ બન્ને વાર્તાલેખકોના કરતાં જરા જુદી જાતનું છે. ઉદ્દામ ભાવના અને ઘટ્ટ તેમ જ પ્રભાવી ભાષા વડે, તેમણે પોતાનું કથાવિશ્વ ભરી કાઢ્યું છે. કલ્પનાવિલાસને બદલે તેમની વાર્તાઓમાં ભાવનોત્કટતાનો અનુભવ વધારે થાય છે, અને એ ભાવનાઓને નિઃસંકોચપણે પોતાની વાર્તાઓમાં રજૂ કરતાં તેઓ ખંચાતા નથી. ખાસ કરીને પ્રેમભાવનાની અનેકવિધ છટાઓનું તેઓ ખૂબ પ્રભાવપૂર્વક આલેખન કરે છે. તેમાંયે જેમના મનમાં પ્રેમનો અંકુર હમણાં જ ફૂટવા માંડયો છે એવા ‘સત્તરમું વર્ષ’માંના બબનથી માંડીને ઉન્માદના પૂરમાં વહેતી પાંત્રીસ વર્ષે પહોંચેલી સુશીલાબાઈ સુધીના બધા પ્રકારની વ્યક્તિઓ તેમની વાર્તાઓમાં દેખા દે છે. તે હરેક વ્યક્તિનું આલેખન કરતી વખતે તરુણ સ્ત્રીપુરુષોના જીવનમાંના મોહ અને પ્રેમભાવનાનું યથાતથ અને વાસ્તવિક વર્ણન કરવાની ભાવેની વિશેષતા સ્પષ્ટ દેખાઈ આવે છે. કામવાસના અને પ્રીતિનું જીવનમાંનું સ્થાન, તેમનો વિવિધ સ્વરૂપે થતો આવિષ્કાર અને તેને લીધે સમાજમાં જ્યાં ને ત્યાં દેખાતાં દંભ, જૂઠ, ચોરી — એ બધાંનું આલેખન ભાવેની વાર્તાઓમાં અસરકારક રીતે થયું છે. અતિરિક્ત શૃંગાર ન હોવા છતાં તેઓમાં જીવનનું ખુલ્લી આંખે કરેલું નિરીક્ષણ છે. એમાં જ ભાવેની ટૂંકી વાર્તાઓનો ખરો આત્મા છે.

ભાવેની કેટલીક વાર્તાઓમાં જીવનની ભવ્ય ઘટનાઓનું દર્શન પણ અનેક વખત થાય છે. ‘ઊંઘ’, ‘આખર’ના જેવી વાર્તાઓમાં મૃત્યુનું કેવું ભીષણ ચિત્ર તેમણે અસરકારક રીતે આપણી સન્મુખ ખડું કર્યું છે. ‘ધ્યાસ’(૨૯)માંના જગન્નાથના મનોવ્યાપાર આલેખતી વખતે પણ એકંદર અસર કેટલી ભવ્ય ઊભી કરી છે! ભાષા અને ભાવનાની સાથોસાથ કલ્પનાવિલાસની મદદ પણ તેમની વાર્તાઓને ચોક્કસ મળેલી દેખાય છે. ભાવેના કાવ્યાત્મક સ્વભાવને માનવજીવનમાંની વ્યથા અને દુઃખનું આકલન થઈ શકે છે અને તેમની સાથે એકરૂપ થઈને આલેખેલા આ ચિત્રમાં સામર્થ્ય દૃષ્ટિગોચર થાય છે, ‘તંદ્રા,’ ‘વ્યથા’ના જેવી વાર્તાઓમાં હળવે હાથે માનવમનના અંતરંગનાં ઉખેડેલાં પડ આની સાક્ષી પૂરે છે.

ભાવે કથાનકને કદી પણ અવાસ્તવિક મહત્ત્વ આપતા નથી. તેમની ‘કાળ, કામ અને વેગ’ એ વાર્તાને વાર્તા કહી શકાય કે નહીં એ પણ શંકાસ્પદ છે. પીંજણનો તેમને શોખ છે, પુનરુક્તિ ઘણી જગાએ દેખાય છે, ઇત્યાદિ કેટલાંયે ઊણપો એમની વાર્તાઓમાં દેખાઈ આવશે, અને છતાં, કસાયેલી ભાષાશૈલી, અસરકારક ભાવચિત્રણ અને ઘણે ઠેકાણે જણાઈ આવતી કાવ્યાત્મકતા અને ખાસ તો ખડતલપણું, નિરોગીપણું અને મોકળાપણું એ એમના વ્યક્તિવિશેષનું તેઓમાં થતું દર્શન તેમની વાર્તાઓ માટે જુદી જ જાતનું આકર્ષણ પેદા કરે છે.

‘માણદેશી માણસો’નું દર્શન કરાવનાર વ્યંકટેશ માડગૂળકરે પોતાની વાર્તાઓમાં જુદી જ સૃષ્ટિ ઊભી કરી છે. ગ્રામીણ જીવનનું આલેખન આજ સુધી ઘણાઓએ વાર્તાઓમાં કર્યું છે. પણ ઘણાઓની વાર્તાઓમાં અદ્ભુતતા આવી, કેટલાકની વાર્તાઓમાં કૃત્રિમતા અને ગ્રામીણ જીવનની પરંપરાના સંકેત આવ્યા, પણ માડગૂળકરની ટૂંકી વાર્તા માણદેશની અસલ કસદાર ભૂમિમાંથી જન્મી છે. તેનાં મૂળિયાં માણદેશની માટીમાં ઊંડે સુધી પહોંચ્યાં છે — માણગંગાના પાણીનું તેને પોષણ મળ્યું છે — તેથી જ તેમાંનું જીવંતપણું આપણી આંખે ચડે છે. માણદેશમાં ફેલાયેલી વ્યક્તિઓના કંગાલિયત, તેમનું ભોળપણ, તેમની મજબૂત વૃત્તિ, તેમની ટેવો, તેમની ભાષા — એ બધાંનું દર્શન એમણે ‘માણદેશી માણસેં’ અને ‘ગાંવકડચ્યા ગોષ્ટી’ એ બે સંગ્રહોમાં એટલું અસરકારક રીતે કરાવ્યું છે કે, તેને લીધે આપણે આ સંગ્રહો વાચતા હોઈએ ત્યારે માણદેશમાં જ ફરતા હોઈએ એવો આપણને ભાસ થાય છે. કંગાલિયત અને પ્રતિકૂળ પરિસ્થિતિની સાથે ઝઘડતા આ વ્યક્તિઓને જોઈએ તો સામાજિક અને આર્થિક વિષમતાનું તીવ્ર ભાન થયા વિના રહેતું નથી. ‘બકરીઓની જેમ ઝાડપાન ખાઈને’ જીવન નભાવતો ધર્મા રામોશી, ‘આખો જન્મારો આવી જ રીતે કંગાલિયતમાં રહીને મસાણની વાટે અમારે ચડવાનું’ એવા આર્તતાના ઉદ્ગાર કાઢીને ભગવાનનો જવાબ માગનારો રામા મૈલકુલી, દારિદ્ર્યને લીધે ઘરફોડીના ફંદામાં ફસાઈને માણસમાંથી અને સમાજમાંથી ઊખડી ગયેલો શિવો માળી અને દારિદ્ર્યમાં ખૂંપી ગયેલો, લેણદારોની નજર ચૂકવતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગલીકૂંચીને રસ્તે કચેરી તરફ જનારો અને પોતાની સ્ત્રીનું દુર્વર્તન નજરે પડતાં જ અફીણ ખાઈને આપઘાત કરવાનો પ્રયત્ન કરનારો રઘુ કારકુન—આ બધી વ્યક્તિઓ મૂર્તિમંત આપણી સામે ખડી થાય છે, આપણા મન ઉપર કાબૂ જમાવે છે અને આપણા અંતઃકરણમાં અસીમ કરુણા જગાવે છે. આ જ માડગૂળકરનો ખરો કસબ છે. તદ્દન થોડા શબ્દોની મદદથી હરેક વ્યક્તિનું ચિત્ર વાચકની સામે ખડું કરવાનું માડગૂળકરનું કૌશલ્ય અપૂર્વ છે. પણ તેની સાથે તેમના અંતરંગનું દર્શન કરાવી તેમના વ્યક્તિત્વનો સચોટ પરિચય કરાવી આપવાનું તેમનું સામર્થ્ય પણ કૌતુકાસ્પદ છે. 'ગાંવાકડીલ ગોષ્ટી'માં તો માણદેશના અનેક બનાવો, અનેક ખ્યાલો, અનેક વહેવારો મૂર્તિમંત આપણી સામે ખડા કરવામાં તેમણે બતાવેલું નૈપુણ્ય અપૂર્વ છે. ગ્રામીણ જીવનનું ખાલી આલેખન કરીને જ માડગૂળકર અટકતા નથી પણ તેમના જીવનમાંની દીનતા, દુઃખ, સંકટ તમારી સામે અસરકારક રીતે આલેખી તે જીવનને વિશે વાચકના મનમાં કરુણા ઉત્પન્ન કરે છે. તેમની ટૂંકી વાર્તાઓની આ મોટી વિશેષતા છે. [અપૂર્ણ]

ભાગ્યગાથા

સહ્યું ઘણુંયે, હજીયે સહીશ,
સહ્યા વિનાની કશી જિંદગાની!

*

હું શબ્દશિલ્પી, દિનરાત ખોજું
નવીન શબ્દો, – જકડતા ધરીને
ચોરી રહ્યા કોષની કામળીમાં!
ખંખેરી શબ્દો તણું જાડ્ય કેવા
અર્પી દઉં ઘાટ સુરમ્ય ભવ્ય!
શબ્દો બિચારા ડૂસકાં ભરે છે
રે! શિલ્પશસ્ત્રો તણી વેદનાથી!
ને આખરી જ્યાં સ્વરૂપે સુહાય
શબ્દો તણાં અંતર, ધન્ય ધન્ય
ત્યારે લહે શાં નિજનાં સુભાગ્ય!

*

અનેક આંધી અટવાય એવા
શબ્દો સમા માનવપ્હાણ જ્યાં ત્યાં;
તેમાં હુંયે પથ્થરના સ્વરૂપે
જન્મી અને આથડતો હતો ત્યાં!
પરંતુ ખીલી ઊઠ્યું ભાગ્યપદ્મ
કે વિશ્વશિલ્પીકરસ્પર્શ માણું!
આજે ઝીલી તીક્ષ્ણ પ્રહાર હૈયે
રે! ટાંકણાના, ડૂસકાં ભરું છું!
પણ આ સ્વરૂપ
કેવું હશે આખરનું? અકથ્ય.

ને પામું ના જો કમનીય ઘાટ
એની મને ના પરવા જરીકે!
અહો! મહાસર્જક તેં મને જો
ઉતારવાને તવ પ્રેરણાઓ
ઢૂંઢી લીધો લાયક પાત્ર માની
એ ઓછી છે તો મુજ ભાગ્યગાથા?

૩૦મી જૂન, ૧૯૫૬

જગદીશ ત્રિવેદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુર્વાસા ઋષિનો શાપ : કવિ કાલિદાસના અભિજ્ઞાન શાકુન્તલ નાટકમાં

મુકુન્દરાય વિ. પારાશર્ય

કવિ કાલિદાસના અભિજ્ઞાન શાકુન્તલ નાટકના પ્રથમ ત્રણ અંકોમાં શૃંગારનું અને પછીના ત્રણ અંકોમાં કરુણ-રસનું પ્રધાનપણે નિરૂપણ થયેલું છે. પરંતુ આ બેમાંથી કોઈ એક કે બન્ને રસનું નિરૂપણ એ આ નાટકના અંતિમ હેતુ તરીકે કવિએ સ્વીકારેલ નથી. कविकुलगुरुः कालिदासो विलासः। એ પ્રાચીન ઉક્તિ દ્વારા વિલાસના નિરૂપણમાં અગ્રણીનો યશ લેનાર કવિ કાલિદાસે પોતાના આ નાટકમાં સંયમિત રીતે અત્યંત મધુર, શૃંગારરસની યોજના કરી છે. છતાં નાટકનો લક્ષ્યાર્થ કામવિહ્વળ દુષ્યન્તશકુન્તલાના પાર્થિવ મર્યાદિત પ્રેમની લગ્નમાં પરિણમતી સિદ્ધિનો નથી. પ્રથમના ત્રણ અંકોની શૃંગારસભર કામનો વિજય દર્શાવનારી કથાને ભૂમિકા બનાવી નાટકના ઉત્તરાર્ધમાં કવિએ અંતિમ લક્ષ્યાર્થ એ દર્શાવ્યો છે કે કામ કામસ્વરૂપે, કેવળ યૌવનના આશ્રયે રહી, ઋતુવર વસન્તનો જ સહચર બનીને, તરુણ સુન્દર સ્નેહીના પ્રેમપાત્ર થયાનું અભિમાન સેવીને તેમાં જ રત રહે એ અભીષ્ટ નથી. એવો કામ શાપિત બને છે. યૌવનના આશ્રયની અપેક્ષા વિનાનો, ઋતુ અને શારીરિક સૌંદર્યનાં બંધનથી પર જઈને, ભોક્તાપણાનું અભિમાન તજીને, જીવનની સમગ્રતાના એક ઔચિત્યસ્વરૂપે, વ્યક્તિ-સમષ્ટિના હિતકારક પુરુષાર્થરૂપે પરિણમે તેમાં જ કામનું ઔચિત્ય છે; એમાં જ દામ્પત્યની સિદ્ધિ છે.*

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે : धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि—०। પ્રાણીમાં ધર્મથી અવિરુદ્ધ હોય તેવો, ધર્મ-વ્યક્તિસમષ્ટિના ઉભયના હિતને બાધક ન હોય તેવો, કલ્યાણની અભિવૃદ્ધિનાં કારણરૂપ હોય એવો કામ તે સ્વયં પરમાત્મસ્વરૂપ છે. કામને જે દેવ ગણવામાં આવે છે તે આ હિતશક્તિને આભારી છે.

આ લક્ષ્યાર્થને ફલિત કરવા દુષ્યન્તશકુન્તલાનો ઉદ્દીપ્તપ્રણય લગ્નમાં પરિણમે છે એ જ વખતે કાલિદાસે દુર્વાસા ઋષિના શાપની ઘટના યોજી છે. કણ્વમુનિ હજી સોમતીર્થથી પાછા આવ્યા નથી. અતિથિસત્કાર આદિનો કર્તવ્યધર્મ હજી શકુન્તલાને શિરે છે. એવા પ્રસંગે શકુન્તલા દુષ્યન્તના વિચારે તલ્લીન થઈ બેઠી છે ત્યાં દુર્વાસા આવી ચડે છે. શકુન્તલાનું એના પ્રત્યે ધ્યાન નથી. પ્રિયસ્મૃતિમાં એ એવું ભાન ભૂલી છે કે દુર્વાસાએ મોટા સ્વરે ઉચ્ચારેલા શાપના શબ્દો જે દૂર સુધી ફૂલ વીણવા ગયેલી સખીઓ અનસૂયા અને પ્રિયંવદા સ્પષ્ટ સાંભળે છે એ શબ્દો સન્મુખે દ્વારમાં બેઠેલી શકુન્તલાને તેના દીવાસ્વપ્નમાંથી જાગૃત કરી શકતા નથી. દુર્વાસા શાપ આપે છે : “ મને તપોધન અતિથિને અવગણી તું અનન્યમનથી જેનું ચિંતન કરે છે એ જ તારું પ્રિયજન તને ભૂલી જશે : સ્મરણ કરાવવા મથશે તોયે ભૂલી જશે.*

અનસૂયા દોડી જઈને વિનવે છે ત્યારે દુર્વાસા કહે છે : “ ઓળખાણ નીકળે તેવું એંધાણરૂપ આભૂષણ જોવાથી શાપનું નિવારણ થશે. ” અહીંથી જ શાપની અસર સમગ્ર વાતાવરણ પર થવા લાગે છે. શાપિત શકુન્તલાને કે કણ્વમુનિને દુર્વાસા ઋષિના શાપની ખબર નથી. શકુન્તલાના

*ધર્મ એ સમાજના કલ્યાણની ભૂમિકા છે. એ ભૂમિકાની ઉપેક્ષા કરી મનુષ્ય આત્મહિત સાધી શકતો નથી. પરન્તુ એ ભૂમિકા પર સ્થિતિ મેળવી યત્ન કરનાર ચારે પુરુષાર્થમાંથી-ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાંથી ગમે તે ઈપ્સિત સિદ્ધ કરી શકે છે.

* એ નોંધવા જેવું છે કે આ શાપ સહજમાં કુપિત થઈ જનાર દુર્વાસા ઋષિ આપે છે. કોઈ સ્વભાવથી શાંત અને સ્વધર્મમાં એકનિષ્ઠ ઋષિ આ શાપ આપતા નથી. દુર્વાસાને શાપ દેનાર તરીકે યોજીને કાલિદાસે પોતે જ શાપની યોગ્યતા ઓછી અંકાવી છે અને તેથી કર્તવ્યચ્યુતિનો દોષ શકુન્તલાને શિરે જો કંઈયે હોય તો તે ક્ષમ્ય છે, શિક્ષાપાત્ર નથી, એમ ગર્ભિત રીતે આપણને જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળામણા વખતે સર્વ મંગલ આશીર્વચનોની સોંસરવો કોઈ ભયનો સંકેત આપણને થયા વગર રહેતો નથી.

વૃદ્ધા ગૌતમી અને બે શિષ્યો સાથે રાજભવનને આંગણે શકુન્તલા આવી ઊભી રહે છે. સ્ત્રીના જીવનમાં પતિના ગૃહમાં પ્રથમ પ્રવેશની જે અતિમંગલ અને મહોત્સવની ધન્ય પળ માનેલી છે એ જ પળે, એ જ દ્વારે, એના એક માત્ર પ્રિયતમ દુષ્યન્ત તરફથી શકુન્તલા કશુંયે સન્માન મેળવી શકતી નથી. દુષ્યન્ત તેને જોઈ હોવાનો પણ અસ્વીકાર કરે છે. ત્યાં સંબંધના સ્વીકારને અવકાશ કેવો ? તેને અસ્વીકાર સાથે અપમાનિત કરે છે. આશ્રમના શિષ્યો શકુન્તલાને હવે પાછી આશ્રમમાં લઈ જવાની સાફ ના પાડે છે. નિષ્પાપ, અબુધ, રાંક, ગર્ભવતી પોતાના એક માત્ર આધારરૂપ પ્રિયતમ પતિથી જ તિરસ્કૃતા આ નારીને પોતાનું જીવન એટલું તો અકારું લાગે છે કે જે ભૂમિ પર પોતે પ્રિયતમા સામ્રાજ્ઞીનું સર્વોન્નત માનભર્યું પદ મેળવવા યોગ્ય હતી એ જ ભૂમિને એ આજીજી કરે છે : "ઓ પૃથ્વી, ઓ મારી મા, આ સમે તમે મને માર્ગ આપો. હું તમારામાં સમાઈ જાઉં."

આ પ્રસંગે મહાભારતકારની પેઠે કાલિદાસ પણ આકાશ-વાણીનો ઉપયોગ કરી શકત અથવા વીંટી બતાવી શકે તેવી તત્કાલ કોઈ પણ યોજના કરી શકુન્તલાનો વિના વિલંબે સ્વીકાર કરાવી શકત. પરંતુ કેવળ કામવિષયક ગાંધર્વ-લગ્નથી જોડાયેલ દંપતીના પુનર્મિલનમાં કાલિદાસને ઔચિત્ય જણાતું નથી. રાણીવાસની અનેક રાણીઓમાં ઉમેરો થઈને શકુન્તલા હંસપદિકા પેઠે ભુલાઈ જાય તેમાં તેનું શું કલ્યાણ છે ? અથવા કામી દુષ્યન્તનું પણ શું શ્રેય છે ? એટલે જ શાપનો પ્રસંગ યોજી વિશુદ્ધ પ્રેમનાં બન્નેને અધિકારી બનાવવા કાલિદાસે મિલનની સંભાવનાને દૂર ફેંકી છે. પુનર્મિલન પહેલાં સંપૂર્ણ પ્રણયશુદ્ધિ કાજે શકુન્તલાને મારીચના આશ્રમમાં વિરહવ્રતભર્યું કઠિન તપ કરાવે છે. એ તપને અન્તે પુનર્મિલન પ્રસંગે તેના હૃદયમાંથી દુષ્યન્તે કરેલા અનાદરનું શલ્ય તદ્દન નિર્મૂલ થઈ ગયું છે. દુષ્યન્તને જોતાં 'जयतु जयतु आर्यपुत्र'[1] એટલું બોલવા જતાં તો એનો કંઠ વચમાં જ અશ્રુસહિત રૂંધાઈ જાય છે. સર્વદમન પૂછે છે: 'મા આ કોણ છે ? ત્યારે 'એ તારા પિતા છે' એમ એ કહેતી નથી. એ ઉત્તર આપે છે : "બેટા, તારા ભાગ્યને પૂછ." અન્તઃકરણની આ અનાગ્રહવૃત્તિ કેટલી ઉન્નત દશાએ કાલિદાસે દર્શાવી છે ?[2]

આ દુર્વાસાના શાપની દારુણ વ્યથામાંથી દુષ્યન્તને પણ પસાર થવું પડે છે. આશ્રમવાસી શકુન્તલા કરતાં તે કંઈક અંશે ઊતરતી કોટિનું પાત્ર છે, કારણ કે વૃક્ષની ઓથે છુપાઈ ને એ તપોવનની પુણ્યભૂમિમાં યૌવનસંપ્રાપ્તા શકુન્તલા-ની ચેષ્ટા નિહાળે છે ત્યારે એના સદ્‌ગુણો કે વૃક્ષો પ્રત્યેની પ્રીતિભરી સંભાળ તરફ તેનો ખ્યાલ પણ જતો નથી: ફક્ત કુસુમસમાન યૌવનના લાવણ્યથી એ લોભાય છે. પોતાને પૌરવરાજાએ ધર્માધિકારે નિયુક્ત કરેલો છે એમ ખોટું બોલે છે. તપોવનમાંથી(રાજધાનીમાં) પાછા જતા વિદૂષકને તે કહે છે : 'परिहास विजल्पितं सखे–' શકુન્તલા વિષેના મારા અનુરાગની વાત હું ફક્ત પરિહાસમાં – મશ્કરી-માં કરતો હતો. વળી કામાતુર બની લગ્ન કરીને તુરત એ સ્ત્રીને વીસરી જાય એવી તેના સ્વભાવમાં નિર્બળતા છે. પાંચમા અંકને પ્રારંભે આવતા હંસપદિકાના ગીતનો એ જ સંદર્ભ છે.

---

૧ પાંચમા અંકમાં શકુન્તલા દુષ્યન્ત સાથે વાતચીતમાં ઊતરી પોતાના પત્નીત્વનો હક્ક સાબિત કરવા પ્રયત્ન કરે છે ને દુષ્યન્તનાં માર્મિક વચનોથી અપમાનિત થઈ રોષમાં આવી જાય છે. પણ અહીં હવે તેને પોતાનો કશોયે હક્ક સાબિત કરવો નથી: એ આગ્રહ — એ વૃત્તિ જ નથી. અહીં પોતે પત્ની તરીકે સ્વધર્મ બજાવવા સહજભાવે ઉત્કંઠ છે. પતિને ઓળખતાં અભિવાદન આપતી વખતે जयतु जयतु आर्यपुत्र। એટલા જ, જીવનની સમગ્રતા-માંથી ઊઠતા શબ્દો, પ્રેમભાવે દ્રવતા હૃદયથી બોલવા જતાં વચમાં જ તે ગળગળી બને છે, એ તેના અન્તઃકરણનો નિર્વ્યાજ પ્રણય અને ધર્મનિષ્ઠા વ્યક્ત કરે છે.

૨ 'તારા ભાગ્યને પૂછ.' સર્વદમનને કહેલા આ શબ્દો દ્વારા પણ શકુન્તલા દુષ્યન્ત સર્વદમનને પુત્ર તરીકે સ્વીકારે કે ના સ્વીકારે તે પ્રત્યે પોતાની ઉદાસીનતા અને ભાગ્યની બલવત્તા દર્શાવે છે એ સ્પષ્ટ છે. છતાંયે સિંહના બચ્ચા સાથે ખેલ ખેલતા આ સર્વદમનનો ઉછેર રાજભવનમાં નથી થયો, મારીચ ઋષિના આશ્રમમાં, પતિનું વિરહવ્રત ધારી બેઠેલી શાપિત શકુન્તલાની વત્સલ છાયામાં થયો છે. રાજપુત્રના યથોચિત ઉછેરમાં માતૃપિતૃ ઉભયપદનો અધિકાર સફળપણે બજાવી રહેલ શકુન્તલાનો આપણને અહીં પરિચય થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ભૂમિકાના દુષ્યન્તનું પરોક્ષમન્મથ, તપોવનમાં મૃગબાળ સાથે ઊછરેલી, નિષ્પાપ શકુન્તલા સાથેનું સાહચર્ય કાલિદાસને અંતિમ શ્રેયસ્કર જણાતું નથી. શકુન્તલાને યોગ્ય દુષ્યન્તને બનાવવા કાલિદાસે તેની પાસે પણ બરોબર તપ કરાવ્યું છે. શકુન્તલાના કઠિન તપથી કંઈક અંશે વધુ ઉગ્ર અને અન્તરતાપવાળું એ તપ વિરલ કારુણ્યનું દર્શન કરાવે છે.

પ્રામાણિક યત્ન છતાં દુષ્યન્ત શકુન્તલાને ઓળખી શકતો નથી ને શકુન્તલા વિદાય થાય છે એ પછીના અંકમાં સ્થિતિ પલટાઈ જાય છે. શચીતીર્થના સલિલમાં શકુન્તલાએ ખોયેલી વીંટી માછીમાર પાસેથી રાજમાણસો દુષ્યન્ત સમક્ષ રજૂ કરે છે કે તુરત દુષ્યન્તને શકુન્તલાનું સ્પષ્ટ સ્મરણ થાય છે અને અહીંથી તેના ઉદ્વેગનો પાર નથી, કરુણ અવસ્થાની કોઈ તુલના નથી.

પોતાની પ્રિયતમા પત્નીને, પોતાને જ દ્વારે, તેની દોહદ અને નિરાધાર સ્થિતિમાં પોતે જ અસ્વીકાર સાથે અપમાનિત કરી એ પોતાના જ દુશ્ચરિતનો પરિતાપ તેના હૃદયને બાળવા લાગે છે. દુષ્યન્તના શબ્દો:—

इतः प्रत्यादेशात् स्वजनमनुगन्तुं व्यवसिता
स्थिता तिष्ठेत्युच्चैर्वदति गुरुशिष्ये गुरुसमे ।
पुनर्दृष्टिं बाष्प-प्रसर-कलुषामर्पितवती
मयि क्रूरे यत् तत् सविषमिव शल्यं दहति माम् ॥

(" અહીંથી અસ્વીકાર સાથે પાછી વાળતાં પોતાનાં સ્વજનોની પાછળ જવા લાગતી, અને પિતાસમાન ગુરુના શિષ્યના અહીં જ રહેવાના ભારપૂર્વકના આદેશથી થંભી ગયેલી એ શકુન્તલા, ક્રૂર થઈ ઊભેલા મારા પ્રત્યે આંસુથી ખરડાયેલી દૃષ્ટિ ફેંકતી હતી. અરે એ હકીકતનું સ્મરણ મને ઝેરભર્યાં શલ્ય પેઠે બાળે છે. ")

આ ઘેરો અને હૃદયદ્રાવક પરિતાપ! પાંચમા અંકના સારરૂપ આ એક જ શ્લોક દ્વારા કવિ કાલિદાસે દુષ્યન્તના વિરહી, પશ્ચાત્તાપથી સંતપ્ત, શોકાતુર હૃદયની વેદનાને સઘન કરુણ દ્વારા સ્પષ્ટ કરી ઉત્તમ કાવ્યશક્તિનો પરિચય આપ્યો છે.

આ પશ્ચાત્તાપ તેના પ્રણયને શુદ્ધ કરી નિર્મળ જીવનદૃષ્ટિ બક્ષે છે. શકુન્તલાના પ્રથમ દર્શને મોહેલા દુષ્યન્તને આશ્રમમાંથી પાછો ફર્યો ત્યાં સુધીમાં શકુન્તલાના ભાવી માતૃપદ વિષે ક્યારેય કશો ખ્યાલ આવ્યો નથી. ઊલટું, આ શાપથી, પશ્ચાત્તાપથી, વિશુદ્ધિથી તેનામાં પુત્રની સહજ આકાંક્ષા જન્મે છે, વધે છે, બલવત્તર બને છે. પોતે અપુત્ર હોવાનો શોક કરે છે, અને તેમાં પોતાને જ કારણરૂપ ગણતાં દ્વિવિધ ક્લેશ અનુભવે છે.

માત્ર આવતી પેઢીનો પાલક નહીં પરંતુ પોતાની પેઢીને વધુ ઊંચી કક્ષાએ લઈ જઈ તે દ્વારા ગત પેઢીઓને તારનાર તરીકેની પુત્રની ખ્યાતિ પ્રાચીન ભારતીય સમાજમાં હતી. એની અનિવાર્ય આવશ્યકતા પ્રતિષ્ઠિત હતી. શકુન્તલાના અસ્વીકાર અને વિરહ સાથે આ અપુત્રપણાનો પોતાનો સંતાપ દુષ્યન્તને મૂર્છિત પણ બનાવી દે છે.

આવા નિરવધિ જણાતા પશ્ચાત્તાપને અંતે સ્વર્ગાધિપતિ ઇન્દ્ર પાસેથી પાછા ફરતાં હેમકૂટ પર્વત પર મારીચ ઋષિના દર્શનાર્થે ઊતરે છે. ત્યાં એક બાળકને સિંહના બચ્ચા સાથે રમતો જોઈ લોભાય છે ને બોલે છે:

आलक्ष्यदन्तमुकुलाननिमित्तहासै
रव्यक्तवर्णरमणीयवचःप्रवृत्तीन् ।
अङ्काश्रयप्रणयिनस्तनयान्वहन्तो
धन्यास्तदङ्गरजसा मलिनीभवन्ति ॥

(" કશાયે નિમિત્ત કારણ વગર સહેજે હસવાથી જેના કોમળ કળી જેવા દાંત દેખાય છે, અસ્પષ્ટ અર્થવાળી કાલી કાલી વાણી બોલ્યા કરે છે ને ખોળે બેસવાની હોંસ ધરાવે છે તેવા બાળકને ખોળામાં બેસાડનારાં ને તેથી બાળો રજથી મલિન થવા દેતાં માતાપિતા ખરેખર ધન્ય છે. ")

કાલિદાસે આ પંક્તિઓ દ્વારા દુષ્યન્તની બાલક પ્રત્યેની તીવ્ર ઝંખના ગાવા અને રોવા ઉપરાંત સર્વ માતપિતાને ધન્યત્વની અંજલિ અર્પી છે. જગતસાહિત્યમાં અજોડ સ્થાન મેળવનાર આ શ્લોકાર્થથી વત્સલ માતપિતાનાં હૈયાં ભાવાવેશથી દ્રવી ગયા વગર રહે નહીં. એ ભાવ પોતાને અપુત્ર માનતા દુષ્યન્તના હૃદયમાં કેટલો કરુણ ઉત્કમ્પ જગાવતો હશે!

અહીં સંપૂર્ણ વિશુદ્ધિ સાથે દુષ્યન્તનું શકુન્તલા સાથે પુનર્મિલન જોઈએ છીએ. કામ હવે ધર્મમાં પરિણમ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાંનો કામુક દૃષ્ટિવૃત્તિ હવે શમી ગઈ છે. શકુન્તલાને એ આવતી જુએ છે ત્યારે કેવી? 'ધૂસરાં બે વસ્ત્રોવાળી, દૃઢ નિયમ પાળવાથી દૂબળા મુખવાળી, શુદ્ધ શીલવાળી' એવી શકુન્તલાનું નિર્મળ લાવણ્ય તેના હૃદયને સ્પર્શે છે. અને જેને પોતે અપમાનિત કરી અસ્વીકાર કર્યો હતો તેના ચરણમાં પડી ક્ષમા પ્રાર્થવા સિવાય એ દુષ્યન્તને બીજું કશું સૂઝતું નથી.

પ્રિય પત્ની ને પુત્રની પ્રાપ્તિ તો થઈ. દૈવ અનુકૂળ થયું. અતિ હર્ષની વાત કે શકુન્તલાએ ક્ષમા પણ આપી. છતાંયે દુષ્યન્ત પોતાના હૃદયને મારી દઈ શકતો નથી. તેથી શકુન્તલા પાસે જ ઊભી હોવા છતાં મારીચ ઋષિને શકુન્તલા પ્રત્યેના પોતાના વિસ્મૃતિદોષનું એ કારણ પૂછે છે ને દુર્વાસાના શાપનું કારણ હોવાનો ઉત્તર મેળવે છે ત્યારે જ તેના હૃદયને શાંતિ વળે છે.

કાષ્ટને જો અગ્નિ અડે તો તેને બાળી ભસ્મ કરી મૂકે પણ સુવર્ણને તે વધુ વિશુદ્ધ બનાવે છે. તેમ આવા શાપ સામાન્ય વ્યક્તિનો વિનાશ કરી શકે પણ ધર્મનિષ્ઠ અને તેથી ધર્મથી રક્ષિત ઉચ્ચ કક્ષાની વ્યક્તિને વધુ ઊર્ધ્વમાર્ગે લઈ જાય છે એ પણ આપણે અહીં જોઈએ છીએ.*

દુર્વાસાનો શાપ અતિ દારુણ છે. પરંતુ નિષ્પાપની એક જ ચ્યૂતિના કારણેં દુર્વાસા જો શકુન્તલાનું શુભ ભાવી ટાળવા ઉદ્યત બને છે તો બીજી બાજુ વ્યક્તિવ્યક્તિના પરસ્પર સમભાવ ને સહકારથી સમષ્ટિ સાથે સુસંવાદમાં રહેતા એવા સારાએ તપોવનની નિઃસ્વાર્થ મમતા અને આશીર્વાદ એ ભૂંસાયેલા ભાવી પર અમીછાંટા રૂપે થઈ તેને સજીવન કરવા શાપને આશિર્વાદમાં ફેરવી નાખવા સમર્થ છે. અનસૂયા શાપની દારુણતામાં ઘટાડો કરાવે છે ત્યાં જ એ ખોવાયેલી બાજીને જીતી જાય છે. શકુન્તલાના પ્રતિકૂળ દૈવ-ની શાંતિ માટે સોમતીર્થની યાત્રા કરી આવનાર પિતાતુલ્ય પાલક, આ બ્રહ્મચારી કણ્વમુનિ, બન્ને સખીઓ, પતિગૃહે પળતી શકુન્તલાના વસ્ત્રનો છેડો પાછળથી મોંમાં પકડી ખેંચનારો આશ્રમમૃગ, લતાભગિની વનજ્યોત્સ્ના સાથે કોકિલ-શબ્દ દ્વારા પતિગૃહે જવાની અનુજ્ઞા આપનાર તપોવનની વનવાસબંધુ સમી વૃક્ષરાજી અને સ્વજનસમ વનદેવતાઃ એ સર્વના આશીર્વાદ ઊતરે છે:

शान्तानुकूल पवनश्च शिवश्च पन्थाः ॥
शिवास्ते पन्थानः सन्तु ॥

પ્રથમના ત્રણ અંકોને અંતે શકુન્તલા પ્રેયને પામે છે. શાપને કારણે પારાવાર કષ્ટ અને યાતના ભોગવવા છતાં ધર્મથી રક્ષાયેલાં દંપતીને આ આશીર્વચન મળે છે. તે નાટકને અન્તે, શાપાન્તે ઉભય શ્રેયને પામે છે. એ આશીર્વચનના અપ્રતિહત સામર્થ્ય અને સિદ્ધિનું આપણને દર્શન થાય છે. શાકુન્તલ નાટક દ્વારા કવિવર કાલિદાસ આપણને આશિષ આપે છેઃ—

शिवास्ते पन्थानः सन्तु ॥

[ઑલ ઇન્ડિયા રેડિયો, રાજકોટ પરથી કરેલ વાર્તાલાપ. તા. ૧–૬–'૫૫.]

---

* શકુન્તલા અને દુષ્યન્ત બન્ને એકંદરે ધર્માભિમુખ કર્તવ્ય-નિષ્ઠ વ્યક્તિવિશેષ છે. મનુષ્યો પ્રત્યે સમભાવભર્યું વર્તન હોવા ઉપરાંત શકુન્તલા આશ્રમનાં વૃક્ષોને પાણી પાયા વગર, પોતે તરસી હોવા છતાં પાણી પીતી નથી, એટલી પ્રીતિભરી સંભાળ એ વનસ્પતિની રાખે છે. પશુપંખીની એ પાલક છે. કુશગ્રાસની ઝીણી અણીઓથી મોઢામાં ઉઝરડાના ઘા થયા છે એવા બાલમૃગના મોઢામાં ઇંગુદીનું તેલ સીંચી એ ઘાને રુઝાવે છે ને આ બાલમૃગ-ને ઉછેરી બાલવયથી એ માતૃપદની અધિકારી બની છે. અન્યથા આશ્રમનાં સર્વ સ્થાવર જંગમ તરફથી એટલો સઘન પ્રેમ કેમ પામી શકે? ચોથા અંકમાં ઠેર ઠેર શકુન્તલાના સદ્‌ગુણો દર્શાવી કાલિદાસે શકુન્તલા કઈ રીતે સમષ્ટિ સાથે ધર્મનિષ્ઠ રહી પોતે ધર્મથી રક્ષાયેલી છે તે દર્શાવ્યું છે. રાજા દુષ્યન્ત પણ ઊંચા સદ્‌ગુણો ધરાવનાર, ક્ષાત્રધર્મનું પાલન કરનાર, પ્રજાપાલન તત્પર તરીકે વ્યક્ત થાય છે. આમ સમાજ સાથે, સમષ્ટિ સાથે બન્ને સદાચારથી સંકળાયેલાં છે. વ્યક્તિ અને સમાજ परस्परं भावयन्तः હોવાના કારણે પરમ શ્રેય પામવાનાં અધિકારી બને છે. સ્વલ્પ પણ ધર્માચરણ મહાભયમાંથી ઉગારે તો ધર્મરત, પ્રામાણિક, કર્તવ્યનિષ્ઠનો એ ધર્મ પોતે જ રક્ષક બની રહે છે એ ગીતા-વાક્યનું પ્રતિપાદન આ દૃષ્ટાંતથી સિદ્ધ થતું આપણે જોઈએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુરોપનો પ્રવાસ—૫

સન્મુખલાલ પંડ્યા

એક્સ-લે-બાં ૮ : ૬ : '૫૧

પ્રિય નન્દિની,

અહીં આવ્યે પંદર દિવસ થઈ ગયા અને દસેક દિવસ પછી જિનોઆ, નીસ, લંડન અને અમેરિકા તરફ આગળ વધીશું. છતાં પૅરિસથી નીકળતા પહેલાં ૨૦મીએ રાત્રે જોયેલા ત્યાંના પ્રકાશિત ભવ્ય ઊડતા ફુવારાઓનાં આગિયા જેવાં ચમકતાં જલસીકરો હજી દૃષ્ટિપથમાં તરે છે—ભુલાતાં નથી.

આલ્પ્સ અને જુરા પર્વતોની શિખરમાલાથી વીંટાયલું, સુંદર લ બુર્ગ્ઝે સરોવરને કિનારે વસેલું આ નાનું નગર અથવા મોટું ગામડું અમને પહેલા દિવસથી જ બહુ ગમી ગયું. સમુદ્રની સપાટીથી લગભગ ૧૦૦૦ ફૂટ ઊંચું પણ ૪-૫૦૦૦ ફૂટ ઊંચી ટેકરીઓથી વીંટાયલું. એ ટેકરીઓની પાછળ ૩૦-૪૦-૫૦ માઈલ દૂર ફરતા ૧૦-૧૫૦૦૦ ફૂટ ઊંચા હિમાદ્રિઓ. એ પર્વતો બારે માસ હિમથી આચ્છાદિત રહે અને આકાશ સ્વચ્છ હોય ત્યારે ઘણી વાર એમની ભવ્યતાનું દર્શન કરાવે. મોં બ્લાં-Mount Blanc-આલ્પ્સનો ઍવરેસ્ટ-૧૫૦૦૦ફૂટ ઊંચો-પચાસ માઈલ દૂર. એ જોવાને બે વાર સાહસ કર્યું. હજી સફળ નથી થયાં પણ આસપાસના બીજા હિમાદ્રિઓ કંચનજંઘા જેવા-નો ઘણાયે દેખાય છે અને ઘણીયે વાર શીત પવનોથી અમને સ્પર્શે છે અને કંપાવે છે. આ કારણથી આલ્પ્સની સૂકી હવાનો લાભ આ નાના નગરના નિવાસીઓને સતત મળે છે.

કુદરતની પરમ કૃપા આ સ્થળે પથરાયલી છે. જગવિખ્યાત ગંધકના ઊકળતા ઝરા અહીં અહર્નિશ વહ્યા જ કરે છે. રોમના સામ્રાજ્યના સ્થાપકોએ ૨૦૦૦ વર્ષો પહેલાં બાંધેલાં સ્નાનભવનોની આસપાસ આજનાં વિશાળ સ્નાનગૃહો (thermal baths) ફ્રેન્ચ સરકારે બાંધ્યાં છે અને તે ગૃહોની આસપાસ એક્સ-લે-બાં વિકસ્યું છે. વસ્તી ૧૬-૧૭૦૦૦ની પણ દર વર્ષે આવતા આઠેક હજાર અતિથિઓને આકર્ષવા માટે હોટેલ્સ કે વીલે-મ્યુનિસિપાલિટી-એ-નગરસભાએ વિશાળ ઉપવનો, ભવ્ય નગરચોકો, વૃક્ષમાલા-ઓથી શોભતા રાજમાર્ગો અનેક પ્રકારનાં વિલાસપોષક નાટ્યગૃહો-કેસીનો-ઉદ્યાન સમૃદ્ધિથી વીંટાયલી રંગભૂમિઓ, સરોવરકિનારે જલક્રીડનના વિભાગો (Bathing Beaches) પ્લારઝ-આદિ અનેક આનંદનાં સાધનો રચ્યાં છે. ઘણાં ઘરો પર હોટેલનાં પાટિયાં વંચાય એટલે નાગરિકો પોતે ક્યાં રહેતા હશે એ પ્રશ્ન થાય. પણ અહીંના નાગરિકોનું ઉપજીવિકાનું એક મુખ્ય સાધન આરામ, સ્વાસ્થ્ય, વા આનંદ શોધતા પ્રવાસીઓ જ બને છે. જુલાઈ-ઑગસ્ટ બે મહિના ખરી સીઝન ગણાય છે. શાંતિ શોધતા માટે મે-જૂન સારા. શાંતિમાંયે અશાંતિ શોધતા માટે જુલાઈ-ઑગસ્ટ વધારે સારા.

૧૦-૬-'૫૧

હાલ અમેરિકા-યુરોપમાં પ્રવાસપ્રવૃત્તિ(-tourism-) આજીવિકાનું એક મહાન્ સાધન બન્યું છે. આધુનિક અવ્યવસ્થિત અને અતિવ્યવસ્થિત જગતના જીવનભારને ઘડીભર ભૂલવા માટે, પૃથ્વીનું નૈસર્ગિક સૌન્દર્ય ભોગવવા માટે અને મળી શકે તેટલું માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય પાછું મેળવવાને દરેક દેશના સદ્ભાગી માનવીઓ નવા પ્રદેશો શોધે છે. આ મનોદશાને સંતોષવા માટે પ્રવાસ-પ્રવૃત્તિઓનો નવો ઉદ્યોગ વ્યવસ્થિત રીતે વિકાસ પામ્યો છે. પ્રવાસીઓને જોઈતી સગવડો સારી રીતે મળે છે અને સ્થાનિક નાગરિકોને ઉપજીવિકાનાં સારાં સાધનો મળી રહે છે. હિંદુસ્થાનમાં આ ઉદ્યોગનો વિકાસ કરવાને સરકાર પ્રયત્નો કરે છે પણ સફળ થવા માટે આ દેશોમાંથી ઘણું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શીખવું પડશે. પ્રવાસીઓની વિવિધ જરૂરિયાતો પૂરી પાડવા માટે અને આકર્ષક વાતાવરણ ઊભું કરવા માટે અનેક સાધનો યોજવાં પડશે.

વજ્રેશ્વરીના ગરમ કુંડો મુંબઈની પાસે જ છે. પણ ત્યાં પહોંચવાના રસ્તા એટલા ખરાબ અને ત્યાંની સગવડો એવી વિચિત્ર કે તે મૂકીને આટલે દૂર આવવું સહેલું પડે છે. વજ્રેશ્વરી જેવાં સ્થળોનો વિકાસ થાય અને ત્યાંનાં આકર્ષણો અને સગવડો સંતોષકારક રીતે વધારાય તો સામાન્ય જનતાને પણ અનેક રીતે ફાયદો થાય. આપણાં (Hill Stations–) પર્વતનગરોએ પણ હજુ ઘણું કરવાનું બાકી છે. હમણાં જ વર્તમાનપત્રમાં વાંચ્યું કે ફ્રાન્સ, સ્વિટ્ઝરલૅન્ડ અને ઇટલી વચ્ચે પ્રવાસીઓની સગવડ માટે, ત્રણ સરકારોની મદદથી, દસેક કરોડ રૂપિયાને ખર્ચે સાતેક માઈલ લાંબી એક નવી ટનેલ(બોગદું) બંધાશે. આવી યોજનાઓથી પ્રવાસીઓ આકર્ષાય છે એટલું જ નહિ પણ સ્થાનિક પ્રજાજનો માટે આજીવિકાનાં સાધનો વધે છે. આવી યોજનાઓનો વિકાસ કુશળતા અને દીર્ઘદૃષ્ટિ વિના શક્ય નથી.

૨૦૦૦ વર્ષો પહેલાં રોમન વિજેતાઓએ યુરોપના ઘણા દેશોમાં સામ્રાજ્ય સ્થાપીને વિશાળ સ્નાનગૃહો બાંધેલાં. એ ગૃહોના અવશેષો આજે ઘણાયે અસ્તિત્વમાં છે. રોમનો સ્વાસ્થ્ય અને વિલાસ માટે ઘણાં ભવ્ય અને અવનવાં સ્નાનગૃહો બાંધતા. એના અવશેષો તે સમયની વિકસેલી સ્થાપત્યકલાના સારા પુરાવા છે. ૨૦૦૦ વર્ષ પહેલાંની ઈંટો, મોઝેક ચિત્રો અને કલાના બીજા નમૂનાઓ જોઈને કલ્પના ઉત્તેજિત બને છે અને ઇતિહાસનાં રોમાંચક તત્ત્વો સચેતન કરે છે. આવા એક રોમન સ્નાનગૃહના અવશેષની આસપાસ એક્સ-લે-બાં વિકસ્યું છે અને આધુનિક સાધનોથી સંપન્ન, સમૃદ્ધ અને આકર્ષક બન્યું છે.

અમારી હોટેલ Avenue de la gare – એવેન્યુ ડ લા ગેર સ્ટેશન રોડ ઉપર છે છતાં બહુ જ શાંત અને ખરેખરી (એવેન્યુ) લીલી વૃક્ષમાળાઓથી સુશોભિત છે. આખે રસ્તે આકર્ષક Modern shop windows અને હોટેલો છે છતાં ગ્રામપ્રદેશનું આહ્લાદક શાંતિભર્યું વાતાવરણ અહીં છે. આખા એવેન્યુમાં એક વખતે ૫-૬ મોટરો કે ૨૫-૩૦ વટેમાર્ગુઓ ગણી શકાય. ટ્રામ નહિ, બસ નહિ. ક્વચિત્ રેલ્વે એન્જિનની વ્હીસલ સંભળાય—આપણે સાંભળતી હોય તો. મારા બાલ્યકાળમાં નડિયાદમાં મોટી બા-પ્રમાતા-ને ત્યાં રહેતો ત્યારે અને માથેરાન મહાબળેશ્વરમાં આવી શાંતિ અનુભવેલી. આ શાંતિમાં વર્ષે વસંતઋતુ એનો માર્ગ જરા ભૂલી છે એટલે પક્ષીઓનો કલરવ ઓછો છે – પણ હવે વધવા માંડ્યો છે.

અમારી હોટેલનો ખંડ બહુ સરસ છે. લૂઈ ૧૪માની પ્રણાલિકાનો, વર્સાઈલના રાજ્યભવનમાં છે તેવો. તેના કરતાં નાનો પણ વધારે સગવડભર્યો. લૂઈ ૧૪માનાં ભવનોમાં ૧૦,૦૦૦ પરિજનો રહેતા પણ running waterનો બાથરૂમ નહિ અને વીજળીનો પ્રકાશ નહિ. અમારાં પરિજનો અને અમારી વચ્ચે ભાષાનું સામ્ય નથી એટલે હાવભાવથી એકબીજાને સમજવાનો પ્રયાસ કરીએ છીએ. જીવનપ્રવાહ રમૂજી બન્યો છે અને બહુ મઝા આવે છે. પણ Good morning એટલે Bonjour બોંઝુઅ અને Thank you એટલે Merci beaucoup મેર્સી બોકુ એટલું તો ફ્રેન્ચ આવડી ગયું છે. ફ્રેન્ચ લોકો પોતાની પ્રણાલિકા તજીને અંગ્રેજી શીખવા તત્પર નથી, પણ

Very good	એટલે	ફ્રેન્ચમાં	Tres bien ત્રેબીઆં
Thank you	,,	,,	Merci beaucoup મેરસી બોકુ
Good bye	,,	,,	Au revoir ઓરેવ્હોર
Yes	,,	,,	Oui વી
Sir	,,	,,	Monsieur મોસ્યોં
Lady	,,	,,	Madame માદામ

વારંવાર બોલે છે. છેલ્લા અક્ષરો ઉપર ભાર મૂકીને ઉચ્ચારો કરે છે. જરા વિચિત્ર લોકો છે પણ રમૂજી હાસ્યથી વાર્તાલાપ પૂરો થાય છે અને આનંદ આવે છે. થોડી મુશ્કેલી ટ્રેનમાં–ટ્રેન બદલતી વખતે કે બસમાં આવે છે. પણ થોડા શબ્દો લખી રાખીને વંચાવીએ છીએ–અને બાકીનું ગુજરાતીમાં કહીએ છીએ. કારણ કે ગુજરાતી અને અંગ્રેજી બંને ફ્રેન્ચોને તો સરખાં છે.

પારીમાં ફ્રેન્ચોનું ઉલ્લાસભર્યું જીવન જોવાયું. એ પ્રજા

[અનુસંધાન પૃ. ૨૪૮ ઉપર]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધૂરી વાત

ચંદ્રકાન્ત બક્ષી

વરસાદનું ઝાપટું પડી ગયા પછી તડકો ખૂલ્યો અને મિશનરોની ભીની ફૂટપાથ સુકાઈ ગઈ. સડકને કિનારે પાર્ક કરેલી ગાડીઓનાં હૂડ અને મડગાર્ડ પર પાણીનાં મોટાં ટીપાં જામી ગયાં હતાં અને તડકામાં ચળકી રહ્યાં હતાં. સૂકી ફૂટપાથ પર ડ્રાઇવરો બેઠા બેઠા બાજીપત્તાં રમી રહ્યા હતા. જ્યાં જ્યાં સડક તૂટી ગઈ હતી ત્યાં ગંદા પાણીનાં ખાબોચિયાં ભરાઈ ગયાં હતાં. મિસ હાર્ટલી ડે સ્કૂલમાંથી દિવસભર રમીને મેલાં થઈ ગયેલાં સ્ફેદ યુનિફોર્મ પહેરેલાં બચ્ચાં છૂટયાં. નીરેનનું ઘર પાસે હોવાથી એ હમેશાં ચાલતો જ ઘેર આવતો. નીરેન નવ વર્ષનો હતો અને કે. જી. થ્રીમાં ભણતો હતો.

બેત્રણ છોકરાઓ પાર્ક કરેલી એક નવી સ્ટેશન વેગન પાસે ઊભા રહ્યા અને ભીના મડગાર્ડ પર આંગળીઓથી આકૃતિઓ કરવા મંડયા. નીરેન પાછળ ઊભો રહીને જોતો હતો. સામે પત્તાં રમી રહેલ સ્ટેશન વેગનના ડ્રાઇવર શિવજીએ બૂમ મારી: "ઓ લડકે, આગે ચલો!"

છોકરા ખસ્યા નહીં અને વધુ રુઆબથી મસ્તી કરવા મંડયા. શિવજી ઊભો થયો અને ધીરેથી છોકરાઓ તરફ દોડવા મંડયો. છોકરાઓ ભાગ્યા. નીરેન અડફટમાં આવી ગયો અને સડક પર પડી ગયો. એનાં સફેદ બૂટ–મોજાં અને પાટલૂન કાદવવાળાં થઈ ગયાં. ખાલી ટિફિનબૉક્સ અવાજ કરતું ફૂટપાથ પર પડી ગયું. શિવજી દોડતો આવ્યો અને એને જોઈ ને નીરેન રોવા મંડયો.

શિવજીએ હાથમાં ડબ્બો આપીને નીરેનને સંભાળીને ઊભો કર્યો અને વેગનમાંથી એક મેલું કપડું કાઢીને એનો કાદવવાળો પગ લૂછી આપ્યો. નીરેનના નિર્દોષ, લાલ લાલ ગાલ પર આંસુ અટકી ગયાં હતાં. એ ડર અને આશ્ચર્યથી શિવજીના ચહેરા સામે જોઈ રહ્યો. શિવજીએ પૂછયું, "લગા તો નહીં, બચ્ચા?"

નીરેને મોઢું હલાવ્યું.

શિવજીએ નીરેનનાં અસ્તવ્યસ્ત જુલ્ફાંઓને ઠીક કરતાં પ્રેમથી કહ્યું: "દેખો, કભી ગાડી કે સાથ તુફાન નહીં કરના ચાહિયે."

નીરેનની કહેવાની ઇચ્છા થઈ આવી કે એ તોફાન કરતો ન હતો, એ તો ફક્ત જોતો જ હતો. પણ એનાથી બોલાયું નહીં.

"અચ્છા, જાઓ–અબ ઘર જા કે રોટી ખાઓ ઔર ખેલો."

નીરેન ચાલવા મંડયો. પાછળથી શિવજીનો અવાજ આવ્યો: "અરે, તુમારા નામ કયા?"

"નીરેન."

નીરેન ઘર તરફ દોડી ગયો.

*

રોજ સાંજે સ્કૂલ છૂટતી અને નીરેન પત્તાં રમી રહેલા શિવજીને જોતો અને હસીને દોડી જતો. શિવજીનો સાફ કાળો ચહેરો જવાબમાં હસી ઊઠતો. થોડા દિવસો બાદ એક સાંજે નીરેન દેખાયો નહીં. બીજી સાંજે નીરેનને વહેલો આવતો જોઈને શિવજીએ બોલાવ્યો: "નીરેન, કાલે સ્કૂલે કેમ ગયો ન હતો?'

"કાલે–કાલે મારા પપ્પા અમને ઝૂમાં લઈ ગયા હતા," નીરેન બોલ્યો.

"શું જોયું ઝૂમાં?"

"શિવજી," નીરેને પ્રફુલ્લતાથી કહ્યું: "ત્યાં તળાવમાં રંગીન માછલીઓ હતી. અમે આટાની ગોળીઓ નાંખતા એટલે નાની નાની માછલીઓ તે ખાવા માટે લડતી અને શિવજી, એક કાળું બંદર પગથી કેળું પકડીને ખાતું હતું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બન્ને હસી પડ્યા.

નીરેને બેસીને ઘણી વાતો કરી — પૂંછડીના વાળ ચાટતા વાઘની, આંખ બંધ કરીને આળોટતા કથ્થાઈ રીંછની, પાંખથી ચાંચ સાફ કરતા કાળા હંસની અને પાણીમાં બેઠા બેઠા બગાસું ખાતા હિપોપોટેમસની. છેવટે શિવજીએ કહ્યું: "નીરેન, તું રોજ સાંજે મારી પાસે આવજે. હું તને જાનવરોની ઘણી વાતો કરીશ — સાપની, મગરની, સિંહની..."

નીરેન ઊભો થયો. એના નાના મોઢા પર અનિશ્ચિતતા ફેલાઈ ગઈ. હિંમત કરીને એણે કહ્યું: "શિવજી, સ્કૂલમાં મને એક મોટો છોકરો હેરાન કરે છે. એ મને રોજ કહે છે કે તું છોકરી છે."

શિવજી હસ્યો: "અચ્છા. તું એને કાલે કહી દેજે કે એક મોટો ડ્રાઇવર મારો દોસ્ત છે. હવેથી જો તું મને છોકરી કહીશ તો હું એને કહી દઈશ. બસ? હવે તને હેરાન કરે તો મને કહજે, આપણે એને ઠીક કરી નાંખીશું."

નીરેનની ખુશીનો પાર રહ્યો નહીં. ખાલી ડબ્બો હલાવતો હલાવતો એ ઝપાટાબંધ દોડી ગયો.

દિવસો પસાર થવા માંડ્યા. નીરેનની અને શિવજીની દોસ્તી ગાઢ બની ગઈ. શિવજી નીરેનને પાન ખવડાવતો, ચૉકલેટ આપતો, જાતજાતની વાતો કરતો. એક સાંજે નીરેને કહ્યું: "આજે મને ઊંટની વાત કર."

શિવજીએ કહ્યું: "જો નીરેન, એક વાર રાત્રે હું મારા મુલકમાં ઊંટ પર જંગલમાંથી જઈ રહ્યો હતો. પાસે એક મોટી નદી હતી અને રાત અંધારી હતી. સામેથી એક મોટી ટ્રક આવી. એના લાઈટથી ઊંટ ભડકીને દોડયું અને હું રોકું એ પહેલાં તો નદીના કાદવમાં ઊતરી ગયું. એની ટાંગ તૂટી ગઈ અને એ ઊંડા કાદવમાં ફસાઈ ગયું. પછી તો અમે કોશિશ કરી પણ ઊંટ નીકળે જ નહીં. પરોઢિયે પાણી આવ્યું અને ઊંટ ડૂબીને મરી ગયું."

"પછી?"

"પછી શું? પછી નદીના મગર એને ખાઈ ગયા હશે."

નીરેન ચૂપ થઈ ગયો. એક મિનિટ પછી શિવજીનો હાથ ખેંચતાં એણે કહ્યું: "અચ્છા, હવે મગરની વાત કર."

શિવજી હસ્યો: "તું પણ વાર્તાઓ સાંભળવાનો બહુ શોખીન છે! ઠીક, કાલે સાંજે આવજે, કહીશ."

નીરેન અનિચ્છાએ ઊભો થયો અને ધીરેથી ચાલવા માંડ્યો.

"કાલે ચોક્કસ આવજે, નીરેન!"

નીરેન ઘેર પહોંચ્યો ત્યારે એના મગજમાં મગરના વિચારો રમી રહ્યા હતા. ઘણા વખત પહેલાં ઝૂમાં એણે પહેલવહેલા મગર જોયા હતા. લીલા પાણીમાં બે નાના મગર શાંત પડ્યા હતા. એણે પપ્પાને પૂછ્યું હતું: "પપ્પા, આ જાનવરનું નામ શું?"

"મગર."

બહુ વિચાર પછી એણે કહ્યું હતું: "પપ્પા, આ બન્ને મરી ગયા છે."

બધાં હસી પડેલાં. મમ્મીએ કહેલું: "નીરૂ, ગરમી પડે છે ને એટલે એ બન્ને સૂઈ ગયા છે!"

"મમ્મી, એ ખાય શું?" મમ્મીનો જવાબ અત્યારે નીરેનને યાદ ન હતો. પણ શિવજીએ એનો જવાબ આજે આપી દીધો હતો. બધા જ મગર ઊંટ ખાતા હશે — પણ એટલા બધા ઊંટ મળે ક્યાંથી? બરાબર છે, માટે જ ઝૂમાં કેવા, નાના, પાતળા મગર હતા!

નાસ્તો કરતાં કરતાં નીરેને મમ્મીને બધી વાત કરી. મમ્મીએ શાંતિથી વાત સાંભળી અને કહ્યું: "નીરૂ, તેં તો મને કોઈ દિવસ કહેલું નહીં કે તારે શિવજી સાથે દોસ્તી છે!"

નીરેન જોઈ રહ્યો.

"તું એને રોજ સાંજે મળે છે?"

"હા," નીરેને કહ્યું: "એ મને રોજ વાર્તાઓ કહે છે, પાન ખવડાવે છે. મને કહે છે એક દિવસ એની ગાડીમાં એ મને અને મારા સ્કૂલના દોસ્તારોને ઝૂમાં લઈ જશે."

મમ્મીની આંખો મોટી થઈ. એણે કહ્યું: "જો નીરૂ, તારે હવે એવા જંગલી માણસો સાથે બેસવાનું નથી. ડ્રાઇવરો બદમાસ હોય છે. આજે તારા પપ્પા ઑફિસથી આવે પછી જોજે — તારી વાત છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીરેન નાસ્તો કરીને ઊભો થયો. એ સંસ્કારી છોકરો હતો એટલે પતંગ, ગોળીઓ વગેરે રમવાની એને મનાઈ હતી. સાંજ નમી ગઈ ત્યારે નીરેનના પપ્પા આવ્યા. ઇન્ડિયન ઍર લાઇન્સમાં એમને સારી નોકરી હતી. નીરેનને ડર હતો કે મમ્મી હમણાં જ વાત કરશે. પપ્પાએ બ્લ્યૂ ટાઈ કાઢીને નીરેનને આપી. નીરેન ટાઈ હેંગર પર લગાવીને બહાર સરકી ગયો.

પપ્પા ગુસ્સે થશે એના કરતાં નીરેનને વધારે ચિંતા હતી એ વાતની કે હવે કદાચ શિવજીને નહીં મળી શકાય. રાતના પપ્પાએ નીરેનને બોલાવીને કહ્યું: "નીરેન, તારી મમ્મી શું કહે છે?"

"શું"

"કે તું ડ્રાઇવરોની પાસે બેસે છે અને વાતો કરે છે અને..."

નીરેનથી કંઈ બોલાયું નહીં. પપ્પાએ એના ખભા પર હાથ મૂકીને સખ્તાઈથી કહ્યું: "જો તારે હવેથી એવા માણસો પાસે બેસવું નહીં. શિવજીથી પણ દોસ્તી રાખવી નહીં. ડ્રાઇવરો નાનાં બચ્ચાંઓને ફસાવીને લઈ જાય છે, સમજ્યો? કાલથી તારે સીધા ઘેર આવવાનું છે."

નીરેન ઊભો થઈને પોતાની પથારીમાં પડ્યો. તકિયામાં મોઢું નાંખીને એ ઊંધો સૂઈ ગયો. રાત્રે સ્વપ્નમાં એણે એક મોટી નદીને કિનારે ઘણા જ નાના નાના મગરોને સૂતેલા જોયા.

*

બીજી સાંજે નીરેન સ્કૂલથી આવતો હતો ત્યારે એણે દૂર શિવજીને સિગારેટ પીતો જોયો. તડકામાં એનાં ખાખી કોટનાં પીળાં બટન ચમકી રહ્યાં હતાં. નીરેન પાસે આવીને ચુપચાપ ઊભો રહ્યો.

"આવ નીરેન." શિવજીએ કહ્યું.

"મારા પપ્પાએ મને કહ્યું છે કે તારે હવે શિવજી પાસે બેસવું નહીં," નીરેન આંખ મટકાવ્યા વિના એક શ્વાસે બોલી ગયો.

શિવજી હસ્યો: "કેમ?"

"ડ્રાઇવરો નાનાં છોકરાંને ઉપાડી જાય છે."

"જો નીરેન," શિવજીએ નીરેનને પાસે ખેંચીને બેસાડ્યો: "ડ્રાઇવરો છોકરાંઓને પ્યાર કરે, વાતો કરે. એ શા માટે ઉપાડી જાય? બોલ, તારે મગરની વાતો સાંભળવી છે? આજે હું તને એક ખૂબ સરસ મગરની વાર્તા કરીશ."

નીરેનની નાની આંખો ચમકી ઊઠી. એ શિવજીના ચહેરા સામે તાકી રહ્યો.

"જો સાંભળ — આપણો હિંદુસ્તાન છે ને — એવો જ એક મુલક છે ચીન. એમાં આપણા કલકત્તા જેવું જ એક મોટું શહેર છે — હોંગકોંગ. હું બહુ વરસ પહેલાં હોંગકોંગમાં હતો..."

"તું ત્યાં શું કરતો હતો?"

"હું પોલીસમાં હતો. ત્યાં ઘણા ચીના પોલીસમાં હતા. એ લોકોની દીવાળી આવે એટલે કાગળના મોટામોટા મગર બનાવે—એવા મગરને "ડ્રૅગન" કહેવાય. તારા જેવા નાના નાના છોકરાઓ કાગળનો એક મોટો મગર બનાવે—ચાલીસ, પચાસ ફૂટ લાંબો અને પછી એને પકડીને બધા સડકો ઉપર દોડે અને નાચે!"

નીરેન ખડખડાટ હસી પડ્યો.

"એક વાર એમની દીવાળી હતી ત્યારે એક ચીનો એક જીવતો મગર લાવ્યો અને એ મગરને સડક પર દોડાવવા માંડ્યો."

નીરેને જોયું કે શિવજી વાત કરતાં કરતાં એકાએક અટકી ગયો હતો. એણે પાછળ જોયું અને એ ગભરાયો. ગાડીમાંથી એના પપ્પા ઊતરીને આવી રહ્યા હતા. પપ્પાએ આવીને નીરેનનો હાથ પકડ્યો. નીરેન ઊભો થઈ ગયો અને એક પણ અક્ષર બોલ્યા વિના ચાલવા માંડ્યો. પપ્પાએ ગુસ્સાથી નીરેનનો કાન પકડીને ગાડીમાં ધક્કો મારતાં કહ્યું: "ઉલ્લુ, તને કાલે કહ્યું હતું કે આવા જંગલી માણસ સાથે બેસવું નહીં અને આજે તું ભૂલી ગયો!"

ગાડીનું બારણું ધડાકા સાથે બંધ થયું. ઝળઝળિયાંમાંથી નીરેને જોયું તો શિવજી નીચું જોઈને જમીન પર સિગારેટ બુઝાવી રહ્યો હતો.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રણચાર દિવસો વહી ગયા. સ્કૂલથી પાછા ફરતાં નીરેન રોજ સામી ફૂટપાથ પરથી આવતો અને પાર્ક કરેલી મોટરોની પાછળથી ચુપકીદીથી જોતો કે શિવજી બેઠો છે કે નહીં. શિવજી પણ ગાયબ થઈ ગયો હોય એમ લાગતું હતું. છેવટે એક સાંજે નીરેને હિમ્મતથી ડ્રાઇવરોની પાસે જઈને પૂછ્યું: "શિવજી ક્યાં છે?"

એક બુઢ્ઢા શીખ ડ્રાઇવરે જવાબ આપ્યો: "શિવજી ગાડી લઈને બરાકપુર ગયો છે – માલ પહોંચાડવા. આજ-કાલમાં આવી જશે."

શિવજી વાર્નિશની એક કંપનીમાં નોકરી કરતો હતો.

નીરેન ચાલતો થયો. આગળ એક છોકરો ગૅસના રંગબેરંગી ફુગ્ગા વેચી રહ્યો હતો. નીરેન હવામાં ઊડતા ફુગ્ગાઓ તરફ એક બેધ્યાન નજર નાખીને આગળ ચાલ્યો. ટ્રાફિકની લાલ બત્તી હોવાથી મોટરો, ટૅક્સીઓ, સાઇકલો વગેરે ઊભાં હતાં. એક છોકરો એક નવા સ્કુટર પર બેઠો હતો અને એના પગ વચ્ચે ઊભેલો નાનો કૂતરો નીરેનને જોઈને ભસી રહ્યો હતો. નીરેને વિચારવા માંડ્યું—પપ્પા પણ બરાકપુરના ઍરોડ્રોમ પર ઘણી વાર જાય છે, શિવજી પણ ત્યાં હશે. બન્નેને મારામારી થશે, પણ મારા પપ્પા બહુ જબરા છે. શિવજીને બાંધીને ઍરોપ્લેનમાં મૂકીને ઍરોપ્લેન ઉડાડી મૂકશે — નીરેન આનંદમાં આવી ગયો.

સામે લોકોનું એક નાનું ટોળું જમા થયું હતું. નીરેને બે મોટા માણસોની વચ્ચેથી મોઢું ઘૂસાવીને જોયું તો એક માણસ કાગળનો એક મગર દોડાવી રહ્યો હતો અને લોકો હસી રહ્યા હતા. મગરનો રંગ લીલો હતો અને એના મોઢા સાથે રબરની એક દોરી બાંધી હતી જે ખેંચવાથી કાગળના મગરનું આખું શરીર ખેંચાઈને સંકોચાતું હતું અને બીજી મિનિટે ફૂલીને આગળ વધતું હતું. નીરેનને મજા પડી પણ એને તરત યાદ આવ્યું કે શિવજી આવા જ મગરની વાત કરતો હતો અને પપ્પા એને લઈ ગયા હતા. એ મગરની વાત પણ હજુ અધૂરી હતી.

ટ્રાફિકની બત્તી લીલી થઈ. વાહનવ્યવહાર ફરી શરૂ થયો. એકાદ મિનિટ રહીને નીરેને જોયું કે રસ્તો ખાલી થઈ ગયો હતો. એ સામેની ફૂટપાથ પર જવા માટે દોડ્યો. ડાબી બાજુથી એક વજનદાર સ્ટેશન વેગને ટર્ન લીધો. નીરેને જોરથી ચીસ પાડી અને એ સાથે જ ગાડીની બ્રેક લાગી. પણ એ પહેલાં નીરેન ટક્કર ખાઈને ગાડીની નીચે આવી ગયો હતો.

તરત જ લોકોનું ટોળું જમા થઈ ગયું અને અવાજો આવવા માંડ્યા: "ટર્ન પે ઈતની સ્પીડ રખતા હૈ...ડ્રાઇવર કી ગલતી હૈ..." "નહીં, બચ્ચા ગ્રીન લાઈટ મેં દૌડા તભી તો ઍક્સિડન્ટ હૂઆ." લોકોએ નીરેનના શરીરને નીચેથી ખેંચી કાઢ્યું. ટાયર નીચે એના શરીરનો કોઈ હિસ્સો આવ્યો ન હતો. ફક્ત ટક્કર જબરદસ્ત લાગી હતી એટલે એ બેહોશ થઈ ગયો હતો, અને એના મોઢામાંથી ખૂન વહેતું હતું. જમણી તરફના બન્ને દાંત ખૂનથી લાલ થઈ ગયા હતા અને આંખો ઉપર પછાડ ખાવાથી લીલાં ઝાંઝાં પડી ગયાં હતાં.

એક ટ્રાફિક કૉન્સ્ટેબલે આવીને બેહોશ નીરેનને ખોળા-માં લઈ લીધો અને ત્વરાથી ડ્રાઇવરની પાસે બેસતાં કહ્યું: "ચલો, જલ્દી હૉસ્પિટલ પે લે લો."

ટોળાએ ખસી જઈને રસ્તો કર્યો. શિવજીએ નજર ફેરવીને પાસેથી જોયું અને એનાથી ચીસ પડાઈ ગઈ: "અરે! નીરેન!"

એક ભિખારી છોકરો ટાયરની નીચે દબાઈને સપાટ થઈ ગયેલો નીરેનનો નાસ્તાનો ડબ્બો ઉપાડીને દોડી ગયો.

*

એમર્જન્સી વૉર્ડની બહાર નીરેનની મમ્મી અને પપ્પા વ્યગ્રતાથી પણ શાંત બેઠાં હતાં. પાસે નીરેનની એક મોટી બહેન અને નાનો ભાઈ હતાં. બીજાં એકાદબે સગાં હતાં. દૂર એક જૂની બેંચ પર શિવજી બેઠો હતો, એની આંખો-ની આસપાસ કાળાં કુંડાળાં ચીતરાઈ ગયાં હતાં અને કપાળ પર પસીનો સુકાઈ જવાથી ચહેરો ચમકી રહ્યો હતો.

નીરેનના પપ્પાએ શિવજી તરફ જોતાં કહ્યું: "મને આ કુત્તા પર સખત નફરત થઈ ગઈ છે. તું જોજે, હું કેસ કરીને એને જેલ ભેગો કરાવવાનો છું."

નીરેનની મમ્મી ચૂપ રહી.

એટલામાં એક નર્સે બહાર આવીને કહ્યું: "અંદર જાઓ, તમારો છોકરો ભાનમાં આવી ગયો છે."

[અનુસંધાન પૃ. ૨૭૪ ઉપર]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિવપાર્વતી

[હિમાલયનાં હિમધવલ શૃંગો ઉપર પાર્વતી ભગવાન શંકરને પ્રાપ્ત કરવા ઉગ્ર તપ આરંભે છે. અન્નનો ત્યાગ કરી કેવળ ફળ ઉપર જીવનને ટકાવે છે. પછી કેવળ પાંદડાંનો આહાર કરે છે. પાંદડાંનો પણ ત્યાગ કરી પાર્વતી 'અપર્ણા' બને છે, અને કેવળ વેણુ પ્રાશીને દિવસ નિર્ગમન કરે છે. એ પંચાગ્નિનું સેવન કરે છે. એની રગેરગમાં શંકર માટે તલસાટ છે. ભગવાન શંકર એની કસોટી કરવા બટુકના રૂપમાં પ્રગટ થાય છે.]

બટુક :

ગૌર સ્ફટિકના જેવો તારો દેહ અનામય,
સર્વથા સર્વ સ્થિતિમાં ચન્દ્ર જેવો કળામય.
સર્વ સૌન્દર્ય સૃષ્ટિનું, સર્વ ગંધ વસુંધરે,
સર્વ માધુર્ય વર્ષાનું, ને જે શૈત્ય કળાધરે,
બધુંયે મેળવીને તું થઈ સમૃદ્ધ શોભના,
ત્રણે લોકે અરે, દેવી, તારા જેવી ન અંગના.
તારે કાજે કરે યાગો ઇંદ્રાદિ દેવ, કેશવ,
તપે દેહ પ્રજાળે તો મને આશ્ચર્ય છે નવ.
પરન્તુ તું સ્વયં શાને ગાળે દેહ હિમાલયે ?
ઉગ્ર શે તપ આરંભે તારી આ કુમળી વયે ?
ઇન્દ્ર ને વિષ્ણુથી મોટો એવો કોણ હશે જગે ?
જેને કાજે તને જાગી ઝંખના આ રગેરગે.

પાર્વતી :

અરે, તું મૂઢ લાગે છે, દેવોથી અર્થ શું સરે ?
મારું તો ચિત્ત લાગ્યું છે મૂળ તત્ત્વે પરાવરે.
તાંડવે રુદ્ર છે તોયે નિત્ય શાંત સદા શિવ,
ત્રિલોકે એક એવો જે હોલવે ચિત્તનો દવ.

બટુક :

અહં.........

એ જ તારો પરાવર ?
પેલો જે ભૂતનો સંગી રહે નિત્ય દિગંબર,
સ્મશાને ભસ્મ ચોળીને રહે ભાંગે તરંતર.
કંઠમાં રુંડની માળા, અંગાંગે સર્પની ફણા,
મૃત્યુના ઉત્સવે રાચે એની શું ન થશે ઘૃણા ?
રહેવાને હર્મ્ય કે કુટી ક્યાંય ના, છે ધરાતલ,
વ્યાઘ્રનું ચર્મ શૈયામાં, સમૃદ્ધિમાં કમંડલ.
નહીં ઐરાવતે મ્હાલે, ના, ના, અશ્વતણા રથ,
બિચારો વૃદ્ધ ગોધાથી કાપે છે સઘળો પથ.
ગણોથી યુક્ત એ નૃત્યે પ્રેરશે ડમરુ લઈ,
જુગુપ્સા જાગશે ત્યારે, મોહી કાં મૂઢતા ભરી.
ઉદ્ભવ્યો કેમ ને ક્યાંથી કોઈ જાણે નહી કુલ,
કુલહીન વિશે તારું હૈયું કેમ જ વ્યાકુલ ?
ત્રિનેત્રે વરવો લાગે, રંગઢંગ નહીં કશા,
મનસ્વી મસ્ત વૈરાગી તારી શું કરશે દશા ?
ઈંગુદિ તેલથી રિક્ત રૂક્ષ છિન્ન જટાલટ,
સર્પનો રાફડો આ કે શ્યામવર્ણો મહાઘટ ?
કરે કૈલાસ ધ્રુજાવે પૌલસ્ત્ય જે મહા બળી,
શિવશક્તિ તણો ત્યારે ભ્રમ મારો ગયો ગળી.

પાર્વતી :

મૂર્ખની અવળી વાણી.........

બટુક :

દિસે [1]બર્બુર શો શંભુ ને તું કદળીસ્થંભ શી !
જ્યેષ્ઠ જેવો તપે ઉગ્ર, શ્રી તારી મધુમાસની !
અશ્મ જેવો દિસે સ્થાણુ, ને તું સ્વર્ણ તણો રસ,
દ્રવે શાનો કદાપિ જે થાય ભેગા રસેરસ.
શંભુ ધુમ્મસ વર્ષાન્તનું, ને તું છે આમ્રમંજરી,
કઠોર વજ્ર જેવો એ, ને તું કોમળતા નરી.
અમાસી ઘોર રાત્રિ એ, ને તું ઉજ્જ્વલ શારદી,
એ કપાલી અઘોરી ને તું છે સૌભાગ્યસુંદરી.

---

1 બાવળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાર્વતી :

અરે રે............

બટુક :

લોહી નીગળતું જ ચર્મ ગજનું ને કોમળી અંગુલિ,
એ એનો કદી યોગ શું થઈ શકે ? રે, રે, વિધાતા ભૂલી.
તારાં ચંદનઅર્ચિત રતન વિશે જ્યાં ભસ્મ સંસ્પર્શશે,
તાવી તપ્ત પરે પડેલ જલ શો આ રાગ ચાલ્યો જશે.
ત્રિલોકે ન સમર્થ કોઈ મનથી એ હાસ્યને રોકવા,
જ્યારે તું શિવસંગમાં નીકળશે ગોધા પરે સ્હેલવા.
લક્ષ્મી ને શચિવૈભવો નિરખતાં દ્વેષે થઈ દગ્ધ તું
તારું જીવન સર્વ ખાખ કરશે, રે, એ વિચારે ન તું ?

પાર્વતી :

રે, રે, મૂર્ખ તું સદ્ય બંધ કરજે તારા પ્રલાપો હવે,
તારાં તીક્ષ્ણ શરે હવે ઉર બધું વીંધાઈ વ્હેતું દ્રવે.
જુએ ના કદી ઘૂડ સૂર્યકિરણો, શું દોષ એ સૂર્યનો ?
માને પથ્થર કોઈ મૂઢ જન તો શું દોષ વૈદૂર્યનો ?
ઉપાદાન નિમિત્ત જે જગતનું, જ્યાંથી બધું ઉદ્ભવે,
ને પોતે નિત ભિન્ન ભિન્ન સ્વરૂપે લીલા વડે સંભવે.
જે છે તે સચરાચરે સકળ એ, એના વિના ના કશું,
એવા એ વર દેવને જગતમાં માંગલ્ય શું ને ન શું ?
જે છે સત્ત્વ વિકારહીન નિખિલે નિષ્કામ ને નિસ્પૃહ,
તેને શું રથઅશ્વથી ? વિભવથી ? તેને વળી શું ગૃહ ?
દેવી ભસ્મ તણી અરે, અબુધ તું આ મશ્કરી શું કરે ?
વેળા તાંડવ ભસ્મ ધન્ય બનવા ઇંદ્રાદિ શીર્ષે ધરે.
ઇચ્છા જો પ્રભુની નહીં યદિ હશે, શું કાર્ય કીધું જને ?
ભક્તાધીન પ્રભુ દશાનન લિયે રે, પુષ્પ જેવા બને.
સંહારે જગતત્ત્વને પ્રલયમાં એનું ત્રીજું લોચન,
લાગે છે વરવું પ્રમત્ત જનને, જે ક્લેશવિમોચન.
એના એક જ કેશનું નહિ પૂરું કો મૂલ્ય આપી શકે,
પલ્લામાં મૂકતાં કુબેર ધનના ભંડાર ખાલી કરે.
એનો પાર નિહાળવા કુતૂહલે આકાશપાતાળમાં
બ્રહ્માવિષ્ણુ ફરે પ્રદક્ષિણ બહુ વૈફલ્યનૈરાશ્યમાં.
પૂર્વે દેવ અને બધા અસુર થૈ કીધું દધિમંથન,
થાતાં દગ્ધ હલાહલે અસુર ને દેવે કર્યું ક્રંદન;
સર્વે દેવ અને બધા અસુર થૈ સાથે કરે અર્ચન,
ભક્તાધીન ગયા બધું ગટગટી, રક્ષ્યું તદા સર્જન.
જ્યેષ્ઠમાં જ્યેષ્ઠ એ છે ને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ માનવો,
લઘુમાં લઘુ છે તોયે મહત્‌નોયે મહત્ સમો;
છે સૌથી વૃદ્ધમાં વૃદ્ધ, યુવાનોમાં યુવાન છે,
છે સૌથી દૂરમાં દૂર તોય નિત્ય નજીક છે.
વેદોનો એ જ વ્યાખ્યાતા, સાંખ્યયોગપ્રવર્તક,
સર્વ વિદ્યા તણો સ્વામી ને કલાનોય સર્જક:
ઉગ્ર આ તપમાં મારી જિંદગાની પૂરી કરું,
પરન્તુ ના બને એવું અન્યને કદી હું વરું.

બોલતાં નેત્રને બીડે, ક્ષણાર્ધમાં જ પાર્વતી
ઉઘાડે ત્યાં સુણ્યું ન્યારું,—
'શિવોઽहम् तव दासोऽस्मि,' વદી ઊભેલ ધૂર્જટિ,
દર્શને પાર્વતી દેવી ધન્ય ધન્ય થઈ જતી.

૧૧-૮-'૫૪ **ચંપકલાલ વ્યાસ**

[અનુસંધાન પૃ. ૨૭૨થી]

દૂરથી શિવજીએ જોયું કે નીરેનનાં મા–બાપ દોડતાં અંદર ગયાં. પાછળ ભાઈબહેન હતાં. શિવજી પણ ઊભો થયો.

"નીરૂ...નીરૂ !" મમ્મી નીરેનનો પાતળો, ફિક્કો હાથ છાતી પર દબાવીને બોલી રહી હતી: "કેમ છે તબિયત, ભાઈ ?"

નીરેનના કપાળ પર પાટા બાંધેલા હતા. ખુલ્લા હાથ-પગ પર એકએ જગ્યાએ પટ્ટીઓ લગાવી હતી. એના મોઢા પર અને ગાલ પર સોજો હતો.

પાંખો ફાટી ગયેલા કબૂતરની જેમ નીરેને આંખો ફેરવવા માંડી. એની નજર ફરતી ફરતી દરવાજા તરફ ગઈ અને પછી એ ઉત્સાહમાં બોલી ઊઠ્યો: "શિવજી...શિવજી, પેલા ચીનાના મગરનું શું થયું ?"

બધાંએ બારણા તરફ જોયું – શિવજી ઊભો ઊભો ખમીસની બાંયથી મૂકો પરનો પસીનો લૂછી રહ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જઝિયા વેરો

કરીમ મહમદ માસ્તર

'જઝિયા' વેરાનો અર્થ 'હેડિયા' વેરો કરી, ધાર્મિક લાગણી ઉશ્કેરે તેવા વિકૃત સ્વરૂપમાં તેને હિંદના ઇતિહાસમાં ચીતરવામાં આવ્યો છે. તે કોઈ વખત ધાર્મિક વેરો હતો જ નહિ. તે તો મુસ્લિમ રિયાસતોમાં બિનમુસ્લિમ રૈયતને મુસ્લિમ રૈયત માટેની ફરજિયાત બિનપગારી લશ્કરી નોકરીમાંથી મુક્તિ આપવાના બદલામાં, તેમ છતાં તેમના સંરક્ષણની જવાબદારી રાજ્ય લેતું હતું તેના બદલામાં, તેમને રાજ્યને અમુક નાની રકમ દર વર્ષે આપવાની હતી, એ હતો.

"જઝિયા"નો મૂળ અર્થ 'સંતોષ આપવો' અથવા 'બદલો આપવો' થાય છે. શરૂઆતમાં, 'જમીનમહેસૂલ'ને પણ 'જઝિયા' કહેતા હતા. પરંતુ જમીનમહેસૂલ માટે પાછળથી 'ખરાજ' શબ્દ યોજવામાં આવ્યો હતો.

જઝિયાનો ઉલ્લેખ કુરઆનમાં માત્ર એક જ વખત, સૂરા ૯, "તૌબા"ની આ. ૨૯માં કરવામાં આવેલો છે. તેમાં કહ્યું છે કે: "બિનમુસ્લિમો ઇસ્લામ સ્વીકારે નહિ ત્યાં સુધી, અથવા તેઓ તાબેદારી કબૂલ કરી 'જઝિયા' આપવાનું કબૂલ કરે ત્યાં સુધી, તેમની સાથે લડો." અહીં 'જઝિયા'નો અર્થ દેખીતી રીતે 'ખંડણી' થાય છે. તાબે થયેલી રૈયત પૈકી સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધ અને અપંગ પુરુષો, ગરીબ વર્ગ, ગુલામો અને ધર્મધ્યાનમાં જ પોતાનો સમય વિતાવતા હોય તેવા ધર્મગુરુઓને તેમાંથી માફી આપવામાં આવતી હતી. બાકીના સશક્ત અને લશ્કરમાં નોકરી કરી શકે તેવા, એટલે આખી રૈયતમાંથી માત્ર ચોથા ભાગના જ પુરુષોને માથા દીઠ એક "દીનાર" ટેક્સ આપવાનો હતો. અરબી દીનાર રોમન દીનારના અનુકરણમાં આશરે ૬૬.૩૪૯ ગ્રેન(ટ્રોય) વજનનો હતો અને તેની કિંમત અલ્લામા યૂસુફઅલીના મત પ્રમાણે આશરે અર્ધા પાઉંડ જેટલી, એટલે રૂ. ૬-૧૨-૦ જેટલી થતી હતી. મૌલવી મોહમદઅલી તેની કીમત રૂ. ૧૦ આકારે છે. ઉપર વર્ણવેલા માફીવર્ગને ધ્યાનમાં લેતાં, આ વેરો મુસ્લિમોની ફરજિયાત લશ્કરી નોકરીમાંથી સશક્ત બિનમુસ્લિમોને મુક્તિ આપવા બદલનો વેરો હતો.

હઝરત પેગમ્બર સાહેબ (સઅ) એ આ જઝિયાના બદલામાં બહરૈનના મગીઓ, ઉકૈદર, દુમાના અને અયમાના ખ્રિસ્તી રાજાઓ, જરબા અને અદરૂહના યહૂદીઓ અને નજરાનના ખ્રિસ્તીઓ સાથે સંધિઓ કરેલી હતી. અર્થાત્, આ રિયાસતો પાસેથી તેટલી 'ખંડણી' લેવાની હતી. પાછળથી, "અહલેકિતાબ", અર્થાત્ ખ્રિસ્તીઓ અને ઇસરાઇલીઓના વર્તુળ બહારના બીજા ધર્મવાળાઓ સાથે પણ તે જ શરતોએ સુલેહ કરવામાં આવેલી હતી. મુસ્લિમ રાજ્યના સંરક્ષણમાં આવેલી આવી બિનમુસ્લિમ રિયાસતોની રૈયતને "ઝિમ્મી" નામથી ઓળખવામાં આવતી હતી.

રોમન સામ્રાજ્યમાં ખંડિયાં રાજ્યો પાસેથી આવો વેરો લેવાતો હતો. તેને tributum capitis=capitation tax કહેતા હતા. ઈરાનના સાસાની બાદશાહોના જમાનામાં પણ આવો કર બિનઈરાની રૈયત પાસેથી લેવામાં આવતો હતો. તેથી, આરબોએ ઈરાન, સીરિયા, ઇરાક અને મિસર જીત્યા પછી, તે દેશોમાં 'જઝિયા' વેરો દાખલ કર્યો ત્યારે ત્યાંની રૈયતને કંઈ ફેર જણાયો નહોતો. તેઓ અગાઉ તેમના અગાઉના માલિકો, ઈરાન કે રોમને જે વેરો આપતા હતા, તે જ વેરો હવે તેમને તેમના નવા માલિકોને આપવાનો હતો અને નવો વેરો જૂના વેરાની સરખામણીમાં હળવો હતો; અને તેમાં ઉપર વર્ણવેલા વર્ગોને માફી હતી, જે માફી અગાઉનાં સામ્રાજ્યો આપતાં નહોતાં.

ઇસ્લામના શરૂઆતના જમાનામાં લશ્કરમાં બિનમુસ્લિમો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેવામાં આવતા નહોતા, તે સંરક્ષક નીતિ અનુસાર તદ્દન વાજબી વર્તન હતું. તેમ છતાં, જે બિનમુસ્લિમ કોમો વિશ્વાસ લાયક ગણાતી અને તેઓ પૈકી જેઓ મુસ્લિમો સાથે તેમનાં યુદ્ધોમાં સક્રિય ભાગ લેવા તૈયાર હતા, તેમને 'જાઝયા'માંથી માફી આપવામાં આવતી હતી. બીજા ખલીફા હ. ઉમર (રદી.)ના અમલમાં બની તગલીબ અને નજરાનના લોકો, જેઓ બન્ને ખ્રિસ્તીઓ હતા, તેમણે મુસ્લિમ સૈન્યોમાં સહકાર આપવાનું સ્વીકારવાથી, તેમનો જઝિયા માફ કરવામાં આવ્યો હતો. બની તગલીબે તો પાછળથી વધારામાં મુસ્લિમો માફક 'ઝકાત' આપવાનું પણ કબૂલ્યું હતું. એ જ ધોરણે, હ. ઉમરે જુરજાનના લોકોનો જઝિયા પણ એ જ શરતે માફ કર્યો હતો.

મુસ્લિમોને ફરજિયાત લશ્કરી સેવાના બદલામાં કંઈ જ પગાર મળતો નહોતો. લડાઈને અંતે જે લૂંટ મળતી, તેમાંથી રાજ્યનો પંચમાંશ હિસ્સો "ખમ્સ" બાદ કરી, બાકીની રકમ કે માલ બધા સૈનિકોમાં, પાયદળ અને ઘોડેસવાર વચ્ચે ૧ : ૨ના પ્રમાણમાં, વહેંચી આપવામાં આવતી હતી. મુસ્લિમોને આ પ્રમાણેની ફરજિયાત લશ્કરી નોકરી ઉપરાંત, 'સુખી સ્થિતિ'વાળાઓને રાજ્યને 'ઝકાત' આપવી પડતી હતી. "સુખી સ્થિતિ"નો અર્થ, ઇસ્લામી પરિભાષામાં, તે જમાનાની આર્થિક સ્થિતિને ધોરણે, જેની પાસે સાડાસાત તોલા સોનું અને સાડીબાવન તોલા ચાંદી હોય, અથવા તેટલી કીમતનાં દ્રવ્ય હોય તેવો થતો હતો. મકાનો, દાગીના, જાનવરો, ખેતી કે બગીચાઓની ઊપજ, વેપારમાં વિવિધ પ્રકારના માલનું વર્ગીકરણ કરી, પ્રત્યેક પ્રકાર માટે વિવિધ ધોરણે ઝકાત લેવામાં આવતી હતી. સામાન્ય ધોરણ જે માલ પોતાના કબજામાં આખું વર્ષ રહ્યો હોય તે ઉપર સેંકડે અઢી ટકાનું હતું. તે રકમ બિનમુસ્લિમો પાસેથી લેવાના 'જઝિયા' કરતાં ખરેખર વધારે ભારે હતી. ઝકાત રાજ્ય પોતે વસૂલ કરી, તેમાંથી કુરઆનની સૂરા ૯, "તૌબા"ની આ. ૬૦માં જણાવ્યા પ્રમાણે ખર્ચ કરવામાં આવતું હતું. આમ મુસ્લિમ જનતાને તેમની જરૂરિયાતો મુજબ તેમાંથી નિયમિત મદદ કરવામાં આવતી હતી. પાછળથી બિનમુસ્લિમો પૈકી અતિ વૃદ્ધ, અપંગ અને અતિ ગરીબ વર્ગને તે જ પ્રમાણે મદદ કરવામાં આવતી હતી.

જઝિયા લશ્કરી વેરો હતો, તે તેની વસૂલાત કેવી રીતે ખર્ચવામાં આવતી હતી, તે ઉપરથી પણ ફલિત થાય છે. તે આવકમાંથી સરહદનું રક્ષણ થઈ શકે તેવા કિલ્લા વગેરે બાંધવામાં આવતા હતા, લશ્કરની કૂચને સગવડ થાય તેવા પુલ અને રસ્તા બાંધવામાં આવતા હતા, મુસ્લિમ સૈનિકોની રાહતનાં સાધનો માટે ખર્ચ કરવામાં આવતું હતું, વગેરે.

જઝિયા મૂળ માથાદીઠ એક દીનાર હતો. પાછળથી "ઝિમ્મી" રૈયતના ત્રણ વર્ગ પાડી, ૧. માલદાર, ૨. મધ્યમવર્ગ અને ૩. ગરીબો — માલદાર વર્ગ ઉપર તેમની આર્થિકશક્તિ પ્રમાણે માથાદીઠ બેથી ચાર દીનાર લેવામાં આવતા હતા. આ તો અત્યારના ઇન્કમટૅક્સ, સુપરટૅક્સ, એક્સેસ પ્રૉફિટ્સ ટૅક્સના પ્રકારનું જ જાણે વર્ગીકરણ હોય તેમ હતું.

મુસ્લિમ સૈન્યો જ્યારે આક્રમણ કરતાં ત્યારે દુશ્મનો પાસે ત્રણ વૈકલ્પિક શરતો મૂકતાં: ૧. ઇસ્લામ સ્વીકારી અમારા 'ભાઈ' થાઓ; ૨. તાબેદારી સ્વીકારી 'જઝિયા' આપવો કબૂલ કરો; અથવા ૩. લડાઈ કરો. આવું આક્રમણ માત્ર સામા પક્ષના હુમલા સામેના બચાવ માટે જ કરવામાં આવતું. કોઈ શાન્ત જીવન ગુજારતા પાડોશી સામે આક્રમણ કરવામાં આવતું નહોતું.

'જઝિયા' રૈયતનાં સંરક્ષણ માટે જ લેવામાં આવતો હતો, તેનું એક જ્વલંત દૃષ્ટાંત આરબોએ સીરિયા જીત્યું તે સમયનું છે. હિમ્સ શહેરે તાબે થઈ જઝિયા આપ્યો હતો. પરંતુ રોમન શહેનશાહના ભારે આક્રમણને લીધે, આરબ સેનાને હિમ્સ ખાલી કરવું પડયું હતું. તેથી સેનાપતિ ઉબૈદુલ્લાએ લીધેલો જઝિયા પરત કર્યો હતો. ત્યારે હિમ્સની રૈયતે અશ્રુભીની આંખોએ આરબ સૈન્યને વિદાય આપતાં, તેઓ જલદીથી પાછા આવે, તેમ ઇચ્છયું હતું. આ હતી આરબ વિજેતાઓની તાબેદાર રૈયત સાથેની સલુકાઈ!

પહેલા ચાર ખલીફા–"ખુલફા–એ–રાશેદીન–"ના અમલમાં રાજ્યની આવકનાં સાધનોમાં ખરાજ, ઝકાત અને જઝિયા હતાં, ત્યારે તિજોરીમાં સંગ્રહ કરવામાં આવતો નહોતો. "અલ્લા તવક્કલ"–અલ્લાહને ભરોસે, આવક આવતી તે તરત જ ખર્ચી નાખવામાં આવતી હતી. જરૂર પડતી ત્યારે મદદ માટે માગણી કરવામાં આવતી હતી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તેનો જવાબ પૂરી હમદરદીથી મળતો હતો ! એ હતા તે જમાનાની સાદાઈ અને સચ્ચાઈ.

દમાસ્કસના ઉમૈયા ખલીફાઓના જમાનામાં રાજ્યની આવક આ પ્રમાણે હતી : ૧. ખરાજ, ૨. જઝિયા, ૩. ઝકાત, ૪. વેપાર ઉપર એક્સાઈઝ અને કસ્ટમ્સ વેરા, ૫. તાબેદાર રાજ્યો પાસેથી મળતી ખંડણી, અને ૬. લડાઈઓની લૂંટમાંથી રાજ્યને મળતો પંચમાંશ હિસ્સો. સામાન્ય રીતે, પ્રત્યેક પ્રાંતમાંથી મળતી આવક તે જ પ્રાંતના ઉપયોગ માટે પ્રાથમિક રીતે ખર્ચાય, તેમાં વધારો રહે તો જ તે કેન્દ્રિય સરકારને મોકલવામાં આવતી હતી. આથી પ્રાંતો સંતુષ્ટ રહેતા હતા.

બગદાદના અબ્બાસી ખલીફાઓના અમલમાં રાજ્યનો વિસ્તાર વધ્યો હતો અને વેપાર પણ સારો ખીલ્યો હતો. ત્યારે રાજ્યની આવકનાં સાધનો આ પ્રમાણે હતાં : ૧. ખરાજ, ૨. ઝકાત અને સદકા (ખુશીથી આપવામાં આવતી ખેરાત), ૩. ખાણો અને ખેતામાંથી પંચમાંશ, ૪. જઝિયા, ૫. કસ્ટમ્સ, ૬. મીઠાની ઊપજ તથા માછીમારોના ધંધા ઉપરનો વેરો, ૭. વેપારીઓ પબ્લિક જગાઓ વાપરતા તેનાં ભાડાં, ૮. કારખાનાં ઉપરના વેરા, અને ૯. દરિયામાર્ગે થતા આયાત માલ ઉપરના વેરા. છેલ્લો વેરો પાછળથી પરદેશો સાથેના વેપારના ઉત્તેજનાર્થે માફ કરવામાં આવ્યો હતો.

આ ઉપરથી પ્રતીત થશે કે જેમ જેમ 'ઝિમ્મીઓ'-ની સંખ્યા ઘટતી ગઈ અને પરિણામે જઝિયાની આવક કમી થતી ગઈ, તેમ તેમ રાજ્યને આવક માટે બીજાં સાધનો ઊભાં કરવાં પડ્યાં હતાં.

હિંદના ઇતિહાસમાં દિલ્હીના બાદશાહો પૈકી સૌથી પહેલાં અકબરે જઝિયા માફ કર્યો હતો. તેનાં કારણોમાં, એક તો હિંદુઓનાં દિલ જીતવા તેની સમધર્મી સહિષ્ણુતાની નીતિ હતી; તે ઉપરાંત તેણે બિનમુસ્લિમ રાજપૂતો વગેરેને લશ્કરમાં દાખલ કર્યા હતા અને મુસ્લિમ સૈનિકોની ફરજિયાત બિનપગારી નોકરીને બદલે તેણે તેમને નિયમિત પગાર આપવો શરૂ કરી, તે નોકરી મુસ્લિમો માટે મરજિયાત બનાવી હતી, તેથી શરીઅતને ધોરણે પણ તેને જઝિયા ચાલુ રાખવા કોઈ હક નહોતો.

ઔરંગઝેબે જઝિયા ફરીથી દાખલ કર્યો તેમાં તેનું ધર્મઝનૂન હતું. મુસ્લિમ સૈનિકો ફરજિયાત નહિ પણ મરજિયાત અને બિનપગારી નહિ પણ પગારથી નોકરી કરતા હતા. તે ઉપરાંત, તેના સૈન્યમાં બિનમુસ્લિમ રાજપૂતો, જાટ વગેરે ચાલુ રહ્યા હતા. તેથી, શરીઅતને ધોરણે, તેને જઝિયા લેવા હક નહોતો. આ અનીતિનું પરિણામ તેને અને તેના વારસોને ભોગવવું પડ્યું હતું.*

---

* (૧) મૌલવી મોહમ્મદઅલીના Religion of Islam, અને (૨) જસ્ટીસ સૈયદ અમીરઅલીની A Short History of Saracens ઉપરથી.

[અનુસંધાન પૃ. ૨૮૦થી]

એમની જ વાર્તા "પણ તિલોત્તમાનું શું ?" સિદ્ધ કરી જાય છે. અમસ્તી એવી બસસ્ટેન્ડ ઉપર જામી ગયેલી વાતને એમાં એ કેવો વેધક, કેવો કરુણ, કેવો હૃદયસ્પર્શી પલટો આપી શક્યા છે ?

શ્રી શિવકુમાર જોષીમાં નાટકકાર તરીકે તો છે જ પણ વાર્તાકાર તરીકે પણ ઊજળી શક્તિઓ ભરી ભરી પડી છે. તેમનામાં કલ્પના છે, ભાવના છે, કવિતા છે, પાત્રોને રમત વાતમાં જીવંત કરી દેવાની અસાધારણ આવડત છે, પ્રસંગોની હારમાળા તો જાણે એમની આંગળીને ટેરવે જ વળગેલી હોય છે, અને વસ્તુના હાર્દમાં છુપાયેલા રહસ્યને જોઈ શકવાની કલાકારની દૃષ્ટિ પણ તેમનામાં છે. પરંતુ કોઈ પણ કલાકારના માર્ગમાં મોટા ખડક રૂપે આવીને એના વહેણને રૂંધી લેતી લાગણીવશતા અને એ લાગણીએ સર્જેલું આભાસી વિશ્વ એમના માર્ગમાં પણ આવીને એમનાં વહેતાં વહેણને રૂંધી ન રાખે એટલા ખાતર જ આ દિશા તરફ તેમનું ધ્યાન દોરવા પ્રયત્ન કર્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોપાટીને બાંકડેથી

'વક્રગતિ'

જિયો! ભદ્રંભદ્ર!

શ્રીમાન ભદ્રંભદ્ર આજે આપણી વચ્ચે સ્થૂળદેહે હયાત નથી. છતાં અમરત્વ પામેલો એમનો અક્ષરદેહ તો હજી અગાઉના જેટલો જ અકબંધ રહ્યો છે — બલકે વધારે જીવંત સ્વરૂપે આપણી આસપાસ વિહરી રહ્યો છે એ હકીકતની ના કોણ પાડી શકશે?

દુનિયાભરના પયગમ્બરોની જેમ યુગપુરુષ ભદ્રંભદ્ર પણ પોતાના યુગમાં પુજાયા નહોતા — કહો કે ઉપેક્ષા અને ઉપાલંભ પણ પામ્યા હતા. એ ઉપેક્ષા અને ઉપાલંભના પાપનું જાણે કે પ્રક્ષાલન કરવા જ અર્વાચીન પેઢી એ નરપુંગવના અક્ષરદેહને બમણા ઉત્સાહથી પૂજી રહી છે.

આપણે પરદેશી શાસન તળે જીવતા હતા ત્યારે એ પરચક્ર સાથે પરદેશી ભાષાનું દાસ્ય પણ ભોગવવું પડતું હતું. જીવન-વ્યવહારમાં અંગ્રેજી શબ્દોના ઉપયોગ સામે પહેલવહેલો પોકાર આર્ષદ્રષ્ટા ભદ્રંભદ્રે કરેલો. પણ એ યુગમાં આપણે પરભાષાથી એવા તો પ્રભાવિત થઈ ગયેલા અને અંગ્રેજી ભાષાની મોહિની આપણી રગેરગમાં એવી તો વ્યાપી ગયેલી કે એ સ્વભાષાપ્રેમીએ પરભાષા સામે જગાવેલી જેહાદ આપણને અંગ્રેજી-દાસ્યની તંદ્રામાંથી જગાડી શકેલી નહિ. ઊલટાનું, ગિર્વાણગિરાના એ ઉપાસકે ભારે પરિશ્રમ વડે યોજેલા 'મૂલ્યપત્રિકા' અને 'અગ્નિરથવિરામસ્થાન' જેવા મૌલિક શબ્દપ્રયોગો સાંભળીને આપણા અંગ્રેજીપ્રેમી લોકો ખડખડ ખડખડ હસી પડેલા.

આજે હવે યુગ પલટાઈ ગયો છે. આપણે માથેથી પરચક્ર દૂર થયું છે એટલું જ નહિ, પરભાષાનું દાસ્ય પણ દૂર થઈ રહ્યું છે — જીવનવ્યવહારમાંથી અંગ્રેજી ભાષાનું જડાબીટ નીકળી રહ્યું છે. શિક્ષણના માધ્યમથી માંડીને સરકારી તંત્ર સુધીનાં ક્ષેત્રોમાં ઉત્સાહભેર — કહો કે અત્યુત્સાહભેર — સ્વભાષાનો પુરસ્કાર થઈ રહ્યો છે.

અને છતાં, સૈકાંઓથી યાવની અને મ્લેચ્છ ભાષાઓના વ્યામોહમાં સપડાયેલા કેટલાક સ્વભાષાદ્રોહી દેશબાંધવો હજી સો ટકા શુદ્ધ સંસ્કૃત શબ્દપ્રયોગો નથી સમજી શકતા એ કેવી શોચનીય સ્થિતિ ગણાય! સૌરાષ્ટ્રમાં "કલેક્ટર ઑફિસ" માટે "સમાહર્તા કચેરી" જેવો સુંદર અને સો ટકા સ્વદેશી શબ્દપ્રયોગ યોજાયો પણ શરૂઆતમાં, કહે છે કે, એ સમાહર્તાસાહેબ ઉપર પાઠવાયેલા બધા જ સરકારી ટપાલપત્રો "પત્તો મળતો નથી" એવી નોંધ સાથે પાછા ફરેલા. સ્વભાષાપ્રેમીઓને શરમમાં નાખી દેનારી આવી જ કરુણ સ્થિતિ હમણાં મધ્ય પ્રદેશમાં સરજાઈ ગયેલી. ત્યાંના સરકારી તંત્રમાં સો ટકા સ્વદેશી શબ્દોનો પુરસ્કાર થાય છે. એમાં જાહેરબાંધકામ ખાતાના તુમારમાં એક સ્થળે 'વજ્રચૂર્ણ' શબ્દ વાંચીને અંગ્રેજીના અઠંગ અભ્યાસી એક અધિકારીસાહેબ મૂંઝાઈ ગયેલા. વજ્રચૂર્ણ શબ્દને હિંગાષ્ટક-ચૂર્ણનો સમોવડિયો સમજીને એમણે આયુર્વેદ ઔષધાલયમાં તપાસ કરાવી, પણ પછી જાણવા મળ્યું કે "વજ્રચૂર્ણ" તો અંગ્રેજી "સિમેન્ટ" માટે યોજાયેલો શુદ્ધ સંસ્કૃત પ્રયોગ છે. લ્યાનત છે એ સરકારી અધિકારીને, જે પોતાની માતૃભાષાનો શબ્દ પણ ન સમજી શકતો હોય.

વજ્રચૂર્ણ શબ્દ વધારે પડતો અઘરો છે અને ગોટાળો પેદા કરનારો છે એ મતલબની ટીકા કેટલાંક અખબારોએ કરી હતી. આપણી માતૃભાષાના હિતની દૃષ્ટિએ વિચારીએ તો આવી ટીકાઓ તદ્દન વાહિયાત લાગે છે. અંગ્રેજી ભાષાના ચૂરેચૂરા કરવા હોય અને આપણી ઊગતી પેઢીના માનસમાં માતૃભાષાનો પ્રેમ વજ્રલેપ બનાવવો હોય તો વજ્રચૂર્ણ જેવા શબ્દો જ એ કામગીરી બજાવી શકશે. એ ઉદ્દેશથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો અંગ્રેજી શબ્દોના ભારતી પર્યાયોનો ખાસ શબ્દકોશ બહાર પડયો છે, જેમાં એકેએક અંગ્રેજી શબ્દનો ચાર ચાસણી ચડે એવો શુદ્ધ રાષ્ટ્રીય પર્યાય સાંપડી શકયો છે. એ શબ્દ-કોશના પરિશીલનને પરિણામે આજે આપણા દેશમાં ઓઇન્ટમેન્ટ કે મલમ જેવા વર્ણસંકર શબ્દોને સ્થાને 'સ્નેહલેપ' બોલાય છે. હમણાં નેહરુ અને ડૉ. રાધાકૃષ્ણન વચ્ચે ક્રિકેટની જે 'મૅચ' રમાયેલી એને માટે 'મુકાબલો' શબ્દ યોજાયેલો અને "ફિલ્ડિંગ" જેવા સાવ વિદેશી પ્રયોગને સ્થાને "ક્ષેત્રરક્ષા" જેવો શુદ્ધ સંસ્કૃત શબ્દ વાંચવા મળેલો. ક્રિકેટનો "અમ્પાયર" પણ બ્રિટિશ ઍમ્પાયરની જ નીપજ ગણાય. હવે મુકમ્મિલ આઝાદી ભોગવતા આપણા સ્વતંત્ર સાર્વભૌમ પ્રજાસત્તાકમાં "અમ્પાયર" માટે "પર્યવેક્ષક" પ્રયોગ પ્રચલિત થયો છે એ જરૂર આપણી રાષ્ટ્રભાષાની શાન બઢાવશે.

સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી આપણા જીવનના એકેએક ક્ષેત્રમાં અસ્મિતાનો ઉદય થઈ રહ્યો છે. ભાષા જેવું ક્ષેત્ર આવી સર્વ-વ્યાપી અસ્મિતાથી અલિપ્ત શેં રહી શકે? ભાષાકીય અસ્મિતાના આદ્યપ્રણેતા ભદ્રંભદ્ર ભારતને કોઈક ખૂણે પુનઃ અવતરી ચૂકયા છે એમાં શંકાને સ્થાન નથી.

પૃથ્વી (ઈશ્વરની દૃષ્ટિમાં)

આષાઢી આ આભ જે મેઘઘેર્યું
કૅમેરા શું હોય ના શ્યામરંગી
વસ્ત્રે વીંટયો, ગોઠવ્યો સ્થિર; હેર્યું
પૃથ્વી કેરું ફોકસે દશ્ય, ભંગી
અંગાંગોની જે ક્ષણે સ્પષ્ટ, લાંબી
ટૂંકી ઝાંખી સ્હેજ ના, સપ્રમાણ
લાગી ત્યાં તો વીજની ચાંપ દાબી
ઓચિંતાની, કોઈને થૈ ન જાણ.
અંધારા કો ખંડમાં પ્લેટ ધોઈ
હોંસે હોંસે (પ્રેમ શો સર્જનોમાં!),
કેવું આવ્યું ચિત્ર કે જોઈ જોઈ
પ્હેલાં ધાર્યો રોષ કે ગર્જનોમાં,
અંતે સાર્યાં અશ્રુ કારુણ્યપૂર્ણ
વર્ષારૂપે; ચિત્ર ત્યાં ચૂર્ણ ચૂર્ણ!

જુલાઈ ૭, ૧૯૫૬ **નિરંજન ભગત**

પૃથ્વી (મનુષ્યની દૃષ્ટિમાં)

લાંબી પહોળી દુનિયા વિહંગ—
—દૃષ્ટિ મહીં મેં અવ પ્રોઈ લીધી,
ભૂગોળ–પોથી નકશે ભણ્યો'તો
અક્ષાંશ–રેખાંશ ધ્રુવાંકિતા જે
પૃથ્વી ગણાતી વિપુલા, અરે એ
પ્રદક્ષિણા એક જ માંહી મેં તો
માપી લીધી ને દગમાં સમાવી.
શી નાનકી આ વિપુલા ગણાતી
પૃથ્વી અરે! ના. અવ ચિત્ત માંહે
ચિત્રો રચાતાં અધિકાં વિશાળ
ભણાવતી જે નહિ કો નિશાળ
એવો રચાયો બસ એટલાસ!
દીઠી હતી જે દગ માંહી સાન્ત,
વ્યાપી રહી ચિત્ત વિશે અનંત!

જુલાઈ ૭, ૧૯૫૬ **ચુનીલાલ મડિયા**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય અને સમીક્ષા

રજનીગન્ધા : લેખક: શિવકુમાર જોષી; પ્રકાશક: પ્રફુલ્લ પ્રકાશન મંદિર, મસ્જિદ બંદર રોડ, મુંબઈ ૯; પૃષ્ઠ-સંખ્યા: ૨૫૩, કીમત ચાર રૂપિયા.

આપણા જાણીતા નાટ્યકાર શ્રી શિવકુમાર જોષી તેમની વાર્તાઓના આ સંગ્રહ દ્વારા ટૂંકી વાર્તાના ક્ષેત્રમાં ગ્રંથકાર તરીકે પહેલી વાર પ્રવેશ કરે છે; પણ પ્રથમ પગલાં પાડનારની અણઆવડત કે અસ્થિરતા એમાં દૃષ્ટિગોચર થતાં નથી. એકાંકીની કલામાં ને ટૂંકી વાર્તાની કલામાં ઘણું બધું સામ્ય સમાયેલું છે, અને એકાંકીની કલા તો શ્રી શિવકુમારે સારા એવા પ્રમાણમાં સફળતાપૂર્વક અજમાવી છે. એ કલામાં એમને યશ અપાવનાર તત્ત્વોમાંનું મુખ્ય તો તેમના સચોટ મર્માળા ટીખળી અને પાત્રો અને પ્રસંગોને અજવાળતા સંવાદો છે. એમનાં નાટકોની રોચકતામાં એ તત્ત્વ સારો એવો ભાગ ભજવે છે. આ વાર્તાઓમાં પણ એ તત્ત્વ એનો રૂડો ભાગ ભજવે છે જ. 'અનંત સાધના' આમાં વાર્તા સ્વરૂપે આવે છે અને એ જ વાતને એમણે એમની પ્રખ્યાત રેડિયો નાટિકાનું સ્વરૂપ પણ આપ્યું છે એ હકીકત આ વસ્તુ સિદ્ધ કરી જાય છે. તેમનાં લખાણોને તાજગી આપતું બીજું તત્ત્વ તે તેમની કૃતિઓમાં આવતું, પાત્રોનું તો ખરું જ, પણ સ્થળોનું પણ, વૈવિધ્ય છે. આ સંગ્રહમાં એ વૈવિધ્ય ભારોભાર ભર્યું છે. હિંદુસ્તાનની કેટકેટલી વિધવિધ અને પોતપોતાની રીતે સુંદર જગ્યાઓમાં આ વાર્તાનાં પાત્રો વિચરે છે, અને આ વાર્તાઓમાંના બનાવો બને છે! વૈવિધ્ય આમેય, આકર્ષક હોય છે, અને વૈવિધ્યને ખાતર જ જો એ ન લાવવામાં આવ્યું હોય, પણ કથાવસ્તુને અનુરૂપ ઢાળમાં એ આપોઆપ ઢળી જતું હોય તો તો એનું આકર્ષણ ઓર વધી જાય છે. એ આકર્ષણની સાબિતી આ સંગ્રહમાંની કથાઓ પૂરી પાડે છે.

આકર્ષક સંવાદો, આકર્ષક પાત્રો, આકર્ષક પ્રસંગો અને આકર્ષક સ્થળોનો યથેચ્છ ઉપયોગ કરી શકનાર શ્રી શિવકુમારની કલાની – ખાસ કરીને વાર્તાકલાની – નબળી કડી તેમની ઊર્મિશીલતાને ગણી શકાય. એ ઊર્મિશીલતા તેમનાં પાત્રોને અવાસ્તવિક રીતે વર્તતાં કેટલીક વાર કરી મૂકે છે અને વાર્તા આખીના ઘનત્વમાં એવા એક પોચટ અંશને કેટલીક વાર પ્રવેશ કરાવી આપે છે કે સમભાવભર્યા સહૃદય વાચકને પણ જરાતરા આંચકો લાગ્યા વગર રહે નહીં અને કૃતિમાં કશીક અસંગતિ કે અસંભવિતતા આવ્યા વગર રહે નહીં. પાત્રોને કોઈક અસામાન્ય વિશિષ્ટ રીતે લાગણીભર્યાં પ્રેમાળ સ્વમાનશીલ બેપરવાહ અને પ્રાયશ્ચિતની ઉગ્ર સજા ભોગવતા બતાવવાના લેખકના કોઈ આગ્રહને લીધે પણ આમ બનતું હોય તો નવાઈ નહીં. નહિતર આવા શક્તિશાળી લેખક "ગુલશનની તીણી આહ સંભળાય અને હૈયું કોરાઈ જાય" એટલા ખાતર એન્જીનિયરને એની જગ્યાએ વર્ષો સુધી પૂરી રાખવા કરતાં કોઈ બીજી અને વિશેષ વેધક રીતે એના હૃદયની વેદના નિરૂપી શક્યા હોત. (પ્રેત બોલ્યું.) ને ઇન્દર જેવી જરા ચંચળ સ્ત્રીની પાસે – જે આઠ જ દિવસના આછા એવા રંગભર્યા સહવાસના પ્રલોભનમાં તણાઈ પોતાના પતિને મૂકી કોઈ પૈસાદાર જુવાન જોડે નાસી ગઈ હતી તેની પાસે — કરાવ્યું છે એ કરતાં કોઈ ઓછી ઊર્મિશીલ પણ વધારે હૃદયસ્પર્શી રીતે પ્રાયશ્ચિત્ત કરાવી શક્યા હોત. (વજ્જરલેપ) કે "ચંદ્રમુખી" વાર્તાની હાસીમુખી આગળ સ્વમાનરક્ષણનો 'સીન' જે રીતે કરાવ્યો છે એથી જુદી જ રીતે એના સ્વમાનની રક્ષા નહીં, તો એના અરક્ષણની વેદના અને એમાંથી જન્મતી ભયંકર કરુણતા તેઓ યોજી શક્યા હોત. એમને માટે — જ્યાં એ પોતે લાગણીમાં એવા તણાઈ જતા નથી પણ કલાકારની સ્થિરતા જાળવી શકે છે ત્યાં — એ અશક્ય પણ નથી એ તો

'કથક'

[અનુસંધાન પૃ. ૨૭૭ ઉપર]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



હિન્દ ઉપર

ભારતથી કેનેડા સુધીની લગભગ ૧૫૦૦૦ માઇલની મુસાફરી હિન્દે કોઇપણ પ્રકારની તુટફુટ વગર કરી. હૈદ્રાબાદ (દક્ષિણ)ના શ્રી. એમ નરસિંહન ૧૯૫૦ના ડીસેમ્બરની ૧૬મી તારીખે ઉપર બતાવેલી હિન્દ સાઈકલ સાથે ભારતથી રવાના થઈ અને પાકીસ્તાન, બલુચીસ્તાન, અફઘાનીસ્તાન, ઈરાક, ઈરાન, ટર્કી, બલ્ગેરીઆ, યુગોસ્લાવીઆ, ઈટાલી, સ્વીટઝરલેન્ડ, ફ્રાન્સ, બ્રિટન અને અમેરીકા થઈ ૧૯૫૨ ના જુનમાં કેનેડા પહોંચ્યા. આ સાઇકલ સંપુર્ણ ચાલુ હાલતમાં ભારતના કેનેડા ખાતેના હાઈકમીશ્નરે પાછી મોકલાવી છે.

હિન્દ સાઇકલો વધુ મજબુત બનાવેલી હોવાથી વધુ ટકાઉ હોય છે.

હિન્દ—સો એ સો ટકા ભારતીય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે હિંદમાં હાથશાળો ઉપરાંત એક વરસમાં આશરે ૪૫૦ કરોડ વાર કાપડ ઉત્પન્ન કરતી ૪૨૧ મિલો છે. આમાંનું આશરે ૯ કરોડ વાર કાપડ અમદાવાદમાં **"જહાંગીર વકીલ મિલ ગ્રૂપ"**ની ત્રણ મિલો વણે છે. માથા દીઠ કાપડની વપરાશ પંદર વાર ગણીએ તો આ ગ્રૂપ આશરે ચાલીસ લાખ માણસોની કાપડની જરૂરિયાત પૂરી પાડે છે.

જહાંગીર વકીલ મિલ્સ
અમદાવાદ

નવજીવન મિલ
કલોલ

☆

ન્યુ જહાંગીર વકીલ મિલ
ભાવનગર

☆

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃતિ

વર્ષ ૧૦ : અંક ૮

તંત્રી

ઉમાશંકર જોશી

ઑગસ્ટ ૧૯૫

બોરોબુદુર, જાવા] વાનરવૃંદ [ઉમાશંકર જોશી

સળંગ અંક ૧૧૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃતિ

વર્ષ દસમું સળંગ અંક ૧૧૬ અંક આઠમો

અનુક્રમણિકા : ઑગસ્ટ ૧૯૫૬

જીવનસાધના	કાકા કાલેલકર	૨૮૧
સમયરંગ	તંત્રી	૨૮૨
સનાતન અને સંસારવ્યાપી	સ્વામી આનંદ	૨૮૫
વ્હીટમેનનો વારસ—કવિ કાર્લ સેન્ડબર્ગ (૧)	નિરંજન ભગત	૨૮૯
ના પ્હોંચતી મારા સુધી	જગદીશ ત્રિવેદી	૨૯૬
કાલ લગી અને આજ	નલિન રાવળ	,,
જગમોહને શું જોવું ?	જયંતિ દલાલ	૨૯૭
કલાકોથી	નિરંજન ભગત	૩૦૩
'ડિસોટો'નો લિસોટો	ચુનીલાલ મડિયા	૩૦૪
પરિણીત યુગલ	ફ્રાન્ઝ કાફકા અનુ. ગુલાબદાસ બ્રોકર	૩૦૯
આજની મરાઠી ટૂંકી વાર્તા	પ્રા. મ. ના. અદવંત અનુ. ગોવિંદરાવ ભાગવત	૩૧૩
સ્વાધ્યાય અને સમીક્ષા	'કથક'	૩૧૮
અર્ઘ્ય	તંત્રી	૩૧૯

☆

સંસ્કૃતિ કાર્યાલય વતી મુદ્રક-પ્રકાશક : કિશનસિંહ ચાવડા,
ચેતના પ્રેસ પ્રાઇવેટ લિ., નવા બજાર, વડોદરા

સૂચનાઓ :

- દર માસની સાતમી તારીખે અંક પ્રસિદ્ધ થાય છે.
- દશમી સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર લખવાથી સગવડ થશે.
- આ માસિકમાં પ્રસિદ્ધ થતા લેખોમાંના અભિપ્રાય માટેની જવાબદારી તે તે લેખકની છે.
- પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે.

ગ્રાહકો નોંધવાનાં સ્થળો :

એન. એમ. ત્રિપાઠી, લિ. મુંબઈ.
પ્રવર્તક પુસ્તકાલય, મુંબઈ ૭.
જીવનસાહિત્યમંદિર, અમદાવાદ.
ભારતીસાહિત્યસંઘ, અમદાવાદ.
ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, ,,
ગાંડીવ સાહિત્યમંદિર, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨
ગાંડીવ સાહિત્યમંદિર, લાલગેટ, સુરત
એલ. કે. મેઘાણી : અગરતોલા સ્ટ્રીટ, **કલકત્તા ૧.**
પ્રભાકર બ્રધર્સ, પો. બો. ૬૨, **નૈરોબી**, ઇસ્ટ આફ્રિકા.

લવાજમ :
દેશમાં રૂપિયા સાત. પરદેશમાં રૂા. નવ અથવા શિલિંગ ૧૪. છૂટક નકલના બાર આના.

જાહેરખબરના દર

આખું પાનું	રૂ. ૬૦
અર્ધું પાનું	રૂ. ૩૫
પા પાનું	રૂ. ૨૦
છેલ્લું પૂઠું	રૂ. ૧૨૫
પૂઠું ૩	રૂ. ૧૦૦

તંત્રી અને વ્યવસ્થા અંગેના સઘળા પત્રવ્યવહારનું સરનામું :

સંસ્કૃતિ કાર્યાલય,
એલિસ-બ્રિજ, **અમદાવાદ–૬**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃતિ

सत्यं परं धीमहि ।

ઑગસ્ટ ૧૯૫૬

જીવનસાધના

માણસે પોતાનું જીવન રુચિર, સુભગ, સુગંધી અને તેથી ચરિતાર્થ કરવા માટે અનેક કળાઓ ઉપજાવી કાઢી છે. તે બધી કળાનો સમાવેશ જેમાં થાય છે એવી કળા તો જીવનકળા જ છે. એવી એ સાર્વભૌમ કળા સહેલી તો હોય જ નહીં. વક્તૃત્વકળા, સંગીત, ચિત્રકળા આદિ કળાઓમાં પ્રવીણ થવું એ વખતે એક જિંદગીમાં સાધ્ય હોય, પણ જીવનકળા તો અનેક જન્મસંસિદ્ધ જ હોઈ શકે અને તેથી જ જુદી જુદી અનેક કળાઓમાં ચિત્ત પરોવ્યા છતાં મુખ્ય અનુશીલન થવું જોઈએ જીવનકળાનું જ, અથવા એમ પણ કહી શકાય કે જે જીવનોપાસક જીવનકળાને પ્રધાન ગણી ગૌણપણે બીજી કળાઓની ઉપાસના કરે છે તે જ એ બધી કળાઓનું પ્રમાણ સાચવી શકે છે અને એ રીતે એ ભિન્ન ભિન્ન કળાઓનું સામંજસ્ય સાધી તે તે કળાને પૂર્ણત્વ તરફ લઈ જતાં જીવનનું સંગીત સાધી શકે છે.

જે કળાની સિદ્ધિ 'બહુનામ્ જન્મનામ્ અંતે' થવાની છે તેમાં ગફલત, શિથિલતા, ઉતાવળાપણું અથવા નિરાશાને સ્થાન હોઈ જ ન શકે. પોતે અજરામર છે એવો વિશ્વાસ રાખીને જ ઉત્સાહમાં ભરતીઓટ આવવા દીધા વગર પારમાર્થિક વૃત્તિથી માણસે જીવનસાધના કરવી જોઈએ અને સ્થિર પગલે એક એક પગથિયું ચઢવું જોઈએ.

પરમાત્માનું આ વિશ્વ જેટલું વિશાળ અને ઊંડું છે તેટલું જ ઊંડું અને વિશાળ માણસનું જીવન પણ છે. વિશ્વને અનંત ગણીએ તો માનવીજીવનનો વિસ્તાર પણ એટલો જ અનંત છે. પણ એ જીવનમાં સંપૂર્ણતા આણવા માટે માણસે અનંતકાળ સુધી રાહ જોવી જોઈએ એવું નથી. જો પૂર્વભવની ઠીક ઠીક મૂડી પાસે હોય, સાચો રસ્તો મળી જાય અને જીવનમાં પૂરેપૂરી ઉત્કટતા આવી હોય, તો આ જ ભવે અથવા થોડા જ ભવોમાં માણસ સંપૂર્ણતા પ્રાપ્ત કરી શકે છે.

આ વિશ્વની રચના જ એવી છે કે દિક્કાલમાં અનંતરૂપે ફેલાયા છતાં એના પાયામાં પરમ આધારરૂપ એક સનાતન તત્ત્વ છે. એની સાથે જો આપણો યોગ સધાયો તો ક્રમે ક્રમે આપણું જીવન વિશ્વરહસ્ય સાથે એકરૂપ થઈ જાય છે. ત્યાર પછી આ વિશાળ વિશ્વલીલા અને આપણી સાધનપ્રાણિત જીવનલીલા એક પ્રવાહમાં વહેવા લાગે છે. કેમ કે જીવવું અને જીવનસાધના સાધવી એમાં કશો ભેદ રહેતો નથી. પછી તો અનંતકાળ સુધી જીવનસ્વામી સાથે સહયોગમાં રહેવાની જ વાત રહી જાય છે.

આજનું આપણું જીવન જેટલે દરજ્જે જીવનસ્વામી સાથે વિયોગ રાખે છે તેટલે દરજ્જે એ વિકળ છે. એ વિકળતાનો જેમ જેમ અનુભવ થતો જાય છે તેમ તેમ જીવનમાં જાગૃતિ આવતી જાય છે. એ અનુભવ પાકો થાય એટલે જાગૃતિ અખંડ ટકે છે અને દિવસે દિવસે વધતી જાય છે.

પછી તો માણસની ખાતરી થાય છે, જીવન જીવવું એ કાંઈ બાળકોની રમત નથી. ક્યાંય ગફલતને અવકાશ ન જ આપી શકાય. ગફલતનો અર્થ જ એ છે કે નિષ્ઠામાં ઘણી ઊણપ છે. પોતાની સાધનાની ભૂમિકા પરથી લેશમાત્ર નીચે ઊતરવું પોસાય નહીં. આવી જીવનસાધનાનું સાચું વ્યાકરણ છે અપ્રમાદ અને ઉત્કટતા, અને ખૂબી એ છે કે જીવનની સાધના એ જ જીવનનો આનંદ પણ છે.

૧૭-૭-'૫૬

કાકા કાલેલકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમયરંગ

તંત્રી

ગુજરાતમાં તાજેતરમાં બનેલા બનાવો

રાજ્યપુનર્ઘટનાના જટિલ પ્રશ્ન અંગે મુંબઈ રાજ્ય પૂરતો છેવટે એ ઉકેલ લાવવામાં આવ્યો હતો કે મહારાષ્ટ્ર અને ગુજરાતનાં જુદાં રાજ્ય થાય અને મુંબઈ કેન્દ્રીય વહીવટ નીચે જાય. આ અંગે મુંબઈમાં અશાંતિ થઈ હતી, પણ છેવટે ઉપર મુજબનો ઉકેલ નિશ્ચિત થયો હોય એમ લાગતું હતું અને તેના અમલ માટે દફતરો વગેરે અંગે તૈયારીઓ પણ શરૂ થવા માંડી હતી. ગયા મહિનામાં કેન્દ્રીય પ્રધાન શ્રી દેશમુખે પોતાના હોદ્દાનું રાજીનામું આપતાં આ પ્રશ્ન ફરી ઉખળાયો. લોકસભાના કેટલાક મુંબઈ બહારના સભ્યોની પ્રવૃત્તિને પરિણામે મુંબઈનું મોટું દ્વિભાષી રાજ્ય થાય તો એ મરાઠીભાષી અને ગુજરાતીભાષી વસ્તીનાં જ નહિ પણ આખા દેશનાં વિશાળ હિતો માટે સારું છે એવો મત લોકસભાના મોટા ભાગના સભ્યોમાં ફેલાયો. લોકસભામાં, મરાઠી અને ગુજરાતી બોલનારા સમુદાયનું એક બૃહત્ દ્વિભાષી રાજ્ય રચાય એવો સુધારો આ મહિનાના પહેલા અઠવાડિયામાં પસાર થયો. પ્રજાસમાજવાદી નેતા શ્રી અશોક મહેતા જેવા બિન-કોંગ્રેસી આગેવાનોએ પણ આ નવા નિર્ણયને વધાવી લીધો અને ટેકો આપ્યો.

ગુજરાતમાં આના પ્રત્યાઘાતો પડયા તે કાંઈક અકલ્પ્ય અને અત્યંત કમનસીબ નીવડયા. નવાં જુદાં જુદાં રાજ્યો રચાવાનો સમય પાસે આવતો હોઈ, ગુજરાતના અલગ રાજ્યની તૈયારીઓ પ્રજાની નજર આગળ થઈ રહી હતી એટલે કશુંક નક્કર પોતાને મળતું હતું અને તે ન મળ્યું એવી વિફળતાની લાગણી એકાએક પ્રગટી ઊઠી. દિલ્હીમાં મહાસભાના મોવડીઓએ નિર્ણય લીધો અને લોકસભામાંના ગુજરાતીભાષી સભ્યોએ એને બહાલી આપી, પણ પ્રજાને કેમ વિશ્વાસમાં લેવામાં આવી નહિ,—એ માર્ગે પહેલાં તો જનતાનો રોષ વધ્યો. અમદાવાદમાં વિદ્યાર્થીઓએ તા. ૮મીએ હડતાળ પાડી અને આ પ્રશ્ન અંગે વિદ્યાર્થીઓ ગુજરાતની પ્રજાનું નેતૃત્વ લેશે એવું જાહેર થયું. ૮મીએ વિદ્યાર્થીઓનાં ટોળાં, એક પછી એક, કોંગ્રેસ હાઉસ ઉપર જવા માંડયાં અને નવા નિર્ણય અંગે વિરોધ પ્રગટ કરવા લાગ્યાં. એમાં પાછળથી બીજાં તત્ત્વો પણ ભળ્યાં હશે. બપોર પછી, એમ કહેવાય છે કે, પથ્થરમારો શરૂ થયો; કાયદો અને વ્યવસ્થા જાળવવા તે સ્થળે આવી પહોંચેલી પોલીસને હાથે ગોળીબાર થતાં એક જુવાનની ખોપરી ઊડી ગઈ અને બીજાં મરણ થયાં. હિંસા-પ્રતિહિંસાનું દુષ્ટચક્ર આ કમનસીબ પ્રસંગ પછી મોટા પાયા ઉપર શરૂ થયું. આ પ્રસંગ ન બને તો લોકસભાના નિર્ણય સામેના પ્રત્યાઘાતો કદાચ આગળ વધત નહિ. ગુજરાતમાં અન્ય સ્થળોએ ૮મી તારીખે કોઈ ખાસ બનાવો બન્યા ન હતા. અમદાવાદના સમાચારો ફેલાતાં હિંસા-પ્રતિહિંસાનું મોજું ગુજરાતના ઘણા ભાગોમાં ફરી વળ્યું. રોષ બતાવવાનો અથવા તો પ્રતિકારમાં શું કરવું તેનો કાર્યક્રમ વ્યવસ્થિત કોઈ આપી શકે એવા સંજોગો કદાચ ન હતા. બીજે ઠેકાણે તોફાનોમાં અખત્યાર થયેલી કેટલીક રસમોએ આ બનાવોમાં દેખા દીધીઃ દા. ત. ગાંધીટોપી ઉતારવી-ઉછાળવી-બાળવી, નેતાઓ સામે અંગત પ્રકારનું રોષપ્રદર્શન, કોંગ્રેસી કાર્યકર્તાઓના ઘર પર હુમલા, બળજબરીથી રાજીનામાં લેવાં, ખાદીભંડાર લૂંટવા. (કોચરબ આશ્રમ ઉપર પણ હલ્લો ગયાના સમાચાર લંડન રેડિયોએ ચમકાવ્યા કહેવાય છે.) આ ઉપરાંત ઝાડો ઉખાડવાં, વીજળીના થાંભલા તોડી રસ્તા પર આડા નાખવા, મ્યુનિસિપલ મિલકતને નુકસાન પહોંચાડવું, રેલ્વે ગાડી પર પથ્થર મારવા—એ ભાંગફોડિયા પ્રવૃત્તિ પણ ચાલી. પોલીસ તરફથી બહુ લાંબી મુદતના—બેથી ત્રણ દિવસ સુધીના—કરફ્યુ, લાઠીમાર, ટીઅરગૅસ, ગોળીબાર ચાલ્યા, જેમાં અઢાર જેટલાં અમદાવાદમાં મૃત્યુ થયાં અને તેથી વધુ ઘવાયા. બજારો અને શાળા-મહાશાળાઓમાં કામ બંધ થયું. મિલો આ બધાથી અલિપ્ત જેવી રહી અને ચાલુ કામ કરતી રહી.

આ કમનસીબ બનાવોમાં સૌથી મોટી ગફલત તે દિલ્હીમાં એકાએક બદલાયેલા પાયાના નિર્ણય અંગે નેતાગીરીએ વેળાસર પ્રજાને કાંઈ કહ્યું નહિ તે છે. એટલું જ નહિ બાર દિવસ સુધી નેતાગીરીએ ગુજરાત સાથે કોઈ આત્મીયતાભર્યો સંપર્ક સાધ્યો નહિ. માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવા અંગેનાં પગલાં લેવાતાં રહ્યાં, જે ભડકો હોલવવામાં મદદ કરે કે સળગાવવામાં એની ભાગ્યે જ ચર્ચા કરવાની હોય. એમ કહો કે કોઈ રાજકીય પક્ષોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સીધી દોરવણી હેઠળ અમદાવાદ અને ગુજરાતમાં બીજે ઝુંબેશ ચલાવનારાં તત્ત્વોએ પોતાની જાતને મૂકી નહિ, તેમ જ આ પ્રકરણમાં નવી કોઈ લડાક નેતાગીરી નીકળી આવી નહિ; નહિ તો બનાવોએ કેવું વલણ લીધું હોત એની કલ્પના જ કરવી રહી. પણ આટલા બધા દિવસો કશું સાન્ત્વન કર્યા વગર પસાર થયા તેનું પરિણામ એ આવ્યું કે અમને કેમ પૂછયું નહિ એમ પડેલાં પ્રજાને હતું તેમાંથી મહાગુજરાત લઈને રહીશું એ ભાવ ઉપર પ્રજામત સ્થિર થતો ગયો. મહાગુજરાત એટલે કેવી જાતનું મહાગુજરાત એનો વિચાર કરવા પ્રજા રોકાઈ નહિ. ગમે તેવી સારી વસ્તુ પણ ઉપરથી પરાણે આપવામાં આવે તો લોકશાહીમાં પ્રજા વિરોધ કરે એ ન સમજી શકાય એવું નથી. દ્વિભાષી રાજ્ય વધારે સારું છે એની દલીલો સાંભળવાનો પ્રજાનો મિજાજ ન રહ્યો. વળી ગોળીબારના અવાજમાં બધી દલીલોનો અવાજ તણાઈ જાય છે. માણસ, ખાસ કરીને સમૂહ–માણસ બુદ્ધિથી નહિ, કદાચ લાગણીથી વધુ દોરવાય છે. એમ કહી શકાય કે કેન્દ્રના અને ગુજરાતના નેતાઓએ ગુજરાતની પ્રજામાં શ્રદ્ધા રાખી હશે કે એક વાર માની લો કે ગુજરાતી પ્રજાને અન્યાય થયો હોય તો પણ એ ખામોશ પ્રજા છે. આ શ્રદ્ધા કદાચ અસ્થાને હતી એમ શરૂઆતના અહીંના બનાવો ઉપરથી લાગે, પણ પ્રજાનું હૈયું સાબૂત છે. એનાં દૃષ્ટાંતો પણ અમેરિકન પત્રકારને છબીઓ પાડતો લોકોએ અટકાવ્યો, નાયબપ્રધાન શ્રી ઇન્દુમતીબેન શેઠને વ્યાખ્યાન કરવા માટે નિમંત્રણ આપ્યું, લોકસભાના સભ્ય શ્રી કામઠે એક ઉચ્ચ નેતા પર અંગત પ્રહારો શરૂ કર્યા ત્યારે એમને બોલવા ન દીધા—એવા પ્રસંગોમાં મળે છે, જેનું મહત્ત્વ ઓછું આંકવું ઠીક નથી. પ્રજાને તા. ૭મી આસપાસ આત્મીયતાથી વિશ્વાસમાં લઈ ન શકાઈ એ ગફલત અંગે એકાદ હરફ પણ ઉચ્ચારવામાં આવ્યો હોત તો તે એનું મન વાળી લેવામાં બહુ મદદરૂપ થાત. છેક ૧૯મી સવારે અંજારમાં ભાષણ કરતાં વડાપ્રધાન શ્રી નેહરુ જેવા નેતાએ 'હમારા ભી કસૂર હો ગયા' એવા શબ્દો કહ્યા, પણ ઘરના આગેવાનો તરફથી સાન્ત્વનનો આવો કોઈ ઉપચાર યોગ્ય ગણાયો નથી; એ આ આખા પ્રકરણના પાયામાં જે ગફલત છે તે અંગે આંખ આડા કાન કરવા બરાબર છે.

બીજી ગફલત વિદ્યાર્થીવર્ગની થઈ. એમણે જે ઠરાવ કર્યો કે આ અંગે વિદ્યાર્થીઓ પ્રજાનું નેતૃત્વ લેશે તે પૂર્ણ વિચારપૂર્વકનો ન ગણાય. લોકશાહીમાં રાજકારણ એ અંતે પક્ષબળ જમાવી સત્તા હસ્તગત કરવામાં પરિણમતો લાંબો—અતિ લાંબો કપરો માર્ગ છે. વિદ્યાર્થીવર્ગ વિદ્યાર્થી મટયા સિવાય લોકશાહી સમાજમાં કોઈ વિશાળ આંદોલનનું 'નેતૃત્વ' શી રીતે લઈ શકે એ સમજવું મુશ્કેલ છે. વિદ્યાર્થીઓને રાજકારણના પ્રશ્નોમાં રસ હોવો જોઈએ. ઉપરાંત વિદ્યાર્થીઓ તરીકે—અથવા સમાજના એક જાગૃત નાગરિકવર્ગ તરીકે—કોઈ અપમાન થાય તો વિરોધમાં શાન્ત સરઘસ, સભા, ઠરાવ, વગેરે એ જરૂર કરે, પણ સતત લાંબા સમય સુધી ચલાવવી પડે એવી હિલચાલોનું નેતૃત્વ લેવું એનો એમના વિદ્યાર્થી હોવાનાં સંજોગો સાથે મેળ ખાઈ શકે નહિ એ ખુલ્લું છે. અમુક તંગદીલીઓ(tensions) બહાર લાવવામાં વિદ્યાર્થી એટલે કે તેજસ્વી યુવકવર્ગનો ઉપયોગ કરવાની લાલચ ભાગ્યે જ કોઈ રાજકીય પક્ષ જતી કરે છે, પણ યુવકવર્ગનું તેજ તે ક્ષણિક ભભૂકા માટે નથી. હિંદમાં હવે પછી રાજકારણ એ ચોવીસ કલાકનું કામ છે. યુવકવર્ગમાંથી પૂરી તૈયારી સાથે કાર્યકરો તે માટે બહાર આવે એ વધુ જરૂરી છે. વિદ્યાર્થીવર્ગ બૌદ્ધિક પ્રવૃત્તિઓ (ચર્ચામંડળો, પત્રિકાપ્રકાશન, ગામડાં અને શહેરના અમુક પ્રશ્નોની વૈજ્ઞાનિક પદ્ધતિએ જાત-તપાસ વ.) દ્વારા બરોબર સજ્જ થાય એ ઉપર ઘણો ભાર મુકાવાની જરૂર છે.

ત્રીજી અને સૌથી મોટી કમનસીબી તે એક પ્રજા તરીકે જેસે થે સ્થિતિમાં આપણે મુકાયા, માણસજાત જે કરતી આવી છે—ટોળાંના વ્યક્તિઓ પર હુમલા વગેરે—તેને બદલે ગાંધીજીએ વિરોધ પ્રદર્શિત કરવાની એક નવી રીત શીખવી હતી તે સહેલાઈથી વીસરાઈ ગઈ, એ છે. ગાંધીજીની રીત આપણે શીખી ગયા હતા એમ તો કેમ કહેવાય, એ પણ અંત સમયમાં એ વિશે કદાચ ભ્રમમુક્ત થયા હશે. તેમ છતાં એમણે નિપજાવેલું શાંત પ્રતિકારનું વ્યાકરણ આપણી આગળ પડેલું જ છે. વળી જો અણગમતી વ્યક્તિઓ ઉપર અંગત હુમલા થાય, એમનાં બાળક કે વૃદ્ધ માતપિતાને ત્રાસ આપવામાં આવે, અંગત અને જાહેર મિલકતોનો નાશ કરવામાં આવે, તો ધીરે ધીરે આપણે લોકશાહીમાંથી સરીને સરમુખત્યારના અમલ નીચે જઈ પડીએ, જે જાનમાલની સલામતી આપે પણ બદલામાં સ્વતંત્રતા ઉપર સારો એવો કાપ મૂકે. લોકસભાએ કરેલા નિર્ણયને બદલાવવા માટે લોકશાહી પદ્ધતિથી જે વિરોધ ઉઠાવવો હોય તે ઉઠાવવો જોઈએ. બનાવોના આઠ-દસ દિવસ પછી હિલચાલ બંધારણીય માર્ગે વળવા માંડી એ સારું ચિહ્ન ગણાય. પણ શરૂઆતના દિવસોમાં અંગત હુમલાઓ જેવા બનાવો સામે અસરકારક અવાજ ઉઠાવીને તેવા બનાવો બનતા અટકાવી શકે એવાં સત્–તત્ત્વોનો સમાજમાં અભાવ વરતાયો, એ કોઈ પણ સમાજ માટે ભારે ઊણપ ગણાય. સમાજે રાજ્યના હાથમાં સોંપેલી વ્યવસ્થિત હિંસાશક્તિ પણ વધુ પડતી વપરાતી હોય તો તે સામે અસરકારક અવાજ ન ઉઠાવી શકાય એ પણ એવી જ ગંભીર ઊણપ છે.

અમદાવાદ અને ગુજરાત હિંસાને માર્ગે ચઢી ગયાં છે એવી હવા બહાર ફેલાઈ છે, પણ જે અઢાર મૃત્યુ થયાં છે તે ગોળીથી થયાં છે એ ભુલાવું જોઈએ નહિ. અમદાવાદના બનાવો પાછળ ગુંડાઓ છે, રાજકીય પક્ષો છે, એવી માન્યતા ફેલાતી જોવા મળે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, પણ સારી કે ખોટી રીતે પ્રજાને ખોટું લાગ્યું છે, અને મુખ્યત્વે બનાવો પાછળ શ્રી જુગતરામભાઈ જેવા સર્વોદયકાર્યકરે કહ્યું છે તેમ પ્રજાનો સાચો રોષ છે, એ હકીકત સામે આંખમીંચામણાં કરવાં એ ઠીક નથી. (વીજળીઘર જેવા બનાવોમાં ૪૨૨ ગુંડાઓ સંડોવાયેલા છે.) વિદ્યાર્થીઓએ તા. ૧૩મીએ પ્રથમ જાહેર સભામાં જ નિવેદન કર્યું કે કોઈ રાજકીય પક્ષની નેતાગીરી અમાણે સ્વીકારી નથી એ પણ એકંદરે સાચું છે, અને એ નાની વાત નથી.

તા. ૧૯મીએ મુંબઈના મુખ્ય પ્રધાન શ્રી મોરારજીભાઈની જાહેર સભાનો 'પ્રજાકીય કરફ્યુ' દ્વારા બહિષ્કાર થયો. શ્રી મોરારજીભાઈએ પોતાને અમદાવાદ શાંતિથી સાંભળે નહિ ત્યાં સુધી અમદાવાદમાં રહીને ઉપવાસ ઉપર ઊતરવાનો નિર્ણય પ્રગટ કર્યો. શ્રી મોરારજીભાઈ જેવા અગ્રગણ્ય નેતાના આ વયે ઉપવાસ એ ભારે ચિંતાનો વિષય ગણાય. શાંતિનાં અને સમાધાનનાં તત્ત્વો વધુ સક્રિય થયાં હોય એમ લાગે છે. ગુજરાત એક ખામોશ અને તાકાતવાળી પ્રજા તરીકે બહાર આવે અને કોઈ વ્યક્તિઓ કે સમૂહોના તેજોવધ ન થાય એ રીતે પહેલાંથી વધુ સારી રીતે ગુજરાતનો વ્યવહાર થાળે પડે એ રીતે ઉપવાસનો સુખદ રીતે જલદી અંત (આ છપાય તે પહેલાં) આવે એવી આશા રાખીએ. વડાપ્રધાન શ્રી નેહરુએ કહ્યું છે તેમ વિદ્યાર્થીવર્ગને 'સમજાવટથી અને નહિ કે ધૂતકારી કાઢીને' વાળી લેવાનો પ્રયત્ન થશે એમ ઇચ્છીએ.

આ કમનસીબ બનાવોમાંથી જે જે પાઠો શીખવાના હોય તે શીખવામાં નહિ આવે તો તે વધુ કમનસીબી લેખાશે. શ્રી નેહરુએ 'નેતાઓ માટે કાંઈક આત્મનિરીક્ષણ' અંગે ઇશારો કર્યો છે. પ્રજાના પ્રાણપ્રશ્નોની ઊંચી કક્ષાએ મુક્ત વિચારણા કરતાં એક-બે અઠવાડિકોનો અભાવ આ સમય દરમ્યાન સૌથી વધારે ખૂંચતો હતો.

દ્વિભાષી રાજ્ય

આ માસિકનું વલણ હમેશાં ભાષાકીય અલગતાવાદ વિરુદ્ધ રહ્યું છે. અત્યારે આપણો સૌથી મોટો દુશ્મન ઉપ-રાષ્ટ્રવાદ (sub-nationalism) છે, તેને દૂર કરવા માટે જે કાંઈ કરીએ તે ઓછું છે. આ વિશે વિસ્તૃત ચર્ચા હવે પછી. બીજાઓ તરફથી આ પ્રશ્ન અંગે સાધકબાધક ચર્ચા કરતાં શાસ્ત્રીય લખાણો મળશે એવી આશા છે.

સાભાર સ્વીકાર

નવજીવન પ્રકાશનનાં

રામ અને કૃષ્ણ : લે. કિશોરલાલ ઘ. મશરૂવાળા. કિં. ૧-૦-૦. પૃ. ૧૩૪. **કેળવણીનો કોયડો** : લે. ગાંધીજી. કિં. ૨-૮-૦. પૃ. ૩૭૯. **અવારનવાર** : લે. કાકાસાહેબ કાલેલકર. કિં. ૨-૦-૦. પૃ. ૨૩૬. **બિહારની કોમી આગમાં** : લે. મનુબેન ગાંધી. કિં. ૩-૦-૦. પૃ. ૪૦૧. **જીવનની સુવાસ** : લે. લલ્લુભાઈ મકનજી. કિં. ૦-૬-૦. પૃ. ૪૮.

ગુજરાત વિદ્યાપીઠનાં

સ્વરાજ એટલે શું : મગનભાઈ પ્ર. દેસાઈ. કિં. ૦-૭-૦. પૃ. ૬૩. **આપણા દેશમાં આપણું રાજ્ય** : મગનભાઈ પ્ર. દેસાઈ. કિં. ૦-૭-૦. પૃ. ૫૪. **વેર અને બદલો** : ગોપાળદાસ જી. પટેલ. કિં. ૦-૭-૦. પૃ. ૬૪. **લોકમાન્ય ટિળક** : પાંડુરંગ દેશપાંડે. કિં. ૩-૦-૦. પૃ. ૩૩૫.

આર. આર. શેઠનાં

કાલભોજ : રમણલાલ દેસાઈ. (બીજી વાર.) કિં. ૪-૮-૦. પૃ. ૩૪૫. **અનુભૂતિ** : મનસુખલાલ ઝવેરી. કિં. ૩-૦-૦. પૃ. ૨૦૦. **આરાધના** : મનસુખલાલ ઝવેરી. કિં. ૩-૦-૦. પૃ. ૨૧૩. **સોરઠની સંધ્યા** : ગુણવંતરાય આચાર્ય. કિં. ૩-૦-૦. પૃ. ૨૩૨. **અચ્યુત** : ચીનુપ્રસાદ વૈ. જાની. કિં. ૩-૮-૦. પૃ. ૨૪૭. **પલકારા** : ઝવેરચંદ મેઘાણી. કિં. ૨-૧૨-૦. પૃ. ૧૯૮. **કોકિલા** : રમણલાલ દેસાઈ. (સાતમી વાર) કિં. ૫-૦-૦. પૃ. ૪૦૩.

એન. એમ. ત્રિપાઠીનાં

સર્જનને આરે : ધનસુખલાલ મહેતા. કિં. ૩-૪-૦. પૃ. ૨૧૬. **જૂનું મુંબઈ** : વીરજી ગંગાજર મારેશ્વર. કિં. ૧-૪-૦. પૃ. ૭૧. **પૂજારીને પગલે** : જયસુખલાલ મહેતા. કિં. ૧-૦-૦. પૃ. ૬૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સનાતન અને સંસારવ્યાપી

સ્વામી આનંદ

પ્રિય ભાઈ,

*

થોડાંઘણાં જૂનાં ક્લાસિકસ ઉપરાંત વાર્તાસાહિત્ય મેં બહુ જ ઓછું વાંચ્યું છે તેથી કે કોણ જાણે કેમ, પણ ક્યારેક ક્યારેક કોઈ ટૂંકી વાર્તા મને grip કરી જાય છે તે ઉપરાંત અત્યારે આપણા લેખકોને હાથે સર્જાતી લાંબી વાર્તાઓ કે નવલકથાઓ જે થોડી હું વાંચું છું તેનાથી મારી અંતરની ભૂખ ભાગતી નથી. ભૂતકાળનાં ગૌરવગાન અથવા તો વર્તમાન અવસ્થા કે પ્રવાહોનાં નર્યાં narrations પ્રજાને પ્રયત્નશીલ, પુરુષાર્થી કે ગગનગામી કઈ રીતે કરી શકે? મહેચ્છાઓ અને ભવ્ય સ્વપ્નોની સૃષ્ટિને વાસ્તવમાં ઉતારવા સારુ અદમ્યપણે ધસમસતાં ઘોડાપૂરની જેમ પ્રજાને તેના પગતળેની રેતમાટી ખેસવી લઈને તાણી જાય એવી રંગસૃષ્ટિ રચાવી જોઈએ. આવી સામગ્રી આજનાં સર્જનોમાં જવલ્લે જ જોવા મળે છે. જેને સ્થાનિક એવો કશો મુખવટો(facade) જ નથી એવી સનાતન અને સંસારવ્યાપી(universal) theme(કથાસામગ્રી) અને રંગસૃષ્ટિ આપણાં આજનાં સર્જનોમાં શા સારુ જોવા ન મળે? We have come of age now.

*

સત અને તપ, good અને evil, સાધના અને સિદ્ધિ, ભાગ્ય અને પુરુષાર્થની વહેંચણી કિરતારે એની સૃષ્ટિમાં કયે ધોરણે કરી, નિયતિ(Destiny)નો કાર્યપ્રદેશ શો, અને એની મર્યાદા ક્યાં,—એ બધી 'ઝીણિયું વાતું'ની ગમ તો આજે કાંઠે પહોંચ્યો તોયે મને લાગે છે મને હજુ કશી ખાસ પડી નથી; પણ ઘણાની જેમ મારું પણ જિંદગીભરનું અવલોકન અને ચિંતવન મને શીખવે છે કે કિરતારની યોજનામાં માનવી અને એના તમામ પુરુષાર્થ વામણી વસ્તુ છે. એની સ્વયંભૂ એવી કશી ખાસ મગદૂર કે હેસિયત(status) નથી. ઈશ્વરનું અધિષ્ઠાન એ જ પહેલી અને છેલ્લી વાત છે:

> तद्वै धनुस्त इषवः स रथो हयास्ते
> सोऽहं रथी नृपतयो यत आनमन्ति ।
> सर्वं क्षणेन तदभूदसदीशरिक्तं
> भस्मन्हुतं कुहकराद्धमिवोप्तमूष्याम् ॥
>
> —ભાગવત, ૧, ૧૫, ૨૧.

એ અધિષ્ઠાન ન રહ્યું તે જ ઘડીએ 'કાબે અર્જુન લૂંટિયો, વોહી ધનુષ વોહી બાણ'વાળી વાત થઈ, તેવું.

આ ઈશ્વરી અધિષ્ઠાન જ માનવીની તમામ પ્રવૃત્તિ પાછળ રહેલું પ્રાણતત્ત્વ કે પ્રેરકબળ છે. કેનોપનિષદ્‌ના યક્ષબ્રહ્મની જેમ સામર્થ્યમાત્ર ઈશ્વરનું છે. એ વગાડનારો છે; માનવી એના હાથમાંનું વાજિંત્ર છે.

ઈશ્વરના આ પ્રેરક બળનું જ બીજું નામ Life-force છે. જૂના લોકોએ એને માયા કહી. જીવનની તમામ ગતિ-પ્રગતિ અને પ્રવાહનો એ ઉગમ છે. દેવ, માનવ, પશુ, કીટાનુકીટ એની જ ઉષ્માના માર્યાં અહોરાત્ર જીવનની જદોજહદ ખેડે છે. એને ઉવેખવાનું કે એની ઉપરવટ જવાનું કોઈનું ગજું નથી. સત, સાધના, આદર્શ, આગ્રહ—તમામની કાંધ ઉપર જીવન છે. એ જીવનપ્રવાહ(life-force) કોઈ પણ માનવરચિત શાસ્ત્રસિદ્ધાન્ત, તત્ત્વ, restraints કે વિધિનિષેધોની પરવા વગર પોતાના જ તાનમાં સદાયે ધસમસ્યો ગયો છે, ને જશે. આથી જ સમજુ માનવી એના પ્રવાહની રૂખ અને ગતિને સમજી લઈ એનાં તાણખેંચાણ અને વમળ વચ્ચે ઈશ્વરને પોતાનો સુકાની બનાવી પોતાની જીવનનૈયાને હંકારવામાં ઈશ્વરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેતુની ચરિતાર્થતા જુએ છે ને પોતાના સામર્થ્ય ઉપર મદાર બાંધતો નથી:

It is folly to fight with the Infinite
And go under at last in the struggle;
The wiser man shapes into God's plan
As water shapes into a vessel.

Life-forceના આ તાણખેંચાણમાં ગોટવાઈને ડૂબી ન મરતાં માથું પાણીની ઉપર રાખવા મથીને જીવનની ચરિતાર્થતા પામવાની જહેમતોનો ઇતિહાસ એ જ સૃષ્ટિના આરંભથી માનવીને પક્ષે ચાલતી આવેલી જદ્દોજહદનો ઇતિહાસ છે. આ ઇતિહાસ એ જ સંસારની તમામ સંસ્કૃતિનો સાર છે. 'અજલ સે જાનિએ હસ્તી તલાશે યાર મેં આયે' (સૃષ્ટિના આરંભકાળથી જ પ્રાણી એના ભવેભવના બેલી ઈશ્વરની શોધ કરતો જ આવ્યો છે) એ કવિ-ઉક્તિ પ્રમાણે દૃશ્યજગતથી ન સંતોષાતાં માનવીએ પરોક્ષની અગમઅનંતની ખોજને, અપાર્થિવ જીવન અને તેનાં ઉચ્ચતર મૂલ્યાંકનોને પહોંચવા પામવાની અબળખાને છોડી નથી; અલ્પથી સંતોષાવાની ના પાડીને વિરાટને વળગવા સદાય ઝાવું માર્યું છે ને જીવનનાં નિકૃષ્ટ(grosser) તત્ત્વો પર વિજય મેળવવાની મથામણ પાછળ મોટી જહેમતો ખેડી છે. 'to seek, to strive, not to find and **not** to yield' એવી જ કંઈક એની ઝંખના ને જદ્દોજહદ સદાય રહી છે. માનવીની આ જહેમતો અને પુરુષાર્થોની જ ગાથાઓને સંસારના સર્વ દ્રષ્ટાઓ, કવિઓ અને કલાવન્તોએ પેરેપેરે કરીને સદાયે ગાઈ છે.

અને આને જ હું સર્વશ્રેષ્ઠ માનવી પુરુષાર્થની universal theme કહું છું. માનવીની એવા સંસારવ્યાપી મહોરાવાળી જદ્દોજહદ(struggle)ને જ સંસારના શ્રેષ્ઠ સર્જકોએ સ્થાનિક કે દેશકાળના આછા રંગે રંગી-રસીને સદાયે આલેખી અને એવું સાહિત્ય જ epicની પ્રતિષ્ઠા પામીને સંસાર આખાની ચિરંજીવ પૂંજી બન્યું. બુદ્ધ, ઈશુ, સંત ફ્રાન્સિસ કે કબીર, નાનક, મીરાં, તુકારામની તપતિતિક્ષાઓ, passions, વિરહવ્યથાઓ અને આરત આવી universal શકલવાળાં છે. સંસારનાં કાવ્યકથાકળાને વસ્તુ પૂરું પાડનારી સામગ્રી તરીકે એ કદી જૂનાં કે ઘરડાં નહિ થાય.

યુરોપનાં વડાં પંકાયેલાં ક્લાસિકોની વાત કરીએ તો ગેટેનો ફૉસ્ટ, હ્યુગોનાં 'દુખિયારાં', રોલાંનાં 'ઝચાં ક્રિસ્તોફ' ને 'મુગ્ધાત્મા' (The Soul Enchanted), રેનાંનો માનવ ઈશુ કે સીલીનું Ecce Homo સંસારભરનાં માનવી માટે કાયમી પ્રેરણાના સ્રોતસમાં, એની સ્થાયી થાપણ જેવાં મહાપુરાણો છે. 'ફોરસાઈટ સાગા,' 'બ્રધર્સ કાર્માઝોવ,' 'વૉર ઍન્ડ પીસ' કે પર્લબકનાં ચીની મહા-પ્રજાનાં જીવનચિત્રણોની દુનિયા ને ધરતી જરા જુદી છતાં એ બધાં પણ આવાં epic જ છે. અને આ તો અંગ્રેજી ભાષા મારફત આપણે જેના પરિચયમાં આવ્યા તે મુખ્યત્વે યુરોપની થોડી પ્રજાઓના માનવીપુરુષાર્થોની ઝાંખી થઈ. ત્યાંની જ બીજી આપણને અપરિચિત પ્રજાઓ-ની,—એશિયા, આફ્રિકા અને મધ્યપૂર્વના દેશોની, મધ્ય અને દક્ષિણ અમેરિકાની, ગ્રીનલૅન્ડ આઈસલૅન્ડની, ચીન, જાપાન તેમ જ જાવા કૅમ્બોડિયા આદિ દૂરપૂર્વની પ્રાચીન મહાપ્રજાઓની—અંતરખોજ અને ઝૂરણાઓની ઇતિહાસ-ગાથાઓથી તો આપણે લગભગ સદંતર અજાણ છીએ, અને છતાં એ બધી પણ એવી જ વ્યાપક, ભવ્ય અને મનોહારી કાં નહિ હોય ?

કારણ કે માનવમાત્ર એકજિન્સી, એક જ માટીનું બનેલ, છે ને એક જ પ્રાણ સંસારભર એનામાં સદાકાળ ધબકયો છે. 'અજલ સે જાનિએ હસ્તી તલાશે યાર મેં આયે'ની જિજ્ઞાસા આદિઉગમથી પોતાના હાડમાંસમાં લઈને જ એ જન્મ્યો છે. ધરતીતલ ઉપર જ્યાં કયાંયે એ વસ્યો ત્યાં રોજિંદા જીવનની જદ્દોજહદ ઉપરાંત નાસદીય સૂક્તના પેલા અજ્ઞાત ઋષિની જેમ એણે હિરણ્યગર્ભથી માંડીને પોતાની આસપાસના અને અંતરગત દુનિયાના એકએક phenomenon(સ્થિતિસંજોગ)નો તાગ લેવા કોશિશ કરી જ છે,—પછી જુદે જુદે કાળે એના જુદા-જુદા environment અનુસાર એની જિજ્ઞાસા કે આરત-ની અભિવ્યક્તિમાં ભલે ચાહે તેટલું વૈવિધ્ય આવ્યું હોય. ટૂંકમાં, એ બધી મથામણ અને અભિવ્યક્તિમાં સ્થાનિક તત્ત્વ ગૌણ અને માણસમાત્રને પરિચિત એવી એની universal શકલ જ હમેશાં મુખ્ય રહ્યાનું આપણને દેખાશે. આથી જ દેશકાળ કે ભાષાના કશા અંતરાય આડે ન આવતાં માનવીની આ પાયાની અંતરખોજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આરતના ભાવ માણસમાત્ર વગરપ્રયાસે પકડી શકે છે, ને એ એના હૃદયને સીધા જ જઈને સ્પર્શે છે.

*

પશ્ચિમની પ્રજાઓના હાલના પ્રતિભાવાન સર્જકોએ આવી universal મુખવટાવાળી themes એમનાં પરિચિત ગાથાસાહિત્યોમાંથી વીણીવીણીને તે ઉપર ભવ્ય સર્જનો કર્યાં છે. તાજેતરમાં નોબેલ પારિતોષિક મેળવનાર હેમિંગ્વેનું 'ઘરડો માછી ને મેરામણ' અથવા તો ૪–૫ વર્ષ પરના એ જ પારિતોષિકવિજેતા સ્વીડીશ લેખક લાગરક્વિસ્ટ (નામનો ઉચ્ચાર નથી આવડતો)નું 'બારાબાસ' આવાં સર્જન ગણાય. દ્રોહી જૂડાસ, આકળો પીટર, મૂંગી વેદનાના સનાતન મહાકાવ્ય સમી મરીઅમ્મા, પૂતપાપા માગ્દલણ, સંત પૉલ, પૅશન પ્લે, બેન હૂર, જિબ્રાનનો 'જિસસ,' નિકો કાઝાન્ઝીસનું 'ક્રાઇસ્ટ રીક્રૂસીફાઈડ,' અમેરિકન પાદરી ડગલાસનું 'રોબ' ઇ. આવાં સર્જનોમાં અગર તો તેવી themesમાં ગણાવી શકાય,–જો કે છેલ્લાં બે (તેમાંયે લેખકની પાદરી ધગશને કારણે છેલ્લું) જરા નબળાં ઊતર્યાં છે.

આપણે ત્યાં પણ નારદ, યુધિષ્ઠિર, ભીષ્મ, વસિષ્ઠ, વિશ્વામિત્ર, જનક-યાજ્ઞવલ્ક્ય, કર્ણ-દુર્યોધન, એકલવ્ય, વ્યાસ-વાલ્મીકિ-મનુ, સીતા-સાવિત્રી, દેવકી, રાધા-જશોદા, શબરી, કુબ્જા, કુંતી, દ્રૌપદી, ગાંધારી, મૈત્રેયી, અરુન્ધતી, શિબિ, બલિ, પ્રહ્લાદ, હરણાકંસ, રઘુરાજાઓ, ઉત્તરરામ-શાકુંતલ તેમ જ બૌદ્ધ અને ઇસ્લામયુગીન ઉત્તુંગ પાત્રો, —બધાં ઉપરકહ્યાં પશ્ચિમનાં પાત્રોની સહેજે હરોબરી કરી શકે કે ઘણાં એમને ટપી જાય એવી સામગ્રીમાં ગણાવી શકાય.

*

આ તો ક્લાસિકલ ક્ષેત્રની વાત થઈ. પણ સંસારના પિતામહ સમા સર્જકો અને સંસ્કારસ્વામીઓની હારોહાર કદમ સે કદમ મિલાવીને ચાલતા આવેલા સંતો અને લોકકવિઓ, ગાયકો અને કલાવંતોનો ફાળો પણ સંસારની સંસ્કૃતિ-થાપણમાં કંઈ ઓછો નથી પડ્યો. એમણે પણ માનવીની એ જ આદિકાળથી ચાલતી આવેલી આરતને સદાય જનવાણીમાં વાચા આપી છે. એમાંથી જ સંસારનું તમામ લોકસાહિત્ય જન્મ્યું છે, જેમાં સ્થાનિક તત્ત્વ નજીવું છે ને માનવીની સનાતન આરત જ મુખ્યપણે ગવાઈ છે, પંજાબના કવિશિરોમણિ વારસ શાહે પંજાબનાં ઘરેઘર ને ખેતઝૂંપડીમાં લોકબત્રીસીએ ચડાવી અમર કરેલી અને સિંધના સંતકવિ શાહ લતીફે તેટલી જ મસ્તીથી ગાએલી હીર-રાંઝાની, સસી-પુનુ, સુહિણી-મેહાર આદિ યુગલોની વિરહકથાઓ આ કોટિની છે.

આજઘડીની ઘરઆંગણેની વાત કરું તો આપણા નવોદિત કવિ મકરન્દે તાજેતરમાં જ ('મિલાપ,' માર્ચ '૫૬) ગાએલી શેણી-વિજાણંદની ટચુકડી કાવ્યગાથા આવી જ universal શકલની છે એમ કહું ? આ કથાનું પાત્રયુગલ શીરીં-ફરહાદ, લેલાં-મજનૂ કે હીર-રાંઝાની જ સનાતન મહોરવાળું છે. ફેર હોય તો એટલો કે આ યુગલનાં બેઉ પાત્ર કલાવંતોના કુળનાં છે. દેવીપુત્ર ચારણો કવિતા-કલાનાં જ ફરજંદો ગણાતા. એવા કુળની શેણી અને જંતરવાદ્યની સાધના પાછળ તમામ ભાન-સાન ભૂલીને બાહ્યાંગે બાહુક બની ગયેલો જુગજુગનો પ્યાસો વિરહે ઘેઘૂર વિજાણંદ સંસારનો અમર કલાવંત છે. એનું હાડ અને પોત (texture) શરીર ઉપર રાફડા વસાવનારા ને માથામાં પક્ષીઓના માળા સંઘરનારા વાલ્મીકિ આદિ માનવકુળના વડવા સમા તપસ્વી જોગંદરોથી જુદું નથી. એનું એ બાહુક સમું બાહ્યાંગ જે આ ટ્રેજેડીને પાયાની ભૂમિકા પૂરી પાડે છે, તે આ epicના સેટિંગને અનુરૂપ દેવકાર્યની યોજનાનો ભાગ છે. નિયતિ(Destiny)નું નિર્માણ છે.

આમ આ કાવ્ય universal છાપનું છે. એની અપીલમાં local એવું કશું નથી. તેથી જ આ ટ્રેજેડીની વેદનાને સમજવામાં એની ચારણી ભાષા, ગીરનું ગામ, ચાંદરી ભેંશો, વેદા ચારણનો ડાયરો કે એના ઊંચા ઓરડા,—કશું જ આડે આવતું નથી. શેણીના અનુતાપ અને ઝૂરણામાં ને વિજાણંદના જંતરના રુદનમાં એ બધું local setting ક્યાં અને ક્યારે પીગળી વિલાઈ રેલાઈ જાય છે એની વાંચનાર સાંભળનારને ફામ જ રહેતી નથી. સંભળાયાં કરે છે,—એકમાત્ર આદ્યેથી આવતી સનાતન માનવી આરતનું ઘેરું રુદન, જેને વિજાણંદે એના જંતરને તારે ચડાવીને ચારખંડ ધરતી ઉપર છૂટું મેલ્યું છે !

સંસાર આખો એમાં ઓગળીપીગળીને પાણી થઈ રહ્યો છે. ગળતા હેમાળાનાં અચળ ટાઢાંબોળ ચટ્ટાનોસમાં અવધૂતવૃંદો પણ બેબાકળાં બની જોગણ શેણીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોમન વંદનાઓ કરી રહ્યાં છે. વિજાણુંદના જંતરના રુદન આગળ હૈયું ઝાલીને ઊભવાની કોઈની હામ નથી. અરે, ખુદ, શેણી-વિજાણંદ પણ આસપાસ ચોમેર ગળતા હેમાળા જેવાં, દૂર દૂર ક્ષિતિજની પેલીમેર બરફપુંજોની આડશે વિલાતાં વાદળાંના ગોટ જેવાં, નરાં ધુમ્મસની outlines જેવાં, અંતરના ઊંડાણેથી ઊઠતા ને જંતરને તારે ચડીને સંસારભરમાં રેલાતા રુદન જેવાં જ અશરીરી લાગે છે! અંતમાંયે મિલન અને વિલોપન બેઉની શંલ એક વરતાય છે, ને માનવીવેદનાનું વાહન બનેલું જંતર પણ તે જ ક્ષણે ટુકડા થઈને સંસારના મહાકાવ્યસમા આ આત્મવિલોપનને છેલ્લી rhythm પૂરી પાડે છે.

આવા ભવ્ય epicના લદોલદ વાતાવરણ આગળ 'Music is more eloquent than words' જેવાં વર્ણનો સાવ trite–કંગાળ જેવાં–ભાસે છે. આવા સર્જનના સૂરમાં સંસારભરનો માનવી સૃષ્ટિના આરંભથી ચાલતી આવેલી માનવીહૈયાની સનાતન ખોજ અને વિરહવ્યથાનો પડઘો સાંભળશે અને એની ઝૂરણા ને વેદના જોડે ઊંડી આત્મીયતા અનુભવશે. એ સનાતન ખોજ અને એ વેદનાના રુદન સાથે સાથે એનું અંતર પણ કેમ જાણે સાથ આપવા ને સૂર પુરાવવા મથશે. 'અજલ સે જાનિબે હરતી તલાશે યાર મેં આયે' તે આ.

આવું સર્જન કોઈ વાતે સ્થાનિક નથી. એને સ્થાનિક મુખવટો વાસ્તવમાં છે જ નહિ. કોઈ એક દેશ, જાતિ કે વ્યક્તિની એ થાપણ નથી,—પછી એ શાહ લતીફની ગાએલી હીર–રાંઝાની વ્યથા હોય કે કવિ મકરન્દે ગાએલી શેણી–વિજાણુંદની વેદના હોય. એ તો સંસાર આખાની પૂંજી છે. સમસ્ત માનવ-કુળની કમાણી છે.

*

ઢાલની બીજી બાજુ પણ છે. થોડા અરસા અગાઉ એક રામકૃષ્ણ–ભક્ત ફ્રેન્ચ વિદૂષી બહેને વાતચીત દરમ્યાન મને કહેલું કે ફ્રાન્સમાં રોમે રોલાં જેવા સર્જક આજે out of date ગણાવા લાગ્યા છે; આજની પ્રજાના ચોક્કસ વર્ગને એ અકળઅગમ લાગે છે ને અપીલ નથી કરતા! યીટ્સ, બ્લેઈક કે આપણા ગુરુદેવ ટાગોરની જેમ રોલાં કંઈક અંશે mystic છે, અથવા કહો કે વિટમન કે આપણા શરદબાબુની જેમ life-forceને ફ્રેન્સ કરનારા.

પણ સંસારને ને તેની પ્રજાઓને હલમલાવનારી સર્જનસામગ્રી જો કે કાળેકાળે કરીને બદલાતી રહેવાની, અને તે મુજબ સર્જકોની themesનો ઝોક (emphasis) પણ ભલે કંઈક અંશે બદલાતો રહેવાનો—છતાં દરેક યુગના સર્જકો અને કલાવંતોને આવી ભવ્ય universal themes મળી જ રહેવાની–જે સંસારની પ્રજાઓને એના તમામ local તત્ત્વને ભુલાવી દઈ હમેશાં universal સપાટી ઉપર રાખીને ઊર્ધ્વગામી કરે.*

કૌસાની, (જિ. આલ્મોરા) **સ્વામી આનંદના**
૬ એપ્રિલ, ૧૯૫૬. આશીર્વાદ

* ફક્ત 'સંસ્કૃતિ' માટે. આ લેખ અગર તેનો કોઈ પણ અંશ કે ભાષાંતર લેખકની લેખી પરવાનગી સિવાય કોઈથી છાપી શકાશે નહિ.

[અનુસંધાન પૃ. ૩૧૭થી]

ફગાવી દેવાના ઉત્સાહમાં વાર્તાકથાનકને પણ કંઈક સ્થાન છે એ નવા લેખકોએ પિછાણ્યું નથી અને તેને લીધે ક્વચિત્ તેમની કેટલીક વાર્તાઓમાં રૂક્ષતા દેખાય છે. કથાનકના ચોકઠાને વધારે પડતું સ્થાન આપવું ન જોઈએ એ સમજાય છે, પણ તેના યોગ્ય સ્થાનને પણ માન્ય ન કરવું એ અતિરેક છે. કોઈ કોઈ વાર પાત્રના અંતરંગને આલેખતી વખતે તેને પીંજી પીંજીને વાચકની સામે ધરવાનો તેઓ પ્રયત્ન કરે છે તેને લીધે તે પાત્ર વાર્તાનો એક ભાગ ન રહેતાં સ્વતંત્ર માનસશાસ્ત્રીય અભ્યાસનો વિષય બને છે. આ અતિરેક પણ છોડવો જોઈએ. જૂની પેઢીના ખભા ઉપર નવી પેઢી ખડી થાય છે અને જૂની પેઢીના કરતાં તેનો દૃષ્ટિકોણ વિશાળ થાય છે એ ભૂલીને 'નવી વાર્તા જૂની વાર્તાના કરતાં કેટલીયે વધારે સંપન્ન અને શ્રેષ્ઠ કોટિની છે,' 'મરાઠીમાં ટૂંકી વાર્તાનો ખરો આરંભ નવી વાર્તાથી થયો,' આ જાતની આત્મશ્લાઘા કરવાની પ્રવૃત્તિ નવા વાર્તાલેખકોમાં ક્વચિત્ દેખા દે છે તે પણ તેમણે છોડી દેવી જોઈએ. જૂના વાર્તાલેખકોએ પોતપોતાની રીતે વાર્તાના ક્ષેત્રને સજાવ્યું. અનેક નવી વિશિષ્ટતાઓનો ઉમેરો તેમણે વાર્તાઓમાં કર્યો. નવા વાર્તાલેખકો હવે તેમની આગળનું ડગલું ભરે એ ક્રમપ્રાપ્ત જ છે. તેને વિશે ડંફાસ મારવાની જરૂર નથી. જૂની વાર્તામાંના ગુણને જોઈ ને તેમને પચાવી નવા વાર્તાલેખકો આગળનું ડગલું ભરે ત્યારે તેમ કરતી વખતે તેઓ જૂનાનું યોગ્ય ઋણ કૃતજ્ઞતાપૂર્વક સ્વીકારે તો તે વધારે સમજુપણાનું લક્ષણ ગણાશે.

['મહારાષ્ટ્ર સાહિત્ય પરિષદ પત્રિકા'માંથી]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્હીટમેનનો વારસ–કવિ કાર્લ સેન્ડબર્ગ (૧)

—એની કવિતાનું સ્વરૂપ અને વસ્તુ

નિરંજન ભગત

પ્રાસ્તાવિક

અલબત્ત, આપણા યુગનો અમેરિકાનો સર્વશ્રેષ્ઠ કવિ તો રોબર્ટ ફ્રૉસ્ટ છે (અથવા તો હતો એમ હવે પછીના યુગો કહેશે. 'I had a lover 's quarrel with the world ' એમ પોતાની ખાંભી પર લખવાનું કહેનાર એંશીથીયે વધુ વર્ષની વયના આ કવિને આજ લગીમાં સત્તર માનદ ઉપાધિઓ અને ચાર વાર પુલીટ્ઝર પ્રાઈઝ પ્રાપ્ત થયાં છે. એની પંચોતેરમી વર્ષગાંઠ પ્રસંગે અમેરિકન કૉંગ્રેસે એની અમેરિકન જીવન અને સંસ્કૃતિની અપૂર્વ સેવાની નોંધ લીધી ત્યારે રાષ્ટ્રનું અદ્વિતીય બહુમાન પામ્યો અને આરંભમાં અપવાદરૂપ ઉપેક્ષા પછી વર્ષોથી પ્રજાનું સન્માન તો એવું પામ્યો છે કે હમણાં જ બોસ્ટનમાં કાવ્યવાચન કર્યું ત્યારે સભામાં પાંચ હજારનું શ્રોતૃવૃન્દ હતું અને ત્યાર પછી શીકાગોમાં કાવ્યવાચન કર્યું ત્યારે 'પોએટ્રી ' માસિકને આર્થિક ઘાતમાંથી ઉગાર્યું હતું. વિવેચકોને ફ્રૉસ્ટ વર્ડ્ઝવર્થથી ઓછો નીરસ ને હોરેસથી વધુ નીડર લાગ્યો છે. પણ આવાં આવાં કારણોથી, કવિઓને નંબરોથી નવાજીને કે એમને વિષે ભવિષ્યવાણી ભાખીને વિવેચનની સાર્થકતા કે કોઈ પણ કવિની મહત્તા ભાગ્યે જ સિદ્ધ થાય. કવિની મહત્તા સિદ્ધ કરવાનું એક માત્ર સાધન તે કવિની કવિતા; અને ફ્રૉસ્ટની કવિતામાં મહત્તા છે એ હવે પછીના લેખમાં વિચારશું. સેન્ડબર્ગ પરના લેખમાં આમ આરંભે જ ફ્રૉસ્ટનું સ્મરણ થાય એ સહજ અને સ્વાભાવિક છે. એક અમેરિકન અઠવાડિકે (આમ તો જગપ્રસિદ્ધ છે પણ આવા લેખમાં એનું નામ ન લેવાય એવી એની આબરૂ છે છતાં કાનમાં કહેવાય કે TIME) મેનહેટ્ટનમાં વાલ્ડોર્ફ–એસ્ટોરીઆમાં ક્લાસિક્સ તરીકે કદાચ ચિરકાલ જીવી જાય એવા ગ્રંથો રચવા માટે 'લિમિટેડ એડીશન્સ ક્લબ ' તરફથી ફ્રૉસ્ટ અને સેન્ડબર્ગ–તથા અન્ય આઠ લેખકોને પારિતોષિક અર્પણ થયાં તે પ્રસંગે આ બન્ને કવિની ભેગી છબી છાપતાં લખ્યું હતું: 'Looking more than ever like blood brothers. ' બન્નેની મુખાકૃતિ એવી છે કે એકનું નામ લેતાં બીજાનું સ્મરણ સહેજે થાય. આ બન્ને કવિઓ નોબેલ પ્રાઈઝના અધિકારી છે એટલે એમના આશકો માટે રસિક મૂંઝવણનો પ્રશ્ન એ છે કે પહેલું કોને મળશે. સંભવ છે કે પહેલું સેન્ડબર્ગને મળશે અને સકારણ પહેલું મળશે, કવિ લેખે ફ્રૉસ્ટ સેન્ડબર્ગથી વધુ મહાન હોવા છતાં. ફ્રૉસ્ટમાં બુદ્ધિનો વૈભવ છે, સેન્ડબર્ગમાં લાગણીની સમૃદ્ધિ છે. ફ્રૉસ્ટ એકાંતવાસી અમીર છે, સેન્ડબર્ગ આમજનતાનો આશક છે. ફ્રૉસ્ટમાં સૌંદર્યસુલભ લાઘવ છે, સેન્ડબર્ગમાં પ્રેમસુલભ વિસ્તાર છે. બન્નેને વસ્તુ અને વાસ્તવ પ્રત્યે પ્રીતિ છે. ફ્રૉસ્ટને વસ્તુ અને વાસ્તવ તથા બહુ બહુ તો એમના રહસ્યની, આધ્યાત્મિક અંશોની ઝાંખીથી સંતોષ છે. એ કહે છે: 'The fact is the sweetest dream that labor knows ' અને 'We love the things we love for what they are. ' સેન્ડબર્ગને વસ્તુ અને વાસ્તવથી પર અને પારના રહસ્યમાં વિશેષ રસ છે. વસ્તુ અને વાસ્તવની ભૂમિ ફ્રૉસ્ટને માટે નિત્યનિવાસનું સ્થળ છે, સેન્ડબર્ગને માટે અવકાશમાં અવગાહન કરવા માટે પાંખ પસારતાં પહેલાં પાય ટેકવવાનો સહારો છે. સેન્ડબર્ગ વારંવાર અને વિશેષ તો એનાં પાછલાં કાવ્યોમાં પૂર્વજો પાસેથી પરંપરાગત વારસામાં મળેલી, લોહીમાં ભળેલી રોમેન્ટિક રહસ્યમયતામાં રાચે છે. આમ, ફ્રૉસ્ટ અને સેન્ડબર્ગ પરસ્પર પ્રતિકાર અને પૂર્તિ કરે છે. છેલ્લી અરધી સદીની અમેરિકન કવિતાની સિદ્ધિનો આંક કાઢવો હોય તો આ બે કવિની કવિતાના સહવાચનથી સહેલાઈથી કાઢી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકાય. અલબત્ત, પાઉન્ડ અને એલિયટની કાવતાનો પરિચય પણ એટલો જ અનિવાર્ય છે. પણ ફ્રોસ્ટ અને સેન્ડબર્ગની પ્રેરણા અમેરિકામાં છે જ્યારે પાઉન્ડ અને એલિયટની યુરોપ–એશીઆમાં.

'પોએટ્રી' માસિકની સ્થાપના

૫૪૩, કાસ સ્ટ્રીટ, શીકાગો, ઈલીનોય નામના અજાણ્યા સ્થળે ૧૯૧૨ના ઑક્ટોબરમાં અચાનક જ એક ઐતિહાસિક ઘટના બની. મીસ હેરીએટ મન્રોએ 'પોએટ્રી–એ મેગેઝીન ઑફ વર્સ'ની સ્થાપના કરી. એણે પ્રથમ અંકના તંત્રી-લેખમાં માસિકનો હેતુ સમજાવતાં લખ્યું: 'Poetry alone, of all fine arts, has been left to shift for herself in a world unaware of its immediate and desperate need of her... The present venture is a modest effort to give to poetry her own place, her own voice.' વળી એની અનિવાર્યતા સમજાવતાં એણે લખ્યું: 'The popular magazines can afford her but scant courtesy–a Cinderella corner in the ashes – because they seek a large public which is not hers, a public which buys them not for their verse but for their stories, pictures, journalism, rarely for their literature even in prose... We believe that there is a public for poetry and that it will grow, and that as it becomes more numerous and more appreciative, the work produced in this art will grow in power, in beauty, in significance.' અને પાછલા પૂઠા પર રસિકજનોની અપેક્ષા કરતું વ્હીટમેનનું એક અત્યંત સૂચક વાક્ય છાપ્યું: "To have great poets, there must be great audiences too." (જે હમણાંથી અદશ્ય થઈ ગયું છે! કારણ રેન્ડોલ જારેલનો આક્ષેપ છે એ પ્રમાણે રસિકજનો જ અદશ્ય થઈ ગયા છે?–જે ૧૯૫૫માં માસિકની ગ્રાહક-સંખ્યાએ પુરવાર કરી આપ્યું છે.) 'કળા લેખે, સત્ય અને સૌંદર્યની સર્વશ્રેષ્ઠ અને સંપૂર્ણ અભિવ્યક્તિ લેખે કવિતા' ('poetry as an art, as the highest and the most complete human expression of truth and beauty')નો પુરસ્કાર અને પ્રતિષ્ઠા કરતું આ માસિક હજુ પણ પ્રગટ થાય છે. એ અમેરિકામાં કવિતાની પ્રવૃત્તિ કેવી પ્રાણવાન છે એનો પુરાવો છે. જગતના ઇતિહાસમાં ભાગ્યે જ કોઈ માસિકે કવિતાની આવી અપૂર્વ અને અખંડ સેવા કરી હશે. આ માસિકની સ્થાપનાથી અમેરિકન કવિતામાં નવા ચૈતન્યનો સંચાર થયો અને શીકાગો અમેરિકાના બૌદ્ધિકજગતનું પાટનગર બન્યું. આધુનિક અમેરિકાના લગભગ એકેએક પ્રૌઢ કવિની પ્રથમ રચના પ્રગટ કરવાનું સદ્ભાગ્ય આ માસિકને સાંપડ્યું છે. મીડલ વેસ્ટર્ન એવી મન્રોએ મીડલ વેસ્ટના ત્રણ કવિઓ આ માસિક દ્વારા અમેરિકાને અર્પણ કર્યા:–એડ્ગર લી માસ્ટર્સ, વાકેલ લીન્ડસે અને કાર્લ સેન્ડબર્ગ.

સેન્ડબર્ગની કવિતાનું સ્વરૂપ

'પોએટ્રી'ના ૧૯૧૪ના માર્ચ અંકમાં સેન્ડબર્ગનું 'શીકાગો' પ્રગટ થયું અને કવિતાની 'નૂતન સૃષ્ટિ'નું અમેરિકાને દર્શન થયું. આધુનિક કવિતા અને સેન્ડબર્ગ એકમેકના પર્યાય બની ગયા. વચમાં ચાર દશકાના વિરામ અને વાણીચાપલ્ય પછી વ્હીટમેનનો નવો અવતાર થયો, વ્હીટમેનની વાણીનો વધુ વિકસિત સ્વરૂપમાં પુનરુચ્ચાર થયો. પ્રજા સમસ્તની વાણીરૂપ કવિતાને ઉચિત એવી અમેરિકન ભાષા વિષે વ્હીટમેને વારંવાર એના ગદ્યમાં જે વિચાર વ્યક્ત કર્યો હતો અને એના 'લીવ્ઝ ઑફ ગ્રાસ'ના પદ્યમાં જે ભવ્ય પ્રયોગ કર્યો હતો એના સદ્અંશો સેન્ડબર્ગે જાણે કે એના આ એક જ કાવ્યમાં અને એના આ પ્રથમ જ પ્રૌઢ કાવ્યમાં આત્મસાત્ કર્યા ન હોય! વ્હીટમેને 'સ્લેન્ગ ઇન અમેરિકા' નામના લેખમાં અમેરિકન ભાષા વિષેનો પોતાનો અભિપ્રાય આપ્યો હતો: 'that language is not an abstract construction of the learned, or of dictionary makers but is something arising out of the work, needs, ties, joys, affections, tastes of long generations of humanity and has its bases broad and low, close to the ground. Its final decisions are made by the masses, people nearest the concrete, having most to do with

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

the actual land and sea.' સમકાલીનોની કવિતાની ભાષા વિષે એણે અસંતોષ વ્યક્ત કર્યો હતો: 'words are magic—limber, lasting, fierce words. Do you suppose the liberties and the brawn of these states have to do only with delicate lady-words ? with gloved gentleman-words ? અને 'એન અમેરિકન પ્રાયમર'માં પોતાના પ્રયોગ વિષે લખતાં સેન્ડબર્ગના આગમનનાં એંધાણ આપ્યાં હતાં: 'It is an attempt to give the spirit, the body and the man, new words, new potentialities of speech, an American, a cosmopolitan (for the best of America is the best cosmopolitanism) range of self-expression. The Americans are going to be the most fluent and melodious voiced people in the world–the most perfect users of words. The new times, the new people, the new vista need a tongue according—yes, and what is more they will have such a tongue.' વ્હીટમેનના આત્માનો આ અજંપો હતો કે આવી વાણીનો આવિર્ભાવ થશે જ અને સેન્ડબર્ગના 'શીકાગો'માં એ વાણીનો આખરે અવતાર થયો. જાણે કે સેન્ડબર્ગ એટલે નવજન્મ પામેલો વ્હીટમેન. વ્હીટમેન પોતાનું અધૂરું રહેલું કાર્ય પૂરું કરવા જ જાણે કે સેન્ડબર્ગનું નામ ધારણ કરીને ધરતી પર ફરીને જન્મ્યો ન હોય !

સેન્ડબર્ગનો જન્મ પ્રજાના પ્રતિનિધિ અને પ્રતીક સમાન લીંકનની સ્મૃતિથી સભર એવા ઈલીનોયના ગેઈલ્સબર્ગ નામના પ્રેઈરીથી ઘેરાયેલા નાનકડા ગામમાં ૧૮૭૮ના જાન્યુઆરીની છઠ્ઠીએ થયો હતો. એના પૂર્વજો સ્વીડીશ હતા એથી પાછળથી એની કવિતામાં પ્રગટેલી રોમેન્ટિક રહસ્યમયતા એને વડવાઓ પાસેથી વારસામાં પ્રાપ્ત થઈ હતી. એના પિતા રેલ્વેમાં લુહારીકામે રોકાયા હતા. ગેઈલ્સબર્ગમાં વસવાટ કરતા ૧૯મી સદીના આગંતુક સ્વીડીશ લોકોએ એમનું સામાન્ય સ્વીડીશ નામ 'જ્હોનસન' તજી દીધું અને સેન્ડબર્ગ નામ ધારણ કર્યું. જો કે સેન્ડબર્ગ જેવા અસામાન્ય નામને બદલે જ્હોનસન જેવા સામાન્ય નામે જગત સમક્ષ પ્રગટ થવું આ આમજનતાના આશક કવિને કદાચને વધુ પસંદ પડ્યું હોત ! એનું શિક્ષણ અસ્તવ્યસ્ત હતું. 'શીકાગો' કાવ્ય રચાયું તે પહેલાં સેન્ડબર્ગ લોકોમાં એકરસ અને ઓતપ્રોત બની ગયો હતો, લોકોમાં એકાકાર બની ગયો હતો, એમનામાંનો જ એક બની ગયો હતો. વ્હીટમેને તો માત્ર ગાયું જ હતું 'I am large, I contain multitudes.' પણ સેન્ડબર્ગે તો એ વાક્યને પ્રત્યક્ષ અનુભવ્યું હતું. સેન્ડબર્ગ એ વાક્ય જીવી ગયો હતો. 'I am the people–the mob–the crowd–the mass' કાવ્યનો શબ્દે શબ્દ પ્રત્યેક શ્વાસમાં અને લોહીના પ્રત્યેક બુંદમાંથી બોલાયો છે. આ કાવ્યમાંથી જ સેન્ડબર્ગનો છેલ્લો સંગ્રહ 'ધ પીપલ, યસ' વિકસ્યો અને વિસ્તર્યો છે. તેર વર્ષની વયે દુગ્ધાલયમાં અને ત્યાર પછી છ વર્ષમાં એક પછી એક સલૂનમાં, નાટકઘરમાં, ઈંટવાડામાં, કેનવેર અને ઓમાહાની હોટલોમાં, કેન્સાસનાં ખેતરોમાં અને મુદ્રણાલયમાં મહેનતમજૂરીનો અનુભવ એણે લીધો. ૧૮૯૮માં આઠેક મહિના સ્પેન સામેના યુદ્ધમાં કંપની સી, છઠ્ઠી ઈલીનોય વોલન્ટીઅર્સ ઈન્ફન્ટ્રીમાં સાહસપ્રિય સેન્ડબર્ગે સૈનિક તરીકે સેવાઓ અર્પણ કરી. આ સમયમાં એણે ખૂબ પ્રવાસ પણ કર્યો. અહીં જ લોમ્બાર્ડ કોલેજના એક વિદ્યાર્થીના આગ્રહથી પોર્ટોરીકોથી પાછા ફરીને ગેઈલ્સબર્ગની આ કોલેજમાં અભ્યાસ આરંભ્યો. કોલેજકાળમાં બાસ્કેટબોલ ટીમનું સુકાન અને કોલેજપત્રનું તંત્રીપદ સંભાળ્યું. ગણિત અને વ્યાકરણમાં નાપાસ થયો અને બે જ અઠવાડિયામાં આ પ્રયોગનો અંત આવ્યો. કોલેજમાંથી મુક્તિ મેળવીને આજીવિકા માટે શિક્ષક, બેલરીન્ગર, જેનીટર, સ્ટીરીઓપ્ટીકન સ્લાઈડ્ઝનો સેલ્સમેન વગેરે અનેક ભવાઈ ભજવી. ડિપાર્ટમેન્ટ સ્ટોરની જાહેરખબરો ચીતરી ને મીલવોકીમાં પત્રકાર થયો. સમાજવાદી વીક્ટર બર્જરના 'મીલવોકી લીડર'નો ખબરપત્રી થયો. સોશીઅલ ડેમોક્રેટીક નગરપતિ એમીલ સીડેલનો મંત્રી થયો. સેન્ડબર્ગની કલ્પના અને શૈલી વાસ્તવિક હોવા છતાં પ્રજામાં એની અદમ્ય અને અગમ્ય શ્રદ્ધા રૂપે જે ક્રીસ્ટીઅન સોશીઆલીઝમનો રહસ્યવાદ પ્રગટ થાય છે તેનો આ મંત્રીપદના સમયમાં પ્રત્યક્ષ પરિચય કર્યો. વીન્સકોન્સીનની સોશીઅલ ડેમોક્રેટીક પાર્ટીનું સંચાલન કર્યું: ૧૯૦૮માં મજૂરોના પ્રશ્નો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રારબ્ધમાં સક્રિય રસ લેતી લીલીઅન સ્ટાઈશેન સાથે લગ્ન કર્યું. ૧૯૧૨માં બન્નેએ શીકાગોમાં વસવાટ કર્યો. 'ડેઈલી ન્યૂઝ' વગેરે પત્રોના તંત્રીવિભાગમાં સેન્ડબર્ગે વ્યવસાયી પત્રકાર તરીકે કામ કર્યું અને વ્હીટમેનની જેમ છાપાઓમાં અગ્રલેખો ચીતર્યાં. વ્હીટમેન અને સેન્ડબર્ગ આ બન્ને કવિબંધુઓની કવિતાની ખૂબીઓ અને ખામીઓ આ ખાસ અમેરિકન પ્રકારના 'તંત્રીલેખો'ના સાહિત્યના અનુભવને પણ આભારી છે. કોઈ આધુનિક નગરીના પ્રસિદ્ધ વર્તમાનપત્રની સીટી-ડેસ્ક પર જે ગતિથી ટેલીટાઈપ સમાચાર ઠાલવે છે એ જ ગતિથી સેન્ડબર્ગની કવિતા સંવેદનોની અભિવ્યક્તિ અને સંક્રાંતિ કરે છે. બોલચાલની ભાષાનો લય-લહેકો, સજીવતા, સાહજિકતા, તત્કાલ અસરકારકતા અને અદ્‌ભુત વાગ્મિતા વગેરેની દૃષ્ટિએ સેન્ડબર્ગનાં કાવ્યોને 'લઘુ તંત્રીલેખો' કહી શકાય. સેન્ડબર્ગની એક કુશળ ખબરપત્રીની નિરીક્ષણશક્તિને કારણે સામાજિક અનિષ્ટોની કડક ટીકા, વ્યગ્રતા, વેધકતા, કટાક્ષ અને કરુણતા વગેરેની દૃષ્ટિએ એનાં કાવ્યોને 'મિતાક્ષરી માનવરસની કથાઓ' પણ કહી શકાય. આમ, લગભગ દોઢ દશકો 'શીકાગો' કાવ્ય લખવાની લાયકાત મેળવી. સામાન્ય લોકોના અનુભવો, વિચારો, લાગણીઓ, સ્વપ્નો વગેરે પોતાની કૃતિઓમાં એકત્રિત કરનાર બહુરૂપી સેન્ડબર્ગે કવિ થવાની તાલીમ પૂરી કરી. વચમાં ૧૯૦૪માં એણે એના અધ્યાપકની સહાયથી 'ઈન રેકલેસ એક્સ્ટસી' નામનું બાવીસ કાવ્યોનું એક પતાકડું પોતાને હિસાબે ને જોખમે છપાવ્યું હતું. એમાંનાં કાવ્યો મુખ્યત્વે અનુસર્જનો અને પરંપરાગત સપ્રાસ રચનાઓનાં અનુકરણો હતાં. એનો બહુ પ્રચાર ન થયો એનું સેન્ડબર્ગને સુખ હતું. પણ ભવિષ્યની એની કવિતાના આછા અણસાર જેવાં કેટલાંક કાવ્યો કે કાવ્યખંડો એમાં રચ્યાનો એને રંજ ન હતો. સેન્ડબર્ગની કવિતાની પ્રૌઢિનો, એનાં સ્વરૂપ અને વસ્તુનો પ્રથમ પરિચય આ અધકચરાં અને આરંભનાં કાવ્યોમાં પણ પામી શકાય છે: 'I glory in this world of men and women, torn with troubles and lost in sorrow, yet living on to love and laugh and play through it all. My eyes range with pleasure over flowers, prairies, woods, grass and running water, and the sea and the sky and the cloud.' 'સ્મોક ઍન્ડ સ્ટીલ' (૧૯૨૦)માં જેનું તીવ્ર સ્વરૂપ છે તે લય-લહેકો 'મીલવીલ' (૧૯૦૩)માં પણ છે: 'Down in southern New Jersey they make glass. By day and by night, the fires burn on, in Milville and bid the sand let in the light.'

૧૯૧૪માં સેન્ડબર્ગનું 'મુક્ત છંદ' (free verse)માં રચેલું એક કાવ્યજૂથ એના મિત્ર એલિસ કોરબીનના પ્રોત્સાહનથી 'પોએટ્રી'માં પ્રગટ થયું. એ જ વર્ષે એમાંના એક કાવ્યને, જગપ્રસિદ્ધ 'શીકાગો'ને (કદાચને કાવ્યને શીકાગોમાંથી જ પ્રગટ થતા 'પોએટ્રી'માં સ્થાન મળ્યું હતું અને શીકાગોને એ કાવ્યમાં સન્માન મળ્યું હતું એથી) બસો ડોલરનું 'લેવીન્સન પ્રાઈઝ' મળ્યું. ૧૯૧૬માં સેન્ડબર્ગનો પ્રૌઢિને પામેલો પ્રથમ સંગ્રહ 'શીકાગો પોએમ્સ' પ્રગટ થયો અને વિરોધનો વંટોળ જાગ્યો. જે અમેરિકામાં હજુ વ્હીટમેનનો પણ આદર નહોતો થયો એ અમેરિકામાં આમ બને એની નવાઈ જ ન હોય ને! આ કાવ્યોમાં જેને પ્રચલિત અર્થમાં અકાવ્ય (બાકી તો વિશ્વમાં કશું જ અકાવ્ય નથી, કમમાં કમ કવિની કલ્પના તો એવું કબૂલે છે) કહે છે તેનો આદર અને આવકાર થયો હતો. એમનું સ્વરૂપ અને વસ્તુ બન્ને અપરિચિત, અસહ્ય અને આઘાતજનક હતાં. એમની ભાષા 'કવિ'ના મુખમાંથી નહીં પણ પ્રજાના મુખમાંથી વહી હતી. એમાં વ્યક્ત થતું જીવન પણ પ્રચલિત અર્થમાં અકાવ્યમય હતું. સૃષ્ટિના સમગ્ર અકાવ્યનો જાણે કે એમાં સરવાળો થયો હતો. આથી સેન્ડબર્ગને હૃદયહીન, નિર્દય, નિષ્ઠુર અને કઠોર કહ્યો. એની કવિતાને વિરૂપ અને વિકૃત કહી. એની ભાષાને અસંસ્કારી, અણઘડ અને કવિતાને માટે નાલાયક કહી ('ડાયલ' જેવા માસિકનું પણ દુર્ભાગ્યે આ દૃષ્ટિબિંદુ હતું). અંગ્રેજી ભાષા પર અત્યાચાર કર્યાનો, એમાં અંધાધૂંધી ફેલાવ્યાનો તથા ગદ્ય અને પદ્યનાં સ્વરૂપ અને વસ્તુ વચ્ચેનો ભેદ ન પામ્યાનો આરોપ સેન્ડબર્ગ પર મુકાયો. પણ વિરોધીઓ એ વાત વીસરી ગયા કે જગતમાં હજુય જીવતી હૃદયહીનતા, નિર્દયતા, નિષ્ઠુરતા અને કઠોરતાને પડકારવા પૂરતો જ સેન્ડબર્ગ હૃદયહીન, નિર્દય, નિષ્ઠુર અને કઠોર હતો. બાકી એની પડખે મૃદુ, સ્નિગ્ધ,

[સંસ્કૃતિ, ઑગસ્ટ '૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોમળ સુકુમાર કવિ છુપાઈ રહ્યો છે. ‘ શીકાગો ’માં જરૂર શીન્જનો વિચાર (‘ It may almost be said that before verse can be human again it must learn to be brutal. ’) જાણે કે આચરણમાં મુકાયો છે. પણ ‘ શીકાગો ’ના કવિએ જ ‘ કુલ ટુમ્બ્ઝ, ’ ‘ ગ્રાસ ’ અને ‘ ફોગ ’ જેવાં અત્યંત વેધક, કરુણ, સ્વસ્થ અને શાંત કાવ્યો રચ્યાં છે. એક નહીં પણ બે સેન્ડબર્ગ છે. માંસલ, મુક્કાબાજ લડવૈયો સેન્ડબર્ગ, જે શેરીનું સંતાન છે અને કોમળ, કરુણ, અસ્પષ્ટ ધુમ્મસની ધૂંધળીમાં છુપાતો છાયાચિત્રકાર સેન્ડબર્ગ, જે એકાંતમાં એકાકિલો છે. આ બન્ને સેન્ડબર્ગ પરસ્પર પૂર્તિ કરે છે, પ્રતિકાર નહીં. એક પછી એક એમ વારાફરતી અને ક્યારેક એક સાથે આ બન્ને સેન્ડબર્ગ પાસેથી કવિતા પ્રગટ થાય છે. સેન્ડબર્ગની વાણી અત્યંત અનલંકૃત અને સાદી છતાં તેજસ્વી અને વીર્યવાન છે. અકાવ્ય લેખે વર્ણવાતી અને વગોવાતી સામગ્રી અને શબ્દાવલિ, અમેરિકાની પ્રચલિત ભાષાની, બોલચાલની ભાષાની સજીવન ભંગીઓ, એની છટાઓ, એની લઢણો, એનો લય-લહેકો, નિગ્રોની જીવનફિલસૂફી અને એને વ્યક્ત કરતું જાઝ સંગીત વગેરે તત્ત્વો કાવ્યમાં દાખલ કરીને મીડલ વેસ્ટના ત્રણ કવિઓમાંથી એક માત્ર સેન્ડબર્ગે જ કવિતામાં નવો પ્રાણ પૂર્યો. અમેરિકન શબ્દોનો, અમેરિકાના વિવિધ પ્રદેશોમાં વસતી વિવિધ પ્રજાઓનાં વિશિષ્ટ રૂપકોથી માંડીને રસ્તે ચાલતા જનસામાન્યની બોલચાલની ભાષાના તળપદા શબ્દો(Slangs)નો, નિઃસંકોચ અને નીડર છતાં સુંદર અને સફળ ઉપયોગ કરીને સેન્ડબર્ગ વ્હીટમેનના વારસાનો અધિકારી બન્યો. (આધુનિક અમેરિકાના સૌથી વધુ કટુકઠોર કાવ્ય ‘ ટુ એ કન્ટેમ્પરરી બન્કશુટર ’માં તળપદા શબ્દોનાં અનેક ઉદાહરણો છે.) વ્હીટમેનના કવિતાની ભાષાના આદર્શ ભણી વ્હીટમેનથી પણ એક ડગલું આગળ વધ્યો. વ્હીટમેનના સ્વપ્નને જાણે કે સેન્ડબર્ગે સિદ્ધ કર્યું. આ કાવ્યોમાં સેન્ડબર્ગ વ્હીટમેનના શબ્દોમાં ‘ limber, lasting, fierce words ’ના ઉપયોગ દ્વારા વ્હીટમેનની આદર્શ વાણીના આત્માનો આવિષ્કાર માંગતો હતો, માત્ર વ્હીટમેનની વાણીના પડઘા જ નહોતો પાડતો. વ્હીટમેનના સુપ્રસિદ્ધ દોષો (જે હવે તો ઘાવણા વિવેચકો પણ વીણી શકે છે) એણે દૂર રાખ્યા છે. (એનો અર્થ એ નથી કે સેન્ડબર્ગમાં એના મૌલિક દોષો નથી, છે જ વળી; અને કયા કવિમાં નથી ?) કરુણગંભીર એવી કાવ્યસામગ્રીને એણે ઉપહાસી નથી, ઉપસાવી છે. (ઉદાહરણ ‘ કુલ ટુમ્બ્ઝ ’). સેન્ડબર્ગની કવિતાનું સ્વરૂપ (રૂપહીન હોવા છતાં એની કવિતાને સ્વ-રૂપ છે) પ્રાસહીન પણ વાગ્મિતાપ્રચુર પ્રવાહી પદ્યનું છે. ગદ્યની અત્યંત સમીપનું છે. એની પંક્તિઓમાં જ્યારે જ્યારે અમુક ચોક્કસ લયનાં ઘટકોનાં અનેક આવર્તનો થાય છે ત્યારે ત્યારે એમાં વધુમાં વધુ ત્રણ કે ચાર સ્વરભાર હોય છે, એથી વધુ હોય છે ત્યાં સ્વાભાવિક જ એનું પદ્ય ગદ્યમાં પલટાઈ જાય છે. આમ, એની રચનાઓમાં પરંપરાગત સ્વરૂપોનો અભાવ છે, એટલે ફ્રોસ્ટની રચનાઓની જેમ એની રચનાઓનું સંગીત નહીં પણ માત્ર એમનો મિજાજ સ્મૃતિમાં સંઘરવો શક્ય છે. એના ૬૭૬ પાનાંના ‘ કલેક્ટેડ પોએમ્સ ’માં પહેલા પાના પરના પહેલા કાવ્ય ‘ શીકાગો ’-થી માંડીને છેલ્લા પાના પરના છેલ્લા કાવ્ય ‘ એનીવ્હેર ઍન્ડ એવરીવ્હેર પીપલ ’ લગી જગતસાહિત્યમાં એક અને અદ્વિતીય એવું સ્વરૂપહીનતાનું ભવ્ય સ્મારક રચાયું છે. સ્વરૂપની સાથે સેન્ડબર્ગને આજન્મ વેર છે. ‘ મુક્ત છંદ ’ પરનાં એમી લોવેલનાં વ્યાખ્યાનોના યુગમાં શ્રોતૃવૃન્દે ઉત્સાહપૂર્વક જે મુક્ત છંદ પુનર્જીવિત અને પ્રચલિત કર્યો હતો તેનો કદાચને સેન્ડબર્ગ છેલ્લો સાહસિક અને સફળ પુરસ્કર્તા હતો. સેન્ડબર્ગ અને અમેરિકન ભાષાને એક સાથે જુવાની ફૂટી હતી. પ્રતિજ્ઞા અને નિષ્ઠાપૂર્વક એ જીવનભર ‘ મુક્ત છંદ ’ને વિના-અપવાદ વળગી રહ્યો છે (થોડાક અપવાદ–‘ ઓ કૅપ્ટન, માય કૅપ્ટન ’ જેવા–તો વ્હીટમેને પણ વધાવ્યા હતા). ‘ કલેક્ટેડ પોએમ્સ ’ની ૧૯૪૨ની આવૃત્તિની પ્રસ્તાવનામાં એણે ‘ મુક્ત છંદ ’નો બુલંદ બચાવ કર્યો છે. વળી એ વિષે એણે એક ઉગ્ર પ્રશ્ન પણ પૂછ્યો છે : ‘ Has not the square stood up and publicly called the circle a son of a bitch because of animosities induced by the inevitable mutual contradictions of forms ? ’ આના સંદર્ભમાં લેમ્બાર્ડ કૉલેજમાં સેન્ડબર્ગ ગણિત અને વ્યાકરણના વિષયમાં નાપાસ થયો હતો–જોડણી, ભૂગોળ અને ઇતિહાસના વિષયમાં પાસ થયો હતો—એ વાત વીસરી જવા જેવી નથી. પચાસ વર્ષ પછી એણે ‘ કલેક્ટેડ પોએમ્સ ’ની પ્રસ્તાવના (જેનું શીર્ષક પણ સૂચક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે 'નોટ્સ ફોર એ પ્રેફેસ')માં લખ્યું : 'I am still studying verbs and the mystery of how they connect nouns...I am more suspicious of adjectives than at any other time in my born days.' સેન્ડબર્ગે એની પ્રથમ કૃતિઓ છાપાના ખબરપત્રોની રીતે રદ્દી કોપીપેપર પર ફાજલ સમયમાં છૂટક છૂટક રચી હતી. 'ગુડ મૉર્નીંગ, અમેરિકા' નામના સંગ્રહમાં આરંભે એણે કવિતાની આડત્રીસ કામચલાઉ વ્યાખ્યાઓ આપી છે, એમાં એક આ પ્રમાણે છે : 'Poetry is a report of a nuance between two moments.'

સેન્ડબર્ગની કવિતાનું વસ્તુ

સ્વરૂપનો વિચાર વસ્તુથી નિરપેક્ષ રીતે કદી ન થાય એ વાત વીસરાય છે ત્યારે આવી વિટંબણા અને વિડંબના થાય છે. વીસમી સદીના પશ્ચિમના વિવેચને જો કલાસર્જનનું કોઈ એક મહાન સત્ય તારવ્યું સારવ્યું હોય અને એનું વારંવાર રટણ અને સ્મરણ કર્યું કરાવ્યું હોય તો એ કે સ્વરૂપ અને વસ્તુ અભિન્ન છે. સેન્ડબર્ગની કવિતાના આ વિશિષ્ટ સ્વરૂપની અનિવાર્યતાનું કારણ એની કવિતાનું વિશિષ્ટ વસ્તુ છે. એટલેન્ટિકના કિનારાથી હજાર માઈલ દૂર મધ્ય-અમેરિકાનો એટલે કે મીડ વેસ્ટનો સેન્ડબર્ગ કવિ. એનું વાતાવરણ વ્યક્ત કરવાનો સેન્ડબર્ગનો કવિધર્મ. શીકાગો શહેર, સૂર્યના તેજથી લીંપાયેલો પ્રેરીની પ્રદેશ અને એની પ્રજાની પ્રશસ્તિ એ એનું કાવ્યવસ્તુ. એના એકેએક સંગ્રહનું શીર્ષક આ પ્રદેશ અને પ્રજાનું જ સૂચન કરે છે. વ્હીટમેન જે પ્રજાને માત્ર કલ્પનાથી જ સહજ રીતે સમજ્યો હતો અને જે પ્રદેશને નજરે નિહાળ્યા વિના જ નિરૂપ્યો હતો તે પ્રજાને અને પ્રદેશને સેન્ડબર્ગે આત્મસાત્ કર્યાં હતાં. એની સાથે એ ઓતપ્રોત, એકરસ અને એકાકાર થયો હતો. એની સાથેના તાદાત્મ્ય અને તન્મયતાને કારણે તો એ કવિ કહી શક્યો : 'I am the people...' (આ લઘુકદનું કાવ્ય સેન્ડબર્ગના રસાત્મક વિશ્વના કેન્દ્ર-સ્થાને વિરાજે છે. આધુનિક અમેરિકાના એક ગૌરવગ્રંથ જેવો, એને અપૂર્વ અંજલિ જેવો, એની પ્રજાની પ્રશસ્તિ જેવો સેન્ડબર્ગનો સારોયે છેલ્લો સંગ્રહ 'ધ પીપલ, યસ' જાણે કે આ એક લઘુકદના કાવ્યમાંથી વિકસ્યો વિસ્તર્યો ન હોય !) પ્રજાના વિચારો અને લાગણીઓને; આશાઓ, આકાંક્ષાઓ અને અપેક્ષાઓને; ઉપેક્ષાઓ, નિરાશાઓ અને વેદનાઓને; સ્વપ્નો અને મહેચ્છાઓને; યાતનાઓ અને દુઃખોને એણે પૂરી તદ્રૂપતાથી પિછાન્યાં હતાં. એમને વાચા આપવાનું એની વાણીમાં સામર્થ્ય અને સાહસ હતું. અમેરિકાના કૃષિપ્રધાન પ્રદેશનું યંત્રપ્રધાન પ્રદેશમાં પરિવર્તન થતું હતું એની બેહદ બેચેની અનેકની જેમ સેન્ડબર્ગે પણ અનુભવી છે, સંક્રાંતિયુગની અમાનુષિતા અને અધમતા, દુષ્ટતા અને દંભ સામે અનેકની જેમ સેન્ડબર્ગે પણ હૃદયપૂર્વક રોષ ઠાલવ્યો છે. એની કવિતામાં કરુણા અને કટાક્ષનું મિશ્રણ છે, સામાજિક અનિષ્ટોની આકરી અને આખાબોલી સમીક્ષા છે. કોઈનીયે શેહશરમ વિના તડ ને ફડ સાફ સાફ શબ્દોમાં ભૂલકાં જેવી ભોળી પ્રજાના દંભી દુસ્મનોને એણે રોકડું પરખાવ્યું છે. લોક-શત્રુઓ પર એણે વારંવાર લાવાના રસ જેવા ધગધગતા શાપ વરસાવ્યા છે. એની કવિતામાં ખેતરો સ્મિત કરે છે અને શહેરો વિષાદ કરે છે. પણ અંતે સેન્ડબર્ગને અનેકની જેમ આશાનું કિરણ, શ્રદ્ધાનું તત્ત્વ સાંપડયું છે. પ્રજા, હા, પ્રજા (છેલ્લા સંગ્રહનું શીર્ષક 'ધ પીપલ, યસ' આ આશા અને શ્રદ્ધાનો ઉત્કટ ઉદ્ગાર છે) પાસેથી એ જે પામ્યો હતો અને પ્રજામાં એણે જે જોયું-જાણ્યું-માણ્યું પ્રમાણ્યું હતું તેમાં આ આશા અને શ્રદ્ધાની અદ્ભુત અને અસ્ખલિત પ્રેરણા એણે આજીવન અને આકંઠ પીધી છે. એની કવિતામાં પ્રજાની સામુદાયિક સૂઝનો પરિચય થાય છે. એનો અનુભવ વ્હીટમેનથી વધુ વેધક નહીં તો વધુ વ્યાપક તો છે જ. એના એક હાથમાં છે કલમ અને બીજા હાથમાં પ્રજાની નાડ. અમેરિકાના હૃદયની ધબક એણે કાન ધરીને ઝીલી છે. સ્વરૂપ અને વસ્તુની દૃષ્ટિએ એ વ્હીટમેનની પ્રણાલીનો કવિ, વ્હીટમેનનો વારસ છે અને વ્હીટમેનના અનુગામી હોવાનો એને લાભ છે. સેન્ડબર્ગ એટલે વિકસિત વ્હીટમેન. વ્યક્તિત્વ વિનાની વિરાટ જનતા પ્રત્યેનો એનો પ્રેમ અને વ્યક્તિના પ્રારબ્ધ અને સંજોગ વિષેની એની સચિંત સૂઝ વચ્ચેના સંઘર્ષ દ્વારા એની કવિતાની એક વિશિષ્ટ અસર થાય છે. એની કવિતાના વસ્તુમાં વ્યક્ત થતા એના આ જીવનદર્શનમાં સાતત્ય છે. સેન્ડબર્ગના કવિ-જીવનમાં કોઈ તબક્કાઓ કે યુગોને સ્થાન નથી. એ કદી પરિવર્તન ન પામ્યો હોય, આદિથી તે અંત લગી સતત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થિરદૃષ્ટિ રહ્યો હોય એવો કવિ છે. અલબત્ત, ' ગુડ મોર્નીંગ, અમેરિકા 'માં સહેજ સ્વાભાવિક પરિવર્તન થયું છે. એમાં પ્રજાનાં કાવ્યો કરતાં પ્રદેશનાં કાવ્યોનું પ્રમાણ વિશેષ છે. એમાં નિરાશાવાદનો, નશ્વરતાનો આછો ધ્વનિ નીકળે છે. ઝાકળ, ધુમ્મસ, ભસ્મ વગેરે પ્રતીકો પ્રાધાન્ય ભોગવે છે અને તે પણ જ્યારે ૧૯૨૮માં અમેરિકા સમૃદ્ધિનાં સોનેરી સ્વપ્નોના નશામાં ચકચૂર હતું ત્યારે. ત્યારે પ્રજાનો કવિ ચિંતાતુર અને બેચેન બની ગયો હતો. સેન્ડબર્ગમાં અઢળક આશાવાદ હોવા છતાં અમેરિકન જીવનમાં '૩૦ અને '૪૦માં જે કટોકટી અને પડતી આવી પડી એનું એને એક દ્રષ્ટાની જેમ પહેલેથી દર્શન થયું હતું. અમેરિકાના—કે કોઈ પણ દેશના—પ્રદેશ અને એની પ્રજાના અતિનિકટના દર્શનથી કદાચ કોઈનીયે શ્રદ્ધા અલોપ થાય તો નવાઈ નહીં. આખો જન્મારો લોકશાહીનો લલકાર કર્યા પછી પણ અંતે ઉત્તર-જીવનમાં સ્વયં વ્હીટમેન પણ ' ડેમોક્રેટીક વીસ્ટાસ 'માં વહેમમાં પડી ગયો હતો અને માત્ર સ્થૂલ ભૌતિક સમૃદ્ધિથી કોઈ પણ રાષ્ટ્ર મહાન થતું નથી એવી ચીમકી એ ચકોર દૃષ્ટિના કવિએ આપવી પડી હતી: ' I hail with joy the oceanic, variegated intense practical energy, the demand for facts, even the business materialism of the current age, our states. But woe to the age or land in which these things, movements stopping at themselves do not tend to ideas. As fuel to flame and flame to heavens, so must wealth, science, materialism—even this democracy of which we make so much—unerringly feed the highest mind, the soul. ' આમ છતાંયે સેન્ડબર્ગે આ અશ્રદ્ધાનો છેદ પછીના સંગ્રહથી ઉડાવ્યો છે. ' ધ પીપલ, યસ 'માં મુક્ત હાસ્યનું પ્રમાણ વિપુલ છે અને એમાં પ્રજાનાં ઠઠ્ઠામશ્કરી, મસ્તીતોફાન, ટુચકા, તરંગો વગેરેનો છુટ્ટે હાથે ઉપયોગ કર્યો છે. એનું ધ્રુવપદ છે, શીર્ષક સૂચવે છે તેમ: ' હા, પ્રજા. ' એના કેન્દ્રમાં ' Man will yet live 'ની શ્રદ્ધા છે.

સેન્ડબર્ગ સામાજિક પરિસ્થિતિથી પૂરો સભાન છે. અસમાનતા, અન્યાય, અધમતા, અમાનુષિતા, અસત્ય વગેરેથી એ અજાણ નથી. ' ટુ એ કન્ટેમ્પરરી બન્કશુટર 'માં ફટકા મારવામાં ને ફિટકાર વરસાવવામાં તો એણે પાછું વાળીને જોયું જ નથી, એ નિર્દય અને નિષ્ઠુર બની ગયો છે. અને છતાં તવંગરોની ગરીબી, સમૃદ્ધિની વચ્ચે જ એમની શૂન્યતા, અમીરીમાં પણ એમની અસહાયતા અને લાચારી પ્રત્યે એને લાગણી અને સંપૂર્ણ સહાનુભૂતિ પણ છે (એનાં ઉદાહરણો ' ધ મેયર ઑફ ગેરી ', ' મકર્સ ' અને પ્રખ્યાત ' એ ફેન્સ 'માં છે). આમ, એ સૌ અનિષ્ટોનો સ્વીકાર કરે છે છતાં જે સૃષ્ટિમાં એ તત્ત્વો પણ વસે છે એ સૃષ્ટિ સાથે એને સ્નેહ છે. એટલે તો સદાય અને સર્વત્ર એને સૌન્દર્યના વિષયો સાંપડી રહે છે. ખેતરો અને ખુલ્લાં મેદાનો, મિલો અને કતલખાનાંઓ, ભર્યાં ભર્યાં શહેરો અને સાવ સૂના આકાશનો મીડવેસ્ટ પ્રદેશ અને એની પ્રજા સેન્ડબર્ગના કંઠ દ્વારા એના છ કાવ્યસંગ્રહો અને લીંકનના ચરિત્રના છ ગ્રંથોમાં ગાઈ ઊઠ્યાં છે. શીકાગોની નરી નિર્દય અને છતાં વીર્યવાન વાસ્તવિકતાનો એણે સ્વીકાર કર્યો છે. પ્રકૃતિમાંથી પણ જે પ્રદેશો મનુષ્યની કર્મપ્રવૃત્તિ સાથે સંબંધ ધરાવે છે તેવા પ્રદેશોની પ્રકૃતિથી જ સેન્ડબર્ગ આકર્ષાયો છે. એણે પ્રેયરી તથા ' ધૂમ્ર અને ધાતુ ' દ્વારા કૃષિપ્રધાન અને યંત્રપ્રધાન અમેરિકાની મહત્તા અને મર્યાદાનો પરિચય કરાવ્યો છે. સેન્ડબર્ગનો સમાનધર્મી અન્ય પદ્યકાર નહીં પણ ગદ્યકાર ડોસ પેસોસ છે. સેન્ડબર્ગે જેમ શીકાગોને તેમ ડોસ પેસોસે એની ' મેનહેટ્ટન ટ્રાન્સ્ફર ' નામની નવલકથા દ્વારા ન્યૂ યોર્કને સાહિત્યમાં અમર કર્યું છે.

સેન્ડબર્ગની કવિતાના વસ્તુમાં સામાજિક વાસ્તવિકતાની આવી ગહન અને ગંભીર સૂઝ-સમજ હોવાથી સહેજે શંકા થાય કે સેન્ડબર્ગનું દર્શન એકાંગી અને અપૂર્ણ છે. પણ રોમેન્ટિક રહસ્યમયતા તો સેન્ડબર્ગ પિતૃઓ પાસેથી વારસામાં પામ્યો હતો. એ તો એના લોહીમાં વહેતી હતી. એની કવિતામાં એ વારંવાર વ્યક્ત થાય છે. આથી, એની કવિતામાં વાસ્તવિકતા અને રહસ્યમયતા એકમેકને ઉપસાવે છે, ઉગારે છે; પરસ્પર પૂરક અને સહારા જેવાં એ થઈ પડ્યાં છે, એથી જ એનું દર્શન સર્વાંગી અને પૂર્ણ પુરવાર થાય છે. એના વસ્તુમાં વૈવિધ્ય છે, એના દર્શનમાં સમગ્રતા છે; અને પોતે જ એનું આશ્ચર્ય પ્રગટ કર્યું છે: ' There was puzzlement as to whether I was a poet, a biographer, a wandering troubadour with a guitar, a

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Midwest Hans Christian Anderson, or a historian of current events.'

વળી સેન્ડબર્ગની કવિતાના સ્વરૂપમાં વાગ્મિતાનું પ્રમાણ વિશેષ છે, એના છંદો છલકાય છે. એથી પણ સહેજે શંકા થાય કે એની શૈલી એકસૂર અને એકધારી છે. પણ લાલિત્ય અને લાઘવની કલા એને એટલી જ સહજ છે. એની પ્રતીતિ અનેક કાવ્યો કરાવે છે. આથી એનાં કાવ્યો ક્યારેક વાત જેટલાં વહેતાં ને ક્યારેક તાર જેટલાં ટૂંકાં હોય છે. વાસ્તવ અને વાગ્મિતાને વરેલા સેન્ડબર્ગમાં 'સ્લેબ ઍન્ડ સનબર્ન્ટ વેસ્ટ'માં પ્રગટ થયેલી એની રહસ્યમયતા અને 'ફૉગ' કાવ્યમાં માત્ર એક જ તાદશ અને તેજસ્વી પ્રતીક દ્વારા પ્રગટ થયેલો અસ્પષ્ટ આછા મંદ મધુર મર્મર જેવો એક વિરલ ઉદ્ગાર સેન્ડબર્ગનાં સ્વરૂપ અને વસ્તુમાં સમગ્રતા છે એમ સિદ્ધ કરે છે, એના દર્શનમાં અખિલાઈ છે એનો અણસારો આપે છે. પ્રેમ અને ધિક્કાર, નિષ્ઠુરતા અને નાજુકાઈ, વાસ્તવિકતા અને રહસ્યમયતા એમ વિરોધી તત્ત્વોની વચ્ચે સેન્ડબર્ગની કવિતાએ સંવાદનું દ્રુત અને વિલંબિત લયનું સંગીત સર્જ્યું છે. એની કવિતાની આડત્રીસ કામચલાઉ વ્યાખ્યાઓમાં એક બીજી આ પ્રમાણે છે: ''Poetry is a synthesis of hyacinths and biscuits.'

(હવે પછી પૂરું)

ના પ્હોંચતી મારા સુધી

હું ના કશુંયે ?
છું હું ઘણુંયે.

આ ફૂલની ફોરમ વિશે હું ફોરતો,
ને મૃદુલતા એહની થઈને વિહરતો,
માત્ર માનવની નજર ના પ્હોંચતી મારા સુધી.

વિહંગ કેરા કંઠનું હું અમૃત,
ને એહના ઉડાણની મંઝિલ છું હું લોભન.

વસંતનું છું વન,
ને પાનખરમાં એ જ રણ.
હું સૂર્યનું છું તેજ,
ને શશીની સૌમ્યતા,
સાંધ્યરંગોનીય હું છું ટાપટીપ,
ને શ્યામબુરખામાં છૂપેલું રાત્રિરૂપ—
સઘળું હું જ છું !

હું શું નથી ?
છું હું બધું !—
માત્ર માનવની નજર ના પ્હોંચતી મારા સુધી.

૨૦મી માર્ચ, ૧૯૫૯ — જગદીશ ત્રિવેદી

કાલ લગી અને આજ

કાલ લગી
પોચું જાણે પલળેલા પૂંઠા જેવું આભ
આજ
કડક જે પાપડ ને સારેવડાં જેવું,

કાલ લગી
લથરબથર અંગે ભીંજાયેલાં મકાનો
જે ફડકમાં બ્હીલાં ભીરુ ઘેટાંનાં કો ટોળાં જેવાં
આજ
શિયાળવાં જેવાં સહુ લુચ્ચાં,

કાલ લગી
શહેરના સૌ લત્તા
ચીનાઓની આંખ જેવા લાગતા'તા ઝીણા
આજ
સમાચારપત્રોનાં હેડીન્ગ જેવા પ્હોળા,

કાલ લગી
વૃદ્ધના ગળેલ ખોટા પગ જેવો
વિચારોમાં મુડદાના મન જેવો
આજ
કવિતાના લયબદ્ધ છંદ જેવો તાજો
તડકો કડાક કોરો પ્હેરીને હું નીકળ્યો છું.

નલિન રાવળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગમોહને શું જોવું ?

જયંતિ દલાલ

જગમોહને ચશ્માં ઉતારી આંખ ચોળી. પછી અંગૂઠા અને આંગળીનો ભાર આપીને પોપચાં ઉઠાવ્યાં. થઈ શકે એટલી આંખને પહોળી કરીને, એણે વાંચતો હતો એ પુસ્તકમાંથી વાંચવાનો પ્રયત્ન કર્યો. પણ વિચિત્ર હતું. જ્યાં જે શબ્દ ઉપર નજર ઠેરવે તેમાંના એકાદ અક્ષરનું જાણે ગાબડું પડ્યું હોય એવું લાગે. લીટીઓ પર નજર ઠેરવે તો છેડે જતી પાંચસાત લીટીઓ વાંકી વળીને જાણે એક ગાંઠમાં બંધાઈ જતી હોય એમ લાગે. જગમોહનને ભારે અચરજ થયું. આ આંખ વળી કયો ખેલ કરતી હતી ? એણે બારીમાંથી દેખાતા આકાશ તરફ નજર નાખી. પણ બારીમાંના સળિયાને શું થયું ? અણઘડ ચિતારો જ જેને સીધી લીટી કહે એવા વાંકાચૂંકા કેમ લાગતા હતા આ સળિયા ? અને પેલી બારીની બારસાખ પર બેસીને ઝૂલતા પોપટને બદલે આ શું દેખાય છે ? દેખાતું જ નથી. બારસાખમાં જાણે એટલું કોકે બટકું ભરી લીધું છે !

ફરી પાછું નજરને પાછી ખેંચીને જગમોહને ચોપડીમાં જોયું. કેવી લાગતી હતી આ લીટીઓ ? ગામડાગામના સ્ટેશને એકે ગાડી ન હોય અને બપોરના તાપમાં ચળકતા અને ચમકતા પાટા દૂરને કોઈ એક છેડે જાણે ભેગા થઈ જઈને એક જ તેજલિસોટો બની જાય એવું આ લીટીઓનું લાગતું હતું. આધેડ ઉંમરની સ્ત્રી માથેથી બહુ વાળ ઊતરી ગયા પછી, હોય એ વાળને ચીપી ચીપીને, ખેંચી ઢાળીને અંબોડો બાંધે એમ જ આ લીટીઓનું લાગતું હતું. હા, જમણી બાજુએ જ—ડાબી બાજુએ કશું ન હતું. ત્યાં તો પહેલાં લીટી શરૂ થતી હતી એમ જ, કડિયાએ ઓળંબો લટકાવી લટકાવીને સરખી કરી હોય એવી દીવાલ જેવી હતી. ગરબડ હતી એ આ જમણી બાજુએ જ હતી.

ડાબી આંખ મીંચી, જમણી આંખને વધુ પહોળી કરી જગમોહને આસપાસ બધે જોવા માંડ્યું. ખાટલાની ઈસ-સમુદ્રના તરંગ જેમ ઉપર-નીચે ઉપર-નીચે જતી રેખા જેવી લાગી. સામે કબાટમાં પડેલાં પુસ્તકોમાંથી ચાર દેખાય અને પાંચમું ન દેખાય. વળી પાછું પાંચમાંથી આગળ ચાલો તો હારબંધ પુસ્તક દેખાય પણ ખાનું જાણે વચ્ચે વચ્ચે ઝૂલી ગયું હોય એવું લાગે. ફરી ચશ્માં ચડાવીને જોયું. હાર અને ખાનામાં એ જ તકલીફ. સળિયા વાંકાચૂંકા લાગે. બારસાખને કોકે બટકું ભર્યું હોય એવું લાગે.

જગમોહન ત્રાસી ઊઠ્યો. શરૂમાં વિચિત્ર લાગતી વાત હવે એને ભયંકર લાગતી હતી. આંખ ગઈ ?

સૂનમૂન એ ઊભો રહ્યો. મગજમાં જાણે જોસભેર લોહી ધસ્યું હોય અને આંખની કીકી પાછળ ઠલવાયું હોય એવું લાગ્યું. પડી જવાશે એવું લાગતાં એણે ખુરશીની પીઠ પકડી લીધી.

'હં. હેમરેજ છે.'

'હેમરેજ ?' ડઘાઈ ગયો હોય એમ ઓપ્થેલ્મોસ્કોપથી આંખ તપાસતા દાક્તરને જગમોહને પૂછ્યું.

'કીકી પાછળની નસ તૂટી ગઈ છે અને ત્યાં લોહી જામ્યું છે. આને રેટિનલ વેઈનનો થ્રોમ્બોસીસ કહે છે.'

દાક્તરે ઓપ્થેલ્મોસ્કોપ પાસેના મેજ પર મૂકી દીધું અને એક જાડું થોથું લીધું. જગમોહનને તો આસમાન તૂટી પડ્યા જેવું લાગ્યું. થ્રોમ્બોસીસ! હેમરેજ!

આંખ ગઈ ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખ તપાસવા માટે, પ્રકાશ પ્રવેશ ન પામે એમ અંધારિયા બનાવેલા ઓરડામાં જગમોહનને ધીરે ધીરે જાણે આંખનું તેજ કમી થતું હોય એવું લાગ્યું. ગંભીર બની ગયેલા દાક્તર સામું એકીટસે એ જોઈ રહ્યો હતો. દાક્તરના હાથની આંગળીઓ થોથાના એક પાનની લીટીઓ પર ફરતી હતી. હાથ પર કેટલા વાળ હતા? જગમોહને જરા ઊંચે જોયું. દાક્તરના નાકમાં પણ વાળ હતા, કાનમાં પણ વાળ હતા.

'હં. રેટિનલ વેઈનનો થ્રોમ્બોસીસ. આ તો અમારું બાઈબલ કહો, ગીતા કહો, તે. લેખક લખે છે: Such patients should take their lives philosophically (આવા દરદીએ જીવન પ્રત્યે ફિલસૂફની દૃષ્ટિ કેળવવી જોઈએ).' દાક્તરે જગમોહનના હાથમાં થોથું મૂકતાં કહ્યું.

જગમોહન જરા રોષમાં આવ્યો.

'What have I been doing all these years? (આ બધાં વર્ષ મેં બીજું શું કર્યું છે?)' પણ પાછો જગમોહન જાણે હોશમાં આવ્યો.

'એમ નહીં. આમાં તાત્કાલિક તો તમને થયું છે એથી વિશેષ નુકસાન નહીં થાય પણ ultimately (જતે દહાડે) vision (દર્શન) dim (ઝાંખું) થવાનું.'

'આનો ઇલાજ?' જગમોહને પૂછ્યું.

સહૃદય દાક્તર પણ સહેજ ખિજાયા હોય એવું જગમોહનને લાગ્યું.

'મેં વાંચ્યું નહીં તમારા આગળ?' મૂકી દીધેલા થોથા પર ફરી હાથ મૂકતાં દાક્તરે કહ્યું.

સામાને કેવું લાગશે કેવું નહીં, એનો વિચાર કરવાનું તો જગમોહનના સ્વભાવમાં જ ન હતું. એણે સીધો પ્રશ્ન કર્યો:

'બીજા કોઈને બતાવવા જેવું...'

પૂછતાં પુછાઈ ગયું. પણ દાક્તર સહૃદયી હતા. કદાચ આવા પ્રશ્નોના જવાબ એમને આપવાના પણ આવતા જ હશે. મીઠું મલકીને એ બોલ્યા:

'મનને ઠીક લાગે તો જરૂર બતાવવું. પણ એથી બીજો કશો ફેર પડવાનો સંભવ નથી. વિટામિન વધુ પ્રમાણમાં લેવાં. એની ટેબ્લેટ્સ (ગોળીઓ) આવે છે અને ખાસ તો Rest (આરામ), No Excitements (ઉશ્કેરણી થાય એવું કશું ન કરવું).'

'કાંઈ ઑપરેશન જેવું...' કોક બીજાને માટે પૂછતો હોય એમ બિનઅંગત દેખાવાનો જગમોહનનો યત્ન જાતને પણ છેતરી શકે એવો ન હતો.

'આમાં કશું ઑપરેશન થતું નથી. તમારી anxiety (ચિંતા) સમજી શકાય એવી છે. પણ આરામ અને રુટિન ટેબ્લેટ્સ સિવાય અમારા Science (વિજ્ઞાન)માં તો બીજી કોઈ વાત આને માટે નથી.'

ખીસામાં મૂકેલાં ચશ્માં પહેરી લઈ ને જગમોહન ઊભો થયો. અંધારા ઓરડામાં જે એક ટેબલ-લૅમ્પ બળતો હતો તે પણ દાક્તરે બુઝાવી દીધો. અંધારું અંધારું થઈ ગયું. પાછળ જ સ્ટૂલ હડસેલાયાનો અવાજ આવ્યો. જગમોહનને થયું દાક્તર પણ ઊભા થયા છે.

'જગમોહનભાઈ, હવે તો હિંમતનું કામ છે.' દાક્તર બોલ્યા.

'Doctor, you have been very kind. Thank you, Doctor. (તમે ખૂબ દિલસોજ આદમી છો દાક્તર, આભાર તમારો.)' પડદો હટાવી બહારના પ્રકાશમાં ડોકિયું કરતાં જગમોહન બોલ્યો. પ્રકાશ આવતાં જાણે આંખમાં ઝાંખ વળી હોય એવું લાગ્યું. દાક્તર પાસેથી એક પછી એક દરદી હટે તો જ રાતના નવે પણ આપણો વારો આવી જાય એવી ગણતરી કરનારા દરદીઓ બેઠા હતા. જગમોહન પછીથી જેમનો વારો આવવાનો હતો એ ભાઈ તો જાણે જગમોહન સામું જોતાં જોતાં જ 'કેટલી વાર કરી તમે તે મિસ્તર?' એમ ઠપકો દેતા હતા તે પરથી જ ઓળખાઈ આવે. દવા નંખાવી આંખ મીંચીને બેઠેલાં એક ઘરડાં બાઈએ પાસે બેઠેલી નાની બાળકીને પૂછ્યું: 'અલી લલી, આ પેલા ભાઈ નીકળ્યા કે નહીં?' અને એનો જવાબ મળે એ પહેલાં જ પાછા નાટકની સ્વગતોક્તિ તો નાટક બહારનો સોડા-લેમનવાળો પણ સાંભળે એટલી જોરથી બોલ્યા: 'રાતે દસે પણ પાર આવે તો સારું!' જાતને દેવાતા આશ્વાસન-ની ગુણવત્તા પણ સાવ નિરાળી જ હોય છે.

આંખમાં ઝાંખ વળતી હતી. ડૂબવા જતા સૂરજનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજ પણ, સામી બારીમાંથી અંદર આવીને આવતા અંધારા સાથે બાથ ભરતું લાગતું હતું. જગમોહને સાચવીને દાદરને પહેલે પગથિયે પગ મૂક્યો અને લોખંડની નળીના કઠેરા પર જોસભેર હાથનાં આંગળાં ભીડ્યાં. મન તો એક જ વાક્યનું રટણ કરતું હતું: Such patients should take their lives philosophically. (આવા દરદીએ જીવન પ્રત્યે ફિલસૂફની નજરે જોવાની આદત કેળવવી જોઈએ.) But what have I been doing all these years? (પણ આજ લગી મેં બીજું કર્યું શું છે?) જગમોહનના કાન પર દાક્તરનો અવાજ આવ્યો: 'કાન્તિલાલ પટેલ.' બીજા કોક ખોખરા ઘાંટાએ ફરીથી ઉચ્ચાર્યું: 'કાન્તિલાલ પટેલ.'

જગમોહનના પગ તો જાણે સીસું પૂર્યું હોય એટલા ભારે થયા હતા. આ ક્ષણે તો એ સડક પર હોવો જોઈએ. પણ હજુ તો એ દાદરાને છેલ્લે પગથિયે હતો. સડક પરનું અજવાળું આંખમાં જાણે ટાંકણીની ઝીણી ઝીણી અણીઓ મારતું હોય એવું લાગતું હતું. ઉપર બારણું બંધ થવાનો અવાજ આવ્યો. જગમોહનના મનમાં વિચાર આવી ગયો. કોક બીજો દરદી ...

પોતે બેઠો. દાક્તરે ટેબલ-લૅમ્પ સળગાવ્યો. પોતે ચશ્માં ઉતારીને કફનીના છાતી પરના ખીસામાં આદતના જોરે જ મૂક્યાં. દાક્તરે હાથમાં ઑપ્થેલ્મોસ્કોપ લીધું અને ટેબલ-લૅમ્પ બંધ કરીને પછી પોતાની આંખમાં જોયું...

Such patients should take their lives philosophically...

What have I been doing...

પડખેથી સાઇકલ નીકળી. એણે ઘંટડી મારી જ હશે. પોતે સાંભળી નહીં હોય. પણ આંખ ભેગું કાનનુંય ...

ઑટોરિક્ષાની બ્રેકે ચીસ પાડી.

What have I been doing ...

જગમોહને સૂરજનું આથમતું તેજ પણ ન ખમી શકતી આંખ પર હાથની આંગળીઓનું નેજવું કર્યું. ઑટોરિક્ષા-વાળાના મોં સામું જોયું તો કશું બોલાઈ ગયા બાદ હોઠ હજુય એનો કંપ અનુભવતા હોય એવું લાગ્યું. અંદર બેઠેલા ઉતારુની નજરમાં કશી અનુકંપા દેખાઈ. એની આંખોએ જગમોહનની આંખોને દોરવી. આંખના દાકતરનું પાટિયું! જગમોહને પોતે જ આંખની કસોટી કરવા પાટિયા પર નજર ટેકવી. રિક્ષા ચાલી. 'આંખ' પછી શું હતું? શું હશે? પછી તો 'દાકતર' વંચાતું હતું. તે પાટિયું ચીતરનારે ર ને ઉપરથી બેઠેલો અને નીચેથી લંબાયેલો ચીતર્યો હશે?

Such patients should take their lives philosophically...

જગમોહનને ચિત્તના કોક ખૂણામાં અભરાઈએ ચડી ગયેલી મિલ્ટનની વિખ્યાત કવિતાની લીટીઓ યાદ આવી:

And that one Talent which is death to hide, Lodged with me useless ...

પણ એથીયે વિશેષ જોસથી, જગમોહનને પોતાને લાગ્યું તેમ ઉન્માદની ઘેરી અસર હેઠળ ન હોય એમ, યાદ આવી એ જ કવિતાની બીજી એક લીટી:

'Doth God exact day-labour, light denied?'

આંખનું તેજ જાય, જિંદગીમાં સર્વત્ર અંધકાર અંધકાર ફેલાય, જીવતર ઓશિયાળું બને, સુંદરતા માત્ર બીજાના વર્ણનનો વિષય બની જાય અને છતાંય જીવતરનો ઢસડ-બોજો વેંઢારવાનો.

અને જગમોહનને ચાર દિવસ પહેલાં જ વાંચેલી જપાની લેખક તત્સુઝો ઈશીકાવાની વાર્તા યાદ આવી.* કેવો હતો આ જોગાનુજોગ! વાર્તાનું શીર્ષક પણ 'અંધારા-માં આવતા ખ્યાલ.' પોતાના પર પણ આવનાર અંધારાના ઓળા પડતા હતા ને?

* 'Thoughts in the dark' – Tatsuzo Ishikawa, trans. by Brester Horwitz – New World Writing No. 4.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે તો પોતે ફૂટપાથ પર આવી ગયો હતો. પડખે કેટલીય જાતનાં વાહન જાતદીઠ એક કરતાં વિશેષ અવાજ કરતાં હતાં. પણ ફૂટપાથ પર વાહનનો ડર ન હતો. આ ક્યાં દિલ્હી હતું તે ફૂટપાથ પર વાહનને ચાલવાનો પરવાનો હતો? આ તો હતું અમદાવાદ. હા, સામેથી આવતો માણસ અથડાય અને ' મિસ્તર, જોતાય નથી ? ' એમ કહે, એવું બને.

Such patients should take their lives philosophically...

અને પાછી ઈશીકાવાની વાર્તા યાદ આવી.

'ખરેખર જો તમારી આંખનું તેજ જાય, તો તો તમને આમ ખાંખાંખોળાં કરતા, ડાફોળિયાં મારતા જોવા–એ મારાથી તો ન વેઠાય. ઊજળું ભાવિ તો ન જ કહેવાય. મૂએલાં સારાં,' એની પત્ની કોક વાર કહેતી. પત્ની મજાક કરતી હતી કે સાચું કહેતી હતી એની કશી પતીજ એને પડતી ન હતી. એ બોલે ત્યારે એના સાદમાં કંપ હોય, શબ્દમાં આવેશ હોય.

'હું તો કહું છું, ચાલો સાથે આપઘાત કરીએ. આમ જીવવું તો ભારે ત્રાસદાયક થાય. રોજેરોજ દુઃખ થોડે થોડે વધે...'

ક્યારેક પત્નીના કહેવા સાથે એ સહમત થતો. અડધીપડધી ઊલટ આવી જતી. પણ બીજા કોક પ્રસંગે એ આવી મતલબનું કહેતો:

'કાલે પથારીમાં પડ્યો હતો ત્યાં આવો ખ્યાલ આવ્યો. આંધળો થાઉં પછી હું શું કામ કરી શકું એનો વિચાર કરતો હતો. હા, કાંઈ ઝાઝું તો થઈ શકે એમ નથી. સંગીતનું પણ ઝાઝું ચાલે એમ નથી. ' કોટો '* બીજાને શિખવાડી શકું એટલું પોતે જાણી લઉં એટલો વખત નથી. પણ હા, આ રહસ્યભરી ડિટેક્ટિવ વાર્તાઓ કેમ લાગે છે? હું હમણાં જ એક વાર્તાનું વસ્તુ વિચારી લઉં. તને લખાવી દઉં. ડિટેક્ટિવ વાર્તા હુંય ઘડી શકું.'

આંખ પર સફેદ પાટો હતો. પલંગના કઠેડાને પીઠ ટેકવીને પત્ની સામું મીટ માંડીને પતિ બેઠો હતો. એની પીઠ પાછળથી આવતો વસંતના સૂરજનો પ્રકાશ જાણે એના ખભાને સ્પર્શતો હતો. દયા આવે એવું. રહસ્યકથાનો અંધ લેખક! પતિની આવી કામગીરી અને પતિનો પત્ની વિચાર કરવા લાગી. હલચલ નથી કરતો, ફરતો નથી, કસરત કરતો નથી, એટલે જાડો થઈ ગયો છે. સૂરજનો પ્રકાશ હવે એને મળતો નથી એટલે ફિક્કો પડી ગયો છે અને પેલી બંધ આંખો, સદાયના અંધકાર પર જાણે મીટ માંડીને બેઠી છે. પોતે લખવા ધારેલી રહસ્યકથાનો પ્રસંગ આ અંધકારમાં એને દેખાય છે. ખૂન, લોહી, છૂરી, પેલો બદમાશ આપણા ડિટેક્ટિવ નાયક સાથે બથ્થંબથ્થા કરે છે. આ અંધકારમાં હવે એને આવું જ દેખાશે. પોતાને માથે આવી પડેલા અંધકારમાં, એ એથીય વધુ અંધકારમય સમાજનું અદ્દલ ચિત્ર દોરશે. પત્ની કંપી ઊઠી. એણે માથું હલાવ્યું.

'ના, ના, એ નહીં. નહીં જ. મને નથી ગમતું. ચાલો મરી જઈએ.'

પાટા નીચેય એના મોં પર આછું સ્મિત આવ્યું.

હું આમ મલકી શકત? મારે મોંએ આવું સ્મિત આવત? અને આમ આપઘાત કરવાની વાત ...

Such patients should take their life philosophically ...

હા, ગુસ્સામાં આવીને કહી તો દીધું હતું–What have I been doing...પણ ખરેખર જિંદગીને કઈ નજરે જોઈ હતી? બીજા લેખકની વાર્તાએ યાદ અપાવી પત્નીની... ફિલસૂફ કે સ્વાર્થી? દંભી.

પણ એને શું લાગશે? આંખના દીવા રાણા થશે. ઊઠતાં, બેસતાં, પાણી પીતાં, કોળિયો લેતાં ...

આજે આંખ બતાવવા આવ્યો ત્યારે એને પણ સાથે લાવ્યો હોત તો સારું થાત. કેમ કરીને હું કહી શકીશ એને!

નીચું જોઈને ચાલતો, પોતાના વિચારમાં જ મગ્ન જગમોહન, સામેથી આવતા એક ભાઈ સાથે અથડાયો. ' માફ કરજો, ' એમ તરત જ એ બોલ્યો. પેલાએ કશો જવાબ ન દીધો: માત્ર મલકયો, અને આગળ ચાલ્યો.

મલકયો: પાટા નીચેય મલકયો...

દાક્તર ખોટું ન કહે. એ શું કામ ખોટું કહે? ઊલટું કેટલા સહૃદયી હતા?

પણ એ માનશે?

એ નહીં માને એથી પરિસ્થિતિ કાંઈ બદલાવાની છે?

આંખમાં તેજ નહીં હોય ત્યારે?

[સંસ્કૃતિ, ઑગસ્ટ '૫૬

* જપાની વાદ્ય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના જ ઉઠાડયા ઊઠવાનું અને બેસાડયા બેસવાનું. કેટલો બોજો પડવાનો એના ઉપર ...

શું સુખ એને આપ્યું હતું પોતે ?

મનમાં આવેલા વિચારનો ભાર સહન ન થતો હોય એમ ડોકી હાલી ગઈ. ના.

એવો વિચાર કર્યો શું ? પતિ-પત્નીના સંબંધમાં જો જમા-ઉધાર હોય તોય ચોપડો ચોખ્ખો હતો. પણ એમાં લીધા-દીધાની વાત જ ખોટી.

પાછી પેલી જપાનની વાર્તા સૂઝી.

" બાળક જેમ એ ખાતો હતો. વાટકાની કોર પરથી ઊથલી પડતા ભાતના દાણાને એ જોઈ રહેતી. વાંકી વળીને એણે નીચે પડેલા દાણા ભેગા કર્યા અને પડખેના વાટકામાં મૂકયા. એ ખિજાઈ.

" ખાતાંય નથી આવડતું ? "

ના. ના. એ ન ખિજાય. ખિજાય જ નહીં. એનું ચાલે તો એ જ ખવરાવે. પણ પાછા પોતે પણ કયાં એવા હતા ? ભલેને હેઠે પડે. જમવાના તો હાથે જ ...

ના. ના. એ પતિ-પત્નીની વાતને પોતાના જીવનમાં લાવવાની જરૂર જ ન હતી. એ વાર્તાકારે પોતાને જેવું દર્શન હશે એવું એની વાર્તામાં રજૂ કર્યું. રહસ્યકથા લખનારને–લખવાનો, લખાવવાનો, ઇરાદો ધરાવનારને તો એણે જ લખ્યું છે તેમ આંધળા થતાં ન આવડયું. પોતાને ?

અને મનને ના પાડયા છતાં એ તો પાછું પેલી વાર્તામાં જઈને બેઠું.

" એની પત્ની એની રકાબીમાં માછલીનું ગોસ્ત મૂકે એ પહેલાં બધાં હાડકાં કાઢી લે. ચાર વરસના બાળક જેમ સંભાળ રાખવાની. કેવું શોકાતુર કરી મૂકે એવું કામ હતું ? એ પણ કશાય સ્વાદ કે આનંદ વિના, યંત્ર જેમ જ માછલી ખાઈ જાય. એક એના હોઠ અને મોં પર કશી જીવન્તતા લાગે. માછલી ખાઈ ગયા પછી પણ એણે રકાબીમાં ચોપસ્ટીકસથી કશું પકડવાની પ્રવૃત્તિ ચાલુ રાખી. રકાબીમાં કશા સફેદ ડાઘ દેખાતા હતા. એ ચોપસ્ટીકસમાં આ ડાઘ પકડવા જાય. એને તો માત્ર ડાઘ જ દેખાતા હતા. એ શું હતું એ એને સમજાતું ન હતું.

પોતાની ચોપ-સ્ટીકસ નીચે મૂકીને પત્ની પતિના આ યત્નને જોઈ રહી અને એનાથી રડી પડાયું.

' એ તો તમારી રકાબીમાં કશી છાપ છે. '

' હવે કાંઈ રહ્યું નથી ? '

' તમે બધું ખાઈ ગયા. '

એણે જવાબ ન દીધો, વાટકામાંનો ભાત એ ખાઈ ગયો, અને પછી એણે ચોપસ્ટીકસ પછાડી ને ફેંકી દીધી. મનમાં ને મનમાં તો આગ જાણે બળતી હતી.

આવું પોતાને થાય ?

What have I been doing all these years ?

શોક અને રોષ. બન્ને છતાં જગમોહનથી મલકી જવાયું. કેવો સરસ કટાક્ષ હતો ? આખી જિંદગી પોતે બીજું કર્યું શું હતું ? ગુસ્સે થયા સિવાય ? છણકા કર્યા સિવાય ? જરા કાંક થયું કે કપડાં પહેરીને એક વાર તો હતા એમ ને એમ જ પગથિયાં ઊતરી જવા સિવાય ...

' જગમોહનભાઈ, નવી વાર્તા સૂઝી છે કે નાટક ? ' સામેથી આવતા અને અથડાતા રહી ગયેલા એક ભાઈએ જાણે જગમોહનને પાછો આપરોપની દુનિયામાંથી બહાર આણ્યો.

' ના ના, શું નાટક કે શું વાર્તા ...'

જગમોહન બોલ્યો. પણ પોતે જે બોલ્યો એનું પણ એને પોતાને જ વિસ્મય થયું. એવું હોય ખરું કે વ્યાખ્યાતા આગળ મૂકેલું માઈક જ બોલે અને વ્યાખ્યાતા ચૂપચાપ રહે ? માઈક જ બોલે તો કેવું વહેવારુ, વાતડાહ્યું, શાણું, ઠાવકું પણ લાગણી વિનાનું...

' ના, આ તો તમે મને ખૂબ અંતર્મુખ થયા લાગ્યા. '

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલા સજ્જન બોલ્યા અને ફરી પાછું કોક માઈક બોલતું હોય એવું જગમોહનને લાગ્યું.

'અંતર્મુખનું ઠીક છે ભાઈ, આ આંખનું…' ન જાણે કેમ પણ વ્યાખ્યાતાએ માઈક ફેંકી દઈને પોતાના જ અવાજે કહ્યું. પણ કહ્યું એવું જ મન ડંખ્યું. આ વાત પહેલી બીજા કોઈ નેય કહેવાય ખરી?

'આંખનું શું છે? કશી તકલીફ? જો જો ભાઈ, સાચવજો.'

જગમોહનને થયું હવે સામું માઈક આંખનું મહત્ત્વ અને આંખના રોગ, આંખના દાક્તર, આંખના ઇલાજ, મિત્રોને થયેલા આંખના રોગ, મિત્રોએ કહેલી આંખની તકલીફની વાતો–પૂરી એક લાખ વાત સંભળાવ્યા વિના નહીં જ રહે. સુજનતાય ઘણી વાર આવા અહિંસક લાઠી-ચાર્જ સહી લેવાનું કહે છે. પણ…

છૂટયા!

'સાચવજો, એ તો આંખનું કામ,' એટલું કહી, 'પાછું અંધારુંય થવા આવ્યું છે તે…' એમ ખૂબીભેર અડધું વાક્ય બોલીને એ ગયા.

હં, 'પાછું અંધારુંય થવા આવ્યું છે તે…' ખરી વાત છે. હવે તો કાયમનું અંધારું!

મનમાં જાણે નવો તેજ-ઝબકારો થયો હોય એવું લાગ્યું પેલાં એને મરવાનું સૂઝતું હતું. અહીં એવું સૂઝે એમ ન હતું. અંતરના એકાંતમાં કાયરતાનો એકરાર કરવામાં શું નુકસાન?

પણ સવાલ એ નથી. જરાક જાતથી અળગા થઈને વિચાર કરવો જોઈએ. થવાનું ટાળી શકાય એવું નથી હોતું. એને સહ્ય બનાવો, અનુકૂળ બનાવો.

અંધારાં આવશે ત્યારે. ત્યાં લગી?

ભરી દો. એ બે તેજ–કૂવા ને સૌન્દર્યો પી પીને ભરી દો. જોઈ લો. જગતભરનું સૌન્દર્ય જોઈ લો. ભરી દો આત્માને.

તો વાંચી લઉં જેટલું વંચાય એટલું?

દાક્તરના શબ્દ યાદ આવ્યા: Rest. No excitement.

વાંચવામાં તો આરામ જ છે ને? એમાં excitement ક્યાં આવી? એથી વૃત્તિ ઉશ્કેરાય એ ઉમ્મર તો ક્યારનીય વીતી ગઈ હતી.

પણ એ તો અંધારાં આવ્યા બાદ પણ થઈ શકે એવી વાત હતીને?

હા, એ ખરું.

તો, કાશ્મીર જોઈ આવું? હરીભરી લિલોતરી, 'હિમાલયો નામ નગાધિરાજ:' કે પછી ધૂંવાધાર? ચાંદની રાતે એકાકી લાગતો તાજ કે પછી અજંટા, ઇલોરા?

પિસ્તાળીસ વર્ષ લગી વાંચેલાં, ગોખેલાં, સાંભળેલાં, સંઘરેલાં નામ જાણે કશો બંધ તૂટતાં પાણી ધસમસે એમ ધસમસવા લાગ્યાં: રમકડાંની દુકાનમાં ઊભેલા બાળક જેવી જગમોહનની દશા હતી. એ પૂરના પ્રવાહમાં જગમોહન પોતાનું અસલી દુઃખ જાણે વીસરી ગયો. આ જગાના દોષ સામે પેલી જગાના ગુણનો મનમાં મુકાબલો કરતો હતો.

ઘર આવ્યું. એટલે, શેરી આખીનો માનીતો, લાલિયો કૂતરો બેઠો હતો. અવાજ પરથી પૂંછડી પટપટાવતો હોય એવું લાગ્યું. દેખાતું ન હતું. થોડે દૂર શેરીનો દીવો બળતો હતો. એના તેજમાં લાલિયાની આંખ ચમકવી જોઈએ. બીજું કાંઈ નહીં તો એના સફેદ દાંત પણ ઝળકવા જોઈએ. પણ પોતાને દેખાતું ન હતું.

જાળી ખોલી ઘરમાં દાખલ થયો. બધું હતું એમ તેમ એમ હતું. પાટ પર પત્ની બેઠી હતી.

'કેમ આજે કાંક મોડું થયું?' પત્નીએ પૂછ્યું.

ચંપલ જાણે પગની પગમાં જ રહી ગઈ. જગમોહન પત્ની સામું ફરીને એને જ આંખથી ભરીભરીને પીતો હોય એમ ઊભો રહ્યો.

'કેમ આમ? શું જુઓ છો! મને?'

ઓહોહો આ મને કેટલે વર્ષે સાંભળવા મળ્યું! પહેલી વાર…

પણ અત્યારે એ વાત જવા દે. અંધારાં ઊતર્યાં પછી થઈ શકે એ કામ આજે કરીને, સમય અને શક્તિ ક્યાં બગાડવાં? આખી જિંદગી વાગોળવાનો તો પછી ખૂટ્યો ન ખૂટે એટલો સમય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પણ આમ મારા સામું શું જોઈ રહ્યા છો ? કશું નવું છે ? કાંઈ શીંગડાં ઊગ્યાં છે ?'

જગમોહનથી મલકી જવાયું.

'એ ક્યારે જૂનું થાય છે ?' હરખભેર એનું હૈયું બોલી ઊઠ્યું.

'કશો ચમક-વા થયો છે ? કાશ્મીર જુઓ છો કે તાજમહાલ ? કે પછી અજન્ટાના બુદ્ધ ભગવાન...'

આ કુદરતે કેવી છે ? એ પળ પહેલાં પોતાના મનમાં જે હતું તે આ જીભે ક્યાંથી બોલવા માંડ્યું.

'મારે તેં કાશ્મીર અને તાજમહાલને શું કરવાં છે ? મારે તો આ મોં જ જોવું છે !'

'કશું નવું નથી એમાં.'

'ગાંડી, એ મોં જોયું જ ક્યારે છે ?'

જગમોહન ન જાણે કેમ કશા હર્ષાવેશમાં આવતો જતો હતો. ક્યાંથીય વસંતનો વાયરો આવ્યો હોય અને ફૂલની ફોરમને નાકમાં ઝાપટતો હોય એવું એને લાગતું હતું. એ ચહેરાની રેખાઓ જોઈ હતી. હવે ત્યાં દેખાતી હતી મનની ઉદારતાની રેખાઓ...

અને એ પળ પહેલાં, ખુદ જગમોહને પણ કલ્પ્યું ન હોય, એટલા દુઃખદર્દવિહીન અવાજે, જગમોહને પત્નીને વાત કરી... *

---

* આગામી વાર્તાસંગ્રહ 'આ ઘેર પેલે ઘેર'માંથી.

કલાકોથી

કલાકોથી મચ્યો વરસાદનો કકળાટ,
ના, ના, આટલો કઠતો ન'તો ઉકળાટ;
શો મોટ્ટા અવાજે એકસૂર રસહીન લાંબા કોઈ
ભાષણના સમો દે ત્રાસ !
બારીબારણાં સૌ બંધ,
આખા ખંડમાં વ્યાપી વળી ભીનાશ,
ને રૂંધે અખંડિત ખંડનું એકાંત,
હું આંખો છતાંયે અંધ !
ઠંડકમાં ઠરી ચારે દીવાલો,
જેમ બુઢાપે ઠરે છે જિંદગીના મસ્ત ખ્યાલો;
વસ્ત્ર સૌ દોરી પરે લીલાં,
હજુ આ દેશમાં જેવાં મનુષ્યોનાં વદન ભ્હીલાં;
અને પોચાં પડ્યાં સૌ મેજ પરનાં પુસ્તકોનાં પાન,
જેવાં લય વિનાનાં ગાન;
કેવો ભેજ સૌ નિર્જીવ વસ્તુમાં ગયો આજે છવાઈ,
હૂંફથી ધડકી રહ્યું હૈયુંય તે જાણે ગયું આજે હવાઈ!

નિરંજન ભગત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

‘ ડિસોટો ’નો લિસોટો

ચુનીલાલ મડિયા

શિકારીની ગોળી વડે વીંધાઈને પ્રાણત્યાગ કરતા પશુની અંતિમ મરણચીસ જેવો તીણો અવાજ પેડર રોડના સૂના રાજમાર્ગ ઉપરથી ઊઠ્યો.

મધરાતની ગહરી શાંતિમાં સર્વ ચિન્તાઓને પારકે ચાકડે ચડાવીને સૂતેલા ભાગ્યવંતોને પણ આ ચિત્કારે ઊંઘમાંથી જગાડી દીધા. સામસામી દિશામાં મારમાર ઝડપે જતી બે મોટરગાડીઓ એકબીજીની સન્મુખ આવી જતાં દબાયેલી જોરદાર બ્રેકનો એ અવાજ હતો. આસ્ફાલ્ટની સુંવાળી સપાટી ઉપર એકાએક સ્થગિત થઈ ગયેલાં ગાડીનાં પૈડાં જે થોડા ફૂટ સુધી આપમેળે જ ઘસડાયાં એમાંથી ઊઠેલો આ ચિત્કાર હતો.

ધરતી અને યાંત્રિક ગાડીના ઘર્ષણમાંથી નીકળેલી આ ચીસ એવી તો દર્દનાક હતી કે એ સાંભળનારાઓએ સ્વયંસ્ફુરણાથી જ ઉદ્દગાર કાઢ્યા: કોઈક મરી ગયું !...... મોટરમાંથી કોઈકનું મોત નીપજ્યું !

કમનસીબે, આ ઉદ્દગાર સાચો જ પડ્યો હતો. ડાબી બાજુએથી આવતી ‘ ડિસોટો ’નો ડ્રાઇવર તત્ક્ષણ મરણ-શરણ થયો હતો.

એક ક્ષણમાં—ક્ષણાર્ધમાં જ—જે બનવાનું હતું એ બની ગયું. ‘ ડિસોટો ’ના ડ્રાઇવરે સ્ટીઅરીંગ-વ્હિલ પરથી કાબૂ ગુમાવ્યો અને ભયાનક ધડાકા સાથે સામેથી આવતી કેડિલેક સાથે એ ગાડી અથડાઈ પડી. ‘ લેફ્ટ હેન્ડ ડ્રાઇવ ’વાળી કેડિલેકની આગલી બેઠક પર એક યુવક અને એક યુવતી બેઠેલાં હતાં. અથડામણનો અવાજ થયો ત્યારે જ એ યુવતી પોતાના સાથીની સોડમાંથી જાણે કે ઝબકીને જાગેલી અને બોલી ઊઠેલી : ‘ અરે ! આ તો આપણો પરંજય છે ! ’

હવે ‘ આપણો ’ પરંજય આંખના પલકારામાં જ મરી પરવાર્યો હતો.

બંગલાઓના પહેરેગીર ગુરખાઓ, માળીઓ, કેટલાક મવાલીઓ વગેરેનું ટોળું એકઠું થઈ ગયું. નજીકમાંથી એક કોન્સ્ટેબલ પણ આવી પહોંચ્યો.

આવે પ્રસંગે કાર્યશૂરા બની જનારા પોલીસતંત્રની અટપટી વિધિઓ આટોપાતાં લગભગ પરોઢ થવા આવ્યું અને ત્યારે તો આ સૂના રાજમાર્ગ ઉપર ફરી અવરજવર શરૂ થઈ ચૂકી હતી. રસ્તાના દસબાર ફૂટ સુધીના એ ટુકડા પર જાણે કે કશું બન્યું જ ન હોય એવી સ્વસ્થતાથી શહેરી જીવનની ઘટમાળ યંત્રવત્ શરૂ થઈ ગઈ હતી. વીતી ગયેલી રાત દરમ્યાન એક જીવતા જીવની શી ગજબનાક ઘાત સરજાઈ ગઈ એની આ રસ્તો ઓળંગનારાઓને જરાય જાણ નહોતી રહી.

માનવીઓ ભલે મુંબઈમાં બનતા અનેકાનેક અકસ્માત-માંના આ એકને ઠંડે કલેજે વીસરી ગયાં. આ મૂગો રસ્તો તો પોતાની છાતી પર બુઝાયેલા એક જીવનદીપની યાદ આપતું એંધાણ સાચવી રહ્યો હતો. સજ્જડ બ્રેકના આંચકા સાથે ગાડી જે થોડા ફૂટ સુધી આપમેળે ઘસડાયેલી એને પરિણામે આસ્ફાલ્ટની એ સુંવાળી સપાટી પર પૈડાંએ ઊંડાઊંડા કાપ પાડી દીધા હતા. અનેક આશાઓ અને અરમાનોથી હરીભરી જિંદગીના ચિરાયેલા અભિલાષ જેવી ચિરાડ ધરતીના હૃદયપટ પર અંકાઈ ગઈ હતી. રબરનાં ટાયરોએ ઉપસાવેલા એ લિસોટાને વાચા હોત તો પોતાના ઉદ્દભવની કથની આ રીતે કહી સંભળાવત :

પરંજયે અલકાને સાંજની એપોઈન્ટમેન્ટ આપેલી. દિવસને અંતે સૂરજ જેમ અસ્તાચળે જાય એમ સાંજ પડતાં

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંજય વિલિંગ્ડન ક્લબમાં જ પહોંચે એવો અફર નિયમ હતો. નમતી સંધ્યાએ મરિન ડ્રાઇવ પરથી પસાર થતી પરંજયની 'ડિસોટો' સબર્બન ટ્રેનના ટાઇમટેબલ જેટલી નિયમિતતા જાળવતી. લોકો એ પણ જાણતાં કે સાંજને સુમારે ક્લબમાં પરંજયને શોધવા જાઓ તો એ અલકા સાથે ટેબલ-ટેનિસ રમતો હોય. એ બન્નેનાં પરિચિત વર્તુળોએ તો ક્યારનો ચુકાદો આપી દીધેલો કે પરંજય ને અલકા એકબીજા માટે જ સરજાયાં છે... એમના સ્નેહભર સખ્યમાં હવે ત્રીજી કોઈ વ્યક્તિને માટે અવકાશ રહ્યો નથી. બન્નેનાં વડીલો પણ કહેતાં કે પરંજય અને અલકાના જીવ મળી ગયા છે, બન્ને એકબીજામાં એવાં તો ઓતપ્રોત છે કે એમને હવે કોઈ વિખૂટાં પાડી શકે એમ નથી.

માત્ર, આ યુવકયુવતીના હરીફો એવી હવા ફેલાવ્યાં કરતા કે એમનું ગાડું લાંબો સમય નહીં ચાલી શકે. વિઘ્ન-સંતોષી લોકો એવાં કાનસૂરિયાં ચલાવતાં કે પરંજયે અલકાને ફસાવી છે. પરંજયનો પ્રેમ પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગયેલી યુવતીઓ વળી એવો અભિપ્રાય પણ આપતી કે અલકાએ પરંજયને ફસાવ્યો છે.

એક વાત તો સુવિદિત હતી: અલકાના કરકમલ માટે 'બળિયા જોદ્ધા બે' જેવા બે ઉમેદવારો ઉત્સુક હતા. એક હતો પરંજય પોતે અને બીજો હતો પરંજયનો જ જિગરજાન મિત્ર અમિત. આ બન્ને પ્રતિસ્પર્ધીઓએ પોતાના પ્રિય પાત્ર માટે લાંબા સમય સુધી એકબીજાને હંફાવેલા. અલકા આ બે સરખા-સમોવડિયા હરીફોમાંથી કોના ઉપર કળશ ઢોળશે એ અંગે ત્રણેય જણનાં મિત્રમંડળોમાં ઠીકઠીક સમય સુધી અટકળો થતી રહેલી. પણ આખરે અલકા અમિતને છોડીને પરંજય તરફ ઢળેલી... અને...અને હવે તો એક વાત સિદ્ધ હકીકત તરીકે સ્વીકારાઈ ચૂકી હતી કે અલકાએ અમિતને ઉવેખીને પરંજયને જ વાગ્દાન કર્યું છે... અને એ વાગ્દત્તા, વહેલી કે મોડી, વરમાળા પણ પરંજયના ગળામાં જ પહેરાવશે.

અમિત અંગે તો તરેહતરેહની કલ્પનાઓ — અને આગાહીઓ પણ—થવા લાગેલી. અલકા અને પરંજયના માર્ગમાંથી અમિત આપમેળે જ ખસી ગયો છે, એવી એક વાયકા હતી. કોઈ એમ માનતાં કે અલકાએ જ અમિતને છેહ દીધો છે અને એનું વેર વાળ્યા વિના અમિત જંપશે નહિ. કેટલાક જાણભેદુઓ વળી એટલે સુધી બાતમી લાવતા કે અમિતના જીવનમાં કરુણ રીતે ભજવાઈ ગયેલ અલકા-કાંડે એ યુવાનના હૃદય ઉપર એવી તો ભયંકર ચોટ મારી છે કે એનો જખમ રુઝાવવા એ પોંડીચેરી આશ્રમમાં જઈ ને પૂર્ણયોગની સાધના શરૂ કરવાનો છે.

પણ આ બધી જ આગાહીઓ ખોટી પડી. ન તો અમિતે આપઘાત કર્યો કે ન તો એણે પોંડીચેરીની ટિકિટ કઢાવી. પોતાના જીવનમાં અલકાએ જાણે કદી પ્રવેશ કર્યો જ નહોતો એવી લાપરવાહીથી એ તો વરતી રહ્યો. અમિત-ની આવી સ્થિતપ્રજ્ઞ સ્વસ્થતા જોઈને પરંજય કરતાંય વધારે તો અલકા અકળામણ અનુભવી રહી.

અમિત પ્રત્યે અલકાને અસીમ પ્રેમ હતો... એટલી હદ સુધી કે પોતાના પ્રિય પાત્રને હેરાનપરેશાન કરવાની હદે આ યુવતી પહોંચતી. પરપીડન-વૃત્તિનો આ પ્રયોગ અલકા-એ અમિત ઉપર અજમાવેલો. આ ઉદારદિલ યુવાનને પજવવા ખાતર, એને પોતાનો ઓશિયાળો કરી મૂકવા ખાતર, અને એમાંથી મળતી કોઈક વિચિત્ર પ્રકારની મોજ માણવા ખાતર આ નટખટ ચંચળ યુવતી અમિતથી અળગી થઈ ને પરંજયની સોડમાં ભરાયેલી.

પણ અલકાને કમનસીબે, પોતે કરેલો ગોળીબાર ખાલી ગયો. અમિત ઉપર એની જરા સરખી પણ અસર થઈ હોય એમ લાગ્યું નહિ. આ ગર્વિષ્ઠાની અપેક્ષા તો એવી હતી કે આ પગલાને પરિણામે અમિત અસ્વસ્થ થઈ જશે, મારી પાસે કાલાવાલા કરતો આવશે, કરગરશે, પોતાની આરાધ્ય પ્રેમિકાને પ્રણિપાત કરશે... પણ અફસોસ! આમાંનું કશું જ બન્યું નહિ. અલકાનો કર-અભિલાષી અમિત કરગરવા આવ્યો નહિ. 'મને રઝળાવ્યો' એવી રાવફરિયાદ પણ એણે કોઈની સમક્ષ કરી નહિ. પ્રેમમાં ભગ્નાશ થઈ ને આ માનુનીને આંગણે પ્રેમભિક્ષા માગવા પણ એ ન આવ્યો. અલકા તો પરંજય માટે જ સરજાઈ હતી. પોતાનો તો એના ઉપર કશો જ હક્કદાવો નહોતો, એવી અજબ સાહજિકતાથી અમિત સમાજમાં હરતોફરતો રહ્યો.

ધાર્યું નિશાન નિષ્ફળ જતાં અલકા નાસીપાસ થવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગી. અમિત આ પ્રેમપ્રકરણ અંગે જે બેતમા વલણ બતાવી રહ્યો હતો એને પરિણામે આ યુવતી એવી તો અકળાઈ ઊઠી કે એની અંદર રહેલી સનાતન પરપીડક સ્ત્રીએ પોતાના પ્રિય પાત્ર માટે વધારે આકરા આઘાતો યોજવા માંડ્યા. અમિતના અંતરમાં ઈર્ષ્યાનો અગ્નિ પેટવવા ખાતર એણે પરંજયને લઈને આખા શહેરમાં ઘૂમવાનું શરૂ કર્યું. અમિતની પસંદગીની સઘળી જાણીતી કલબો, હોટેલો અને જાહેર સ્થળોએ પરંજયને લઈ ને અલકાએ ફરવા માંડ્યું. અમિત ટર્ફ કલબનો મેમ્બર હતો તેથી અલકાએ પણ પરંજયને પરાણે એ કલબમાં દાખલ કરાવ્યો, જેથી રેસ–કોર્સ ઉપર મેમ્બર્સ પેવેલિયનમાં એનો અવાર-નવાર ભેટો થતો રહે.

અને એ રીતે આ ત્રણેય પાત્રોનો ભેટો થયો પણ ખરો. અમિત પોતાના એન્કલોઝરમાં, આંખે બાયનોક્યુલર્સ ચડાવીને મેદાન પર પવનવેગે દોડતી ‘ ચકોરી ’ની ચાલ અવલોકી રહ્યો હતો. આખા એન્કલોઝરમાં શિકારીની અદાથી ચકોર નજરે ઘૂમી રહેલ અલકાએ અમિતને પકડી પાડ્યો. ધ્યાનસ્થ ઋષિને ધ્યાનભંગ કરવા આવેલી મોહિનીની અદાથી અલકા પરંજયને લઈને અમિતની સન્મુખ પસાર થઈ. અશ્વ-નિરીક્ષણમાં એકાગ્ર બનેલા અમિતને ચ્યુત કરીને પોતાની તરફ એની નજર ખેંચવા અલકાએ આ પ્રસંગે પરંજયને એવું ગાઢ આલિંગન કરીને ચાલવા માંડ્યું કે જેથી અમિત આ પ્રેમીયુગલને જોતાં વાર જ ઊભો ને ઊભો સળગી જાય. આ ફેરે તો ધાર્યું નિશાન નિષ્ફળ ન જાય એની તકેદારી રાખીને, અલકાએ અમિતનું ધ્યાન ખેંચવા થોડો કૃત્રિમ અવાજ પણ કરી જોયો. પણ ચોપગી ‘ ચકોરી ’ની ચાલ નિહાળવામાં એકચિત્ત બની ગયેલ એ યુવાનને આ બેપગી ચકોરીની ચાલ ચલિત ન કરી શકી.

પણ પોતાના પ્રિય પાત્રને પરેશાન કરવાનો જ નિર્ધાર કરીને આવેલી અલકા આજે નિરાશ થવા તૈયાર નહોતી. દૂરબીનમાંથી દૂરદૂરનું દૃશ્ય જોઈ રહેલા અમિતને સાવ નજીકનું એક નાટક દેખાડવા અલકાએ પરંજયને વધારે પ્રગાઢ કોટી કરી, અને આ વખતે તો, બેઠકોના વચ્ચેના માર્ગથી પસાર થઈ જવાને બદલે એ દૂરબીનની દૃષ્ટિ-રેખામાં જાણે કે ખોટકાઈને ઊભી જ રહી ગઈ. આ ક્ષણે એની પ્રદર્શનશોખી અને પરપીડક મુખરેખાએ જાણે કે બા–પોકાર કહી રહી હતી: હવે તો મારી સામે જોવું જ પડશે, અમિત, જખ મારીને જોવું પડશે !

આખરે અમિતને આ પૂર્વયોજિત પ્રદર્શન જોવું જ પડ્યું. ચોપગી ‘ ચકોરી ’ વિનમાં પહોંચી ગયા પછી અમિતે આંખેથી બાયનોક્યુલર્સ ઉતારતાં પહેલાં સહેજ નીચા કોણ પર વાળ્યાં કે તુરત એના દૂરદર્શક કાચમાં અલકા–પરંજયની પ્રતિમા ... વાસ્તવિક કદ કરતાં તો અનેક-ગણા મોટા કદની પ્રતિમા ... તરવરી રહી. એકબીજાને આલિંગીને ઊભેલા એ બે મિત્રો જાણે કે જુગજુગનાં પ્રેમીઓ હોય એવી રીતે અમિતની આંખમાં આવી સમાયાં.

અમિત આનંદી ઊઠ્યો. હરખભેર એ નીચે દોડી ગયો. આવેશભેર બન્ને મિત્રોને ભેટી પડતાં બોલી ઊઠ્યો :

‘ હલ્લો હની ! વોટ બ્રિંગ્ઝ યૂ હીઅર ? ’

આ ઉદ્‌બોધન તથા ઉમળકો જોઈને અલકાએ આઘાત અનુભવ્યો. એણે અમિત કનેથી આટલા બધા ઉત્સાહભર્યા આવકારની અપેક્ષા જ નહોતી રાખી. એની ધારણા તો એવી હતી કે અમને જોતાં વાર જ અમિતની આંખમાંથી ઈર્ષ્યાગ્નિ વરસવા લાગશે, એના ચહેરા પરથી નૂર ઊડી જશે, એનું રોમેરોમ સળગી ઊઠશે.

પણ અલકાની બધી જ ધારણાઓ ખોટી પડી. અમિતે એમને ઉમંગભેર આવકાર્યાં, એટલું જ નહિ, આગ્રહપૂર્વક કલબમાં પણ લઈ ગયો.

‘ શું લેશો, બોલો ? ’ મિત્રોના હાથમાં ‘ મેનુ ’ મૂકીને અમિતે પૂછ્યું.

પરંજય તો મૂંગો જ રહ્યો. અલકા મિશ્ર ભાવો અનુભવી રહી : એક ભાવ હતો, અમિતને વ્યથા ઉપજાવવા યોજાયેલા સઘળા વ્યૂહ નિષ્ફળ ગયાનો ... બીજો એટલો જ ઉત્કટ ભાવ હતો, પોતે જેને અંતરને છાને ખૂણે આરાધી રહી હતી એ અમિતના ઉદારદિલના વર્તાવ પ્રત્યેનો અદકેરો મુગ્ધભાવ.

આ મોજીલી યુવતી ભોળાભોળા અમિત ઉપર એક ખતરનાક પ્રયોગ અજમાવી રહી હતી : પોતાના પ્રિય પાત્રને એ આ રીતે પજવવા પણ માગતી હતી, અને આ પજવણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વડે જ એના ઉપર પોતાનો વધારે પ્રબળ પ્રેમ ઢોળવવા ઇચ્છતી હતી.

એકીસાથે ચાલતી આવી બેવડી પ્રક્રિયાનું પરિણામ શું આવશે એ અલકા જાણતી નહોતી.

સંભવિત પરિણામના એ અજ્ઞાનને કારણે જ તો એ એક વધારે દુઃસાહસ કરવાને પ્રેરાઈ ને !

પરંજય સાથેના પ્રણય કે પરિણયમાં અમિત જરા પણ રસ નથી લેતો, કશું કુતૂહલ પણ નથી બતાવતો એ જોઈને અલકાએ પોતાની આંગળી પર પહેરેલી હીરાની વીંટી એને બતાવી. 'આ રીંગ જોઈ કે, અમિત ?'

અમિતે આ અલંકારમાં રસ તો બતાવ્યો, પણ એ રસ કેવળ બાલસુલભ જ હતો. નાનું બાળક નવું રમકડું જોઈને એને આમથી તેમ નીરખવા મંડી જાય એવી અદાથી અમિત આ અલંકારનું અવલોકન કરવા લાગ્યો અને પછી ઝવેરાતના વેપારીની જેમ નિરપેક્ષ વ્યવસાયી દૃષ્ટિએ આ વીંટી અંગે પ્રશ્નો પૂછવા માંડ્યા : આમાં કેટલા હીરા છે ? કેટલી રતી વજન છે ? સોનું કેટલું ? કેટલા કેરેટનું ?

અલકા પોતાની કમળદૂંખ સમી કરાંગુલિ પર ઝળહળતા હીરાનો આ મહામૂલો અલંકાર બતાવી રહી હતી—પરંજય-ના હૃદયપ્રેમનું પ્રતીક પ્રદર્શિત કરી રહી હતી—ત્યારે અમિતને મોઢેથી આવા ટાઢાબોળ પ્રશ્નો સાંભળીને આ પ્રમદા પોતે જ ટાઢીબોળ થઈ ગઈ. અરે, વીંટીમાં ઝગમગતા આગના તણખા જેવા નાના હીરા આ માણસના હૃદયમાં અદેખાઈનો અગ્નિ કેમ નથી પેટવતા ? અમિત તો આ મહામૂલા ઘરેણાને જુએ છે ને મનમાં મલકે છે ! એના મલકતાં મોઢા ઉપર ઉદ્વેગની આછીપાતળી રેખા પણ કેમ નથી કળાતી ? ક્યાં ગયો એની અંદરનો પેલો સનાતન પુરુષ ... જે આવે પ્રસંગે તત્કાળ તલવાર ખેંચીને દ્વંદ્વયુદ્ધ ખેલી નાખતો એ ?

અમિતના વર્તનથી અલકા અકળાઈ ઊઠી. ફરી એના માનસમાં બેવડી સમાંતર પ્રક્રિયાઓ શરૂ થઈ. પોતાના 'ફિયાંસે'ની હાજરીમાં—એક પ્રતિસ્પર્ધીની હાજરીમાં-પણ–અમિતનો સ્થિતપ્રજ્ઞ શો મનોભાવ જોઈને અલકાને ભારોભાર ચીડ ચડી અને સાથોસાથ, અમિતની અનાસક્તિ અને સહિષ્ણુતા જોઈને, અલકાના હૃદયમાં એના પ્રત્યે જે આદરભાવ હતો એ દ્વિગુણિત બનતો ગયો.

અલકાનો મનોભાવ પારખી ગયો હોય એમ અમિતે આજે જાણે કે પોતાના મિત્રોનું વાગ્દાન ઊજવવા કલબમાં 'પારસી જ્યાફત' જેવું કરી નાખ્યું. ખુદ વેઈટરોને પણ નવાઈ લાગી કે રેસ અધૂરી મૂકીને બાબુસાહેબે અહીં શા માટે રંગત જમાવી દીધી છે !

અમિતનો આજનો વર્તાવ એવો સાહજિક લાગતો હતો કે ખુદ પરંજય પણ એ જોઈને કોઈક વિચિત્ર પ્રકારનો ભય અનુભવી રહ્યો. એના મનમાં ઊંડેઊંડે એક અંદેશો ઊપજતો હતો કે અલકા તો અત્યારે હેતુપૂર્વક નાટક ભજવી રહી છે, પણ અમિત પોતે પણ તખ્તા પરની અદાકારી જ કરી રહ્યો છે કે શું ?

ગમે તેમ હોય, પણ છેલ્લી રેસ પૂરી થયા પછી અલકા મહાલક્ષ્મી પરથી પાછી ફરી ત્યારે એનું મનોગત બદલાઈ ચૂક્યું હતું. એનામાં રહેલી પરપીડક સ્ત્રી, આ ઉદાત્ત યુવાનની પજવણી કરવા બદલ પારાવાર પશ્ચાત્તાપ અનુભવી રહી હતી.

એ રાતે અલકાને ઊંઘ ન આવી. અજંપો વેઠી રહેલ એના ચિત્તતંત્રે જીવનનો એક મહત્ત્વનો નિર્ણય કરી નાખ્યો.

બીજે દિવસે સાંજે રોજને રાબેતે એ કલબમાં તો ગઈ, પણ પરંજય સાથે ટેબલ-ટેનિસ ખેલવા માટે નહિ—આજ સુધીના આવા ખેલતમાશાનું 'ખતમ શુદ' કરવા જ.

મૂંગેમૂંગે એણે આંગળી પરથી વીંટી ઉતારી અને યંત્રવત્ પરંજયના હાથમાં ધરી દીધી.

સ્તબ્ધ બનેલો પરંજય એવો તો અવાક્ બની ગયો કે પીઠ ફેરવીને ઊભેલી અલકાને એ કશું કારણ પણ પૂછી ન શક્યો. આ અણધારી ઘટનાથી એના હોઠ જાણે કે સિવાઈ ગયા ... માનસ જાણે કે બહેર મારી ગયું ... આંખ સામે જાણે કે અંધારી બંધાઈ ગઈ.

આખરે જ્યારે એ અંધારી દૂર થઈ અને હોઠ ઊઘડી શક્યા ત્યારે અલકા ધીમાં ડગ ભરતી દરવાજા બહાર જઈ રહી હતી.

પોતાને પરહરીને જઈ રહેલી પ્રેયસીને ઊભી રાખીને કશી પૂછગાછ કરવાના પરંજયમાં હવે હોશ નહોતા રહ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિંગપોંગ ટેબલ ઉપર ક્યાંય સુધી પરંજય શૂન્યમનસ્ક બનીને એકલો ઊભો રહ્યો. પરિચિત મિત્રોએ આજે પહેલી જ વાર અલકાની ગેરહાજરી જોઈ ને એને દ્વિઅર્થી પ્રશ્નો પણ પૂછ્યા : 'વ્હેર ઇઝ યોર પાર્ટનર ?' જવાબમાં પરંજય ફિક્કું હાસ્ય વેરીને નિરુત્તર જ રહેતો હતો. અલકા અત્યારે ક્યાં હશે એ તો પરંજય પોતે પણ ક્યાં જાણતો હતો કે પૃચ્છકોને કશો ઉત્તર આપી શકે !

અલકા ક્યાં ગઈ છે, કોની સાથે ગઈ છે, એ તો પરંજય મોડેમોડે ક્લબમાંથી વ્યથિત હૃદયે ઘર તરફ પાછો ફરતો હતો ત્યારે જ જાણવા મળ્યું. પોતાની 'ડિસોટો'-માં એ પેડર રોડ પરથી પસાર થતો હતો ત્યારે સામેથી આવતી કન્વર્ટીબલ 'કેડિલેક'ની આગલી બેઠક પર બેઠેલાં બે માણસોના ચહેરા વરતાયા ત્યારે જ આ વ્યગ્રચિત્ત યુવાનને ખ્યાલ આવ્યો કે આજે પહેલી જ વાર મારી બાજુની બેઠકમાં એક વ્યક્તિની જગ્યા ખાલી છે, અને એ વ્યક્તિએ, સામેથી આવી રહેલી ગાડીમાં સ્થાન લીધું છે.

એ ગાડી હતી, વરલીના દરિયા પરથી પાછા ફરી રહેલા અમિતની અને એને કોટી કરીને બેઠેલી યુવતી હતી અલકા.

બન્નેને દૂરથી ઓળખ્યા પછીની થોડીક ક્ષણોમાં તો પરંજય જાણે કે જિવાઈ ગયેલી આખી જિંદગીની પરકમ્મા ફરી આવ્યો. વાહનવ્યવહારના નિયમ મુજબ તો પરંજયે સામી ગાડીની નજીક જતાં પોતાની હેડલાઈટ બુઝાવી નાખવી જોઈતી હતી. પણ સામેની ગાડીમાં એકબીજાના આશ્લેષમાં પડેલા યુગલને અવલોકવા આડે પરંજય 'સ્વીચ ઑફ' કરવાનું વીસરી જ ગયો તેથી 'કેડિલેકે' પણ હેડલાઈટ ચાલુ કરવી પડી.

સામસામાં ફેંકાયેલા ધોધમાર પ્રકાશના શિરોટાઓ વચ્ચે પરંજયની આંખ સમક્ષ વિચિત્ર પ્રકાશકિરણો ઝબકી ઊઠ્યાં... એ હતા પેલી પાછી ફરેલી વીંટીના હીરાઓમાંથી ફૂટતા ઝળહળતા તેજ-લિસોટા. એના એકેક કિરણમાંથી જાણે કે એકેક અલકા દેખાતી હતી. એમાંથી કઈ અલકાને સાચી ગણવી ? પોતાની સાથે વિવિધ પ્રેમોપચાર કરી રહેલી વિવિધ મુદ્રાધારી અલકાઓ કે અત્યારે અમિતની સાથે ચાર આંખના કેફી પીણામાં ચકચૂર બનીને, એની છાતી પર માથું ઢાળીને પડેલી મત્ત અલકા ?

વિરાટદર્શન સમી ક્ષણાર્ધની આ વિવર્તલીલા પરંજયને વસમી પડી ગઈ. એનાં અંગેઅંગ જાણે કે ઠુંગરાઈ ગયાં. હાથમાંથી સ્ટીઅરીંગ-વ્હીલ સરકી ગયું.

ગાડીની વેગીલી ગતિ અટકાવવા એણે જોરદાર બ્રેક તો મારી પણ તેથી તો સ્ટીઅર વધારે બેકાબૂ બન્યું અને સીધો એ 'કેડિલેક'ના તોઝમાં જ જઈ ને અથડાઈ પડ્યો.

બ્રેકનો એ તીણો ચિત્કાર, પૈડાંનો ઘસરકો, પંખાનો પછડાટ, અથડામણનો આર્તનાદ, બંગલાઓમાં સૂતેલા સુખી જીવોનો સળવળાટ, 'કોઈ મરી ગયું !'ની આગાહી, 'અરે, આ તો આપણો પરંજય !'નો ઉદ્‌ગાર, માણસોનું ટોળું, પોલીસનું આગમન, પંચના સાક્ષીઓ, એમ્બ્યુલન્સ, હૉસ્પિટલ, મોર્ગ-રૂમ, જ્યુરી, કોરોનર, અખબારોમાં સમાચાર, ફરી પાછી જીવનવ્યવહારની યાંત્રિક ઘટમાળ, અને એ સહુની એક માત્ર યાદ તરીકે અકાળે કુંઠિત થયેલા કેડિલા જીવનની વાંકીચૂંકી ખંડિત ભાગ્યરેખા સમો એ વરવો લોહીભીનો લિસોટો......*

---

* પ્રગટ થનાર વાર્તાસંગ્રહ 'અંતઃસ્રોતા'માંથી.

[અનુસંધાન પૃ. ૩૧૨થી]

વિષયમાં કશી જ સંક્રાંતિ કર્યા વગર પૂછ્યું: “તમારી દરખાસ્તો વિશે મારા પતિ શું કરવા માંગે છે ?” છૂટા પડતી વખતના શબ્દો ઉપરથી હું વધારામાં એટલું પણ સમજી શક્યો કે પેલા એજન્ટ વિશે અને મારા વિશે એમના મનમાં કંઈક ગોટાળો થઈ ગયો હતો. નહીં તો, મને લાગે છે કે એમણે મારી જોડે વધારે નિખાલસતાપૂર્વક વાતો કરી હોત.

પછી હું દાદરો ઊતરી ગયો. ઉતરાણ ચડાણ કરતાંયે વધારે થકવી નાખનારું નીવડ્યું—જો કે, ચડાણ પણ કંઈ સહેલું તો નહોતું જ લાગ્યું. અરેરે, કેટલી બધી ધંધાદારી મુલાકાતો આમ નિષ્ફળ જાય છે, ને છતાં માણસે એવા પ્રયત્નો ચાલુ તો રાખવા જ જોઈએ.

વિલેપાર્લે, ૨૪-૭-'૫૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિણીત યુગલ

મૂળ લેખક : ફ્રાન્ઝ કાફ્કા, અનુ. : ગુલાબદાસ બ્રોકર

[ફ્રાન્ઝ કાફ્કા (૧૮૮૩-૧૯૨૪) : જીવ્યો તો ફક્ત એકતાળીસ જ વર્ષ, પણ એટલી નાની જિંદગી મળેલી હોવા છતાં પણ તેનાં લખાણોથી યુરોપના સાહિત્યમાં એ ચિરસ્થાયી અસર મૂકી ગયો છે. ક્ષયની જીવલેણ બીમારીમાં તે વર્ષો સુધી સપડાયેલો રહ્યો તે છતાં તેની નવલકથાઓએ યુરોપની નવલકથાઓને નવી જ દિશા સુઝાડી. માનવીના આંતરમનમાં છુપાયેલી ગુનાની ભાવના, અને કોયડારૂપ આ વિશ્વમાં પોતે તો એક આગંતુક પ્રાણી માત્ર છે એ ભાવને એ અનોખી રીતે જ સ્પર્શે છે, અને અત્યાર સુધી નવલકથા માટે ન વપરાયેલી એવી કથનરીતિનો એ એવો અદ્ભુત પ્રયોગ કરે છે કે વીસમી સદીના યુરોપના લેખકોમાં તેનું સ્થાન અજોડ ગણાય છે—લખી છે તો તેણે માત્ર ત્રણચાર જ નવલકથાઓ, તે છતાં પણ.

ટૂંકી વાર્તાઓ તેની ઝાઝી નથી અને છે તે પણ તેની નવલકથાઓ જેટલી વિશ્વવિખ્યાત નથી, છતાં પણ તેની અસાધારણ પ્રતિભા, માનવીમનનાં અગોચર ઊંડાણોમાં છુપાયેલા ભાવ તેની પાસે કેવું વર્તન કરાવે તેનું અદ્ભુત જ્ઞાન, અને તેનું સચોટ અને સબળ આલેખન કરવાની તેની શકિત, તેની ટૂંકી વાર્તાઓને પણ માત્ર રસમય જ નહીં, અત્યંત અભ્યાસયોગ્ય પણ બનાવે છે. આપણા વાચકવર્ગને પણ આવા વિશ્વવિખ્યાત કલાકારની કૃતિમાં રસ પડશે એમ ધારી The Married Couple નામની તેની વાર્તાનો આ અનુવાદ અહીં રજૂ કરું છું. —અનુવાદક]

હરેક જાતના વેપારધંધાની હાલત એટલી ખરાબ થઈ ગઈ છે કે જ્યારે ઑફિસમાંના મારા કામમાંથી થોડો ઘણો સમય મને ફાજલ મળે છે, ત્યારે કોઈ કોઈ વાર હું પોતે જ સૅમ્પલનાં બંડલોને મારા હાથમાં ઊંચકી લઉં છું ને મારા ઘરાકો પાસે હું જાતે જ પહોંચી જાઉં છું. ઘણા લાંબા સમયથી, બીજાઓની સાથોસાથ ન...ની પાસે પણ પહોંચી જવાનો મારો ઇરાદો હતો. એક વેળા તો તેમની જોડે મારે ચાલુ વ્યાપારી સંબંધો હતા, પણ મને પણ ખબર નથી એવા કોઈ કારણથી, છેલ્લા એક વર્ષમાં, એ સંબંધો લગભગ પૂરેપુરા પ્રમાણમાં નહિવત્ થઈ ગયા છે. ઉપરાંત, આવાં આવાં કમભાગ્યો માટે કંઈ સધ્ધર કારણો હોવાની જરૂર પણ હોતી નથી. અત્યારની ડામાડોળ પરિસ્થિતિમાં તો, ઘણીયે વાર, કંઈ જ કરતાં કંઈ ન કહેવાય એવું કંઈક, એક શબ્દ માત્ર પણ, ત્રાજવાને એક બાજુ નમાવીયે દે અને એ જ રીતે, કંઈ જ કરતાં કંઈ ન કહેવાય એવું કંઈક, એક શબ્દ માત્ર પણ, એને પાછું સરખુંયે કરી દે. પણ છતાંય ન...ની પાસે પહોંચવું એ જરાતરા મુશ્કેલ કામ છે. એ વૃદ્ધ માણસ છે, વળી હમણાં હમણાં જરા અશક્ત પણ થઈ ગયેલા છે, ને, જો કે ધંધા સંબંધી બાબતોને એ પોતે પોતાને હાથે જ પતાવવાનો આગ્રહ રાખતા હોય છે તોયે, તેમની ઑફિસમાં તો એ ભાગ્યે જ મળતા હોય છે. એમની જોડે વાત કરવી હોય તો આપણે એમને ઘેર જ જવું જોઈએ; અને આ જાતની ધંધાદારી મુલાકાતને તો માણસ આગળ ધકેલ્યે રાખવાનું જ પસંદ કરે.

એમ છતાં પણ, કાલે સાંજે છએક વાગ્યા પછી હું એમને ઘેર જવા નીકળ્યો ખરું જોતાં એ કંઈ કોઈને ઘેર મળવા જવાનો સમય નહોતો, પણ મારું ત્યાં જવું એ તો ધંધાદારી કારણોને અંગે હતું, સામાજિક વ્યવહારને અંગે નહીં, ને એ રીતે જ એ ઘટાવવાનું. મારું નસીબ તેજ હતું. ન... ઘરમાં હતા. નોકરે કહ્યું કે બહારથી ફરીને હમણાં જ એ એમનાં પત્ની જોડે આવ્યા હતા, અને એમના બીમાર અને પથારીવશ પુત્રના ઓરડામાં ગયા હતા. મને એ ઓરડામાં જવાની વિનંતિ કરવામાં આવી. પહેલાં તો હું અચકાયો, પણ પછી, આ અણગમતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુલાકાતને જેમ અને તેમ જલદી પતાવી દેવાની મારી ઇચ્છાએ ત્રાજવું નમાવી દીધું, ને મેં મારી જાતને એ હતી તેવી જ—ઓવરકોટ ને હૅટ પહેરેલી, ને સૅમ્પલનાં બંડલથી લદાયેલી—એક અંધારા ઓરડામાંથી, જ્યાં એક નાની એવી મંડળી જામેલી હતી તેવા બીજા આછા પ્રકાશવાળા ઓરડામાં, દોરાઈ જવા દીધી.

કદાચ સહજ સૂઝથી જ, મારી પહેલી નજર તો મને ખૂબ જ પરિચિત એવા, અને અમુક અમુક બાબતોમાં મારા ધંધાદારી હરીફ જેવા એક કમિશન એજંટ ઉપર પડી. એટલે, આ તો મારાથી પણ પહેલાં અહીં પહોંચી ગયો, મને થયું. જાણે પોતે જ કોઈ ડૉક્ટર ન હોય તેવા દાઢમાદથી એ બીમાર માણસના પલંગ નજીક આરામથી બેઠો હતો. ને બેઠો હતોયે નફટાઈપૂર્વક, પોતાના સુંદર મોટા ઓવરકોટનાં બધાંયે બટનો ખુલ્લાં મૂકીને. તાવથી જરાતરા લાલ બની ગયેલા ગાલવાળો દરદી પણ ત્યાં સૂતો સૂતો, અને કોઈ કોઈ વાર પોતાના મુલાકાતી તરફ નજર નાખતો. નાખતો, કદાચ, પોતાના જ વિચારોમાં ડૂબેલો હતો. ન...નો એ પુત્ર પણ હવે કંઈ જુવાન રહ્યો નહોતો; મારી જ ઉંમરનો હોય એવડો તે લાગતો હતો. તેણે નાની એવી દાઢી રાખી હતી, ને આ માંદગીને કારણે તે સરખી ઓળેલી પણ નહોતી. ઊંચા, પહોળા ખભાવાળા, પણ હું આશ્ચર્યપૂર્વક જોઈ રહ્યો તેમ, ફેલાતા જતા કોઈ દરદને અંગે ખૂબ પાતળા પડી ગયેલા અને અશક્ત બની ગયેલા વૃદ્ધ ન... હજી પણ, પોતે જે ફરનો કોટ પહેરીને એ ઓરડામાં દાખલ થયા હતા એ જ કોટ પહેરેલા હતા, અને પોતાના પુત્રને ઉદ્દેશીને ન સમજાય એવું કંઈક બબડી રહ્યા હતા. બટકાં, પાતળાં, છતાં અત્યંત પ્રાણમય,—પણ એ તો એમના પતિ જોડે વાત કરે ત્યારે જ, અમને બીજાઓને તો તે ભાગ્યે જ જોતાં પણ હતાં,—એવાં એમનાં પત્ની તેમનો કોટ ઉતારવામાં મદદ કરી રહ્યાં હતાં. પણ એ બન્ને વચ્ચેની ઊંચાઈનો ભેદ જોતાં એ કામ થોડુંઘણું મુશ્કેલ હતું. છતાં છેવટે એ પણ પાર પડ્યું. ખરેખર, ખરી મુશ્કેલી તો કદાચ ન...ની અધીરતાને અંગે જ પેદા થઈ હશે, કારણ કે આખો વખત અધીરા હાથે એ આરામખુરશીને ખોળી રહ્યા હતા. ઓવરકોટ ઊતરી ગયો કે તરત જ એમનાં પત્નીએ એ ખુરશી એમના તરફ ધકેલી. પછી પત્નીએ પોતે તે ફર કોટને ઊંચકી લીધો—એની નીચે એ પોતે પણ લગભગ અદૃશ્ય થઈ જતાં હતાં—ને બહાર ચાલ્યાં ગયાં.

મને લાગ્યું કે આખરે હવે મારે માટે યોગ્ય પળ આવી પહોંચી છે અથવા, કહેવું હોય તો એમ પણ કહી શકાય કે એ પળ આવી પણ નહોતી, ને કદાચ, કદીયે આવવાની પણ નહોતી. છતાં જો મારે કંઈ પણ કરવું હોય તો તે તત્કાળ જ કરી નાખવું જોઈએ, કેમ કે, મને લાગ્યું કે ધંધાદારી મુલાકાત માટેની સ્થિતિ અહીં વધારે ને વધારે પ્રતિકૂળ થતી જવાની. ને સદાસર્વદા માટે અહીં જ ખોડાઈ રહેવાની, ને એ રીતે ધંધો પાર પાડવાની ઉપરટપકે જોનારાને પણ સહેજે દેખાઈ આવે એવી પેલા એજન્ટની જે રીત હતી, તે રીત પણ મારી નહોતી. ઉપરાંત, એ એજન્ટ તરફ તો મારું લગીર પણ લક્ષ ગયું છે એવું મારે બતાવવું પણ નહોતું. એટલે તો કોઈ પણ જાતના ઉપચાર વિના મેં મારી ધંધાની વાત શરૂ કરી દીધી—જો કે મેં જોયું તો ખરું જ કે એ પળે ન...ને પોતાના પુત્ર જોડે વાત કરવી વધારે પસંદ પડી હોત. કમભાગ્યે મારી ટેવ એવી છે કે હું જ્યારે રંગમાં આવી જાઉં છું—ને એમ રંગમાં આવી જતાં મને ઝાઝો વાર લાગતી નથી, ને આ વખતે તો હમેશ કરતાં પણ ઓછી વાર લાગી હતી—ત્યારે વાત કરતાં કરતાં ઊભો થઈને આમતેમ આંટા મારવા મંડું છું. જો કે, પોતાની જ ઑફિસમાં તો આ વ્યવસ્થા ઘણી જ સારી ગણી શકાય, પણ કોઈ અજાણ્યા ઘરમાં તો એ થોડોઘણો બોજારૂપ પણ બની રહે. પણ હું મારી જાતને રોકી ન શક્યો; મારી હમેશની સિગારેટની ખોટ મને સાલવા લાગી, એટલે તો ખાસ. વારુ, દરેકે દરેક માણસને પોતાની ખરાબ ટેવો હોય છે, પણ જ્યારે પેલા એજન્ટની ખરાબ ટેવનો હું વિચાર કરું છું ત્યારે મારી જાતને હું અભિનંદન પણ આપી શકું છું. કારણ કે, દાખલા તરીકે, દર થોડી મિનિટે, ઓચિંતાની અને તદ્દન અણધારી રીતે, પોતાની હૅટને ધડ દઈને એ પોતાના માથા ઉપર બેસાડી દેતો હતો તે વર્તણૂકને વિશે, તે હકીકતને વિશે, બચાવમાં કહી પણ શું શકાય? એ પહેલાં તો એ હૅટને એણે પોતાના ગોઠણ ઉપર રાખી મૂકી હતી, ને ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને ત્યાં જ એ એને ધીમે ધીમે ઊંચીનીચી કર્યા કરતો હતો. એ ખરું કે પોતે જાણે કંઈ ભૂલ કરી બેઠો હોય તેમ તેણે તરત જ માથા પરથી હૅટ ઉતારી લીધી, પણ છતાં, એક બે પળ માટે તો એણે એ હૅટ પહેરી લીધી હતી જ; ને એ ઉપરાંત, દર થોડી મિનિટે એ આ ને આ નાટકનું પુનરાવર્તન કરી રહ્યો હતો. ખરેખર, આવી વર્તણૂકને તો અક્ષમ્ય જ ગણવી જોઈએ. પણ એથી મને કંઈ અડચણ ન આવી. હું તો મારે, તેના તરફ તદ્દન ઉપેક્ષા રાખીને આમથી તેમ આંટા માર્યે જતો હતો, ને ધંધાની મારી દરખાસ્તો રજૂ કર્યે જતો હતો. પણ એવાં ઘણાંય લોકો હોય છે જેમને પેલી હૅટવાળી યુક્તિએ તદ્દન ઢીલાં બનાવી દીધાં હોત. છતાં જ્યારે પૂરેપૂરા રંગમાં આવી ગયો હોઉં ત્યારે હું આવી આવી ઉશ્કેરાટ પેદા કરનારી વાતોની જ નહીં, પણ બીજી પણ કોઈ વાતની દરકાર કરતો નથી. એ ખરું છે કે જે કંઈ બનતું હોય તે હું જોઉં છું ખરો, પણ જ્યાં સુધી મારી વાત હું પૂરેપૂરી કરી ન રહું, કે બીજો કોઈ અંતરાય એમાં ઊભો કરવામાં ન આવે ત્યાં સુધી હું એ કશાને, એક રીતે કહીએ તો, મારી ચેતના સુધી પ્રવેશ પામવા જ દેતો નથી. એમ, દાખલા તરીકે, હું બરાબર જોઈ શક્યો કે મારી વાતને ગ્રહણ કરવાની માનસિક સ્થિતિમાં ન... નહોતા. ચેન ન પડતું હોય તેમ એમની ખુરશીના હાથા પકડીને તે આમથી તેમ મરડાતા હતા, ને મારી સામે તો એક પળ માટે નજર સુધ્ધાં નાખતા નહોતા. પણ જાણે કશુંક ત્યાંથી ખોળી કાઢવા મથતા હોય તેમ ખાલી ખાલી નજરથી તે શૂન્યતામાં તાકી રહ્યા હતા, ને એમનો ચહેરો તો એટલો બધો કોઈ પણ ભાવ વિનાનો બની ગયો હતો કે કોઈને પણ લાગે કે હું કહી રહ્યો હતો તેમાંનો એક અક્ષર સુધ્ધાં, અરે! મારી ત્યાંની ભૌતિક હાજરીનું જ્ઞાન સુધ્ધાં, તેમના ચિત્ત સુધી પહોંચ્યું નહોતું. હા રે હા, બીમાર માણસોની જે વર્તણૂકને હું અપશુકનિયાળ ગણું છું તેવી તેમની આખીયે વર્તણૂક હું બરાબર સમજી શકતો હતો. પણ છતાંયે, જાણે મારી વાતોથી, જે લાભદાયક શરતો હું તેમની પાસે રજૂ કરતો હતો તે શરતોથી, જે છૂટછાટો હું તેમની સામે ધરતો જતો હતો—જે છૂટછાટની મારી પાસે કદી માગણી પણ કરવામાં નહોતી આવી, ને જે છૂટછાટોના ઉચ્ચારણથી હું પોતે જ ગભરાતો જતો હતો—તે છૂટછાટોથી, બગડેલી બાજીને હજીયે સુધારી જવાનો કંઈક અવકાશ હોય તે રીતે હું વાતો કરતો જ ગયો. પેલા એજન્ટે તેની હૅટની સાથેની ચાલાકી હવે છોડી દીધી હતી, અને પોતાના બન્ને હાથો હવે તેણે પોતાની છાતી આસપાસ વીંટાળી લીધા હતા તે મેં એક ઊડતી નજરમાં જોઈ લીધું, ને તે વાતે મને થોડોઘણો સંતોષ પણ આપ્યો. મને લાગતું હતું કે મારા એ વ્યવહારે, ને મારે કબૂલ કરવું જોઈએ કે એ વ્યવહાર થોડેઘણે અંશે તે એજન્ટના લાભાર્થે પણ યોજાયેલો હતો, તેની ધારણાઓને જબરજસ્ત ફટકો માર્યો હતો. જેને હું મારી યોજનાઓમાં અત્યાર સુધી માત્ર ગૌણ મહત્ત્વનો અંશ ગણતો હતો તે ન...ના પેલા પુત્રે જો ઓચિંતાં જ પોતાની કાયાને પલંગમાં ઊંચી ન કરી દીધી હોત અને મારી સામે મુક્કીઓ ઉગામીને મને બોલતો બંધ ન કરી દીધો હોત તો એ પરિણામથી પેદા થયેલા આનંદને અંગે હું હજીયે ઘણા લાંબા સમય સુધી બોલ્યે જ ગયો હોત. દેખાઈ આવતું હતું કે એ પુત્રને કંઈક કહેવું હતું, કશુંક ચીંધવું હતું, પણ તેનામાં પૂરતું બળ નહોતું. પહેલાં તો મને લાગ્યું કે તેનું મગજ આડુંઅવળું ભમે છે, પણ અજાણતાં જ જ્યારે મેં ન...ની સામે જોયું ત્યારે હું કંઈક વધુ સમજી શક્યો.

ત્યાં બેઠેલા ન...ની આંખો બહાર ધસી આવતી હોય ને પડી જવાની તૈયારીમાં હોય તેવી એકદમ પહોળી, ને કાચની હોય તેવી પલકારા વિનાની, બની ગઈ હતી. તે પોતે ધ્રૂજતા હતા, ને જાણે કોઈક એમને નીચે દબાવી રાખતું હોય કે તેમના ખભા ઉપર માર મારી રહ્યું હોય તેમ તેમની કાયા આગળ ધકેલાઈને નમી ગઈ હતી. તેમનો નીચલો હોઠ, ખરું કહીએ તો પેઢાંઓને ખુલ્લાં કરી બતાવતું તેમનું આખુયે નીચલું જડબું નિરાધાર લબડી રહ્યું હતું, ને એમનો આખોયે ચહેરો ખેંચાઈ ગયેલો લાગતો હતો. હજી તે શ્વાસ લઈ રહ્યા હતા, પણ તે પણ મુશ્કેલીથી. પણ પછી, જાણે કે મુક્તિ પામ્યા હોય તેમ પાછળ પછડાતા તે ખુરશીની પીઠ ઉપર ઢળી પડ્યા, આંખો મીંચી દીધી, કોઈ અસાધારણ તાણનું ચિહ્ન તેમના ચહેરા ઉપર ફરી વળી પાછું અદૃશ્ય થઈ ગયું, અને પછી તો—ખેલ ખલાસ! કૂદીને હું તેમની નજીક જઈ પહોંચ્યો અને તેમનો જીવનરહિત હાથ મેં પકડી લીધો. એ એટલો ઠંડો હતો કે એના સ્પર્શથી મારા શરીરમાં પણ શીતની એક ધ્રુજારી વ્યાપી ગઈ. હવે તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાડી પણ ધબકતી નહોતી. તો, એ એમ જ હતું—ખેલ ખલાસ! તોયે, એ તો ખૂબ જ ઘરડા પુરુષ હતા. આપણને બધાંને પણ આવું સરળ મૃત્યુ મળે તો આપણે નસીબદાર ગણાઈએ. પણ કરવાનું તો કેટલું બધું હતું! ને આ સ્થિતિમાં પહેલું શું કરવું જોઈએ? મદદ માટે મેં આજુબાજુ નજર કરી. પણ એમનો પુત્ર તો રજાઈ ઓઢી ગયો હતો, ને એનાં મોટાં મોટાં ડૂસકાંઓનો અવાજ મને સંભળાતો હતો ને માછલી જેવો ઠંડો ઠંડો પેલો એજન્ટ તો પોતાની ખુરશી ઉપર, ન...થી બે જ ડગલાં દૂર, હલ્યાચલ્યા વિના બેસી રહ્યો હતો. કશું જ ન કરવાનો, ને સમય વીતતાં જે થાય તેને માટે રાહ જોવાનો નિર્ણય તેણે કરી લીધો હતો એમ દેખાઈ આવતું હતું. એટલે, કશુંક પણ કરવાને હું જ, માત્ર હું જ, બાકી રહ્યો હતો. ને તે કશુંક કરવું એ કોઈને પણ માટે સૌથી મુશ્કેલ કાર્ય હતું. સહી શકાય એવા કોઈક સ્વરૂપમાં—બીજા શબ્દોમાં કહીએ તો જે સ્વરૂપ અસ્તિત્વ જ ધરાવતું નહોતું એવા સ્વરૂપમાં—એમનાં પત્નીને એમના મૃત્યુની ખબર આપવાનું એ કામ હતું, ને એમનાં આતુર હરફર કરતાં પગલાં બાજુના ઓરડામાં સંભળાવા પણ લાગ્યાં હતાં.

બહારથી આવ્યાં હતાં તે જ કપડાં હજીયે પહેરી રાખીને—એ કપડાં બદલી લેવાનો સમય એમને મળ્યો નહોતો,—ને સગડી પાસે રાખી તપાવેલું પોતાના પતિને રાતના પહેરવાનું ખમીસ હાથમાં લઈને તે અંદર આવ્યાં. અમને આમ તદ્દન સ્થિર બેઠેલા જોઈને તેમણે હસીને ડોકું ધુણાવ્યું ને કહ્યું: "એ ઊંઘી ગયા છે." અને જે હાથને મેં પળ પહેલાં જ અત્યંત ભય અને ઘૃણાના ભાવ સહિત પકડ્યો હતો તે હાથને તેમણે નિર્દોષ માણસોને સહજ એવા અનંત વિશ્વાસના ભાવપૂર્વક પોતાના હાથમાં લીધો, રમત કરતાં હોય એ રીતે એને ચૂમ્યો, અને—બાકીનાં અમે ત્રણે માણસો એ દૃશ્ય સહન જ શી રીતે કરી શક્યાં હઈશું?—ન... હસ્યા, મોટેથી તેમણે બગાસું ખાધું, પોતાનું રાતના પહેરવાનું ખમીસ તેમણે પહેરાવા દીધું, આટલે લાંબે સુધી ચાલીને વધારે પડતું થાકી જવાય એટલો શ્રમ લીધા બદલ પત્નીએ આપેલો કોમળ ઉપાલંભ તેઓ ખીજ અને કટાક્ષના ભાવોના મિશ્રણ સહિત સાંભળી રહ્યા, અને વિચિત્ર લાગે એવું તો એ બન્યું કે એના જવાબમાં—બેલાશક તેમનાં પત્ની બતાવતાં હતાં તેથી ઊંઘી જવા માટેનું જુદું જ કારણ બતાવવા માટે—પોતે વાજ આવી ગયા હતા તેનું કંઈક કહ્યું. પછી, બે ઓરડાઓ વચ્ચેના ભીનાશવાળા ભાગમાંથી ચાલીને જતાં પોતાને શરદી થઈ જાય એ કારણે તત્કાળ પૂરતા તો તે પોતાના પુત્રના પલંગમાં જ સૂઈ ગયા. અગાઉ જે બધું બની ગયું હતું તે જોતાં મને આમાં કશું બેહૂદું ન લાગ્યું. પછી તેમણે સાંજનું છાપું માગ્યું, મહેમાનો તરફ લગીર પણ ધ્યાન આપ્યા સિવાય તેને ઉઘાડ્યું, પણ વાંચ્યું નહીં, માત્ર આમતેમ તેના ઉપર નજર ફેરવી, ને અમારી દરખાસ્તો ઉપર તદ્દન અણગમતા થઈ પડે એવા ઘણા ઉદ્ગારો કાઢ્યા. એ ઉદ્ગારો આશ્ચર્યમાં ગરકાવ કરી દે એવી તેમની કાબેલિયતના નિર્દેશક હતા. તેમનો છૂટો રહેલો હાથ તેમણે તિરસ્કારપૂર્વક આમથી તેમ હલાવ્યો, અને જીભમાંથી ડચકારા બોલાવીને તેમણે અમને જણાવી દીધું કે ધંધા સંબંધીની અમારી નીતિરીતિએ તેમના મોંમાં એક જાતનો બદસ્વાદ આણી દીધો હતો. પેલો એજન્ટ કવખતનાં કહેવાય એવાં એકબે વાક્યો બોલ્યા વિના રહી ન શક્યો. ખરેખર, તેની લાગણીજડ રીતે તેને લાગ્યું હશે કે જે કંઈ બની ગયું હતું તે પછી તેણે પણ કંઈક વળતર મેળવવાની જરૂર હતી, પણ એ વળતર મેળવવાની જે રીત એણે પસંદ કરી એથી વધારે ખરાબ રીત એ ભાગ્યે જ પસંદ કરી શક્યો હોત. બની શકે એટલો જલદી હું ત્યાંથી ચાલતો થયો. મનમાં ને મનમાં મેં એ એજન્ટનો પાડ પણ માની લીધો, કેમ કે જો ત્યાં એ હાજર ન હોત તો ત્યાંથી નીકળી જવાનો નિર્ણય હું એટલો વહેલો ન કરી શક્યો હોત.

લૉબીમાં મને ફરી મિસિસ ન...નો ભેટો થઈ ગયો. કરુણાજનક લાગતી એ આકૃતિને જોતાંવેંત જ મેં લાગણીપૂર્વક કહ્યું કે તમને જોતાં મને મારી મા થોડી ઘણી યાદ આવી જતી હતી. તે મૂંગાં રહ્યાં એટલે મેં ઉમેર્યું: "લોકો ગમે તે કહે પણ તે અજબગજબનાં પરિણામે લાવી શકતી, જે ચીજોને અમે ભાંગી તોડી નાખતા તેમને એ ફરીથી સાજી સમી કરી શકતી. હું જ્યારે હજી બાળક હતો ત્યારે જ મેં એને ગુમાવી." ઇરાદાપૂર્વક હું ખાસ ધીમે ધીમે અને ચોખ્ખું સાંભળી શકાય એમ શબ્દો છૂટા પાડીને બોલ્યો હતો, કેમ કે મેં ધાર્યું કે ડોસીમા બિચારાં સાંભળી ઓછું શકતાં હશે. પણ એ તો સાવ બહેરાં જ હશે કેમ કે તેમણે તો અગાઉના

[અનુસંધાન પૃ. ૩૦૮ ઉપર]

[સંસ્કૃતિ, ઑગસ્ટ '૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજની મરાઠી ટૂંકી વાર્તા*

પ્રા. મ. ના. અદવંત અનુ. ગોવિંદરાવ ભાગવત

નવી ટૂંકી વાર્તાના આ ચાર અગ્રણીઓની સાથે અનેક નવા વાર્તાલેખકો ટૂંકી વાર્તાના ક્ષેત્રમાં ખૂબ માનભર્યો ઉમેરો કરે છે. એ દરેકનું વિસ્તારપૂર્વક અવલોકન કરવું શક્ય ન હોય તો પણ તેમનો ગૌરવપૂર્વક નામનિર્દેશ કરવો આવશ્યક છે. 'લામણદીવા'ના લેખક દિ. વા. મોકાશી, કવિતાની સાથોસાથ ટૂંકી વાર્તાના ક્ષેત્રમાં પણ સ્વૈરપ્રતિભાથી વિહાર કરતા મનમોહન નાતૂ, 'સુખદુઃખ'ના લેખક ઉમાકાન્ત ઠોમરે. આ લેખકોનું આ ક્ષેત્રમાંનું કામ સ્પૃહણીય છે અને સંગ્રહોના રૂપમાં તે વાચક પાસે આવ્યું જ છે. પણ જેઓના સંગ્રહ પ્રસિદ્ધ થયા નથી એવા 'શશીકાન્ત પુનર્વસુ,' 'મૌજ'માં લખનાર 'માણુસ,' સદાનંદ રેગે, રણુજિત દેસાઈ, ઇત્યાદિ જેવા લેખકોનો ખાસ ઉલ્લેખ કરવો જોઈએ. નવી વાર્તાનાં બધાં લક્ષણો આમની વાર્તાઓમાં ન દેખાતાં હોય તો પણ વિષયોની વિવિધતા, સૂક્ષ્મ નિરીક્ષણ, ઉત્કૃષ્ટ સ્વભાવચિત્રણ અને આકર્ષક નિવેદનશૈલી—એ બધા ગુણ આ લેખકોની વાર્તાઓમાં વત્તાઓછા પ્રમાણમાં દેખાઈ આવે છે. ખાસ કરીને 'શશીકાન્ત પુનર્વસુ' અને 'મૌજ'માં લખતાર 'માણુસ' આ બે ઉપનામ ધારણ કરવાવાળા લેખકોનો ખાસ ઉલ્લેખ કરવો જોઈએ. શશીકાન્ત પુનર્વસુ-એ આજ સુધીમાં કેટલીએ ઉત્કૃષ્ટ વાર્તાઓ લખી છે. માનવસ્વભાવના વિવિધ નમૂનાઓ અત્યંત આકર્ષક સ્વરૂપે એમણે આપણી આગળ અનેક વાર્તાઓ દ્વારા રજૂ કર્યા છે. એમની રમતિયાળ લેખનશૈલી અને પોતાના અનુભવના ક્ષેત્રમાંથી વીણેલા પ્રસંગો ચૂંટી કાઢવાની તેમની પદ્ધતિ વિશેષ ઉલ્લેખનીય છે. 'મૌજ'માંના 'માણુસ' વિશે પણ મને આવું જ કુતૂહલ થાય છે. દર અઠવાડિયે એક ઉત્કૃષ્ટ સમાજચિત્ર દોરનારા આ લેખકની પ્રતિભા અને નિરીક્ષણ અસામાન્ય હોવાં જોઈએ એની શંકા નથી. 'પ્રસાદ'ની ટૂંકી વાર્તાની હરીફાઈમાં "ભૈરવ" નામની ટૂંકી વાર્તા લખીને ત્રીજું ઇનામ લેનારા રણુજિત દેસાઈની પણ ગ્રામીણ વાર્તા કસદાર અને વાસ્તવિક લાગે છે. ગ્રામીણ વાર્તાના ક્ષેત્રમાં ભિલવડીના ભોસલે અને વ્યંકટેશ માડગૂળકરના ભાઈ ગ. દિ. માડગૂળકર એ બે નામો પણ ઝટ દઈને યાદ આવે છે. સદાનંદ રેગેની પ્રતિભા ગોખલે-ગાડગીલને પગલે પગલે ચાલે છે અને તેને લીધે નવી વાર્તાની કેટલીક વિશિષ્ટતાઓ એમની વાર્તાઓમાં પણ જણાઈ આવે છે. આ બધા તરુણ લેખકોએ મરાઠી ટૂંકી વાર્તાના ક્ષેત્રને સારી પેઠે સજાવવાનું મન પર લીધું હોય એમ દેખાય છે.

જૂની પેઢીના અને જૂની પરંપરાના કેટલાક લેખકો પણ આજે ટૂંકી વાર્તામાં ઠીક ઠીક ઉમેરો કરે છે એ તરફ આંખ આડા કાન કર્યે ચાલશે નહીં. જૂની પેઢીના લેખકો-માંથી કેટલાકનું લેખન સાવ બંધ પડ્યું, કેટલાકનું ધીમું પડ્યું અને કેટલાકનું જૂના ચીલામાં ચાલુ રહ્યું. અનંત કાણેકર, દત્તૂ રઘુનાથ કવઠેકર વગેરે કેટલાક લેખકોએ ટૂંકી વાર્તાની બાબતમાં પૂર્ણ સંન્યાસ લીધો હોય એવું જણાય છે. ય. ગો. જોશી, બોકીલ, ફડકે, ખાંડેકર, ઇત્યાદિ લેખકોની કલમ ટૂંકી વાર્તાના ક્ષેત્રમાં સારી પેઠે ધીમી પડી છે; અને ડૉ. વર્ટી, લક્ષ્મણુરાવ સરદેસાઈ, ઇત્યાદિ કેટલાક લેખકો વિપુલ લખાણ કરતા હોય તો પણ તેમનો એક ચીલો નિશ્ચિત જેવો થઈ ગયો છે. સામાન્ય રીતે બધા જ જૂના વાર્તાલેખકોની બાબતમાં આમ થયું છે. તેથી આજે નવી વાર્તાઓના જેટલી જ સંખ્યામાં તેમની વાર્તાઓ પ્રસિદ્ધ થાય છે છતાં તેમનું કામ નજરમાં આવતું નથી.

* ગતાંકથી પૂરું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રા. ફડકે અને શ્રી ખાંડેકર એ જૂની પેઢીના મોખરાના લેખકો. એક સમયે એમણે ટૂંકી વાર્તાનું ક્ષેત્ર બરાબર ગજાવ્યું હતું. પણ સાહિત્યક્ષેત્રમાંના આ ચંદ્ર અને સૂર્ય આજે કંઈક નિસ્તેજ જેવા થયા છે. પ્રા. ફડકેએ નવલકથાના ક્ષેત્રમાં પોતાની પ્રતિભાને પૂરબહારમાં ખિલવવાનું ચાલુ રાખ્યું છે એ ખરું હોય તો પણ તેમની આજની ટૂંકી વાર્તામાં વૈવિધ્યની ઊણપ જણાઈ આવ્યા વિના રહેતી નથી. તેથી તેમની ટૂંકી વાર્તા વાંચતી વખતે ખૂબ જ નિરાશા થાય છે. પ્રા. ફડકેને પણ આ વસ્તુ જણાઈ આવી હોવી જોઈએ, અને તેથી જ તેમણે પોતાનું ધ્યાન પરભાષામાંની વાર્તાઓના અનુવાદ તરફ વાળ્યું હોય એમ દેખાય છે. શ્રી ખાંડેકરની વાર્તાઓમાં આજે પણ નવીનતાનો અનુભવ થાય છે. એમની પ્રતિભાએ આ પલટાયેલા યુગનાં મૂલ્યો પચાવ્યાં અને નવી અનુભૂતિઓ તેમ જ નવી પ્રતીતિઓનો આવિષ્કાર તેમની ટૂંકી વાર્તાઓમાં ધીરેધીરે થવા લાગ્યો. ‘હરતાચ્યા પાઉસ’ અને ‘સાંજવાત’ એ વાર્તાસંગ્રહો તેમ જ તેમની હમણાં હમણાં પ્રસિદ્ધ થતી ટૂંકી વાર્તાઓ વાંચતાં ખાંડેકરની પ્રતિભાનું ઘડતર જૂનો ચીલો ઓળંગીને કેવું પલટાતું જાય છે એનો ખ્યાલ આવે છે. એટલું ખરું કે આજે તેમનું લેખન ધીમું પડ્યું છે. દિવાળીઅંકને માટે લખનારા લેખકોમાં જ તેમની આજે ગણતરી થતી હોવાથી પહેલાંના જેવી ‘વિપુલતા’ એમના લેખનમાં દેખાતી નથી અને એ તદ્દન સ્વાભાવિક છે. લેખકની પ્રતિભાનો બહાર સદાસર્વકાળ તાજો પ્રફુલ્લિત રહે એવી અપેક્ષા આપણાથી પણ કેમ થાય?

મધ્યમવર્ગમાંની કૌટુંબિક ભાવનાને સમભાવપૂર્વક આલેખનારા ય. ગો. જોશી અને રમતિયાળ તથા વિનોદપૂર્ણ ભાષામાં સંસારમાંનાં રમણીય ચિત્રો આપણી સામે રજૂ કરનાર બોકીલ એ બંનેનું લેખન આજે મંદ પડ્યું છે અને તેમના લેખનમાંની વિશિષ્ટતાઓ પણ ખૂબ જ ઓછી થઈ ગઈ છે. બંનેની સારી ટૂંકી વાર્તાઓ વચમાં વચમાં ક્વચિત્ માસિકોમાં ઝબકી ઊઠે છે,–પણ તેઓ પોતાનો એક ચોક્કસ ચીલો છોડી શકતા નથી. તેમાંયે શ્રી બોકીલે ‘માતી,’ ‘ઇસ્માઈલ’ ઇત્યાદિ જેવી ટૂંકી વાર્તાઓમાં પોતાનો ચોક્કસ ચીલો છોડવાનો પ્રયત્ન કર્યો છે. પણ જીવનની વ્યાપક અનુભૂતિની પ્રતીતિ આજે બંનેનીયે વાર્તાઓમાં ખાસ થતી નથી એ ખરું છે. ‘પ્રસાદ’ની ટૂંકી વાર્તાની હરીફાઈમાં પહેલું ઇનામ જીતી જનારા અચ્યુત બર્વેએ આ પરંપરાને કંઈક અંશે આગળ ચલાવી છે. પણ તેમાં હવે પહેલાંનું જોમ રહ્યું નથી.

ગોમંતકની અભિનવ પાર્શ્વભૂમિ ઉપર પોતાની વાર્તાઓની રચના કરનાર લક્ષ્મણરાવ સરદેસાઈ અને મહાદેવશાસ્ત્રી જોશી એ બંનેનું લેખન આજે પણ જોમપૂર્વક ચાલુ છે. ‘સંસારાંતીલ અમૃત’ એ લક્ષ્મણરાવ સરદેસાઈનો નવો વાર્તાસંગ્રહ વાંચતાં કુદરતના સૌંદર્યને રસબસ થતી ભાવનાઓનો સાથ તેમણે કેવી રીતે આપ્યો છે એનો ખ્યાલ આપણને આવે છે. ગોમંતકમાંના સૃષ્ટિસૌન્દર્યની સાથોસાથ ત્યાંની સંસ્કૃતિનું, ત્યાંના જીવનનું અને ત્યાંની વ્યક્તિઓનું તેમણે કરાવેલું દર્શન આજે પણ અભિનવ લાગે છે. ક્વચિત્ પ્રણયની ઉદ્દામ ભાવનાઓનું આલેખન કરતી વખતે તેઓ સમતોલપણું ગુમાવે છે. પણ વાર્તામાંનું આકર્ષણ તેમણે હજી પણ ટકાવ્યું છે. આન્તરરાષ્ટ્રીય વાર્તાહરીફાઈમાં મરાઠી વિભાગનું પહેલું ઇનામ મેળવીને તેમણે પોતાની પ્રતિભાનો બહાર હજી પણ તાજો છે એની ખાતરી કરાવી આપી છે. આ સાથે જ ‘ખડકાંતીલ પાઝર,’ ‘વિરાણી,’ ‘મોહનવેલ’ ઇત્યાદિ વાર્તાસંગ્રહ દ્વારા પ્રસિદ્ધિ પામેલા મહાદેવશાસ્ત્રી જોશીનો ઉલ્લેખ પણ કરવો જોઈએ. એમની ટૂંકી વાર્તા જો કે જૂના અને ચોક્કસ ચીલામાંથી પસાર થતી હોય તો પણ તેમનું કથાવિશ્વ સમૃદ્ધ છે. ગોમંતકીય પાર્શ્વભૂમિનો તેને સાથ મળ્યો છે. વિવિધ ભાવનાઓનો મોહક આવિષ્કાર તેમાં છે અને સ્વભાવચિત્રોની વિવિધતા પણ છે. એમની વાર્તાઓ વાંચતી વખતે સત્પ્રવૃત્ત જીવનની અને સોજ્જ્વલ ભાવનાઓની તેમાં પડતી છાપ વાચકોના ખ્યાલમાં વિશેષ આવે છે. કથાનકની સજાવટમાં અને આવા સોજ્જ્વલ ભાવનાઓના સર્જનમાં ધ્યાન આપીને પરિણામે સુખકર અને મનોરંજન લાગતી વાર્તાઓનું સર્જન કરવાનું કાર્ય મહાદેવશાસ્ત્રીની પ્રતિભાએ કર્યું છે. આને લીધે જીવનના ઊંડાણમાં તે આપણને ક્યાંયે લઈ જતી નથી.

દીઘે અને ઠોકળ એ જોડી વાચકોને ગ્રામીણ જીવનમાં લઈ ગઈ હોય તો પણ એ ગ્રામીણ જીવન ઘણે ભાગે અદ્‌ભુત રમ્યતાથી ભરેલું આપણને દેખાય છે. અદ્‌ભુતતો

[સંસ્કૃતિ, ઑગસ્ટ ’૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાખ એ જ એમની વાર્તાઓની વિશેષતા હોવાથી તેમાં વાસ્તવિકતાનું દર્શન આપણને બહુ થોડે ઠેકાણે થાય છે. સ્વપ્નાળુ વૃત્તિ, કલ્પના–રમ્યતા અને કાવ્યાત્મક આવિષ્કાર એ તેમની વાર્તાઓની વિશેષતાનો અનુભવ એમના વાર્તાસંગ્રહો વાંચતાં હરરોજ થાય છે. એના પ્રમાણમાં પ્રા. માટેની વાર્તાઓમાં આવતું ઉપેક્ષિતોનું જીવન વિશેષ વાસ્તવિક અને વિશેષ અસરકારક છે. તેમના 'ઉપેક્ષિતાંચ્યા અંતરંગ'થી માંડીને 'માણુસકીચ્યા ગહીવર' સુધીના વાર્તાસંગ્રહોમાં આવતું વિશ્વ જોઈએ તો તેમાંની વિવિધતા, તેમાંની ઊભરાતી ભાવનાઓ અને તેમાંની અનુભૂતિની ખાતરી સહેજે આપણી નજરે ચડે. પ્રા. માટે એ દરેક ઉપેક્ષિતના અંતરમાં પ્રવેશ કરી, તેમની સાથે ઓતપ્રોત થઈ તેમના જીવનનું ભારે અસરકારક અને રસપૂર્ણ ભાષામાં આપણને દર્શન કરાવે છે; અને આમ હોવા છતાં વાર્તાક્ષેત્રમાં પ્રા. માટે એ ઘણી વાર અનુલ્લેખને કારણે માર્યા જાય છે. બહુધા વિદ્વાન લેખક તરીકે જ લોકો તેમને જાણતા હોવાથી તેમની આ પ્રવૃત્તિ તરફ બહુ થોડા લોકોનું ધ્યાન જતું હશે. ગ્રામીણ જીવનનો અસરકારક આવિષ્કાર ગ. દિ. માડગૂળકરની વાર્તાઓમાં પણ થયેલો આપણને દેખાય છે. પણ તેમની વાર્તાઓની સંખ્યા બહુ થોડી હોવાથી પોતાના ભાઈની વાર્તાઓ એટલી અસરકારક હોવા છતાં તેમની વાર્તાઓ આંખે ચડતી નથી.

ડૉ. વર્ટીનો સ્વતંત્ર ઉલ્લેખ કરવો જોઈએ. આજે સર્વસામાન્ય રીતે લોકપ્રિય ગણાતા વાર્તાલેખકોમાં તેમને ગણવામાં આવે છે. એમની વાર્તાઓના વિષયો વિવિધ છે, માંડણી આકર્ષક છે અને ભાષા પણ લલિતરમ્ય અને રમતિયાળ છે, 'સમીક્ષક' અને 'કિર્લોસ્કર' માસિકોએ કાઢેલી વાર્તાહરીફાઈઓમાં તેમને ઇનામો પણ મળેલાં છે. મનોરંજક કથાનક, મોહક ઘડતર એ તેમની વાર્તાઓની વિશિષ્ટતા કહી શકાય. એમની વાર્તાઓમાં વિનોદી દૃષ્ટિ પણ ઠીકઠીક દેખાઈ આવે છે. પણ આમ હોવા છતાં તેમની વાર્તાઓ છીછરી લાગે છે—જીવનનું ઉપરછલ્લું દર્શન તે કરાવે છે–ઊંડા આશયને બદલે કારીગરી તરફ તેમનું વધારે ધ્યાન હોય છે તેથી લાંબા વખત સુધી તેમની વાર્તાઓ આપણા મનને પકડી રાખતી નથી.

અત્યંત મંદગતિના લેખક તરીકે વામનરાવ ચોરઘડે અને કુસુમાવતીબાઈ દેશપાંડેનો પણ ઉલ્લેખ કરવો જોઈએ. ચિંતનશીલ મનોવૃત્તિ અને કાવ્યમય આવિષ્કાર એ બંને કારણોને લઈને બંનેની વાર્તાઓમાં એક પ્રકારનું જુદાપણું દેખાઈ આવે છે. કથાનકના કાચમાંથી વાર્તાને મુક્ત કરવાનું પહેલું શ્રેય વામન ચોરઘડેને મળવું જોઈએ. આવી વાર્તાઓ લખવા માટે જરૂરી એવી કાવ્યશક્તિ વામનરાવમાં છે. તેને લીધે વિષય, વાતાવરણ અને સ્વભાવચિત્રોની બાબતોમાં એમની વાર્તાઓમાં દેખાતી વિવિધતા વિલોભનીય ભાસે છે. 'સુષમા'થી માંડીને 'સંસ્કાર' સુધીના તેમના છ વાર્તાસંગ્રહ જોઈએ તો તેમાં વિવિધ ભાવનાઓ તેઓ કેવી નાજુકાઈથી અને તરલતાથી લખી શકે છે એનો આપણને ખ્યાલ આવે છે. એમની વાર્તાઓ ઘટનાને બદલે આવી ભાવછટાઓને વધારે પ્રાધાન્ય આપે છે અને કાવ્યમય રીતે તેમનો આવિષ્કાર કરે છે. આને લીધે તેમની વાર્તાઓનું તેમણે સ્વતંત્ર તંત્ર બનાવ્યું છે. કુસુમાવતીની બાબતમાં પણ આમ જ કહેવું પડશે. ચિન્તનશીલ મનોવૃત્તિ અને ભાવોત્કટતાના મોહક સંગમનું દર્શન આપણને એમની વાર્તાઓમાં થાય છે અને તેની ઉપર જ કાવ્યમય મનોવૃત્તિનો સાજ સજાવેલો હોય છે. તેથી તેમની વાર્તાઓનું સ્વરૂપ કૌમુદીની માફક રમણીય થયું છે. પણ આજે આ બંને વાર્તાલેખકો ક્વચિત જ વાર્તાક્ષેત્રમાં સંચરતા દેખાતા હોવાથી તેમની વાર્તાઓ વાચકોને દુર્લભ થઈ છે.

આ ઉપરાંત શાંતા શેળકે, કમલાબાઈ ફડકે, શાન્તારામ, પ્રભાકર પાધ્યે, રા. ભિ. જોશી, ભા. ર. આઠવલે ઇત્યાદિ અનેક જૂની પરંપરામાંના લેખકો આજે ટૂંકી વાર્તાના ક્ષેત્રમાં કીમતી ઉમેરો કરે છે. અનેકોની અનેક વિશિષ્ટતાઓ પોતપોતાના કથાવિશ્વમાં પ્રકટ થાય છે. આજની નવી વાર્તાના પ્રવાહની સાથોસાથ આ વાર્તાનો ઓઘ પણ એટલો જ પ્રબળ છે અને આ પ્રવાહમાં પણ વિલક્ષણ સૌન્દર્ય છે એ ભૂલ્યે ચાલશે નહીં!

આજની મરાઠી ટૂંકી વાર્તા આવી રીતે જૂના-નવાના સંગમ ઉપર ઊભી છે. સંગમ ઉપર ઊભા રહીને બંને પ્રવાહોની શોભા જોઈ શકાય છે અને તે જોતાં એક વસ્તુ સહેજે નજરે ચડે છે. નવી વાર્તાનો પ્રવાહ વધારે ઊંડો, ગંભીર અને વિશાળ લાગે છે જ્યારે જૂના પ્રવાહમાં નિર્ઝરનું રમતિયાળપણું વધારે દેખાય છે. જૂની વાર્તા ચોક્કસ બીબા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય અને સમીક્ષા

સબસે ઊંચી પ્રેમસગાઈ : લેખક : રમણલાલ પાઠક; પ્રકાશક : ચેતન પ્રકાશન મંદિર, ગોરેગાંવ, મુંબઈ; પૃષ્ઠ-સંખ્યા ૨૪૩; કિંમત : રૂપિયા ચાર.

ગુજરાતી ટૂંકી વાર્તાના સાહિત્યક્ષેત્રમાં પુસ્તકાકારે પ્રથમ પ્રવેશ પામતા આ લેખકની વાર્તાઓમાં ત્રણ વસ્તુઓ સહેજે આગળ તરી આવે છે: દેખીતી પ્રયત્નરહિતતા—જે પોતે જ અનેક સફળ પ્રયત્નનું સુભગ પરિણામ હોય છે; સાચકલાઈ—જે સાચા અનુભવોને નિરૂપવાની આતુરતા અને બીજી વાતને સ્પર્શ કરવાની અનિચ્છામાંથી જ જન્મ પામતી હોય છે; અને વિષય, વસ્તુ, પાત્રો, વગેરેનું આકર્ષક વૈવિધ્ય, એ ત્રણેની જોડે ભાષા, શૈલી, ઉપમા, અલંકારાદિ એવી સ્વાભાવિકતાથી અને યોગ્યતાથી ભળી જાય છે કે સંગ્રહની ઉત્તમ વાર્તાઓમાં એ બહુ જ સુંદર પરિણામો લાવી શકે છે.

ઓછામાં ઓછી ત્રણ તો સંગ્રહની એવી ઉત્તમ વાર્તાઓ છે જ: "સોહનસિંઘ," "એ પુરુષો" અને "માનું હૈયું." "સોહનસિંઘ" એક ભલાભોળા, સાચા અને નીતિમાન માણસનું સંજોગો અને પરિસ્થિતિઓને અંગે અધોગતિ કરતું જીવન નીરૂપે છે. ભલોભોળો એ માણસ છેવટે વેશ્યાનો દલાલ બની જાય છે, છતાં વાચકનો સમભાવ એ ગુમાવતો નથી, પણ પોતે પણ પોતાના હૃદયની સારપ ગુમાવતો નથી. એમાંથી બહાર તરી આવતી હોય તો જીવનની કરુણતા જ તરી આવે છે, અને કલમના એટલા ઓછા લસરકાથી, શૈલીના એવા કવિત્વમય નાવીન્યથી, ને આડાઅવળા લાગણીવેડાના જરાયે પિષ્ટપેષણ વિના એ કરુણતા નિરુપાઈ છે કે લાંબા વખત સુધી સહૃદય વાચકના ચિત્તમાં એ ઘુમરાયા જ કરે. "એ પુરુષો" વળી જુદી જ એક પરિસ્થિતિનું નિરૂપણ કરે છે. એક સ્ત્રીલોલુપ કામલંપટ જુવાન માણસ કેવી કેવી વિચિત્ર અને કંઈક અંશે એની બાલિશતાથી તિરસ્કાર-યોગ્ય લાગે એવી તરકીબોથી એક ભલીભોળી, તેને મદદ-રૂપ થવા ઇચ્છતી, અને તેના દુ:ખનો બોજો હળવો કરવા ખરા હૃદયથી ઇચ્છતી સ્ત્રીને વ્યભિચાર તરફ ઘસડી જાય છે એનું અત્યંત સૂક્ષ્મ અને સમજપૂર્વકનું નિરૂપણ આ વાર્તામાં આવે છે. કેવી રીતે, ધીમે ધીમે, એ સ્ત્રીને તો શું, કોઈ પણ સ્ત્રીને સમજ ન પડે એ રીતે એ માણસ પોતાની જાળ બિછાવતો જાય છે, અને અંતે, એક બીજી રીતે સદ્‌ગુણી અને સારી નારી પણ, એ જાળમાં કેવી રીતે પોતાની જાતને વીંટી લે છે એનું નિરૂપણ ખરેખર હૃદય-સ્પર્શી છે. છેવટે એને "એ પુરુષો"નું શીર્ષક આપી, અને સ્ત્રીના મનમાં એક વિરુદ્ધ બીજા પુરુષનું જે ચિત્ર ઊભું થાય છે એ તરફ જ જાણે વાર્તાનો ઝોક હોય તેવી રીતે એનું નિદર્શન ન કરવામાં આવ્યું હોત તો માનસ દર્શાવતી આપણી વાર્તાઓમાં આ વાર્તા પણ સહેજે પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કરી લેત. ત્રીજી વાર્તા "માનું હૈયું" વળી આ બન્નેથી તદ્દન જુદા જ પ્રકારની છે. એ હૈયું જેટલું પ્રેમાળ, કોમળ અને સંવેદનશીલ છે તેટલું જ સમભાવ-ભર્યું અને ઉદાર પણ છે. એ ઉદારતા કેટલી આકરી પડે તેમ છે, અને એ વાર્તામાં આવતા પુત્રના પત્રમાંનો, તેને પોતાને તદ્દન અજાણ અને અનપેક્ષિત કટાક્ષ જીવનની કરુણતા ઉપર કેવો મર્મવેધી પ્રકાશ નાખે તેમ છે તે તો વાર્તા વાંચ્યે જ સમજાય.

આ તો માત્ર ત્રણ ઉત્તમ વાર્તાઓને જ જોઈ, પણ સંગ્રહની બીજી વાર્તાઓમાં પણ આ કળાની કારીગરી ઉપરનો લેખકનો કાબૂ અને જીવન વિશેનો તેમનો અનુભવ-પૂત ખ્યાલ દેખાયા વિના રહેતો નથી, અને એ બધાને અંગે, વાર્તાઓમાં ક્યાંક ક્યાંક છતી થઈ જતી, કોઈ કોઈ ઝીણી અને સૂક્ષ્મ, તો વળી કોઈ કોઈ સહેજે નજરે ચડી

[અનુસંધાન પૃ. ૩૨૦ ઉપર]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્ઘ્ય

તંત્રી

લોકમાન્યનું 'કેસરી'

કેસરીના પહેલા અંકમાં સંપાદકના લખેલા 'વર્તમાનપત્રો' નામના લેખ પરથી વર્તમાનપત્ર કેવું હોય તે બાબત સંપાદક-મંડળના શા વિચારો હતા તે સ્પષ્ટ થશે:

"વર્તમાનપત્રો મુખ્યત્વે બે રીતે ખૂબ ઉપયોગી થઈ શકે. એક, તેઓ જો પોતાનું કામ નિષ્પક્ષતાથી અને કોઈની શેહમાં તણાયા વિના બજાવે તો સરકારી અધિકારીઓ પર ભારે દાબ રહે. બીજો ઉપયોગ લોકસ્થિતિને લગતો છે. તે સ્થિતિ સુધારવા માટે તેના જેવું બીજું સાધન નથી. કઈ કઈ વસ્તુઓ લોકોને માટે હિતકારક છે ને કઈ કઈ નુકસાનકર્તા છે, જૂના રીતરિવાજોમાંથી નાખી દેવા જેવા કયા અને નવામાંથી ગ્રહણ કરવા જેવા કયા, ઇત્યાદિ વસ્તુઓનો છાપાંઓમાં ઊહાપોહ ચાલે તો કેટલો બધો લાભ થાય! ... લોકોના વાસ્તવિક હક શા છે, તે મેળવવા માટે શું કરવું જોઈએ, લોકોની ઉપજીવિકા માટે હવે પછી શા માર્ગો લેવા જોઈએ, આજ સુધી લોકકલ્યાણની જે પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી તેમની શી વલે થઈ, તેમ જ તે શાથી થઈ, લોકોમાં કયા કયા ગુણ કેળવાવા જોઈએ અને તે કેવી રીતે કેળવાય, ઇત્યાદિ વિષયો પર લખવા બેસીએ તો મોટા મોટા ગ્રંથો તૈયાર થાય. ... "

જાહેરાતમાં જણાવ્યા મુજબ કેસરીનો પહેલો અંક ૧૮૮૧ના પહેલે મંગળવારે, જાનેવારીની ૪થી તારીખે, બહાર પડ્યો. ન્યૂ ઇંગ્લિશ સ્કૂલની સ્થાપના વખતે જેમ ઉદ્ઘાટનને આગલે દિવસે ટિળકે રાત આખી જાગીને વર્ગોની જમીન લીંપેલી, તેવી જ રીતે છાપાંની શરૂઆત થઈ તે વખતે પણ છાપાં માટે જે છાપખાનું ખરીદ્યું હતું તેનાં બીબાંનાં ખોખાં ટિળક પોતાના માથા પર મૂકી નવા મકાનમાં લઈ ગયા હતા, અને કેસરીનો પહેલો અંક છપાયા પછી વહેલી સવારે ગ્રાહકોને ઘેર જઈને તેઓ પહોંચાડી આવેલા! ગ્રાહકસંખ્યા ત્રણ હજાર થઈ ત્યાં સુધી આ મંડળી ગ્રાહકોનાં સરનામાં હાથે લખતી. સંપાદકો માટે ખુરશીની જગાએ જમીન પર પાથરેલો કાંબળો હતો ને તે પર બેસીને પથારીનો વીંટો કરી તેનું મેજ બનાવવામાં આવ્યું હતું, અને તેમ છતાં પૂરી પ્રસન્નતા અને ઉત્સાહની સાથે તેઓ પોતાનું કાર્ય કર્યે જતા હતા. ભર્તૃહરિએ કહ્યું છે તેમ, क्रियासिद्धः सत्त्वे भवति महतां नोपकरणे।

[શ્રી પાંડુરંગ ગણેશ દેશપાંડે: 'રાષ્ટ્રીય જાગૃતિના જનક **લોકમાન્ય ટિળક**' પૃ. ૪૨-૪૪]

હું રહ્યો—

આ વૈમનસ્ય જમાને જમાને ભિન્નભિન્ન રૂપે પણ તત્ત્વમાં તે ને તે દેખાયા જ કરવાનું એમ માનવું? અથવા કાલાન્તરે એ પણ ઘસાશે એમ માનવું,—તો શા આધારે? દુનિયામાં પ્રગતિ એટલે સમભાવ, ઉદારતા અને મતાન્તરક્ષમામાં વધારો, એટલું જ જે જુએ છે, તેમનું દર્શન માત્ર પાર્શ્વદર્શન ગણાવાને પાત્ર છે. આ ગાંધીયુગ જ લો. એમાં કેટલાક દાખલા અસાધારણ ઉન્નતિના જોવામાં આવે છે, તો કેટલાક અસાધારણ વિનિપાતનાય ક્યાં અજાણ્યા છે? ઊંચાં ઊંચાં શિખર નવાં દેખાય તેની સાથે સામે ઊંડાઊંડા ગર્તો પણ નવા ફાટે, એ જ દુન્યવી પ્રગતિઓનો પ્રકાર હોય એમ લાગે છે. ભાવનાભક્તોનું વર્તુલ વધતાં તેમાં અધકચરા, ઉતાવળિયા, આકરા, નૂગરા અને નઠોર માણસોની બહુમતિ વધતી જાય, એ તો દેખીતી વાત છે. ધર્મકર્મે મોળાં, શિથિલ અને સગવડિયાં ધોરણોને ઝડપી લેનારા હોય, તેવાની પરધર્મ-સહિષ્ણુતા, પરમતસહિષ્ણુતા તુચ્છ વસ્તુ છે. ...

અને તો પણ વર્ષા પછી શરદ, મંથન બાદ સ્વચ્છ શાન્તિ, ભરજુવાનીના ઉધમાત, ચરસીલા ખારીલા ઝઘડા અને તોરની પછી સુપક્વ ગભીર ગળેલી સૌમ્યતા અને સમતા—એ નિયતિનિયમ પણ જાણીતો છે. ધર્મો અને પંથોના વિરોધો, પક્ષાપક્ષી અને બાપનું થાપ્યું દીકરો જ મોટે ઉપાડે ઉથાપે, એવા રુસ્તમસોરાબી જમાના-ઓમાંથી લાંબે કાળે પિતા-પુત્ર-સમભાવનો જમાનો પણ ઊગશે અને એ ઊગશે તે પછી આ વિરોધો અને વૈમનસ્યનો લાંબો ઇતિહાસકાલ આથમશે, ભૂંસાશે, ભુલાશે, સમજવોય કઠણ થઈ પડશે, રુસ્તમસોરાબી ગંધવાળું સાહિત્ય પણ અકારું થઈ પડશે, એવી એવી આશાઓ ઉપલા નિયતિનિયમને વળગી શકે છે.

આખી પૃથ્વી ઉપર એક જ રાજ્યછત્ર, આખી જનતામાં એક જ જાતની શાસનવ્યવસ્થા, એક જ જાતની ઉત્પાદન-વ્યય-વ્યવસ્થા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક જ ધર્મ, એક જ કેળવણી, અને વળી એક જ અસ્મિતા, હાલની સંકુચિત સામસામે ઝઘડતી હિંસક અરે લોહી ઓકતી અને રેલાવતી પ્રજા—સ્મિતાઓ(nationalisms)ને ઠેકાણે એક જ સ્થાયી જગદ્વ્યાપી અહિંસક અથચ સેવાપ્રેમના ઉત્સાહોલ્લાસે પ્રવર્તતી માનવાસ્મિતાએ માનવાસ્મિતાનો સમય આવશે અને ચિરંજીવ સમતાયુગ સ્થપાશે, એમ હું તો આશા રાખી શકું છું. અને આ ગાંધીયુગ અથવા કોઈ પણ ચાલતા યુગમાં જે જે લક્ષણો ભાવી સમતાયુગને પાસે લાવનારાં ગણાય, તે ચાલતા યુગનાં બલ, સામી બાજુએ જે જે લક્ષણો ભાવી સમતાયુગને આઘો ઠેલતાં માનવાં પડે, તે ચાલતા યુગનાં અબલ, એ પ્રમાણે પ્રત્યેક યુગનાં બલાબલનાં તારતમ્ય હું તો કરવા ઇચ્છું છું અને સૌને એ જ માનવતાવિકાસનાં ધોરણો જ્યાં ને ત્યાં કંચનકથીરની કસોટી કરવા માટે વાપરવાને પ્રાર્થું છું. હું રહ્યો વિદ્યમાન ગુણદોષશબલ વાસ્તવને માયા ગણનારો, માનવતાની આશા અને સ્વપ્નાભાને મહાવાસ્તવ ગણનારો : હું રહ્યો તટસ્થ અને અપક્ષ અને અક્રિય, બેય સામસામે આકળી – પણ બાડી – સક્રિયતાથી ઝઘડતા પક્ષોને એકસરખો અપ્રિય.

[પ્રો. બલવન્તરાય ક. ઠાકોર : '**વિવિધ વ્યાખ્યાનો** ગુચ્છ ૩,' પૃ. ૧૨૧-૧૨૨]

રાષ્ટ્રપિતાની આગાહી

૧૯૪૭ની સાલમાં મહાત્માજી બિહારમાં પ્રસરેલી કોમી આગને ઠારવા ભમી રહ્યા હતા, તે વેળા તેઓએ પટણાની પ્રાર્થના-સભામાં અતિ ગંભીર પ્રવચન કર્યું હતું. કોંગ્રેસ સત્તા ઉપર આવ્યા બાદ તેના દિમાક અને વર્તનમાં થયેલા ફેરફાર અંગે આ પ્રવચનમાં મહાત્માજીએ નીચે મુજબ જણાવ્યું હતું :

"આપણી રાજસત્તા બ્રિટિશોની માફક બંદૂકને જોરે ટકી નહિ શકે. અનેક ત્યાગ અને તપ વડે કોંગ્રેસે પ્રજાનો વિશ્વાસ સંપાદન કર્યો છે પણ જો આજની ઘડીએ કોંગ્રેસવાળાઓ પ્રજાને દગો દેશે તો, અને સેવા કરવાને બદલે માલિક બની જશે તથા ધણીપણું આદરશે તો, હું કદાચ જીવું કે ન જીવું, પણ આટલાં વર્ષોના અનુભવના આધારે આ આગાહી કરવાની હિમ્મત કરું છું કે દેશમાં બળવો ફાટશે, ધોળી ટોપીવાળાને પ્રજા વીણી વીણીને મારશે અને કોઈ ત્રીજી સત્તા તેનો લાભ લેશે."

[શ્રી મનુબેન ગાંધીએ '**બિહારની કોમી આગમાં**' એ પુસ્તકમાં લખેલી મહાત્માજીની રોજનીશીમાંથી.]

[અનુસંધાન પૃ. ૩૧૮થી]

આવે એવી મોટી અને સૂક્ષ્મ, નિર્બળતાઓ એવી ખૂંચતી નથી, જેવી આવા ગુણોથી ભરેલી આ વાર્તાઓ ન હોત તો તે ખૂંચત, કદાચ.

એટલે એ દોષોનો માત્ર ઉલ્લેખ જ કરીને અને આ ગુણોનો વાચકોને ખ્યાલ આપીને આ વાર્તાસંગ્રહને આવકારવાનું મન થાય છે. આપણે ત્યાં વાર્તાઓ લખાય છે તો ખૂબ જ, પણ તે વિશેની ફરિયાદ એ છે કે જેમ ઇયત્તામાં આપણે પ્રગતિ કરી તેમ, કદાચ, ગુણવત્તામાં થોડીઘણી પીછેહઠ કરી હોય તોયે નવાઈ નહીં. વાર્તા હમણાં હમણાં ઘણીયે વાર વાર્તા મટી કોઈક દૃષ્ટાંતની, તો કોઈક નીતિની તો કોઈક સામાજિક રીતરિવાજોની કથા બની જાય છે, અને એમાં કથા તરીકે એ રસિક લાગતી હોય તોયે સાહિત્યની કૃતિ તરીકે તે નિરર્થક લાગવાનો મોટો ભય રહેલો જ છે, એટલે જેનામાં તેની નીતિના કે દૃષ્ટાંતના કે સામાજિક રીતરિવાજોના નિદર્શનના ગુણો કરતાં સાહિત્યના ગુણો કંઈક વિશેષ માત્રામાં રહેલા છે તેવા આ સંગ્રહને આપણો વાચકવર્ગ જરૂર વાંચે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે હિંદમાં હાથશાળો ઉપરાંત એક વરસમાં આશરે ૪૫૦ કરોડ વાર કાપડ ઉત્પન્ન કરતી ૪૨૧ મિલો છે. આમાંનું આશરે ૬ કરોડ વાર કાપડ અમદાવાદમાં **"જહાંગીર વકીલ મિલ ગ્રૂપ"**ની ત્રણ મિલો વણે છે. માથા દીઠ કાપડની વપરાશ પંદર વાર ગણીએ તો આ ગ્રૂપ આશરે ચાલીસ લાખ માણસોની કાપડની જરૂરિયાત પૂરી પાડે છે.

જહાંગીર વકીલ મિલ્સ
અમદાવાદ

નવજીવન મિલ
કલોલ

☆

ન્યુ જહાંગીર વકીલ મિલ
ભાવનગર

☆

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃતિ

ર્ષ ૧૦ : અંક ૯ | તંત્રી | સપ્ટેમ્બર ૧૯૫

ઉમાશંકર જોશી



ભૂદાન સમિતિના સૌજન્યથી] [વિનો

સળંગ અંક ૧૧૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃતિ

વર્ષ દસમું સળંગ અંક ૧૧૭ અંક નવમો

અનુક્રમણિકા : સપ્ટેમ્બર ૧૯૫૬

विचारशून्यता	ઉમાશંકર જોશી	૩૨૧
સમયરંગ	તંત્રી	૩૨૨
આ આયનામાં	હસમુખ પાઠક	૩૨૩
તમે ગાંધીજીને જોયા હતા ?	પ્રિયકાન્ત મણિયાર	૩૨૩
વ્હીટમૅનનો વારસ—કવિ કાર્લ સૅન્ડબર્ગ (૨)	નિરંજન ભગત	૩૨૪
મારો માળો	જયંતિ પટેલ	૩૨૯
આમાં નાંઈબા ભિખારી	પુષ્કર ચંદરવાકર	૩૪૧
નોળવેલ	પ્રજારામ	૩૪૮
ચોસઠથી આઠ ઉપર	લક્ષ્મીકાન્ત હ. ભટ્ટ	૩૪૯
કાફેમાં રતિ	નિરંજન ભગત	૩૫૨
કાફેમાં મદન	ચુનીલાલ મડિયા	૩૫૨
કચ્છનો ધરતીકંપ	નરસિંહ મૂ. શાહ	૩૫૫
સ્વાધ્યાય અને સમીક્ષા	સુન્દરમ્;' કથક '	૩૫૯

☆

સંસ્કૃતિ કાર્યાલય વતી મુદ્રક-પ્રકાશક : કિશનસિંહ ચાવડા,
ચેતના પ્રેસ પ્રાઇવેટ લિ., નવા બજાર, વડોદરા

સૂચનાઓ :

- દર માસની સાતમી તારીખે અંક પ્રસિદ્ધ થાય છે.
- દશમી સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર લખવાથી સગવડ થશે.
- આ માસિકમાં પ્રસિદ્ધ થતા લેખોમાંના અભિપ્રાય માટેની જવાબદારી તે તે લેખકની છે.
- પ્રથમ અંકથી ગ્રાહક થવું આવશ્યક છે.

ગ્રાહકો નોંધવાનાં સ્થળો :

એન. એમ. ત્રિપાઠી, લિ. મુંબઈ.
પ્રવર્તક પુસ્તકાલય, મુંબઈ ૭.
જીવનસાહિત્યમંદિર, અમદાવાદ.
ભારતીસાહિત્યસંઘ, અમદાવાદ.
ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, ,,
ગાંડીવ સાહિત્યમંદિર, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨
ગાંડીવ સાહિત્યમંદિર, લાલ ગેટ, સુરત
એલ. કે. મેઘાણી : અગરતોલા સ્ટ્રીટ, કલકત્તા ૧.
પ્રભાકર બ્રધર્સ, પો. બો. ૬૨, નૈરોબી, ઇસ્ટ આફ્રિકા.

લવાજમ :
દેશમાં રૂપિયા સાત. પરદેશમાં રૂ. નવ અથવા શિલિંગ ૧૪. છૂટક નકલના બાર આના.

જાહેરખબરના દર

આખું પાનું	રૂ. ૬૦
અર્ધું પાનું	રૂ. ૩૫
પા પાનું	રૂ. ૨૦
છેલ્લું પૃઠું	રૂ. ૧૨૫
પૂઠું ૩	રૂ. ૧૦૦

તંત્રી અને વ્યવસ્થા અંગેના સઘળા પત્રવ્યવહારનું સરનામું :

સંસ્કૃતિ કાર્યાલય,
એલિસ-બ્રિજ, અમદાવાદ-૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃતિ

सत्यं परं धीमहि ।

સપ્ટેમ્બર ૧૯૫૬

વિચારશૂન્યતા

વિચારશૂન્યતા એ આપણા અત્યારના સમાજજીવનનું એક મુખ્ય લક્ષણ લાગે છે.

વિજ્ઞાન કહે છે કે કુદરતને શૂન્યતા પસંદ નથી, કાંઈ ને કાંઈ આવીને શૂન્યતાને ભરી દેવા પ્રયત્ન કરે છે. અત્યારની વિચારશૂન્યતાને ભરી દેવા મથતી બે વસ્તુઓ જોવા મળે છે: એક તો, આપણે જૂના સમયથી મળેલાં ધાર્મિક સત્યોનું પોપટની પેઠે સહેલાઈથી કશા જ સંકોચ વગર રટણ કર્યે જઈએ છીએ. બીજું, જેઓના હાથમાં સત્તા અને ધન એ મોટાં સાધનો છે તેઓ પછી ગમે તેવા વિચારોનો રગડો પ્રજાને પાઈ દે છે.

આજની આપણી સ્થિતિમાં મહાન ધાર્મિક સત્યોનું પોપટિયા ઉચ્ચારણ કદરૂપું લાગે છે. પ્રાચીન અને મધ્ય કાળના મહાન ધર્મપુરુષોએ ઉપદેશેલાં મૂલ્યોની વાતો — હૃદયના ધબકારા વિનાની નરી વાતો — આપણને હાસ્યાસ્પદ બનાવે છે. આધ્યાત્મિકતાનો આ ખોટો અંચળો જેટલો વહેલો ફગાવી શકાય તેટલું સારું. જે પ્રજા ખોરાકની ચીજોમાં ભેળસેળ કરી શકે છે અને જાહેર વહીવટમાં જેના ગોટાળા કરોડના હિસાબે હોય છે તે આધ્યાત્મિક હોવાનો દાવો કઈ છાતીએ કરી શકે? વિચારશૂન્યતાને આવા ખોટા આધ્યાત્મિક નશાથી ભરવા કરીએ છીએ એમાંથી આપણે ઝટઝટ બચવાની જરૂર છે.

બીજી બાજુ ધન અને સત્તાનાં સાધન દ્વારા રજૂ થતા ગમે તેવા વિચાર-રગડાનો ભોગ બનવાનું થાય છે તેને બદલે, સ્વતંત્ર વિચારશક્તિ પ્રજાએ ખીલવવી જોઈએ. આજે જો બધા વિચારો રાજકીય નેતાઓ પાસેથી મેળવવા ટાંપી રહીશું તો ચાલવાનું નથી. ૧૯૪૭ સુધી એ ચાલ્યું. '૪૭ સુધી કેવળ રાજકારણ (પૉલિટિક્સ) ન હતું, રાષ્ટ્રપ્રેમ (પેટ્રિઑટિઝમ) હતો. પરરાજ્યને કાઢવું એ જ એક સર્વોપરિ વિચાર હતો. હવે '૪૭ પછી લોકશાહી સ્થિર કરવાની છે. '૪૭ સુધી રાષ્ટ્રજાગૃતિનો કાળ હતો, હવે રાષ્ટ્રનિર્માણ લોકશાહી ઢબે કરવાનું છે. દરેક નાની નાની વસ્તુ વિચાર માગી લેશે. લોકશાહીમાં એકથી વધુ રાજકીય પક્ષો હોય. રાજકીય પક્ષોના નેતાઓની નજર પક્ષબળ ટકાવવા — વધારવા ઉપર વિશેષ હોય તો એ સ્વાભાવિક છે. એમના વિચારોમાં સત્ય-વાદ કરતાં પક્ષ-વાદ વધારે આવી જાય તો તે બનવા જોગ છે. સમગ્ર રાષ્ટ્રના, બલકે આખા જગતસમાજના, હિતની દૃષ્ટિથી પ્રેરાયેલા વિચારોનો સતત સંચાર દરેક જીવતી પ્રજા માટે આવશ્યક છે. પ્રજામાં વિચારોની પ્રયોગશાળારૂપ અનેક કેન્દ્રો હોવાં જોઈએ: તે વ્યક્તિઓ હોય, મંડળો — સંસ્થાઓ હોય, સાપ્તાહિકો કે સામયિકો હોય. પક્ષીય રાજકારણથી પર જઈને — પર રહીને — સ્વસ્થપણે વિચારો રજૂ કરી શકનાર આવાં કેન્દ્રો હોય, તે પ્રજાનું કાળજું ઠેકાણે છે એમ કહી શકાય. પ્રજાને પચેલા વિચારોમાંથી પ્રજાની માગણી પ્રમાણે પછી રાજકીય પક્ષો ઘડાય, અને નહિ કે રાજકીય પક્ષો પ્રજાના વિચારો ઘડે. જે પ્રજા રાજકીય પક્ષોને ત્યાં મગજ ગીરો મૂકે તેનો જયવારો થાય નહીં.

આપણે આજે લોકશાહીનો એકડો ઘૂંટીએ છીએ, ત્યારે સત્ય અને અહિંસા જેવા મોટામોટા શબ્દો વાપરવાને બદલે લોકશાહી વર્તન માટે વધુ ચીવટ રાખીએ તો શુભ શરૂઆત થાય. વ્યક્તિપૂજાનો આપણને વળગાડ લાગેલો છે, જે લોકશાહીને ઘાતક છે. કોઈ પણ — પછી ગમે તેવી — વ્યક્તિને નહિ, એના ઠીક વિચાર હોય તેને વળગીએ અને ઠીક ન હોય તેવા વિચારને ફેંકી દેતાં ખંચકાઈએ નહિ, એવા એવા લોકશાહીની બારાખડીના પહેલા આંકડા પર વેળાસર હાથ જમાવવા માંડીએ.

ઉમાશંકર જોશી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમયરંગ

તંત્રી

એ સમય આવી લાગ્યો છે

'સ્ટેટ્સમૅન' પત્રે અમદાવાદના બનાવો પર જાતતપાસ માટે મોકલેલા પોતાના પ્રતિનિધિના બે લેખો પ્રગટ કર્યા છે, તેમાંનો અંતભાગ નીચે ઉતાર્યો છે :

" ગોળીબારમાં થયેલી ભારે જાનની હાનિ અંગે અનેક વડા પોલીસ અધિકારીઓએ એક 'મુશ્કેલી'નો નિર્દેશ કર્યો, જે કાલકા તેમ જ અન્ય સ્થળોના ગોળીબાર વખતે પણ છતી થઈ હતી, તેમ છતાં જેને અંગે પૂરતું ધ્યાન અપાયું લાગતું નથી.

એમ નિર્દેશ કરવામાં આવ્યો કે ૧૯૪૭ સુધી એવો રિવાજ હતો કે શરૂમાં હવામાં બાર કરવા અને તે પછી 'ઢીંચણથી નીચે' તાકવું. આની પછી જ વધુ અસરકારક ગોળીબારનો આશરો લઈ શકાતો. પણ ૧૯૪૭માં કોમી તોફાનો સાથે કામ પાડવા વખતે નિયમોમાં ધરખમ ફેરફાર કરવામાં આવ્યા. ત્યાર પછી હવામાં ગોળીબારની મના કરવામાં આવી છે. અત્યારે નિયમો એવા છે કે ગોળીબાર 'અસરકારક' હોવો જોઈએ અને આ શબ્દની વ્યાખ્યા 'મારી નાખવા માટે અસરકારક' એવી કરવામાં આવેલ છે એમ કહેવાય છે. એક પોલીસ અધિકારીએ કહ્યું : 'સંભવ છે કે એ સમય જલદીથી આવે, જ્યારે આ નિયમોમાં ફરી ફેરફાર કરવામાં આવે.' સંભવ છે કે સમય આવી લાગ્યો છે.' "

ઉપરનું જો બરોબર હોય તો એ બાબતમાં વિનાવિલંબે યોગ્ય પગલાં લેવાવાં જોઈએ એ ઉમેરવાની ભાગ્યે જ જરૂર રહે છે.

કૉપીરાઈટ બિલ

બ્રિટનના ૧૯૧૧ના કૉપીરાઈટ ધારામાં થોડાક શાબ્દિક ફેરફારો કરીને નિપજાવેલો ૧૯૧૪નો ધારો આપણે ત્યાં આજ સુધી ચાલતો હતો. તેને રદ કરીને નવો ધારો ઘડવા માટે કેન્દ્રીય સરકારે રાજસભામાં ખરડો રજૂ કર્યો છે, તેણે દેશમાં વિરોધનો 'વંટોળ' ઊભો કર્યો છે એમ કહી શકાય. કેટલીક બાબતોમાં જૂના અંગ્રેજી–શાસનકાલીન કાયદા કરતાં આ પરાગતિક છે અને કૉપીરાઈટ અંગેના આંતરરાષ્ટ્રીય કરારો-(જેની ઉપર આપણા દેશે સહી કરેલી છે)-ની વિરુદ્ધ જાય છે.

અત્યાર સુધી લેખકના અવસાન પછી ૫૦ વરસ સુધી લખાણ ઉપરના હક્કો રહેતા. આ ખરડો એ મુદતને ૨૫ વરસની એટલે કે અરધી કરી દે છે. સમાજવાદી રચના ખીલવવી હોય તો માલિકીહક્કો છોડવામાં એક અગ્રેસર વર્ગ તરીકે લેખકવર્ગ આગળ રહે એવી અપેક્ષા રાખવામાં આવે તો તે અસ્થાને નથી. (ગ્રંથસ્વામિત્વ જેવી વસ્તુની જ જરૂર ન રહે એવી સ્થિતિ કેટલાક લેખકો પોતે પણ ઝંખે.) પણ કોઈ ઉચ્ચ આશયથી મુદત ઘટાડવામાં આવી હોય એવું પ્રતીત થતું નથી, માત્ર લેખકના હક્કો વહેલા-વહેલા છીનવી લઈ પ્રકાશકવર્ગને (અને નહિ કે, આભાસ થાય છે તેમ, આખા સમાજને) સોંપી દેવા જેવું થાય છે. આ સંજોગોમાં છે તે જ મુદત ચાલુ રહે એ ઠીક છે.

આ ખરડો પુસ્તકોની નોંધણી વગેરે માટે એક નોકરશાહી તંત્રની યોજના ઘડી આપે છે. પુસ્તકની નોંધણી કરાવવી ફરજિયાત નથી, પણ કૉપીરાઈટના ભંગ માટે અદાલતે જવું હોય તો પુસ્તકની નોંધણી થયેલી હોય એ જરૂરી છે એમ ઠરાવવામાં આવ્યું છે. આ બરોબર નથી. નોંધણી કરાવવામાં આવેલી હોય તો ફરિયાદીને એટલો પ્રથમદર્શનીય પુરાવાનો લાભ મળે એ પૂરતું છે, પણ નોંધણી ન કરાવી હોય તો કૉપીરાઈટના ભંગની ફરિયાદ જ ન થઈ શકે એ ન્યાયી નથી. આ શરત દૂર થવી જોઈએ.

કૉપીરાઈટના હક્કો વેચી દીધા હોય તો સાત વરસ પછી અને દસ વરસ પહેલાં મૂળ મળેલી રકમ વ્યાજ સાથે પાછી આપીને તે ફરી પ્રાપ્ત કરી શકાય એવી કલમ છે. આપણા દેશમાં અનેક ગાફેલ લેખકોના હક્કો પાણીને મૂલે 'ખરીદાઈ' ગયેલા છે. આ કલમ ભૂતકાળના કરારોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગુ પડશે નહિ એમ ખરડામાં કહેવામાં આવ્યું છે, એટલે એનો બરોબર લાભ મળી શકશે નહિ. પાછલા કરારોને આ કલમ લાગુ પડે એમ કરવું જોઈએ.

ગ્રંથસ્વામિત્વના હક્કો અત્યારે હિંદમાં (તેમ જ આંતરરાષ્ટ્રીય કાયદા પ્રમાણે) આપોઆપ લેખકના ગણવામાં આવે છે, બીજો કોઈ દાવો કરતો આવે તો એ પુરવાર કરવાનો બોજો તેવો દાવો કરનારની ઉપર રહે છે. આ નવો ખરડો આવો બોજો લેખક ઉપર પડે એવી યોજના કરે છે. કોઈએ લેખકને લખાણ અંગે રકમ આપી હોય અથવા લેખક ક્યાંક નોકરીએ હોય તો અગાઉથી લેખકના પક્ષમાં કરાર થયેલો ન હોય તો લખાણ ઉપરના હક્કો રકમ આપનારના અને નોકરીએ રાખનારના ઠેરવવામાં આવ્યા છે. આની અસર એ થશે કે અનેક ઠેકાણે નોકરી કરનાર બહોળા વર્ગમાં જે જે લેખકો હશે તેમનાં લખાણોના હક્ક તેમને નોકરીએ રાખનારાના આપોઆપ થઈ જશે. આ કલમને ફેરવવી જોઈએ અને જ્યાં કાંઈ રકમ આપનાર અથવા નોકરી રાખનારે પોતાના લાભમાં લેખિત કરાર કરાવી લીધેલો હોય તે સંજોગો સિવાય ગ્રંથસ્વામિત્વના હક્કો આપોઆપ લેખકના લેખાવા જોઈએ.

સહ-લેખકો હોય તેમાંથી પ્રથમ જેનું અવસાન થાય તેની પછી ૨૫ વરસ સુધીની મુદત માટે ગ્રંથસ્વામિત્વના હક્કો રહે એમ ખરડો કહે છે. છેલ્લું જેનું અવસાન થાય તે પછી ૫૦ને બદલે થોડાંક ઓછાં (પણ ૨૫થી વધુ) વરસની મુદત ઠેરવવી જોઈએ.

ખરડો લેખકનાં પ્રચારમાં ન હોય એવાં પુસ્તકોને પ્રગટ કરવાની માગણી કરનારને છૂટ આપી શકાય એવી વ્યવસ્થા કરે છે. લેખકના અવસાન પછી આવી છૂટ અપાય એ વધુ સારું છે. લેખક જીવતો હોય તો તેને પૂછવું જોઈએ.

કેળવણીવિષયક પુસ્તકોમાં બે ફકરા કોઈ લે તો કૉપીરાઈટનો ભંગ ન થાય એવું ખરડો કહે છે, પણ તો પાઠ્યપુસ્તકોવાળાઓ લેખકને કશું વળતર આપ્યા વિના પુસ્તકો પ્રગટ કરી શકશે. આ છૂટ બરોબર નથી.

ગ્રંથસ્વામિત્વના ભંગ અંગેનો મુકદ્દમો છ વરસની અંદર દાખલ કરવો જોઈએ એમ કહેવામાં આવ્યું છે. તે મુદત વધારીને બાર વરસની કરવી જોઈએ. આવો મુકદ્દમો લેખક રહેતો હોય ત્યાંની અદાલતમાં ચલાવી શકાય એ સ્પષ્ટ કરવું જોઈએ.

આ આયનામાં

શું જુવે છે?

બેય પાંપણહારની વચ્ચે બરાબર
કીકીઓમાંથી નીકળતા કિરણના રસ્તે જતાં
અંધારમાં વિંટળાયલું કો વન

(મળ્યું?)
ત્યાં એક ખૂબ જ જંગલી પ્રાણી
(બરાબર જો!) વસે છે:
હિંસ્ર આંખો, વજ્ર જડબાં, લોહીતરસ્યા હોઠ;
જેનો જન્મ તારા જન્મ સાથોસાથ,
જેનું મૃત્યુ તારી પાસ;
જેનાં કદ-સ્વરૂપ તારી મહેચ્છા વાસના જેવાં ફૂલેલાં,
ભૂખ જેની ઊઘડતી તારા શરીર-મન—ઉદરમાં;
તે જીવતું હજીયે શિકારો શોધતું;

ઝીણી નજર (આ આયનામાં છે જરૂરી
કિન્તુ તે પૂરતી નથી)-ના દોરથી પકડાઈ રહેતું
આ પશુ,

ક્યારેક જો છટકી ગયું તો
ક્યાંક તારો ભાઈ, તારી મા,
કદાચિત સંત, અથવા તું જ...

હસમુખ પાઠક

તમે ગાંધીજીને જોયા હતા?

એકદમ જ્યાં સાવ નાના ભાઈએ પૂછ્યું:
"તમે ગાંધીજીને જોયા હતા?"
ત્યાં હું અચિંતો ને સહજ બોલી ગયો કે: "હા;"
અને એ ઓશિયાળી આંખથી જોઈ રહ્યો મુજને,
અને બબડી ગયો,
"ત્યારે અમે તો હીંચતા'તા ઘોડિયામાં,
પેનપાટી લૈ હજુ તો એકડાને ઘૂંટતા'તા રે અમે—"

હું હવે કોને કહું કે: "ના, તમે,
એ તો અમે."

પ્રિયકાંત મણિયાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્હીટમૅનનો વારસ–કવિ કાર્લ સૅન્ડબર્ગ (૨)

–એની કૃતિઓ અને કેટલીક કાવ્યરચનાઓ

નિરંજન ભગત

સૅન્ડબર્ગની પદ્યકૃતિઓ

'શીકાગો પોએમ્સ' (૧૯૧૬): જન્મ્યો તેવો જ જગબત્રીસીએ ચડ્યો ને ચવાઈ ગવાઈ ગયો તે સૅન્ડબર્ગનો પ્રથમ કાવ્યસંગ્રહ. સૅન્ડબર્ગના કવિજીવનના પ્રારંભે જ એની સામાજિક સભાનતાનો પરિચય થાય છે, પ્રૌઢિ અને પાકટતાનો પરિચય થાય છે. એની સર્જક અવનવીનતા અને મૌલિકતા — વસ્તુ અને સ્વરૂપ બન્નેમાં – ને કારણે અમેરિકન કવિતાને નવાં મૂલ્યો, નવું ચૈતન્ય પ્રાપ્ત થાય છે. અમેરિકન કવિતામાં પૂર્વે કદી કોઈ કવિએ ન પ્રગટેલી એવી નિષ્ઠુરતાનું, શીકાગો શહેરમાં અનિવાર્ય એવી નિષ્ઠુરતાનું, એના કાવ્યવસ્તુમાં દર્શન થાય છે, અને સૅન્ડબર્ગની સર્જકતા, એની કલ્પનાનો કીમિયો તો એ છે કે એ નિષ્ઠુરતામાં જ એણે સૌંદર્ય નિહાળ્યું છે. કવિતાની જડ તો જંતુડા અને કઠોર જમીનમાં હોય એ સીન્જનો આદર્શ એણે અપનાવ્યો છે. આમ અહીં કાવ્યવસ્તુમાં સુન્દરતા અને નિર્દયતાનો નવો જ સંવાદ રચાયો છે. એની વીર્યવાન વાણીમાં ધસમસતા પ્રચંડ ઘોડાપૂરનો વેગ છે. જે પ્રેમથી એના પુરોગામીઓએ કૃત્રિમ કાવ્યબાનીનો ઉપયોગ કર્યો હતો એ જ પ્રેમથી સૅન્ડબર્ગે સરળ અને છતાંય સમર્થ લોકબાની (Speech and Slang)નો ઉપયોગ કર્યો છે. શીર્ષક-કાવ્ય 'શીકાગો'માં એણે એક નગરનું પુષ્ટ પશુ અને પ્રચંડ પુરુષ એમ બન્ને સ્વરૂપમાં બુલંદ અને બલવાન ચિત્ર આંક્યું છે. એની અધમતા અને આધ્યાત્મિકતાનો એકસાથે એકશ્વાસે સહર્ષ સ્વીકાર કર્યો છે. આ કાવ્ય નર્યું વાસ્તવભર્યું હોવા છતાં એક દષ્ટાના દર્શનરૂપ છે એ એની સવશ્રેષ્ઠ સિદ્ધિ છે. આ કાવ્યનું વિસ્તારથી રસદર્શન હવે પછી કરશું. સંગ્રહનું બીજું મહત્ત્વનું કાવ્ય અને આધુનિક અમેરિકન કવિતાના ઇતિહાસમાં સૌથી વધુ કટુકઠોર કાવ્ય 'ટુ એ કન્ટેમ્પરરી બન્કશુટર' છે. એની ભાષામાં નરી નિર્દયતા અને 'શીકાગો' જેટલી જ સજીવતા છે. ધર્મને નામે ધૂતતા, ધતીંગ કરતા, ભોળી અને ભાવુક પ્રજાને છળકપટથી છેતરતા, લોકોની આંખમાં ધૂળ નાખતા, ભ્રામક ભવિષ્યવાણી ભાખતા પાખંડી પુરુષોના દંભ સામે સૅન્ડબર્ગે પોતાનો દૈવી રોષ પ્રગટ કર્યો છે. એવા ધર્મ-પ્રચારકો(Frothing evengelists) સામે એનો પુણ્યપ્રકોપ ફાટી નીકળ્યો છે. એમના પર એણે શાપ વરસાવ્યા છે. એમને ફિટકાર્યા છે, ફટકાર્યા છે; એમના ઉધડા લીધા છે, એમને ઉઘાડા પાડ્યા છે અને એ પણ એવી ભભૂકતી ભાષામાં કે આ કાવ્ય સ્વયં સાચા ધર્મની સમાધિ(religious ecstasy)માં જ હોય એવી ભવ્યતા અને રસાનંદની પરાકાષ્ઠા પર પહોંચી જાય છે. ઈશુ વિષેનાં જુઠ્ઠાણાંઓનો એમાં એવો જવાબ છે કે આપોઆપ આ કાવ્ય ઇશુની શહાદતની પરમ પવિત્ર પ્રશસ્તિરૂપ છે. આ કાવ્ય એના વસ્તુની ભવ્યતાને કારણે તો મહત્ત્વનું છે જ પણ એની ભાષાના એવા ભવ્ય પ્રયોગની દૃષ્ટિએ પણ એટલા જ મહત્ત્વનું છે. આ એક જ કાવ્યમાં લોકબાની અને એના શબ્દોનાં અનેક ઉદાહરણો છે: 'where do you get that stuff ?,' 'bunch backing you,' 'a good four flusher,' 'he starts people pucking.'

આવા પ્રકોપોની પડછે જ 'સ્કેચ' જેવું નાજુક અને લગભગ નીરવ કાવ્ય છે અને સંગ્રહમાં એના જેવાં કોડીબંધ કાવ્યો જેવાં કે 'જ્યુ ફીશ-ફ્રાયર.' 'અનીઅન ડેઝ' અને અતિ પ્રસિદ્ધ 'ફૉગ' છે. મિજાજની મુદ્રા અને વિચારોનો વેગ વ્યક્ત કરતા સૅન્ડબર્ગના કાવ્યખંડો વિશિષ્ટ છે. સૌન્દર્યનો હ્રાસ અને ઉપહાસ કરતી નિત્યજીવનની નજીવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને નાની નાની કરુણ ઘટનાઓ અને અન્યાયોની પરંપરાઓ આ લઘુકૃતિઓ—'ગ્રેઈસ લૅન્ડ', 'એના ઇમરોથ,' 'મિલ ડૉર્સ,' 'માસીસ,' 'હૉલસ્ટેડ સ્ટ્રીટકાર' વગેરેમાં—છે. એકાદ લીટીના લસરકા માત્રથી સહાનુભૂતિને સંકોરતી કૃતિ 'ધે વીલ સે' અને કઠોરતા અને કોમળતાના મધુર મિશ્રણ જેવી કૃતિ 'મરમરીંગ ઇન એ ફિલ્ડ હૉસ્પિટલ', તો નરી લાગણીવશતાનું નિર્દોષ દર્શન કરાવતી કૃતિઓ—'ફેલો સીટીઝન્સ,' 'ધ હાર્બર,' 'પોપ્યુલેશન ડ્રીફ્ટસ' છે અને કઠોર પણ કરુણ કૃતિ 'એ ફેન્સ' છે; તો 'ચોઈસીઝ'માં અર્ધવાસ્તવ અને અર્ધરહસ્ય છે અને 'લિમિટેડ'માં વક્રોક્તિ છે. આવી સ્નિગ્ધકોમળ અને ઋજુમધુર કૃતિઓની ચારુતા અને ચોટ સેન્ડબર્ગમાં મનુષ્યની મુરાદો અને સુન્દર સ્વપ્નોની અસફળતા વિષેની ઊંડી સૂઝ સમજમાંથી પરિસ્થિતિ પ્રત્યેનો એનો રોષ અને ક્રૂરતા સામેનો એનો ધિક્કાર પ્રકટ કરતી કૃતિઓની બળકટતાને બેવડાવે છે. સેન્ડબર્ગની કવિતાનો દોષ, એની કલ્પનાની મર્યાદા—અલબત્ત જે મૌલિક છે—પણ આ પ્રથમ સંગ્રહમાં જ પ્રગટ થાય છે. જેમ વ્હીટમેનની કવિતામાં અમેરિકનત્વનો અતિરેક—અલબત્ત જે સભાન છે—થાય છે તેમ સેન્ડબર્ગમાં નિષ્ઠુરતાનો અજાણતાં અતિરેક થાય છે, ત્યારે એને નામે ક્યારેક માત્ર કર્કશતા જ પ્રગટ થાય છે. 'બલવંત કવનો 'ને બદલે 'big stuff,' 'red guts' વિષે અજાણતાં જ જાણે કે સેન્ડબર્ગ આત્મવંચના કરે છે, પ્રતારણા કરે છે. નકલી નિષ્ઠુરતાને સાચી સમજી લેવાને લલચાય છે, ત્યારે ભ્રમમાં, ભુલાવામાં લટપાય છે.

'કોર્નહસ્કર્સ' (૧૯૧૮): 'શીકાગો પોએમ્સ'નો અધમતા અને આધ્યાત્મિકતાનો સંવાદ આ સંગ્રહમાં વધુ સુગ્રથિત, સંયમી, સંવેદનશીલ અને વ્યાપક સ્વરૂપે છે. એથી આ સંગ્રહ આગલા સંગ્રહથી એક ડગલું આગળ જાય છે. સંગ્રહના પ્રથમ કાવ્યમાં જ આ વિકાસ સ્પષ્ટ વરતાય છે. એમાં પ્રેઈરીનું એક વિશાળ દર્શન છે. આ કાવ્યમાં જે નોર્સ સાગાની ભાવભરતી ઊછળે છે તે સેન્ડબર્ગના સ્વીડીશ સંસ્કારોનું સર્જન છે. એના પ્રલંબ લયમાં પકડ છે, પાકટતા છે, સિદ્ધહસ્ત અને સમર્થ સર્જકનાં હથોટી છે. પ્રકૃતિમાં જે કંઇ રુદ્ર અને રમ્ય છે તેનું સૌંદર્ય સેન્ડબર્ગને સ્પર્શી જાય છે. અંતનાં કાવ્યોમાં વધુ ગહનતા, ગંભીરતા અને ગૌરવ છે. એની બુલંદ અને બલિષ્ઠ વેગીલી વાણીના જોસ્સા અને જુવાળને પાછો પાડતો અર્ધસ્ફુટ રહસ્યવાદ પ્રથમવાર પ્રગટ થાય છે. તળપદા શબ્દોની તળે છૂપાયેલો છાયા જેવો આ રહસ્યવાદ વાસ્તવને વિસ્તારે છે. 'મેનીટોબા ચાઇલ્ડ રોલૅન્ડ', 'ઑલવેઝ ધ મોબ,' 'ધ ફોર બ્રધર્સ' જેવી કૃતિઓમાં ધાતુ જેવું ધીંગું પૌરુષી સૌંદર્ય છે તો 'ગ્રાસ' જેવી કૃતિમાં મેઘ જેવું તરલસરલસ્ત્રૈણ સૌંદર્ય છે. 'પ્રેઈરી'માં વિશાળ ફલક છે તો 'સધર્ન પૅસીફીક'માં મુક્તકોનું લાઘવ છે. 'બૅન્ડ કૉન્સર્ટ'માં નાનકડા ગામનું પ્રામાણિક વાસ્તવિક ચિત્ર છે તો 'પ્રેઅર્સ ઑફ સ્ટીલ'માં સર્જન અને સંહારની શક્તિ માટેની પ્રાણવાન પ્રાર્થના છે. આ સંગ્રહનું વિશિષ્ટ અને વિરલ કાવ્ય તો છે 'કુલ ટુમ્બ્ઝ.' સેન્ડબર્ગને પ્રિય અને આપણને એની કવિતામાં પરિચિત એવા વિશેષ નામ અને વિશિષ્ટ લોકબાનીના શબ્દોના મિશ્રણનો આ કાવ્ય એક નવો જ નમૂનો છે. પ્રાસહીન પણ લલિત વિલંબિત લયનું આ યુગનું આ એક અત્યંત કરુણ કોમળ શોકકાવ્ય છે.

'સ્મોક ઍન્ડ સ્ટીલ' (૧૯૨૦): સેન્ડબર્ગની કવિતામાં જે બે વિષમ અને વિરોધી તત્ત્વો—વાસ્તવ અને રહસ્ય—'શીકાગો પોએમ્સ'માં પ્રથમ પ્રગટ થાય છે અને 'કોર્નહસ્કર્સ'માં પગભર થાય છે તે આ ત્રીજા સંગ્રહમાં સમૃદ્ધ થાય છે કારણ કે એમની વચમાં સમતુલા અને સંવાદ સ્થપાય છે. આ સંગ્રહનું નામ અત્યંત સૂચક છે. બે પ્રતીકો દ્વારા વિરોધની વચ્ચે જ સંવાદ સિદ્ધ થાય છે. ધુમ્રમાં રોમેન્ટીક રહસ્યવાદ અને ધાતુમાં ધીંગા વાસ્તવનો ધ્વનિ છે. ધાતુમાં જાણે કે સેન્ડબર્ગ ધરતી પર પગ ધરીને ઊભો છે ને ધુમ્રમાં એનાં સ્વપ્નો અવકાશમાં સરીને ઊડે છે. ધૂમાડાના ગોટેગોટ કાઢતી ચીમનીઓ અને ધાતુના ધીંગા ખડક જેવાં કારખાનાંઓમાં સેન્ડબર્ગે એનું વિરાટ દર્શન મૂર્ત કર્યું છે. સંગ્રહનું પ્રથમ કાવ્ય એક સંપૂર્ણ સફળ કૃતિ છે. એમાં જ વિરોધ, વિસંવાદ, વિષમતા પ્રથમ વાચને જ ઊડીને આંખે વળગે છે. છાપાનો ખબરપત્રી જાણે કે છાનોછપનો છાયાવાદની સૃષ્ટિમાં સરતો સરકતો જાય છે. નકશા પરના નક્કર સ્થળેથી કવિ અચાનક રોમેન્ટિક અને રમતિયાળ રહસ્યવાદના અવકાશમાં અવગાહન કરવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલ્પનાની પાંખો પસારે છે. કવિની મનોદશા, એના અવાજ-નો રણકો, એનાં પ્રતીકો ઐક્ય દ્વારા તીવ્રતાની નવી જ ટોચ સર કરે છે. 'પેન્સીલવેનીઆ'માં નવી સઘનતા નજરે પડે છે. 'હુઝર્સ'ની ક્રૂર મશ્કરીનો સંયમ 'એ. ઈ. એફ.'ની અર્ધમુખરિત આર્દ્રતાને ઉપસાવે છે. 'ધ લાયર્સ' (જેનો સમય બહુ સૂચક છે, માર્ચ ૧૯૧૯)માં પૂર્ણ પ્રતિકાર છે તો 'ફોર પ્રીલ્યુડઝ ઓન પ્લેથાન્ગ્સ ઑફ ધ વીન્ડ' અને 'થ્રી સ્પ્રીન્ગ નોટેશન્સ ઓન બાયપેડસ'માં નાજુક નકશીકામ છે. વેળુલિપિ, કેશસંમાર્જન કરતી સ્ત્રીઓ, પડછંદ પવન પરનો અર્ધચન્દ્ર, રંગબેરંગી પક્ષીઓ પરનાં કાવ્યોમાં સુકુમાર સૂરાવલિ છે. નવા જ રાગમાં જૂના લાગણીવેડાનો લલકાર છે. 'ક્રેપ શુટર્સ,' 'કેક્ટ્સ,' 'જાઝ ફેન્ટેસીઆ,' 'હોન્કી ટોન્ક ઈન કલીવલેન્ડ, ઓહાઈઓ' જેવાં ડઝન કાવ્યોમાં આધુનિક યંત્રવાદની યાતના પાછળ સંસ્કૃતિની મોહક વારુણી વ્યક્ત થાય છે. 'ધ લોયર્સ નો ટુ મચ'ના વેધક કટાક્ષથી માંડીને 'એન ઈલેક્ટ્રિક સાઈન ગોઝ ડાર્ક'ના કારુણ્યમાં, 'હુડલમ્સ'માં શીકાગોની ટોળકીઓનાં તોફાનોના પાવકજલદ પડઘાઓથી માંડીને 'મીસ્ટ ફોર્મ્સ' વિભાગનાં પચાસ ઊર્મિકાવ્યોના લાલિત્યમાં ક્ષણક્ષણના વિચિત્ર ભાવાવેશો અને અતિવિચિત્ર ભૂખ-ભૂતાવળોનો પરિચય થાય છે. અહીં મનુષ્ય અને યંત્રનાં સ્વપ્નો છે, અને નિદ્રાધીન નિવાસો અને તેજલીંપ્યા ખેતરોનું મૌન છે. સાંધ્યસમયના ઓછાયા અને આકારો પ્રત્યેનું સંવેદન છે. 'નાઈટ સ્ટફ,' 'નાઈટ મુવમેન્ટ,' 'નાઈટ્સ નર્થીંગ અગેઈન,' 'ધ સ્કાયસ્ક્રેઈપર લવ્ઝ નાઈટ' વગેરે રાત્રિગાન વ્હીટમેનની જેમ સેન્ડબર્ગે પણ મન ભરીને ગાયાં છે એથી સેન્ડબર્ગને નિશીથનો મહાગાયક કહી શકાય.

'સ્લેબ્ઝ ઑફ ધ સનબર્ન્ટ વેસ્ટ' (૧૯૨૩): આ સમગ્ર સંગ્રહ સેન્ડબર્ગની ઊર્મિશીલતાનું ઉદાહરણ છે અને એટલે જ આ એની લઘુકાય કૃતિ છે. આમાં બે લાંબી કાવ્યરચનાઓ સંગ્રહની પ્રધાન કૃતિઓ છે. અફાટ પટ પર પથરાયલું શીર્ષકકાવ્ય, 'શીકાગો'ની વિસ્તૃત આવૃત્તિ જેવા 'ધ વીન્ડી સીટી'નું ઉલ્લાસી વર્ણન અને 'એન્ડ સો ટુ-ડે'નો ક્રૂર કટાક્ષ, આમ વિવિધ પ્રકારનાં કાવ્યો વચ્ચે સુમેળ સધાયો છે. અત્યંત લઘુકદની રચનાઓમાં અસ્ફુટ મર્મર ધ્વનિ અને અસ્પષ્ટ ભાવાત્મકતાનું સુગ્રથન થયું છે. એમાં 'પ્રાયમર લેસન' અને 'અપસ્ટ્રીમ' અપવાદ રૂપ છે. એકંદરે આ સંગ્રહનું વસ્તુ ઝાંખુંપાંખું છે અને શૈલી શિથિલ છે, સેન્ડબર્ગ જાણે કે ભૂલભૂલામણીમાં ભટકે છે. એક સુશ્લિષ્ટ કલાકૃતિમાં જે સંયોજન અને સઘનતાની, ઐક્યની અપેક્ષા હોય એનો અહીં અભાવ છે. કવિનો હાથ કંઈક ધ્રૂજે છે, એની કલમ કથળે છે. દુશ્મનોના બત્રીસે દાંત બહાર નીકળી આવે એવી નિર્દયતાથી એ વિશેષણો વાપરે છે, એનો લય લથડતો નથી, ભાવ પણ ભરપૂર હોય છે છતાં અર્થ અદૃશ્ય થાય છે.

'ગુડ મોર્નીન્ગ, અમેરિકા' (૧૯૨૮): આ સંગ્રહમાં સેન્ડબર્ગ એક સાથે એના ઉત્કૃષ્ટ અને નિકૃષ્ટ સ્વરૂપે પ્રગટ થાય છે, અહીં અનેક કાવ્યમાં નર્યો અનર્થ અને આડંબર છે. કેટલુંક તો અગડંબગડં જેવું છે. સામાન્યતાથી સભર છે. તો કેટલુંક સૌંદર્યસભર, સંવેદનશીલ અને નૂતન પ્રયોગ જેવું છે. આ સંગ્રહમાં કવિતાની આડત્રીસ કામચલાઉ વ્યાખ્યાઓ સેન્ડબર્ગના સર્વ સંગ્રહની ફૂટનોટ જેવી કે પ્રસ્તાવના જેવી છે. કેવળ વર્ણનાત્મક એવાં કેટલાંક કાવ્યોનું સેન્ડબર્ગની શ્રેષ્ઠ કૃતિઓમાં સ્થાન છે, 'એ. ઈ. એફ' વગેરે કાવ્યોમાં આરંભથી જ યુદ્ધનો વિરોધ કરનાર અમેરિકાના કવિઓમાંનો એક કવિ સેન્ડબર્ગ છે, એનો યુદ્ધવિરોધ અહીં વધુ ઉગ્ર બન્યો છે. સંગ્રહનું શીર્ષકકાવ્ય હાર્વર્ડમાં ફી બીટા કાપા—કાવ્ય લેખે સેન્ડબર્ગે વાંચ્યું હતું.

'ધ પીપલ, યસ' (૧૯૩૬): આ સંગ્રહમાં અઠ્ઠાવન વર્ષની વયે સેન્ડબર્ગે એની સર્ગશક્તિ અને કલ્પનાનું સર્વોચ્ચ શિખર સર કર્યું છે. એની સર્જકતા પરાકાષ્ઠાએ પહોંચી છે. એના કાવ્યજગતના કેન્દ્રસ્થાને એનું લઘુકાવ્ય 'આઈ એમ ધ પીપલ' છે. એમાં કવિની અંતિમ આશા અને શ્રદ્ધાનો બુલંદ ઉદ્ગાર છે. જગતમાં ક્રૂરતા અને કરુણતાની જો કોઈ કમી જ નથી તો માનવજાતની સહનશીલતાને પણ કોઈ સીમા જ નથી. દુષ્ટો અને દુશ્મનોનાં દુરિતોને દાદ જ ન આપતાં, એમનો કાંકરો જ કાઢી નાંખીને, એમને વહાલથી વીસરીને, પ્રગતિને પંથે આગેકૂચ કરવાની પ્રજામાં કોઈ નિગૂઢ અને નૈસર્ગિક શક્તિ છે. આ શક્તિનો સેન્ડબર્ગ આજન્મ પરિચય પામ્યો છે. એમાંથી જ એ અવિરત અને અખૂટ પ્રેરણા પામ્યો છે. 'આઈ એમ ધ પીપલ'માં એણે કવિજીવનના આરંભે મિતાક્ષરમાં જે કહ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે અહીં એણે વિગતે અને વિસ્તારથી મહાગ્રંથરૂપે કહ્યું છે. અહીં સેન્ડબર્ગ માત્ર સર્જક નથી પણ સંપાદક પણ છે. આ સંગ્રહમાં સંશોધન અને સર્જનનો અસાધારણ સંવાદ સધાયો છે. કવિની કલ્પના અને પ્રિયા માનવતાના કોઈ પ્રેમી મજનુના કુતૂહલનો સુમેળ થયો છે. આરંભની પરિચયરૂપ મિતાક્ષરી નોંધમાં સેન્ડબર્ગે કહે છે કે આ કૃતિમાં એણે "Sayings and yarns traveling on grief and laughter' (પ્રજાના સુખદુઃખના દોર પર ગૂંથેલી લોકકહેવતો અને લોકટૂચકાઓ) તથા 'Stories and psalms nobody would laugh at' (કોઈ હસી કાઢી ન શકે એવી વાતો અને પ્રાર્થનાઓ)નો એણે સંગ્રહ કર્યો છે. પ્રજાની કલ્પિત કથાઓ, કહેવતો, ઠઠ્ઠામશ્કરી, મસ્તીતોફાન, બુટ્ટાતરંગો, ટોળટપ્પાં અને ગપ્પાં વગેરે । જાણે કે આ સર્વસંગ્રહ છે. સેન્ડબર્ગે એમાં કંઈ જ મૌલિક સર્જન કર્યું નથી. સર્જન પ્રજાનું છે, સેન્ડબર્ગે તો માત્ર એનું સંપાદન કર્યું છે. પણ સેન્ડબર્ગને પૂરી પ્રતીતિ છે કે આ સંગ્રહમાં પ્રજાનું જે સર્જન છે એ પ્રજાની સુખ અને સત્યની સનાતન શોધનું પરિણામ છે એટલે જ સેન્ડબર્ગે આ ગ્રંથ હળવે હાથે પણ ગંભીરપણે ગૂંથ્યો છે. જો કોઈ કહે કે, 'The peope is a myth, an abstraction' (પ્રજા એ તો કેવળ કલ્પના છે) તો સત્વર જ સેન્ડબર્ગ સામું આહ્વાન આપે, 'What myth would you put in the place of the people?' (તો પછી પ્રજાને સ્થાને તમે બીજી કઈ કલ્પના મૂકવા માંગો છો?) એનાં ૧૦૭ ખંડમાં પ્રજાની સંપત્તિ, યુદ્ધ, ન્યાય વગેરે જીવનના અને વિશેષ તો આધુનિક જીવનના મુશ્કેલ અને મહત્ત્વના વિષયો પરત્વેની સામુદાયિક સૂઝનો પરિચય થાય છે. એક ખંડમાં તો લિંકનના સર્વોત્તમ શબ્દોનો સમુચ્ચય માત્ર છે. લિંકન પ્રજાનો પ્રતિનિધિ અને એના પ્રતીક જેવો હતો. એટલે ૧૦૬ ખંડની પ્રજાની વાણી અને આ ખંડમાં લિંકનની વાણી એવી તો અભિન્ન રૂપે એકમેકમાં ભળી જાય છે. આ હકીકત સેન્ડબર્ગની લિંકન વિષેની સૂઝ અને લિંકનની પ્રજા વિષેની સૂઝ પ્રગટ કરે છે. આધુનિક અમેરિકાનો આ ગૌરવગ્રંથ છે. અમેરિકન પ્રજાને આ સર્વશ્રેષ્ઠ અંજલિ છે. વ્હીટમેનની વાણીના અપવાદ વિના અન્યત્ર ક્યાંય સામાન્ય માનવીનો ગર્વથી આવો મહિમા ગવાયો નથી. પ્રજાની સામુદાયિક સૂઝ અને અખૂટ આશાવાદને અંતરથી આવી અંજલિ અન્ય કોઈ કવિએ આપી નથી. સેન્ડબર્ગ ૧૦૭મા ખંડમાં કહે છે, "The people will live on. The learning and blundering people will live on....In the darkness with a great bundle of grief the people march. In the night, and overhead a shovel of stars for keeps, the people march: 'Where to? What next?' (પ્રજા તો જીવ્યા જ કરશે. ભણતી ને પાછી ભૂલતી પ્રજા તો જીવ્યા જ કરશે... અંધકારમાં માથે દુઃખનો ભારો મેલીને પ્રજા તો ધરતી પર ધપતી જ રહેશે. રાત્રિમાં પણ તારાઓના તેજને આધારે પ્રજા તો ધપતી જ રહેશે: કેણ કહેશે કે, અંતે ક્યાં? અને હવે પછી શું?) પ્રજાની આ ધીરતા અને વીરતાને એની વાણીમાં ગૌરવથી ગાઈને સેન્ડબર્ગ ધન્ય થયો છે અને એ ધન્યતા એણે નમ્રતાથી ધારણ કરી છે. કારણ કે એણે આ સંગ્રહને તો માત્ર, 'a footnote to the Gettysburg Address' લિંકનના જેટીસબર્ગ વ્યાખ્યાનની પાદટીપ રૂપે વર્ણવ્યો છે. સાચું છે કે અહીં સેન્ડબર્ગ સર્જક નહીં, 'સંપાદક' છે; સાચું છે કે અહીં અગાઉનાં કાવ્યોની જેમ વ્યક્તિઓની નહીં પણ વ્યક્તિત્વ વિનાની પ્રજાની પ્રશસ્તિ ગાઈ છે. પણ એથી જ એનું કવિત્વ અને એનુ વ્યક્તિત્વ બન્ને સાર્થક થયાં છે, ધન્ય થયાં છે. પ્રજા ભલે ભૂલે ને ભરમાય, ભલે પડે ને પટકાય પણ પ્રજા પોતે જાણે છે એથી પણ વધુ શાણી ને શક્તિવાન છે કારણ કે જગતનો સમગ્ર ઈતિહાસ અંતે તો એના ચૈતન્યની લીલા માત્ર છે. શિષ્ટ સાહિત્યના કાચા માલ લેખે લોકસાહિત્યનો ઉપયોગ કરવો એ આધુનિક યુગનું લક્ષણ છે, એનું પણ આ સંગ્રહ એક ઉદાહરણ છે.

સેન્ડબર્ગની ગદ્યકૃતિઓ

કલ્પનાપ્રચૂર અને હાસ્યસભર રહસ્યવાદની ત્રણ બાળકથાઓ, ૧૯૨૭માં ૨૮૦ ગીતો અને લોકસંગીતનાં સ્વરાંકનોનો 'ધ અમેરિકન સોન્ગબેગ' નામનો પ્રજાના જીવનરહસ્યનો પરિચય કરાવતો એક સમર્થ સંગ્રહ, ૧૯૨૮-માં ગીત, સંગીત, સર્કસ, ગીતાર સાથે કાવ્યવાચનનો નવીન પ્રયોગ વગેરે ચિત્રવિચિત્ર કાર્યક્રમોને આવરી લેતું દેશભરમાં આપેલું રસિક વ્યાખ્યાન, વિવિધ અનુભવોને આલેખતી આત્મકથા વગેરે સેન્ડબર્ગની અનેક ગદ્યકૃતિઓમાં લિંકનના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચરિત્રના ૭ ગ્રંથો એના ૭ કાવ્યસંગ્રહોથી પણ કદાચને વધુ મહાન અને મહત્ત્વના છે. આઠ વર્ષ ઇલિનોયના પ્રદેશ અને એની પ્રજાની વચમાં વસીને લિંકનને જાણવા પ્રમાણવા એણે જે ભ્રમણ અને અભ્યાસ કર્યો એનું પરિણામ એટલે 'ધ પ્રેઇરી ઇયર્સ' (૧૯૨૯) અને પછી વધુ દશ વર્ષ એ જ પ્રવૃત્તિનું પરિણામ એટલે 'ધ વૉર ઇયર્સ' (૧૯૩૯). ચરિત્ર આમ તો લિંકનનું છે. પણ લિંકન એટલે જ જેમનો એ પ્રતિનિધિ છે, જેમનું એ પ્રતીક છે એ પ્રજા. એટલે સાચી રીતે તો એમાં પ્રજાનું જ ચરિત્ર છે. લિંકન તો અનેકમાંનું એક પાત્ર માત્ર છે. પ્રજામાંના એકેએકમાં લિંકન થવાની લાયકાત છે. આવી પ્રતીતિ સેન્ડબર્ગે પ્રગટ કરી છે એથી જ તો એનામાં લિંકનના ચરિત્રકાર થવાની લાયકાત છે. જેમ 'ધ પીપલ, યસ'ના ૧૦૭ ખંડોમાં એક ખંડ માત્ર લિંકનના શબ્દોથી જ રચ્યો છે તેમ લિંકનના ચરિત્રના આ ૬ ગ્રંથોમાં પાને પાને પ્રગટ થવાનો પ્રજાને એણે અધિકાર આપ્યો છે. કવિ સેન્ડબર્ગ વિષે—એની મહત્તા, મહાનતા અને કવિતાના મૂલ્યાંકન વિષે—મતભેદ હશે અને અત્યારે અમેરિકામાં છે જ વળી, અને અવશ્ય હોવો જોઈએ અને સદાય રહેશે, સકારણ છે અને રહેશે,—એમાં રુચિભેદને સ્થાન છે; પણ ચરિત્રકાર સેન્ડબર્ગ અમરત્વનો અધિકારી છે એ વિષે કોઈ મતભેદ ન હોય, નથી અને નહીં હોય; એમાં રુચિભેદને સ્થાન જ નથી.

સેન્ડબર્ગની બે વિશિષ્ટ કાવ્યરચનાઓ

'**શીકાગો**' : સેન્ડબર્ગનું જગપ્રસિદ્ધ કાવ્ય. કાર્લ અને માર્ક વાન ડોરેન કહે છે તેમ સેન્ડબર્ગને શીકાગોની અવનવીનતા અને આશાવાદનું આકર્ષણ છે, જેને બીજો કોઈ કવિ અપક્વતા અને અધમતા કહે, પણ સેન્ડબર્ગને સૌથી વધુ તો આ નિષ્ઠુર નગરીની નફ્ફટાઈનું આકર્ષણ છે અને આ કાવ્યમાં સેન્ડબર્ગ નીંદકો પ્રત્યે એટલો જ નફ્ફટ છે. એણે પણ ભૂતકાળ અને એની ભાતગૂંથણીના ભુક્કા ઉડાવ્યા છે. એ સજીવતામાં રાચે છે, અને એમાંથી સર્જન કરે છે, વાણી પણ સજીવ જ બોલે છે. શબ્દકોષમાંથી નહીં પણ શેરીઓમાંથી શબ્દ વીણે છે, જેટલે અંશે શીકાગો આજનું અને આવતીકાલનું શહેર છે એટલે અંશે સેન્ડબર્ગ આધુનિક કવિ છે. સેન્ડબર્ગને વાસ્તવમાં અને વર્તમાનમાં રસ છે, એણે અન્યત્ર કહ્યું છે, 'I speak of new cities and new people. I tell you the past is a bucket of ashes. I tell you yesterday is a wind gone down, a sun dropped in the west. I tell you there is nothing in the world, only an ocean of to-morrows, a sky of to-morrows' (હું નવાં નગરો અને નવી પ્રજાને ગાઉં છું. હું તમને કહું છું કે ભૂતકાળ તો ભંગારનો ઢગલો છે, ગઈકાલ એ તો પડી ગયેલો પવન છે, પશ્ચિમમાં ડૂબી ગયેલો સૂરજ છે. હું તમને કહું છું કે આવતીકાલ રૂપી અર્ણવ અને આવતીકાલ રૂપી આકાશ વિના આ જગતમાં બીજું કંઈ જ નથી). આથી જ એને મન જગતનાં પ્રાચીન મહાનગરોથી શીકાગોનું વધુ મૂલ્ય છે, આખુંયે કાવ્ય અત્યંત ચર્ચાસ્પદ છે, કારણ કે એનું વસ્તુ, સ્વરૂપ, શબ્દો, લય, પ્રતીકો બધું જ નવું છે. જાણે કે પ્રાચીનતાની સામે સેન્ડબર્ગે ખુલ્લો બળવો પોકાર્યો ન હોય, પરંપરાની સામે ક્રાંતિ પ્રગટાવી ન હોય એવો એનો મિજાજ છે. અને છતાંય આ કાવ્યમાં એક સુશ્લિષ્ટ, સુગ્રથિત, સુયોજિત કલાકૃતિનું ઐક્ય અને સૌન્દર્ય છે. ત્રેવીસ પંક્તિના આ કાવ્યનો આરંભ વિવિધ પ્રકારના શીકાગોના વર્ણનથી થાય છે જે પાંચમી પંક્તિના પ્રતીકમાં સમેટાય છે, 'City of the Big Shoulders' (વિશાલસ્કંધ નગરી). આમ કહીને સેન્ડબર્ગ શીકાગોને નર અને નગર એમ બે સ્વરૂપે નિહાળે છે, એના સામર્થ્યનો સાક્ષાત્કાર કરે-કરાવે છે, એનું પૌરુષ પ્રગટ કરે છે. છઠ્ઠી, સાતમી અને આઠમી પંક્તિઓમાં કઠોર અને ક્રૂર સ્વરૂપનું, એની અમાનુષિતા અને અધમતાનું દર્શન કરે-કરાવે છે. પણ પછી નવમી પંક્તિથી સત્તરમી પંક્તિ લગી પલટો લે છે, અને સેન્ડબર્ગ શીકાગોની પ્રશસ્તિ ગાય છે. એની સજીવતાને સત્કારે છે. એના ચૈતન્યને ચમકાવે છે, એના વીર્યને વાચા આપે છે. અઢારમી પંક્તિથી બાવીસમી પંક્તિ લગીમાં આગળ ત્રણ પંક્તિઓમાં જેનું દર્શન થયું તે કરુણતા અને કદરૂપતાને પછીની નવ પંક્તિઓમાં જેનો ઉલ્લેખ થયો તે તત્ત્વોથી સૌન્દર્ય અને આનંદમાં પલટાવીને કાવ્ય પરાકાષ્ઠાએ પહોંચે છે. અને અંતિમ પંક્તિ—જે સ્વાભાવિક જ પ્રલંબ અને વિલંબિત લયમાં વહે છે તે–માં આરંભની પાંચ પંક્તિઓનું પુનરાવર્તન થાય છે, પણ હવે એમાં વચ્ચેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારો માળો

જયંતિ પટેલ

[શરૂઆતમાં (ફ્લ્યુટ) વાંસળીનો અવાજ ધીમે ધીમે આવે છે પછી મોટેથી આવાજ પાસે આવે છે. ફરીથી દૂરદૂર સંભળાય છે… ફરી પાછો મોટેથી શ્રોતાના કાન ઉપર સંભળાય છે.]

પ્રવક્તા : એ તો કનૈયો વાંસળી વગાડે છે. કનૈયો ભગવાન નથી—એ તો રાતપાળીમાં મિલમાં કામ કરે છે. છેલ્લી પાળીમાંથી કામ કરીને આવ્યા પછી વાંસળી વગાડવી એ એનો નિત્યનો ક્રમ છે, અને એમાંય જો ચંદ્રમા આકાશમાં હોય તો જોઈએ તેના કરતાં સૂર વધુ ફેલાઈ જાય છે.

(ત્રણથી ચાર સેકન્ડ બિલકુલ શાંતિ)

હવે બધા જ સૂઈ ગયા. માત્ર છેલ્લી ગાડીની આ દોડ સંભળાય છે. સામાન્ય રીતે સૂરજ ડૂબ્યા પછીથી રાત્રિ પડે છે. પરંતુ અમારા માળામાં રાત-પાળીની મિલો બંધ થયા પછીથી રાત્રિની શરૂઆત થાય છે. રાત શાંતિથી પસાર થઈ ગઈ. સવાર થઈ… જૂવો આ એલાર્મ સંભળાય છે.

[પાણીના નળનો ખાલી અવાજ અને પછી પાણી પડવાનો આવાજ આવે છે.]

પહેલો અવાજ : અરે જમનાદાસ ! એ જમનાદાસ ! સવાર થઈ ને નળને ટ્યૂબમાં નાંખીને ઘરભેગો કરો છો એ સારું નથી.

બીજો અવાજ : મારા મનથી તમે ભરી લીધું હશે.

પહેલો અવાજ : હજુ પાણી તો હમણાં આવ્યું. એટલામાં ક્યાંથી ભરી લીધું હશે ?

બીજો અવાજ : ભલે, ભલે તમે ભરી લો, પછીથી હું ભરીશ.

ત્રીજો અવાજ : તમને જરા વાંધો ન હોય તો હું પાણી ભરી લઉં. મારે જરા મિલ ઉપર જવું છે.

પહેલો અવાજ : કામ કરવું હોય તો પછી વહેલા ઊઠોને.

ત્રીજો અવાજ : આજે જરા મોડું થઈ ગયું. રાત્રે જરા દાજીની સરભરામાં હતો.

પહેલો અવાજ : ડોલ ખસેડી તમે નાહી લો, દાજીની તબિયત કેમ છે ?

ત્રીજો અવાજ : ઠીક છે. પહેલાં કરતાં સારું છે.

ત્રીજો અવાજ : ૐ બ્રહ્મા…વિષ્ણુ…ગોદાવરી સરસ્વતી… ગંગાજમના… કાવેરી સિંધુ…હરિ ૐ… ૐ… અરે ! પાછું પાણી જતું રહ્યું. જરા નીચે વાળાને બૂમ મારો.

[બૂમ સંભળાય છે :—એ નીચેથી નળ બંધ કરો… થોડીક વાર શાંતિ. ફરીથી બૂમ આવે છે…એ નીચેવાળા નળ બંધ કરો…અરે ! નળ બંધ કરો !…નીચેથી અવાજ આવે છે…કેમ ઉપર ભગવાન નાહવા બેઠા છે ?]

પહેલો અવાજ : પૂછે છે કે ઉપર ભગવાન નાહવા બેઠા છે ?

ત્રીજો અવાજ : કહો કે ભગવાન તો નહીં પણ ભગવાનનું નામ લઈને નાહવા બેઠા છે.

પ્રવક્તા : અહીંઆ જીવનનો આ નિયમ છે : જીવો અને બીજાને પણ જીવવા દો. માળાનાં માણસોની ઓળખાણ કરાવતાં પહેલાં હું તમને માળાની ઓળખાણ કરાવું. પેલા કબીરવડની માફક એનો વિસ્તાર પણ ખૂબ જ મોટો છે બાકી કબીરવડ જેટલો નહીં તો થોડાક ઓછા અંશે…એ પણ જૂનો તો છે જ અને અમારા માળાની શરૂઆત કબીરવડની શરૂઆત જેવી જ છે—કહે છે કે કોઈકે દાતણની ચીરી નાંખી અને એનો વિસ્તાર વધ્યો—અહીં પણ કોઈકે કમાવાની શરૂઆત કરવા આવ્યું અને એનો વિસ્તાર અને 'વસ્તાર' વધ્યો. એકેએક લાઈન અહીં છે…છ બ્લોક છે. તમારી પાસે મોટા બ્લૉક હોય તો તમો અમારા બ્લૉકને ઓરડા કહી શકો છો અને તમે જો માલિકીના બંગલામાં રહેતા હો તો આ જગ્યાને ચાલી કહી શકો છો…તમારી સગવડ મુજબ. અમારે તો અગવડનો સવાલ જ ઊભો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતો નથી. આખોએ માળો ત્રણ ત્રણ માળામાં વ્યવસ્થિત અવ્યવસ્થિત રીતે મોટા ઘેરાવામાં સુરત રીતે પથરાયેલો પડ્યો છે. માળાની વચમાં સ્કૂલ છે. સ્કૂલથી જરા દૂર મંદિર છે અને મંદિરની બાજુમાં દાજીનું મકાન છે. દાજી વર્ષોથી અપરિણીત છે એટલે એમના મકાનનો કલબ તરીકે ઉપયોગ થાય છે. માળાના આ બધા જ કઠેરા...સીડીઓ, સીડીઓને ખૂણેખાંચરે પડેલો કચરો અને સુકાતાં કપડાંની ધજાઓ અને સિનેરી વટાવીને તમે સ્કૂલ અને મંદિર ઓળંગી લ્યો ત્યારે દરવાજાને અડીને જ બજાર પસાર થાય છે. અને કેવું બજાર! ચોકલેટ અને ગ્યાસલેટવાળાની દુકાન એડોઅડ છે અને મૃત્યુનો સામાન વેચનાર અને રસોઈના મસાલા વેચનારા પણ હળીમળીને એક બીજાની બાજુમાં જ રહે છે. સવારથી સાંજ સુધીની ગરબડને અમે સગવડ ગણીએ છીએ. તમારે આશ્ચર્ય પામવાની જરૂર નથી. માત્ર ટેવાવાની જરૂર છે.

(કૂકડાનો અવાજ).

ઓહ! સવાર થઈ ગઈ...સવાર તો ક્યારનીએ થઈ ગઈ. અહીંઆ બિચ્ચારો કૂકડો આળસુ ગણાય છે અને કૂકડાની હરીફાઈમાં બે માણસો હમેશાં ઊતરેલા હોય છે. એક તો ચંદુનો છોકરો જમનો જે છાપાંઓ વેચે છે...અને બીજો નંદકિશોર ભૈયો... જે દૂધ આપી જાય છે...આહ! કેમ આજે વળી ડૉકટર અત્યારના પહોરમાં ક્યાં જઈ આવ્યા? કેમ ડૉકટર, ક્યાં જઈ આવ્યા?

ડૉકટર : જરા વિઝિટે જઈ આવ્યો. મનુભાઈ શેઠને ઘેર જોડકાં બાળકો આવ્યાં.

પ્રવક્તા : દાજીની તબિયત કેમ છે, ડૉકટર?

ડૉકટર : સારું છે...અરે જમના...કેમ છાપું મોડું લાવોછો?

જમનો : વરસાદના દિવસોમાં ડૉકટર જરા મોડું થઈ જાય છે.

ડૉકટર : જમના છાપામાં કંઈ નવીન છે?

જમનો : છાપું તમે વાંચો છો, ડૉકટર સાહેબ! તમને એમ લાગે છે કે દુનિયામાં કોઈક દિવસ શાંતિ સ્થપાશે?

ડૉકટર : છાપું વાંચતાં તો એવી આશા નથી બંધાતી પણ તને જોઉં છું ત્યારે એવી આશા બંધાય છે. જો ઇચ્છીએ તો શાંતિ થઈ શકે.

જમનો : તમેય, ડૉકટર સાહેબ! હજુ તો મારે આખા માળાને કૉપીઓ પહોંચાડવાની છે. ચાલો સાહેબજી.

ડૉકટર : અરે પેલો કોણ ડોલતો ડોલતો આવે છે? ક્યૂં ભૈયાજી, આજ દૂધ ક્યૂં ઇતના દેર સે લાયા?

ભૈયાજી : ક્યા કરે સરકાર, યહ બરસાત કે દિનોમેં...

ડૉકટર : દર વખતે બહાનાં ન બનાવો, ભૈયાજી! છોકરાઓને હમણાં સ્કૂલે જવાનો સમય થશે.

ભૈયાજી : અબ ઐસા નહીં હોગા, સરકાર! સુના સરકાર, મનુભાઈ શેઠ કે યહાં બચ્ચે આયેં?

ડૉકટર : મનુભાઈ શેઠને ઘેર જોડકાં બાળકો જન્મે એ તો સમજાય એવું છે, ભૈયાજી! પણ એમના મુનીમને ઘેર ત્રણ બાળકોનો જન્મ થયો છે ત્યારે મને થાય છે કે હવે દુનિયામાં થવા શું બેઠું છે?

ભૈયાજી : ઓર ક્યા સરકાર! ખુશીકી બાત હૈ...માલા બડા હો રહા હૈ. ડૉકટર સાહબ! બહેનજી કો જરા દૂધ લેને કે લીએ બરતન લાનેકા બોલો.

ડૉકટર : અચ્છા ઠેરો... અભી બોલતા હૂં.

ભૈયાજી : કીતના દૂધ દૂં, બહેનજી...

ડૉકટર : જીતના રોજ દેતે હો ઇતના દો.

ભૈયાજી : ક્યૂં સરકાર બરતન લે કે આપ આયે? બહેનજી સો ગઈ હૈ?

ડૉકટર : દેખો ભૈયાજી, બહેન સો ગઈ હૈ યા નહીં... યહ હમારા સવાલ હૈ. હમારા મકાનમેં ક્યા હૈ ન હૈ ઇસમેં પૂછનેવાલા તુમ કૌન?

ભૈયાજી : ગુસ્સા નહીં કરો સરકાર... તુમ હમારી મતલબ નહીં સમજે.

શાન્તા : કેમ શું છે? સવારના પહોરમાં?... તમે રોજ ભૈયાને દબડાવો છો.

ભૈયાજી : દેખો બહેનજી, બાત ઐસી હૈ...

શાન્તા : તમે હવે વાત કીધા વિના જાઓ. ભૈયાની જોડે હું વાત કરું છું.

ડૉકટર : જો હું તને આજે સાફ સાફ કહી દેવા માંગું છું

[સંસ્કૃતિ, સપ્ટેમ્બર '૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે હું આ બધું નહીં ચલાવી લઉં. એક ભૈયા જેવો માણસ પણ મારી મશ્કરી કરી જાય.

શાન્તા : પણ તે એણે શું કહ્યું ?

ડૉક્ટર : એ કહે છે કે તમારા ઘરમાં તમારી સ્ત્રીનું ચલણ છે.

શાન્તા : તે પણ એમાં એણે શું ખોટું કહ્યું ?

પ્રવક્તા : જવા દો, સાહેબ! કોઈના અંગત જીવનમાં આપણે બહુ ઊંડા નહીં જવું જોઈએ એટલે આ વાત આટલેથી અટકાવી દઈએ છીએ. ડૉક્ટર એ અમારા માળાનું પ્રતિનિધિત્વ ધરાવતું કુટુંબ છે. ડૉક્ટરનાં પત્નીનું નામ શાન્તાબહેન. એમને ત્રણ છોકરાઓ અને બે છોકરીઓ છે—એકાદ બે વર્ષમાં એમને નહીં પરણાવે તો કદાચ એકાદ બે જાતે પરણી જશે એવો ભય છે. હું એમ નથી કહેતો, ડૉક્ટર પોતે એમ કહે છે. (જોરથી ઘંટ વાગે છે) ઓહ ! નિશાળનો ટાઈમ થઈ ગયો અને હજુ શાન્તાબહેનના ઘરમાં...

ડૉક્ટર : તને સમય શું એની કીમત નથી પછી મોટી ઉમ્મરે છોકરાઓ શું સમજવાના છે ? નિશાળે જવાના ટાઈમ પહેલાં બધાં જ ને તૈયાર કરતાં તને થાય છે શું ?

એક બેબી : પણ... અં... અં... મને તો નવું ફરાક જોઈએ છે.

શાન્તા : લો, સાંભળો.

ડૉક્ટર : પણ ત્યારે તું છોકરાઓને નવું ફરાક પહેરાવતી હોય તો !

શાન્તા : હયો, અહીં મારે બે મહિનેય બદલવા સાડી નથી અને દીકરીને રોજ ફરાક બદલવાં છે.

ડૉક્ટર : તું અત્યારે વિષય બદલ નહીં. આપણો વિષય ફરાક અને સમયસર નિશાળે જવાનો છે, તને નવી સાડી અપાવવાનો નથી. ચંદુ તારે કેમ નથી જવું ?

ચંદુ : મારી મોટર ચાલતી નથી.

ડૉક્ટર : અરે પણ એ તો રમવાની મોટર છે. લે, ચાલ, હું તને નિશાળે મૂકી દઉં.

ચંદુ : બાપુજી, હું મોટો થઈશ ને એટલે ઑફિસે જવા મારી એન્જિનગાડી લાવવાનો છું.

ડૉક્ટર : હા ભાઈ હા, બધાની એન્જિનગાડીમાં ઑફિસે જવાની અમને જગા મળતી નથી અને તું તારી એન્જિનગાડી લાવવાનો છે.

શાન્તા : તમેય તે શું ? એ તો નાનું છોકરું છે.

ડૉક્ટર : પણ એટલે જ હું કહું છું કે મોટો ના થઈશ. નહીં તો પછી દુનિયામાં કોઈ જાતની માગણી નહીં કરી શકે અને બીજાઓ—નાનાઓ માગણી કરતા હશે તે જેમ ફાવે તેમ સમજાવી પટાવી ખાઈશ.

શાન્તા : લો આ હસુને ફરાક પહેરાવ્યું. ચંદુને અને એને જરા નિશાળે મૂકી આવો.

[ધીમે ધીમે પ્રાર્થનાગીત સંભળાય છે, જે મોટું થતું જાય છે. ગીત કાલી ભાષામાં ગવાય છે.

" ઓ ઈશ્વર ભજીએ તને મોટું છે તુજ નામ,
ગુણ તારા નીત ગાઈએ થાય અમારાં કામ;
હેત લાવી હસાવ તું સદા રાખ દિલ સાફ,
ભૂલ કદી કરીએ અમે તો પ્રભુ કરજે માફ ! "

ફરીથી ઘંટ સંભળાય છે.]

ચંદુ : ગુરુજી, અમે હવે કલાસમાં જઈએ.

માસ્તર (શંકરલાલ) : નહીં, સાંભળો...હું આજે તમને માણસે કેમ સારા વિચારો રાખવા જોઈએ તે વિષે ભાષણ કરવાનો છું. આજે દુનિયામાં બહુ જ જાતની મુશ્કેલીઓ છે. માણસ પહેલાં કરતાં બહુ જ સ્વાર્થી અને લડાઈખોર થઈ ગયો છે તેથી દુનિયાને એની મુશ્કેલીઓમાંથી બચાવવા...

ડૉક્ટર : માસ્તર, તમે હવે આ ઉમ્મરે પણ ભાષણ કરવાનું બંધ નહીં કરો ?

માસ્તર : તમને ખબર નથી. હું છોકરાઓને જગત વિષે સમજાવું છું. પવિત્ર વિચારો અને સદ્બુદ્ધિ...

ડૉક્ટર : હું તમને દશ વર્ષથી, શંકરલાલ, ઓળખું છું. જ્યાં ભાષણ કરવાનો મોકો મળ્યો કે તમે જતો કર્યો નથી, પણ તમે નિશાળમાં આ ગભરુ છોકરાંઓ સમક્ષ એવું કરતા હશો તે તો આજે જ જોયું.

શંકર : એ જમાનો ગયો, ડૉક્ટર સાહેબ! આજનાં છોકરાંઓ બહુ ખરાબ થતાં જાય છે. એમનામાં સિનેમાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કારો પડે છે, હલકા વિચારો આવે છે. એમને જવાબદારીનું ભાન નથી.

ડૉક્ટર : એ બધું જવા દો અને સારું ભણતર આપો અને સારી રમતગમતો રમાડો. ગઈ કાલે આપણે છોકરા હતા અને આજે આપણે ઘેર છોકરાં છે. બહુ ફરક નથી. ખુલ્લી હવા, રમત અને સ્વતંત્ર રીતે ખીલવાની તક આપો.

શંકર : અરે બીજું ઘણું આપવા જેવું છે તેને માટે રોજ એક સારું ભાષણ...

ડૉક્ટર : શંકરભાઈ, હું તો એમ માનું છું કે ભાષણ ઓછું થશે એમ જ કામ વધશે. ચાલો, મારે પાછું જવાનું મોડું થાય છે.

પ્રવક્તા : અને અહીં કોઈક દિવસ તમારે શંકરભાઈને પણ મળવા જેવું છે. એ ભાવનાશાળી ગૃહસ્થ છે, પણ બધી જ ભાવના ભાષણમાં ઓગળી ગઈ છે. શરૂઆતમાં કોઈ ગણપતિ ઉત્સવ હોય અને કાર્યક્રમ હોય તો...

[શરણાઈ વાગે છે]

ડૉક્ટર : ગણપતિ ઉત્સવનો કાર્યક્રમ હવે શરૂ થાય છે. સૌ ભાઈબહેનોને શાંતિ રાખવા હું અપીલ કરું છું.

શંકર : ડૉક્ટર સાહેબ ! તમને વાંધો ન હોય તો હું એકબે મિનિટ લઉં.

ડૉક્ટર : ભલે, પણ જરા ટૂંકમાં પતાવજો.

શંકર : સૌથી પહેલાં તો હું ગંદકી વિષે બોલીશ : આપણે સૌએ આપણા માળામાંથી ગંદકી દૂર કરવી જોઈએ... ગંદકીથી આપણે દૂર નહીં થઈએ તો આપણાથી ગંદકી દૂર નહીં થાય. માટે ગંદકીને દૂર કરવી રહી. આ એ જ ગંદકી છે કે જે ગંદકીએ આપણને ગંદકી આપી છે. આજે જો સ્ત્રીઓ તેને દૂર કરે...ભાઈઓ, હવે હું આપનો વધુ સમય નહીં લઉં.

હવે હું સ્ત્રીઓ વિષે બે બોલ બોલીશ :

આપણી સ્ત્રીઓએ પોતાની ફરજ સમજવી જોઈએ.

ફરજ એક એવી વસ્તુ છે કે જે સ્ત્રીઓએ સમજવી જોઈએ. આપણે ત્યાં સ્ત્રીઓને અમુક સ્વતંત્રતા અપાઈ નથી.

હવે હું બે શબ્દો સ્વતંત્રતા વિષે બોલીશ :

સ્વતંત્રતા એટલે અસ્વતંત્રતા નહીં. અસ્વતંત્રતા એટલે ગુલામી.

હું હવે ગુલામી વિષે બે બોલ બોલીશ...

[અવાજો, સીટીઓ, બેસી જાઓ, બેસી જાવો—એવા અવાજો]

પ્રવક્તા : તમે સમજી શકશો કે શંકરભાઈ કેમ બંધ રહ્યા હશે...પણ એ તો એમની શરૂઆત હતી. માત્ર શંકરભાઈ જ વિશિષ્ટ પાત્ર છે અને બીજા બધા ડાહ્યા છે એવું નથી. અહીંઆં વિવિધ પાત્રોની એક માત્ર સૃષ્ટિ છે. સૌને પોતાની નબળી અને સબળી બાજુ છે અને એ બધામાં ક્યાંક દાજી જેવાં ગૌરવશાળી પાત્રો પણ છે. ડૉક્ટરે કહ્યું છે કે હું હમણાં જ ઘેર પાછો ફરું છું. પણ એ દાજીને મળ્યા વિના જાય નહીં. દાજીને ત્યાં ક્યારેક એકાદ ભજન અથવા ભજનમંડળનું ભજન ચાલતું જ હોય. (ભજન સંભળાય છે.)

(ધૂનમાં) "જેસલ કરી લે વિચાર, માથે જમ કેરો ભાર,
એમ તોરલ રાણી કહે છે જી રે........."

ડૉક્ટર : તમે આરામ લેતા હો તો સારું દાજી...આવી તબિયત...

દાજી : પણ ત્યારે આ બીજું શું છે ? ડૉક્ટર સમય હતો કે આ માળા માટે મેં અનેક પ્રવૃત્તિઓ કરી હતી. તમને ખબર છે ડૉક્ટર, સ્વતંત્રતાની ચળવળ વખતે આ માળામાં કેવો જીવ હતો ?

ડૉક્ટર : એ વખતે તો હું તમારી જોડે જ હતો ને. દાજી, પણ મને એ નથી સમજાતું દાજી કે એ તરવરાટ હમેશાં કેમ દેખાતો નથી.

દાજી : એ પ્રશ્નને તો હું પણ ઉકેલી નથી શક્યો. મેં આ જ શહેરમાં પંદર રૂપિયામાં બે ટંક જમતા અને પાંત્રીસના પગારમાં પોતાને ખૂબ જ મોટો પગાર મળે છે એવી માન્યતામાં જીવન પસાર કરતાં માણસો જોયાં છે.

ડૉક્ટર : અને આજે ૧૪૨ રૂપિયામાં જમતા અને પાંચસોના પગારમાં પોતાનું જીવન પસાર કરતાં માણસોને જોઉં

[સંસ્કૃતિ, સપ્ટેમ્બર '૫૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છું. સંતોષની માત્રામાં માત્ર ફરક છે. જીવનની મૂળભૂત બાબતોમાં બહુ ફરક નથી.

દાજી : હું પણ એ જ કહું છું... કોઈક વખતે થનગનાટ આવે છે તો કોઈક વખતે જાગૃતિ આવે છે. જેમ કે રાજ્યના વહીવટમાં આજે જે જાગૃતિ જોવા મળે છે તે પહેલાં ન હતી. પણ સ્વતંત્રતા... જાતની મુક્તિ માટેની પરસ્પર સહાયતા અને જાત ઉપર જ માત્ર સ્વાવલંબી થવાનો જે થનગનાટ પહેલાં હતો એટલો આજે નથી.

ડૉક્ટર : બાકી દાજી, જે દરેક વ્યક્તિ એમ કહે છે કે અમે જેવો ટાઈમ પસાર કર્યો તેવો ટાઈમ હવે નહીં આવે એ વાત તમે માનો છો ?

દાજી : એ તો પોતાની ખૂબી સ્થાપવા માટેની એક માત્ર ઉક્તિ છે. દરેક સમયને એની ખામીઓ અને ખૂબીઓ છે, સમય જીવંત છે કે નહિ એ જોવા કરતાં સમયને જીવંત કરવાની શક્તિ આપણામાં છે કે નહિ એના ઉપર વર્તમાનની તાઝગીનો આધાર છે.

ડૉક્ટર : હમણાં હમણાં અમે અમારા માળામાં સાફસૂફી કરવાનું શરૂ કર્યું છે. છેલ્લું સપ્તાહ સાફસૂફીનું રાખ્યું હતું.

દાજી : મેં પણ આ માળાનાં ખૂણેખૂણામાં સાફસૂફી માટેનો પરિશ્રમ કર્યો છે, લોકોને જાગૃત કર્યા છે પણ... પાછું એનું એ.

ડૉક્ટર : અમારે પણ ગયા સપ્તાહ પછીથી એમ જ થયું છે તેનું શું કારણ ?

દાજી : સાફસૂફી એ સમય પૂરતી નથી...જિંદગીમાં હમેશાં સાફસૂફીની જરૂર છે. એ જે દિવસે બંધ થઈ તે જ દિવસે ગંદકી.

પ્રવક્તા : સમયે દાજીનું શરીર ઘરડું કર્યું છે પણ મન... મનની બાબતમાં તો ગીતામાં કહ્યું છે કે કોઈ જ વસ્તુ એને અસર કરતી નથી. દાજીના મનનું પણ એમ જ બન્યું છે. પણ ગીતામાં જે મુશ્કેલી દર્શાવી છે તે મુશ્કેલીમાંથી દાજી પણ બાકાત નથી. પોતના માળામાં જીવનના યુદ્ધનો આરંભ કર્યો અને અનુભવે શીખવ્યું કે આ તો બધા જ નબળા છે...અને સાથે સાથે બધા જ પ્રત્યે પ્રેમ છે તેનું શું ? અહીંઆં કોને મારવો, જ્યાં બધા જ મારા સ્નેહી છે ? દાજીની આ મૂંઝવણનો જવાબ જાણે પોતાના જ મનમાંથી બહાર પડતા ગીતના પ્રતિધ્વનિમાં સંભળાતો હોય એમ ગીત સંભળાઈ રહ્યું...

(ગીત) તારી જો હાક સુણી કોઈ ના આવે તો તું
એકલો જાને રે
... ...
ત્યારે સળગી જઈ
આ ભાઈ સૌનો દીવો એકલો થાને રે ......
તારી જો હાક સુણી

[બારણા ઉપર ખડખડાટનો અવાજ આવે છે.]

શાન્તા : કોણ છે ? એ ક્યારનું બારણું ખખડાવે છે ?

ડૉક્ટર : અરે હું છું...તમેય તે શું ?

શાન્તા : હું છું, હું છું, કહે છે. છોકરાંઓને નિયમસર થવાનું કહેતા હતા અને હમણાં પાછો આવું છું કહીને કલાકે પાછા આવ્યા.

ડૉક્ટર : અમારે તો ગમે ત્યારે કામ આવે, સમજી! એક વાર ધંધાની જવાબદારી સમજ.

શાન્તા : મોટો ધંધો કરતા ના જોયા હોય તો ? કહું છું પેલા બજારમાં છાપાનો શું ભાવ લાવ્યા હતા ?

ડૉક્ટર : જૂના છાપાં ને ? છ રૂપિયે મણ.

શાન્તા : બોલ્યા છ રૂપિયે મણ...અરે આ હમણાં જ મેં બાર રૂપિયે મણ વેચ્યાં. મોટો ધંધો કરનારા ના જોયા હોય તો.

ડૉક્ટર : કેટલાં વેચ્યાં ?

શાન્તા : દશ રતલ વળી.

ડૉક્ટર : અરે પણ મેં વીસ રતલનું વજન કરીને માળિયામાં મૂક્યા હતા !

શાન્તા : હાય ! હાય ! છાપાંવાળો મને બનાવી ગયો.

ડૉક્ટર : અરે કંઈ તું તે છેતરાય ?! તને ધંધો કરતાં આવડે. લે ચાલ ચંદુ, આપણે શાક લઈ આવીએ.

પ્રવક્તા : ઋતુઓનું ચક્ર અમારા માળાની ઉપર અને બહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની ગતિએ બદલાયાં કરે છે પણ માળા ઉપર એની અસર નથી. શિયાળા પછીથી ઉનાળો અને ઉનાળા પછી ચોમાસું... શા માટે ચોમાસું કહો છો... જાણે નાટકનો પડદો પડતો હોય એમ વર્ષાથી આચ્છાદિત એવો છેલ્લા અંકનો પડદો કહો. છેલ્લાં પાંચેક વર્ષમાં તો અહીં કેટલોયે ફેર પડી ગયો છે. જે લોકો પ્રેમમાં હતાં તે પરણી ગયાં છે. ન ધારેલી વસ્તી વધી છે અને નવાં માણસો ફરી પ્રેમમાં પડ્યાં છે. છાપાં વેચતો જમનો વધારે સારી જગ્યાએ ગયો છે. એની જગ્યાએ હવે નારણ આવ્યો છે. આપણા ભૈયાજીએ પોતાની ડેરી શરૂ કરી છે. ભૈયાજીની જગ્યાએ હવે ગોપી આવ્યો છે. તમે જે અવાજ સાંભળો છો એ ડોકટરના મોટા છોકરાનો છે.

આનંદ : કેમ નારણ, છાપું કેમ મોડું લાવે છે?

નારણ : શું કરું સાહેબ, વરસાદના દિવસોમાં જરા મોડું થાય છે.

આનંદ : નારણ છાપામાં નવીન શું છે?

નારણ : આપણી ટીમ કદાચ ઇંગ્લૅન્ડમાં હારી જશે.

આનંદ : અરે! હારી શું જાય? હું કહું છું એ લોકો બોલિંગ બદલશે તો જ ફાવશે. આપણી રેઢિયાળ ફિલ્ડીંગ હવે ચાલશે નહીં.

નારણ : મૂળ વાત એ છે કે કૅપ્ટનને માન આપ્યા વિના સૌ પોતપોતાની હોંશિયારીથી રમશે તો દરેક જણ સારું રમશે પણ ટીમ હારી જશે.

આનંદ : ટીમ હારી જાય એ કેમ ચલાવાય? પરદેશમાં આપણે આપણું નામ રાખવું જ પડશે. અરે નારણ, આપણી ટીમનું શું થયું?

નારણ : હુતુતુમાં આપણે છેલ્લે જીત્યા, હવે ફાઇનલમાં શું થાય છે તે જોઈએ.

શાન્તા : આનંદ, તું સવારમાં હવે રમવા સિવાયની બીજી વાતો કરશે? થોડાક દિવસમાં તારાં લગ્ન થશે. લે, જો આ દૂધવાળા ભૈયાજી આવ્યા. જરાક અંદરથી વાસણ લઈ આવ તો. કેમ ભૈયાજી, મોડા કેમ આવો છો?

ભૈયાજી : ક્યા કરે સરકાર, બરસાતકે દિનોમેં...

શાન્તા : દર વખતે બહાના ન બનાવો...જુવો, થોડાક દિવસમાં તો અમારા આનંદનાં લગ્ન છે. નવી વહુ ઘરમાં આવે પછી મોડું દૂધ આવશે તે નહીં ચાલે.

ભૈયાજી : ક્યા બાત કહતી હૈ શેઠાની...ઐસા કભી હો સકતા હૈ? હમારી શાદી નહીં હુઈ હૈ લેકીન શાદીવાલે કી મુશીબત હમ સમઝતે હૈ. રામશરણ શેઠ ભી કહેતે થે કે આનંદ ભૈયાકી શાદી હોને વાલી હૈ...

શાન્તા : ઉનકો ભી બોલના કે વહ ભી શાદીમેં હાજર રહે. ભૂલના નહી હોં...કેમ આનંદ, તુ ક્યાં ચાલ્યો પાછો?

આનંદ : હું જરા કામ પતાવીને પાછો આવું છું.

શાન્તા : કોણ જાણે આ છોકરાનું શું થશે? ઘરમાં પગ જ ટકતો નથી.

ડોકટર : અરે એ તે કંઈ નાનો કીકલો ઓછો છે. આવશે એની મેળે.

શાન્તા : કાલે ઊઠીને પારકા ઘરની દીકરી ઘરમાં આવશે અને છોકરાનાં આવાં લક્ષણ જોશે તો છાપ કેવી પડશે?

ડોકટર : મેં એને શરૂઆતથી જ વટ પાડવાનું કહી દીધું છે, સમજી ને?

શાન્તા : વટ તો બધાય પાડે પણ ઘરની જવાબદારી સમજવી જોઈએ ને?

ડોકટર : ઘરની જવાબદારીવાળો માણસ આ ઉમ્મરે પરણે નહીં સમજી ને? દુનિયામાંથી રસ્તો કાઢવો સહેલો નથી.

શાન્તા : તમે હવે બોલશો નહીં.

ડોકટર : આજે તને છોકરો મીઠો લાગે છે. કાલે ઊઠીને એની વહુ તને નહીં ગમે ને એની વહુને તુ નહીં ગમે ત્યારે ઘર માગશે...ઘર ક્યાંથી લાવશો? ધંધો ક્યાંથી લાવશો?

શાન્તા : તમે હવે કહી રહ્યા?

ડોકટર : મારે હજુ ઘણું કહેવું છે. છોકરીનાં લગ્નમાંથી તું નીકળી શકશે પણ છોકરાના લગ્નમાંથી ... ...

શાન્તા : હું તમને એમ કહું છું કે મારા બાપાએ તમને ઘર ન અપાવ્યું હોતઃ... દવાખાનું ચલાવવાના પૈસા ન આપ્યા હોત... ના, ના, તો આ બધું ચાલત ખરું? આપણે માણસને શરૂઆતમાં સહાય જોઈએ. આપણે

[સંસ્કૃતિ, સપ્ટેમ્બર '૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાબદારી એને માથે ઓઢાડવાની નથી. એમાં ભાગ લેવાનો છે.

ડૉક્ટર : હું એ જ કહું છું કે તમે એનાં લગ્ન કરાવીને જવાબદારી ઓઢાડી રહ્યા છો. એને નથી પરણવું પણ તમને એને પરણાવવાના કોડ છે.

શાન્તા : કોઈને કહેતા નહીં પણ છોકરાને તમે ડામ્યો છે.

ડૉક્ટર : પણ તે મને કહે તો હું શું એને મારી નાખવાનો છું ?

શાન્તા : એ મને ખબર નથી પણ એણે મને આવીને કહ્યું કે હું પુષ્પાના પ્રેમમાં છું. મારો લગ્ન કરવાનો વિચાર છે અને હું પરણવાનો છું.

ડૉક્ટર : તું શું કહે છે ? એની આટલી બધી હિમ્મત ?

પ્રવક્તા : મને લાગે છે કે આ વાત જવા દઈ ને આપણે આ કાર્યમાં લોકો આટલી "હિમ્મત" કેમ કરે છે તેની વાત કરીએ. આ બધું કઈ રીતે શરૂ થયું ? અને ખરી ખૂબી એ છે કે તમે નાના હો, લગભગ અઢારથી વીસ વર્ષના હો, ત્યારે આ કાર્યની શરૂઆત થાય છે. તમે પ્રેમની ઊંઘમાં ઘેરાયેલા કોઈ એવા જંગલમાં આવી પડો છો કે લોકોની બૂમો તમને સંભળાતી નથી અને પછીથી બૂમો સંભળાય છે પણ નીકળાતું નથી. પ્રજાશાસનવાદમાં જેમ લોકોને પોતાનો પ્રતિનિધિ ચૂંટીને મોકલવાનો હક્ક છે તેમ જીવનમાં સૌને પોતપોતાની મુશ્કેલી પોતાની રીતે પસંદ કરવાની છૂટ છે. માણસ પાંખ વિના પણ આકાશમાં રહે છે. વિજ્ઞાન કરતાંયે અદ્ભુત એવો આ બનાવ...

આનંદ : હું તારી જોડે વાતચીત કરવાનો જ નથી.

પુષ્પા : હું પણ તમારી જોડે વાતચીત કરવાની જ નથી.

આનંદ : પણ તો તું વાયદો આપીને કેમ મોડી આવી હતી ?

પુષ્પા : એમ જ.

આનંદ : આમ ગુસ્સે થશો તો પછી આપણું જીવન કેમ ચાલશે ?

પુષ્પા : ચાલવાનું જ હશે તો ચાલશે. બાકી રોજ કંઈ એમાં નિયમો કરવાથી અને સિદ્ધાંતોથી એ ચાલવાનું નથી.

આનંદ : મારા જીવનમાં સિદ્ધાંતો છે.

પુષ્પા : તમે તો અદ્ભુત છો, આનંદ !

આનંદ : મારા સિદ્ધાંત મુજબ પુષ્પા, હું કોઈ માણસને છેતરવા માંગતો નથી. હું મહેનત કરીને પ્રામાણિક રીતે જીવવા માંગુ છું. જીવનની આ બધી જ રૂઢિઓ મને સ્વીકાર્ય નથી.

પુષ્પા : આનંદ, તમે શો ધંધો કરવા માંગો છો ?

આનંદ : એ તો મનેય ખબર નથી, પણ જે માણસ મહેનત કરવા માંગે છે તેને શું કામ નહીં મળે ?

પુષ્પા : આનંદ, એક વાર તમે પૈસા બનાવી લેશો પછીથી આપણે ખૂબ જ સુંદર જગ્યાએ રહીશું, ખરું ને ?

આનંદ : હા પુષ્પા, હું એક જુદો જ બંગલો લેવા માંગુ છું અને પછી ત્યાં હું બાપુજી અને બાને પણ લઈ જઈશ. બંગલાની આસપાસ નાનો સુંદર બગીચો હશે અને ત્યાં બહાર ચંદ્રમાના પ્રકાશમાં આપણે બેઠાં બેઠાં વાતો કરીશું. પણ પુષ્પા, લગ્ન વિષે તેં તારા ઘરમાં કોને વાત કરી હતી ?

પુષ્પા : મેં તો મારા બાપુજીને કહ્યું.

આનંદ : પણ તેં તારી બાને કેમ વાત ન કરી ?

પુષ્પા : એને તો આ ઉમ્મરે મારી લગ્ન કરવાની વાત ગમતી જ નથી. આવું કંઈક કહું તો મને એની બીક લાગે છે....હેં આનંદ, તેં પણ તારા બાપુજીની જ રજા મેળવી હતી ને ?

આનંદ : ના પુષ્પા, મને...મારા બાપે મંજૂરી આપી નથી.

પ્રવક્તા : હું ધારું છું આથી આગળ વાતો સાંભળવી નથી. કારણ કે આવી વાતો તમે કરી હશે અથવા તો કરવાના હશો... કેવું અદ્ભુત હોય છે એ બધું ! નિરંતર વહેતા સમયના વહેણમાં ઘૂમરીઓ ખાતું ખાતું એ પણ ઘસડાઈ જાય છે. વાતાવરણ ઉત્સવના ઉત્સાહથી ગાંડું બને છે ત્યારે એ વહેણમાં કંઈક નવો તરવરાટ જોવા મળે છે. કોઈક વાર દિવાળી...કોઈક વાર ગણેશ ઉત્સવ તો કોઈક વાર ગોકુળઅષ્ટમી.

[અવાજ : ગોવિંદા આલા રે...આલા ગોપાળજ ગોવિંદા આલા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવાજો : અરે એ ગોવિંદા, જરા પાસે આવ, પાણી છાંટતાં ફાવે...

હો ગોવિંદા પુઢે યા...હો જરા પુઢે યા...

ઠીક હૈ અબ લગાવ પાની

ફરીથી અવાજો : ગોવિંદા આલા...આલા...]

ડૉકટર : આજે અષ્ટમી છે પણ તારામાં કેમ કંઈ ઉત્સાહ નથી. કૃષ્ણજન્મનો આ દિવસ એ તો માત્ર આનંદથી ભરેલો હોવો જોઈએ.

શાન્તા : આજે ઉપવાસ કર્યો છે ને...

ડૉકટર : મેં તને કેટલી વાર કહ્યું કે આપણાથી ઉપવાસ થાય તો જ કરવો. ગામ ઉપવાસ કરે છે માટે આપણે કંઈક કરવું જોઈએ એમ નહીં કરવું જોઈએ.

શન્તા : એ તો ઠીક પણ આજે મુવો ગોવિંદોયે નથી.

ડૉકટર : ઊભી રહે હું પાણી લાવું (દૂરથી અવાજ) અરે પણ તારી માટલી ક્યાં છે? પાણીની માટલી ફૂટી ગઈ કે શું?

શાન્તા : માટલી જ નથી! એ મા...તો તો ગોવિંદો જ લઈ ગયો. ગઈ સાલ પણ એ જ લઈ ગયો હતો...ના, ના, આ વખતે તો હું માટલી પાછી મંગાવી લઉં. ગોવિંદા... (બૂમ મારે છે) ગોવિંદા!

ડૉકટર : જો જો આપણા આંગણામાં જ માટલી બાંધી છે અને બધા એક બીજા ઉપર ઊભા રહીને ફોડે છે.

શાન્તા : એ ફોડવાની નથી, સમજ્યાને? કંઈ મફત નથી આવતી. ગોવિંદા...ગોવિંદા

[પાછળથી ધીમો પણ મીઠો અવાજ આવ્યાં કરે છે. ગોવિંદા આલા રે...આલા...]

(મોટેથી બૂમ) ગોવિંદા...ગોવિંદા!

ડૉકટર : તું બૂમ નહીં માર, નહીં તો લોકો કહેશે કે ડૉકટરની વહુનો જીવ એક માટલીમાં ભરાયો.

શાન્તા : પણ એ મને કહ્યા વિના ચોરી કેમ કરી ગયો?

ડૉકટર : કારણ કે આજે જ મથુરામાં કૃષ્ણે ચોરી કરી હતી. તું માટલી ખરીદી લાવનારની ચોરી કરી લાવી તો એ તારી માટલી ચોરી ગયો. બધી જ લીલા છે...સમજી લીલા...

[હસે છે. પાછો અવાજ : ગોવિંદા આલારે આલા...]

પ્રવક્તા : અને હવે આ બીજો ઉત્સવ જુવો..."ગણેશ-ઉત્સવ."

[અવાજ ધૂન　　ગણપતિ　દાદા　મોરિયા
　　　　　　પૂઢાચ્યા　વર્ષી　લોકર　યા
　　　　　　गणपति दादा मोरिया
　　　　　　पूढाचा वर्षी लोकर या...]

અમારા માળાનો સાત દિવસનો આ કાર્યક્રમ કમિટીએ રાતદિવસ જાગીને કર્યો છે. એમાં શંકરલાલનો હિસ્સો મોટો છે. નારણ, આનંદ અને મિલની રાતપાળીએથી પાછા આવીને વાંસળી વગાડતો કનૈયો—એ બધાંની સંયુક્ત મહેનતનું આ પરિણામ છે.

[કોઈ પણ સુંદર ગરબાની બે લીટીઓ અને પછીથી Fadeout]

શંકર : શાંત રહો...સૌ શાંત રહો. પાછળ ઊભા રહેલા ભાઈઓ અને બહેનો બેસી જાવ. આજનો કાર્યક્રમ મારા કૉમીકનો છે. ભાઈઓ! ડૉકટર સાહેબ તે ભજવી બતાવશે. ડૉકટર સાહેબ કહે છે કે એ પ્રસંગ મારા જીવનમાંથી એમણે વીણી કાઢ્યો છે. એટલે કે ડૉકટર સાહેબ જે પાત્ર ભજવે છે એ મારું પાત્ર ભજવે છે. મારું એટલે કે શંકરલાલનું. હવે હું બે મિનિટ હસવા વિષે બોલીશઃ

હસવું એટલે રડવું નહીં. રડવા માત્રમાં તો જીવનની મઝા નથી. સંસારમાં મુશીબતો વખતે લોકો રડે છે

હવે હું બે મિનિટ મુશીબતો વિષે બોલીશ.

ડૉકટર : હવે હું તમને બે મિનિટ નહીં લેવા દઉં. કારણ તમારી બે મિનિટને લંબાઈ જેવું નથી. એને માત્ર ઊંડાઈ છે. જુવો, કૉમીકનો પ્રોગ્રામ તમારો નથી, મારો છે. તો સાંભળો ભાઈઓ અને બહેનો, હું પોતે શંકરલાલ છું.

[મીમીક્રી કરતા હોય તેવા અવાજો]

હવે હું તમારી બે મિનીટ લઈશ. આજે હું શિક્ષણ વિષે કંઈક બોલીશ.

આજનું આપણું શિક્ષણ બહુ કથળી ગયું છે.

પ્રવક્તા : અરે એક મિનિટ...ડૉકટર સાહેબ...અરે ભૂલ્યો શંકરલાલ...આ તમારો છોકરો તમને મળવા માગે છે.

[સંસ્કૃતિ, સપ્ટેમ્બર '૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડૉક્ટર : કેમ, તારે અત્યારે શું છે અલ્યા ?

છોકરો : બાપુજી, આજે નિશાળમાં આ રજિસ્ટર સહી કરાવીને લઈ જવાનું છે.

ડૉક્ટર : પહેલાં મને શિક્ષણ વિષે બોલી લેવા દે. લાવ જો રજિસ્ટર અલ્યા છોકરા...ઓહ ! તારું આવું રજિસ્ટર છે ? હવે હું રજિસ્ટર વિષે બે બોલ બોલીશ.

છોકરો ચંદુ : બાપુજી મને પહેલાં સહી કરી આપો ને.

ડૉક્ટર : તું શું ભણીને ઉકાળવાનો છે ? બધા જ વિષયોમાં તારા માર્ક ઓછા છે. અંગ્રેજી ભાષામાં તો માત્ર છ માર્ક જ આવ્યા છે. અલ્યા પણ અંગ્રેજો ગયા તોયે તને અંગ્રેજી ન આવડી...એમાં છે શું...ફક્ત ગેટપીટ સેટપીટ સિવાય. અને ગુજરાતી ભાષામાં શું ન આવડયું ? તે તેમાં તારા ફક્ત પચાસમાંથી નવ માર્ક જ આવ્યા છે ? તારી મા બોલે તેનું નામ માતૃભાષા અને આ ગણિતમાં માત્ર નવ માર્ક. તો પછી તું હિસાબમાં શું ઉકાળવાનો છે ? દરેક વસ્તુના ગુણાકાર થાય. પછીથી સરવાળા થાય અને છેલ્લે બાદબાકી. આમાં તને શું ન આવડયું ? ઇતિહાસમાં પણ ફક્ત અગિયાર માર્ક અને ભૂગોળમાં... આ શું પૃથ્વી તને જ ચિતરતા આવડે ? અં...હં... ચિત્ર નથી મીંડું માર્ક છે. નાલાયક...સમાજ શું કહેશે કે જેનો બાપ શિક્ષણ આપે છે તેના છોકરાને જ કંઈ આવડતું નથી !

છોકરો : પણ બાપુજી...

ડૉક્ટર : બીજું તો બધું ઠીક, પણ આ શું ? નિશાળમાં તને રૂપિયા પાંચનો દંડ કર્યો છે કે જેથી...લખ્યું છે કે જોડે ગર્લ્સ હાઈસ્કૂલ છે અને તું તેની વંડી ઠેકયો હતો...સાચું બોલ તું આવું અપલક્ષણ આ ઉમ્મરે કયાંથી શીખ્યો ?

બોલ...બદમાશ...બોલ...

અને આ સૈયદ માસ્તરની સહી છે. સૈયદ માસ્તર તો મારા વખતમાં પણ એવા કોઈક માસ્તર હતા ખરા.

છોકરો : બાપુજી, આ તો તમારું રજિસ્ટર છે. ઉપર માળિયામાં પડયું હતું. હું તમને બતાવવા લાવ્યો છું.

(લોકો ખૂબ હસે છે)

શંકરલાલ : હું એ ડૉક્ટરને પૂરો કરીશ. મારી જાહેરમાં મશ્કરી કરી.

ડૉક્ટર : જીવનમાં હસવું જોઈએ એમ તો તમે કહ્યું હતું.

શાન્તા : શંકરકાકા, તમે કાન્તાબહેનને ના કહો તો એક વાત કહું.

શંકર : કાન્તા, મારી પત્ની, એનાથી મારે શું છુપાવવાનું હોય ?

શાન્તા : છુપાવવાનો સવાલ નથી પણ તમે એમને કંઈ જ કહેશો નહીં એવું વચન આપો.

શંકર : લો ને વચન આપું.

શાન્તા : તમારા ઘરમાં આ પ્રસંગ બન્યો હતો અને એણે મને કહ્યો...ડૉક્ટરે તે ઉપરથી ભજવ્યો છે.

શંકર : પણ તે કંઈ આમ જાહેરમાં ભજવવાનો હોય.

ડૉક્ટર : ઉત્સવ એટલે મનનો આનંદ લોકો સમક્ષ રજૂ કરવો તે.

પ્રવક્તા : હું ધારું છું કે ડૉક્ટરે આવું ન કરવું જોઈએ. પણ અમારા માળામાં બહુ વખત છુપાવેલી વસ્તુ રહેતી નથી...બધું જ જાણે સત્યને શરણે જવામાં જ નીમીયું હોય એમ વહેલું મોડું બહાર પડે જ છે અને જ્યારે અહીં દિવાળી આવે છે ત્યારે વળી વાત કંઈક જુદો જ રંગ પકડે છે....

ડૉક્ટર : જો આ દિવાળીમાં તો આપણે બધાંને જમવા બોલાવવાનાં છે.

શાન્તા : પણ તમે નક્કી કરો ને કે કોને કોને બોલાવવાના છે ?

ડૉક્ટર : જો બહુ જણાને બોલાવવા નથી. ફક્ત અંગત માણસોને જ બોલાવવાં છે. કાન્તિલાલને બોલાવવા જ પડે અને રસિકલાલને બોલાવ્યા નથી એટલે બોલાવવા છે, બોલાવીએ ત્યારે એકલા શા માટે બોલાવીએ ? બધા જ ને બોલાવીશું. બાર માણસ થશે.

શાન્તા : જુઓ આ વખતે મગનભાઈને બોલાવવા છે. ગમે તેમ તોયે મારો પિતરાઈ ભાઈ છે. આવડા શહેરમાં વરસના વચલા દિવસ સિવાય ભેગા કયારે થવાય અને એક કુટુંબ કંઈ મોટું નથી, ફક્ત સાત માણસો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડૉકટર : હું કહું છું મગનભાઈ ને બોલાવીએ અને ચંદુભાઈ ને ના બોલાવીએ તો ખોટું લાગે.

શાન્તા : એ તો ખરું જ તો. ચંદુભાઈ ને બોલાવીએ તો આપણી પુષ્પાના ભાઈ ને પણ બોલાવીશું. બે ભાઈ, વહુઓ, છોકરા મળીને તેર જણા થશે.

ડૉકટર : મારે કોઈ ને બોલાવવા નથી, કોઈ ને નહીં... કુલ્લે કેટલા થયા ? કંઈ ભાન છે ? એટલાં માણસો તો અહીં માળામાં રહેતાં નથી.

શાન્તા (રોવા માંડે છે) : હું જાણું ને તમે કોઈ ને બોલાવવાના નથી. છોકરાના લગનમાં થોડાકને બોલાવ્યા હતા. આજે બે વર્ષ એનેય થઈ ગયાં...

ડૉકટર : તું રો નહીં... હવે આપણે ચંદુના લગ્નમાં બધાને બોલાવીશું. આ વખતે માંડી વાળ. જો સવારે દર્શન કરવા જઈશું, હું, તું...આનંદ...પુષ્પા બધાયનો કાર્યક્રમ આ વખતે હું કહું તેમ રાખવાનો છે. સૌએ દરેક સાલની માફક પોતપોતાની રીતે દિવાળી ઉજવવાની નથી.

પ્રવક્તા : અને પછી દિવાળી તો ભાઈ, આવી. એ કંઈ ઓછી રાહ જોઈ ને ઊભી રહે ? (શહનાઈ)

ડૉકટર : કહું છું ફીલમની ટિકિટો ન મળી, આટલી ગિરદીમાં હું દર્શન કરવા જવાનો નથી. જેને જેમ ફાવે તેમ પોતાનો કાર્યક્રમ નક્કી કરી લે.

શાન્તા : ત્યારે તમે શી રીતે ઉજવવાનાં છો ?

ડૉકટર : સાંજે બધાં જ જતાં રહેશે એટલે હું ફટાકડા લાવ્યો છું તે આપણે ફોડીશું.

શાન્તા : આટલી ઉંમરે પહોંચ્યા પછીથી પણ તમે છોકરા જ રહ્યા.

પ્રવક્તા : અને પછી સાંજ પડે (બે મોટા ભડાકા સંભળાય છે) ભડાકા સાંભળ્યાને ! કોઈ પણ વાર એવું બન્યું નથી કે સમયે અવાજ ન કર્યો હોય, હા, કેટલીક વાર સમય પણ જાણે ભડાકા કરવાને બદલે સુરસુરિયું કરી જતો હોય એવું લાગ્યું છે. આનંદનાં સ્વપ્નાં જિંદગી-માં પ્રવેશ્યા પછી પણ અધૂરાં રહ્યાં ત્યારે...

આનંદ : પણ પુષ્પા, લગ્ન પહેલાં કમાવવું એ આટલું બધું મુશ્કેલ લાગતું ન હતું.

પુષ્પા : પણ એમ કંઈ થાકી જવાશે, કાલે ઊઠીને બે જણ જોડે ત્રીજી વ્યક્તિ પણ જમનાર આવશે.

આનંદ : હું જાણું છું, આજે બાપુજીને હું એ જ વાત કરવાનો છું.

પુષ્પા : તમે ચિંતા ન કરો. તમારા કામને વળગી રહો.

આનંદ : પણ પુષ્પા, કામમાં દમ ન હોય તો શું કરું ?

ડૉકટર (દૂરથી) : કેમ શું છે ? આનંદ...

આનંદ : બાપુજી, મારે તમારી જોડે વાત કરવાની છે.

ડૉકટર : હા, તે કહેને શું કહેવું છે ?

આનંદ : હું અત્યારે જે કામ કરું છું તે છોડી દેવું છે. મારે નવું કામ કરવું છે, બાપુજી.

ડૉકટર : પણ શા માટે ?

આનંદ : મને નથી લાગતું કે આ ધંધો જામી જશે.

ડૉકટર : પણ બીજો ધંધો જામી જશે એવી તને ખાતરી છે ?

આનંદ : એવું છે ને બાપુજી કે મારે પ્રયાસ કરવો જોઈએ.

ડૉકટર : હું એ જ કહું છું કે તું શા માટે આ જ ધંધામાં પ્રયાસ નથી કરતો ?

આનંદ : પણ શરૂઆતમાં કંઈ જ જામતું ન હોય ત્યારે શું થાય ?

ડૉકટર : જો ભાઈ, દરેક વસ્તુની શરૂઆત જ એવી છે. મેં જ્યારે દવાખાનું કર્યું ત્યારે છ મહિના સુધીનો કમ્પાઉન્ડરને પગાર પણ નહોતો આપ્યો. ભાડુ નહોતું ચૂકવ્યું.

આનંદ : પણ આજે તો તમારું જામતું જાય છે ને ?

ડૉકટર : મારામાં લોકોને વિશ્વાસ છે—કહે કે વિશ્વાસ આવ્યો છે. મારા કરતાં હું મારા કામને અગત્યનું ગણું છું એવી ખાતરી થઈ છે, બાકી આજે હું તને જે વાત કરું તે તું કોઈ ને કહેતો નહીં. કમ્પાઉન્ડર તો રોજ પગાર માગે પણ કોઈ દરદી દેખાય ત્યારે ને ? અને એવામાં કોઈક રડયોખડ્યો દરદી દેખાયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનંદ : હં, પછીથી...

ડૉક્ટર : પછીથી કંપાઉન્ડરે સમય જોઈ ને ટીક્કી મારી. મને કહે પગાર? મેં કહ્યું હું જે કરું તેમાં તું સાથ પુરાવજે તો જે આવશે તેમાં અડધો ભાગીદાર તું. દરદી જેમ પાસે આવતો ગયો તેમ હું ખૂબ જ કામમાં હોઉં તેવો દેખાવ કરતો ગયો. જ્યારે છેક નજદિક આવ્યો ત્યારે મેં ટેલિફોનનું ભૂંગળું હાથમાં લીધું અને એ સાંભળે એમ મોટેથી બોલવા માંડ્યું. હેલ્લાવ ! કોણ પાલનપુરનાં મહારાણી—એમાં કોઈ જ ટેલિફોન ઉપર ગળે નહીં હોં—મેં કહ્યું હા જી ! હમણાં હું કામમાં બહુ છું એટલે મારાથી નહીં અવાય. મારે અહીં દરદી છે. પણ પેલા દરદીને કહ્યું કે તમે બેસજો હોં ભાઈ, તમને તો હું જોઈશ જ. વચ્ચે વચ્ચે કમ્પાઉન્ડર એમ કહ્યા કરે કે જોયું ડૉક્ટર પોતાના દરદી પ્રત્યે કેટલી મમતા રાખે છે ? ફરી પાછો ટેલિફોન હાથમાં લઈ ને મેં તો બાંગ મારી : કોણ કાંચનપુર સ્ટેટના મહારાજા...હાજી, હમણાં નહીં અવાય. મારે ઘેર દરદી આવે એ જ મારે માટે તો મોટો. નહીં જી...નહીં... પૈસાની મને પરવા નથી. હું ફોન કરતો હતો ત્યાં વચમાંજ પેલા માણસે મને અટકાવીને પૂછ્યું...તમને વાંધો ન હોય તો હું એક મિનિટ લેવા માગું છું... મેં કહ્યું નહીં નહીં હું હમણાં જ તમને તપાસી લઉં છું. તમે જુવો છો ને મારે કેટલું કામ છે. પણ પેલા માણસે કહ્યું, સાહેબ, હું દરદી નથી. હું તો ટેલિફોન કંપની તરફથી આવું છું—તમે પૈસા ચૂકવ્યા નથી તેથી ટેલિફોનનું ઇન્સ્ટ્રુમેન્ટ લેવા આવ્યો છું અને એમ કહીને ટેલિફોન લઈ ને ચાલતો થયો. જતાં જતાં મને કહે પાલનપુરનાં મહારાણીને મળો ત્યારે યાદ કરજો.

[આનંદ હસે છે...ખૂબ હસે છે.]

ડૉક્ટર : દરેક મોટી વાતના પાયામાં આવી વાત સંતાયેલી છે, આનંદ.

પ્રવક્તા : આજે તો હવે આનંદ પણ ધંધામાં કંઈક સ્થિર થઈ ગયો છે. હવે એ બંગલાની વાતબાત કરતો નથી. ડૉક્ટર હવે ઉમ્મરે પહોંચી ગયા છે. ચંદુ જે નાનો હતો એ પરણવાની વાત ક્યારે લાવશે એ કહેવું મુશ્કેલ છે. જમનાએ માળાની બહાર મોટી છાપાંની દુકાન કાઢી છે. પણ એની મુશ્કેલી જુદી છે. એની પ્રતિષ્ઠા વધી છે એટલે કોઈકનાં લગ્ન કરાવવાનું તો કોઈને નોકરી અપાવવાનું, એવાં કામો એને માથે આવી પડ્યાં છે. એના મનથી કે માળાના શેઠ જેવા આનંદભાઈ નોકરી અપાવશે એટલે એક ઉમેદવારને લઈ ને એ આનંદ પાસે આવ્યો છે.

જમનો : હવે ડૉક્ટર સાહેબને આ ઉમ્મરે તકલીફ નહીં આપવી જોઈએ એટલે આનંદભાઈ તમને તકલીફ આપવા આવ્યો છું.

આનંદ : હા ! કહોને ભાઈ, બનતી મદદ કરવા તો અમે બંધાયેલા છીએ.

જમનો : આ મારા ભાઈ નો છોકરો છે. ગામથી આવ્યો છે. એને અહીં ઘર ને નોકરી બન્ને જોઈએ છે. બેમાંથી એકાદમાં તમે મદદ કરી આપો તો બીજું હું બીજે ક્યાંકથી મેળવી લઉં.

આનંદ : જુવો ભાઈ, આજે તો બન્નેની મુશ્કેલી છે પણ તમે કંઈક એવું કરોને કોઈ ખૂબ પૈસાદાર સસરો શોધી કાઢો કે જે દીકરો પણ આપે, નોકરી પણ આપે અને ઘર પણ અપાવે.

જમનો : તમે તો કેવી વાત કરો છો, આનંદભાઈ ?

આનંદ : સાચું કહું છું ભાઈ, માનીએ છીએ એવું કંઈ જ સરલ નથી. બાકી મેં કહ્યું એ સરસ છે. એવો સસરો શોધી કાઢો.

જમનો : અરે પણ એને તો સસરો છે અને એ સસરો એના સસરાને ઘેર રહે છે.

આનંદ : તો મારે પછી કંઈ જ કહેવાનું રહેતું નથી.

પ્રવક્તા : સમયનો ફરક જોયોને ? પ્રસંગો અને પાત્રો તો અનેક છે અને એક જાય ત્યારે તરત જ બીજો તેનું સ્થાન લઈ લે છે. હાજી ગયા...અને એ મૃત્યુ પામ્યા ત્યારે આનંદનાં ગીતો, ફુલોની સુવાસ અને અગરબત્તીનાં ધૂપદીપ સાથે ગાતા ગાતા આ માળાએ એમને વિદાય આપી હતી. હવે એમની જગ્યાએ પૂજારી આવ્યા છે... એમનો અવાજ સંભળાય છે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[ગીતઃ બાંધ ગઠરિયા મૈં તો ચલી...
સોના ન લીઆ, રૂપા ન લીઆ, ન લીઆ
સંગ જવાહર રે...બાંધ ગઠરિયા.]

પ્રવકતા : સાંજના હવે ડૉક્ટરની જગ્યાએ આનંદ કેટલીક વાર વહેલો ઘેર આવે છે અને ત્યારે બહાર માળાના મેદાનમાં છોકરાઓને રોટલીના બદલામાં સિનેમા બતાવનારાનો અવાજ સંભળાયાં કરે છે.

અવાજ : અરે બમ્બઈ દેખો...જહાં ઘોડે કા ટ્રામ ચલતા થા ઇધર આજ બત્તી કા ટ્રામ ચલતા હૈ......
અરે ટાઈમકા બદલા દેખો...અરે આજ યહાં બમ્બઈ દેખો...ઔર બોરીબંદરકા બડા સ્ટેશન દેખો... ઔર રાણી વિક્ટોરિયા દેખો ઔર બમ્બાદેવી દેખો... બમ્બાદેવીને જો કુછ ભી દેખા વહ સબ ભી કુછ તુમ દેખો...અરે ..હાં...બલૂનકા લડાઈ દેખો...દરિયાકી લડાઈ દેખો...ઇન્સાન કી લડાઈ દેખો...અરે યહાં પર બમ્બઈ દેખો...જહાં ઘોડેકા ટ્રામ ચલતા થા ઇધર આજ બત્તીકા ટ્રામ દેખો...ઔર અગ્નિજનકા ગાડી દેખો...બોરીબંદર દેખો.

આનંદ : અરે વિનોદ, વિનોદ બેટા જો સિનેમા જોઈ રહ્યો હોય તો ઘેર આવી જા બેટા. પુષ્પા થાળીઓ પીરસ. જો પાછું આપણે જમીને બહાર જવું છે.

પુષ્પા : તમે જરીક થાળીઓ ઢાળો, હું પીરસી દઉં.

આનંદ : જો પુષ્પા, મારા ઘરમાં મારું રાજ ચાલે છે. હું હુકમ કરું તે થાય...તારે મને હુકમ નથી કરવાનો.

પુષ્પા : સારું...સારું તમે રોજ એકની એક વાત કરો છો, કંઈ નવી વાત કરોને.

આનંદ : નવી વાત શું કરું ? પુષ્પા, હવે જો થોડાક જ દિવસોમાં બાપુજીનું દવાખાનું ચંદુ M. B. B. S. પાસ થઈને ચલાવશે, બસ એ જ નવીન છે.

પુષ્પા : કહું છું કેટલા બધા દિવસો આ માળામાં પસાર થઈ ગયા...યાદ છે તમે કહેતા હતા કે આપણે નવા મકાનમાં જઈશું ?

આનંદ : પણ ત્યારે ખબર ન હતી પુષ્પા કે આ માળો આવનાર સંજોગોમાં આટલો બધો અનુકૂળ થઈ પડશે.

પુષ્પા : તમને કોઈક એમ કહે કે જિંદગીમાં તમારા સુખીમાં સુખી દિવસો કયા તો તમે શું કહેશો ?

આનંદ : તો હું કહું કે જે દિવસે ખૂબ જ વરસાદ પડે, જ્યારે કોઈ જ કામ ઉપર ન જાય...જ્યારે ગાડીઓ બંધ થઇ જાય, જ્યારે બધા જ ઘરમાં ભરાઈ રહે અને બહાર વરસાદ પડતો હોય.

પુષ્પા : અને હું કયાં હોઉં ?

આનંદ : તું...તું પુષ્પા તું તો ઘરમાં જ હોય.

પ્રવક્તા : આ છે અમારો માળો. જીવનની વિષમતાઓમાં પણ જીવનની ઉત્તમતા જ્યાં ઓછી થતી નથી. અને ચક્રની ચોક્કસ ગતિની જેમ ફરી એક વાર રાત્રિ આવે છે...એ જ રાત્રિ..જે શરૂઆતમાં હતી. (ધીમે ધીમે ફ્લ્યૂટ) એ જ વાંસળી...રાતપાળીમાંથી ફરી આવીને વગાડનાર કનૈયાની જગ્યાએ બીજી કોઈક વ્યક્તિ આવી છે પણ સૂર બદલાયો નથી...અને એ જ છેલ્લી ગાડીનું છૂટવું...માત્ર ચંદ્રમાના પ્રકાશમાં કોઈક વાર જોઈ એ એના કરતાં સૂર વધુ ફેલાઈ જાય છે એટલું જ.

(ફરીથી વાંસળી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમાં નાંઈબા ભિખારી

પુષ્કર ચંદરવાકર

કાળુડાં ભાંડુ

હોળી બાઈબા ભિખારી આમાં નાહા ભિખાર્યા !

આ ગાયું છે ગુજરાતમાં વસતાં કાળુડાં ભાંડુએ, સહ્યાદ્રિ અને સાતપુડાની ડુંગરમાળ વચ્ચે વસનારાં વનવાસીઓએ, અરણ્યમાં ઘૂમનારાં ઝિંદાદિલ કાળાં માનવીઓએ, જંગલની ધાંટીમાં ડગલાં મૂકે ત્યારે તેની સાથે અને ધરતી સાથે આત્મીય ભાવ કેળવી જિંદગીને માણી જાણનારાંઓએ. કેટલાક નૃવંશશાસ્ત્રીઓએ તેમને આદિવાસીઓના નામે ઓળખાવ્યા, કોઈએ તેમને કાળીપરજ કહ્યા, તો તે સમાજનાં હિત હૈયે વસ્યાં છે તેવાઓએ તે નામને સંસ્કારીને રાનીપરજના હુલામણા નામે સંબોધ્યા. તો સ્વરાજ આવ્યા પછી તેઓ વનજાતિના નામે ઓળખાયા. તો કોઈએ તેમને ગિરિજન અને ભૂમિજન કહી બિરદાવ્યા. ગુજરાતનાં અરણ્યોમાં, ડુંગરાઓમાં, નદીકોતરોમાં અને પર્વતોમાં વસતાં આ "કાળુડાં ભાંડુ" બહુ મોટી સંખ્યામાં છે, તેનો ખ્યાલ વસ્તીગણત્રીના જનઆંકડા પરથી આવે છે.

શાસ્ત્રવિદોએ તેમને આ ધરતીના ધણી તરીકે પણ ઓળખાવ્યા છે. ઊજળી ચામડીવાળાં, લાંબાં, રૂપાળાં ને અણિયલ નાકવાળાં, પડછંદ શરીર, મોટાં માથાવાળાં ને માંજરી પીંગળી આંખોવાળાં તો આ ધરતીમાં પરદેશીઓ છે. ધરતીના સાચા ધણી તો ગુજરાતના સીમાડે બેઠેલ ભીલ, બારૈયા, ગામીત, વસાવા, કોળી, મેર, વાઘેર આદિ છે. પણ વર્તમાનમાં ઊજળા વર્ણવાળી પ્રજાએ આ કાળુડાં લોક પર જબ્બર સત્તા અને અધિકાર જમાવ્યાં છે. ભૂતકાળ—નજીકના ભૂતકાળમાં તેમની સ્થિતિ આ હતી. પરિણામે કાળુડાં ભાંડુ હિજરાઈ ગયાં, દબાઈ ગયાં અને જંગલોમાં, પહાડોમાં, નદીઓનાં કોતરોમાં, અડાબીડ પ્રત્યંત પ્રદેશમાં, દરિયાકાંઠે કે રણના મુલકમાં જઈને સંતાઈ બેઠાં. આ જાતિઓના પગેરે નીકળીએ તો પુરાણકાળથી આગળ જઈને ઊભા રહેવું પડે છે. પુરાણના ગ્રંથોમાં શબ્દો જડે છે: कौल, दस्यु. शुद्र, किरात, ઇત્યાદિ. ડૉ. વેરિયર એલ્વીને તેમની એક પુસ્તિકામાં નેગ્રીટો Negrito, પ્રોટો ઑસ્ટ્રાલોઈડ્ઝ Proto-Australoids જેવા શબ્દો મૂક્યા છે. એક વિદ્વાને કહ્યું છે : It is undoubted that these tribes, in most cases, are of Dravidian ancestry. તેમનાં સંસ્કાર અને સંસ્કારિતા અને જીવનીનાય સગડ પ્રાચીન ગ્રંથોમાંથી જડે છે. તે કાળુડાં ભાંડુ પાસે તેમનું જ બધું હતું, જે આર્યોએ આવીને, ઊજળી ચામડીના માનવીઓએ આવીને, તેમની વચ્ચે વસીને ઝૂંટવી લીધું અને તેમના પર તેમના સંસ્કારોનો ઓપ, ગલેપ અને રંગ ચઢાવવા મથામણ કરી પણ તોય આજદિન સુધી તે કાળુડાં લોકોએ તેમના સંસ્કાર અને સંસ્કૃતિ સિવાય કશાયને તેમના સુધી આવવા નથી દીધાં. હા, તેમાંથી સાંકર્ય જન્મ્યું છે, આર્યોમાં અને આ કાળુડાં ભાંડુમાં. તેમ છતાંય તેમની મુક્તલગ્નપ્રથા આજેય અકબંધ જળવાઈ રહી છે. તેમનો સંસાર આંટીઘૂંટી વગરનો બન્યા વગર સાવ સરળ જ હજુ છે અને તેમના શોખો—માછલાં પકડવાં, શિકાર ખેલવો, દારૂ પીવો, નાચવું, મેળા કરવા—આજ સુધી નભ્યા છે. રાજકીય પલટાઓ સાથે તેમના જીવનમાં કાંક કાંક પલટાઓ આવ્યા છે, પણ તે પાછા તેટલી જ સરળતાથી ખરી પણ ગયા છે. તેમની ભિન્ન સંસ્કૃતિ છતાંય તેમણે **સહઅસ્તિત્વ** સ્વીકાર્યું. તેથી જ ડૉ. વાસુદેવશરણ અગ્રવાલે તેમના માટે લખ્યું છે: **पृथ्वीकी गोदसे जिसने जन्म लिया है उसीसे हमारा बन्धुत्वका नाता है।**

ગુજરાતમાં ક્યાં ક્યાં ?

ગુજરાતનો સાગરકાંઠો તેમણે સર કર્યો છે. સાગરકાંઠા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર વસતા ખલાસી, ખારવા તો કોળીઓ છે. કૌલમાંથી ઊતરી આવેલ પ્રજા—મસ્ત, ઝિંદાદિલ અને મરજીવા ગુજરાતના ઉત્તર પૂર્વના સીમાડા પર ઊંચા મસ્તકે ઊભેલ અરવલ્લી, પાવાગઢ, સાતપુડા અને વિંધ્યમાં વસતા ભીલ, ધોડિયા, દુબળા, તળાવિયા, ધાનકા, નાયકા, વારલા, વસાવા, ચોધરા, ગામીત અને કોળીઓ છે. સુરતના દરિયાકાંઠા પર આ કોળીઓના ધામા છે. અરવલ્લીના ડુંગરાઓ ને ભાખરના મુલકમાં ભીલો અને કોળીઓ સાથે વસવાટ કરે છે. મધ્ય સોરઠમાં કોળી, મેર અને આહિર જેવી ખડતલ પ્રજા બેઠી છે. કોડીનારના કાંઠે વાઘેર જેવી મરણિયા અને ઝનૂની જાતિ ગુજરાતનું રખવાળું કરે છે. ગુજરાત-સૌરાષ્ટ્રના સીમાડે નળસરોવરના કાંઠે પઢાર, સાબરમતીના કાંઠે ઠાકરડા, મહીનાં કોતરોમાં બારૈયા, ધારાળા, નર્મદાકાંઠે વસાવા અને માછીઓ. બનાસના ઉત્તરકાંઠે કોળી અને ઠાકરડા અને કચ્છના રણના સૌરાષ્ટ્રને વળગીને પડેલ છેડા પર ચૂંવાળિયા કોળીઓ, જત અને મિંયાણા. આમ કાળુડાં ભાંડુ ગુજરાતના વિશાળ મહેરામણનો આશરો લઈ રહ્યા છે, તો કોઈક ડુંગરાની ધાર માથે વાંસનાં ખોલડાં બાંધીને જીવે છે. થોડાક થરાદરીના રેતાળ અર્ધરણ પ્રદેશમાં દહાડા કાઢી રહ્યા છે, તો કેટલાક વનવાસી બન્યા છે. નદીનાં કોતરોએ પણ તેમને સંઘર્યાં છે. રસાળ અને સપાટ મુલક—ચરોતર, નર્મદા તાપી વચ્ચેનો મુલક અને ઝાલાવાડ ગોહિલવાડ—ગથાવી પાડી ઊજળાં વર્ણના માનવીઓ ત્યાં વસ્યાં. ઇતિહાસ કહે છે કે શાસન કરનારનો ભય જિતાયેલાંને રહેતો હોય છે. તે ડરતાં હોય છે—માત્ર તેના લશ્કરથી જ નહીં, પણ લશ્કરથીય વધુ તાકાતવાળા ધર્મ, સંસ્કાર અને રહેણીની બીક લાગતી હોય છે! કાળુડાં ભાંડુ આવા જ ભયે ડુંગરામાં, અરણ્યમાં, રણમાં અને નિર્જન પ્રદેશમાં ચાલ્યા ગયા.

કેવાં છે તેમના વસવાટો ?

અંગ્રેજીમાં લખાયેલ આ વર્ણન જુઓ: 'The aborigines live on the hills, forest and ragged countryside of India. Broadly speaking, they live on a long and broad belt of land starting from the Arvalli Hills in the west, proceeding into the Vindhya and Satpura Hills and portions of Western Ghats.'

આ બીજું અવતરણ વાંચો: 'If you care to travel through their villages, their hills and forests, you will find them in thousands roaming in nature's garb...'

તેઓ વસે છે મગરા પર. ડુંગરા પર. દરેક ડુંગરે છૂટક છૂટક ખોલડાં જોવા મળશે. ગામ વસાવીને જૂથમાં વસવાની ટેવ તો તેઓએ આજે પણ કેળવી નથી. તેમના આ મગરામાં વાંસ, સાગ, મહુડા ખૂબ ઊગે, તેથી તેમાંથી જ તેઓ તેમનાં ખોલડાં બનાવી લે છે. ભીલો, ગામીતો, વસાવાની આ જીવનરીતિ છે. પણ નદીકોતરોમાં અને રણની કાંધી પર રહેતા કોળી, ધારાળા, બારૈયા, ઠાકરડા અને પઢાર જૂથમાં વસે છે. તેઓ વાસ બાંધીને ગામમાં જ વસતા હોય છે. પઢાર કૂબામાં જ રહે છે. એક કહેતી છે: 'કોળીભાઈ નો કૂબો...'. કોળી પણ આજ દિન તક આવા કૂબામાં જ વસતા. પણ હવે ખેતીમાં ઊંડા ઊતરેલ કોળીઓ ઘર વાસીને રહેતા થોડાંક વર્ષથી થયા છે. થરાદરી, કાંકરેજીના ઠાકરડા પણ કૂબા અને ખોરડાંમાં વસે છે. ધારાળા, બારૈયા ઘર બાંધીને જીવે છે.

કયા કુળના ?

આ રહ્યું એક નૃવંશશાસ્ત્રીનું કથન: 'India is an ancient land and its history dates back four to six thousand years. India has been the home of the primitive races from prehistoric times. The Vedas contain useful information about the dark thick-lipped noseless, godless primitives who came into conflict with ancestors of the Aryan race...'

જાડા હોઠવાળા, ચીબા નાકવાળા, કાળી ચામડીવાળા અને મૂર્તિપૂજાના અજ્ઞાનવાળા લોક તે જ પેલા Negrito તો નહીં? દ્રવિડો તો નહીં? ભીલ, વસાવા, પઢાર, કોળી વગેરે કાળી ચામડીવાળા છે. તેમના ધર્મના માટે સંશોધન કરતાં જાણવા મળે છે: તેઓ પશુપૂજા અને શક્તિપૂજામાં માનનારા છે. તેઓ તેમના ડુંગરાના દેવને પૂજે છે. પિતૃપૂજા પણ તેમનામાં ખરી. પઢારો શક્તિપૂજક છે: The primitive races in India are animist,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

but through the centuries, they have been assimilated into what is broadly and generally known as Hinduism. આમ તેમના ધર્મમાં અને સંસ્કારમાં આર્યોના, હિંદુઓના સંસ્કાર અને છાપ આજે જોવા મળે છે પણ જુઓ:

દેવલી માડીએ જતીરો, ડાયાં જતીરો, હેંરા આલેરામાં ડાયા'

'દેવલી માડી' ડુંગરાનો દેવ: આ ગાયો સોનગઢ-વ્યારાના આદિવાસીઓએ. પઢાર શક્તિપૂજક છે. તેમની કેટકેટલી દેવીઓ છે! અને તેમનો ભૂવો તેમની રવાણીઓ ગાય છે. અને કોળી ઇત્યાદિને કયા કુળના લેખવા? પઢાર અને કોળી એક જ કુળમાંથી છે એમ પઢારોના સંશોધન પછી લગભગ સ્થાપિત સત્ય બનવા પામેલ છે. પણ આર. ઈ. એન્થોવનનું આ કથન જુઓ: Bhils and Kolis are aboriginal tribes which probably do not differ at all in origin. બિશપ હેબરે કોળી માટે કહ્યું છે: They are only civilized Bhils. મિ. વિલંઘબી (Willonghby) કહે છે: Baria has sprung from Kolis. મિ. ટેલર ધારાળાને કોળીની પંગતના લેખે છે. અને મિ. મેલવિલે લખ્યું છે: ...the wilder population of eastern Ahmedabad are equally under the name of Bhil and Koli. પણ મેજર જે. ડબલ્યુ. વૉટ્સન અને રેવ. ટેલર માને છે: '...it is very difficult to draw any line between Koli and Rajput. The story with which the Prantij Kolis account for their own origin is general in Eastern Gujarat, namely that their progenitor was a Rajput, who lost cast by taking water from the hand of a Bhil woman.' આવો જ ઉલ્લેખ મિ. એફ. એસ. પી. લેલીએ પણ આ કોળીઓ માટે કર્યો છે.

સાપ ગયો...

થરાદરીના કોળીઓમાં કિંવદંતી છે કે તેઓનો પૂર્વજ રજપુત હતો, પણ રૂપાળી કોળણના પ્રેમમાં પડ્યો અને તે વટલાયો. એના પેટનાં સંતાનો તે થરાદરીના કોળીઓ, ઠાકરડાઓ. ભીલોમાં ગરાશિયા ઇત્યાદિ ઓળખનામો છે. તેમને પણ રજપૂત કહેવડાવવું ગમે છે. પઢારો કહે છે કે ધનમેર કોળીનું ખાવાથી અને પાણી પીવાથી અમે હલકી જાતિના થયા પણ અમે મૂળ તો રજપૂતો. હરિજનોમાં અનેક કુળો રજપૂતોમાંથી આવ્યાં છે એમ તેઓ કહે છે. મંડોળા વાઘરીઓ પણ કહે છે કે અમારો વડવો જુવાન વાઘરણના પ્રેમમાં પડ્યો, તેને પરણ્યો. ત્યાર પછી તેને તેની નાતના રજપૂતોએ નાતબહાર મૂક્યો અને તેમાંથી અમે મંડોળા વાઘરીઓ પેદા થયા. રાજપીપળાના વસાવા પણ તેમને રજપૂત હોવાનું માની બેઠા છે. છારાઓ પણ તેમને રજપૂત હોવાનું કહી રહ્યા છે. આમ આ કાળુડાં માનવીમાં આ માન્યતા આજે પણ પ્રચલિત છે કે તેઓના પૂર્વજો રજપૂતો હતા, અને તે કુળગૌરવમાં આજેય તેઓ રાચે છે. સામંતશાહી યુગમાં જ્યારે રાજશાસકની એકાબૂ સત્તા હતી, ત્યારે અનેક લોકોને, જાતિઓને અને કુળોને સત્તાના સ્તંભ હોય તેવું કહેવડાવવું ગમ્યું લાગે છે. આજે પણ તેમ જ છે. આ જ કારણે, સત્તાશીલ કુળોની નજીક તેમના કુળને ગોઠવવાનો પ્રયત્ન કર્યો છે. મધ્યકાલીન ઇતિહાસમાં હિંદુઓમાંથી આખાય ભારતવર્ષ પર રજપૂતોએ ઠીક ઠીક વર્ષો લગી શાસન ચલાવ્યું. તે ગાળામાં આ જાતિઓએ તેમને રજપૂત કહેવડાવ્યા. સાપ ગયો, અને લિસોટો રહ્યો. પણ આ બધામાંથી તારણ તો આટલું જ નીકળે છે: 'આ પૃથ્વીપુત્રોને આર્યોના સંસ્કારની છાંટ આપીને જીવાડવામાં આવ્યા છે!'

જીવનનું દર્પણ

આ કાળુડાં ભાંડુએ જિંદગીમાં સીધો, સાદો અને સરળ પંથ સ્વીકાર્યો છે. તેમના જીવનમાં પ્રકૃતિને અને પ્રકૃતિમાંથી મળતા આનંદને સ્થાન મળ્યું છે. પૃથ્વીની રજ ને પ્રકૃતિનાં અનેક તત્ત્વો જ તેમની અતિ નજીક છે ને તેમાં તેઓ ઓતપ્રોત બને છે. તેમાં જીવનના આનંદને જ ગાયો છે. માટે જ તેઓએ ગાયું છે:

ખાજો, પીજો ને માયા માણજો રે!

મસ્ત જીવન! કોઈ જાતની બીજી લપછપ નથી. ખાવું છે, પેટ ભરીને, શિકાર ખેલીને, માછલાં પકડીને, પંખીનો શિકાર કરીને.

અને માયા માણવાની રીત પણ તેમની અનોખી છે:

હાલ કટુરી હાલ રે, રમજણિયું રે પીંજણિયું વાજે!
હામળાજીને મેળે રે, „ „ „

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેળા કરવા છે અને મેળા કરવા છે તો કઈ રીતે ?

હું પહેરીને જઈશું રે,
કોને કઈને જઈશું રે,
ન મોકલે તો, કુપડ જઈશું રે,

માયા, આમ, માણુતી છે. 'જોવન પોરતું બાજરિયું' ભર-ધાને હોય ત્યારે કોને કોને ફૂલ કરે છે ? તેય તે સમાજના લોકોએ ગાઈ નાખ્યું છે. જીવન જીવવાના, તેમના, માર્ગ—ધાંટા અનોખા છે. પઢારણ પુત્રવધૂને પણ આવા મેળા કરવાની ખાંત છે:

ગારી સાસુ કે' છે કે વહુ, નથી જાવું મેળે !
છાનીમાની રે'જે, ચૂલે બેસી રે'જે, રોટલા ઘડી રે'જે,
મારે જાવું છે મેળે.

મેળે જનાર પઢારણને જીવનમાં શા શા અરમાન જન્મે છે ?

ઢાકોરિયા રજવાડાને રે પાદર પારસપીંપળો.

હીંચકો તો પાદર બંધાયો છે. પણ આ પઢારણ તો રસની રસિયણ છે તેથી પુછાવે છે કે ક્યાં બંધાવું હીંચકો ?

ઢાકોરિયા, ચ્યાં રે બંધાવું ડોલર હીંચકો ?

અને આ અરમાન તો અનોખો છે:

ભાલાળે ભવાયા રે રમે,
સૌએ છાડિયું જોવા જાય,
ફેબા સારા આદમી હારે જાય,
ફેબાને દેવલો હેરી ગયો !

ફૈબાને દેવલો હરી જાય છે, જવલો કાકીની સાથેના નાતાને કારણે માથું ફૂલ કરી દે છે, વખતી સંધીડાની સાથે ભાગી જાય છે તો તેને ઉઘાડા છોગે ગાતાં આ સમાજને કોઈ નિષેદ્ધ નડતાં નથી. તેમના જીવનનાં આભલાં જ આ ગીતો, આથી, બનવા પામ્યાં છે. આ ગીતો તે જીવનની વિષમતાનાં સાક્ષી બન્યાં છે. જીવન એટલે જ વિષમતા અને વેદના. જેમ વિષમતા તેઓએ ગાઈ છે તેમ વેદના પણ ક્યાં ઓછી ગાઈ છે ?

વણઝારાના ફાગ જુઓ ! પતિપત્ની વચ્ચેના સંબંધો બગડ્યા છે, ત્યારે સખી શિખામણ આપે છે:

કર લે રાજીપો ! હેરે કરલે રાજીપો !

પઢાર યુવતીના એવા જ સંબંધોના કારણે લોકગીતના ગાયકને ગાવું પડ્યું છે:

દાદા, આનેડચાં દખ વેઠચાં કેમ જાય ?
સૈયર, અબોલા ભવે રચાં !

ત્યારે વ્યથિત હૈયે દાદાને દીકરી શિખામણ આપે છે:

'દીચરી, જેમ વેઠાય, ઈમ વેઠજે,
આપણું મોટાનાં છોરું કે'વાય.'

હૈયાની આવી વેદનાને કોઈ બીજી રીતે પણ લોકગાયકે વ્યક્ત કરી છે:

'તારા દલની આંટી મેલ !'

વણઝારાના ફાગની ભાષામાં ઉપરોક્ત કથનને વ્યક્ત કરવું હોય તો આમ જ કરી શકાય ને ! 'કર લે રાજીપો !'

'આ કર લે રાજીપો' કે 'તારા દલની આંટી મેલ'માં વ્યવહારદક્ષતા જ ગાયકે બતાવી છે ને ! દલની આંટી મેલી શકે કાં તો કોઈ વ્યવહારપુરુષ કે કાં તો દિલદરિયાવ માનવી ! સંસાર તો એવા જ પુરુષો ને સ્ત્રીઓથી સમુજ્જવલ ભાસે છે ને ! નાનકડા શબ્દગુચ્છમાં લોકકવિએ જનસમાજને શી મોટી શિખામણ આપી છે ? દલની આંટી મેલે કે રાજીપો કરી લે તો તો યુદ્ધોય જાય, દિલમાંથી, દિમાકમાંથી, પ્રજાએ પ્રજામાંથી અને રાષ્ટ્રેરાષ્ટ્રમાંથી ! લોકકવિઓએ આ જ રીતે માનવજાતને સંસ્કારવાની પ્રવૃત્તિ આજસુધી કરી છે ! એ પ્રવૃત્તિ અવિરતપણે અદ્યાપિપર્યંત ચાલુ રહી છે. સાબરકાંઠાના ભીલોએ ગાયું:

દારૂ કોઈ મા પીજો, ને નવો હલકો રે !
... ...
ગૌ તો કોઈ મા મારજો, ને નવો હલકો રે !
... ...
હુશી કોઈ મા મારજો, ને નવો હલકો રે !

ગામીત લોકોએ ગાયું છે:

દારૂ છોડા, દારૂ છોડા રા !
ઓ રામ, સત્યાનાશ વૈયા !

જ્યારે વ્યવહારુ વણઝારણને વણઝારા જોડેનો મનમેળ તૂટ્યો છે તેને તે સંસારનીર ડહોળવાની ના પાડે છે:

કર લે રાજીપો, હેરે કર લે રાજીપો !

તેમના ફાગની આ પંક્તિઓ જુઓ:

હાથમાં ઓકો, બઠક સારી લાગે,
માથામાં અમલની ડબી, ખારી લાગે !
માવો છોડ દે ! હેરે, માવો છોડ દે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ચૂંવાળની કોળણને જુગટિયા પતિનો પૂરો પરિચય થયો છે માટે તેણે ગાયું :

જુગટિયો સરદારે, જૂગઠ કોઈ રમશો નૈં હે !
... ...

જૂગઠ રમતાં શું શું હાર્યો? જૂગઠ રમતાં બાયડી રે હાર્યો!
છોકરાં વિયાજમાં દૂલ્યાં, જૂગઠ કોઈ રમશો નૈં રે !

અને માનવને પ્રેરણા આપે—કાર્યરત થવા માટેની તે આ પંક્તિઓ :

અલ્યા ઊંઘાં સાં સમ,
અલ્યા ઊંઘાં સાં સમ,

અલ્યા ઊંઘો છો શા માટે ? ઊઠ અને જાગ ! કામે લાગ ! ભલે યા હોમ કરીને આગે પડવાની ભાવના કવિએ એમાં ન ઢાલવી હોય, પણ માનવીને ડચકારો મારીને તેને સળવળતો તો એ જરૂર કરી દે !

મીઠી સાંસારિક શિખામણ આપનાર સંસ્કારદાતાએ તે સમાજના અનેક પ્રસંગને દૃષ્ટિ સમક્ષ રાખીને તેની કાવ્યસર્જનપ્રવૃત્તિને ત્યાંય જોડી છે. આમ તે પત્રકારની નજરે સમાજને નિહાળનાર છે. તેના સમાજના નાનકડા પ્રસંગને તે કવવાનું કદી નથી ભૂલતો, જો તે જરા પણ 'ડ્રામૅટિક' હોય તો! ચારણનો છોકરો સાંઢિયો લઈને ઘીના ભાડે ગયો ને લૂંટાણો તે પ્રસંગ આજે મળે છે. પેલા બે ભીલ યુવાનો પોલીસના પંજામાં આવ્યા તો તેને તેઓએ છોડયો નથી, કે ભીલમાં દુકાળનો કારમો અને કરાળ પંજો પડયો તો તે પણ તેમનો કવનવિષય બન્યો છે. આ તો સામાજિક વિષયો છે, પણ ઐતિહાસિક પ્રસંગો તેમાં ગવાયા છે. કડીમાં મલ્હારરાવે બંગલો બંધાવ્યો તો તેનું ગીત ઉત્તર ગુજરાતમાં મળે છે. સુણસરના ઠાકરડા પાસેથી અંગ્રેજ ટોપીવાળાનાં ગીતો મળે છે. તેમાં માત્ર ઇતિહાસની શુષ્ક વિગત નથી. પણ માનવદિલની સહાનુભૂતિ અને અનુકંપા પણ જોવા મળે છે. આમ તે કવિ તો ગાનાર છે માનવઉરનાં સંવેદનોને જ. તે ગવાયાં છે માટે લોકગીતનાં ઝરણાંનાં નીર નથી વાસી થયાં, કે નથી ગંધાયાં.

પણ ઘણા ભાવ સાવ નવા પણ લાગે છે. ને તે જ છે માનવનાં મનડાંની ખૂબી. જે ભાવ સામાન્ય જનસમાજમાં નથી જોવા મળતા, તે ભાવ 'કાળુડાં ભાંડુ'નાં લોકગીતોમાં જોવા મળે છે. ભદ્ર સમાજે સાસરિયામાં દુઃખ વેઠતી દીકરીને શિખામણ આપતાં ગાયું :

'દાદા, આવેડચાં દુઃખ વેઠયાં કેમ વેઠાય ? '
... ...
'દીકરી, જેમ વેઠાય, ઈમ વેઠજો ! '

અને દીકરીને સાસરે વળાવતાં પણ કંઈ કંઈ શિખામણ ભદ્ર સમાજે દીકરીને આપી છે પણ ગામીતનાં લોકગીતોમાં જુઓ :

રવા તે રોજે બેના, ચેતી રોજે વા !

સાસરે વળાવતી દીકરીને કહ્યું : ' બહેની, તારાથી સાસરે રહેવાય તો રહેજે, નહીં તો પાછી આવજે !' અને આગળ ગાયું છે કે તારાં સાસરિયાં હલકાં લોક છે ને ઘરમાંથી તને જંગલમાં કાઢી મૂકશે. જો આવું બને તો આપણે દહેજના પૈસા પાછા આપી દઈશું.

એનો શો અર્થ ? છેડો જ ફાડી દઈશું.

ત્યારે, આ લોકગીતોએ સમાજના અનેક ભાવોને, પ્રસંગોને, રિવાજોને અને નિષિદ્ધોને ગાયાં છે અને આમ માનવસમાજનાં તે સાચાં આભલાં સમ બન્યાં છે.

આ વાસી કવિતા નથી

સમાજનાં આ જ વળાંનાં ગીતો લોકગીતની સૃષ્ટિમાં સાંપડે છે ? દીકરી, દીકરીનાં દુઃખો, પ્રેમની સફળતા કરતાં વિશેષ નિષ્ફળતાના ભાવો, વ્યસનનાં ગીતો કે ફાટેલ આંખનાં શૃંગારગીતો જ આ સૃષ્ટિમાં સાંપડે છે ? ખરો સૂઝવાળો સંશોધક તેવાં જ ગીતો મેળવીને ઓડકાર નહીં ખાય ! કેમ કે તે સમાજને માનવસૃષ્ટિના સર્વ કોઈ ભાવો–વર્તમાન યુગ તેમ જ ભૂતકાળના–સ્પર્શતા હોય છે. તેમને તેમના આર્થિક પ્રશ્નો પણ 'ભાવ'રૂપે જ તેમની સામે આવીને ઊભતા હોય છે તેથી જ ગાય છે :

એક ચાળીશ તો દાડિયા લાવ્યો.

આ એક ચાળીશ દાડિયાને શી શી મૂંઝવણો અનુભવવી પડી ? ચૂનીલાલ મોઝડીવાળાએ તેમની પાસેથી પરાણે મજૂરી કરાવી તે તેમને ન રુચિ, પણ કરે શું ? તે ભાવને માત્ર કંઠમાંથી જ વહેતો મુકાય. તેથી તેને તે સમાજે ગાયું. પણ વર્તમાન સમયની વધુ નજીક છે પઢારનો આ ભાવ :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાર્યો આલો રામસંગ,
હાર્યો આલો રૂપસંગ;
હાર્યો આલ્યો ધંધુકાવાળો રે !

કૉંગ્રેસનું રાજ્ય સ્થપાયું, રામસંગ-રૂપસંગ જેવા ઠાકોરો તો ગયા, પણ ધંધુકા પર રાજ કરનારી બ્રિટિશ સરકાર પણ ગઈ અને આગળ જઈને કૉંગ્રેસનું રોનકદાર ચિત્ર આપે છે :

પાંચસે પાદરવાળા કૉંગ્રેસ બાપુ !
છસેં ખેતરવાળા.........
લીલડી ઘોડીવાળા કૉંગ્રેસ બાપુ !
રોઝડી ઘોડીવાળા કૉંગ્રેસ બાપુ રે લોલ !

અને સ્વરાજની આવ્યાની હાકલ પોશીના પટામાં ભીલોના કાન પર કઈ રીતે પડી ?

માતમા ગાંદી આવે, ને નવો હલકો રે !
લાકરિયા તાર માંચલો, ને નવો હલકો રે !
બાંધવી એકી બાંધવી, ને નવો હલકો રે !

આ નવા યુગનો નવો હલકો ભીલોએ ગાયો, પણ જ્યારે ગામીતોએ શ્રમશિબિરો ગામડાંમાં થતી જોઈ ત્યારે તાનમાં આવીને ગાયું :

શિબિર હેંરા આલેરામાં ડાયાં !
જતીરા સરીખો જતીરો ડાયાં !

શિબિર આવી છે. તેમને મન તે યાત્રાનું ધામ છે.

આમ સ્વરાજનાં આગમનનાં તેમણે વધામણાં ગાયાં. ગાંધીજીના તત્ત્વજ્ઞાનને તેમની કલ્પનામાં મઢી લીધું અને સ્વરાજના કાળમાં યોજાતી શિબિરોને પણ તેમણે તેમનાં ગીતોમાં સમાવી લીધી. તેમના આગળ કોઈ પણ પ્રસંગ માત્ર 'ભાવ'રૂપે જ આવે છે ને માટે તેઓ તેને તરત જ ગાઈ શકયા લાગે છે. ભાવમાં જ રસ હોય ને! કલ્પના-એ તે ભાવને પછી તેઓ મઢતાં લાગે છે !

કેવાં ભાવપ્રતીકો ?

જવાની તે 'જોબનપોરનું બાજરિયું' કવિના મનમાં બને છે. રૂપકડો, ફૂટડો, જુવાન યુવતીને મન છે 'મૂછુંના મનિયાર,' પ્રેમી 'હૈયાનો હાર' અને પરણ્યો 'ડાબા પગની મોઝડી.' રાજિયાના ગાનારને મન યુવાન તે અભિમન્યુ. યમને 'મરઘો'ના સંબોધને નવાજે. પંખીડાં-નો અર્થ રાજિયામાં આત્મા. રોળા છે દેહનું ભાવપ્રતીક. ગીત ગાનારી જુવતીઓ તે રાજ કોયલડી. આળસુ અને કંગાળ પતિ કહેવાય હોલો રાણો, અને રાજિયામાંના ભાવપ્રતીકો જુઓ. રાજિયા આવાં ભાવપ્રતીકોથી જ ભરપૂર હોય છે.

ઘણી વખતે આખી પંક્તિ જ ગર્ભિત અર્થે રસેલ હોય છે :

એ સૂતી'તી ને પ્રીતિવાળાએ પછીતે પાવા વગાડચા :
પછીતે પાવા વાજ્યા, બેલી મારા, પછીતે પાવા વાજ્યા !

આ નીંદર કઈ? પછીતનો શો ભાવ? શેના પાવા વાગ્યા? જોબનથી અજ્ઞાત હતી માટે તેને તે યુવતીની નિદ્રાવસ્થા કહી ? પ્રેમના પાવા વગાડનાર પાવા બજાવી ગયો ? પછીત એટલે કયા સ્થળે ?

આમ ત્રણેય ભાવપ્રતીકો જ લાગે છે. આમ આ સર્જકોએ તેમના ભાવોને અભિવ્યક્ત કરવા માટે તેમની અનોખી શબ્દસૃષ્ટિ અને પ્રતીકોની દુનિયા સરજી છે.

સમસંવેદન :

શું આ સ્પંદનો, સંવેદનો, ભાવો-ઊર્મિઓ-લાગણીઓ આપણાં જ કાળુડાં ભાંડુએ અનુભવ્યાં છે ? પ્રેમમાંની નિષ્ફળતાની આર્દ્ર ચીસ ધરુ રોપતી પઢારણે જ પાડી છે? પછીતે પાવા વાગ્યા અને મુગ્ધતા છોડીને તે પ્રેમમાં પડી અને તેમાં નિષ્ફળતા મળી ત્યારે તેણે ગાયું :

આવું રે નો'તું જાણ્યું, વાલા સાજણ,
આવું રે નો'તું જાણ્યું !

આવી જ કરુણાભરી આર્દ્ર ચીસ ડૉ. પ્રા. શ્રી. એસ. સી. દુબે સંપાદિત છતીસગઢનાં લોકગીતોમાંથી સાંભળવા મળે છે. તે ગીત પણ પ્રણયગીત છે. તેમાં પણ કરુણતાની આછી બંસરી બજે છે. તે ગાય છે :

Oh friend, I never knew,
That so soon, we would part company !

પઢારણ ગાય છે :

અ.પણ નાનાં હતાં ત્યારે નાનપણની હેડી,
ભાઈબંધ મોરા જો !

છતીસગઢની યુવતીની ઉક્તિ નીચે છે :

We made friends when we were young.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પઢારણની માનસિક સ્થિતિ કેવી છે ?

પાવઠડે પગ ધોતી, બેલી મારા સાજણની વાટ જોતી;
ગારો જીવડિયો ઉદાસી, ભાઈબંધ મોરા જો !

આની સાથે સરખાવો છત્તીસગઢી યુવતીની પંક્તિઓ :

The roti on the frying pan was burnt;
So engrossed was I in your thoughts !

માનસિક સ્થિતિ બંનેની સરખી છે અને બંને સમદુ:ખી ભાસે છે.

ભાવનાં આવાં સમસંવેદનો તો અનેક, જો ગોતવા બેસીએ તો, જડે. દિયરભોજાઈના સંબંધોનાં ગીતો મેઘાણીભાઈએ રઢિયાળી રાત ભાગ ૪માં આપ્યાં છે, તેવાં જ આ સંગ્રહમાં મળે છે. તે ભાવ અને સંબંધ માત્ર ગુજરાતી લોકગીતોમાં જડતા નથી, પણ છત્તીસગઢનાં લોકગીતોમાં પણ તેવા જ ભાવનાં દિયરભોજાઈનાં ગીતો મળે છે. સર્વત્ર માનવદિલ તો તેનું તે જ છે. ચિત્ત સરખું છે ને સમાજનાં વળમાં ઝાઝો તફાવત નથી પડ્યો, તેથી સંવેદનોમાં સામ્ય જરૂર લાગે !

રાષ્ટ્રવ્યાપી આંદોલન કે વ્યક્તિઓએ પણ આ ગાયકોનાં ચિત્તમાં સરખાં સંવેદનો જગાવ્યાં છે. ગાંધીજી પર સાબરકાંઠાના ભીલોએ ગાયું :

માતમા ગાંદી આવે, ને નવો હલકો રે !

પઢારોએ પણ તેવાં જ ગીતો ગાંધીજી પર રચ્યાં છે. પણ અન્ય પ્રાંતમાંય તેમના પર લોકગીતો રચાવાં છે.

चला मायों देखि औला गांधि की पलटन दा ॥

આ તો ગાંધીની પલટન પર રચાયેલ ગીત છે. રેકારાંશીએ ક્યાં ગાંધીપલટન પર ગીત નથી જોડ્યું ?

પણ છારાને જમાનાની અસર સ્પર્શી જાય છે, તેથી તેઓએ ગાયું :

વો ભી હય જમાના, હાય હાય રે ઘેરા જમાના !

આવું ગીત ગઢવાલી લોકોએ ગાયું : क्या जमानों आये. મોટર આવી તે પલટાતા જમાનાનું ચિહ્ન. તેથી તેમને પલટાતો જમાનો સ્પર્શી ગયો. છારાઓનું જીવન આર્થિક અને સામાજિક પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે, માટે તેમણે તેનું ગીત ગાયું. આ ગીતો સમસંવેદનમાંથી જ ફૂટ્યાં છે ને ! ક્યાં ગઢવાલી લોકો અને ક્યાં આ ગુનાહિત કામો કરી જીવનને ખેંચી કાઢતી જાતિ ! અને ભાલનું 'ગુજલડી રે' (નવો હલકો પૃ. ૧૩૮) પરનું ગીત સુરત જિલ્લામાંનાં ગાનારાં લોકોએ ગાયું :

ખરા લોઢાનું મારું દાતેડું રે લોલ,
ઘંડલું પેલા લાલિયા લુવારે, મારા બાલમજી હો;
હવે ના જાઉં ઘાસ કાટવા રે લોલ !'*

આ ઘાસ કાટવા તે નારી કેમ નથી જતી ? એ પ્રશ્નનો ઉત્તર એ ગીતમાંથી જડતો નથી. જ્યારે 'નવો હલકો'ના "ગુજલડી"માંથી મળે છે, પણ કેટલીક પંક્તિઓ તો સાવ બરાબર છે :

જુઓ, 'નવો હલકો'નું ગીત :

પરણ્યે વાઢ્યા પાંચ પૂરિયા રે લોલ,
મેં રે વાઢી છે બીડ, રે મારા વાલમા,
સરકારી બીડલાં વાઢવાં, ગુજલડી રે !

સરખાવો :

પરણ્યે વાઢ્યા પાંચ કોળિયા રે લોલ,
મેં વાઢ્યા દસવીસ, મારા બાલમજી હો !

ત્યારે, લોકગીતમાં કેટલાક પ્રસંગમાં સામ્ય મળે છે. પુરાણના પ્રસંગો તો આખાય ભારતમાં વ્યાપક બનેલા છે તેથી તેના પરનાં લોકગીતોમાં સામ્ય જોવા મળે તે સ્વાભાવિક છે, પણ સમાજજીવનના પ્રસંગો અને રાષ્ટ્રવ્યાપી ઘટનાઓ પર રચાયેલાં લોકગીતોના ભાવોમાં સામ્ય મળે છે. માનવનું ચિત્તતંત્ર લગભગ સરખું હોવાના કારણે કેટલાક ભાવો જાણે ભાષાનો વાઘો બદલીને ગવાયાં હોય તેવું લગે છે. પણ તેનાં મૂળમાં તો પેલું સંવેદન જ પડેલું છે ને તે ગવાયું જ્યાં ને ત્યાં, તે તે ધરતીની બોલીમાં.

ધરતીના બોલ

ધરતીનાં બદલાતાં રૂપવળાંએ બોલનાં અને વેણનાં રસમાદળિયાં કોતરી કાઢ્યાં છે. ભીલ સંગઠન કરવું છે, એમ કહેવાના બદલે ઉચ્ચારે છે, 'બાંધવી એકી બાંધવી !' ચાકરી કષ્ટદાયક છે, વેદનાભરી છે તે ભાવ વ્યક્ત કરવા તે 'બારા વરહની ચાકરી' કહેવાય ને ! ચડવાને મુસ્કેલ એવા ડુંગરાળ માર્ગને લોકકવિએ 'ધૂળિયો ઘાંટો' કહીને ગીતમાં ગાયું કે :

ભેટાળાનો ધૂળિયો ઘાંટો, નંઈ ચઢાય, છોરી રાજુડી !

* જુઓ : ગુજરાતનાં લોકગીતો, પૃ. ૧૨૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એમાં શય્યા—મૃત્યુશય્યા ખડકાવાની હોય તો તે હોય માત્ર નાળિયેરની, માટે શબ્દપ્રયોગ રચાયો. 'નાળિયેરની શયું ખડકે!' ખૂબ દુઃખ માટે 'આવેડયાં દખ' લોકકવિ મૂકે. રોષના સાટે દલની આંટી, વ્યસનનાં ગીતોમાં વ્યસનની તલપ બતાવવી હોય તો લખે: દલનો ભોગી. નારીરૂપ વર્ણવતાં લખે: 'અંબોડે ગલફૂલ.' જુવાની આવી ગાય તો તો લોકકવિની કલ્પના ખૂટી જ કહેવાય ને! તેથી તેણે ગાયું 'ફૂલવાડી ફોરી.' રેંટિયો ફરતો બતાવવાનો ને, ને તેની ગતિને બતાવવા માટે લોકકવિ તેની કાવ્યપંક્તિમાં શબ્દચિત્ર દોરશે: 'રણઝણ રણઝણ રેંટુડો ફરિયો!' વાટકડી હોય તો લોકગીતમાં તે 'સોના વાટકડી' જ હોય! હીંચકાની ગતિ બતાવવા માટે કવિએ શું ગાયું?

'હીંચકો હાલે ને રે દોરી ધુરસકે!'

જો પતિ રિસાય તો ગવાય ત્યારે એમ જ ગાય: હજારી ઢોલા રૂસણો!

અને ગઢના કાંગરા તે એમ ને એમ વર્ણવાય? તેના માટે તો 'પાન સરખા જ' મૂકવું તેમને શોભે! મૂલ્યવાન ચૂંદડી બતાવવી હોય તો તે ગવાય ત્યારે બને 'હોળે સવાસોની ચૂંદડી' તેથી જરાય ઓછી નહીં.

તે ગીતસર્જકોએ શી સૂઝથી આ રસમાદળિયાં સરજ્યાં હશે?

પછી તેઓ ગાય જ ને, 'આમાં નાંઈબા ભિખારી!'*

---

* તાજેતરમાં પ્રગટ થનાર લોકગીત સંગ્રહ 'નવો હલકો'-ની પ્રસ્તાવના.

નોળવેલ

તું તો મારી અમૃતમય કૈં વલ્લિ છે નોળવેલ.
છૂપાયેલી મુજ હૃદયની ગુપ્ત ઊંડી ગુહામાં.
ના, ના તારી સમય વધતાં શક્તિ કૈં ક્ષીણ થાય;
નિત્યે તાજી: દિવસ દિવસે વર્ધતી શક્તિ ન્યારી!

આંહી મારે સતત લડવો ક્રુદ્ધ સંસારસર્પ:
કેવી એની તરલ ગતિ, કેવો વળી ઉગ્ર દર્પ!
એની આંખો ચપલ ચુકવાયે ન, ડોલે ફણા શી!
ડંખાઈને પુનરપિ પુનઃ સૂંઘવી નોળવેલ!

જેણે સર્જ્યો પ્રબળ, લડવા ઘોર સંસારસર્પ;
તેણે સર્જી અમૃતમય આ અંતરે નોળવેલ!
ડંખાઈને પુનરપિ પુનઃ સૂંઘીને નોળવેલ,
પાછું યુદ્ધે સતત મચવું; જીતવું ના જ સ્હેલ!

ઢીલી થાતી સરપ તણી આ શક્તિ, એ ના અખૂટ!
પૂરી થાશે લડત હમણાં;—પીઉં પીયૂષઘૂંટ!

૧૪-૪-૧૯૫૬
[પ્રગટ થનાર 'પદ્મા'માંથી]

પ્રજારામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોસઠથી આઠ ઉપર

લક્ષ્મીકાન્ત હ. ભટ્ટ

'વીઝયુઅલ એઈડ' ના કોર્સ માટે અમે ગયા હતા. ત્યાં એક કૅમેરા જોયો. કોણ જાણે કેમ પણ શનિવારની રાતથી મને એ કૅમેરા ખૂબ યાદ આવ્યા કરે છે. વળી મનમાં એમ પણ થયાં કરે છે કે જેવી રીતે આ સ્થૂલ જગતનાં બધાં દશ્યો કૅમેરામાં ઝડપી શકાય છે, એમ સૂક્ષ્મ વસ્તુઓ પણ કૅમેરાની પટ્ટી ઉપર કે એવી કોઈ વસ્તુ ઉપર કાયમ માટે ઉતારી શકાતી હોત તો? કેટલી બધી મજા પડત! કદાચ ઘણી મુશ્કેલીઓ પણ ઊભી થાત—પણ હજુ સુધી એવું કશું શોધી શકાયું નથી, એટલે એને અંગે શું મુશ્કેલીઓ ઊભી થાય, એના કરતાં—શું, શું મજાઓ આપણે માણી શકીએ,—એ જ વિચાર વધારે ને વારે વારે આવ્યાં કરે છે.

અરે, પણ હું તમને મૂળ વાત જ કહેવી ભૂલી ગયો કે એ કૅમેરામાં શું એવી ખૂબી હતી અને પેલી રાતે શું બન્યા પછી મને પેલો કૅમેરા વારે વારે યાદ આવ્યાં કરે છે.

ફોટોગ્રાફીના જાણકાર માટે તો એમાં કાંઈ નવું નહીં હોય. પણ અમને તો એમાં ખૂબ મજા આવેલી. કૅમેરા કદમાં કાંઈ બહુ મોટો ન હતો. શટર, ઍપરચર, ડિસ્ટન્સ ઍડજસ્ટમેન્ટની ખૂબીઓની પણ વાતો હું તમને અત્યારે નહીં કરું. અત્યારે મને જે ખૂબ વારે વારે યાદ આવ્યા કરે છે અને જેને હું ચોસઠ ઉપરથી આઠ ઉપર જવાની ખૂબી કહું છું, એની જ વાત કરીશ.

કૅમેરા હતો ફિલ્મ-પટ્ટી ઉપર ચલચિત્રો પાડી શકાય એવો. હવે બીજી વાત—આપણી આંખ કોઈ પણ ચિત્ર એક સેકન્ડના આઠમા ભાગ સુધી ધારણ કરી રાખે છે, માટે એ પાડેલાં ચિત્રો પડદા ઉપર આપણે પાડીએ ત્યારે ઓછામાં ઓછાં એક સેકન્ડમાં આઠ ચિત્રો પડદા ઉપર પડે એટલી ઝડપ આપણે રાખવી જોઈએ. તો એ ચિત્ર હાલતુંચાલતું આપણે જોઈ શકીએ. હવે એ કૅમેરાની, ચલચિત્ર પોતાની ફિલ્મ-પટ્ટી ઉપર ઝીલવાની, શક્તિ એક સેકન્ડમાં—આઠ—સોળ—બત્રીસ—ચોસઠ સુધી વધારી શકાતી હતી. આ ચિત્રો કેવળ એક સેકન્ડમાં ઝીલી શકાતાં હતાં. આપણને એમ થાય કે એ તો બધું ઠીક—ઝડપ તો હોય. અને બરોબર છે—હોય, પણ મજાયે ત્યાં જ છે. પૂરી જોવાય ન જોવાય એવી, કોઈ ગતિની પળ—ચોસઠની ઝડપે ઝીલી લો અને પછી ધીરે ધીરે પડદા ઉપર આઠની ઝડપે પાડો, પછી એની ખરી મજા સમજાય.

આપણે જોઈએ છીએ કે—સોયની અણિ—અડતાં ન અડતાંમાં તો અવાજ સાથે ફુગ્ગો ફૂટીને કયાંય ઊડી જાય છે. ક્ષણ બે ક્ષણ પછી તો છેક ખબર પડે કે તે કયાં ઊડી પડયો છે. પણ એ જ ચિત્રને ચોસઠ ઉપર ઝીલી આઠ ઉપર પાડીએ તો—ધીરે ધીરે સોય નજીક આવતી દેખાય, એ એને અડે—તેમાં કાણું પડે—મોટું—મોટું—વધુ મોટું થાય અને એ જ વખતે ફુગ્ગો પોતે—અંધારી રાતના અવકાશમાં આગિયાનો તેજલીસોટો સરે એમ—એક વળાંકવાળી નૃત્યમય ગતિ સરજીને—કયાંક—જમીન પર ધીરે ધીરે ઊતરે એમ તમે તેને જુઓ.

અને આ જીવનમાંયે કયારેક એવી પળ આવી જાય છે કે એક પળમાં તો આપણું મન ભૂતકાળના કોઈ અનંત ઊંડાણમાં—કયાંનું કયાં—સરી જાય—અગાધ ઊંડાણ—ઘોર અંધકાર અને ધબક—ધબક—ધબક—કોઈ—અદ્ભુતતના વિરલ દર્શને આપણું હૃદય ધબકતું હોય—એક ક્ષણ નિગૂઢતાની મોઢામોઢ આપણે થઈ જઈએ. મનમાં તીવ્રપણે એમ થાય કે આ એક ક્ષણના એ શત—શત—કોટિ ભાગ કરીને નિરખીએ. પણ—આવું બધું આપણે ક્ષણ અર્ધ ક્ષણ કે પળ બે પળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુભવીએ ત્યાં–તો–એ અગાધ ઊંડાણમાંથી એક ક્ષણમાં તો આપણે વાસ્તવિકતાની સપાટી ઉપર ફેંકાઈ જઈએ. હૃદય ધીમો ચણચણાટ કર્યા કરે અને મન વાસ્તવિકતાની નક્કર સપાટી ઉપર ઊભું ઊભું મશ્કરી કર્યા કરે. આપણે આપણને કંઈ નથી થતું એમ દેખાડવા મોટેથી બોલીએ–કાંઈ ખોટી સાચી નજીવી મશ્કરી કરીએ અને એ બધું જાણે આપણે ખૂબ ચાતુરીભર્યું કર્યું હોય એમ આપણે–ખડખડ અવાજ કરતા પાછા મોટેથી હસીએ, અને સહુ આપણા એ હાસ્યમાં સાથ પુરાવે અને આપણી જેમ એ બધાનાં હાસ્યો પણ પોલાં જ હોય. આપણે એ મનમાં ઊંડે ઊંડે જાણીએ અને છતાંયે, બધુંય એમ ને એમ ચાલે. આવી ક્ષણ ચોસઠથી આઠ ઉપર લઈ ગયા હોઈએ તો...

શનિવારની રાત હતી અને તેથી અમે બધા નિયમ મુજબ ચંદુભાઈને ત્યાં સાડાઆઠના પહોંચી ગયા હતા. વસુભાઈનો લેખ વાંચવા માટે ટેબલલૅમ્પ તેમની નજીક આણ્યો હતો. ઠીકવારથી વાતો થયા કરતી હતી. કોણ જાણે કેમ લેખ વાંચવાનો કેમેય વારો જ નહોતો આવતો. શરૂઆતમાં તો અમે જ વાતોએ ચડ્યા હતા. એક બાજુ અમે ત્રણે પુરુષો—હું, ચંદુભાઈ ને વસુભાઈ વાતો કરતા હતા. અમે ત્રણેય, સદાય પથરાયેલ રહેતા, ચંદુભાઈના પલંગ ઉપર બેઠા હતા. કોચ કરતાં હંમેશાં અમને એ જ બેઠક વધારે ફાવતી. સ્ત્રીઓનો સમૂહ કોચ ઉપર બેઠો હતો. સમૂહ એટલે માત્ર બે જ—એક મારાં પત્ની અને બીજાં ચંદુભાઈનાં.—વસુભાઈ તે દિવસે એકલા જ આવ્યા હતા. સ્ત્રીસમાજ તેઓની વાતોમાં મશગૂલ હતો. અને આ બન્ને સમાજ વચ્ચે—ચંદુભાઈનાં બન્ને બાળકો—નિખિલ અને સુધા—બધાંનું ધ્યાન પોતા તરફ આકર્ષવા પ્રયત્ન કરતાં હતાં. બાળકોની આવી દરમિયાનગીરીના જવાબમાં ક્યારેક ચંદુભાઈ ખિજાઈ લેતા હતા. આવી રીતે જરા ખિજાઈ લઈ ને, નાની સુધાને પલંગ પર લેતાં, ચંદુભાઈએ પૂછ્યું, ‘ ચા, વાંચ્યા પછી રાખશું કે પહેલાં ?’

‘ હવે—દર વખતે શું એની જરૂર છે ?’ રિવાજ મુજબ હું અને વસુભાઈ સાથે બોલ્યા—પાછળથી મેં એક ખૂબ ચવાઈ ગયેલ વાક્ય ઉમેર્યું—‘ વસુભાઈના નિબંધમાંથી પૂરતો રસ મળી રહેશે.’ અને અમે બધા વિવેકપૂર્વક હસ્યા. પછી ચંદુભાઈએ ચા મુકાવવાનું કહ્યું :

ચા પીધા પછી અમે નિબંધ સાંભળવાના યોગ્ય ‘ મૂડ ’માં આવી ગયા. ચંદુભાઈ નિબંધ વાંચવા તૈયાર થયા. એ પોતાની જગ્યા ઉપર આમતેમ હલ્યા. જરા નિબંધનાં કાગળિયાં આમથી તેમ કર્યાં. જરા ખોંખારો ખાધો. ટટ્ટાર થયા અને સામે પેલાં કાગળિયાં ધરી, ક્ષણ બે ક્ષણ, સ્થિર નજરે એ તેની તરફ જોઈ રહ્યા અને પછી બોલ્યા : “ નામ છે ‘ સ્રષ્ટાનો સૃષ્ટિના સર્જન પાછળનો હેતુ.’ ” પછી જરા સહુ સામું જોઈ ને મલકાયા—સહેજ શરમાયા અને બોલ્યા : “ નામ જ જરા લાંબું અને કઢંગું લાગે છે પણ બધું વાંચશું પછી એની પાછળનો હેતુ તમારા ખ્યાલમાં આવશે, ” કહી, ફરી એણે નિબંધ સામે દૃષ્ટિ કરી.

ત્યાં તો—

‘ ચંદુભાઈ, એ ચંદુભાઈ, છો ને ?’ નીચેથી બૂમ આવી.

ચંદુભાઈનું મોઢું બગડી ગયું. ચંદુભાઈ અમારી સામું જોઈ ને બોલ્યા : ‘ આ ટેલિફોન લીધો છે ત્યારથી આ મોકાણ ચાલુ છે. માંડ નિરાંતે બેઠા હોઈએ ત્યાં કોઈક ને કોઈક આવી જ ચડે છે.’

ત્યાં તો એ, ‘ ચંદુભાઈ છે ને ?’ કરતા છેક ઉપર આવી પહોંચ્યા હતા. ચંદુભાઈએ વિવેકમાં ‘ આવો —આવો,’ કહી મોં મલકાવ્યું.

‘ જરા ટેલિફોન કરવો છે. આપને કદાચ જરા તકલીફ પડશે...’

‘ ના એમાં તકલીફ શું ? તમે તમારે કરો ને ’ કહેતા, ચંદુભાઈ તેમનું સ્વાગત કરવા ઊભા થયા હતા તે આવીને પાછા અમારી પાસે બેસી ગયા. પેલા બોલતા હતા: ‘ ન કરું તો ભારે નુકસાન થઈ જાય એમ છે. પણ કહ્યું અત્યારે ક્યાં જાવું ? પણ થયું કે ચંદુભાઈ તો આપણા જ કહેવાય.’

‘ સાચું.’ કહી ચંદુભાઈએ બધું સાંભળ્યાની સાક્ષી પૂરી.

પણ ત્યાં તો એ જ પળે એક ભારે બીના બની.

એકાએક—કોઈ જૂની નબળી મેડીમાં—વજનદાર માણસ દોડે ને જેમ આખી મેડી ધણધણી ઊઠે,—એમ આખી મેડી ધણધણી ઊઠી. એકાએક આ શું થયું ? એ જોતા અમે અવાકની જેમ સ્થિર થઈ ગયા. આખી મેડી

[સંસ્કૃતિ, સપ્ટેમ્બર ’૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહેજ સહેજ ધ્રૂજતી અનુભવાતી હતી. એ ક્ષણેક શું થાય છે એ કોઈને સમજાયું નહીં, સૌથી પહેલાં "ધરતીકંપ" એમ બોલી વસુભાઈ પાછા એવા ને એવા ગંભીર થઈ ગયા.

નાની સુધા ઊભી હતી તે એકદમ ધબ દઈને બેસી પડી હતી. ધરતીકંપ શબ્દ સાંભળતાં, ચંદુભાઈનાં પત્નીએ એને લઈને છાતી સરસી ચાંપી દીધી. નિખિલ ચંદુભાઈ પાસે હતો તે તેમને અડીને બેસી ગયો. ચંદુભાઈએ તેના વાંસા પર હાથ મૂકી પોતાનાં પત્ની સામું જોયું. એ પણ એમની સામું જ જોઈ રહ્યાં હતાં. પેલા ફોન કરવા આવેલ ભાઈ—ચક્કર આવવા જેવું લાગવાથી ત્યાં જ—ફોન પાસે રાખેલ ખુરશી ઉપર બેસી પડ્યા હતા. વસુભાઈની શૂન્ય નજર ક્યાં સ્થિર થઈ છે એની એનાં ચશ્મા પાછળથી ખબર પડતી ન હતી. મેં મારાં પત્ની સામે જોયું. એ પણ સ્થિર નજરે મારી સામું જોઈ રહ્યાં હતાં.

આખી મેડી ધ્રૂજતી હતી ખડ–ખડ–ખડ–ખડ— બારી-નાં બારણાંઓનો ભટકાવાનો અવાજ આવતો હતો. ટ્રંકનાં તાળાંઓ અને અભરાઈ ઉપરનાં વાસણો, બધુંયે એકી સાથે ખખડતું હતું. અમે બેઠા હતા એ પલંગ–તેની મચ્છરદાનીની ફ્રેમ—બધુંયે ધ્રૂજતું હતું અને સહુ મોં ઉપરથી જાણે કે એકાએક લોહી ઊડી ગયું હતું.

જાણે કે સહુ પોતાનાં સ્વજનોનું ઘડીભર સ્મરણ કરી લેતાં હતાં, મૃત્યુનો જાણે સાક્ષાત્કાર કરી રહ્યાં હતાં. સહુ—સ્થિર હતાં—શાંત હતાં—જાણે કે શિલ્પમાં કંડારાઈ ગયાં હતાં.

હજુ ક્ષણ પહેલાં તો બધું જીવનથી ધબકતું હતું. બીજી ક્ષણે તો મૃત્યુનો કારમો ઓળો બધા પર પથરાઈ ગયો હતો. એ એક વિરલ પળ હતી...એક ક્ષણ પહેલાં ધબકતું જીવન અને બીજી જ ક્ષણે...નિસ્તબ્ધ નીરવતા અને...પછી...કોણ જાણે શું...યે... ?

કદાચ કેવળ કાળો અંધકાર—

બસ — આ જ શું — આપણી છેલ્લી પળ — ? આ જ શું આપણા બધાનો પ્રલયદિન — ? મન એ વિચારમાં ઊંડું ને ઊંડું ઊતરતું જતું હતું.

અને બાકી બધું ખડ — ખડ — ખડ — ખડ ધ્રૂજતું હતું. આખી મેડી ધ્રૂજતી હતી.

આદર્શ—આશા—આકાંક્ષા—મહત્ત્વાકાંક્ષાનો શું—આજ જ—આમ જ એકાએક અંત ?

એક ક્ષણમાં તો મન એક જબ્બર હિલોળે ચઢ્યું. માનવીની મહત્ત્વાકાંક્ષાનાં અનેક ફળ નજર સામે ખડાં થઈ ગયાં—વિદ્યુત્ દીવા—ટેલિફોન—રેડીઓ — ટેલિવીઝન — અનેક અનેક વસ્તુઓ જાણે કે નજર સામેથી પસાર થઈ ગઈ અને મન એકાએક કોણ જાણે ક્યાંયે—યુગો પહેલાંના અનંત અંધકારમાં ડૂબી ગયું.

તેજસ્વી અગ્નિગોળામાંથી છૂટી પડેલી પૃથ્વી અનંત અવકાશના અંધકારમાં ઘૂમે છે. અનેક યુગો સુધી એ ગરમ ગોળો અવકાશમાં ઘૂમ્યા કરે છે. એની ઉપર કોઈ સજીવ સૃષ્ટિનો અંશ માત્ર પણ નથી અને પછી—અનેક યુગો પછી—સજીવ સૃષ્ટિ અને માનવપ્રાણી એની ઉપર આવે છે. આશા—આકાંક્ષા—મહત્ત્વાકાંક્ષા સાથે—સંસ્કૃતિ—સાહિત્ય અને વિજ્ઞાન સાથે—હળ—દૂરબીન અને અણુબોંબ સાથે—સકળ સૃષ્ટિનો બધો ભાર માથે લઈ ફરતો હોય એમ—એ આવે છે—પૃથ્વી પર મહાલે છે.

અને આજે—

બધુંયે ખડ–ખડ–ખડ–ખડ-ધ્રૂજે છે. મકાન અને મકાનના પાયા-જીવન અને અહમ્-બધુંયે ધ્રૂજે છે ખડ-ખડ–ખડ–ખડ–. પૃથ્વીના પેટાળમાં લાવારસ આળોટે છે. માનવીના અસ્તિત્વનીયે અવગણના કરીને સાવ નિસ્પૃહપણે. યુગોના યુગો પહેલાં કેવળ ધગધગતા ધગધગતા ગોળારૂપે હતી અને ફરતી હતી એમ જ—આજેયે પૃથ્વી સાવ નિસ્પૃહપણે ગોળ ગોળ ફર્યા કરે છે અને-એની ઉપર ફરે છે-માનવી—પોતાના અભિમાનમાં-આખાયે બ્રહ્માંડનો ભાર માથે લઈને—

પણ આ બધું ધ્રૂજે છે. ખડ–ખડ–ખડ–ખડ. અને થાય છે કે આ આખુંયે વિશ્વ જાણે કે આપણા માટે જ આમથી તેમ ઘૂમતું હોય, એમ અભિમાન લઈને આપણે ઘૂમીએ છીએ એ કેટલું ખોટું છે ! ખરેખર તો ધણીધોરી વિનાના ખેતરમાં ઊગી નીકળેલ ઘાસ જેવી આ માનવસૃષ્ટિ છે.

ખડ–ખડ–ખડ–ખડ– યંત્ર જેવી એકધારી ગતિએ, બારણું ખખડી રહ્યું હતું. જે દીવાલને ટેકો દઈ હું બેઠો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો એ પણ આખો ધ્રૂજતી લાગતી હતી અને જેની ઉપર અમે બેઠા હતા એ પલંગ પણ ધ્રૂજતો હતો.

અને એકાએક મને ભાન થયું કે આખા શહેરમાં આમ હશે. બિહારનો ધરતીકંપ યાદ આવી ગયો. શું ઉપરની અગાશી એકાએક નીચે તૂટી પડશે ?–કે મેડી ને પલંગ સહિત આપણે બધાં નીચે જશું ?–આમ ચારે કોર ક્યાં ક્યાં ગામ સુધી કેટલી અસર હશે ? એક ક્ષણ અનેક આશાઆકાંક્ષા અને સ્નેહબંધનોએ મને ખૂબ તીવ્ર રીતે પીડયો–હાય, એક થોડીક વાર આ બધું વધુ ચાલે ને ક્યાંક બધુંયે પતી જાય તો ? અને કદાચ ધરતીકંપ કરતાંયે આ કલ્પનાથી હું વધુ ધ્રૂજી ઊઠ્યો.

અને એ જ પળે ધ્રુજારી બંધ થઈ. પળ એક નિસ્તબ્ધતા છવાઈ રહી અને બીજી પળે, અમારાં મોં મલકી ઊઠ્યાં, અમે એકબીજાની સામું જોઈ શક્યાં અને એકસાથે સહુએ બોલવાનું શરૂ કર્યું.

'મને એવું થયું ને કે હમણાં મેડી નીચે.'

'મનેય એ જ થયું કે આ બધું પડે ને હું મરી જાઉં તો આ બેબલીનું શું થાય ?'

'ફેરફુદરડી ફર્યા પછી ઊભા રહીએ, ને જેવું લાગે એવું મને લાગતું 'તું.' નિખિલ બોલ્યો.

'અરે ચંદુભાઈ, મને તો કાંઈક ઊભો 'તો ને તે ફેર ફેર જેવું લાગવા માંડ્યું. અરે વોમીટ જેવું થવા માંડ્યું.' પેલા ફોનવાળા ભાઈ બોલ્યા.

'સાચી વાત' પેલાને જવાબ આપી ચંદુભાઈ પોતાનાં પત્ની તરફ આટલી વારે આશ્વાસન આપવા વળ્યા, 'અરે મંદા–આ—આપણે ત્યાં કોક વાર થાય એટલે બાકી જાપાનમાં તો આવું રોજ થાય હો.'

'મને તો સાલું એમ થાય છે—અહીં તો કાંઈ નુકસાન નથી થયું–પણ બિહાર યાદ છે ને ?–તો સાલું–આવા વિનાશો પાછળ–કુદરતનો શો હેતુ હશે ?' વસુભાઈ બોલ્યા.

'ગમે તેમ તોય આપણે ધરતીકંપ માણ્યો.' હુંયે બધા સાથે બોલ્યો: 'આયે એક અનુભવ છે ને ? જીવ્યા કરતાં જોયું ભલું.' હું પોલું હસતો હસતો બોલતો હતો. મારું હૃદય ધબકતું હતું. ક્ષણ પહેલાં જે નિગૂઢતાના તળિયે હું હતો એનો એ અણસારો હતો. જે બધું હું લખી ગયો, એ બધું એવી રીતે હું અનુભવી કે જોઈ શક્યો ન હતો. જે જે થોડો અણસારો મળ્યો હતો તે બધાને ચોસઠ ઉપરથી આઠ ઉપર લાવવા મેં પ્રયાસ કર્યો. સ્પષ્ટ-પણે તો મને અલ્પતા અને ભયાનકતાનું ભાન થયું હતું.

ધરતીકંપ કેવળ છ સેકન્ડ ચાલ્યો હતો અને બધા હવે સલામત હતા. એ વધુ ચાલ્યો હોત–અને કંઈક અન્યથા થયું હોત તો–અને મને એક પછી એક વસ્તુ પાછી યાદ આવવા લાગી–ફોન–જરૂરી કામ–'સ્રષ્ટાનો સૃષ્ટિના સર્જન પાછળનો હેતુ'–જીવ્યા કરતાં જોયું ભલું—

અને મેં માથું અને ખભા આંચકા સાથે હલાવ્યા, ધીમા સાદે એક હલકી મજાક સહુને કહી અને પછી બધાયે જરા અસ્વાભાવિક વધુ પડતા મોટેથી હસ્યા.

[તા. ૨૮મી જુલાઈ '૫૬, શનિવાર : સાવરકુંડલા.]

કાફેમાં રતિ

કાફે મહીં મંદ પ્રવેશતી, યથા
સમુદ્રનાં રુદ્ર તુફાન સૌ સહી
કો ભગ્ન નૌકા તટ નાંગરી રહી;
કોફી નહીં, ત્યાં કપમાં હતી વ્યથા.

નિરંજન ભગત

કાફેમાં મદન

કાફે મહીં નહીં રહ્યું તનભાન જ્યારે
રંગીન કો નીરખતો પ્રતિમા અરીસે
રે ભોળિયો અધરને અધરોથી ભીંસે
ને ઓષ્ટથી લૂછત લીપસ્ટીક વારવારે.

ચુનીલાલ મડિયા

[સંસ્કૃતિ, સપ્ટેમ્બર '૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[અનુસંધાન પૃ. ૩૨૮થી]

પંક્તિઓનો અર્થ ઉમેરાય છે. એટલે શબ્દો ભલે જૂના હોય પણ એમાં અર્થ નવો છે. શબ્દોનું ભલે પુનરાવર્તન હોય પણ શીકાગોનો તો કવિ અને વાચક બન્ને પૂરતો પુનર્જન્મ જ છે. એમાં જ સેન્ડબર્ગનું આધ્યાત્મિક દર્શન છે. એથી જ કવિ દ્દષ્ટા છે. કવિનો પ્રેમ શીકાગોને 'little soft cities' (પામર પોચી નગરીઓ)થી વધુ મહાન પુરવાર કરે છે. શીકાગોનું સ્વમાન આપણા હૃદયને સદાયનું હરી જાય છે અને એનું અટ્ટહાસ્ય આપણા કાનને સદાયનું ભરી જાય છે. 'ધ વીન્ડી સીટી'માં 'શીકાગો'ની વિસ્તૃત આવૃત્તિ છે તો 'ધ હાર્બર'માં શીકાગોનું તદ્દન ભિન્ન સ્વરૂપ છે. એમાં શીકાગોની વાસનાઓનું નહીં પણ વ્યથાઓનું જ વર્ણન છે. કારણ કે બન્ને કાવ્યો એક જ શહેર વિષે કવિની બે વિરોધી મનોદશાનાં સર્જનો છે. સેન્ડબર્ગે કહ્યું છે, 'Poems are the results of moods. I don't approach a subject in the same mood everyday' (કાવ્યો એ મિજાજ અને મનોદશાની સરજતો છે. હું હંમેશ એકના એક વિષયને એક જ મિજાજથી કે એક જ મનોદશામાં જોતો નથી.)

CHICAGO

Hog Butcher for the World,
Tool Maker, Stacker of Wheat,
Player with Railroads and the Nation's Freight
    Handler;
    Stormy, husky, brawling,
    City of the Big Shoulders:

They tell me you are wicked and I believe
    them, for I have seen your painted women
    under the gaslamps luring the farm boys.
And they tell me you are crooked and I answer:
    yes, it is true I have seen the gunman kill
    and go free to kill again.
And they tell me you are brutal and my reply
    is: On the faces of women and children
    I have seen the marks of wanton hunger.
And having answered so I turn once more
    to those who sneer at this my city, and I
    give them back the sneer and say to them:
Come and show me another city with lifted
    head singing so proud to be alive and
    coarse and strong and cunning.
Flinging magnetic curses amid the toil of
    piling job on job, here is a tall bold
    slugger set vivid against the little soft
    cities;
Fierce as a dog with tongue lapping for action,
    cunning as a savage pitted against the
    wilderness,
    Bareheaded,
    Shoveling,
    Wrecking,
    Planning,
    Building, breaking, rebuilding.
Under the smoke, dust all over his mouth, laughing
    with white teeth,
Under the terrible burden of destiny laughing
    as a young man laughs,
Laughing even as an ignorant fighter laughs
    who has never lost a battle,
Bragging and laughing that under his wrist is
    the pulse, and under his ribs the heart of the
    people,
        Laughing!
Laughing the stormy, husky, brawling laughter
    of Youth, half-naked, sweating, proud to be
    Hog Butcher, Tool Maker, Stacker of wheat,
    Player with Railroads and Freight Handler
        to the Nation.

'ફોગ': વસ્તુ અને સ્વરૂપ બન્નેની દૃષ્ટિએ આ કાવ્ય 'શીકાગો'નું તદ્દન વિરોધી કાવ્ય છે. 'શીકાગો'-માં નક્કર એવી નગરી છે તો 'ફોગ'માં ધૂંધળું એવું ધુમ્મસ છે. 'શીકાગો'માં અવિરત અટ્ટહાસ્ય છે તો 'ફોગ'માં અનિર્વચનીય અરવતા છે. 'શીકાગો'માં હરાયા અને હડકાયા પશુનો મહાવેગ છે તો 'ફોગ'માં બિલ્લીપગની મંદતા છે. શીકાગો ચંચલ છે તો ધૂમ્મસ શાંત છે. 'શીકાગો'માં વાસ્તવિકતા છે તો 'ફોગ'માં રહસ્યમયતા છે, શીકાગો અનંતકાળ લગી જાણે કે અચલ રહેશે તો ધુમ્મસ ક્ષણમાં અદૃશ્ય થાય છે. 'શીકાગો'માં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષા બુલંદ અને બલિષ્ઠ છે, લય પ્રવાહી છે, છંદ છલકાતો છે તો ' ફૉગ 'માં ભાષા શાંત અને મૃદુ છે, લય સ્વસ્થ છે અને છંદ સંયમી છે. ' શીકાગો ' વાંચ્યા પછી પૃથ્વીના નકશા પરથી શીકાગો ક્યાં જતું રહ્યું એવો પ્રશ્ન નથી થતો, બલકે ક્યાંય જવાનું નથી એવી લાગણી થાય છે જ્યારે ' ફૉગ ' વાંચ્યા પછી ધૂમ્મસ ક્યાં જતું રહ્યું એવો પ્રશ્ન જ પૂછવાનો રહે છે.

FOG

The fog comes
on little cat feet.
It sits looking
over harbor and city
on silent haunches
and then moves on.

સેન્ડબર્ગની સમગ્ર કાવ્યસૃષ્ટિમાં 'શીકાગો'ની વાસ્તવિકતાની આસપાસ ' ફૉગ 'ની રહસ્યમયતા વીંટળાઈ વળી છે.

વ્હીટમેન અને સેન્ડબર્ગ

વ્હીટમેન અને સેન્ડબર્ગની સરખામણી (બે કવિઓની સરખામણી ક્યારેક બહુ અળખામણી લાગે છે) કરતાં વિવેચક મોર્ટન ઝાબેલ કહે છે કે વ્હીટમેન અને સેન્ડબર્ગ વચ્ચેનો ભેદ એ દાર્શનિક કલ્પના અને વાસ્તવિક કલ્પના વચ્ચેનો, માનવતાવાદના કામી અને સામાજિક અંશોમાં રસ લેતા આર્ષદ્રષ્ટા અને યાંત્રિક સંસ્કૃતિમાં જીવનના નક્કર સત્યો સમજવા મથતા ઇતિહાસકાર વચ્ચેનો ભેદ છે. વિશાળ દૃષ્ટિ, વ્યાપક સહાનુભૂતિ અને વિપુલ પ્રેરણા હોવાથી વ્હીટમેન એના કાવ્યવસ્તુના—એટલે કે અમેરિકાના પ્રદેશો અને એની પ્રજાના—અંગત પરિચય વિના પણ ' ધ લીવ્ઝ ઑફ ગ્રાસ ' રચી શકે જ્યારે સેન્ડબર્ગ એના કાવ્યવસ્તુના—જે પણ અમેરિકન પ્રદેશો અને એની પ્રજા છે તેના—અંગત પરિચય વિના એક પંક્તિ પણ ન રચી શકે. એટલે એમની સિદ્ધિઓમાં નહીં પણ એમની મર્યાદાઓમાં, એમની ખૂબીઓમાં નહીં પણ એમની ખામીઓમાં જ બન્ને કવિઓમાં સામ્ય છે; અને તે છે કાવ્યનું સ્વરૂપ, વસ્તુ નહીં. સેન્ડબર્ગને વ્હીટમેનના અનુગામી હોવાનો લાભ છે એથી વ્હીટમેનના કાવ્યસ્વરૂપના અનેક દોષો સેન્ડબર્ગે દૂર રાખ્યા છે, જો કે પછી એણે મૌલિક દોષો દાખલ કર્યા છે. આમ, આ બન્ને કવિઓની સિદ્ધિઓ સ્વતંત્ર છે, મર્યાદાઓ સમાન છે. સેન્ડબર્ગના કાવ્યસ્વરૂપ પર વ્હીટમેનના કાવ્યસ્વરૂપની અસર વિશે કદાચને અતિરેક થયો છે. આ લેખના શીર્ષકમાં પણ એ જ અપલક્ષણ છે. કારણ કે સેન્ડબર્ગની સુંદર અને સફળ કવિતા પર વ્હીટમેનના પદ્યના લયની જેટલી અસર નથી એટલી લિંકનના ગદ્ય—ખાસ તો ' ગેટીસબર્ગ વ્યાખ્યાન, ' જે સેન્ડબર્ગના અણુએ અણુમાં વ્યાપી ગયું લાગે છે તે--ના લયની અસર લાગે છે. સંભવ છે કે લિંકન, વ્હીટમેન અને સેન્ડબર્ગ ત્રણેએ એમના લયની પ્રેરણા મીડવેસ્ટની ભાષણખોર પ્રજાના લયમાંથી લીધી હોય. એટલે વ્હીટમેનનું અસ્તિત્વ જ ન હોત તો પણ, વ્હીટમેનના વિના પણ, લિંકનના ગદ્યના લયમાંથી પણ સેન્ડબર્ગની કવિતાનું સર્જન થયું હોત. લિંકન અને સેન્ડબર્ગ એક જ પ્રદેશની પ્રજાનાં પ્રતીક અને પ્રતિનિધિ છે. લિંકનના ચરિત્રના છ ગ્રંથોમાં લિંકનનું, સેન્ડબર્ગનું તે ઇલિનોયની પ્રજાનું સૌનું ચરિત્ર છે. એટલે એમાં ચરિત્ર, આત્મકથા અને ઇતિહાસ—સર્વનો સમન્વય છે. આથી જ જો કાવ્યજગતમાં અમેરિકાની શોધ કરી એથી વ્હીટમેન અમેરિકન કવિતાનો કોલંબસ છે તો સેન્ડબર્ગ અમેરિકન કવિતાનો લિંકન છે. લિંકનના જ શબ્દોમાં સેન્ડબર્ગની કવિતા એ પ્રજાની, પ્રજા માટેની અને પ્રજામાંના એકે સર્જેલી કવિતા છે. (poetry of the people, for the people and by one of the people).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કચ્છનો ધરતીકંપ

નરસિંહ મૂ. શાહ

જનતામાં સામાન્ય માન્યતા એવી છે કે ધરતીકંપ કુદરતના કોપનું પરિણામ છે. ધરતીકંપ કેવી રીતે થાય છે, તે પરત્વે વિજ્ઞાન કયાં કારણો બતાવે છે અને દુનિયાના અમુક પ્રદેશોમાં જ ધરતીકંપ શા માટે થાય છે—આ બધા સામાન્ય મુદ્દાઓની વૈજ્ઞાનિક ચર્ચા કરતાં પહેલાં, ગુજરાત-કાઠિયાવાડ-કચ્છના અત્યાર સુધી થઈ ગયેલ ધરતીકંપોની વિગત જોઈ જઈએ.

બૃહત ગુજરાતમાં અત્યાર સુધી નોંધાયેલા ધરતીકંપોમાં બે વિશિષ્ટ છે: પહેલો સને ૧૮૧૯નો કચ્છનો મહાન ધરતીકંપ અને બીજો, અને ૧૯૩૯માં મધ્ય સૌરાષ્ટ્રમાં આવેલ પાળિયાદ નામના ગામમાં દિવસો સુધી ચાલેલ ભૂકંપ. તાજેતરમાં અંજારની ભૂમિને ધણધણાવી મૂકનાર ધરતીકંપને ઉપરના બેની કક્ષામાં આવે એવો ત્રીજો ધરતીકંપ ગણાવી શકાય. એટલે આ લેખ પૂરતો માત્ર કચ્છનો ધરતીકંપ વર્ણવીએ. તાજેતરના ધરતીકંપને સમજવા એથી ભૂમિકા તૈયાર થશે.

સને ૧૮૧૯નો કચ્છનો ધરતીકંપ પ્રથમ પંક્તિનો ગણવામાં આવે છે. તેનું સવિસ્તર વર્ણન અને તેને લગતી વૈજ્ઞાનિક ચર્ચા સર ચાર્લ્સ લાયેલે પ્રગટ કરેલ છે. ભૂવિદ્યાના સાહિત્યમાં એ સુવિદિત છે. આ ધરતીકંપની દુનિયાના મહાન્ ધરતીકંપોમાં ગણના થાય છે. તેની અસર હેઠળ આવેલ પ્રદેશવિસ્તાર, તેના જોરદાર આંચકા, તેને લીધે જમીનની બાહ્ય અને આંતરિક રચનામાં થયેલ મોટા ફેરફારો—આ બધી બાબતોમાં આ ધરતીકંપ ન ભુલાય એવો છે. આ ધરતીકંપને લીધે કચ્છના રણના અમુક ભાગમાં જબરદસ્ત ભૂસ્તરીય ફેરફારો થઈ ગયા હતા. આ ફેરફારો સમજવા માટે કચ્છના રણની ભૂગોળ પર જરા દૃષ્ટિપાત કરી જઈએ.

પરંપરાએ એમ માન્યતા ચાલે છે કે કચ્છનું રણ પ્રાચીન કાળમાં સમુદ્રનું પ્રવેશદ્વાર હતું. હાલ સમુદ્ર તો પુરાઈ ગયો છે પણ છેલ્લા સૈકાના પૂર્વાર્ધમાં મળી આવેલ કેટલાક પુરાવાના આધારે સંશોધકો પ્રતિપાદન કરે છે કે આ જગ્યાએ દરિયાઈ બંદરો હોવાં જોઈએ. લંગર અને વહાણોના બીજા અવશેષો પણ ત્યાંથી જડી આવ્યાનું નોંધાયેલ છે. રણની સપાટી અમુક જગ્યાઓએ ઓછાવત્તા ઊંચાણવાળી છે. આ ઊંચાણો રણની સપાટ વેરાન જમીનમાં ટાપુઓ માફક દીસે છે. આમાંના કેટલાક પથરાળ, તો બીજા કેટલાક રણની સપાટીથી માત્ર થોડા ફૂટ ઊંચા રેતીના નાના નાના ઢગલા જેવા દેખાય છે: ક્યાંક તેના પર થોડું ઘાસ, તો કોઈ જગ્યાએ કાંટાળાં ઝાંખરાં યા નાનાં ઝાડવાં ઊગેલાં દેખાય છે. આવાં ઊંચાણોને 'બેટ' નામથી ઓળખવામાં આવે છે.

અગાઉના કાળમાં લખપત અને કોરીની ખાડીવાટે પશ્ચિમ રણમાં થઈને, હાલ પૂરણ નામથી ઓળખાતી ખાડી દ્વારા, એક મોટી નદી વહેતી હતી. આ નદીનો કાંઠા-પ્રદેશ ફળદ્રૂપ હતો અને સઈરા (Sahera) નામથી મશહૂર હતો. સર એલેકઝાંડર બર્ન્સ માને છે કે કચ્છમાં લખપત, સઈરા અને મુંથન વિસ્તારનો વચલો પ્રદેશ આમાં આવી જાય છે. તેનો વિસ્તાર સીંદ્રીની ઉત્તરેથી થોડા માઈલ ઉત્તર તરફ હતો. અઢારમી સદીના પૂર્વાર્ધ સુધી આ સ્થિતિ હતી.

ત્યાર બાદ ફેરફાર થવા માંડ્યા. સને ૧૭૬૨ પછીના અરસામાં તે વખતના સિંધના રાજકર્તાએ મોરા આગળ બંધ બાંધ્યો અને નદીનો પ્રવાહ જુદીજુદી દિશાઓમાં વાળીને નહેરો દ્વારા પોતાના રાજ્યની સરહદમાં વાળી લીધો. આ બંધને લીધે કચ્છને પહોંચતું પાણી ઓછું થયું. જો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે સદંતર બંધ તો થયું થહીં; પણ નહેરોના પાણી પર નભતી ખેતી બંધ થઈ. પછી તો નદીના પ્રવાહ આડા નીચેવાસ બીજા બંધો બાંધવામાં આવ્યા અને છેવટે ઈ. સ. ૧૮૦૨માં અલી બંદર પાસે બાંધેલા બંધને લીધે નદીમાં પૂર આવ્યું હોય તો પણ પાણી દરિયા સુધી પહોંચતું નહીં.

પૂરણનો પ્રવાહ આમ અટકાવવાથી ફળદ્રૂપ સઈરાપ્રાંત સુકા રણ જેવો બની ગયો. સર એ. બર્ન્સના અભિપ્રાય અનુસાર સિંધના રાજ્યકર્તાઓએ સને ૧૭૬૨માં ઝારાના યુદ્ધમાં સિંધી લશ્કરની હારનું વેર વાળવા આ બંધો બાંધ્યા હતા. સિંધુ નદીના મુખ-પ્રદેશના વિસ્તારની ભૂગોળના જ્ઞાનને અભાવે બર્ન્સે બાંધેલો આ અભિપ્રાય જો કે અકુદરતી નથી તેમ જ ખોટો ઠરાવી શકાય એમ પણ નથી. પણ હવે વધારે આધારભૂત કારણો આગળ ધરી શકાય છે.

ઉપરવાસ પૂરણ નદી પૂર્વ નરામાં વહે છે અને પછી તેનો પ્રવાહ હકરા, વંદન યા તો હિંદી રણમાં ગુમ થયેલી સરસ્વતીમાં મળે છે. જૂના કાળમાં આ નદી દરિયામાં પૂરજોશમાં પોતાનાં પાણી ઠાલવતી. પંજાબની નદીઓ અને તેમાંયે ખાસ સતલજનું પાણી તેમાં ભળતું અને નીચેવાસ સિંધુનો પ્રવાહ મળતો. આઠમાથી સોળમા સૈકા પર્યંત પૂરણનું વહેણ આ પ્રમાણે હતું.

ત્યાર બાદ સતલજનો પ્રવાહ બદલાયો અને તે બિયાસ અને સિંધુની શાખા થઈ ગઈ. આ ફેરફાર ક્યારે થયો તેને લગતી તવારીખની ચોક્કસ માહિતી પ્રાપ્ય નથી પણ સને ૧૭૯૦ની આસપાસના સમયમાં સરસ્વતી સુકાઈ ગઈ અને પૂરણમાંથી જે પાણી કચ્છને મળતું તે સરસ્વતીના જૂના રસ્તે નહીં પણ સિંધુમાંથી વધારાના પાણી તરીકે મળવા લાગ્યું. આ પ્રવાહ આડો મોરાનો બંધ બંધાયો. સતલજ અને જમના વચ્ચેના નાના ઝરાઓમાંથી હકરાની આસપાસ ઉપરવાસ કેટલુંક પાણી આવતું પણ પૂર્વ નરા તરીકે ઓળખાતા નીચલા ભાગમાં માત્ર સિંધુના પૂરમાંથી છલકાયેલું યા ચોમાસાનું પાણી કેટલેક અંશે આવતું. બંધ બાંધવા માટે સિંધુરાજ પર દ્વેષનું આરોપણ કરવા કરતાં આ કારણ વધારે બુદ્ધિગમ્ય લાગે છે. આના આધારમાં કેટલોક ટેકારૂપ પુરાવો પણ મળી આવે છે. સને ૧૮૨૬માં સિંધુના કાંઠામાં ભંગાણ પડવાથી પૂરણમાં અગાઉ વહેલું એટલું અને એટલા મોટા પ્રમાણમાં પાણી આવ્યું હતું અને તેના આડા જેટલા બંધ હતા તે બધા ધોવાઈ ગયા હતા. સને ૧૮૧૯ની આસપાસમાં કચ્છની આવી ભૌગોલિક પરિસ્થિતિ હતી. રણની કિનારથી ઉત્તરાદો એક સપાટ રેતાળ પ્રદેશ આવેલો હતો અને તેમાંથી વહાણ ચાલી શકે એટલી ઊંડી ખારા પાણીની ખાડી આવેલી હતી. આ ખાડી કોઈ એક પ્રાચીન નદીના પટના રસ્તે વિસ્તરેલી હતી.

*

સને ૧૮૧૯ના જૂન માસમાં એક જબરદસ્ત ધરતીકંપનો આંચકો લાગ્યો. આખો કચ્છપ્રદેશ હચમચી ગયો. હજારો કચ્છવાસીઓનો નાશ થયો. દેશની દરેક કિલ્લેબંધીના પાયા ધ્રૂજી ઊઠ્યા. સંખ્યાબંધ મીઠા પાણીની નાની નદીઓ ખારા પાણીની બની ગઈ. સિંધુની પૂર્વ શાખા અને તેના કાંઠા પરના પ્રદેશ-વિસ્તારમાં જે સર્વવ્યાપી ફેરફારો થયા તેની સરખામણીમાં આ ફેરફારો સાવ નજીવા હતા.

એ યાદગાર દિવસે સૂર્યાસ્ત વખતે કચ્છની મહેસૂલી કોઠી સિંદરીમાં પહેલવહેલો આંચકો લાગ્યો. કચ્છ-સિંધના ધોરી રસ્તા પર અને સિંધુની એક વખતની પૂર્વ શાખાના કાંઠા પર આ કોઠી આવેલી છે. વેપારી ખાતાના રક્ષણ અર્થે બાંધેલો ૧૫૦ ચોરસફૂટનો નાનકડો ઈંટોનો કિલ્લો ત્યાં હતો. આ કિલ્લા પર ચોતરફથી સમુદ્રનાં પાણી એકદમ ફરી વળ્યાં અને જે સાવ સૂકો અને ફળદ્રુપ પ્રદેશ હતો તેની જગ્યાએ સિંદરીની ચોતરફ ૧૬ માઈલના વિસ્તારવાળું મોટું સરોવર બની ગયું. કિલ્લાની દીવાલોની અંદર પણ બધે પાણી એકદમ ઊભરાઈ આવ્યું અને કિલ્લાનો આંતરભાગ—જ્યાં હિંદી ઇતિહાસની અનેક લડાઈઓ જામી હતી ત્યાં તળાવ બની ગયું. ચાર બુરજોમાંથી એક જ ઊભો રહ્યો. ત્યાંના વતનીઓએ એના પર ચઢીને જિંદગી બચાવી અને આખરે હોડીઓની મદદ વડે કોરી જમીન પર પગ મૂક્યો.

કુદરતના નોંધવા યોગ્ય આ ઉલ્કાપાતનો આ માત્ર એક જ ફેરફાર નથી. સિંદરીની ઉત્તરે પાંચ માઈલ ઉપર સિંદરીવાસીઓએ વળી નવું જ દશ્ય નિહાળ્યું: જ્યાં થોડા વખત પહેલાં નીચી અને સપાટ જમીન હતી ત્યાં ધૂળ અને રેતીનો મોટો પર્વત ઊભો થયો હતો, અને પૂર્વ-પશ્ચિમ દિશામાં લગભગ ૧૬ માઈલ સુધી તે વિસ્તરેલો હતો અને ફરાન નદીને સમુદ્રથી કાયમ માટે જુદી પાડી, આખી

[સંસ્કૃતિ, સપ્ટેમ્બર '૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાડી પર સંપૂર્ણ પથરાઈ ગયો હતો. વસ્તુતઃ આ સમયથી માંડીને સને ૧૮૨૬ પર્યંત મોરાના બંધ અને કુદરતે પેદા કરેલ આ રેતીના પર્વત વચ્ચે સઘળો વ્યવહાર અટકી પડ્યો હતો. આ રેતીના પર્વતને કચ્છીઓ 'અલ્લાહના બંધ' તરીકે ઓળખતા હતા, કારણ કે એ કુદરતની જ લીલા હતી. અલ્લાહનો બંધ જમીનની એકાદ સાંકડી પટી જેવો ગણાવો ન જોઈએ કારણ કે તેનો વિસ્તાર પુષ્કળ છે. લગભગ ૧૬ માઈલ સુધી તે અંદરના પ્રદેશમાં ઘૂસેલ છે અને ક્રમશઃ ઉત્તર તરફ વળતાં ઢળતો ઢળતો જમીનની સપાટી સાથે ભળી જાય છે. આથી એની પહોળાઈનું ચોક્કસ માપ કાઢવું મુશ્કેલ છે. પશ્ચિમે ધારી સુધી—એટલે લગભગ ૧૮ માઈલ, પૂર્વમાં પશ્ચિમ સુધી ૨૪ માઈલ સુધી તેનો વિસ્તાર નોંધાયો છે. પણ ધારીની સરહદ ઓળંગીને આગળ પશ્ચિમ તરફ, અને પૂર્વમાં પશ્ચિમની આગળ કેટલાય માઈલો સુધી આ ભંગાણ વિસ્તરેલું હોવું જોઈએ એમ માનવામાં આવે છે. કચ્છના રણમાં ઉત્તર ભાગમાં થઈને લગભગ ૮૦ માઈલ સુધી આ જબરદસ્ત ભંગાણ ચાલ્યું હોય એમ માની શકાય. આ ફેરફારોમાં ઉત્તરે ૨૦ ફૂટ જમીન ઊંચી આવી, અને ૧૦ ફૂટ નીચે ગઈ એટલે એકંદરે ૩૦ ફૂટ ઊભો હિલચાલ થઈ હતી.

અલ્લાહના બંધ ઉપરાંત બીજા કેટલાય આવા ફેરફારો થયા હોવાનું સર બર્ન્સે નોંધ્યું છે. બલિયારીની દક્ષિણે અને ત્યાંથી પશ્ચિમના રસ્તા પર રણમાં એક નાનકડો ટાપુ આવેલો છે. ધરતીકંપ પૂર્વે આ ટાપુ મુખ્ય પ્રદેશ સાથે જોડાયેલો હતો. એવી નોંધ મળી આવે છે કે સિંદરીની આસપાસ જમીનમાં પડેલું પોલાણ થોડાં અઠવાડિયાં યા મહિનામાં અમુક અંશે પુરાઈ ગયું હતું. એનો ખુલાસો આમ છે: અહીંની શિલાઓ પર જે ભાર પડેલો તે, બંને બાજુની જમીનમાં ભંગાણ પડવાથી યા જમીનના અંદરનાં પડો આઘાંપાછાં ખસવાથી, ઓછો થયો: ભાર ઓછો થતાં મૂળ વસ્તુસ્થિતિ પાછી આવી—જો કે એથી પડોનું લેવલ તો બદલાઈ ગયું. કચ્છના ધરતીકંપની તીવ્રતામાં આવા અકળ ફેરફારો થયેલા જોઈને ઑલ્ડહામ એવું સૂચન કરે છે કે આ કંપનું ખરું કારણ, ઊંડાણમાં આવેલી શિલાઓ-ની જાતમાં એકદમ થયેલા ફેરફાર છે. આવા ફેરફારો જ આંચકાની ઉત્પત્તિનું કારણ છે, એમ ઑલ્ડહામ માને છે.

આ ધરતીકંપની અસર આખા કચ્છપ્રદેશ પર થઈ હતી. ભૂજમાં લાગેલા આંચકા ખૂબ જોરદાર હતા. ૧૧૪૦ માણસો દટાઈ મૂવાં હતાં. અંજારમાં પણ એમ જ થયું હતું. પ્રમાણમાં નુકસાન વધારે હતું. કચ્છપ્રદેશમાં જમીન ખસી ગયાના બનાવો સંખ્યાબંધ હતા. ધરતીકંપ વખતે લગભગ દરેક નાનીમોટી ટેકરી પર ધૂળના ગોટેગોટા ઊડતા દેખાયા હતા. કેટલીક જગ્યાએ તો અગ્નિજ્વાળાઓ પણ ક્ષણભર દેખાઈ હતી. રેતી રણમાં ઘૂસી ગયાના અને કેટલેક સ્થળે બહાર ઊપસી આવ્યાના બનાવો પુષ્કળ બન્યા હતા. આવા બનાવો ધરતીકંપના મધ્યબિંદુના ક્ષેત્રમાં બને છે. કચ્છનો લગભગ કોઈ પણ ભાગ આ ધરતીકંપની અસરમાંથી બચ્યો ન હતો. ચોમાસા સિવાય કચ્છની નદીઓ સૂકી હોય છે પણ આંચકા વખતે એ કાંઠે ઊભરાતી દેખાઈ હતી. ખીણો-માં આવેલી રેતીના પટવાળી નદીઓમાં જ આવું થયું હતું. કૂવાઓ પાણીથી છલોછલ ભરાઈ ગયા હતા. કેટલાક કૂવા તૂટી પડ્યા હતા. પુષ્કળ જગ્યાઓએ ૧૨-૨૦ ફૂટના વ્યાસ-ના ગોળ ખાડા પડ્યા હતા અને પાણી ફુવારાની જેમ ઊડી પાછું સમાઈ ગયું હતું.

આચકાનું ઉપરનું વર્ણન અને તે પછીના બીજા આંચકાઓનો હેવાલ દર્શાવે છે કે આ ધરતીકંપના મધ્ય-બિંદુનું ક્ષેત્ર કચ્છમાં આવેલું હતું. અંજારમાં કેટલાકને ખાતરી થઈ હતી કે આંચકો તદ્દન ઉપરની દિશામાં હતો. ધરતી પાણીના મોજાંની માફક સખત ધ્રૂજતી હતી, એટલે માણસને પગ પર ઊભા રહેવાનું મુશ્કેલ હતું.

બનાવોની વિગતો જોતાં, આ મધ્યબિંદુનો પ્રદેશ સૌરાષ્ટ્ર તરફ પ્રસર્યો હોય એમ લાગે છે. જોડીઆ આખું નાશ પામ્યું. તેની કિલ્લેબંધી હાલી ઊઠી અને કેટલીક જગ્યાઓએ જમીનદોસ્ત થઈ. પશ્ચિમ તરફના ખુલ્લા પ્રદેશમાં જમીનમાં તડો પડી અને કાળી રેતિયા અને કાંકરીઆ જમીન નીકળી આવી: ક્યાંક તો કાળી ભીની માટી પણ નીકળી હતી.

આ જ વખતે જેસલમીરમાં લાગેલો આંચકો એકદમ સજ્જડ હતો. ત્યાં જિંદગીનું નુકસાન પણ ભયંકર હતું. એક જગ્યાએ લગ્ન ઊજવાતું હતું. જમણવારમાં પંક્તિમાં બેઠેલા ૫૦૦ જેટલા માણસો દટાઈ ગયા હતા.

ગુજરાતમાં અમદાવાદમાં પણ સખત આંચકો લાગ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. પરિણામે સુલતાન અહમદની મોટી મસ્જિદ નાશ પામી હતી.

ખેડા, વડોદરા, ભરૂચ અને સુરતમાં પણ આ ધરતીકંપ-ની અસર પહોંચી હતી, એટલું જ નહીં પણ મુંબઈ, મદ્રાસ અને કલકત્તા સુધી એના આંચકાની અસર થઈ હતી.

*

તાજેતરમાં (જુલાઈ ૧૯૫૬માં) અંજારમાં થયેલ ધરતીકંપની અસર આ બાજુ અમદાવાદમાં થઈ હતી. અંજારનો આ ધરતીકંપ લગભગ ૧૩૫ વર્ષો પૂર્વે થયેલ ધરતીકંપને કાંઈક અંશે મળતો આવે છે. અંજારમાં ખૂબ નુકસાન થયું છે, એટલે એમ લાગે છે કે ધરતીકંપના મધ્ય-બિંદુનો પ્રદેશ તેની નજીક હશે.

ત્રેતાયુગમાં સંકેલાઈ ગયેલ જમીનની પટીના દક્ષિણ છેડા તરફ જ હિંદુસ્તાનમાં ધરતીકંપો થાય છે અને હિંદી દ્વીપકલ્પ વિભાગનો આર્કિયન પ્રદેશ ધરતીકંપના સખત આંચકામાંથી લગભગ મુક્ત છે. દ્વીપકલ્પ હિંદના વિસ્તારમાં સખત ધરતીકંપો કદી થયા નથી—માત્ર કોઈ વાર નાના આંચકા લાગે છે.

ઉપરના વિવરણ ઉપરથી આપણે ધરતીકંપની વ્યાખ્યા બાંધી શકીએ કે ધરતીકંપ એટલે જમીનના અંદરનાં પડોનું આગળ પાછળ હલનચલન, જે નક્કર જમીનમાં થઈને, એક બિંદુ યા વિભાગમાંથી બહાર બધેય પ્રસરતાં એક કેન્દ્રિત તરંગો યા ધ્રુજારાઓ વડે પેદા થાય છે, આ તરંગો કમી થતી જતી વિપુલતામાં ચારે બાજુ પ્રસરે છે. આ ધ્રુજારાને માપવા માટે વાપરવામાં આવતાં નાજુક યંત્રોને ભૂકંપ લેખની (સેઈસ્મોમીટર–Seismometer) કહેવાય છે (ગ્રીકશબ્દ સેઈસ્મોસ એટલે ધરતીકંપ ઉપરથી). જે બિંદુ યા વિભાગમાંથી ધ્રુજારાઓ યા તરંગો પ્રસરે છે તેને epicentre યા epicentral zone–મધ્યબિંદુ યા મધ્ય-બિંદુ વિભાગ કહેવાય છે. આ બિંદુ યા વિભાગ જ્યાં ધરતીના અંદરનાં પડોના પથ્થરો તૂટ્યા હોય યા ફાટ્યા હોય–જેને લીધે ધ્રુજારા લાગે છે–ત્યાંથી બરાબર ઊભી લીટીમાં પૃથ્વીની સપાટી પર આવેલું માનવામાં આવે છે.

હિંદુસ્તાન અત્યારે ખાસ ભૂકંપીય પ્રવૃત્તિના કાળમાંથી પસાર થઈ રહ્યો છે. બધા ભૂકંપો સુવિદિત ભૂકંપ-પ્રદેશમાં થઈ ગયા છે. આ પ્રદેશ બલૂચિસ્તાનથી હિમાલયમાં થઈને બરમાના પર્વતો સુધી વિસ્તરેલો છે. આમાં ઉપરના પર્વત-ની પડખે આવેલા સિંધુ અને ગંગાના જળકૃત સપાટ પ્રદેશોનો સમાવેશ થાય છે. પશ્ચિમ હિંદના ગુજરાત-કાઠિયાવાડમાં સખત ધરતીકંપની દહેશત નથી.

[અનુસંધાન પૃ. ૩૬૦થી]

કથા વસ્તુનું પુનરુચ્ચારણ કલાકારથી ન થાય એવો કોઈ અટલ નિયમ નથી. કહેવાની એક ને એક વાત જ્યાં સુધી નિઃશેષ ન કહેવાઈ રહે ત્યાં સુધી કલાકાર તેનો કેડો છોડતો નથી, એ તો સર્વવિદિત હકીકત છે, પણ એ તો ત્યારે જ નિર્વાહ્ય બને છે જ્યારે હજીયે અધૂરી રહેલી કડીઓને કલાકાર પૂરી કરતો હોય, હજીયે અધૂરા નિરૂપાયેલા સત્યને એ કલાના સ્વરૂપ દ્વારા પૂર્ણતા અર્પતો હોય! પણ માત્ર એક ને એક વાત, કશા નવા સ્પષ્ટ દર્શન કે અનુભૂતિના નવા ઉન્મેષ વિના જ્યારે કલાકાર કહે, ત્યારે એ દોષ સહેલાઈથી નિભાવી લેવાય તેવો રહેતો નથી— પન્નાલાલ જેવા સર્વમાન્ય કલાકાર માટે પણ નહીં! પન્નાલાલ જેવા સર્વમાન્ય કલાકાર માટે તો નહીં જ!

'કથક'

તા. ૧-૯-૧૯૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાધ્યાય અને સમીક્ષા

સુન્દરમ્ ; 'કથક'

નોળવેલનો કવિ

'પદ્મા'*નું કાવ્યપદ્મ લઈને હાજર થતા આ કવિ મારી એટલા બધા નિકટ છે કે એમનો સંગ્રહ પ્રસિદ્ધ થાય તો મારે જ એની પ્રસ્તાવના લખવી જોઈએ એવી સ્થિતિ છે, પણ તો બીજી રીતે આ નિકટતા એવી પણ છે કે હું કાંઈ પણ ન લખું તો પણ ચાલે. વાત તો એમ છે કે જીવનની ઘણી એક—કહો કે બધી જ—ઉન્નતગામી પ્રવૃત્તિઓની પેઠે કવિતાનું કાર્ય પણ તાડ પર ચડવા જેવું કામ છે. એ ચડનારને ટૂંક વખતમાં જ બીજાના ટેકાથી અલગ થઈ આપબળે ઉપર ચડવાનું રહે છે. કવિએ પોતાની સ્વયંભૂ કાવ્યશકિતના બળે જ સૌન્દર્યના સર્જનક્ષેત્રમાં ગતિ કરવાની રહે છે.

પ્રજારામે ઘણાં વરસોથી ઘણી ઘણી કવિતા લખી છે. અને તેમની લગભગ એકેએક કૃતિ તેમણે મારી નજર તળે મૂકી દીધેલી છે. એ સેંકડો કાવ્યોમાંથી ૧૯૪૭ પછીની રચનાઓમાંથી વીણીને તેમણે આ સંગ્રહ તૈયાર કર્યો છે. એમની કાવ્યપ્રવૃત્તિનો તે અચ્છો એવો પ્રતિનિધિ બની શકયો છે એમાં કશી શંકા નથી.

પ્રજારામને એમની કવિતા-શક્તિ-અશક્તિ, ગુણ-દોષ વિષે મેં ઘણું ઘણું કહેલું છે એટલે એ વાતો વાચકોને ફરીથી કહેવાની જરૂર રહેતી નથી. વાચકને પોતાને પણ કવિતાની પરખ—ભલે ગમે તેવી કક્ષાની—પણ હોવી જોઈએ અને હોય પણ છે જ. એટલે વાચકો પોતે જ આ રજૂ થતી અનેકવિધ રચનાઓમાંથી પોતાના રસનું અને આનંદનું તત્ત્વ શોધી લે એ વધુ ઈષ્ટ છે. અને બીજા કોઈ કવિ કરતાં પ્રજારામની કવિતા માટે આ કરવું વધુ સરળ છે. કારણ પ્રજારામની કવિતાનું એ એક મુખ્ય લક્ષણ છે કે એ અતિ સરળતાથી તમને પોતાના અંતરતમ પ્રદેશમાં લઈ જાય છે, એ પ્રદેશ પછી ભલે ગમે તેટલો નાનો હોય કે વિશાળ.

આજના નવીન કવિઓની બધી જ કળા પ્રજારામમાં છે. અને તે ઉપરાંત તેમમી કેટલીક વિશેષતાઓ છે, તો કેટલીક વિશિષ્ટ એવી ક્ષતિઓ છે. પ્રજારામનું મન ઘણું સંસ્કારગ્રાહક છે, સંસ્કૃતના ઘણા સારા સંસ્કારો પામેલું છે, વિવિધ રીતના વાચનથી સમૃદ્ધ બનેલું છે, અને એ રીતે એમની બાની એક નિર્મળ મધુર પ્રસાદપૂર્ણ રૂપ લઈ શકે છે. તો બીજી બાજુ તેમનું કવિ તરીકેનું તપસ્ ઓછું છે. કવિતાદેવીના એ એક મુગ્ધ બાલભક્ત વધુ રહેલા છે, એટલે કાવ્યકલાના એક પ્રખર તપસ્વી કરતાં બાલશરીરની એક સર્વથા ઇષ્ટ નહિ એવી પોચટતા, અંગશિથિલતા એમનામાં આવતી રહી છે. પણ સાથે સાથે એ એક આનંદની વાત છે કે તેમના જીવનમાં અને મા ાસમાં જેમ જેમ તપ અને સંકલ્પ તેમ જ અનુભૂતિની ગાઢતા વિકસતી ગઈ છે તેમ તેમ તેમના કાવ્યમાં પણ ગહનતા, ઊંચાઈ અને અનુભૂતિ તેમ જ દર્શનની સભરતા આવતી ગઈ છે.

આજના નવીન કવિઓમાં પ્રજારામની સર્વથી અનન્ય એવી વિશેષતા એ છે કે તેઓ એક પૂર્ણ સભાન રીતે યોગાભિમુખ બનેલા કવિ છે અને પોતાના આ યોગાનુભવને તેમણે પૂરેપૂરા મોકળા મને સભર કંઠે ગાયો છે, અને તે ઉત્તમોત્તમ કાવ્યમય રીતે, અથવા એમ કહો કે બીજી કોઈ અનુભૂતિ કરતાં યોગની અનુભૂતિને નિરૂપવા જતાં જ તેમને કલ્પનાનું બળ, દર્શનની સૂક્ષ્મતા અને વાણીનું સામર્થ્ય અને સૌન્દર્ય સવિશેષ પ્રાપ્ત થયું છે. આમ તો જો કે પ્રજારામની કવિતા ઘણા પ્રદેશોમાં ફરી આવે છે. ખાસ કરીને પ્રજારામની ઋતુઓ પ્રત્યેની, પ્રકૃતિ પ્રત્યેની સંવેદનશીલતા ઘણાં લાક્ષણિક કાવ્યોરૂપે પ્રગટેલી

* શ્રી પ્રજારામના પ્રગટ થનાર 'પદ્મા'નો આમુખ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

084368

છે,—અને એ ઋતુકાવ્યોનો ગુચ્છ આ સંગ્રહનું એક ખાસ અંગ છે,—ગીતો, ઊર્મિકાવ્યો, લઘુકાવ્યો એ બધું તેમની પાસેથી મળે છે, પરંતુ આ સંગ્રહનો સૌથી વિશેષ સમૃદ્ધિ તે તેમનું ચૈતન્ય. ઊર્ધ્વ ચૈતન્યના સ્પર્શથી જે જે રીતે ઝંકારિત બન્યું છે તે ઝંકારોનું સ્ફુરણ છે.

આ સંગ્રહના વાચકો જોશે કે આ કવિના 'રૂના રે ઢગલામાં અગનો લાગિયો' કે તેમની અંદર જન્મેલું 'સૂર્યમુખી,' તેમનામાં વાગ્યા કરતો 'તુજ સૂર એક,' તેમને લાધેલો 'વિપુલ તિમિર વૈભવ' અને એના લોઢાની પાટોને એકાદ ક્ષણ માટે પણ અડી જતા 'પારસમણિ'નો સ્પર્શ એ બધી ચમત્કારી રચનાઓ છે. તેમણે 'ચિન્મયીને' કરેલી પ્રાર્થના, તેમને સુદૃશ્ય બનેલી 'દિશા દક્ષિણ'ના કોઈ રાજાના દરબારમાં લાધેલું અનન્ય માનપાન એ બધું એમને 'ક્રુદ્ધ સંસારસર્પ'ની સાથેની કાતિલ લડાઈમાં કોઈ અમૃતમય 'નોળવેલ'ની પાસે લઈ ગયું છે. પ્રભુનો જીવંત સ્પર્શ પામી તેને આજના મનોહર કંઠે ગાનાર કવિઓ ઓછા છે. પ્રજારામ તેમાંના એક છે. આપણે ઇચ્છીએ કે તેમનાં જીવનની તપસ્શક્તિ અને અનુભૂતિસમૃદ્ધિ વધુ ને વધુ વધે અને એવી જ પ્રખર, પ્રબળ, સૌન્દર્ય અને રસથી મંડિત કવિતા તે વધુ ને વધુ આપે.

સુન્દરમ્

૧૮-૬-'૫૬

*

ફકીરો : પન્નાલાલ પટેલ. લોકસત્તા-જનસત્તા પ્રકાશન, રેવડી બજાર, અમદાવાદ. પૃ. ૧૪૪. કિં. બાર આના (સસ્તી આવૃત્તિ).

"મળેલા જીવ"ની વાત યાદ આવે છે. તેમાં એક સ્ત્રી આવે છે અને એક પુરુષ અને એ પુરુષનો મિત્ર પણ. મેળો આવે છે. એ સ્ત્રી અને એ પુરુષ બન્નેનાં હૈયાં હેલારા લે છે. પ્રબળ ઝંખના જાગે છે બન્નેનાં ઉરમાં એકબીજા માટેની. પ્રણય થઈ જાય છે પણ પરિણય અશક્ય છે. નાતજાતનાં, રૂઢિનાં, રિવાજનાં અને સ્ત્રી પરણી ગઈ હોય છે એટલે, નીતિની ભાવનાનાં બંધનો આડે આવે છે. મંથનો અને ઝંખનાઓથી બન્નેનાં જીવન ભરાઈ જાય છે. અસહ્ય યાતનાઓના બોજા નીચે સ્ત્રી પાગલ બની જાય છે—પતિ વિનાની તો તે બની ગઈ હોય છે જ. પુરુષ એ પાગલપણામાં પકડાયેલી સ્ત્રીનો હાથ પકડે છે અને એને પોતાને ઘેરે લાવે છે. બધાં મંથનો તેનાં શમી ગયાં હોય છે અને પ્રણય જ તેનું એક માત્ર પ્રેરક બળ બની રહે છે. એ વાર્તાનો વાચક પણ એ પ્રેરણાનું પરિબળ અનુભવી રહે છે, અને વાર્તા વાંચી રહ્યા પછી એક રસિક અનુભૂતિનો કાવ્યમય અનુભવ કરી રહ્યાનો સંતોષ તેના દિલમાં સદાને માટે છવાઈ જાય છે.

શ્રી પન્નાલાલની યશકલગીરૂપ એ કથા આ એમની નાની નવલકથા "ફકીરો" વાંચતાં સહેજે યાદ આવી જાય છે. આમાં પણ એક સ્ત્રી આવે છે—કાશી અને એક પુરુષ—ફકીરો. અનિવાર્ય એવો એનો મિત્ર પણ—ભૂરો. મેળો પણ ખરો સ્તો—પણ "મળેલા જીવ"ની કવિતા વિનાનો. પ્રણય પણ આમાં આવે છે, કાશી અને ફકીરા વચ્ચેનો, પણ પેલા જેવો મદભર, મસ્ત અને ઝંખનામય નહીં,—આમાં નાયિકા પહેલેથી પરણેલી છે અને નાયક પેલા નાયક કરતાં ઓછો કાવ્યમય અને કદાચ વધારે જડસુ છે એથી હશે? કોણ જાણે. પણ પ્રણય તો છે જ, અને ઝંખના પણ છે. આમાં પણ નાતજાતનાં, રૂઢિનાં, રિવાજનાં અને સ્ત્રી પરણેલી છે એટલે નીતિની ભાવનાનાં બંધનો એમનો વિષમ ભાગ ભજવીને નાયિકાના—અને એ રીતે નાયકના પણ—જીવનમાં વિષમતા પેદા કરે છે. સ્ત્રી આમાં પણ વિધવા બને છે—પણ પાગલ નથી બનતી, ગર્ભવતી બની જાય છે. કોઈ તેનો હાથ ન ઝાલે એવી સ્થિતિમાં, એને અંગે, એ મુકાઈ જાય છે—પેલી પાગલપણાને અંગે મુકાઈ ગઈ હતી, એવી જ. અને એ વખતે, પેલામાં તેમ આમાં પણ પુરુષ એનો હાથ ઝાલે છે ને એને પોતાના ઘરમાં બેસાડે છે. એમનો સંસાર પછીથી સુખમય અને ભર્યો ભર્યો ચાલે છે, એ વાત વળી, આ કથામાં વધારાની આવે છે.

પણ છતાં પન્નાલાલની પેલી વેધકતા ક્યાં? પેલી કવિતા ક્યાં? ગ્રામજીવનની પેલી કરુણ વાસ્તવિકતા ક્યાં? આવી કરુણ આસમાની કથની કહેતી વખતે પણ જે, ડોકિયાં કરી કરી કથાને એનું બળ અને એની પછીત પૂરી પાડે છે તે? આ તો માત્ર કહેવાઈ ગયેલી વાતનું નાનકડું અને નિર્બળ પુનરુચ્ચારણ જ નથી થતું લાગતું?—Twice told tale જેવું? હા, તેનો કહેનારો કોઈ મૂર્ખ માણસ નથી, પણ આવડતવાળો કારીગર છે એ ખરું, પણ પેલો કલાકાર ક્યાં?

[અનુસંધાન પૃ. ૩૫૮ ઉપર]

[સંસ્કૃતિ, સપ્ટેમ્બર '૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Sanskriti : September 1956

Reg. No. B. 4946

આજે હિંદમાં હાથશાળો ઉપરાંત એક વરસમાં આશરે ૪૫૦ કરોડ વાર કાપડ ઉત્પન્ન કરતી ૪૨૧ મિલો છે. આમાંનું આશરે ૬ કરોડ વાર કાપડ અમદાવાદમાં "જહાંગીર વકીલ મિલ ગ્રૂપ"ની ત્રણ મિલો વણે છે. માથા દીઠ કાપડની વપરાશ પંદર વાર ગણીએ તો આ ગ્રૂપ આશરે ચાલીસ લાખ માણસોની કાપડની જરૂરિયાત પૂરી પાડે છે.

જહાંગીર વકીલ મિલ્સ
અમદાવાદ

નવજીવન મિલ
કલોલ

☆

ન્યુ જહાંગીર વકીલ મિલ
ભાવનગર

☆

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Compiled
1999-2008

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri